પૂજ્ય આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ વિરચિત

# પંચાશક પ્રકરણ

## શ્રાવકધર્મ અધિકાર

ગુજરાતી ભાવાનુવાદ



-: ભાવાનુવાદકાર :-

પૂજ્ય આચાર્ય શ્રી રાજશેખરસૂરીશ્વરજી મહારાજ

॥ ધરણેન્દ્ર-પદ્માવતીસંપૂજિતાય ॐ હ્રીઁ શ્રીઁ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ શ્રી દાન-પ્રેમ-રામચંદ્ર-હીરસૂરિ સદ્ગુરુભ્યો નમઃ ॥

યાકિનીમહત્તરાધર્મપુત્ર શ્રી હરિભદ્રસૂરિ મહારાજ વિરચિત અને
પૂજ્ય આચાર્ય શ્રી અભયદેવસૂરિ રચિત ટીકા સહિત

# શ્રી પંચાશક પ્રકરણ

## શ્રાવકધર્મ અધિકાર

## ગુજરાતી ભાવાનુવાદ


: ભાવાનુવાદકાર :

પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર
પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયહીરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટદ્યોતક
પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયલલિતશેખરસૂરીશ્વરજી મહારાજાના
શિષ્યરત્ન

**પૂજ્ય આચાર્ય શ્રી રાજશેખરસૂરીશ્વરજી મહારાજ**

**: સંપાદક :**

પ.પૂ. મુનિરાજ શ્રી ધર્મશેખરવિજયજી

**: સહયોગ :**

પ.પૂ. મુનિરાજ શ્રી દિવ્યશેખરવિજયજી



**: પ્રકાશક :**

શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ, C/o. હિન્દુસ્તાન મિલ સ્ટોર્સ
૪૮૧, ગની એપાર્ટમેન્ટ, રતન ટોકીઝ સામે, આગ્રા રોડ, ભિવંડી-૪૨૧૩૦૫.

વિક્રમ સંવત-૨૦૬૬ • વીર સંવત-૨૫૩૬ • નકલ-૧૦૦૦

**મૂલ્ય : પઠન-પાઠન-આચરણ**

ભરત ગ્રાફિક્સ - ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ, અમદાવાદ-૧.
ફોન : ૦૭૯-૨૨૧૩૪૧૭૬, મો : ૯૯૨૫૦૨૦૧૦૬

## સિદ્ધાંત મર્મજ્ઞ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખરસૂરીશ્વરજી મહારાજ આદિ દ્વારા લેખિત-સંપાદિત-અનુવાદિત પ્રાપ્ય પુસ્તકો

### સંપૂર્ણ ટીકાના ભાવાનુવાદવાળા પુસ્તકો

- પંચસૂત્ર
- ધર્મબિંદુ
- પ્રતિમાશતક
- આત્મપ્રબોધ
- પાંડવ ચરિત્ર
- શ્રાદ્ધદિનકૃત્ય
- આચારપ્રદીપ
- શ્રાવક પ્રજ્ઞપ્તિ
- અષ્ટક પ્રકરણ
- રૂપસેન ચરિત્ર
- વીતરાગ સ્તોત્ર
- વાસુપૂજ્ય ચરિત્ર
- પ્રશમરતિ પ્રકરણ
- શ્રાદ્ધવિધિ પ્રકરણ
- યોગદૃષ્ટિ સમુચ્ચય
- પંચવસ્તુક ભાગ-૧-૨
- ઉપદેશપદ ભાગ-૧-૨
- ભવભાવના ભાગ-૧-૨
- શ્રાવક ધર્મવિધિ પ્રકરણ
- ગુરુતત્ત્વવિનિશ્ચય ભાગ-૧-૨
- ઉપદેશમાલા (પુષ્પમાલા) ભાગ-૧-૨

### સૂત્રોના અનુવાદવાળા પુસ્તકો

- સંબોધ પ્રકરણ ભાગ-૧-૨-૩
- ચૈત્યવંદન મહાભાષ્ય
- યતિલક્ષણ સમુચ્ચય
- હીર પ્રશ્ન

### ગુજરાતી વિવેચનવાળા પુસ્તકો

- શ્રાવકના બાર વ્રતો
- ૪૫ આગમ આરાધના વિધિ
- ચિત્ત પ્રસન્નત્તાની જડીબુટ્ટીઓ
- ભાવના ભવ નાશિની (બાર ભાવના)
- કષાયોના કટુ વિપાકો ભાગ-૧-૨-૩
- તપ કરીએ ભવજલ તરીએ
 (બાર પ્રકારના તપ ઉપર વિસ્તારથી વિવેચન)

### અભ્યાસી વર્ગને ઉપયોગી પુસ્તકો

- તત્ત્વાર્થાધિગમસૂત્ર (વિવેચન)
 (મહેસાણા પાઠશાળા દ્વારા પ્રકાશિત)
- તત્ત્વાર્થાધિગમસૂત્ર (પોકેટ બુક)
- વીતરાગ સ્તોત્ર (અન્વય સહિત શબ્દાર્થ-ટીકાર્થ)
- વીતરાગ સ્તોત્ર (અન્વય સહિત શબ્દાર્થ-ભાવાર્થ)
- જ્ઞાનસાર (અન્વય સહિત શબ્દાર્થ-ભાવાર્થ)
- અષ્ટક પ્રકરણ (અન્વય સહિત શબ્દાર્થ-ભાવાર્થ)
- પ્રશમરતિ (અન્વય સહિત શબ્દાર્થ-ભાવાર્થ)
- સંસ્કૃત શબ્દ રૂપાવલી

### શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટનું આગામી પ્રકાશન

પંચાશક પ્રકરણ ભાવાનુવાદ ભાગ-૧-૨
પંચાશક પ્રકરણ સંસ્કૃત પ્રત
સભાષ્ય-તત્ત્વાર્થાધિગમ સૂત્ર
પૂ. હરિભદ્રસૂરિ કૃત ટીકાનો ભાવાનુવાદ

### સંસ્કૃત પ્રાકૃત પ્રત

- संबोध प्रकरण छाया सहित
- श्राद्धदिनकृत्य
- आत्मप्रबोध

**પ્રાપ્તિસ્થાન : શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ**
C/o. હિન્દુસ્તાન મીલ સ્ટોર્સ, ૪૮૧, ગની એપાર્ટમેન્ટ, રતન ટોકીઝ સામે,
મુંબઈ-આગ્રા રોડ, ભિવંડી-૪૨૧૩૦૫.
ફોન : ૦૨૫૨૨-૨૩૨૨૬૬, ૨૩૩૮૧૪

# સુકૃતમ્

અમારા પરિવારના પરમ ઉપકારી

પરમ પૂજ્ય આચાર્યદેવ

શ્રીમદ્ વિજયલલિતશેખરસૂરીશ્વરજી મહારાજા

અને

પરમ પૂજ્ય આચાર્યદેવ

શ્રીમદ્ વિજયરાજશેખરસૂરીશ્વરજી મહારાજાના

અગણિત ઉપકારમુક્તિનો યત્કિંચિત્ પ્રયત્ન...

એક સદ્ગૃહસ્થ પરિવાર



# પ્રકાશકીય નિવેદન

સુગૃહીત નામધેય શ્રી હરિભદ્રસૂરિ મહારાજ વિરચિત પંચાશક ગ્રંથનો પ.પૂ.આ. શ્રી અભયદેવસૂરિ રચિત ટીકા સહિત ગુજરાતી ભાવાનુવાદ પૂ. આ. શ્રી રાજશેખરસૂરીશ્વરજી મહારાજાએ કરેલો જે વિ.સં. ૨૦૩૪ માં પંચાશક પ્રકાશન સમિતિ તરફથી પ્રકાશિત કરવામાં આવ્યો હતો. તેની નકલો પૂર્ણ થઈ જવાથી અને એની માંગણી અનેકો તરફથી આવવાથી તેનું પૂજ્યશ્રીની સૂચનાનુસાર બીજી આવૃત્તિ તરીકે આ પ્રકાશન કરવામાં આવ્યું છે.

**ગ્રંથનું સ્વરૂપ :** આ ગ્રંથમાં શ્રાવકધર્મ અને સાધુધર્મ એમ બે વિભાગ છે. પહેલા વિભાગમાં (૧ થી ૧૦ પંચાશકમાં) શ્રાવકધર્મનું અને બીજા વિભાગમાં (૧૧ થી ૧૯ પંચાશકમાં) સાધુધર્મનું વર્ણન છે. પહેલા વિભાગમાં શ્રાવકધર્મસંબંધી દશ વિષયોનું વર્ણન છે. બીજા વિભાગમાં સાધુધર્મ સંબંધી ૯ વિષયોનું વર્ણન છે. આમ આ ગ્રંથમાં કુલ ૧૯ વિષયો છે. દરેક વિષયનું પચાસ ગાથાઓથી વર્ણન કર્યું હોવાથી આ ગ્રંથનું **પંચાશક** નામ છે. મૂલગ્રંથ પ્રાકૃત ભાષામાં ગાથારૂપે છે. તેના ઉપર સંસ્કૃત ટીકા છે. મૂલ ગ્રંથમાં અને ટીકામાં અનેક વિશિષ્ટ બાબતો બતાવવામાં આવી છે. તે તે વિષયની પુષ્ટિ માટે અનેક યુક્તિઓ-પ્રમાણો આપવામાં આવેલ છે. એટલે આ ગ્રંથ યુક્તિપ્રધાન-પ્રમાણપ્રધાન છે એમ કહી શકાય. અહીં આપેલી અનુક્રમણિકા વાંચવાથી ગ્રંથના વિષયોનો સામાન્ય ખ્યાલ આવી જશે. આમ છતાં તેમાં રહેલી વિશેષતાઓને જાણવા સંપૂર્ણ ગ્રંથ વાંચવાની જરૂર છે.

**મૂલગ્રંથ નિર્માણ હેતુ :** આ ગ્રંથની રચનાના મુખ્ય બે હેતુ છે. એક હેતુ એ છે કે જિનાગમમાં શું લખ્યું છે એવી જિજ્ઞાસાવાળા જીવોને જિનાગમમાં કહેલા કેટલાક વિષયો જણાવવા. આ હેતુનો ટીકાકાર મહર્ષિએ પ્રારંભમાં જ નિર્દેશ કર્યો છે. (આ પુસ્તકના પહેલા પાનામાં ભૂમિકા જુઓ) મૂલગ્રંથની રચનાનો બીજો હેતુ એ છે કે તે તે વિષયોમાં રહેલાં રહસ્યો જણાવવાં. આ હેતુનો મૂલગ્રંથકાર મહર્ષિએ પોતે જ પહેલી ગાથામાં 'भावत्थसंगयं' એ પદથી નિર્દેશ થયો છે. (આ પુસ્તકના ૬ઠ્ઠા પેજમાં જુઓ). આનો તાત્પર્યાર્થ એ થયો કે "જિજ્ઞાસુઓને રહસ્યો સાથે કેટલાક વિષયો બતાવવા માટે" આ ગ્રંથની રચના કરવામાં આવી છે. આમ તો આ ગ્રંથમાં જણાવેલા વિષયો બીજા ગ્રંથોમાં પણ છે. પણ આમાં તે તે સ્થળે જે રહસ્યો બતાવેલાં છે તે બીજા ગ્રંથોમાં દુર્લભ છે. આના લીધે જ આ ગ્રંથની મહત્તા છે.

આમ આ ગ્રંથમાં અન્ય ગ્રંથોમાં દુર્લભ એવાં અનેક રહસ્યો ભરેલા હોવાથી આ ગ્રંથ સાધુ અને શ્રાવક એ બન્ને માટે ઘણો ઉપયોગી છે. જેઓ આ ગ્રંથને શાંતિથી એકાગ્ર ચિત્તે વાંચશે તેને જ એમાં રહેલા રહસ્યોનો ખ્યાલ આવશે.

**ગ્રંથકારની માહિતી :** મૂલગ્રંથના કર્તા પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય **હરિભદ્રસૂરિ મહારાજ** છે. તેઓશ્રી વિક્રમની આઠમી શતાબ્દિમાં થઈ ગયા છે. તેઓએ આચાર, દર્શન, ન્યાય, યોગ, ધ્યાન વગેરે અનેક વિષયોના કુલ ૧૪૦૦[૧] ગ્રંથોનું સર્જન કર્યું છે. તેઓશ્રી મહાન શાસનપ્રભાવક હતા. જિનાજ્ઞાને યથાર્થ સમજવામાં આજે એમના ગ્રંથો મહત્ત્વનો ભાગ ભજવે છે.

**ટીકાકારની માહિતી :** મૂલ ગ્રંથ ઉપર પ.પૂ. આચાર્ય ભગવંત **શ્રી અભયદેવસૂરિ મહારાજે** ટીકા રચી છે. તેઓશ્રી વિક્રમની બારમી શતાબ્દિમાં થઈ ગયા. તેમણે નવ અંગો ઉપર વૃત્તિ રચીને નવાંગી વૃત્તિકાર તરીકે પ્રસિદ્ધિ મેળવી. તેઓશ્રી એક સમર્થ શાસ્ત્રકાર અને મહાન શાસનપ્રભાવક હતા.

**ભાવાનુવાદકારની માહિતી :** ભાવાનુવાદકાર **પૂજ્ય આચાર્ય શ્રી રાજશેખરસૂરીશ્વરજી મહારાજાએ** મુનિપણામાં સૌ પ્રથમ આ પંચાશક પ્રકરણ ગ્રંથનો ભાવાનુવાદ કરેલો. ત્યાર પછી તો અનેક ગ્રંથોનો ભાવાનુવાદ કરવા દ્વારા ભાવાનુવાદકાર તરીકે પ્રસિદ્ધ થયા છે. શ્રી પંચાશક પ્રકરણનો આ ભાવાનુવાદ અપ્રાપ્ય થતાં પૂજ્યશ્રીએ પૂર્વે પ્રકાશિત થયેલા ગ્રંથમાં સુધારા-વધારા કરીને પુનઃપ્રકાશન માટે અનુમતિ આપી એ બદલ અમે પૂજ્યશ્રીના ઋણી છીએ.

**અનુમોદનીય :** શ્રી પંચાશક પ્રકરણ સટીક ભાવાનુવાદ ભાગ-૧ અને ભાગ-૨ છપાઈ રહ્યા હતા. એ દરમ્યાન **એક સુશ્રાવક પરિવાર** અને **સુશ્રાવક ચંદુલાલ જેશીંગભાઈ સંઘવીએ** પૂજ્યશ્રીને વિનંતી કરી કે શ્રાવકને ઉપયોગી બને એવા ગ્રંથમાં લાભ લેવાની ભાવના છે. પૂજ્યશ્રીએ આ ગ્રંથનો ભાગ-૧ 'શ્રાવકધર્મ અધિકાર' શ્રાવકને અતિ ઉપયોગી છે એમ જણાવતાં ભાગ-૧ માં આવેલ ગાથાની છાયા અને સંસ્કૃત ટીકા કાઢી નાખીને બાકીનું બધું લખાણ તે રીતે જ રહેવા દઈ બન્ને ભાગ્યશાળી પરિવારના આર્થિક સહકારથી આ ગ્રંથનું પ્રકાશન કરવામાં આવ્યું છે. શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ એ ઉભય ભાગ્યશાળીના સુકૃતની અનુમોદના કરે છે.

**શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ**
**ભિવંડી**

---

૧. ૧૪૪૪ ગ્રંથોની રચના કરી છે એવો ઉલ્લેખ પણ મળે છે.

## પહેલા વિભાગમાં આવેલા ૧ થી ૧૦ પંચાશકો

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રાવકધર્મ | ૬. | સ્તવવિધિ |
| ૨. | જિનદીક્ષાવિધિ | ૭. | જિનભવનવિધિ |
| ૩. | ચૈત્યવંદનવિધિ | ૮. | જિનબિંબ પ્રતિષ્ઠાવિધિ |
| ૪. | પૂજાવિધિ | ૯. | યાત્રાવિધિ |
| ૫. | પ્રત્યાખ્યાન | ૧૦. | ઉપાસક પ્રતિમાવિધિ |

## પહેલા વિભાગના અનુવાદમાં આધારભૂત ગ્રંથો

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રાવકધર્મ વિધિ પ્રકરણ | ૧૫. | યોગશતક |
| ૨. | વિશેષાવશ્યક | ૧૬. | ઉપદેશ રહસ્ય |
| ૩. | યોગબિંદુ | ૧૭. | ઉપદેશ પદ |
| ૪. | શ્રાવક પ્રજ્ઞપ્તિ | ૧૮. | ચૈત્યવંદન ભાષ્ય |
| ૫. | ધર્મસંગ્રહ | ૧૯. | પચ્ચક્ખાણ ભાષ્ય |
| ૬. | ઉપદેશમાળા | ૨૦. | સંબોધ પ્રકરણ |
| ૭. | ધર્મરત્ન પ્રકરણ | ૨૧. | વ્યવહાર સૂત્ર |
| ૮. | યોગશાસ્ત્ર | ૨૨. | ધર્મબિંદુ |
| ૯. | બૃહત્કલ્પ | ૨૩. | પ્રવચન સારોદ્ધાર |
| ૧૦. | શ્રાદ્ધદિનકૃત્ય | ૨૪. | આવશ્યક સૂત્ર |
| ૧૧. | ભગવતી સૂત્ર | ૨૫. | પંચવસ્તુ |
| ૧૨. | ષોડશક | ૨૬. | દશવૈકાલિક |
| ૧૩. | લલિતવિસ્તરા | ૨૭. | ઉપાસકદશાંગ |
| ૧૪. | હારિભદ્રીય અષ્ટક | ૨૮. | નિશીથ સૂત્ર |

# વિષયાનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **૧. શ્રાવકધર્મ પંચાશક** | |
| ગ્રંથનિર્માણનું પ્રયોજન | ૧ |
| મંગલ આદિ ચારનું પ્રતિપાદન | ૨ |
| જિનવચનનું પરલોકહિતકર એવું વિશેષણ શા માટે ? | ૮ |
| શ્રાવક શબ્દનો અર્થ | ૮ |
| સમ્યક્ત્વનું સ્વરૂપ અને ફળ | ૧૦ |
| શુશ્રૂષાદિ ગુણો મિથ્યાત્વ દશામાં સામાન્ય હોય | ૧૦ |
| સમ્યક્ત્વને જિનોક્ત પદાર્થોની શ્રદ્ધારૂપ માનવામાં આગમ સાથે વિરોધ આવે છે એવી શંકાનું સમાધાન | ૧૦ |
| તત્ત્વાર્થની શ્રદ્ધાને સમ્યક્ત્વ કેમ કહ્યું એ પ્રશ્નનો ઉત્તર | ૧૧ |
| સમ્યક્ત્વની સાથે શુશ્રૂષાદિ ગુણો કેમ હોય ? | ૧૨ |
| સમ્યક્ત્વની સાથે શુશ્રૂષાદિ ગુણો અવશ્ય હોય એ યુક્ત નથી એ પ્રશ્નનું સમાધાન | ૧૨ |
| શુશ્રૂષા આદિ ત્રણ ગુણોનું વર્ણન | ૧૩ |
| 'ગુરુદેવાણં' એ પદમાં ગુરુ શબ્દનો પ્રથમ પ્રયોગ કેમ ? | ૧૪ |
| શુશ્રૂષાદિ ત્રણમાં કાર્ય-કારણ ભાવ છે | ૧૪ |
| સમ્યક્ત્વની હાજરીમાં વ્રતોની ભજનાનું કારણ | ૧૪ |
| દર્શનમોહના ક્ષયોપશમ પછી તુરત ચારિત્રમોહનો ક્ષયોપશમ કેમ નહિ ? | ૧૪ |
| કેટલી કર્મસ્થિતિ ઘટે ત્યારે વ્રતપ્રાપ્તિ થાય ? | ૧૫ |
| કર્મસ્થિતિ ક્રમશઃ જ ઘટે કે જલદી પણ ઘટે ? | ૧૬ |
| નવ પલ્યોપમથી અધિક આયુષ્યવાળા સમ્યગ્દૃષ્ટિ દેવને આયુષ્ય પુરું થયા પહેલાં જ નવ પલ્યોપમ જેટલી સ્થિતિ ઘટી જવાથી તેને દેશવિરતિ કેમ નહિ ? | ૧૬ |
| કર્મસ્થિતિના હ્રાસનો નિયમભાવથી દેશવિરતિ આદિ માટે છે | ૧૬ |
| બધા જ તીર્થંકરોના શાસનમાં અણુવ્રતો પાંચ હોય | ૧૭ |
| અણુ શબ્દનો અર્થ | ૧૭ |
| સ્થૂલપ્રાણવધવિરમણ શબ્દમાં સ્થૂલ શબ્દનો અર્થ | ૧૭ |
| મૂલગુણ-ઉત્તરગુણનો અર્થ | ૧૭ |
| પહેલા અણુવ્રતનું સ્વરૂપ | ૧૮ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ધર્મ ગુરુ પાસે સાંભળવો જોઈએ | ૧૯ |
| દેશવિરતિમાં પણ અતિચારો હોય | ૨૦ |
| પ્રથમવ્રતના અતિચારો | ૨૧ |
| બીજા વ્રતનું સ્વરૂપ અને તેના અતિચારો | ૨૪-૨૭ |
| ત્રીજા વ્રતનું સ્વરૂપ અને તેના અતિચારો | ૨૭-૨૯ |
| ચોથા વ્રતનું સ્વરૂપ અને તેના અતિચારો | ૨૯-૩૪ |
| પાંચમા વ્રતનું સ્વરૂપ અને તેના અતિચારો | ૩૪-૩૭ |
| છઠ્ઠા વ્રતનું સ્વરૂપ અને તેના અતિચારો | ૩૭-૩૯ |
| સાતમા વ્રતનું સ્વરૂપ અને તેના અતિચારો | ૩૯-૪૫ |
| આઠમા વ્રતનું સ્વરૂપ અને તેના અતિચારો | ૪૫-૪૭ |
| નવમા વ્રતનું સ્વરૂપ અને તેના અતિચારો | ૪૭-૫૨ |
| દશમા વ્રતનું સ્વરૂપ અને તેના અતિચારો | ૫૨-૫૪ |
| અગિયારમા વ્રતનું સ્વરૂપ અને તેના અતિચારો | ૫૪-૫૭ |
| બારમા વ્રતનું સ્વરૂપ અને તેના અતિચારો | ૫૭-૬૦ |
| અતિચારોનું પ્રત્યાખ્યાન કરવાનું ન કહેતાં અતિચારોને છોડવાનું કેમ કહ્યું ? | ૬૦ |
| સમ્યક્ત્વ અને વ્રતોને પ્રાપ્ત કરવાનો ઉપાય, રક્ષણ, ગ્રહણ, પ્રયત્ન અને વિષય | ૬૧ |
| સમ્યક્ત્વાદિના પરિણામોની ઉત્પત્તિના અને રક્ષાના ઉપાયો | ૬૧ |
| વ્રતોનો કાળ | ૬૪ |
| શ્રાવક ક્યાં રહે ? | ૬૫ |
| સાધુ, જિનમંદિર અને સાધર્મિક એ ત્રણથી થતા લાભો | ૬૫ |
| શ્રાવકની દિનચર્યા | ૬૫-૭૪ |
| જિનમંદિરે જવાનો વિધિ | ૬૬ |
| શ્રાવકને પણ પ્રતિક્રમણ કરવાનું શાસ્ત્રીય વિધાન | ૬૯ |
| શ્રાવકના છ આવશ્યકોની ઘટના | ૭૧ |
| વ્રત નહિ લેનાર શ્રાવકે પણ પ્રતિક્રમણ કરવું જોઈએ | ૭૩ |
| અબ્રહ્મનો ત્યાગ કરવાના ઉપાયો | ૭૫ |
| નિદ્રામાંથી જાગી જતાં કરવાની વિચારણા | ૭૬ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|


**૨. જિનદીક્ષાવિધિ પંચાશક**

જિનદીક્ષાનો અર્થ ........ ૮૦
જિનદીક્ષાનું સ્વરૂપ ........ ૮૧
જિનદીક્ષા પ્રાપ્તિનો કાળ ........ ૮૧
જિનદીક્ષા માટે યોગ્ય જીવનાં લક્ષણો ........ ૮૨
દીક્ષારાગના લક્ષણો ........ ૮૩
સમ્યગ્દષ્ટિને લૌકિક દેવ-ગુરુ-ધર્મની ઈચ્છા ન હોય ........ ૮૩
દીક્ષારુચિ થવાના કારણો ........ ૮૪
લોકવિરુદ્ધ કાર્યો ........ ૮૪
સુગુરુનું સ્વરૂપ અને તેનો યોગ થવાના ચિહ્નો ........ ૮૬
સમવસરણ રચવાનો વિધિ ........ ૮૬
દીક્ષા માટે સમવસરણમાં આવવાનો વિધિ ........ ૮૯
દીક્ષાર્થીને વિધિનું કથન ........ ૯૦
દીક્ષાર્થીની શુભાશુભ ગતિને જાણવાનો ઉપાય ........ ૯૦
દીક્ષાર્થીની યોગ્યતા-અયોગ્યતાનો નિર્ણય ........ ૯૧
યોગ્યતાનો નિર્ણય થયા પછીનો વિધિ ........ ૯૧
શિષ્યના આત્મનિવેદન સંબંધી વર્ણન ........ ૯૪-૯૭
દીક્ષા આપ્યા પછી દીક્ષિતને ઉપદેશ ........ ૯૭
જિનદીક્ષાવિધિ કેવો શિષ્ય કરી શકે અને કેવા ગુરુ કરાવી શકે ? ........ ૯૭
દીક્ષા થયા પછી દીક્ષિતે કરવાનો વિધિ ........ ૯૯
સાચી-ખોટી દીક્ષા જાણવાના લક્ષણો ........ ૧૦૦-૧૦૩
જિનદીક્ષાનું અનંતર-પરંપર ફળ ........ ૧૦૩
જિનદીક્ષા સંબંધી વિધિનું મહત્ત્વ ........ ૧૦૪

**૩. ચૈત્યવંદનવિધિ પંચાશક**

ચૈત્યવંદનના ત્રણ પ્રકાર ........ ૧૦૬
કેટલાક ત્રણ સ્તુતિને માને છે ........ ૧૦૭
જિનપ્રતિમાને પણ ત્રણ પ્રદક્ષિણા આપી શકાય ........ ૧૦૮
બીજી રીતે ચૈત્યવંદનના ત્રણ પ્રકાર ........ ૧૦૯
અપુનર્બંધક-સમ્યગ્દષ્ટિનું લક્ષણ ........ ૧૧૦-૧૧૨
ચારિત્રીનું સ્વરૂપ ........ ૧૧૨
માર્ગાભિમુખ વગેરેને અપ્રધાન દ્રવ્યવંદના હોય ........ ૧૧૭

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| દ્રવ્ય-ભાવવંદનાના લક્ષણો | ૧૧૮ |
| દશત્રિકનું વર્ણન | ૧૧૯ |
| ભાવવંદનાના લક્ષણોમાં ભાવની પ્રધાનતા | ૧૨૩ |
| ભાવી અભ્યુદયવાળા જીવને જ વિધિમાં કાળજી હોય | ૧૨૪ |
| ચૈત્યવંદન મંત્રાદિથી ઉત્તમ છે | ૧૨૫ |
| ચૈત્યવંદનમાં વિધિની કાળજીથી આ લોકમાં પણ લાભ | ૧૨૫ |
| અન્ય ધર્મોમાં પણ ચૈત્યવંદનની મહત્તા | ૧૨૬ |
| કયા સૂત્રો કઈ મુદ્રાથી બોલાય | ૧૨૭ |
| મુદ્રાઓનું સ્વરૂપ | ૧૨૮ |
| ક્રિયા આદિ પાંચમા ઉપયોગની આવશ્યકતા | ૧૨૯ |
| ક્રિયા આદિ પાંચેમાં ઉપયોગ રાખી શકાય તેની સિદ્ધિ | ૧૩૦ |
| વિધિની કાળજી રાખવાનું કારણ | ૧૩૧ |
| જિજ્ઞાસા શુદ્ધ ચૈત્યવંદનનું લક્ષણ છે | ૧૩૨ |
| મોક્ષના કારણોની (ધર્મની) પ્રાપ્તિના સાધનો | ૧૩૩ |
| કેવા જીવોને શુદ્ધવંદનાની પ્રાપ્તિ થાય | ૧૩૩ |
| ત્રણ કરણ, ગ્રંથિ, ગ્રંથિદેશ વગેરેનું વિસ્તૃત વર્ણન | ૧૩૪ |
| શુદ્ધવંદના જ મોક્ષનું કારણ છે | ૧૩૭ |
| અનંતવાર કરેલું ચૈત્યવંદન અશુદ્ધ હતું | ૧૩૮ |
| રૂપિયાના દૃષ્ટાંતથી શુદ્ધ-અશુદ્ધ વંદનની વિચારણા | ૧૩૯ |
| આસન્નભવ્યો જ ત્રીજા-ચોથા પ્રકારની વંદના પામે | ૧૪૭ |
| આસન્નભવ્ય જીવના લક્ષણો | ૧૪૮ |
| વિધિપાલન માટે ગીતાર્થોને ઉપદેશ | ૧૪૯ |
| ચૈત્યવંદનવિધિ યોગ્યને જ બતાવવો જોઈએ | ૧૪૯ |
| ચૈત્યવંદનમાં 'નમુત્થુણં' થી અધિક સૂત્રો બોલી શકાય | ૧૫૧ |
| **૪. પૂજાવિધિ પંચાશક** | |
| પૂજાવિધિ કહેવાનું પ્રયોજન | ૧૫૨ |
| કાલદ્વાર | ૧૫૩ |
| પૂજાના અભિગ્રહનું મહત્ત્વ | ૧૫૪ |
| શુચિદ્વાર | ૧૫૫ |
| સ્નાનાદિ બિલકુલ નિર્દોષ નથી | ૧૫૬ |
| સ્નાનાદિમાં યતના | ૧૫૭ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ભાવશુદ્ધિ ન રાખવાથી થતા દોષો | ૧૫૮ |
| પૂજા સામગ્રી દ્વાર | ૧૫૮ |
| ઉત્તમ દ્રવ્યોથી પૂજા કરવાનું કારણ | ૧૫૮ |
| વિધિદ્વાર | ૧૬૨ |
| સ્તુતિ-સ્તોત્ર દ્વાર | ૧૬૪ |
| પ્રણિધાન પ્રકરણ | ૧૬૭ |
| પૂજાનિર્દોષતા પ્રકરણ | ૧૮૦ |
| પૂજ્યને લાભ ન થાય તો પણ પૂજકને લાભ થાય | ૧૮૨ |
| પૂજાથી થતા લાભો | ૧૮૩ |
| પૂજા કરવાની માત્ર ભાવનાથી લાભ – વૃદ્ધાનું દૃષ્ટાંત | ૧૮૪ |
| **૫. પ્રત્યાખ્યાન પંચાશક** | |
| પ્રત્યાખ્યાનના અર્થો અને ભેદો | ૧૮૭ |
| દશ પ્રકારના કાળ પ્રત્યાખ્યાન | ૧૮૮ |
| (૧) ગ્રહણદ્વાર-છ શુદ્ધિનું સ્વરૂપ વગેરે | ૧૯૦ |
| (૨) આગારદ્વાર | ૧૯૩ |
| (૩) સામાયિક દ્વાર | ૨૦૮ |
| પ્રત્યાખ્યાનથી અપ્રમાદની વૃદ્ધિ | ૨૦૯ |
| નવકારશી આદિ અલ્પકાલીન પ્રત્યાખ્યાનમાં આગારો છે તો સર્વસાવદ્યના ત્યાગ રૂપ સામાયિકમાં આગારો કેમ નહિ ? તેનું સમાધાન | ૨૧૧ |
| (૪) ભેદદ્વાર (આહારના ચાર ભેદો) | ૨૧૭ |
| સાધુઓથી તિવિહારનું પ્રત્યાખ્યાન થઈ શકે | ૨૨૧ |
| કારણે સાધુ દુવિહારનું પ્રત્યાખ્યાન પણ કરી શકે | ૨૨૨ |
| (૫) ભોગદ્વાર (ભોજનનો વિધિ) | ૨૨૩ |
| (૬) સ્વયંપાલન દ્વાર | ૨૨૫ |
| આહારનું પચ્ચક્ખાણ લેનાર બીજાને આહાર આપી શકે | ૨૨૫ |
| સાંભોગિક-અસાંભોગિક સાધુઓ માટે આહાર લાવવા આદિનો વિધિ | ૨૨૭ |
| સાંભોગિક-અસાંભોગિક માટે ભિન્ન વિધિમાં રાગદ્વેષ નથી | ૨૨૭ |
| શ્રાવકો માટે સાધુઓને આશ્રયી દાન-ઉપદેશનો વિધિ | ૨૨૮ |
| ગરીબ શ્રાવકો માટે દાનનો વિધિ | ૨૨૮ |
| દિગ્બંધની મર્યાદા અને સારૂપી આદિનું સ્વરૂપ | ૨૨૯ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|

(૭) અનુબંધદ્વાર ........ ૨૩૧
કેવા સાધુને પ્રત્યાખ્યાનના પરિણામનો અનુબંધ થાય ........ ૨૩૧
ગુર્વાજ્ઞાનું મહત્ત્વ ........ ૨૩૧
અવિદ્યમાન વસ્તુના પ્રત્યાખ્યાનથી લાભ – બ્રાહ્મણનું દૃષ્ટાંત ........ ૨૩૩
વિરાગી જીવનું પ્રત્યાખ્યાન સફળ છે ........ ૨૩૪
૬. **સ્તવવિધિ પંચાશક**
સ્તવના બે પ્રકારો અને દ્રવ્યસ્તવનું સ્વરૂપ ........ ૨૩૬
દ્રવ્યસ્તવ કેવા ભાવથી કરવાથી ભાવસ્તવનું કારણ બને ? ........ ૨૩૭
દ્રવ્યસ્તવ કેવા ભાવથી કરવાથી ભાવસ્તવના રાગનું કારણ બને ? ........ ૨૩૮
આપ્તની આજ્ઞાથી વિપરીત પ્રવૃત્તિ દ્રવ્યસ્તવ નથી ........ ૨૩૮
બહુમાનશૂન્ય અનુષ્ઠાન દ્રવ્યસ્તવ નથી ........ ૨૪૦
અહીં દ્રવ્યશબ્દનો યોગ્યતા અર્થ છે ........ ૨૪૦
ક્યાંક દ્રવ્યશબ્દનો અયોગ્યતા અર્થ પણ છે ........ ૨૪૧
અંગારમર્દકનું દૃષ્ટાંત ........ ૨૪૨
અપ્રધાન દ્રવ્યસ્તવથી મળતું ફળ તુચ્છ છે ........ ૨૪૪
જિનાજ્ઞા મુજબ થતાં જિનપૂજાદિ અનુષ્ઠાનો દ્રવ્યસ્તવ કેમ ? ........ ૨૪૫
ભાવસ્તવની અપેક્ષાએ દ્રવ્યસ્તવની અસારતા ........ ૨૪૫
બન્ને સ્તવ પરસ્પર સંકળાયેલા છે ........ ૨૫૦
અપવાદથી સાધુઓ જાતે દ્રવ્યસ્તવ કરી અને કરાવી શકે ........ ૨૬૦
પુષ્પપૂજાથી શાસનપ્રભાવના – આર્યવજ્રસ્વામીનું દૃષ્ટાંત ........ ૨૬૧
સુપરિશુદ્ધ દ્રવ્યસ્તવનું લક્ષણ ........ ૨૬૨
દ્રવ્યસ્તવમાં આંશિક ભાવ અવશ્ય હોય ........ ૨૬૩
ચૈત્યવંદન-સ્તુતિ વગેરે દ્રવ્યસ્તવ કેમ છે તેનું સમાધાન ........ ૨૬૩
દ્રવ્યસ્તવથી આંશિકભાવ થવાનું કારણ ........ ૨૬૩
૭. **જિનભવનવિધિ પંચાશક**
યોગ્ય જીવે જ જિનભવન કરાવવું જોઈએ ........ ૨૬૫
આજ્ઞાનું મહત્ત્વ ........ ૨૬૬
જિનભવન કરાવવાને યોગ્ય જીવનું સ્વરૂપ ........ ૨૬૬
યોગ્ય જીવ મંદિર બંધાવે તો બીજાને ધર્મની કે ધર્મબીજની પ્રાપ્તિ થાય. ૨૬૮
જિનશાસન સંબંધી શુભભાવ સમ્યક્ત્વનું બીજ છે ........ ૨૬૯
ચોરનું દૃષ્ટાંત ........ ૨૬૯
જિનમંદિર બંધાવવાનો વિધિ – પાંચ દ્વારો ........ ૨૭૧

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| (૧) ભૂમિશુદ્ધિ દ્વાર | ૨૭૨ |
| બીજાને અપ્રીતિ થાય તેમ ન કરવું | ૨૭૩ |
| શ્રી મહાવીરસ્વામીનું દૃષ્ટાંત | ૨૭૪ |
| ભૂલ ન હોવા છતાં અન્ય અપ્રીતિ કરે ત્યારે કરવાની વિચારણા | ૨૭૫ |
| (૨) દળવિશુદ્ધિ દ્વાર | ૨૭૬ |
| શુકન-અપશુકનનું સ્વરૂપ | ૨૭૭ |
| (૩) ભૃતકાનતિસંધાન દ્વાર | ૨૭૮ |
| (૪) સ્વાશયશુદ્ધિ દ્વાર | ૨૭૯ |
| (૫) યતના દ્વાર | ૨૮૦ |
| યતના નિવૃત્તિપ્રધાન છે | ૨૮૦ |
| અધિક દોષો દૂર કરનાર અલ્પદોષવાળી પ્રવૃત્તિ નિર્દોષ છે | ૨૮૨ |
| મંદિર બંધાયા પછી તેમાં જલદી જિનબિંબની પ્રતિષ્ઠા કરાવવી | ૨૮૫ |
| જિનબિંબ પ્રતિષ્ઠાની ભાવનાનું ફળ | ૨૮૬ |
| સાધુદર્શનની ભાવનાનું ફળ | ૨૮૬ |
| અન્ય જીવોના પ્રતિબોધની ભાવનાનું ફળ | ૨૮૭ |
| સ્થિર શુભચિંતાનું ફળ | ૨૮૭ |
| ચારિત્રની જઘન્ય આરાધનાથી ૭-૮ ભવમાં મુક્તિ | ૨૮૮ |
| **૮. જિનબિંબપ્રતિષ્ઠાવિધિ પંચાશક** | |
| જિન પ્રત્યે શુદ્ધ બુદ્ધિનું સ્વરૂપ | ૨૮૯ |
| જિનબિંબ કરાવવાનો વિધિ | ૨૮૯ |
| દોષિત શિલ્પીને મૂલ્ય આપવાનો વિધિ | ૨૯૦ |
| સદોષ શિલ્પીને નિર્દોષ શિલ્પી પ્રમાણે મૂલ્ય આપવામાં થતો દોષ | ૨૯૧ |
| દેવદ્રવ્યના ભક્ષણથી શિલ્પીને ભયંકર ફળ આવશે, એમાં અમારે શું ? એવો વિચાર કરનારને ઉપદેશ | ૨૯૨ |
| આજ્ઞા પ્રમાણે કરવા છતાં વિપરીત થાય તો દોષ નહિ | ૨૯૨ |
| વિપરીત થવા છતાં આજ્ઞાપાલકના પરિણામની શુદ્ધિનું કારણ | ૨૯૩ |
| જિનાજ્ઞાની પ્રધાનતાનું કારણ | ૨૯૩ |
| આજ્ઞાનું ઉલ્લંઘન કરીને ધર્મ કરનારાઓને ઠપકો | ૨૯૪ |
| જિનબિંબની પ્રતિષ્ઠાનો વિધિ | ૨૯૫-૩૦૧ |
| પ્રતિષ્ઠામાં શરીરભૂષા વગેરે કલ્યાણકારી છે | ૨૯૮ |
| સંઘપૂજા અને સંઘની મહત્તા | ૩૦૧ |
| સ્વજન અન સાધર્મિકની પૂજા | ૩૦૪ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ૯. **યાત્રાવિધિ પંચાશક** | |
| સમ્યગ્દર્શન મોક્ષનું પ્રધાન કારણ છે | ૩૦૭ |
| સમ્યગ્દર્શનના આઠ આચારો | ૩૦૭ |
| જિનયાત્રા પ્રભાવનાનું કારણ છે | ૩૦૯ |
| જિનયાત્રા શબ્દનો અર્થ | ૩૦૯ |
| મહોત્સવમાં કરવા લાયક કર્તવ્યો | ૩૧૦ |
| મહોત્સવમાં અનુકંપાદાન | ૩૧૦ |
| સાધુએ રાજાની અનુજ્ઞા લઈને તેના દેશમાં રહેવું | ૩૧૩ |
| રાજાના અવગ્રહની યાચનાથી થતા લાભો | ૩૧૩ |
| મહોત્સવમાં અમારી પ્રવર્તનનો વિસ્તૃત વિધિ | ૩૧૭ |
| કલ્યાણકોની આરાધના સંબંધી વિસ્તૃત વર્ણન | ૩૨૦ |
| બધા મહોત્સવો સંબંધી સર્વ સાધારણ ઉપદેશો | ૩૨૦ |
| લોકરૂઢિથી કરાતા મહોત્સવનો નિષેધ | ૩૨૮ |
| ૧૦. **ઉપાસક પ્રતિમાવિધિ પંચાશક** | |
| શ્રાવકની અગિયાર પ્રતિમાઓ | ૩૩૦ |
| ક્રમશઃ અગિયાર પ્રતિમાઓનું વર્ણન | ૩૩૦ |
| સમ્યક્ત્વના લક્ષણો વિપરીતક્રમથી કહેવાનું કારણ | ૩૩૩ |
| છઠ્ઠી પ્રતિમામાં રહેલ શ્રાવક શૃંગારરસકથા, સ્ત્રી સાથે એકાંતમાં વાસ અને અતિપરિચયનો ત્યાગ કરે | ૩૪૦ |
| માત્ર સ્વયં આરંભ ન કરવામાં પણ લાભ | ૩૪૩ |
| કેવો જીવ બીજા પાસે પણ આરંભ ન કરાવવાનો નિયમ કરી શકે ? | ૩૪૪ |
| પ્રતિમાઓ પૂર્ણ થયા પછીનો વિધિ | ૩૪૭ |
| પ્રતિમાસેવનથી આત્માને ભાવિત કરીને દીક્ષા લેવાનો હેતુ | ૩૪૭ |
| પ્રતિમાના પાલન વિના પણ દીક્ષાને યોગ્ય બની શકે છે | ૩૫૦ |
| આ કાળમાં પ્રતિમાધારીને દીક્ષા આપવી એ વધારે સંગત છે | ૩૫૩ |

**આ ગ્રંથમાં આવેલા દૃષ્ટાંતો**

| | | |
|---|---|---|
| પૂજાની ભાવનાથી પણ લાભ | વૃદ્ધા | ૧૮૪ |
| અવિદ્યમાન વસ્તુના નિયમથી પણ લાભ | બ્રાહ્મણ | ૨૩૩ |
| દ્રવ્યશબ્દનો અયોગ્યતા અર્થ | અંગારમર્દકસૂરિ | ૨૪૨ |
| પુષ્પપૂજાથી શાસનપ્રભાવના | શ્રી આર્યવજ્રસ્વામી | ૨૬૧ |
| જિનશાસન સંબંધી શુભભાવ સમ્યક્ત્વનું બીજ છે | ચોર | ૨૬૯ |
| ધર્મીએ બીજાને અપ્રીતિ થાય તેમ ન કરવું | શ્રી મહાવીરસ્વામી | ૨૭૪ |

धरणेन्द्र-पद्मावती संपूजिताय ॐ ह्रीं श्रीं
श्रीशंखेश्वर पार्श्वनाथाय नमः
श्रीदान-प्रेम-रामचंद्र-हीरसूरीश्वरेभ्यो नमः

ऐं नमः

# પંચાશક પ્રકરણનો

## સટીક ગુજરાતી ભાવાનુવાદ

## પહેલો વિભાગ

ગ્રંથકાર—આચાર્યશ્રી હરિભદ્રસૂરિ. ટીકાકાર—આચાર્યશ્રી અભયદેવસૂરિ.
ભાવાનુવાદકાર—આચાર્યશ્રી રાજશેખરસૂરિ.

## ટીકાકારનું મંગલાચરણ

**सद्दृष्टीनां समस्तार्था, गोभिर्यस्य प्रकाशिताः ।**
**तं नत्वा श्रीमहावीरतिग्मरश्मिं तमोऽपहम् ॥१॥**
**वृद्धवाक्यानुसारेण, वृत्तिं वक्ष्ये समासतः ।**
**पञ्चाशकाह्वशास्त्रस्य, धर्मशास्त्रशिरोमणेः ॥२॥**

જેમની વાણીથી સમ્યગ્દષ્ટિ જીવોને સઘળા અર્થો સ્પષ્ટ થયા છે તે (અજ્ઞાનરૂપ) અંધકારને દૂર કરનારા સૂર્યસમાન શ્રીમહાવીરસ્વામીને નમીને ધર્મશાસ્ત્રોમાં પ્રધાન એવા **પંચાશક** નામના શાસ્ત્રની ટીકાને વૃદ્ધપુરુષોનાં વચનોના(=પૂર્વે થયેલા મહાપુરુષોના રચેલા ગ્રંથોના) આધારે સંક્ષેપથી કહીશ. (૧-૨)

(સૂર્યના પક્ષમાં સદ્દૃષ્ટીનાં એટલે સારી ચક્ષુવાળાઓના. ગોભિઃ એટલે કિરણોથી એવો અર્થ છે)

## ॥ अथ प्रथमपञ्चाशकवृत्तिः ॥१॥

## ૧. શ્રાવકધર્મ પંચાશક

[1]આ જગતમાં સ્ફુરી રહેલા સઘળા અતિશયોરૂપ તેજનું(=કાંતિનું) ધામ, દુષ્ષમકાળ(=પાંચમો આરો)રૂપ ઘણા વાદળ [2]સમૂહથી લુપ્ત થઈ રહ્યો છે મહિમા જેમનો એવા, અત્યંત અદશ્ય થયો છે

---

૧. અહીં किल અવ્યય અવશ્ય અર્થમાં છે. આગમ આ જગતમાં સ્ફુરી રહેલા સઘળા અતિશયો(=વિશેષતાઓ) રૂપ તેજનું ધામ અવશ્ય છે.

૨. पटल=સમૂહ.

પૂર્વાન્તર્ગત વગેરે ઘણા ગ્રંથસમૂહરૂપ તારા [૧]સમૂહ જેમાં એવા, અને [૨]તીર્થંકરોએ કહેલ એવા આગમરૂપ આકાશમાં (ગ્રંથકાર) અતિશય સૂક્ષ્મ બોધરૂપ ચક્ષુવાળા હોવાથી, તેવા પ્રકારના પુરુષાર્થની(=ધર્મ વગેરે પુરુષાર્થની) સિદ્ધિના અર્થી(=સાધવાની ઇચ્છાવાળા), સૂક્ષ્મદષ્ટિથી(=સૂક્ષ્મ બુદ્ધિથી) રહિત, ઊંચી કરી છે જિજ્ઞાસાની બુદ્ધિરૂપ ડોક જેમણે એવા(=જિનાગમમાં શું કહ્યું છે તે જાણવાની ઇચ્છાવાળા) વર્તમાનકાળના માનવોને પોતાના વડે જણાતા(=ગ્રંથકારના ધ્યાનમાં આવતા) અને વિવક્ષિત [૩]અર્થસમૂહને સિદ્ધ કરવામાં સમર્થ એવા પ્રવચનોક્ત કેટલાક પદાર્થ રૂપ શ્રેષ્ઠ તારાવિશેષોને બતાવવાની ઇચ્છાવાળા, (એથી) એક એક પ્રકરણ પચાસ પચાસ ગાથાપરિમાણવાળું હોવાથી ''પંચાશક'' એવા નામવાળા પ્રકરણોને કરવાની(=રચવાની) ઇચ્છાવાળા, જેણે પહેલાં શ્રાવકધર્મનો અભ્યાસ કર્યો છે તે સાધુધર્મને યોગ્ય થાય છે એવા નિયમને આશ્રયીને પહેલાં શ્રાવકધર્મને કહેવાની ઇચ્છાવાળા, [૪]પ્રાતઃસ્મરણીય એવા ભગવાન શ્રીહરિભદ્રસૂરિ મંગલ, સંબંધ, અભિધેય અને પ્રયોજનને કહેનારી આ ગાથાને કહે છે.

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે**–શ્રીજિનાગમ સ્ફુરાયમાન સઘળા અતિશયોરૂપ તેજનું ધામ છે. આમ છતાં દુષ્ષમાકાળના પ્રભાવથી તેનો મહિમા (તેજ) ઘટતો ગયો, તેમાંથી પૂર્વગત વગેરે ઘણા ગ્રંથો અદશ્ય થઈ ગયા. આથી ધર્મ વગેરે પુરુષાર્થને સાધવાની ઇચ્છાવાળા અને જિનાગમમાં શું કહ્યું છે તે જાણવાની ઇચ્છાવાળા આ કાળના મંદમતિવાળા મનુષ્યોને જેનાથી ધર્મ આદિ પુરુષાર્થ સાધી શકાય તેવા અને પોતાની સૂક્ષ્મબુદ્ધિ હોવાથી પોતાની નજરમાં આવેલા એવા જિનવચનના કેટલાક પદાર્થોને બતાવવાની ઇચ્છાથી પ્રાતઃસ્મરણીય આચાર્યશ્રી હરિભદ્રસૂરિ મહારાજે પંચાશક નામના આ ગ્રંથની રચના કરી છે. આ ગ્રંથમાં ૧૯ પ્રકરણો છે. દરેક પ્રકરણમાં પચાસ પચાસ ગાથાઓ હોવાથી આ ગ્રંથનું પંચાશક એવું નામ છે. શ્રાવકધર્મનો અભ્યાસ કર્યા પછી સાધુધર્મની યોગ્યતા આવે છે. આથી સર્વપ્રથમ 'શ્રાવકધર્મ' પંચાશક કહે છે. તેમાં મંગલ, સંબંધ, અભિધેય અને પ્રયોજનને કહેનારી આ ગાથાને કહે છે–

**नमिऊण वद्धमाणं, सावगधम्मं समासओ वोच्छं ।**
**सम्मत्ताई [५]भावत्थसंगयं सुत्तणीईए ॥१॥**

**ગાથાર્થ**–શ્રી વર્ધમાનસ્વામીને નમસ્કાર કરીને ભાવાર્થથી યુક્ત સમ્યક્ત્વ વગેરે શ્રાવકધર્મને ગણધરપ્રણીત સૂત્રોના અનુસારે સંક્ષેપથી કહીશ.

**ટીકાર્થ**–તેમાં(=ગ્રંથના પ્રારંભમાં) વિઘ્નસમૂહની શાંતિ(નાશ) માટે, શિષ્ટજનોને પ્રવર્તાવવા માટે અને શિષ્ટપુરુષોના આચારના પાલન માટે ઇષ્ટદેવને નમસ્કાર કરવારૂપ

---

૧. निकट=સમૂહ. ૨. पारङ्गत=તીર્થંકર કે જિન.

૩. તે તે સ્થળે રહેલા વિશેષ અર્થોને સિદ્ધ કરવામાં સમર્થ, અથવા ધર્મ આદિ પુરુષાર્થને સાધવામાં સમર્થ.

૪. સુગૃહીત એટલે પ્રાતઃકાળે સ્મરણ કરવા યોગ્ય. નામધેય એટલે નામ. सुगृहीतं नामधेयं यस्यासौ सुगृहीत-नामधेयः પ્રાતઃકાળે સ્મરણ કરવા યોગ્ય છે નામ જેનું તે. આ શબ્દાર્થ છે. ભાવાર્થ પ્રાતઃસ્મરણીય એવો છે.

૫. आर्यायां पूर्वार्धापरार्धे विहायापरा न पादव्यवस्थेति नात्र थकारादर्वागपि यतौ क्षतिः, अत एव च पूर्वोत्तरार्धाद्यगणत्रयाद्विरतौ पथ्यार्येति सूरिवच इति ध्येयं धीमद्भिः ।

ભાવમંગલનું ઉપાદાન કરવું જોઈએ, અર્થાત્ ભાવમંગલ કરવું જોઈએ. તથા શ્રોતાજનોની પ્રવૃત્તિ માટે અને શિષ્ટાચારના પાલન માટે સંબંધ વગેરે ત્રણ કહેવા જોઈએ. તે આ પ્રમાણે–

## વિઘ્નવિનાશ માટે મંગલ

અહીં કલ્યાણસ્વરૂપ વસ્તુમાં(=કાર્યમાં) પ્રવૃત્તિ કરનારાઓને પ્રાયઃ વિઘ્નનો સંભવ છે. પ્રસ્તુત પ્રકરણ કલ્યાણસ્વરૂપ હોવાથી જ તેમાં વિઘ્ન આવવાનો સંભવ છે. આ પ્રકરણ કલ્યાણસ્વરૂપ છે. કેમકે આ પ્રકરણ સ્વર્ગ-મોક્ષના સંબંધનો હેતુ છે, અર્થાત્ આ પ્રકરણ સ્વર્ગ-મોક્ષનું કારણ છે. વિઘ્નથી શાસ્ત્રકારની શક્તિ હણાઈ જાય તો રચવા ધારેલું શાસ્ત્ર પૂર્ણ ન થવાથી ઈષ્ટ(ધર્મ-મોક્ષ)પુરુષાર્થની સિદ્ધિ ન થાય. આથી વિઘ્નસમૂહની શાંતિ માટે (ગ્રંથના પ્રારંભમાં) મંગલ કરવું જોઈએ. કહ્યું છે કે- **"કલ્યાણકારી કાર્યો બહુ વિઘ્નવાળાં હોય છે. આથી શાસ્ત્રમાં [૧]વિદ્યા અને મહાનિધાનની જેમ મંગલ અને (ઉપચાર=)ધર્માચરણપૂર્વક પ્રવૃત્તિ કરવી જોઈએ."**

## શિષ્યપ્રવૃત્તિ માટે મંગલ

**પ્રશ્ન**—ગ્રંથના પ્રારંભમાં વાચિક નમસ્કાર રૂપ મંગલ વાક્યનો ઉલ્લેખ કર્યા વિના જ માનસિક નમસ્કાર, તપશ્ચર્યા આદિ અન્ય મંગલથી જ વિઘ્નોનો વિનાશ થઈ જવાથી ઈષ્ટકાર્યની સિદ્ધિ થઈ જશે. આથી ગ્રંથનું કદ વધારનારા વાચિક નમસ્કારની જરૂર નથી.

**ઉત્તર**—વાત સત્ય છે. માનસિક નમસ્કાર આદિથી વિઘ્નવિનાશ થઈ શકતો હોવા છતાં જો ગ્રંથના પ્રારંભમાં ઈષ્ટદેવનમસ્કારરૂપ મંગલવાક્યનો ઉલ્લેખ ન કરવામાં આવે તો કોઈક પ્રમાદી શિષ્ય ઈષ્ટદેવનમસ્કારરૂપ મંગળ કર્યા વિના જ પ્રસ્તુત ગ્રંથનું અધ્યયન, શ્રવણ વગેરે કરે, આથી તેને વિઘ્નો આવવાનો સંભવ હોવાથી તેની તે ગ્રંથમાં પ્રવૃત્તિ ન થાય. ગ્રંથમાં મંગલવાક્યનો ઉલ્લેખ કરવાથી પ્રમાદી શિષ્ય પણ મંગલવાક્યના પાઠપૂર્વક અધ્યયન આદિ કરે. એ મંગલવચનથી થયેલા દેવસંબંધી શુભભાવથી, વિઘ્નો દૂર થવાથી શાસ્ત્રમાં નિર્વિઘ્ન પ્રવૃત્તિ થાય છે. ગ્રંથના પ્રારંભમાં વાચિક નમસ્કાર કરવાથી બીજો લાભ એ થાય છે કે આ શાસ્ત્ર અમુક દેવે કહેલા આગમને અનુસરનારું છે માટે ઉપાદેય છે એવી બુદ્ધિ થાય છે. આથી શિષ્ય તેમાં પ્રવૃત્તિ કરે છે. આમ શિષ્યપ્રવૃત્તિ માટે પણ ગ્રંથના પ્રારંભમાં મંગલવાક્યનો ઉલ્લેખ કરવાની જરૂર છે. કહ્યું છે કે—

**"ગ્રંથના પ્રારંભમાં મંગલવચનના ઉલ્લેખથી પ્રમાદી શિષ્ય પણ મંગલપૂર્વક પ્રવૃત્તિ કરીને શાસ્ત્રના પારને પામે છે, તથા શાસ્ત્રના વિશેષપ્રકારના (આ શાસ્ત્ર અમુક દેવે કહેલા આગમને અનુસરનારું છે એવા) જ્ઞાનથી ગૌરવપૂર્વક શાસ્ત્રમાં પ્રવૃત્તિ કરે."**

## શિષ્ટાચારપાલન માટે મંગલ

**પ્રશ્ન**—પ્રારંભમાં મંગલવચનના ઉલ્લેખ વિના પણ ઘણાં શાસ્ત્રો પૂર્ણ થયેલાં દેખાતાં

---

૧.જેવી રીતે વિદ્યા અને મહાનિધાનનું ગ્રહણ કરવામાં મંગલ અને ધર્માચરણપૂર્વક પ્રવૃત્તિ થાય છે તેમ શાસ્ત્રરચનામાં પણ મંગલ-ધર્માચરણપૂર્વક પ્રવૃત્તિ કરવી જોઈએ.

હોવાથી અને તે શાસ્ત્રોમાં શ્રોતાઓની પ્રવૃત્તિ પણ દેખાતી હોવાથી મંગલ વિના પણ ચાલી શકે છે. આથી જેના વિના ચાલી શકે તેવા અને ગ્રંથનું કદ વધારનારા આ મંગલવચનની જરૂર નથી.

**ઉત્તર**—તમારી વાત સત્ય છે. પણ શિષ્ટાચારના પાલન માટે મંગલનો ઉલ્લેખ જરૂરી છે. શિષ્ટપુરુષો ઇષ્ટકાર્યમાં પ્રવૃત્તિ કરે છે ત્યારે પ્રાયઃ ઇષ્ટદેવને નમસ્કાર કરીને પ્રવૃત્તિ કરે છે. તથા આ આચાર્ય (શ્રીહરિભદ્રસૂરિ મહારાજ) પણ શિષ્ટ છે. મંગલવચનથી શિષ્ટાચારનું પાલન થાય એ માટે મંગલવચન જરૂરી છે. કહ્યું છે કે—

**"શિષ્ટપુરુષો શિષ્ટમાર્ગનું પાલન કરવાથી શિષ્ટપણાને પામે છે, શિષ્ટમાર્ગનું ઉલ્લંઘન કરવાથી અશિષ્ટપણું પામે છે."**

## શ્રોતૃજનપ્રવૃત્તિ માટે સંબંધ આદિ ત્રણ—

શ્રોતાજનોની પ્રવૃત્તિ થાય એ માટે અભિધેય વગેરે ત્રણ કહેવા જોઈએ. તે આ પ્રમાણે—જેમ કોઈ જાતના સંબંધ વિના 'દશ દાડમ' વગેરે વાક્યો બોલે તો કોઈ પ્રવૃત્તિ ન કરે, સાંભળનાર તે વાક્ય તરફ લક્ષ્ય ન આપે, તેમ જે ગ્રંથમાં કોઈ **સંબંધ** ન બતાવવામાં આવે તે ગ્રંથમાં બુદ્ધિમાન કોઈ પ્રવૃત્તિ ન કરે. એ રીતે જે ગ્રંથમાં **અભિધેય** (ગ્રંથમાં શું કહેવાનું છે તે) ન જણાવ્યું હોય તે ગ્રંથમાં પણ બુદ્ધિમાન પુરુષો કાગડાના [૧]દાંતની પરીક્ષાની જેમ પ્રવૃત્તિ ન કરે.

તે રીતે જે ગ્રંથમાં પ્રયોજન(=ગ્રંથ રચનાનું કારણ) ન બતાવ્યું હોય તે ગ્રંથમાં પણ બુદ્ધિમાન પુરુષો [૨]કાંટાવાળી ડાળના મર્દનની જેમ પ્રવૃત્તિ ન કરે.

આથી સંબંધ આદિનું પ્રતિપાદન શ્રોતાઓની શાસ્ત્રમાં પ્રવૃત્તિનું કારણ છે.

## શિષ્ટાચારપાલન માટે સંબંધ આદિ ત્રણ—

**પ્રશ્ન**—અસર્વજ્ઞ અને અવીતરાગ(રાગી)નાં વચનો અસત્ય પણ હોય. એથી આ ગ્રંથમાં સંબંધ વગેરે છે એવા નિર્ણય વિના બુદ્ધિમાન પુરુષોની સંબંધ આદિથી(=સંબંધ આદિના કારણે) પ્રવૃત્તિ ભલે ન થાય, પણ સંશયથી પણ પ્રવૃત્તિ થાય છે. જે ગ્રંથમાં સંબંધ આદિ ત્રણ ન હોય તે ગ્રંથમાં પણ સંશય થાય છે. અર્થાત્ આ ગ્રંથ સર્વજ્ઞ-વીતરાગ દેવના વચનને અનુસરનારો હશે ઇત્યાદિ સંશયથી ગ્રંથમાં પ્રવૃત્તિ થાય છે. એટલે સંબંધાદિનો નિર્દેશ શ્રોતાઓની પ્રવૃત્તિમાં (એકાંતે) કારણ નથી.

---

૧. કાગડાને દાંત જ ન હોવાથી તેની પરીક્ષા કોઈ કરતું નથી. તેમ અભિધેય વિના આ ગ્રંથમાં શું છે તેનું જ્ઞાન ન હોવાથી પ્રવૃત્તિ ન થાય.

૨. કાંટાવાળી ડાળના મર્દનથી કોઈ લાભ ન થતો હોવાથી સમજુ માણસ તેમાં પ્રવૃત્તિ ન કરે. તેમ પ્રયોજનના નિર્દેશ વિના ગ્રંથના અધ્યયનાદિના લાભનું જ્ઞાન ન થવાથી પ્રવૃત્તિ ન થાય.

ઉત્તર—તમારી વાત સત્ય છે, તો પણ સંબંધાદિનો નિર્દેશ નિરર્થક નથી. કારણ કે સંબંધાદિના નિર્દેશથી શિષ્ટાચારનું પાલન થાય છે. શાસ્ત્રકારો પ્રાયઃ સંબંધાદિના નિર્દેશ પૂર્વક શાસ્ત્રરચનાની પ્રવૃત્તિ કરે છે, એવું દેખાય છે. સર્વથા વચનપ્રામાણ્યનો સ્વીકાર નહિ કરનારા [1]બૌદ્ધો પણ સંબંધાદિના નિર્દેશપૂર્વક શાસ્ત્રરચનાની પ્રવૃત્તિ કરે છે. આથી સંબંધાદિ ત્રણનો નિર્દેશ શિષ્ટાચારના પાલન માટે છે.

વ્યાખ્યાનાં સંહિતા વગેરે લક્ષણોનો વિસ્તાર અન્યગ્રંથોમાંથી જાણી લેવો.

**[ संहिता च पदं चैव, पदार्थः पदविग्रहः ।**
**चालना प्रत्यवस्थानं, व्याख्या तन्त्रस्य [2]षड्विधा ॥१॥]**

[સંહિતા, પદ, પદાર્થ, પદવિગ્રહ, ચાલના અને પ્રત્યવસ્થાન એમ છ પ્રકારે સૂત્રની વ્યાખ્યા થાય છે. તેમાં પહેલાં સંહિતા બોલે. (બધા પદોને છૂટા પાડ્યા વિના ભેગા બોલવા તે સંહિતા છે.) પછી પદ=એક એક પદ છૂટું બોલે. પછી પદાર્થ=એક એક પદનો અર્થ બોલે. પછી પદવિગ્રહ=દરેક પદનો વિગ્રહ કરે. પછી ચાલના કરે, એટલે કે પૂર્વપક્ષ કે પ્રશ્ન કરે. પછી પ્રત્યવસ્થાન કરે, એટલે કે ઉત્તરપક્ષ કરે કે પ્રશ્નનો ઉત્તર આપે. અથવા ચાલના એટલે શંકા, પ્રત્યવસ્થાન એટલે શંકાનું સમાધન.]

અહીં **नमिऊण वद्धमाणं**—શ્રી વર્ધમાનસ્વામીને નમસ્કાર કરીને એ પદોથી મંગલ કરવામાં આવ્યું છે. છેલ્લા તીર્થંકર સ્વકુળની સમૃદ્ધિ કરનારા હોવાથી માતા-પિતાએ તેમનું ‘વર્ધમાન’ એવું નામ સ્થાપિત કર્યું છે. વર્ધમાનસ્વામી વર્તમાન તીર્થના અધિપતિ હોવાના કારણે પરમોપકારી હોવાથી અહીં અન્ય તીર્થંકરોને નમસ્કાર ન કરતાં વર્ધમાનસ્વામીને નમસ્કાર કર્યો છે.

**सावगधम्मं वोच्छं**—શ્રાવકધર્મને કહીશ એ પદોથી અભિધેય જણાવ્યું છે. શ્રાવક શબ્દનો અર્થ હવે પછી કહેવાશે. ધર્મ એટલે દુર્ગતિરૂપ ખાડામાં પડતા જીવસમૂહને ધારણ કરવામાં તત્પર એવો આત્મપરિણામ. તેવા આત્મપરિણામ પૂર્વક (શ્રાવકનાં) અનુષ્ઠાનો કરવા તે શ્રાવકધર્મ. ધર્મ સાધુધર્મ અને શ્રાવકધર્મ એમ બે પ્રકારે છે. તેથી શ્રાવકધર્મને અલગ કરવા માટે અહીં શ્રાવક શબ્દનો ઉલ્લેખ કર્યો છે. સાધુધર્મ અન્ય પ્રકરણથી કહેવાશે.

**समासओ**—સંક્ષેપથી એ પદથી પ્રયોજન જણાવ્યું છે. પૂર્વાચાર્યોએ શ્રાવકધર્મને

---

૧. બૌદ્ધો શબ્દને પ્રમાણ માનતા નથી. બૌદ્ધો શબ્દને કેમ પ્રમાણ માનતા નથી વગેરે ચર્ચા સર્વસાધારણ ઉપયોગી ન હોવાથી અહીં (ટિપ્પણમાં) કરી નથી. વિદ્વાનોએ ષડ્દર્શન સમુચ્ચય, રત્નાકર અવતારિકા વગેરે ગ્રંથોમાંથી તે ચર્ચા જોઈ લેવી.

૨. શ્રાવકધર્મવિધિપ્રકરણ ગ્રંથની ટીકામાં આનો શ્લોક આ પ્રમાણે છે—
समुदितपदामादौ विद्वान् वदेदिह संहितां, तदनु च पदं तस्यैवार्थं वदेदथ विग्रहम् ।
निपुणभणितिं तस्याक्षेपं तथाऽस्य च निर्णयं, बुधजनमता सूत्रव्याख्या भवेदिति षड्विधा ॥१॥

જણાવનારા ગ્રંથોની રચના કરી છે તો તમારે રચના કરવાની શી જરૂર છે આવા પ્રશ્નના ઉત્તર માટે **समासओ**–સંક્ષેપથી એમ જણાવ્યું છે. પૂર્વાચાર્યોએ વિસ્તારથી કહ્યું છે. હું મંદબુદ્ધિવાળા જીવોના અનુગ્રહ માટે સંક્ષેપથી કહીશ. આ કથનથી પ્રકરણ રચનાની સ્વપ્રવૃત્તિનું પ્રયોજન જણાવ્યું છે. કારણ કે ''પ્રયોજન વિના અજ્ઞાની પણ પ્રવૃત્તિ કરતો નથી.'' સંક્ષિપ્ત ગ્રંથનું પઠન આદિ સુખપૂર્વક થઈ શકે વગેરે કારણોથી શ્રોતાઓ વિસ્તૃત ગ્રંથને છોડીને આ ગ્રંથમાં પ્રવૃત્તિ કરે.

**भावत्थसंगयं**–ભાવાર્થથી(રહસ્યાર્થથી) યુક્ત એ પદથી પણ પ્રયોજન જણાવ્યું છે. વાચકવર્યશ્રી ઉમાસ્વાતિ મહારાજ વગેરેએ સંક્ષેપમાં સમ્યક્ત્વાદિ શ્રાવકધર્મ કહ્યો છે, તો તમારે કહેવાની શી જરૂર છે એ પ્રશ્નના ઉત્તર માટે **भावत्थसंगयं**–ભાવાર્થથી યુક્ત એ પદ છે. પૂર્વાચાર્યોએ વ્રતો, અતિચારો વગેરેના જે અર્થો બતાવ્યા છે તે ગંભીર-ગહન છે. તેમાંથી જે અર્થો મંદબુદ્ધિવાળા શિષ્યોને મુશ્કેલીથી સમજાય તેવા છે તે અર્થોનો ભાવાર્થ–તાત્પર્યાર્થ આમાં કહેવામાં આવશે. આ તાત્પર્યાર્થ અતિચાર વગેરેમાં તે તે સ્થળે અમે બતાવીશું. આથી પણ શ્રોતાઓ અન્ય (કઠિન) ગ્રંથોનો ત્યાગ કરીને આ ગ્રંથમાં પ્રવૃત્તિ કરશે.

**सुत्तणीइए**–[1]સૂત્ર એટલે ગણધરાદિથી રચાયેલ આગમ. તેની નીતિથી કહીશ, અર્થાત્ ગણધરાદિથી રચિત સૂત્રોના અનુસારે કહીશ. જો મારા વડે સ્વતંત્રપણે કહેવાય તો આ ગ્રંથ કદાચ સર્વજ્ઞવચનના આધારે કહેવાયું ન હોય એવી આશંકાથી આ ગ્રંથમાં લોક પ્રવૃત્તિ ન કરે. આથી ''ગણધરાદિ રચિત સૂત્રોના આધારે કહીશ.'' એમ કહ્યું છે. આ અર્થ આ ગ્રંથમાં શ્રોતાની પ્રવૃત્તિ થાય એ માટે નમસ્કાર કરવા વડે સામાન્યથી કહ્યો હોવા છતાં ફરી વિશેષથી કહ્યો છે. આથી અહીં પુનરુક્તિ દોષ નથી.

આ પ્રમાણે આ ગાથાના આદિ પાદથી (**नमिऊण वद्धमाणं** એ પાદથી) મંગલ કહ્યું છે. બાકીના પાદોથી મુખ્યવૃત્તિથી વિશેષણ સહિત અભિધેય કહ્યું છે. મુખ્યવૃત્તિથી અભિધેય કહેવામાં ગૌણવૃત્તિથી પ્રયોજન અને સંબંધ કહ્યો છે. તે આ પ્રમાણે–આ ગ્રંથરચનાનું પ્રયોજન અનંતર અને પરંપર એમ બે પ્રકારે છે. એ બંને પ્રકારના પ્રયોજનના કર્તા અને શ્રોતાની અપેક્ષાએ બે બે પ્રકાર છે.

(૧) કર્તાનું અનંતર પ્રયોજન શિષ્યોને સંક્ષેપથી શ્રાવકધર્મનો બોધ કરાવવો એ છે.

(૨) કર્તાનું પરંપર પ્રયોજન પરોપકાર દ્વારા કર્મક્ષયથી મોક્ષ થાય એ છે.

(૩) શ્રોતાનું અનંતર પ્રયોજન આ પ્રકરણ સંક્ષેપમાં હોવાથી સરળતાથી શ્રાવકધર્મનો બોધ થવો એ છે.

---

૧. સૂત્રનું લક્ષણ આ પ્રમાણે છે–

सुत्तं गणहरकहियं, तहेव पत्तेयबुद्धकहियं च । सुयकेवलिणा कहियं, अभिन्नदसपूव्वकहियं च ॥१॥

(૪) શ્રોતાનું પરંપરપ્રયોજન (ચારિત્ર આદિથી) મોક્ષ થાય એ જ છે.

આ પ્રયોજન અભિધેયના કહેવાથી સામર્થ્યથી(=ગર્ભિત રીતે) કહી દીધું છે. કારણ કે સાધુપુરુષો (ધર્મ-મોક્ષ) પુરુષાર્થમાં જે અનુપયોગી હોય તે કહે નહિ, કહે તો તેમના સાધુપણામાં ખામી આવે.

### સંબંધ

**પ્રશ્ન–** શ્રોતાઓની પ્રવૃત્તિ માટે સંબંધ વગેરે જરૂરી છે તો મૂળ ગાથામાં સંબંધ કેમ જણાવ્યો નથી ?

**ઉત્તર–** મૂળગાથામાં પ્રયોજન જણાવ્યું છે. પ્રયોજન જણાવવા દ્વારા ગર્ભિત રીતે સાધ્ય-સાધન ભાવરૂપ સંબંધ પણ જણાવ્યો છે. તે આ પ્રમાણે– આ ગ્રંથ સાધન છે. કારણ કે બીજા કોઈ ઉપાયથી સંક્ષેપથી શ્રાવકધર્મનો બોધ વગેરે ન કરી શકાય. આથી જ આ ગ્રંથ સંક્ષેપથી શ્રાવકધર્મનો બોધ કરવાનું સાધન છે. માટે જ સંક્ષેપથી શ્રાવકધર્મનો બોધ સાધ્ય છે. સાધ્ય-સાધન ભાવરૂપ આ સંબંધ મૂળગાથામાં સાક્ષાત્ ન કહ્યો હોવા છતાં પ્રયોજનના નિર્દેશથી ગર્ભિત રીતે કહેવાઈ જ ગયો છે. કહ્યું છે કે–

**"આનું આ પ્રયોજન છે એમ કહેવાથી સંબંધ કહેવાઈ જ ગયો છે. આથી પ્રયોજનના નિર્દેશથી અલગ સંબંધનો નિર્દેશ નહિ કરવો જોઈએ. અર્થાત્ પ્રયોજનના નિર્દેશમાં સંબંધનો નિર્દેશ આવી જતો હોવાથી સંબંધનો જુદો નિર્દેશ કરવાની જરૂર નથી. (૧)**

**परलोयहियं सम्मं, जो जिणवयणं सुणेइ उवउत्तो ।**
**अइतिव्वकम्मविगमा, सुक्कोसो सावगो एत्थ ॥२॥**

**શ્રાવકધર્મને કહીશ એમ કહ્યું, તેમાં શ્રાવકશબ્દના અર્થને જણાવે છે–**

**ગાથાર્થ–**પરલોક માટે હિતકર જિનવચનને અતિતીવ્ર કર્મનો નાશ થવાથી દંભરહિત ઉપયોગપૂર્વક જે સાંભળે છે તે અહીં ઉત્કૃષ્ટ શ્રાવક છે.

**ટીકાર્થ–**અહીં 'जो=જે' પદથી એ જણાવ્યું છે કે ઉક્ત રીતે જે કોઈ જિનવચનને સાંભળે તે શ્રાવક છે. જેમ બ્રાહ્મણકુળમાં જ ઉત્પન્ન થયેલો બ્રાહ્મણ કહેવાય છે, તેમ અમુક કુળમાં જ ઉત્પન્ન થયેલો શ્રાવક કહેવાય છે એવું નથી. કારણ કે શ્રાવકપણાનું કારણ કુળ નથી, કિંતુ વિશિષ્ટ ક્રિયા(અહીં જણાવ્યા મુજબ જિનવચનશ્રવણની ક્રિયા) છે. આથી ઉક્ત રીતે જે કોઈ જિનવચનશ્રવણની ક્રિયા કરે તે શ્રાવક બની શકે છે.

અહીં જો જે સાંભળે તે શ્રાવક એમ કહેવામાં આવે તો સાંભળવાની શક્તિવાળો જે કોઈ હોય તે શ્રાવક કહેવાય. પણ અહીં વિશિષ્ટ શ્રાવક ઈષ્ટ છે. માટે અહીં કહ્યું કે જે જિનવચનને સાંભળે તે શ્રાવક. જિનવચન એટલે આપ્તનું આગમ, નહિ કે ગમે તે વચન. આપ્ત સિવાય બીજાનાં વચનો પ્રામાણિક ન હોવાથી તેનાથી ધર્મ-મોક્ષરૂપ કાર્ય સિદ્ધ ન થતું

હોવાથી સાંભળવા યોગ્ય નથી.

**પરલોકહિતકર**—પરલોક એટલે અન્ય જન્મ, અથવા શ્રેષ્ઠ જન્મ. તેના માટે જે હિતકર હોય તે પરલોકહિતકર. જિનવચન પ્રમાણે આરાધના કરવાથી પરલોક શુભ જ થાય છે. આથી જિનવચનનું પરલોકહિતકર એ વિશેષણ માત્ર સ્વરૂપને જણાવવા માટે જ છે, કોઈનું વ્યવચ્છેદ કરવા માટે નથી. કારણ કે પરલોક માટે અહિતકર હોય તેવું જિનવચન હોતું જ નથી માટે વ્યવચ્છેદ્ય છે જ નહિ. જો વચન પરલોક માટે અહિતકર પણ હોય તો તેનો વ્યવચ્છેદ થાય. પણ જિનવચન પરલોક માટે અહિતકર હોતું જ નથી.

અથવા નિમિત્તશાસ્ત્ર અને જ્યોતિષપ્રાભૃત વગેરે જે જિનવચન આ લોક માટે હિતકર છે તે જિનવચનના વ્યવચ્છેદ માટે 'પરલોકહિતકર' એવું વિશેષણ છે. જોકે જ્યોતિષપ્રાભૃત વગેરે અભિપ્રાયવિશેષથી(=પરંપરાએ પરલોકહિતકર બને છે એ અભિપ્રાય વિશેષથી) પરલોકહિતકર છે, તો પણ મુખ્યવૃત્તિથી આ લોક માટે જ હિતકર છે.

**પ્રશ્ન**—અભિપ્રાયવિશેષથી પણ જે પરલોક માટે હિતકર છે તે પરલોક માટે હિતકર જ છે. તો બધાંય કુશાસનો પરલોકહિતકર થાઓ. એક જિનવચન જ પરલોકહિતકર છે એમ કેમ કહેવાય છે ? નિમિત્તશાસ્ત્ર વગેરે બધાંય જિનવચનો પરલોકહિતકર તરીકે ઇષ્ટ છે. કહ્યું છે કે—**"જે અને જેટલા સંસારના હેતુઓ છે તે અને તેટલા જ મોક્ષના હેતુઓ છે. સંસાર અને મોક્ષ એ બંનેના હેતુઓથી અસંખ્યલોક સમાનરૂપે ભરેલા છે, અર્થાત્ સંસાર અને મોક્ષ એ બંનેના હેતુઓ સમાનપણે અસંખ્ય છે."** (ઓઘનિર્યુક્તિ ગાથા-૫૪)

**ઉત્તર**—પરલોકહિતકર એ વિશેષણથી સાધુ-શ્રાવકોનાં અનુષ્ઠાનોને જણાવનાર જે જિનવચન સાક્ષાત્ પરલોકહિતકર છે તે જિનવચનને સાંભળનાર શ્રાવક થાય છે એમ કહ્યું છે. આથી જ પૂજ્યોએ અન્યસ્થળે(=શ્રી ઉમાસ્વાતિ મહારાજાએ શ્રાવકપ્રજ્ઞપ્તિ ગ્રંથમાં) કહ્યું છે કે—

**"સમ્યગ્દર્શનાદિને પામેલો જે પ્રતિદિન સાધુઓની પાસે પરમ સામાચારીને-(=સાધુ-શ્રાવકના આચારોને) અવશ્ય સાંભળે છે તેને જ તીર્થંકરો અને ગણધરો શ્રાવક કહે છે."**

(અહીં આદિપદથી વ્રતો સમજવાં)

કેવી રીતે સાંભળે ? **सम्मं**-સમ્યક્ એટલે કે અશઠપણે સાંભળે. શત્રુતાદિ ભાવથી સાંભળે તો સાંભળવા છતાં (ગોવિંદાચાર્યની જેમ) શ્રાવક ન થાય. અથવા કપિલ આદિનું વચન પણ પરલોકહિતકર છે. નહિ તો "ચરકસાધુઓ અને પરિવ્રાજકો બ્રહ્મલોક સુધી ઉત્પન્ન થાય છે." એમ કેમ કહેવાય ? આથી "અન્યવચનનો ત્યાગ કરીને જિનવચનને જ સાંભળે તે શ્રાવક કહેવાય."

કેવી રીતે જિનવચનને જ સાંભળતો શ્રાવક થાય એવી આશંકાને દૂર કરવા અહીં કહ્યું કે સમ્યક્ સાંભળે. સમ્યક્ એટલે અત્યંત પરલોકહિતકર. જેવી રીતે જિનવચન સાક્ષાત્ કે પરંપરાએ મોક્ષનું કારણ હોવાથી સમ્યક્ પરલોકહિતકર છે, તેવી રીતે કપિલ આદિનું વચન પરલોકહિતકર નથી.

**उवउत्तो**—જિનવચન ઉપયોગપૂર્વક સાંભળે. ઉપયોગ વિનાનું શ્રવણ લાભકારી થતું નથી. આથી જ ઉપયોગરહિત શ્રવણનો નિષેધ કરવા માટે કહ્યું છે કે—

**"નિદ્રા અને વિકથાનો ત્યાગ કરી, (ગુત્તેહિં=) જિનવચન શ્રવણ સિવાયની ક્રિયાઓનો ત્યાગ કરી, અંજલિ જોડી, જિનવચનશ્રવણમાં એકાગ્ર બની, ગુરુપ્રત્યે ભક્તિ-[1]બહુમાન પૂર્વક જિનવચનનું શ્રવણ કરવું જોઈએ."**

**અતિતીવ્રકર્મનો નાશ થવાથી**—અતિતીવ્રકર્મનો નાશ થયા વિના દંભરહિત અને ઉપયોગપૂર્વક જિનવચન ન સાંભળી શકાય. માટે અહીં "અતિતીવ્રકર્મનો નાશ થવાથી" એમ કહ્યું છે. જોકે અભવ્ય પણ કોઈક અવસ્થામાં વ્યવહારથી દંભરહિત અને ઉપયોગપૂર્વક જિનવચન સાંભળે છે, પણ તેના અતિતીવ્રકર્મનો નાશ થયો નથી. તીવ્રકર્મનો નાશ થયા વિના ઉક્ત રીતે શ્રવણ ન થાય.

અથવા બીજા પક્ષમાં ઉક્તરીતે સાંભળનાર પણ જો તેના અતિતીવ્રકર્મનો નાશ થાય ત્યારે જ તેનું વિવક્ષિત(=ભાવ)શ્રાવકપણું થાય, કહ્યું છે કે—**"આયુષ્ય સિવાય સાતે કર્મોની ઉત્કૃષ્ટસ્થિતિને ઘટાડીને એક અંતઃકોડાકોડિ સાગરોપમ(=પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી ન્યૂન એક કોડાકોડિ સાગરોપમ) પ્રમાણ સ્થિતિ કરે ત્યારે જ શ્રુતસામાયિક આદિ ચાર સામાયિકમાંથી કોઈ એક સામાયિકને પામે છે."** (આવશ્યક સૂત્ર ગાથા-૧૦૬)

**सुक्कोसो**—તે ઉત્કૃષ્ટ શ્રાવક છે. અહીં ઉત્કૃષ્ટ એટલે મુખ્ય. કારણ કે તેવો શ્રાવક મુખ્ય શ્રાવક તરીકે વ્યવહાર કરવાને યોગ્ય છે. અથવા **सुक्को सो** એમ વિભાગ કરીને તે શુક્લ શ્રાવક છે. શુક્લ એટલે શુક્લપાક્ષિક, અર્થાત્ જેનો સંસાર અર્ધપુદ્ગલ પરાવર્તથી પણ ન્યૂન થઈ ગયો છે તેવો છે.

**एत्थ**—અહીં. અહીં એટલે શ્રાવકધર્મની વિચારણા કરવાના અવસરે. બીજા સ્થળે તો વિશેષણથી(=તે તે વિશેષતાથી) કે શ્રવણથી શ્રાવક [2]નામાદિભેદથી ભિન્ન ભિન્ન છે. (૨)

**तत्तत्थसद्दहाणं, सम्मत्तमसग्गहो ण एयम्मि ।**
**मिच्छत्तखओवसमा सुस्सूसाई उ होंति दढं ॥३॥**

---

૧. भक्तिर्बाह्यविनयरूपा, बहुमानो भावप्रतिबन्धः । (પંચવસ્તુક ગા. ૧૫ની ટીકા)

૨. શ્રાદ્ધવિધિ ગ્રંથમાં નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ એમ ચાર ભેદો, દર્શનશ્રાવક, વ્રતશ્રાવક, અને ઉત્તરગુણ શ્રાવક એમ ત્રણ ભેદો, માતા-પિતા સમાન, બંધુસમાન, મિત્રસમાન અને શોક્યસમાન એમ ચાર ભેદો, દર્પણસમાન, ધજાસમાન, ખીલાસમાન અને અશુચિસમાન એમ ચારભેદો, જણાવ્યા છે.

**સમ્યક્ત્વાદિ શ્રાવકધર્મને કહીશ એમ કહ્યું, તેમાં સમ્યક્ત્વને સ્વરૂપથી અને ફળથી જણાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–જિનોક્ત જીવાદિ પદાર્થોની ભાવથી **'આ આ પ્રમાણે જ છે'** એવી શ્રદ્ધા તે સમ્યક્ત્વ છે. સમ્યક્ત્વ હોય ત્યારે મિથ્યાત્વનો ક્ષયોપશમ હોવાથી અસદ્ગ્રહ=મિથ્યા આગ્રહ હોતો નથી. શુશ્રૂષા વગેરે ગુણો વિશેષરૂપે હોય છે.

**ટીકાર્થ–સમ્યક્ત્વ**–સમ્યક્ શબ્દ પ્રશંસા અર્થમાં નિપાત છે. અથવા જે સારું કરે તે સમ્યક્, સમ્યક્નો ભાવ તે સમ્યક્ત્વ.

**પ્રશ્ન**–આવી શ્રદ્ધા નિહ્નવોને પણ હોય છે. તેથી તેમને પણ સમ્યક્ત્વ હોય.

**ઉત્તર**–નિહ્નવોને અસદ્ગ્રહ હોય છે માટે તેમને સમ્યક્ત્વ ન હોય.

**ક્ષયોપશમ**–ક્ષયની સાથે ઉપશમ તે ક્ષયોપશમ. મિથ્યાત્વમોહનીયકર્મના દલિકોના ક્ષયની સાથે ઉપશમ તે ક્ષયોપશમ. ઉપશમ એટલે મિથ્યાત્વમોહનીયકર્મના ઉદયને અટકાવવો. (સમ્યક્ત્વ પામ્યા પહેલાં મિથ્યાત્વમોહનીયકર્મના જે અણુઓ ઉદયમાં આવ્યા હતા તેનો ભોગવીને ક્ષય કરી નાખ્યો છે. આથી ક્ષય છે. સત્તામાં પડેલું મિથ્યાત્વ ઉદયમાં નથી આવ્યું તેથી ઉપશમ છે. આમ ક્ષયની સાથે ઉપશમ હોવાથી ક્ષયોપશમ છે.)

મિથ્યાત્વનો ક્ષયોપશમ હોવાથી એ સ્થળે ક્ષયોપશમના ઉપલક્ષણથી ક્ષય અને ઉપશમભાવ પણ સમજવો.

અસદ્ આગ્રહનું કારણ મિથ્યાત્વ છે. સમ્યક્ત્વ હોય ત્યારે મિથ્યાત્વકર્મનો ઉદય ન હોય. એથી સમ્યક્ત્વની વિદ્યમાનતામાં અસદ્ગ્રહ ન હોય.

અસદ્ આગ્રહ ન હોય એ સમ્યક્ત્વનું ફળ છે. અને શુશ્રૂષા વગેરે ગુણો વિશેષરૂપે હોય એ પણ સમ્યક્ત્વનું ફળ છે.

**પ્રશ્ન**–શુશ્રૂષાદિ ગુણો મિથ્યાત્વદશામાં હોય કે નહિ ?

**ઉત્તર**–હોય, પણ સામાન્યરૂપે હોય. જ્યારે સમ્યક્ત્વ અવસ્થામાં વિશેષરૂપે હોય છે. આથી જ અહીં "दढं=વિશેષ રૂપે" એમ કહ્યું છે.

**પ્રશ્ન**–અમુક જીવમાં સમ્યક્ત્વ છે કે નહિ તેનો નિર્ણય શી રીતે કરી શકાય ?

**ઉત્તર**–વિશેષરૂપે રહેલા શુશ્રૂષાદિ વગેરે ગુણોથી સમ્યક્ત્વનો નિર્ણય કરી શકાય. જે જીવમાં શુશ્રૂષા વગેરે ગુણો વિશેષરૂપે દેખાય તે જીવમાં અવશ્ય સમ્યક્ત્વ હોય છે. સમ્યગ્દષ્ટિ જીવોમાં શુશ્રૂષા વગેરે ગુણો વિશેષરૂપે હોય છે તે અમે આગળ બતાવીશું.

**પ્રશ્ન**–જિનોક્ત પદાર્થોની શ્રદ્ધા સમ્યક્ત્વ છે. શ્રદ્ધા એટલે આ આમ જ છે એવી રુચિ. રુચિ માનસિક અભિલાષ(=ઇચ્છા) છે. અપર્યાપ્ત અવસ્થામાં તથા સિદ્ધોમાં મન ન હોવાના કારણે કોઈ જાતનો માનસિક અભિલાષ ન હોવાથી સમ્યક્ત્વ

કેવી રીતે હોઈ શકે ? જ્યારે આગમમાં અપર્યાપ્ત અવસ્થામાં અને સિદ્ધોમાં પણ સમ્યક્ત્વ હોય એમ કહ્યું છે. કારણ કે શાસ્ત્રોમાં સંસારી જીવોમાં સમ્યક્ત્વનો ઉત્કૃષ્ટકાળ (સાધિક) ૬૬ સાગરોપમ કહ્યો છે. એક ભવમાં આટલો કાળ ન ઘટી શકે. એકથી વધારે ભવમાં આટલો કાળ ઘટે. જીવ સમ્યક્ત્વ સહિત બીજા ભવમાં જાય ત્યારે પ્રારંભમાં અંતર્મુહૂર્ત સુધી અપર્યાપ્ત જ હોય છે. આમ અપર્યાપ્ત અવસ્થામાં સમ્યક્ત્વ હોય તો જ સમ્યક્ત્વનો ઉક્ત કાળ ઘટી શકે છે. તથા સિદ્ધોમાં સમ્યક્ત્વનો સાદિ-અનંત કાળ કહ્યો છે. આથી જિનોક્ત તત્ત્વોની શ્રદ્ધાને સમ્યક્ત્વ કહેવામાં આગમનો વિરોધ આવે છે.

**ઉત્તર**—આમાં આગમવિરોધ નથી. તે આ પ્રમાણે—તત્ત્વાર્થશ્રદ્ધા સમ્યક્ત્વનું કાર્ય છે. મિથ્યાત્વના ક્ષયોપશમાદિથી થતો રુચિરૂપ આત્મપરિણામ સમ્યક્ત્વ છે. કહ્યું છે કે—से य सम्मत्ते पसत्थसम्मत्तमोहणीयकम्माणुवेयणोवसमखयसमुत्थे पसमसंवेगाइलिंगे सुहे आय-परिणामे पन्नत्ते **"વિશુદ્ધ સમ્યક્ત્વમોહનીય કર્મના ઉદયથી, ઉપશમથી કે ક્ષયથી પ્રગટેલા અને શમ-સંવેગ આદિ લિંગોથી જણાતા શુભ આત્મપરિણામને સમ્યક્ત્વ કહ્યું છે."**

આ રીતે સમ્યક્ત્વ આત્મપરિણામ રૂપ હોવાથી મનરહિત સિદ્ધોમાં અને અપર્યાપ્ત અવસ્થામાં હોઈ શકે છે.

**પ્રશ્ન**—મિથ્યાત્વના ક્ષયોપશમાદિથી થતો રુચિરૂપ આત્મપરિણામ સમ્યક્ત્વ છે તો અહીં તત્ત્વાર્થની શ્રદ્ધાને સમ્યક્ત્વ કેમ કહેવામાં આવ્યું છે ?

**ઉત્તર**—અહીં કાર્યમાં કારણનો ઉપચાર કરીને તત્ત્વાર્થશ્રદ્ધાને સમ્યક્ત્વ કહેવામાં આવ્યું છે. સમ્યક્ત્વ એટલે કે રુચિરૂપ આત્મપરિણામ હોય ત્યારે જ તત્ત્વાર્થશ્રદ્ધા હોય. એટલે તત્ત્વાર્થશ્રદ્ધા હોય ત્યારે સમ્યક્ત્વ એટલે કે મિથ્યાત્વના ક્ષયોપશમાદિથી થતો રુચિરૂપ આત્મપરિણામ અવશ્ય હોય છે. આથી જેનામાં તત્ત્વાર્થશ્રદ્ધા હોય તેનામાં અવશ્ય સમ્યક્ત્વ હોય એ બતાવવા અહીં ''કાર્યમાં કારણનો ઉપચાર'' કરીને તત્ત્વાર્થશ્રદ્ધાને સમ્યક્ત્વ કહેવામાં આવેલ છે.

**પ્રશ્ન**—અસદ્ગ્રહ મિથ્યાત્વના ઉદયથી થતો હોવાથી અને સમ્યક્ત્વ હોય ત્યારે મિથ્યાત્વનો ઉદય ન હોવાથી સમ્યક્ત્વ હોય ત્યારે અસદ્ગ્રહ ન હોય એ યુક્ત છે, પણ શુશ્રૂષા વગેરે ગુણો જ્ઞાન અને ચારિત્રના અંશરૂપ હોવાથી જ્ઞાનાવરણીય, ચારિત્રમોહ, અને વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમથી થતા હોવાથી માત્ર સમ્યક્ત્વની વિદ્યમાનતામાં કેવી રીતે હોઈ શકે ?

**ઉત્તર**—સમ્યક્ત્વનું કારણ મિથ્યાત્વનો ક્ષયોપશમ છે. જ્યારે મિથ્યાત્વનો ક્ષયોપશમ થાય છે ત્યારે તેની સાથે જ્ઞાનાવરણ અને અનંતાનુબંધી કષાયરૂપ ચારિત્રમોહ આદિ કર્મોનો ક્ષયોપશમ પણ અવશ્ય થાય છે. એ ક્ષયોપશમથી શુશ્રૂષાદિ ગુણો પ્રગટે છે.

આથી સમ્યક્ત્વ હોય ત્યારે શુશ્રૂષાદિ ગુણો પણ અવશ્ય હોય એમ કહેવામાં વાંધો નથી. જેમ કેવળજ્ઞાન કેવળજ્ઞાનાવરણના ક્ષયથી થતું હોવા છતાં કષાયનો ક્ષય થતાં અવશ્ય જ્ઞાનાવરણનો ક્ષય થતો હોવાથી કષાયક્ષય થતાં કેવળજ્ઞાન થાય છે એમ કહેવાય છે. કહ્યું છે કે—केवलियनाणलंभो नन्नत्थ खए [१]कसायाणं ''કષાયક્ષય વિના કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી.'' તેમ શુશ્રૂષાદિ ગુણો જ્ઞાનાવરણીય આદિ કર્મોના ક્ષયોપશમથી થતા હોવા છતાં સમ્યક્ત્વ પ્રગટે ત્યારે અવશ્ય જ્ઞાનાવરણીય આદિ કર્મનો ક્ષયોપશમ થતો હોવાથી સમ્યક્ત્વ હોય ત્યારે શુશ્રૂષાદિગુણો હોય છે એમ કહી શકાય. અથવા જેમ સમ્યક્ત્વ મિથ્યાત્વના ક્ષયોપશમથી થતું હોવાથી ''મિથ્યાત્વનો ઉદય હોય ત્યારે સમ્યક્ત્વ ન હોય'' એમ કહેવું જોઈએ, એના બદલે મિથ્યાત્વનો ઉદય હોય ત્યારે અનંતાનુબંધી કષાયોનો ઉદય અવશ્ય હોવાથી ''અનંતાનુબંધી કષાયોરૂપ ચારિત્રમોહનો ઉદય હોય ત્યારે સમ્યક્ત્વ ન હોય.'' એમ કહેવાય છે. (વિશેષાવશ્યક ગા. ૧૨૨૬માં) કહ્યું છે કે—

**''પ્રથમ પ્રકારના સંયોજન(=અનંતાનુબંધી) કષાયનો ઉદય હોય ત્યારે તે જ ભવમાં મોક્ષે જનારા પણ જીવો અવશ્ય સમ્યગ્દર્શન પામતા નથી.''**

તેમ સમ્યક્ત્વ હોય ત્યારે શુશ્રૂષાદિગુણો હોય છે એમ કહી શકાય.

**પ્રશ્ન**—અહીં સમ્યક્ત્વ હોય ત્યારે શુશ્રૂષાદિગુણો હોય છે એમ કહ્યું છે. તે ગુણોમાં દેવ-ગુરુની વેયાવચ્ચના નિયમનો પણ સમાવેશ છે. હવે પ્રશ્ન થાય છે કે વેયાવચ્ચનો નિયમ તપનો ભેદ હોવાથી ચારિત્રના અંશરૂપ છે. ચારિત્રનો અંશ પાંચમા ગુણસ્થાને હોય છે. સમ્યક્ત્વની હાજરીમાં આ ગુણ અવશ્ય હોવાથી સમ્યક્ત્વવાળા બધા જ જીવોને પાંચમું ગુણસ્થાન આવશે, એથી ચોથું ગુણસ્થાન જ નહિ રહે. અર્થાત્ કેવળ સમ્યક્ત્વવાળો જીવ પણ દેશવિરત કહેવાશે.

**ઉત્તર**—વેયાવચ્ચનિયમરૂપ ચારિત્ર અતિઅલ્પ પ્રમાણમાં હોવાથી અહીં તેની ચારિત્રરૂપે વિવક્ષા કરી નથી. જેમ સંમૂર્છિમ(=અસંજ્ઞી) જીવોમાં સંજ્ઞા હોવા છતાં અતિશય અલ્પપ્રમાણમાં હોવાથી તે અસંજ્ઞી જ કહેવાય છે. વિશેષ સંજ્ઞા હોય તેવા જ જીવોને સંજ્ઞી કહેવાય છે. તે જ રીતે અહીં જેને મહાવ્રત કે અણુવ્રત આદિ વિશેષ ચારિત્ર હોય તેને જ વિરત કહેવાય છે. વ્યવહારમાં આપણે જોઈએ છીએ કે જેની પાસે માત્ર એક રૂપિયો હોય તે ધનવાન કહેવાતો નથી. જેની પાસે એક જ ગાય હોય તે ગાયવાળો કહેવાતો નથી. તેમ વેયાવચ્ચના નિયમરૂપ ચારિત્રવાળો ચારિત્રી ન કહેવાય.

**પ્રશ્ન**—અહીં સમ્યક્ત્વ હોય ત્યારે શુશ્રૂષા વગેરે ગુણો અવશ્ય હોય એમ કહ્યું છે. પણ તે યુક્ત નથી. કારણ કે ઉપશાંતમોહ વગેરે જીવો કૃતકૃત્ય હોવાથી તેમનામાં સમ્યક્ત્વ હોવા છતાં શુશ્રૂષા વગેરે ગુણો હોતા નથી. કારણ કે તે મહાત્માઓનું

१. विशेषावश्यक-गाथा-११८०. आवश्यकनिर्युक्ति गाथा-१०४

અંતઃકરણ તરંગોથી રહિત મહાન સમુદ્રની જેમ સર્વ વિકલ્પોથી(=વિચારણા, ચિંતા, ઈચ્છા વગેરે માનસિક વિકલ્પોથી) રહિત હોય છે. જ્યારે શુશ્રૂષાદિગુણો વિકલ્પરૂપ છે.

**ઉત્તર**–ઉપશાંતમોહ આદિ જીવોમાં સાક્ષાત્ શુશ્રૂષાદિ ગુણો હોતા નથી, કારણ કે તેઓ કૃતકૃત્ય બની ગયા છે, પણ ફળરૂપે હોય છે. અર્થાત્ શુશ્રૂષાદિનું ફળ મોહની શાંતિ વગેરે છે, તે ફળ તેઓમાં છે. આથી ફળરૂપે શુશ્રૂષાદિ ગુણો તેમનામાં રહેલા છે. આ પ્રશ્નનું બીજી રીતે સમાધાન આ પ્રમાણે છે–અહીં શ્રાવકધર્મનો અધિકાર છે. આથી શ્રાવક અવસ્થામાં રહેલા જીવોને સમ્યક્ત્વ હોય ત્યારે પ્રગટતા શુશ્રૂષાદિ ગુણો વિવક્ષિત છે. આથી ઉપર્યુક્ત દોષ નહિ આવે. (૩)

**सुस्सूस धम्मराओ, गुरुदेवाणं जहासमाहीए ।**
**वेयावच्चे णियमो, वयपडिवत्तीए ( इ ) भयणा उ ॥४॥**

**શુશ્રૂષાદિ ગુણો હોય છે એમ કહ્યું, હવે તે ગુણોને જ કહે છે–**

**ગાથાર્થ**–સમ્યક્ત્વ હોય ત્યારે શુશ્રૂષા(=ધર્મશાસ્ત્રશ્રવણની ઈચ્છા), ધર્મરાગ (=ચારિત્રધર્મ ઉપર રાગ) તથા ગુરુ અને દેવની વેયાવચ્ચનો યથાસમાધિ નિયમ એ ત્રણ ગુણો હોય છે, પણ અણુવ્રત વગેરે વ્રતોનો સ્વીકાર હોય કે ન [૧]પણ હોય.

**ટીકાર્થ–શુશ્રૂષા**–શુશ્રૂષા એટલે સાંભળવાની ઈચ્છા, અર્થાત્ સદ્બોધનું અવંધ્ય-(=નિષ્ફળ ન જાય તેવું) કારણ બને તેવી ધર્મશાસ્ત્રોના શ્રવણની ઈચ્છા. ચાતુર્યાદિગુણોથી યુક્ત યુવાનમનુષ્યને દિવ્યસંગીત સાંભળવાની જેવી ઈચ્છા હોય તેનાથી પણ અધિક શુશ્રૂષા સમ્યક્દષ્ટિને હોય છે. કહ્યું છે કે–

**"યુવાન, ચતુર, પ્રિયાયુક્ત અને અતિશયકામી પુરુષ જેવા રાગથી દિવ્ય સંગીત સાંભળે તેનાથી પણ અધિક રાગ સમ્યગ્દષ્ટિને ધર્મશ્રવણમાં [૨]હોય."**

**ધર્મરાગ**–ધર્મ શ્રુત અને ચારિત્ર એમ બે પ્રકારે છે. તેમાં શ્રુતધર્મનો રાગ 'શુશ્રૂષા' પદથી જ કહી દીધો હોવાથી અહીં ચારિત્રધર્મનો રાગ અભિપ્રેત છે.

કર્મના દોષથી ચારિત્રનો સ્વીકાર ન કરી શકવા છતાં, જંગલમાં ભટકીને થાકી ગયેલા અને અતિશય ભૂખ્યા બનેલા દરિદ્ર બ્રાહ્મણને ઘેબર જમવામાં જેવો રાગ-ઈચ્છા હોય, તેનાથી પણ અતિશય વિશેષ રાગ-ઈચ્છા સમ્યગ્દષ્ટિને ચારિત્રધર્મમાં હોય.

**ગુરુ અને દેવની વૈયાવૃત્ત્યનો યથાસમાધિ નિયમ**–ગુરુ એટલે ધર્મનો ઉપદેશ આપનારા આચાર્ય વગેરે. દેવ એટલે અતિશય આરાધ્ય અરિહંતો.

---

૧. શ્રાવકધર્મવિધિ પ્રકરણ-ગાથા-૬૯.
૨. ષોડશક ૧૧-૩, યોગબિંદુ ગાથા-૨૫૩ થી ૨૬૨.

**પ્રશ્ન**—ગુરુથી દેવ મહાન છે. આથી મૂળગાથામાં "देवगुरूणं=દેવ-ગુરુની" એમ દેવશબ્દ ગુરુશબ્દની પહેલા લખવો જોઈએ, એના બદલે "गुरुदेवाणं=ગુરુ અને દેવ" એમ ગુરુશબ્દ પહેલાં લખ્યો અને દેવશબ્દ પછી લખ્યો તેનું શું કારણ ?

**ઉત્તર**—અપેક્ષાએ દેવથી ગુરુ અધિક પૂજ્ય છે. કારણ કે સુગુરુના ઉપદેશ વિના સર્વજ્ઞ દેવનું જ્ઞાન થતું નથી. આથી અહીં દેવશબ્દની પહેલાં ગુરુશબ્દ લખ્યો છે. વ્યાવૃત્તનો ભાવ કે ક્રિયા તે વૈયાવૃત્ત્ય. વૈયાવૃત્ત્ય(=વેયાવચ્ચ) એટલે દેવ-ગુરુની ભક્તિ, વિશ્રામણા, પૂજા વગેરે.

**યથા સમાધિ** એટલે જે રીતે સમાધિ(=માનસિક સ્વસ્થતા) રહે તે રીતે. નિયમ એટલે ગુરુ-દેવની વેયાવચ્ચ મારે અવશ્ય કરવી એવો સ્વીકાર કરવો.

અહીં जहासमाहीए પદમાં અવ્યયીભાવ સમાસ હોવા છતાં પ્રાકૃત ભાષા હોવાથી તૃતીયાવિભક્તિનો લોપ થયો નથી. અથવા जहा समाहीए એ પ્રમાણે સમાસરહિત બે પદ હોવાથી તૃતીયાવિભક્તિનો લોપ થયો નથી.

અહીં શુશ્રૂષાદિ ત્રણમાં યથોત્તર કારણ-કાર્યભાવ છે. અર્થાત્ શુશ્રૂષાનું કાર્ય ધર્મરાગ છે. ધર્મરાગનું કાર્ય ગુરુ-દેવની વેયાવચ્ચનો નિયમ છે. આથી જેમ જેમ શુશ્રૂષા વધે તેમ તેમ ધર્મરાગ વધે. જેમ જેમ ધર્મરાગ વધે તેમ તેમ ગુરુ-દેવની વેયાવચ્ચના નિયમમાં વૃદ્ધિ થાય.

હવે સમ્યક્ત્વની વિદ્યમાનતામાં જેવી રીતે શુશ્રૂષા વગેરે હોય છે તેવી રીતે શું વ્રતો પણ હોય છે ? તેવી આશંકા કરીને કહે છે કે—સમ્યક્ત્વ હોય ત્યારે વ્રતો ક્યારેક હોય, અને ક્યારેક ન હોય એમ ભજના=વિકલ્પ છે. (૪)

**जं सा अहिगयराओ, कम्मखओवसमओ ण य तओवि ।**
**होइ परिणामभेया, लहुंति तम्हा इहं भयणा ॥५॥**

**ભજનાનું કારણ કહે છે**—

**ગાથાર્થ**—કારણ કે સમ્યક્ત્વની પ્રાપ્તિમાં જેટલો કર્મક્ષયોપશમ જોઈએ તેના કરતાં અધિક કર્મક્ષયોપશમથી વ્રતસ્વીકાર થાય. તે ક્ષયોપશમ પરિણામભેદના કારણે જલદી થતો નથી.

**ટીકાર્થ**—સમ્યક્ત્વ હોય ત્યારે અણુવ્રત વગેરેના સ્વીકારમાં ભજના છે. કારણ કે સમ્યક્ત્વની પ્રાપ્તિ માત્ર દર્શનમોહનીયના ક્ષયોપશમથી થાય, જ્યારે અણુવ્રત વગેરેની પ્રાપ્તિ ચારિત્રમોહનીયના ક્ષયોપશમથી થાય.

સમ્યક્ત્વની પ્રાપ્તિ વખતે ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ કેમ થતો નથી તે કહે છે—(न य तओऽवि होइ लहुंति=) ચારિત્ર મોહનીયકર્મનો ક્ષયોપશમ જલદી(=સમ્યક્ત્વનું કારણ એવો ક્ષયોપશમ થયા પછી તરત જ) થતો નથી. કારણ કે (परिणामभेदात्=)ચારિત્રમોહનીયકર્મનો

ક્ષયોપશમ તથાભવ્યત્વપરિપાકના કારણે થનારા આત્માના અધ્યવસાયવિશેષથી થાય છે. ચારિત્રમોહનીયક્ષયોપશમનું કારણ અધિક વિશિષ્ટ પરિણામ હોવાથી ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ જલદી થતો નથી એવો અહીં ભાવ છે. આથી વ્રતના સ્વીકારમાં ભજના છે, પણ શુશ્રૂષા વગેરે ગુણોમાં (=ગુણોની પ્રાપ્તિમાં) નિયમ છે, અર્થાત્ અવશ્ય હોય.

ततोऽवि એવા પાઠના સ્થાને तओ उ એવો પાઠાંતર છે. એ પાઠમાં વ્યાખ્યા આ પ્રમાણે છે-પણ ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ થતો નથી. આ પ્રમાણે શાથી છે ? અર્થાત્ ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ કેમ થતો નથી ? તેના જવાબમાં કહે છે કે परिणामभेदात् (બાકીનો બધો અર્થ પૂર્વવત્ જાણવો.)

અહીં ભાવના આ પ્રમાણે છે—જો કે કર્મગ્રંથિના ભેદથી જ સમ્યક્ત્વ પ્રગટે છે. સમ્યક્ત્વની વિદ્યમાનતામાં વ્રતસ્વીકાર જ અતિશય ઉપાદેય છે, એવો નિશ્ચય કરે છે. તો પણ જેટલી કર્મસ્થિતિમાં સમ્યક્ત્વનો લાભ થાય તેટલી જ કર્મસ્થિતિમાં વ્રતસ્વીકાર પણ પરમાર્થથી થતો નથી. (૫)

**सम्मा पलियपुहुत्तेऽवगए कम्माण भावओ होंति ।**
**वयपभितीणि भवण्णवतरंडतुल्लाणि णियमेण ॥६॥**

**આ જ વિષયને કહે છે**—(કેટલી કર્મસ્થિતિ ઘટે ત્યારે વ્રતપ્રાપ્તિ થાય તેનો નિયમ—)

**ગાથાર્થ**—સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી (આયુષ્ય સિવાય મોહનીય આદિ સાત) કર્મોની બેથી નવ પલ્યોપમ જેટલી કર્મ સ્થિતિ ઘટે ત્યારે સંસારસાગર તરવા નાવ સમાન અણુવ્રતો વગેરે અવશ્ય ભાવથી હોય છે.

**ટીકાર્થ**—મૂળગાથામાં કર્મસ્થિતિ ઘટે ત્યારે એમ કહેવાના બદલે ''કર્મો ઘટે ત્યારે'' એમ કેમ કહ્યું ?

**ઉત્તર**—સ્થિતિ અને સ્થિતિવાળાં કર્મોની અભેદ વિવક્ષાથી ''કર્મો ઘટે ત્યારે'' એમ કહ્યું છે.

સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી કર્મોની બેથી નવ પલ્યોપમ જેટલી સ્થિતિ ઘટે ત્યારે અણુવ્રતોને પામે છે. કારણ કે મોહનીયાદિ (સાત) કર્મોની ૭૦ કોડાકોડિ સાગરોપમ આદિ સ્થિતિમાંથી કોટાકોટિ આદિ સ્થિતિનો પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન એક કોડાકોડિ સાગરોપમ પ્રમાણ સ્થિતિ બાકી રહે ત્યાં સુધી યથાપ્રવૃત્તિકરણથી ખપાવે છે. પછી ગ્રંથીભેદથી સમ્યક્ત્વને પામે છે. તેટલી કર્મસ્થિતિમાંથી પણ બેથી નવ પલ્યોપમ જેટલી કર્મસ્થિતિ ખપાવે ત્યારે અણુવ્રતોને પામે એવી આગમનીતિ છે.

[આ વિશે કહ્યું છે કે—

''સમ્યક્ત્વની પ્રાપ્તિ વખતે રહેલી (અંતઃકોડાકોડિ) કર્મસ્થિતિમાંથી બેથી નવ પલ્યોપમ જેટલી કર્મસ્થિતિનો ક્ષય થાય ત્યારે દેશવિરતિની પ્રાપ્તિ થાય છે. તેમાંથી પણ સંખ્યાતા સાગરોપમ જેટલી કર્મસ્થિતિ ઘટે ત્યારે સર્વવિરતિની પ્રાપ્તિ થાય છે. તેમાંથી પણ

સંખ્યાતા સાગરોપમ જેટલી કર્મસ્થિતિ ઘટે છે ત્યારે ઉપશમશ્રેણિની પ્રાપ્તિ થાય છે. તેમાંથી પણ સંખ્યાતા સાગરોપમની સ્થિતિ ઘટે છે ત્યારે ક્ષપકશ્રેણિની પ્રાપ્તિ થાય છે." (વિશેષાવશ્યક ગાથા-૧૨૨૨. શ્રાવકધર્મવિધિ પ્રકરણ ગાથા-૭૧)

**પ્રશ્ન**—બેથી નવ પલ્યોપમ વગેરે કર્મસ્થિતિ ક્રમશઃ જ ઘટે કે જલદી પણ ઘટે ?

**ઉત્તર**—બંને રીતે ઘટે છે. કોઈ જીવની ક્રમશઃ તેટલી સ્થિતિ ઘટે તો કોઈ જીવની વીર્યોલ્લાસથી વિશેષ પરિણામ પ્રગટે તો જલદી પણ ઘટી જાય.[1] વિશેષાવશ્યક ગા. ૧૨૨૩માં કહ્યું છે કે—

**"સમ્યક્ત્વ ટકી રહે તો દેવ-મનુષ્યભવમાં ઉત્પત્તિ થાય છે. દેવ-મનુષ્યભવમાં ઉત્પન્ન થતા તે જીવને બીજા બીજા મનુષ્યભવમાં દેશવિરતિ આદિનો લાભ થાય. અર્થાત્ મનુષ્યભવમાં સમ્યક્ત્વ પામેલો જીવ દેવલોકનો ભવ કરીને મનુષ્યભવમાં દેશવિરતિ પામે. પછી દેવલોકનો ભવ કરીને મનુષ્યભવમાં સર્વવિરતિ પામે. આમ ક્રમશઃ અન્ય અન્ય મનુષ્યભવમાં દેશવિરતિ આદિ પામે અથવા એક જ ભવમાં બે શ્રેણિમાંથી કોઈ એક શ્રેણિ સિવાય[2] દેશવિરતિ આદિ ત્રણે પામે."**

**પ્રશ્ન**—જ્યારે સમ્યક્ત્વયુક્ત જીવ નવ પલ્યોપમથી અધિક સ્થિતિવાળા દેવલોકમાં ઉત્પન્ન થાય ત્યારે દેવનું આયુષ્ય પૂરું થાય એ પહેલા જ બેથી નવ પલ્યોપમ જેટલી કર્મસ્થિતિ ઘટી જવાથી દેવને દેશવિરતિની પ્રાપ્તિનો પ્રસંગ આવે, જ્યારે દેવોને વિરતિ ન હોય.

**ઉત્તર**—ભવસ્વભાવથી જ દેવો જેટલી કર્મસ્થિતિ ખપાવે છે તેટલી જ નવી બાંધે છે. આથી દેવોમાં[3] દેશોન કોડાકોડિ સાગરોપમથી ઓછી સ્થિતિ ન થતી હોવાથી દેશવિરતિની પ્રાપ્તિનો પ્રસંગ આવતો નથી. આ પ્રમાણે સમ્યક્ત્વની પ્રાપ્તિ થવા છતાં વ્રતસ્વીકારવામાં ભજના છે એ નિશ્ચિત થયું.]

સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી દેશવિરતિ આદિની પ્રાપ્તિ માટે અહીં જણાવેલ કર્મસ્થિતિના હ્રાસનો નિયમ ભાવથી દેશવિરતિ આદિ માટે છે. આથી જ મૂળગાથામાં **भावओ**—ભાવથી એમ જણાવ્યું છે. દ્રવ્યથી દેશવિરતિ આદિ તેટલી સ્થિતિ ઘટ્યા વિના પણ હોઈ શકે છે. (વિશેષાવશ્યક ગાથા-૧૦૩૮-૧૦૩૯માં) કહ્યું છે કે—

**"પ્રજ્ઞાપના વગેરે શાસ્ત્રોમાં વ્યવહારરાશિમાં આવેલા સર્વ જીવોની નવે ગ્રૈવેયકોમાં ઉત્પત્તિ જણાવી છે. જિનોક્ત સાધુવેશના સ્વીકાર વિના નવ ગ્રૈવેયકોમાં ઉત્પત્તિ ન થાય.**

---

૧. ક્રમશઃ અને જલદી એમ બંને રીતે સ્થિતિ ઘટતી હોવા છતાં મોટા ભાગના જીવોની કર્મસ્થિતિ ક્રમશઃ ઘટે છે, બહુ જ ઓછા જીવોની કર્મસ્થિતિ જલદી ઘટે છે. આથી સામાન્યથી સમ્યક્ત્વપ્રાપ્તિ અને દેશવિરતિપ્રાપ્તિનો અંતરકાલ બેથી નવ પલ્યોપમ છે. (ઉપદેશ રહસ્ય ગા. ૨૩ની ટીકા.)

૨. સૈદ્ધાંતિક મતે એકભવમાં બે શ્રેણિ ન હોય.

૩. દેવના ઉપલક્ષણથી નરક આદિ વિષે પણ આ સમાધાન સમજવું.

**(૧૦૩૮) કારણ કે આગમજ્ઞ પૂર્વાચાર્યોએ કહ્યું છે કે, જેઓ સાધુપણામાં રહીને સાધુપણાનું પાલન કરતા નથી, કિંતુ માત્ર બાહ્યવેશ ધારણ કરે છે તે સમ્યક્ત્વથી પતિત થયેલા નિહ્નવ વગેરે પણ ઉત્કૃષ્ટથી નવ ગ્રવેયક સુધી ઉત્પન્ન થાય છે.'' (૧૦૩૯)**

ભાવથી દેશવિરતિ આદિની પ્રાપ્તિ અનંતીવાર થાય નહિ. જ્યારે ઉક્ત પાઠના આધારે અનંતીવાર દેશવિરતિ આદિની પ્રાપ્તિ થઈ છે. આથી અનંતીવાર થયેલી દેશવિરતિ આદિની પ્રાપ્તિ દ્રવ્યથી હતી એ સિદ્ધ થાય છે. એટલે સ્થિતિહ્રાસનો નિયમ દ્રવ્યથી દેશવિરતિ આદિ માટે નથી કિંતુ ભાવથી દેશવિરતિ આદિ માટે છે. (૬)

**पंच उ अणुव्वयाइं, थूलगपाणवहविरमणाईणि ।**
**उत्तरगुणा तु अण्णे, दिसिव्वयाई इमेसिं तु ॥७॥**

**સમ્યક્ત્વ વગેરે શ્રાવકધર્મને કહીશ એમ જે કહ્યું, તેમાં સમ્યક્ત્વ કહ્યું. હવે આદિ શબ્દથી ગ્રહણ કરાયેલા અણુવ્રતો વગેરેને કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકાર અણુવ્રતોનો પ્રારંભ કરવા માટે કહે છે—**

**ગાથાર્થ**—સ્થૂલપ્રાણવધવિરમણ વગેરે પાંચ અણુવ્રતો છે. તે અણુવ્રતોના જ બીજા દિગ્વિરતિ વગેરે (સાત) ઉત્તરગુણો છે.[1]

**ટીકાર્થ**—બધા જ તીર્થંકરોના શાસનમાં અણુવ્રતો પાંચ હોય છે. જેમ પહેલા-છેલ્લા અને ૨૨ જિનેશ્વરોના શાસનમાં અનુક્રમે પાંચ અને ચાર મહાવ્રત હોય છે, તેમ અણુવ્રતો માટે ભેદ નથી. કારણ કે જ્ઞાતાસૂત્રમાં ''શૈલક રાજાએ નેમનાથ ભગવાનના શિષ્ય પાસે પાંચ અણુવ્રત અને સાત[2] શિક્ષાવ્રત રૂપ શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો'' એવો પાઠ છે.

**અણુશબ્દનો અર્થ**—અણુ એટલે નાનું. નાનાં વ્રતો તે અણુવ્રતો. મહાવ્રતોની અપેક્ષાએ શ્રાવકનાં વ્રતો નાનાં છે. અથવા નાનાનાં વ્રતો તે અણુવ્રતો. સાધુની અપેક્ષાએ શ્રાવક નાનો છે. અથવા અણુ એટલે (અનુ-)પછી. પછી અપાતા વ્રતો તે અણુવ્રતો. ધર્મ લેવા આવેલાને પ્રથમ મહાવ્રતો સમજાવવા, જો તે મહાવ્રતો ન લઈ શકે તો પછી અણુવ્રતો સમજાવવા, એવો શાસ્ત્રવિધિ છે. કહ્યું છે કે—जइधम्मस्सऽसमत्थे जुज्जति तद्देसणं पि साहूणं- ''સાધુધર્મનો સ્વીકાર કરવા અસમર્થને સાધુ શ્રાવકધર્મની દેશના આપે તે પણ યોગ્ય છે.'' આમ મહાવ્રતો પછી શ્રાવકનાં વ્રતો અપાતાં હોવાથી અણુવ્રતો છે.

**સ્થૂલપ્રાણવધવિરમણ શબ્દમાં આવેલા સ્થૂલ શબ્દનો અર્થ**—જીવો સ્થૂલ અને સૂક્ષ્મ એમ બે પ્રકારે છે. જેને મિથ્યાદષ્ટિઓ પણ જીવ તરીકે માને તે સ્થૂલ. જેને સમ્યગ્દૃષ્ટિ આત્માઓ જ જીવ તરીકે માને તે સૂક્ષ્મ. બેઇંદ્રિય, તેઇંદ્રિય ચઉરિંદ્રિય, અને પંચેંદ્રિય જીવો સ્થૂલ છે. કારણ કે મિથ્યાદષ્ટિઓ પણ પ્રાયઃ તેમને જીવ તરીકે માને છે. એકેંદ્રિય જીવો

---

૧. શ્રાવકધર્મવિધિપ્રકરણ-ગાથા-૭૨.

૨. ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત હોવા છતાં અપેક્ષાએ સાતેય વ્રતોનો શિક્ષાવ્રત તરીકે નિર્દેશ કર્યો છે.

સૂક્ષ્મ છે. કારણ કે પ્રાય: સમ્યગ્દષ્ટિ જીવો જ તેમને જીવ તરીકે માને છે.

**પ્રાણ**–ઉચ્છ્વાસ વગેરે (ઉચ્છ્વાસ, આયુષ્ય, પાંચ ઇંદ્રિયો, ત્રણયોગ એમ દશ) પ્રાણ છે. અહીં પ્રાણના યોગથી(=સંબંધથી) પ્રાણ એટલે પ્રાણીઓ જાણવા. આનાથી જડનો નિષેધ કર્યો. કારણ કે અહીં જડના વધનું પચ્ચક્ખાણ કરવામાં આવતું નથી.

**મૂલગુણ-ઉત્તરગુણ**–પાંચ અણુવ્રતો શ્રાવકધર્મરૂપ વૃક્ષનાં મૂળિયાં સમાન હોવાથી મૂલગુણ કહેવાય છે. બીજાં સાત વ્રતો અણુવ્રતોની પુષ્ટિ-વૃદ્ધિ કરે છે. આથી તે શ્રાવક-ધર્મરૂપ મહાન વૃક્ષના શાખા-પ્રશાખા તુલ્ય હોવાથી ઉત્તર ગુણ કહેવાય છે. તેમાં ત્રણ વ્રતો ગુણવ્રતરૂપ અને ચાર વ્રતો શિક્ષાવ્રતરૂપ છે. (૭)

**थूलगपाणवहस्सा, विरई दुविहो य सो वहो होइ ।**
**संकप्पारंभेहिं, वज्जइ संकप्पओ विहिणा ॥८॥**

**સ્થૂલપ્રાણવધવિરમણ વગેરે પાંચ અણુવ્રતો છે એમ કહ્યું. તેમાં હવે પહેલા અણુવ્રતના સ્વરૂપનું પ્રતિપાદન કરવા માટે કહે છે–**

**ગાથાર્થ**–વિધિપૂર્વક સ્થૂલપ્રાણીઓના વધની વિરતિ એ (સ્થૂલ પ્રાણાતિપાત વિરમણરૂપ) પહેલું અણુવ્રત છે. સંકલ્પથી અને આરંભથી એમ બે પ્રકારે વધ થાય છે. સ્થૂલ પ્રાણવધ વિરતિનો સ્વીકાર કરનાર શ્રાવક સંકલ્પથી પ્રાણવધનો[1] ત્યાગ કરે છે.

**ટીકાર્થ**–સંકલ્પ એટલે મારવાની બુદ્ધિ. આરંભ એટલે જેમાં જીવહિંસા થાય તેવી ખેતી આદિની ક્રિયા. આ બેમાંથી શ્રાવક સંકલ્પથી હિંસાનો ત્યાગ કરી શકે છે. પણ આરંભનો નિયમ ન કરી શકે. કારણ કે ગૃહસ્થાવસ્થામાં આરંભનો ત્યાગ અશક્ય છે.

આવશ્યકચૂર્ણિમાં સ્થૂલપ્રાણવધના ત્યાગનું પ્રત્યાખ્યાન આ પ્રમાણે કહ્યું છે– દ્વિવિધ-ત્રિવિધથી મન-વચન-કાયથી ન કરું. ન કરાવું એ ભાંગાથી સંકલ્પવડે જીવનપર્યંત સ્થૂલપ્રાણાતિપાતનું (જીવવધનું) હું પચ્ચક્ખાણ કરું છું. પૂર્વે કરેલા પ્રાણવધનું પ્રતિક્રમણ કરું છું. આત્મસાક્ષીએ નિંદા કરું છું, ગુરુસાક્ષીએ ગર્હા(=વિશેષ નિંદા) કરું છું. પૂર્વે પ્રાણવધ કરનારા મારા આત્માને વોસિરાવું છું.''

**વિધિથી**=આગમમાં કહેલા પ્રકારથી. (૮)

**गुरुमूले सुयधम्मो, संविग्गो इत्तरं व इयरं वा ।**
**वज्जित्तु तओ सम्मं, वज्जेइ इमे य अइयारे ॥९॥**

**વિધિથી એમ કહ્યું. હવે તે જ વધત્યાગની વિધિને અને વધ ત્યાગ કર્યા પછીની વિધિને બતાવતા ગ્રંથકાર કહે છે–**

---

૧. શ્રાવક પ્રજ્ઞપ્તિ-ગાથા-૧૦૭, શ્રાવકધર્મવિધિપ્રકરણ-ગાથા-૭૮

**ગાથાર્થ**—ગુરુની પાસે જેણે ધર્મ સાંભળ્યો છે એવો સંવિગ્ન શ્રાવક થોડા સમય સુધી કે જીવનપર્યંત પ્રાણવધનું પ્રત્યાખ્યાન કરીને નીચેની ગાથામાં કહેવાશે તે પાંચ અતિચારોનો ભાવશુદ્ધિથી ત્યાગ કરે.[૧]

**ટીકાર્થ**—મૂળગાથામાં રહેલો **તઓ** પદની સંસ્કૃત છાયા **તકઃ** કરવી. **તકઃ** એટલે તે. જો **તતઃ** એવી છાયા કરીને પછી એમ વ્યાખ્યા કરવામાં આવે તો **વજ્જિત્તુ (વર્જયિત્વા)** એ **ક્ત્વા** પ્રત્યયથી જ 'પછી' એવો અર્થ કહેવાઈ જતો હોવાથી **તતઃ** પદથી પુનરુક્તિ દોષ લાગે. અથવા લોકભાષાની અપેક્ષાએ 'પછી' એવો અર્થ કલ્પવાથી **તતઃ** એવો પ્રયોગ દુષ્ટ નથી. જેમકે બોલનારાઓ બોલે છે કે ''ખાઈને પીને પછી તેઓ ગયા.'' (તેવી રીતે અહીં ''ત્યાગ કરીને પછી'' એવો અર્થ કરવામાં દોષ નથી.)

સમ્યગ્જ્ઞાન અને ક્રિયાથી યુક્ત હોય તથા ધર્મશાસ્ત્રના અર્થોનો સાચો ઉપદેશ આપે તે ગુરુ છે. કહ્યું છે કે—

''ધર્મને જાણનાર, ધર્મને આચરનાર, સદા ધર્મમાં તત્પર અને જીવોને ધર્મશાસ્ત્રના અર્થોનો (સાચો) ઉપદેશ આપનાર ગુરુ કહેવાય છે.'' અથવા—

''સાધુએ કે ગૃહસ્થે, જેણે જેને શુદ્ધધર્મમાં જોડ્યો હોય તે જ તેનો ધર્મદાતા હોવાથી ધર્મગુરુ કહેવાય છે.''

અહીં ''ગુરુ પાસે જેણે ધર્મ સાંભળ્યો છે એવો શ્રાવક'' એમ કહીને ત્રણ બાબતો જણાવી છે. તે આ પ્રમાણે—

(૧) ધર્મ ગુરુ પાસે સાંભળવો જોઈએ. કારણ કે બીજા પાસે સાંભળવાથી વિપરીત બોધ થવાનો સંભવ છે.

(૨) ધર્મશ્રવણ વિના જીવાદિ તત્ત્વોનો બોધ ન થવાથી વ્રતસ્વીકાર બરોબર થતો નથી. કહ્યું છે કે—જેને આ જીવો છે, આ જીવો નથી, આ ત્રસ જીવો છે, આ સ્થાવર જીવો છે, એવું જ્ઞાન નથી તેનું આ પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન નથી, કિંતુ દુષ્પ્રત્યાખ્યાન છે. દુષ્પ્રત્યાખ્યાન કરનાર તે અસત્ય બોલે છે, સાચું બોલતો નથી.''

(૩) જેણે ગુરુ વિના જાતે જ શાસ્ત્રાર્થની કલ્પના કરી હોય તેને પણ વ્રતસ્વીકારનો નિષેધ છે. જાતે શાસ્ત્રના અર્થની કલ્પના કરી હોય તેને શાસ્ત્રોના અર્થોનું બરોબર જ્ઞાન ન થવાથી સમ્યક્ પ્રવૃત્તિ થઈ શકતી નથી. કહ્યું છે કે—

''જેણે ગુરુની ઉપાસના કરવા પૂર્વક ગુરુ પાસેથી શાસ્ત્રોનું જ્ઞાન મેળવ્યું નથી તેનું જ્ઞાન રક્ષણ કરનારું થતું નથી. મયૂરનું નૃત્ય જુઓ, મયૂર નૃત્ય કરે ત્યારે તેનો પાછળનો ગુહ્યભાગ ખુલ્લો થઈ જાય છે. જેમ નૃત્યકળાથી અજ્ઞાત મયૂરનું નૃત્ય તેના ગુહ્યભાગનું

---

૧. શ્રાવકધર્મવિધિપ્રકરણ-ગાથા-૭૯

રક્ષણ કરનારું બનતું નથી, તેમ ગુરુ વિના જાતે શાસ્ત્રો વાંચી લેનારનું જ્ઞાન આત્માનું રક્ષણ કરનારું બનતું નથી.''

સંવિગ્ન એટલે મોક્ષસુખનો અભિલાષી, અથવા સંસારભીરુ. ગુરુની પાસે ધર્મ સાંભળવાથી જ સાચા મોક્ષાભિલાષી બની શકાય છે. આથી જેણે ગુરુની પાસે ધર્મનું શ્રવણ કર્યું નથી અને મોક્ષસુખનો અભિલાષી નથી તેનો વ્રતસ્વીકાર મોક્ષ માટે ન થાય.

**થોડા સમય સુધી**—ચાતુર્માસ આદિ કાળ સુધી.

**અતિચાર** એટલે વધવિરતિની મલિનતા.

**પ્રશ્ન**—અતિચારો સર્વવિરતિમાં જ હોય. કારણ કે શાસ્ત્રમાં સંજ્વલન કષાયના ઉદયથી અતિચારો કહ્યા છે. (આવશ્યક નિર્યુક્તિ ગાથા-૧૧૨માં) કહ્યું છે કે—

''સઘળા અતિચારો સંજ્વલન કષાયના ઉદયથી થાય છે. બાર કષાયોના ઉદયથી મૂળથી નાશ થાય છે.''

સંજ્વલન કષાયોનો ઉદય સર્વવિરત સાધુઓને જ હોય. દેશવિરત શ્રાવકોને તો પ્રત્યાખ્યાનાવરણ કષાયોનો ઉદય હોય. આથી દેશવિરતિમાં અતિચારો ન હોય. યુક્તિથી પણ આ વાત ઘટે છે. તે આ પ્રમાણે—મોટા શરીરમાં વ્રણ=ચાંદી વગેરે રોગો હોય, કુંથુઆ વગેરેના નાના શરીરમાં નહિ. તેવી રીતે દેશવિરતિનાં વ્રતો અનેક અપવાદોથી અતિશય નાનાં છે. અતિચારો ચાંદી વગેરેના રોગો સમાન છે. એથી અતિચારો દેશવિરતિમાં ન હોય. અતિચાર એટલે દેશથી=અંશથી ભંગ. અણુવ્રતો સ્વયં મહાવ્રતોના અતિશય નાના દેશ-અંશરૂપ હોવાથી તેનો અંશથી ભંગ એટલે સંપૂર્ણ નાશ. જેમ કે કુંથુઆનું શરીર. કુંથુઆનું શરીર એટલું નાનું છે કે એનો પાંખ વગેરેથી આંશિક ભંગ ન થાય, કિંતુ સંપૂર્ણ નાશ જ થાય. મહાવ્રતોમાં અતિચારો હોય. કારણ કે તે મોટાં છે. જેમ હાથીનું શરીર મોટું હોવાથી તેમાં ચાંદી વગેરે રોગ હોય છે તેમ મહાવ્રતો મોટાં હોવાથી ચાંદી વગેરેના રોગ રૂપ અતિચારો હોય છે.

**ઉત્તર**—તમારું કહેવું સાચું નથી. કારણ કે શાસ્ત્રોમાં અણુવ્રતોના અતિચારો સંપૂર્ણ ભંગથી અલગ રૂપે સંમત છે. (નવપદપ્રકરણ અને પંચાશક અવચૂર્ણિમાં) કહ્યું છે કે—

''આ દ્વાર ગાથા છે. તેમાં સમ્યક્ત્વ આદિ પદાર્થોના વિશેષ બોધ માટે વિચારવાનાં નવ દ્વારો (-પ્રકારો) બતાવ્યાં છે. તે આ પ્રમાણે (૧) **સ્વરૂપ**—સમ્યક્ત્વાદિ ગુણોનું સ્વરૂપ. (૨) **ભેદ**—સમ્યક્ત્વાદિના પ્રકારો. (૩) **ઉત્પત્તિ**—સમ્યક્ત્વાદિ કેવી રીતે પ્રગટે છે. (૪) **દોષ**—સમ્યક્ત્વાદિના અભાવમાં થતા દોષો. (૫) **ગુણ**—સમ્યક્ત્વાદિની પ્રાપ્તિથી થતા લાભો. (૬) **જયણા**—સમ્યક્ત્વાદિની પ્રાપ્તિ થયા પછી તેની રક્ષા આદિ માટે તે તે ગુણનાં વિરોધી કાર્યો ન થાય તેની કાળજી. (૭) **અતિચાર**—વ્રતના આંશિક પાલન અને આંશિક ભંગ રૂપ અતિચારો. (૮) **ભંગ**—સમ્યક્ત્વાદિ ગુણોનો સર્વથા નાશ કેવી રીતે થાય. (૯)

ભાવના—સમ્યક્ત્વાદિ ગુણોની વિશુદ્ધિ આદિ માટે તે તે ગુણ સંબંધી શુભ ભાવના.

આ ગાથામાં વ્રતના સર્વથા ભંગથી અતિચારો અલગ જણાવ્યા છે. આ ગાથા પૂર્વાન્તર્ગત છે એમ મહાપુરુષોએ કહ્યું હોવાથી પ્રમાણભૂત છે.

તથા પૂર્વે સાક્ષીગાથા આપીને બધા અતિચારો સંજ્વલન કષાયના ઉદયથી થાય છે એમ જે કહ્યું તે સત્ય છે, પણ તે ગાથા સર્વવિરતિની અપેક્ષાએ છે, દેશવિરતિની અપેક્ષાએ નહિ. સર્વવિરતિમાં સઘળા અતિચારો સંજ્વલન કષાયના ઉદયથી થાય છે. પૂર્વોક્ત "सव्वे वि य अइयारा" ઈત્યાદિ ગાથાની વ્યાખ્યા આ પ્રમાણે છે—"સંજ્વલન કષાયના ઉદયથી સર્વવિરતિમાં અતિચારો લાગે છે. બીજા કષાયોના ઉદયથી સર્વવિરતિનો મૂળથી ભંગ થાય છે." આ અર્થથી દેશવિરતિના અતિચારોનો અભાવ થતો નથી. અથવા આ ગાથાના ઉત્તરાર્ધનો અર્થ આ પ્રમાણે છે—ત્રીજા કષાયોના ઉદયથી સર્વવિરતિનો, બીજા કષાયોના ઉદયથી દેશવિરતિનો અને પહેલા કષાયોના ઉદયથી સમ્યક્ત્વનો મૂળથી ભંગ થાય છે. આ અર્થથી પણ દેશવિરતિના અતિચારોનો અભાવ થતો નથી.

કષાયોનો ઉદય વિચિત્ર છે. આથી તે તે કષાયનો ઉદય તે તે ગુણની પ્રાપ્તિમાં પ્રતિબંધક(=રોકનાર) બનતો નથી, પણ તે તે ગુણમાં અતિચારો લગાડે છે. જેમકે સંજ્વલન કષાયનો ઉદય. સંજ્વલ કષાયનો ઉદય સર્વવિરતિ ગુણની પ્રાપ્તિમાં પ્રતિબંધક બનતો નથી, પણ તેમાં અતિચારો લગાડે છે. એટલે જેમ સંજ્વલન કષાયોનો ઉદય હોય ત્યારે સર્વવિરતિગુણનો લાભ થાય છે, અને અતિચારો લાગે છે, તેમ પ્રત્યાખ્યાનાવરણનો ઉદય હોય ત્યારે દેશવિરતિનો લાભ થાય છે અને તેમાં અતિચારો લાગે છે, અપ્રત્યાખ્યાનકષાયનો ઉદય હોય ત્યારે સમ્યક્ત્વગુણનો લાભ થાય છે અને તેમાં અતિચારો લાગે છે. આમ દેશવિરતિમાં અતિચારોનો અભાવ થતો નથી.

બીજાઓ કહે છે કે—સમ્યક્ત્વ અને દેશવિરતિમાં અતિચારો અનુક્રમે પહેલા અને બીજા કષાયોના ઉદયથી થાય છે. એ બે કષાયોનો ઉદય વિચિત્ર છે. આથી તે સર્વથી અને દેશથી વિરાધનાનું કારણ બને છે.

કુંથુઆનું દૃષ્ટાંત પણ અસંગત છે. કારણ કે બીજા દૃષ્ટાંતથી તેનો બાધ થઈ જાય છે. તે આ પ્રમાણે—હાથીના શરીરથી મનુષ્યનું શરીર ઘણું નાનું છે છતાં તેમાં ચાંદી વગેરે રોગો હોય છે.

અનંતાનુબંધી આદિ ૧૨ કષાયોને આગમમાં સર્વઘાતી કહ્યા હોવાથી તેમના ઉદયથી સમ્યક્ત્વાદિનો ભંગ જ થાય એમ જે કહેવાય છે તે અયુક્ત છે. સર્વવિરતિની અપેક્ષાએ જ ૧૨ કષાયોને સર્વઘાતી કહ્યા છે. આમ દેશવિરતિમાં અતિચારો સંભવે છે. (૯)

**बंधवहं छविछेयं, अइभारं भत्तपाणवोच्छेयं ।**
**कोहाइदूसियमणो, गोमणुयाईण णो कुणइ ॥१०॥**

**આ અતિચારોનો ત્યાગ કરે છે એમ કહ્યું. હવે તે જ અતિચારોનો 'કરવા યોગ્ય નથી એ રીતે' નિષેધ કરતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ–**સ્થૂલ પ્રાણિવધનો ત્યાગ કરનાર શ્રાવક ક્રોધ આદિથી દૂષિતમનવાળો થઈને ક્રોધ, લોભ આદિ દુષ્ટ ભાવથી બળદ-મનુષ્ય આદિનો બંધ, વધ, છવિચ્છેદ, અતિભાર અને ભક્તપાનવિચ્છેદ કરતો નથી.

**ટીકાર્થ–**બંધ એટલે દોરડા આદિથી બાંધવું. વધ એટલે ચાબુક આદિથી મારવું. છવિચ્છેદ એટલે શરીરના હાથ વગેરે અંગોનો છરી આદિથી છેદ કરવો=અંગોને કાપવા. અતિભાર એટલે બળદ આદિની પીઠ વગેરે ઉપર ઘણી સોપારી આદિ મૂકવું, અર્થાત્ તેની શક્તિથી વધારે ભાર ઉપડાવવો. ભક્તપાનવિચ્છેદ એટલે આહાર-પાણી ન આપવાં.

**દૂષિતમનવાળો થઈને–**ક્રોધ, લોભ આદિ દુષ્ટભાવથી બંધ આદિ કરવાથી અતિચાર લાગે છે. પણ પુત્રાદિના અવિનય, રોગ આદિ અનર્થો દૂર કરવાના (શુભ)આશયથી બંધ આદિ કરવામાં આવે તો અતિચાર લાગે નહિ. નિરપેક્ષપણે એટલે કે પ્રાણનાશની દરકાર વિના (નિર્દયપણે) બંધ આદિ કરવાથી અતિચાર લાગે છે. સાપેક્ષપણે બંધાદિ કરવા છતાં અંતરમાં દયા હોવાથી અતિચાર ન લાગે. આનાથી પૂર્વે (પહેલી ગાથામાં) ''ભાવાર્થથી યુક્ત કહીશ'' એમ જે કહ્યું હતું તે અહીં બતાવ્યું. કારણ કે આગમમા આ અતિચારો વિશેષ વિના જ (સામાન્યથી) બતાવ્યા છે. (સાપેક્ષપણે કરવાથી અતિચાર ન લાગે ઇત્યાદિ વિશેષથી જણાવ્યું નથી.)

**બળદ-મનુષ્ય આદિનો–**અહીં આદિ શબ્દથી હાથી, ઊંટ, ગધેડો વગેરે પ્રાણીઓ લેવા.

**કરતો નથી–**નથી જ કરતો. કારણ કે બંધાદિ કરવામાં વ્રત મલિન થાય. ત્યાગ કરે છે એમ ચાલ્યું આવતું હોવા છતાં(=નવમી ગાથામાં કહી દીધું હોવા છતાં) અહીં નથી કરતો એમ જે કહ્યું તે ''અતિચારોનો અતિશય ત્યાગ કરવો'' એમ જણાવવા માટે છે.

**બંધ–**આવશ્યકચૂર્ણિમાં જણાવેલ બંધ સંબંધી વિધિ આ પ્રમાણે છે–બેપગા કે ચારપગા પ્રાણીઓનો બંધ સકારણ અને નિષ્કારણ એમ બે પ્રકારે છે. તેમાં નિષ્કારણ બંધ કરવો યોગ્ય નથી. સકારણ બંધ સાપેક્ષ અને નિરપેક્ષ એમ બે પ્રકારે છે. નિર્દય બનીને અતિશય મજબૂત બાંધવામાં આવે તે નિરપેક્ષબંધ. આગ વગેરેના પ્રસંગે છોડી શકાય કે છેદી શકાય તેવી રીતે દોરીની ગાંઠ આદિથી બાંધવું તે સાપેક્ષબંધ. ચોપગા પ્રાણીના બંધની હકીકત કહી. બેપગા (મનુષ્ય) પ્રાણીના બંધની હકીકત પણ એ પ્રમાણે જાણવી. અર્થાત્ દાસ-દાસી, ચોર, ભણવામાં પ્રમાદી પુત્ર વગેરેને જો બાંધવાની જરૂર પડે તો તે ચાલી શકે-ખસી શકે કે અવસરે છૂટી શકે તે રીતે ઢીલા બંધનથી જ બાંધવું કે જેથી આગ વગેરેના પ્રસંગે તેનું મૃત્યુ ન થાય. શ્રાવકે બાંધ્યા વિના જ રાખી શકાય તેવા જ બેપગા અને ચોપગા પ્રાણી

રાખવા જોઈએ.

**વધ**—વધમાં પણ બંધની જેમ જાણવું. તેમાં નિરપેક્ષ વધ એટલે નિર્દયપણે મારવું. સાપેક્ષ વધ અંગે એવો વિધિ છે કે શ્રાવકે ભીતપર્ષદ્ બનવું જોઈએ. જેથી પુત્રાદિ પરિવાર અવિનય વગેરે ન કરે અને મારવાનો પ્રસંગ જ ન આવે. છતાં કોઈ અવિનય વગેરે કરે એથી મારવાનો પ્રસંગ આવે તો મર્મસ્થાનોને છોડીને લાત કે દોરીથી એક કે બે વાર મારવું.

**છવિછેદ**—છવિછેદ અંગે પણ બંધની જેમ જાણવું. નિર્દયપણે હાથ, પગ, કાન, નાક વગેરેનો છેદ કરવો એ નિરપેક્ષ છવિછેદ છે. શરીરમાં થયેલ ગુમડું, ઘા-ચાંદી વગેરેને કાપી નાખવું કે બાળી નાખવું વગેરે સાપેક્ષ છવિછેદ છે.

**અતિભાર**—શ્રાવકે પશુ આદિ ઉપર તે ન ઉપાડી શકે તેટલો ભાર ન મૂકવો જોઈએ. શ્રાવકે પ્રાણી ઉપર ભાર ઊંચકાવીને આજીવિકા ચાલે તેવો ધંધો ન કરવો જોઈએ. તેમ ન બની શકે તો મનુષ્ય પાસે તે સ્વયં ઊંચકી શકે અને નીચે ઉતારી શકે તેટલો જ ભાર ઊંચકાવવો જોઈએ. પશુ પાસે ઉચિતભારથી કંઈક ઓછો ભાર ઉપડાવવો જોઈએ. હળ, ગાડા વગેરેમાં જોડેલા પશુઓને સમયસર છોડી દેવા જોઈએ.

**ભક્તપાનવિચ્છેદ**—આહારપાણીનો વિચ્છેદ કોઈને ન કરવો જોઈએ. અન્યથા અતિશય ભૂખથી મૃત્યુ થાય. ભક્તપાનવિચ્છેદના પણ સકારણ નિષ્કારણ વગેરે પ્રકારો બંધની જેમ જાણવા. રોગના વિનાશ માટે ભક્તપાનનો વિચ્છેદ સાપેક્ષ છે. અપરાધ કરનારને ''આજે તને આહાર આદિ નહિ આપું.'' એમ કહેવું. (પણ સમય થતાં આહાર-પાણી આપવા.) શાંતિ નિમિત્તે ઉપવાસ કરાવવો. વિશેષ શું કહેવું ? ટુંકમાં ભાવ એ છે કે પ્રાણાતિપાત વિરમણ રૂપ મૂલગુણમાં અતિચાર ન લાગે તેમ કાળજીથી વર્તવું.

**પ્રશ્ન**—વ્રતમાં પ્રાણનાશનું પ્રત્યાખ્યાન હોવાથી અતિચારમાં જણાવેલ બંધ આદિ કરવાથી દોષ ન લાગે. કારણ કે તેનાથી પ્રત્યાખ્યાન અખંડ રહે છે. હવે જો એમ કહેવામાં આવે કે પ્રાણનાશના પ્રત્યાખ્યાન સાથે બંધ વગેરેનું પણ પ્રત્યાખ્યાન થઈ જાય છે તો બંધ આદિ કરવાથી વ્રતભંગ જ થાય. કારણ કે પ્રત્યાખ્યાન ખંડિત થાય છે. તથા વ્રતોની ચોક્કસ સંખ્યા પણ ન રહે. કારણ કે દરેક વ્રતમાં પાંચ પાંચ અતિચારો વધી જાય. આથી બંધ વગેરે અતિચાર રૂપ નથી.

**ઉત્તર**—વ્રત લેનારે પ્રાણનાશનું જ પ્રત્યાખ્યાન કર્યું છે, બંધ આદિનું નહિ, એ વાત સત્ય છે. પણ પરમાર્થથી પ્રાણનાશનું પ્રત્યાખ્યાન કરવાથી બંધ આદિનું પ્રત્યાખ્યાન થઈ જાય છે. કારણ કે બંધ આદિ પ્રાણવિનાશનું કારણ છે. (કાર્યના પ્રત્યાખ્યાનમાં કારણનું પ્રત્યાખ્યાન આવી જાય છે.)

**પ્રશ્ન**—તો પછી બંધ આદિથી વ્રતભંગ કેમ ન થાય ?

**ઉત્તર**—વ્રત અંતર્વૃત્તિથી અને બહિર્વૃત્તિથી એમ બે પ્રકારે છે. તેમાં જ્યારે મારી નાખવાની બુદ્ધિ ન હોવા છતાં ક્રોધ આદિ આવેશથી મરી ન જાય તેની દરકાર રાખ્યા વિના બંધ આદિ કરે ત્યારે મૃત્યુ ન થવા છતાં દયાહીન બની જવાના કારણે વિરતિ નિરપેક્ષ બની જવાથી અંતર્વૃત્તિથી વ્રતનો ભંગ છે, પણ મૃત્યુ ન થવાથી બહિર્વૃત્તિથી વ્રતનું પાલન છે. આમ આંશિક વ્રતપાલન અને આંશિક વ્રતભંગ થવાથી અતિચારનો વ્યવહાર થાય છે. કહ્યું છે કે—

**પ્રશ્ન—"મારે પ્રાણનાશ ન કરવો એવો નિયમ લેનારને મૃત્યુવિના જ (માત્ર બંધ, વધ આદિથી) અતિચાર કેવી રીતે લાગે ? ( निगद्यते= )**

**ઉત્તર—જે ગુસ્સે થઈને વધ વગેરે કરે છે તે વ્રતથી નિરપેક્ષ છે. આવી રીતે વધાદિ કરવામાં મૃત્યુ ન થવાથી નિયમ રહે છે, કોપથી દયાહીન બની જવાથી પરમાર્થથી નિયમનો ભંગ થાય છે. પૂજ્ય પુરુષો વ્રતના એક દેશના ભંગને અને એકદેશના પાલનને અતિચાર કહે છે."**

વ્રતોની ચોક્કસ સંખ્યા નહિ રહે એમ જે પૂર્વે કહ્યું હતું તે પણ યુક્ત નથી. કારણ કે વિશુદ્ધ રીતે હિંસાદિની વિરતિ થાય, અર્થાત્ નિરતિચારપણે વ્રતોનું પાલન થાય, ત્યારે બંધાદિ ન હોય.

બંધ આદિના નિર્દેશના ઉપલક્ષણથી મંત્ર-તંત્ર વગેરે બીજા પણ અતિચારો આ પ્રમાણે સમજી લેવા. (૧૦)

**थूलमुसावायस्स य, विरई सो पंचहा समासेणं ।**
**कण्णागोभोमालिय-णासहरणकूडसक्खिवज्जे ॥११॥**

**અતિચાર સહિત પહેલું અણુવ્રત કહ્યું, હવે બીજા અણુવ્રતને કહે છે—**

**ગાથાર્થ**—અસત્યના સંક્ષેપથી કન્યા-અસત્ય, ગાય-અસત્ય, ભૂમિ-અસત્ય, ન્યાસ-અપહરણ અને કૂટસાક્ષ્ય એ પાંચ પ્રકાર છે. આ પાંચ અસત્યનો ત્યાગ એ સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રત છે.

**ટીકાર્થ—(૧) કન્યા અસત્ય**—ખંડિતશીલવાળી કન્યાને અખંડિત શીલવાળી અને અખંડિત શીલવાળી કન્યાને ખંડિતશીલવાળી કહેવી વગેરે કન્યાસંબંધી અસત્ય બોલવું. કન્યા અસત્યના ઉપલક્ષણથી બે પગવાળા સર્વ પ્રાણી સંબંધી અસત્યનો પણ ત્યાગ થઈ જાય છે.

**(૨) ગાય-અસત્ય**—ઘણું દૂધ આપતી ગાયને અલ્પ દૂધ આપનારી અને ઓછું દૂધ આપતી ગાયને ઘણું દૂધ આપનારી કહેવી વગેરે ગાય અસત્ય છે. ગાય અસત્યના ઉપલક્ષણથી ચારપગવાળા સર્વપ્રાણી સંબંધી અસત્યનો પણ ત્યાગ થઈ જાય છે.

**(૩) ભૂમિ-અસત્ય**—પોતાની જમીનને પારકી કહેવી, પરની જમીનને પોતાની કહેવી

વગેરે ભૂમિ અસત્ય છે. ભૂમિ અસત્યના ઉપલક્ષણથી પગ વિનાનાં સર્વ દ્રવ્યો સંબંધી અસત્યનો પણ ત્યાગ થઈ જાય છે.

**પ્રશ્ન**—કન્યા-અસત્યથી બે પગવાળા પ્રાણીસંબંધી, ગાય-અસત્યથી ચાર પગવાળા પ્રાણી સંબંધી, અને ભૂમિ-અસત્યથી પગ વિનાના દ્રવ્ય સંબંધી અસત્યનો ત્યાગ થાય છે તો બે પગવાળા પ્રાણી, ચારપગવાળા પ્રાણી અને પગ વિનાના દ્રવ્યસંબંધી અસત્યનો ત્યાગ એમ ન કહેતાં અનુક્રમે કન્યા, ગાય, અને ભૂમિસંબંધી અસત્યનો ત્યાગ એમ કેમ કહ્યું ?

**ઉત્તર**—કન્યા-અસત્ય વગેરે ત્રણ અસત્યો લોકમાં અતિ નિંદિત હોવાથી ઘણા પ્રસિદ્ધ બની ગયા છે. આથી અહીં એ ત્રણનો સાક્ષાત્ નિર્દેશ કર્યો છે.

(૪) **ન્યાસ-અપહરણ**—(ન્યાસ એટલે મૂકવું, બીજાએ વિશ્વાસથી મૂકેલી ધન વગેરે વસ્તુનું અપહરણ કરવું. એટલે કે નથી આપી વગેરે અસત્ય બોલીને તે વસ્તુ પાછી ન આપવી.) આમાં પારકી વસ્તુ પાછી ન આપવી, લઈ લેવી એ ચોરી છે. તેમાં જે જુઠું બોલવામાં આવે તે અસત્ય છે. આમાં ચોરી અને અસત્ય બંને હોવાથી આનો પૂર્વના અસત્યોથી જુદો ઉલ્લેખ કર્યો છે.

(૫) **કૂટસાક્ષ્ય**—(કૂટ એટલે જુઠું. કૂટસાક્ષ્ય એટલે ખોટીસાક્ષી. કોર્ટ આદિમાં ખોટી સાક્ષી પૂરવી એ કૂટસાક્ષ્ય છે. પ્રામાણિક કરાયેલો કોઈ મનુષ્ય ક્રોધ, ઈર્ષ્યા આદિને વશ બનીને આ વિષયમાં આનો હું સાક્ષી છું એમ અસત્ય બોલે તે કૂટસાક્ષ્ય છે. આ અસત્યમાં બીજાના પાપને પુષ્ટિ મળતી હોવાથી આનો પૂર્વના અસત્યોથી જુદો ઉલ્લેખ કર્યો છે. (૧૧)

**इह सहसब्भक्खाणं, रहसा य सदारमंतभेयं च ।**
**मोसोवएसयं कूडलेहकरणं च वज्जेइ ॥१२॥**

**બીજા અણુવ્રતના અતિચારોને કહે છે—**

**ગાથાર્થ**—સ્થૂલમૃષાવાદ વિરમણ વ્રતમાં સહસા-અભ્યાખ્યાન, રહસ્ય-અભ્યાખ્યાન, સ્વદારમંત્રભેદ, અસત્ય-ઉપદેશ, કૂટલેખકરણ એ પાંચ અતિચારોનો ત્યાગ કરે છે.

**ટીકાર્થ**—(૧) **સહસા-અભ્યાખ્યાન**—સહસા એટલે વિચાર્યા વિના. અભ્યાખ્યાન એટલે અવિદ્યમાન દોષોનો આરોપ મૂકવો. વિચાર્યા વિના ખોટો આરોપ મૂકવો એ સહસા-અભ્યાખ્યાન છે. જેમકે—વિચાર્યા વિના કોઈને તું ચોર છો. તું પરસ્ત્રીગમન કરનાર છો, વગેરે કહેવું.

(૨) **રહસ્ય-અભ્યાખ્યાન**—રહસ્ય એટલે એકાંતમાં થયેલ. અભ્યાખ્યાન એટલે કહેવું. એકાંતમાં બનેલું કહેવું તે રહસ્ય-અભ્યાખ્યાન. કોઈને એકાંતમાં મસલત કરતા જોઈને કે

સાંભળીને બીજાને કહે કે આ લોકો અમુક અમુક રાજ્યવિરુદ્ધ વગેરે મસલત કરે છે.

(૩) **સ્વદારમંત્રભેદ**—દાર એટલે સ્ત્રી. મંત્ર એટલે ગુપ્ત વાત. ભેદ એટલે પ્રકાશન કરવું. પોતાની પત્નીએ મારી વાત બીજા પાસે નહિ જાય એવા વિશ્વાસથી કરેલી ગુપ્ત વાત બીજાને કહેવી એ સ્વદારમંત્રભેદ છે. પત્નીના ઉપલક્ષણથી મિત્ર આદિ માટે પણ તેમ સમજવું. અર્થાત્ કોઈપણ વ્યક્તિએ મારી વાત બીજા પાસે નહિ જાય એવા વિશ્વાસથી કરેલી ગુપ્તવાત બીજાને કહેવી તે સ્વદારમંત્રભેદ છે.

(૪) **અસત્ય ઉપદેશ**—આ વાતને તું આ પ્રમાણે કહે એમ બીજાને જુઠું બોલવાની સલાહ આપવી.

(૫) **કૂટલેખ કરણ**—ખોટું લખવું.

**પ્રશ્ન**—પહેલા બે અતિચારોમાં ખોટો આરોપ હોવાથી તે બેમાં અર્થની દૃષ્ટિએ કોઈ ભેદ નથી.

**ઉત્તર**—બીજા અતિચારમાં એકાંતમાં કરેલી મંત્રણા સંબંધી વિચાર કરીને સંભવિત દોષો કહેવામાં આવે છે. જ્યારે પહેલા અતિચારમાં વિચાર્યા વિના જ ખોટો આરોપ મૂકવામાં આવે છે.

**પ્રશ્ન**—અભ્યાખ્યાન ખોટા દોષો બોલવા રૂપ હોવાથી મૃષાવાદવિરમણવ્રતથી તેનો ત્યાગ થઈ જાય છે. આથી અભ્યાખ્યાનથી વ્રતનો ભંગ જ થાય, અતિચાર નહિ.

**ઉત્તર**—અભ્યાખ્યાનથી પરને આઘાત થાય છે. પરને આઘાત પહોંચાડનારું (અભ્યાખ્યાનનું) વચન અનુપયોગ આદિથી કહે તો માનસિક સંક્લેશ ન હોવાથી વ્રતસાપેક્ષ હોવાથી વ્રતનો ભંગ ન થાય, પણ આઘાતનું કારણ હોવાથી વ્રતભંગ થાય. આમ ભંગાભંગરૂપ હોવાથી અતિચાર ગણાય. પણ જો તેવું વચન ઇરાદાપૂર્વક તીવ્રસંક્લેશથી કહે તો વ્રતભંગ જ થાય. કારણ કે તે વ્રતનિરપેક્ષ છે. કહ્યું છે કે—

**"સહસા અભ્યાખ્યાન વગેરે જો જાણીને કરે તો વ્રતભંગ થાય, પણ જો અનુપયોગ આદિથી કરે તો અતિચાર લાગે."**

સ્વદારમંત્રભેદમાં બીજાએ જેવી વાત કહી છે તેવી જ વાત કહેવાથી સત્ય હોવા છતાં જેની ગુપ્ત વાત કરી હોય તેનું લજ્જા આદિથી મૃત્યુ વગેરે થવાનો સંભવ હોવાથી પરમાર્થથી તે અસત્ય છે. આથી સ્વદારમંત્રભેદ ભંગાભંગરૂપ હોવાથી અતિચાર છે.

મારે બીજાને જુઠું ન બોલાવવું એમ વ્રત લેવામાં કે હું જુઠું નહિ બોલું અને બીજાને જુઠું નહિ બોલાવું એમ વ્રત લેવામાં અસત્ય ઉપદેશથી વ્રતનો ભંગ જ થાય. તથા હું જુઠું નહિ બોલું એમ વ્રત લેવામાં અસત્ય ઉપદેશથી ન વ્રતભંગ થાય અને ન તો અતિચાર લાગે. આમ બંને રીતે નિયમ લેવામાં અસત્ય ઉપદેશ અતિચાર રૂપ નથી. છતાં મારે જુઠું ન

બોલાવવું એવું વ્રત લેનારને સહસા અને અનુપયોગથી કે અતિક્રમ, વ્યતિક્રમ અને અતિચારથી બીજાને જુઠું બોલવાની સલાહ કે સૂચન આપવામાં અસત્ય ઉપદેશ રૂપ અતિચાર લાગે. અથવા વ્રતભંગની બીકથી જુઠું બોલવાની સલાહ સીધી રીતે ન આપે, પણ અમુકે અમુક પ્રસંગે અમુક કહ્યું હતું વગેરે રીતે બીજાની વાત કહેવા દ્વારા આડકતરી રીતે જુઠું બોલવાની સલાહ આપે. આમાં વ્રતસાપેક્ષ હોવાથી અભંગ અને બીજાને અસત્યમાં પ્રવર્તાવવાથી વ્રતભંગ થવાથી અતિચાર લાગે છે.

મારે કાયાથી અસત્ય બોલવું નહિ એવું વ્રત લેનારને કે મારે કાયાથી અસત્ય બોલવું નહિ અને બીજા પાસે બોલાવવું નહિ એવું વ્રત લેનારને કૂટલેખથી વ્રતનો ભંગ જ થાય. મારે જુઠું બોલાવવું નહિ એવું વ્રત લેનારને કૂટલેખથી ન વ્રતભંગ થાય, ન તો અતિચાર લાગે, આમ કૂટલેખ અતિચાર રૂપ ન હોવા છતાં, સહસા આદિથી કે અતિક્રમ આદિથી કૂટલેખ કરવામાં અતિચાર લાગે. અથવા કોઈ મંદબુદ્ધિ જીવ મારે જુઠું બોલવાનું પ્રત્યાખ્યાન છે, જ્યારે આ તો લખાણ છે એવું વિચારીને કૂટલેખ કરે તો વ્રતસાપેક્ષ હોવાથી અતિચાર ગણાય. (૧૨)

**थूलादत्तादाणे, विरई तं दुविहमो उ णिद्दिट्ठं ।**
**सच्चित्ताचित्तेसुं, लवणहिरण्णाइवत्थुगयं ॥१३॥**

**અતિચારસહિત બીજું અણુવ્રત કહ્યું, હવે ત્રીજા અણુવ્રતને કહે છે—**

**ગાથાર્થ**—સ્થૂલ અદત્તાદાન વિરમણ (સ્થૂલ ચોરીનો ત્યાગ) ત્રીજું અણુવ્રત છે. તે મીઠું વગેરે સચિત્તવસ્તુસંબંધી અને સુવર્ણ વગેરે અચિત્તવસ્તુસંબંધી એમ બે પ્રકારે છે.

**ટીકાર્થ**—અદત્તના સ્થૂલ અને સૂક્ષ્મ એમ બે પ્રકાર છે. તેમાં અહીં (ચોરી કરી એમ) ચોરીના આરોપના કારણ તરીકે પ્રસિદ્ધ હોય તેવું સ્થૂલવસ્તુ સંબંધી અદત્ત જાણવું. તેનાથી વિપરીત સૂક્ષ્મ જાણવું. આદિ પદથી અશ્વ, વસ્ત્ર વગેરે વસ્તુઓ સમજવી, મિશ્ર (અચિત્ત-સચિત્ત) અદત્તાદાનનો ઉક્ત બેમાં જ સમાવેશ થઈ જતો હોવાથી તેની અલગ વિવક્ષા અહીં કરી નથી. કેમ કે સંક્ષેપથી જ વર્ણન કરવા માટે પ્રારંભ કર્યો છે. (૧૩)

**वज्जइ इह तेणाहडतक्करजोगं विरुद्धरज्जं च ।**
**कूडतुलकूडमाणं, तप्पडिरूवं च ववहारं ॥१४॥**

**અહીં ત્રીજા અણુવ્રતના અતિચારોને કહે છે—**

**ગાથાર્થ**—શ્રાવક ત્રીજા અણુવ્રતમાં સ્તેનાહૃત, તસ્કરપ્રયોગ, વિરુદ્ધ રાજ્યાતિક્રમ, કૂટતુલ-કૂટમાન અને તત્પ્રતિરૂપવ્યવહાર એ પાંચ અતિચારોનો ત્યાગ કરે છે.

**ટીકાર્થ**—(૧) **સ્તેનાહૃત**—સ્તેન એટલે ચોર. આહૃત એટલે ચોરી લાવેલું. ચોરોએ ચોરી લાવેલી કેસર વગેરે વસ્તુ તે સ્તેનાહૃત અતિચાર છે. ચોરે ચોરી લાવેલી વસ્તુને લોભથી

છૂપી રીતે વેચાતી લેનાર ચોર કહેવાય છે. કહ્યું છે કે—

**"ચોરી કરનાર, બીજા પાસે ચોરી કરાવનાર, ચોરીની સલાહ-સૂચન આપવા આદિથી ચોરીની મંત્રણા કરનાર, ચોરી લાવેલી વસ્તુ વેચાતી લેનાર, ચોરને ભોજન આપનાર, ચોરને સ્થાન આપનાર એમ સાત પ્રકારના ચોર છે."**

આથી ચોરે ચોરી લાવેલી વસ્તુ વેચાતી લેવાથી પરમાર્થથી ચોરી કરી હોવાથી વ્રતભંગ થાય, પણ હું તો વેપાર જ કરું છું, ચોરી કરતો નથી, આવી બુદ્ધિથી વ્રતસાપેક્ષ હોવાથી વ્રતનો ભંગ નથી, આમ ચોરી લાવેલી વસ્તુ વેચાતી લેવામાં દેશથી ભંગ અને દેશથી અભંગ રૂપ સ્તેનાહૃત અતિચાર લાગે.

(૨) **તસ્કરપ્રયોગ**—તસ્કર એટલે ચોર. પ્રયોગ એટલે પ્રેરણા. ચોરને ચોરી કરવાની પ્રેરણા કરવી તે તસ્કરપ્રયોગ. હું ચોરી નહિ કરું, અને બીજા પાસે નહિ કરાવું એવું વ્રતલેનારને સ્નેતપ્રયોગથી વ્રતભંગ જ થાય, છતાં (કોઈ મંદબુદ્ધિ જીવ) તમે હમણાં નવરા કેમ બેઠો છો ? જો તમારી પાસે ભોજન વગેરે ન હોય તો હું આપું, તમારી ચોરી લાવેલી વસ્તુ કોઈ વેચનાર ન હોય તો હું વેચીશ, વગેરે વચનોથી ચોરીની પ્રેરણા કરે, પણ હું પોતે ક્યાં ચોરી કરાવું છું ? એમ માને, આથી વ્રતસાપેક્ષ હોવાથી અતિચાર લાગે.

(૩) **વિરુદ્ધરાજ્યાતિક્રમ**—વિરુદ્ધ રાજ્ય એટલે જે રાજ્યમાં જવાનો નિષેધ હોય તે રાજ્ય કે તે રાજ્યનું સૈન્ય. અતિક્રમ એટલે જવું. જવાની રજા ન હોય તે રાજ્યમાં કે તેના સૈન્યમાં જવું તે વિરુદ્ધરાજ્યાતિક્રમ. યદ્યપિ જે રાજ્યમાં જવાનો નિષેધ હોય તે રાજ્યમાં કે તેના સૈન્યમાં જવું એ સ્વામીઅદત્ત[1] હોવાથી અને તેમ કરવાથી ચોરીનો દંડ થતો હોવાથી ચોરી જ છે, એથી તેનાથી વ્રતનો ભંગ જ થાય, છતાં તેમ કરનાર એમ માને કે મેં વેપાર જ કર્યો છે ચોરી નહિ, આથી વ્રતસાપેક્ષ હોવાથી અને લોકમાં આ ચોર છે એવો વ્યવહાર નહિ થતો હોવાથી વિરુદ્ધરાજ્યાતિક્રમ અતિચાર છે.

(૪) **કૂટતુલકૂટમાન**—કૂટ એટલે ખોટું. તુલ એટલે જોખવાનાં (શેર વગેરે) તોલાં. માન એટલે તેલ વગેરે માપવાનાં માપાં. વસ્તુ લેવા-દેવામાં ખોટાં તોલાં-માપાં રાખવાં કે કૂટતુલકૂટમાન છે. ભારે (વધારે વજનવાળા) અને હલકાં (ઓછા વજનવાળા) તોલાં તથા મોટાં અને નાનાં માપાં રાખી મૂકે. જ્યારે વસ્તુ લેવાની હોય ત્યારે ભારે-મોટાં તોલાં-

---

૧. અદત્ત એટલે નહિ આપેલું. અદત્તના સ્વામી અદત્ત, જીવ અદત્ત, તીર્થંકર અદત્ત અને ગુરુ અદત્ત એમ ચાર પ્રકાર છે. વસ્તુના સ્વામીએ-માલિકે જે વસ્તુ લેવાની રજા ન આપી હોય તે વસ્તુ સ્વામી અદત્ત કહેવાય. જેમાં જીવ છે તેવી ફળ વગેરે સચિત્ત વસ્તુનો માલિક તેમાં રહેલ જીવ છે. તેમાં રહેલ જીવે તે વસ્તુનો ઉપયોગ કરવાની રજા નહિ આપી હોવાથી સર્વ પ્રકારની સચિત્ત વસ્તુ જીવ અદત્ત કહેવાય. જિનેશ્વરદેવે જે વસ્તુ લેવાની અનુજ્ઞા ન આપી હોય તે વસ્તુ તીર્થંકર અદત્ત કહેવાય. જિનેશ્વરદેવે અનુજ્ઞા આપી હોય છતાં જે વસ્તુનો ઉપયોગ કરવા ગુરુની અનુજ્ઞા ન લીધી હોય, ગુરુએ રજા ન આપી હોય, તે વસ્તુ ગુરુ અદત્ત કહેવાય. આ ચાર અદત્તમાંથી ગૃહસ્થ અદત્ત સંબંધી ચોરીનો ત્યાગ કરી શકે છે, તે પણ સ્થૂલપણે, સૂક્ષ્મતાથી નહિ.

માપાંથી લે અને જ્યારે વસ્તુ આપવાની હોય ત્યારે હલકાં નાનાં તોલાં-માપાંથી આપે. આ રીતે ત્રીજા વ્રતમાં અતિચાર લાગે છે.

(૫) **તત્પ્રતિરૂપવ્યવહાર**—તત્ એટલે અસલી વસ્તુ. પ્રતિરૂપ એટલે સમાન. વ્યવહાર એટલે વેચવું વગેરે. અસલી વસ્તુના જેવી નકલી વસ્તુને અસલી વસ્તુ તરીકે વેચવી. જેમકે નકલી સુવર્ણને અસલી(=શુદ્ધ)સુવર્ણ તરીકે વેચવું. અથવા અસલી વસ્તુમાં નકલી વસ્તુ ભેળવીને અસલી તરીકે વેચવી તે તત્પ્રતિરૂપ વ્યવહાર છે. જેમકે ડાંગરમાં-(=ચોખા)માં [1]પલંજીનું મિશ્રણ કરવું.

કૂટતુલકૂટમાન અને તત્પ્રતિરૂપવ્યવહારમાં બીજાને છેતરીને પરધન લેવામાં આવતું હોવાથી વ્રતનો ભંગ ગણાય. છતાં ખાતર પાડવું વગેરે ચોરી છે, આ તો વણિકકળા છે, આવી બુદ્ધિથી વ્રતસાપેક્ષ હોવાથી અતિચાર ગણાય. અથવા સ્તેનાહૃત વગેરે પાંચે સ્પષ્ટપણે ચોરીરૂપ જ છે. પણ સહસા આદિથી કે અતિક્રમ આદિથી થાય તો અતિચાર ગણાય.

આ અતિચારો (વેપારીને જ હોય એવું નથી,) રાજાને તથા રાજસેવકોને પણ હોઈ શકે છે. તેમને પ્રથમના બે અતિચારો હોઈ શકે છે એ સ્પષ્ટ જ છે. જ્યારે સામંત વગેરે પોતાના સ્વામી રાજાને આધારે આજીવિકા ચલાવતા હોય અને તેનાથી વિરુદ્ધ રાજાને સહાય કરતા હોય ત્યારે વિરુદ્ધરાજ્યાતિક્રમ લાગે. તથા જ્યારે રાજ્યભંડારની વસ્તુઓનો વિનિમય=લેવડ-દેવડ કરાવે ત્યારે રાજાને પણ કૂટતુલકૂટમાન અને તત્પ્રતિરૂપવ્યવહાર એ બે અતિચાર સંભવે. (૧૪)

**परदारस्स य विरई, ओरालविउव्विभेयओ दुविहं ।**
**एयमिह मुणेयव्वं, सदारसंतोसमो एत्थ ॥१५॥**

**અતિચારસહિત ત્રીજું અણુવ્રત કહ્યું. હવે ચોથા અણુવ્રતને કહે છે—**

**ગાથાર્થ**—પરસ્ત્રીનો ત્યાગ અથવા સ્વસ્ત્રીસંતોષ ચોથું અણુવ્રત જાણવું. પરસ્ત્રીના ઔદારિક અને વૈક્રિય એમ બે ભેદ છે.

**ટીકાર્થ**—પરસ્ત્રીત્યાગ શબ્દમાં પરશબ્દથી પોતાના સિવાયના પુરુષો સમજવા. તથા મનુષ્યજાતિની અપેક્ષાએ પરશબ્દથી દેવો અને તિર્યંચો સમજવા. પરસ્ત્રીના પરિણીત અને સંગૃહીત(=થોડા સમય માટે ભાડેથી રાખેલી રખાત) એમ બે પ્રકાર છે. આવી સ્ત્રીઓ, દેવીઓ અને તિર્યંચસ્ત્રીઓ પર સ્ત્રી છે. જો કે અપરિગૃહીત દેવીઓ અને તિર્યંચસ્ત્રીઓનો કોઈ સંગ્રહ કરનાર અને પરણનાર ન હોવાથી વેશ્યા જેવી છે, તો પણ પ્રાયઃ પરજાતીયથી(=દેવોથી અને પશુઓથી) ભોગવવા યોગ્ય હોવાથી તે પરસ્ત્રી જ છે. તેથી અહીં આવી પરસ્ત્રીનો ત્યાગ થાય છે, વેશ્યાનો નહિ.

---

૧. પલંજી ચોખા જેવું ધાન્ય હોવું જોઈએ. અથવા હલકીજાતના ચોખાનું પલંજી એવું નામ હોવું જોઈએ.

ઔદારિકશરીરવાળી સ્ત્રી ઔદારિક કહેવાય. વૈક્રિયશરીરવાળી સ્ત્રી વૈક્રિય કહેવાય. શાસ્ત્રપરિભાષાથી સ્નાયુ, માંસ, હાડકાં વગેરેથી બનેલું શરીર ઔદારિક છે. કહ્યું છે કે—માંસ, હાડકાં અને સ્નાયુઓથી બંધાયેલું(=બનેલું) શરીર ઔદારિક છે એવી શાસ્ત્રની પરિભાષા છે. વૈક્રિયલબ્ધિથી વિકુર્વણા કરીને બનાવેલું શરીર વૈક્રિય છે. મનુષ્યની સ્ત્રી અને પશુજાતિની સ્ત્રી ઔદારિક પરસ્ત્રી છે. દેવીઓ અને વિદ્યાધરીઓ વૈક્રિય પરસ્ત્રી છે.[૧] (૧૫)

**वज्जइ इत्तरिअपरिग्गहियागमणं अणंगकीडं च ।**
**परवीवाहक्करणं, कामे तिव्वाभिलासं च ॥१६॥**

**ચોથા અણુવ્રતના અતિચારોને કહે છે—**

**ગાથાર્થ**—શ્રાવક ચોથા અણુવ્રતમાં ઇત્વરપરિગૃહીતાગમન, અપિરગૃહીતાગમન, અનંગક્રીડા, પરવિવાહકરણ, તીવ્રકામાભિલાષ એ પાંચ અતિચારોનો ત્યાગ કરે છે.

**ટીકાર્થ—(૧) ઇત્વરપરિગૃહીતાગમન**—ઇત્વરપરિગૃહીતા એટલે મૂલ્ય આપીને થોડા સમય માટે સ્વકારેલી વેશ્યા. ગમન એટલે વિષયસેવન. વેશ્યા સાથે વિષયસેવન કરવું તે ઇત્વરપરિગૃહીતાગમન.

(૨) **અપરિગૃહીતાગમન**—જેણે બીજા પાસે મૂલ્ય નથી લીધું તેવી વેશ્યા તથા નાથ વિનાની વિધવા, ત્યક્તા, કુમારિકા વગેરે અપરિગૃહીતા છે. વેશ્યા આદિ સાથે વિષયસેવનથી અપરિગૃહીતાગમનરૂપ અતિચાર લાગે છે.

(૩) **અનંગક્રીડા**—અહીં મૈથુનની અપેક્ષાએ સ્ત્રીયોનિ અને પુરુષચિહ્ન અંગ છે. તે સિવાયના સ્તન, બગલ, છાતી, મુખ વગેરે અવયવો અનંગ છે. સ્તન આદિ અવયવોમાં તેવી ક્રીડા=વિષયચેષ્ટા કરવી તે અનંગક્રીડા. અથવા અનંગ એટલે કામ= વિષયવાસના. કામની ક્રીડા તે અનંગક્રીડા. સ્વલિંગ(પુરુષચિહ્ન)થી મૈથુનસેવન કરવા છતાં અસંતોષથી ચામડી, કાષ્ઠ, ફળ, માટી વગેરેથી બનાવેલા પુરુષલિંગ જેવા કૃત્રિમ સાધનોથી સ્ત્રીની યોનિને (વારંવાર) સ્પર્શ કરે તે અનંગક્રીડા છે.

(૪) **પરવિવાહકરણ**—પોતાના સંતાન સિવાય બીજાઓનો કન્યાફળની ઇચ્છાથી કે સ્નેહ આદિથી વિવાહ કરવો તે પરવિવાહકરણ અતિચાર છે. શ્રાવકે પોતાના સંતાનોમાં પણ આટલાથી વધારે સંતાનોનો વિવાહ નહિ કરું એમ સંખ્યાનો અભિગ્રહ કરવો જોઈએ. (તો બીજાઓના સંતાનોનો વિવાહ શ્રાવકથી કેમ થાય ! અર્થાત્ ન થાય.)

---

૧. પરસ્ત્રીના ત્યાગમાં વેશ્યા આદિનો ત્યાગ થતો નથી. કારણ કે તે અમુકની પત્ની છે એવો વ્યવહાર થતો નથી. સ્વસ્ત્રીસંતોષમાં પોતાની સ્ત્રી સિવાય વેશ્યા, કુમારિકા આદિ બધી સ્ત્રીઓનો ત્યાગ થઈ જાય છે. સ્ત્રીઓને સ્વપતિસંતોષરૂપ એક જ પ્રકારનું ચોથું અણુવ્રત હોય છે.

(૫) **તીવ્રકામાભિલાષ**–કામ એટલે વેદના ઉદયથી થતું મૈથુન. મૈથુનમાં તીવ્ર અભિલાષ રાખવો, અર્થાત્ અત્યંત મૈથુનના અધ્યવસાયવાળા બનીને સદા મૈથુનસુખ અનુભવી શકાય તે માટે [૧]વાજીકરણ ઔષધ આદિથી કામને પ્રદીપ્ત બનાવવો એ તીવ્ર-કામાભિલાષ છે. અથવા તીવ્રકામાભિલાષ શબ્દના સ્થાને તીવ્રકામભોગાભિલાષ શબ્દ સમજવો. તેમાં શબ્દ અને રૂપ કામ છે, ગંધ, રસ અને સ્પર્શ ભોગ છે. કામ અને ભોગમાં(=પાંચ વિષયોમાં) તીવ્ર અભિલાષ રાખવો, અર્થાત્ અત્યંત કામ-ભોગના અધ્યવસાયવાળા બની જવું એ તીવ્રકામભોગાભિલાષ છે.

આ પાંચ અતિચારોમાં પહેલા બે અતિચારો સ્વસ્ત્રીસંતોષીને જ હોય, પરસ્ત્રી પરિહારીને નહિ, છેલ્લા ત્રણ અતિચારો બંનેને હોય એવો શ્રી હરિભદ્રસૂરિ મહારાજનો મત છે, અને એ જ આગમાનુસારી છે. કહ્યું છે કે–सदारसंतोसस्स इमे पंच अइयारा जाणियव्वा न समायरिअव्वा–**"સ્વસ્ત્રીસંતોષી જીવે આ પાંચ અતિચારો જાણવા જોઈએ, પણ આચરવા ન જોઈએ."**

**અતિચારોની ઘટના**–વેશ્યાને મૂલ્ય આપીને થોડો સમય પોતાની કરેલી હોવાથી "આ મારી સ્ત્રી છે" એવી બુદ્ધિના કારણે વ્રત સાપેક્ષ હોવાથી વ્રત ભંગ ન થાય, પણ થોડા સમય માટે સ્વીકાર કર્યો હોવાથી પરમાર્થથી તો પોતાની સ્ત્રી ન હોવાથી વ્રતભંગ છે. આમ દેશથી ભંગ અને દેશથી અભંગ રૂપ હોવાથી ઇત્વરપરિગૃહીતાગમન અતિચાર છે. અનાભોગ આદિથી કે અતિક્રમ આદિથી અપરિગૃહીતા સાથે વિષયસેવનથી અપરિગૃહીતાગમન અતિચાર લાગે છે.

આ બે અતિચારો પરસ્ત્રીનો ત્યાગ કરનારની અપેક્ષાએ નથી, કિંતુ સ્વસ્ત્રીમાં સંતોષ રાખનારની અપેક્ષાએ છે. કારણ કે ઇત્વરપરિગૃહીતા વેશ્યા હોવાથી અને અપરિગૃહીતાનો કોઈ પતિ ન હોવાથી પરસ્ત્રી ન કહેવાય. અર્થાત્ ઇત્વરગૃહીતા અને અપરિગૃહીતા પરસ્ત્રી ન હોવાથી પરસ્ત્રીનો ત્યાગ કરનારને તે બે સાથે વિષયસેવન કરવાથી અતિચાર ન લાગે, પણ સ્વસ્ત્રીમાં સંતોષ રાખનારને ઉપર જણાવ્યું તેમ અતિચાર લાગે. બીજાઓ કહે છે કે સ્વસ્ત્રીસંતોષીની અપેક્ષાએ ઇત્વરપરિગૃહીતાગમન અને પરસ્ત્રી ત્યાગીની અપેક્ષાએ અપરિગૃહીતાગમન અતિચાર છે. તેમાં પ્રથમ અતિચારની ઘટના પૂર્વે કહ્યું તેમ સમજવી. બીજાની ઘટના આ પ્રમાણે છે–બીજાનું મૂલ્ય લીધું હોય ત્યારે વેશ્યા સાથે વિષયસેવન કરે તો પરસ્ત્રીગમનથી જે દોષો લાગે છે તે દોષો લાગવાનો સંભવ હોવાથી તથા અપેક્ષાએ (તેટલા સમય માટે તે વેશ્યા બીજાની હોવાથી) પરસ્ત્રી હોવાથી વ્રતનો ભંગ થાય, પણ વેશ્યા હોવાથી કોઈની સ્ત્રી તરીકે પ્રસિદ્ધ ન હોવાથી વ્રતનો ભંગ ન થાય. આમ ભંગાભંગરૂપ હોવાથી અતિચાર ગણાય.

---

૧. વાજીકરણ=વીર્યવર્ધક અથવા જેના સેવનથી વાસનાપ્રબળ બને તેવા ઔષધો વાજીકરણ કહેવાય છે.

અહીં બીજાઓ વળી બીજી રીતે કહે છે. તે આ પ્રમાણે–

**"પરસ્ત્રીનો ત્યાગ કરનારને પાંચ, અને સ્વસ્ત્રીમાં સંતોષ રાખનારને [1]ત્રણ, સ્ત્રીને અપેક્ષાએ ત્રણ, અને અપેક્ષાએ પાંચ અતિચારો હોય છે."** (સંબોધ પ્રકરણ શ્રાવક-વ્રતાધિકાર ગાથા-૪૧)

આની ઘટના આ પ્રમાણે છે–બીજાએ થોડા સમય માટે સ્વીકારેલી વેશ્યા સાથે વિષયસેવન કરવાથી પરસ્ત્રીનો ત્યાગ કરનારને અતિચાર લાગે. કારણ કે અપેક્ષાએ તે પરની(જેણે થોડા સમય સુધી સ્વીકાર કર્યો છે તેની) સ્ત્રી છે, અને અપેક્ષાએ(=લોક વ્યવહારની દૃષ્ટિએ) પરસ્ત્રી નથી. અપરિગૃહીત કુમારિકા આદિ સાથે વિષયસેવનથી પણ પરસ્ત્રીત્યાગીને અતિચાર લાગે. કારણ કે લોકમાં તેની પરસ્ત્રી તરીકે પ્રસિદ્ધિ છે, પણ મૈથનસેવનની અપેક્ષાએ તેનો પતિ ન હોવાથી પરસ્ત્રી નથી. બાકીના ત્રણ અતિચારો પરસ્ત્રીત્યાગી અને સ્વસ્ત્રીસંતોષી એ બંનેને લાગે. તે આ પ્રમાણે–

સ્વસ્ત્રીસંતોષીએ સ્વસ્ત્રીમાં પણ અને પરસ્ત્રીત્યાગીએ વેશ્યાદિ અને સ્વસ્ત્રી એ બંનેમાં અનંગક્રીડા નહિ કરવી જોઈએ. જો કે અનંગક્રીડાનું સાક્ષાત્ પ્રત્યાખ્યાન કર્યું નથી, છતાં શ્રાવકે તેનો ત્યાગ કરવો જોઈએ. કારણ કે શ્રાવક અતિશય પાપભીરુ હોવાથી સંપૂર્ણ બ્રહ્મચર્યની ભાવના હોવા છતાં વેદોદયને(=કામપીડાને) સહન ન કરી શકવાથી સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળી શકતો નથી. આથી જ્યારે વેદોદયને સહન ન કરી શકાય ત્યારે માત્ર વેદોદયને(=કામપીડાને) શમાવવા માટે સ્વસ્ત્રીસંતોષ કે પરસ્ત્રીત્યાગરૂપ વ્રત ગ્રહણ કરે છે. મૈથુનના અંગો(સ્ત્રીયોનિ-પુરુષચિહ્ન)થી વિષયસેવન કરવાથી વેદોદય શમી જતો હોવાથી પરમાર્થથી પરસ્ત્રીના ત્યાગની કે સ્વસ્ત્રીસંતોષના સ્વીકારની સાથે અનંગક્રીડાનું પ્રત્યાખ્યાન થઈ જાય છે. એ જ પ્રમાણે પરવિવાહ અને તીવ્રકામાભિલાષનું પણ પરમાર્થથી પ્રત્યાખ્યાન થઈ જાય છે. આમ અનંગક્રીડા આદિ ત્રણનો અપેક્ષાએ નિયમ હોવાથી એ ત્રણ આચરવાથી નિયમભંગ થાય, અને અપેક્ષાએ નિયમ ન હોવાથી એ ત્રણ આચરવાથી નિયમભંગ ન થાય. આથી એ ત્રણ અતિચાર છે.

બીજાઓ અનંગક્રીડાની ઘટના આ પ્રમાણે કરે છે–મારે મૈથુનસેવનનો નિયમ છે, અનંગક્રીડાનો નહિ, આવી બુદ્ધિથી વેશ્યા આદિમાં કે સ્વસ્ત્રીમાં આલિંગનાદિ અનંગક્રીડા કરનાર વ્રતસાપેક્ષ હોવાથી વ્રતનો અભંગ છે, અને પરમાર્થથી વ્રત ભંગ છે.

પરવિવાહની ઘટના આ પ્રમાણે છે–સ્વસ્ત્રીસંતોષી સ્વસ્ત્રી સિવાય બીજી કોઈ સ્ત્રી સાથે, પરસ્ત્રીત્યાગી સ્વસ્ત્રી અને વેશ્યા સિવાય બીજી કોઈ સ્ત્રી સાથે, મન-વચન-કાયાથી મૈથુન ન કરવું અને ન કરાવવું એવું વ્રત લે ત્યારે પરવિવાહ કરવાથી પરમાર્થથી પરને

---

૧.આ મત પ્રમાણે સ્વસ્ત્રી સંતોષીની ઇત્વરપરિગૃહીતાગમન અને અપરિગૃહીતાગમનથી વ્રતભંગ જ થાય એ દૃષ્ટિએ ત્રણ અતિચાર છે.

મૈથુન કરાવ્યું ગણાય. પણ વ્રત લેનાર એમ માને કે હું વિવાહ જ કરાવું છું, મૈથુન નહિ. આથી વ્રતસાપેક્ષ હોવાથી અતિચાર થાય છે.

**પ્રશ્ન**—પરવિવાહકરણ અતિચાર લાગવામાં કન્યાફળની ઇચ્છા કારણ તરીકે જણાવેલ છે. પણ તે ઘટતી નથી. જો વ્રત લેનાર સમ્યગ્દૃષ્ટિ હોય તો તેને કન્યાફળની ઇચ્છા ન હોય. (કારણ કે કન્યાફળની ઇચ્છા મિથ્યાત્વ છે.) હવે જો તે મિથ્યાદૃષ્ટિ હોય તો તેને અણુવ્રતો જ ન હોઈ શકે. (કારણ કે સમ્યક્ત્વ વિના વાસ્તવિક વિરતિ ન હોય.) આથી કન્યાફળની ઇચ્છા પરવિવાહકરણનું કારણ શી રીતે બને ?

**ઉત્તર**—જેની બુદ્ધિ વિકસિત બની નથી તેવા સમ્યગ્દૃષ્ટિમાં કન્યાફળની ઇચ્છા પણ હોઈ શકે છે. તથા ગીતાર્થો ભદ્રિક મિથ્યાદૃષ્ટિને પણ સત્યમાર્ગમાં પ્રવેશ કરાવવા માત્ર અભિગ્રહરૂપ વ્રતો આપે છે. જેમ કે આર્ય સુહસ્તિ મહારાજે ભિખારીને સર્વવિરતિ આપી હતી.

પરવિવાહ કરવાનો ત્યાગ પોતાનાં સંતાનો સિવાય બીજાઓના વિવાહ અંગે યોગ્ય છે, પોતાનાં સંતાનો અંગે નહિ, કારણ કે પોતાના સંતાનોનો વિવાહ ન કરે તો પોતાની કન્યા વ્યભિચારિણી બને. તેમ થાય તો (ધર્મી માતા-પિતાના ધર્મની નિંદા દ્વારા) શાસનની હીલના થાય. લગ્ન થઈ ગયા હોય તો પતિનું નિયંત્રણ હોવાથી તેમ ન બને. પોતાનાં સંતાનોના વિવાહ માટે પણ અમુક સંખ્યાથી વધારે સંતાનોનો વિવાહ નહિ કરું એવો સંખ્યાનો અભિગ્રહ કરવો જોઈએ એમ જે પહેલાં કહ્યું છે તે પણ અન્ય કોઈ પોતાનાં સંતાનોના વિવાહની ચિંતા કરનાર હોય તો યોગ્ય છે, અથવા જેટલી સંખ્યા નક્કી કરી હોય તેટલી સંખ્યા થઈ ગયા પછી બીજા નવાં સંતાનોને જન્મ ન આપે તો યોગ્ય છે.

કેટલાક કહે છે કે—(વ્રત સ્વીકાર સમયે એક કે બે વગેરે જે સ્ત્રી હોય તે) સ્ત્રી સાથે મૈથુનસેવનથી સંતોષ ન થવાથી કામવાસનાની પૂર્તિ માટે બીજી સ્ત્રી સાથે લગ્ન કરવું તે પરવિવાહકરણ છે. આ અતિચાર સ્વસ્ત્રીમાં સંતોષ રાખનારને હોય છે.

સ્ત્રીઓ માટે સ્વપુરુષસંતોષ કે પરપુરુષત્યાગ એ બંનેનો એક જ અર્થ છે. કારણ કે સ્ત્રીઓને સ્વપતિ સિવાય અન્ય સર્વ પુરુષો પરપુરુષ છે. આથી અનંગક્રીડા વગેરે ત્રણ અતિચારો જેમ સ્વસ્ત્રીસંતોષી પુરુષને હોય છે તેમ સ્ત્રીને પણ સ્વપુરુષમાં હોય છે.

સ્ત્રીઓમાં પહેલા અતિચારની ઘટના— શોક્યો હોય અને પતિએ વારા બાંધ્યા હોય તો શોક્યના વારાના દિવસે શોક્યનો વારો ટાળીને પતિ સાથે વિષયસેવન કરે ત્યારે ઇત્વરપરિગૃહીતાગમનરૂપ પ્રથમ અતિચાર લાગે. શોક્યનો વારો હોવાથી અપેક્ષાએ પરપતિ છે, એથી વ્રતભંગ છે, પણ પરમાર્થથી પોતાનો પતિ હોવાથી વ્રતનો અભંગ છે.

સ્ત્રીઓમાં બીજા અતિચારની ઘટના— (૧) પરપુરુષ સાથે વિષયસેવનની ઇચ્છા થાય ત્યારે સાક્ષાત્ સંયોગ ન થાય ત્યાં સુધી અતિક્રમ આદિથી, (૨) અથવા ઓળખી નહિ શકવાથી સ્વપતિ સમજીને પરપુરુષ સાથે કામચેષ્ટા કરવાથી (૩) અથવા પતિ બ્રહ્મચારી

હોય તો તેની સાથે વિષયસેવનની ઇચ્છા વગેરે થાય તો અતિક્રમ આદિથી અપરિગૃહીતાગમનરૂપ બીજો અતિચાર લાગે. (૧૬)

**इच्छापरिमाणं खलु, असयारंभविणिवित्तिसंजणगं ।**
**खेत्ताइवत्थुविसयं, चित्तादविरोहओ चित्तं ॥१७॥**

**અતિચાર સહિત ચોથા અણુવ્રતને કહ્યું. હવે પાંચમા અણુવ્રતને કહે છે–**

**ગાથાર્થ**–ક્ષેત્ર આદિ વસ્તુસંબંધી ઇચ્છાનું પરિમાણ કરવું તે ઇચ્છાપરિમાણ-(=પરિગ્રહપરિમાણ) અણુવ્રત છે. આ વ્રત અશુભ આરંભોની નિવૃત્તિને કરનારું છે અને ચિત્ત આદિને અનુરૂપ અનેક પ્રકારનું છે.

**ટીકાર્થ**–'ક્ષેત્ર આદિ' એ સ્થળે રહેલા આદિ શબ્દથી ધન, ધાન્ય, ક્ષેત્ર, વાસ્તુ, રૂપ્ય, સુવર્ણ, કુપ્ય, દ્વિપદ અને ચતુષ્પદ વગેરે સમજવું.

**અશુભ આરંભોની નિવૃત્તિ**–પરિગ્રહનું પરિમાણ કરવાથી જરૂરી થોડું ધન અલ્પપાપવાળા વ્યાપારથી મળી જાય. આથી બીજા અશુભ આરંભો=બહુ પાપવાળા વ્યાપારો બંધ થઈ જાય. જીવો ઘણું ધન મેળવવા માટે જ પ્રાયઃ જીવહિંસાદિ થાય તેવા પાપવ્યાપારો કરે છે. આથી ધનનું પરિમાણ થવાથી બહુ પાપવાળા વ્યાપારો બંધ થઈ જાય છે.

**વ્રતના અનેક પ્રકારો**–ધન પણ બધા પાસે સમાન ન હોય. કોઈ ગરીબ હોય તો કોઈ ધનવાન હોય. કોઈ દેશમાં લોકો ધાન્ય-પશુ વગેરેનો અધિક સંગ્રહ કરે, તો કોઈ દેશમાં ઓછો સંગ્રહ કરે. કોઈ રાજકુળમાં જન્મેલો હોય તો કોઈ બ્રાહ્મણના કે વણિકના કુળમાં જન્મેલો હોય. આમ પરિગ્રહપરિમાણ લેનારાઓનાં ચિત્ત અને વિત્ત આદિ ભિન્ન ભિન્ન હોવાથી આ વ્રત અનેક પ્રકારનું છે. (तस्य च प्रायो राज्यादिसंभवासंभवौ स्तः) વ્રત લેનારને રાજ્યાદિનો સંભવ કે અસંભવ હોય, અર્થાત્ રાજ્યનો કોઈને સંભવ હોય, કોઈને સંભવ ન હોય, ઘણા ધનનો કોઈને સંભવ હોય, કોઈને સંભવ ન હોય. આ પ્રમાણે પોતાના ચિત્ત અને વિત્ત(=ધન) આદિને વિરોધ ન આવે તે રીતે અનેક પુરુષોથી ગ્રહણ કરાતું પરિગ્રહપરિમાણવ્રત અનેક પ્રકારનું થાય છે. (૧૭)

**खेत्ताइहिरण्णाईधणाइदुपयाइकुप्पमाणकमे ।**
**जोयणपयाणबंधणकारणभावेहिँ णो कुणइ ॥१८॥**

**ગાથાર્થ**–પાંચમું અણુવ્રત લેનાર શ્રાવક યોજન, પ્રદાન, બંધન, કારણ અને ભાવથી અનુક્રમે ક્ષેત્ર-વાસ્તુ, હિરણ્ય-સુવર્ણ, ધન-ધાન્ય, દ્વિપદ-ચતુષ્પદ અને કુપ્ય એ પાંચના પરિમાણનો અતિક્રમ(=ઉલ્લંઘન) કરતો નથી, અર્થાત્ ધારેલા પરિમાણથી વધારે રાખતો નથી.

**ટીકાર્થ**–યોજન એટલે જોડવું. પ્રદાન એટલે આપવું. બંધન એટલે બાંધવું. કારણ એટલે પેટમાં રહેલ ગર્ભ. ભાવ એટલે મૂળ વસ્તુમાં ફેરફાર કરવો. આ પાંચ શબ્દોનો ભાવાર્થ અતિચારોની ઘટનાથી ખ્યાલમાં આવી જશે.

**(૧) ક્ષેત્ર-વાસ્તુ પરિમાણાતિક્રમ**–જેમાં અનાજ વગેરે ઉત્પન્ન થાય તેવી ભૂમિ ક્ષેત્ર છે. ક્ષેત્રના સેતુ, કેતુ અને સેતુ-કેતુ એમ ત્રણ ભેદ છે. જેમાં વાવ આદિના પાણીથી ખેતી થાય તે સેતુભૂમિ છે. જેમાં આકાશના(=વર્ષાદના) પાણીથી ખેતી થાય તે કેતુભૂમિ છે. જેમાં વાવ આદિ અને આકાશ એ બંનેના પાણીથી ખેતી થાય તે સેતુ-કેતુ ભૂમિ છે. વાસ્તુ એટલે ઘર, ગામ, નગર વગેરે (વસવા લાયક) પ્રદેશ. ઘરના ખાત, ઉચ્છ્રિત અને ખાતોચ્છ્રિત એમ ત્રણ ભેદ છે. જે જમીનની અંદર હોય તે ભોયરું વગેરે ખાત છે. જે જમીનની ઉપર હોય તે ઘર-દુકાન-મહેલ વગેરે ઉચ્છ્રિત છે. ભોંયરા આદિ સહિત ઘર વગેરે ખાતોચ્છ્રિત છે.

એક ક્ષેત્ર કે વાસ્તુને બીજા ક્ષેત્ર કે વાસ્તુ સાથે જોડીને તેના પરિમાણનું ઉલ્લંઘન કરવાથી અતિચાર લાગે છે. તે આ પ્રમાણે–કોઈએ મારે એકથી વધારે ઘર ન રાખવું એવો નિયમ કર્યા પછી બીજા ઘરની જરૂર પડતાં કે ઇચ્છા થતાં વ્રતભંગના ભયથી જૂના ઘરની બાજુમાં જ નવું ઘર લે. પછી તે બંનેને એક કરવા ભીંત વગેરે પાડી નાંખે. આથી બે ઘર મળીને એક ઘર થઈ જાય. આ રીતે નવા ઘરને જૂના ઘર સાથે જોડવાથી અતિચાર લાગે. આમ કરવામાં વ્રતભંગનો ભય હોવાના કારણે વ્રતસાપેક્ષ હોવાથી વ્રતનો ભંગ નથી, પણ પરમાર્થથી બે સંખ્યા થવાથી પરિમાણનું ઉલ્લંઘન થવાથી વ્રતનો ભંગ છે.

**(૨) હિરણ્ય-સુવર્ણપરિમાણાતિક્રમ**–હિરણ્ય એટલે ચાંદી. પરિમાણથી અધિક ચાંદી અને સુવર્ણ બીજાને આપીને પરિમાણનું ઉલ્લંઘન કરવાથી અતિચાર લાગે છે. તે આ પ્રમાણે–કોઈએ ચાર મહિના સુધી અમુક પરિમાણથી વધારે ચાંદી-સોનું નહિ રાખું એવો નિયમ કર્યો. નિયમ દરમ્યાન ખુશ થયેલા રાજા આદિ પાસેથી તેને કરેલા પરિમાણથી અધિક ચાંદી-સોનું મળ્યું. વ્રતભંગના ભયથી તેણે ચાર મહિના (વગેરે) પછી લઈ લઈશ એમ કહીને તે ચાંદી-સોનું બીજાને આપી દીધું. આમ કરવામાં વ્રતભંગનો ભય હોવાથી વ્રતસાપેક્ષ હોવાથી વ્રતનો ભંગ નથી, પણ પરમાર્થથી બીજાને આપ્યું હોવાં છતાં તેનું જ હોવાથી પરિમાણ વધી જવાથી વ્રતનો ભંગ છે.

**(૩) ધન-ધાન્ય પરિમાણાતિક્રમ**–ધનના ગણિમ, ધરિમ, મેય, અને પરિછેદ્ય એમ ચાર પ્રકાર છે. ગણીને લેવડ-દેવડ થાય તે સોપારી વગેરે ગણિમ છે. જોખીને લેવડ-દેવડ થાય તે ગોળ વગેરે ધરિમ છે. માપીને લેવડ-દેવડ થાય તે ઘી વગેરે મેય છે. પરીક્ષા કરીને લેવડ-દેવડ થાય તે રત્ન, વસ્ત્ર વગેરે પરિછેદ્ય છે. ચોખા વગેરે ધાન્ય છે. બાંધીને રાખી મૂકવા આદિ રૂપ બંધનથી ધન-ધાન્યના પરિમાણનું ઉલ્લંઘન કરવાથી અતિચાર લાગે છે. તે

આ પ્રમાણે—કોઈએ ધન આદિનું પરિમાણ કર્યું. પછી કોઈ પરિમાણથી અધિક ધન વગેરે આપવા આવ્યો. મારો નિયમ પૂરો થશે એટલે અથવા ઘરમાં રહેલું ધન વેચાઈ જશે એટલે લઈશ એમ વિચારીને આપનારને ત્યાં જ દોરી આદિથી બાંધીને રાખી મૂક્યું. અથવા અમુક સમય પછી હું આ લઈ જઈશ એવી ખાતરી આપીને આપનારને ત્યાં જ રાખી [1]મૂક્યું. અહીં વ્રતભંગના ભયથી આમ કરે છે. આથી વ્રતસાપેક્ષ હોવાથી વ્રતનો ભંગ નથી, પણ પરમાર્થથી પરિમાણથી અધિક થવાથી વ્રતભંગ છે.

(૪) **દ્વિપદ-ચતુષ્પદ પરિમાણાતિક્રમ**—દ્વિપદ એટલે બેપગવાળા પ્રાણી. ચતુષ્પદ એટલે ચારપગવાળા પ્રાણી. પુત્ર વગેરે દ્વિપદના અને ગાય વગેરે ચતુષ્પદના પરિમાણનું કારણથી=ગર્ભાધાનથી ઉલ્લંઘન કરવાથી અતિચાર લાગે છે. તે આ પ્રમાણે—કોઈ ૧૨ માસ વગેરે સમય સુધી દ્વિપદ-ચતુષ્પદનું પરિમાણ કરે. હવે ૧૨ માસ વગેરે કાળમાં કોઈનો જન્મ થાય તો પરિમાણથી સંખ્યા વધી જાય. આથી અમુક સમય ગયા બાદ ગાય વગેરેને ગર્ભ ધારણ કરાવે. જેથી ૧૨ માસ વગેરે સમય પછી જન્મ થાય. અહીં ગર્ભમાં હોવાથી પરિમાણની સંખ્યા વધી જવાથી વ્રતભંગ છે, પણ બહાર જન્મ ન થયો હોવાથી વ્રતભંગ નથી. આથી આ રીતે ગર્ભધારણ કરાવવાથી અતિચાર લાગે.

(૫) **કુપ્ય પરિમાણાતિક્રમ**—કુપ્ય એટલે ઘરમાં ઉપયોગી ગાદલાં, ગોદડાં, થાળી, વાટકા, કથરોટ વગેરે સામગ્રી. તેના પરિમાણનું ભાવથી=પર્યાયાંતર કરીને ઉલ્લંઘન કરવાથી અતિચાર લાગે છે. તે આ પ્રમાણે—કોઈએ દશ કથરોટ(પરાત)થી વધારે કથરોટો ન રાખવાનો નિયમ લીધો. કારણસર કથરોટો ડબલ થઈ ગઈ. આથી વ્રતભંગના ભયથી બધી કથરોટો ભંગાવીને બે બે કથરોટોની એક એક મોટી કથરોટ કરાવી. આમ કરવામાં સ્થૂલદૃષ્ટિએ સંખ્યા વધતી નથી, પણ પરમાર્થથી સંખ્યા વધે છે. કારણ કે એ સંખ્યા સ્વાભાવિક નથી, કિંતુ ફેરફાર કરીને કરેલી છે. આમ ભંગાભંગ રૂપ હોવાથી અતિચાર લાગે. કેટલાક કહે છે કે ભાવ એટલે તે વસ્તુનું અર્થીપણું=તે વસ્તુને લેવાની ઇચ્છા. નિયમ કર્યા પછી નિયમથી વધારે કથરોટ કોઈ આપે, અગર પોતાને જરૂર પડે, તો બીજાને કહી દે કે, અમુક સમય પછી હું એ લઈશ, આથી તે વસ્તુ તમારે બીજાને આપવી નહિ. આમ કરવામાં બાહ્યદૃષ્ટિએ સંખ્યામાં વધારો થયો નથી, પણ પરમાર્થથી નિયમથી વધારે લેવાના ભાવ=પરિણામ થયા હોવાથી સંખ્યાનો વધારો થાય છે. આથી અતિચાર લાગે.

આ અતિચારો મૂળસૂત્રમાં(=આગમમાં) આ પ્રમાણે કહેવાય છે—ક્ષેત્ર-વાસ્તુ પ્રમાણાતિક્રમ, હિરણ્ય-સુવર્ણ પ્રમાણાતિક્રમ ઇત્યાદિ.

---

૧. અહીં પ્રથમ વિકલ્પમાં જાતે જ બાંધીને આપનારને ત્યાં રહેવા દે છે. બીજા વિકલ્પમાં પોતે બાંધવું વગેરે કશું કરતો નથી, માત્ર હું પછી લઈ જઈશ એવી ખાતરી આપે છે. આપનાર પોતાને ત્યાં બાંધીને રાખી મૂકે છે.

જે રીતે (શાસ્ત્રમાં) સંભળાય છે તે રીતે જ અતિચારોને સ્વીકારવામાં(=માનવામાં) ભંગ અને અતિચારનો ભેદ ન રહે. આથી તે બેનો ભેદ બતાવવા માટે આચાર્યશ્રીએ યોજન-પ્રદાન વગેરે ભાવના બતાવી. કારણ કે- પહેલી ગાથામાં **"ભાવાર્થ સહિત શ્રાવકધર્મને કહીશ"** એવી જ(=વિશેષ બતાવવાની જ) પ્રતિજ્ઞા ગ્રંથકારે કરી છે. આની ભાવના(=યોજન-પ્રદાન વગેરે ભાવના) બતાવવાથી જ બીજા સહસાભ્યાખ્યાન વગેરે જે અતિચારોની ભાવના ન બતાવી હોય તે અતિચારોની પણ ભાવના સમજી લેવી. તે ભાવના બોધ પ્રમાણે કેટલાક અતિચારોની અમે બતાવી જ છે અને બતાવીશું.

**પ્રશ્ન**—પરિગ્રહના નવ પ્રકાર હોવાથી અતિચાર નવ થાય, જ્યારે અહીં પાંચ જ કહ્યા છે તેનું શું કારણ ?

**ઉત્તર**—સમાન હોવાથી ચાર ભેદોનો પાંચ ભેદોમાં સમાવેશ થઈ ગયો છે. તથા શિષ્યહિત માટે પ્રાયઃ બધા સ્થળે મધ્યમ પદ્ધતિથી જ વિવક્ષા કરી હોવાથી બધા વ્રતોમાં અતિચારોની પાંચ સંખ્યા જ ગણી છે. આથી અતિચારોની ચાર કે છ સંખ્યા નહિ ગણવી એ સંગત છે. (૧૮)

**उड्ढाहोतिरियदिसं, चाउम्मासाइकालमाणेण ।**
**गमणपरिमाणकरणं, गुणव्वयं होइ विण्णेयं ॥१९॥**

**અણુવ્રતો કહ્યાં. હવે અણુવ્રતોના જ ગુણવ્રતોને કહેવાનો અવસર છે. ઉત્તરગુણો ગુણવ્રતસ્વરૂપ અને શિક્ષાવ્રતસ્વરૂપ છે. તેમાં પહેલા ગુણવ્રતને કહેવાની ઈચ્છાથી ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ**—ચાર મહિના વગેરે કાળ સુધી ઉપર, નીચે અને તિર્છું આટલી હદથી વધારે ન જવું એ રીતે ગતિનું પરિમાણ કરવું તે (દિશા પરિમાણરૂપ) ગુણવ્રત જાણવું.

**ટીકાર્થ**—અણુવ્રતોને ગુણ કરે-લાભ કરે તે ગુણવ્રત. વિવક્ષિત ક્ષેત્રથી અન્ય સ્થળે હિંસા આદિ પાપો અટકી જવાથી ગુણવ્રતોથી અણુવ્રતોને લાભ થાય જ છે. (૧૯)

**वज्जइ उड्ढाइक्कममाणयणप्पेसणोभयविसुद्धं ।**
**तह चेव खेत्तवुड्ढिं, कहिंचि सइअंतरद्धं च ॥२०॥**

**છટ્ઠા ગુણવ્રતના અતિચારો—**

**ગાથાર્થ**—શ્રાવક છટ્ઠા વ્રતમાં ત્યાગ કરેલા ક્ષેત્રમાં સ્વયં જવાનો, બીજા દ્વારા કોઈ વસ્તુ મોકલવાનો, વસ્તુ મંગાવવાનો, વસ્તુ મોકલવાનો અને મંગાવવાનો એ બંનેનો ત્યાગ કરીને ઊર્ધ્વ દિશાપ્રમાણાતિક્રમ, અધોદિશાપ્રમાણાતિક્રમ અને તિર્યગ્દિશા-પ્રમાણાતિક્રમ એ ત્રણ અતિચારોનો તથા ક્ષેત્રવૃદ્ધિ અને સ્મૃતિ-અંતર્ધાન એ બે અતિચારોનો ત્યાગ કરે છે.

**ટીકાર્થ**—(૧-૨-૩) **પહેલા ત્રણ અતિચારોની ઘટના**—જે ભૂમિનો ત્યાગ કર્યો છે તે

ભૂમિમાં બીજા દ્વારા કોઈ વસ્તુ મોકલે કે તે ભૂમિમાંથી બીજા દ્વારા કોઈ વસ્તુ મંગાવે તો અતિચાર લાગે. સહસા કે અનુપયોગ આદિથી આમ કરે તો અતિચાર લાગે, જાણી જોઈને કરે તો વ્રતભંગ જ થાય. જેણે હું નહિ કરું અને બીજા પાસે નહિ કરાવું એ રીતે નિયમ લીધો હોય તેને બીજા પાસેથી મંગાવવાથી કે મોકલવાથી આ ત્રણ અતિચારો લાગે. પણ જેણે હું નહિ કરું તેવું વ્રત લીધું હોય તેને બીજા પાસેથી મંગાવવાથી કે મોકલવાથી આ ત્રણ અતિચારો ન લાગે. કારણ કે તેનો નિયમ જ નથી. જેણે હું નહિ કરું એવો નિયમ લીધો હોય તેને સહસા કે અનુપયોગ આદિથી જાતે મર્યાદાથી બહાર જાય કે બહાર જવાની ઇચ્છા વગેરે દ્વારા અતિક્રમ આદિ લગાડે તો અતિચાર લાગે.

**(૪) ક્ષેત્રવૃદ્ધિ**–જવા-આવવા માટે ત્યાગ કરેલા ક્ષેત્રમાં વધારો કરવો તે ક્ષેત્રવૃદ્ધિ અતિચાર. તે આ પ્રમાણે–પૂર્વદિશામાં સો યોજનથી આગળ નહિ જવું, પશ્ચિમદિશામાં પણ સો યોજનથી આગળ નહિ જવું, એવો નિયમ લીધા પછી પૂર્વદિશામાં સો યોજનથી આગળ જવાની જરૂરિયાત ઊભી થતાં પશ્ચિમ દિશાના ૯૦ યોજન કરી તેના ૧૦ યોજન પૂર્વદિશામાં ઉમેરીને ૧૧૦ યોજન કરે. આમ કરવામાં બસો યોજન પરિમાણ કાયમ રહેવાથી અને વ્રતસાપેક્ષ હોવાથી વ્રતભંગ ન થાય, પણ પરમાર્થથી પૂર્વદિશામાં દશ યોજન વધી જવાથી વ્રતભંગ ગણાય.

**(૫) સ્મૃતિ-અંતર્ધાન**–કરેલું દિશાનું પરિમાણ વ્યાકુળતા, પ્રમાદ અને સ્મરણશક્તિની ન્યૂનતા આદિથી ભૂલી જવું તે સ્મૃતિ-અંતર્ધાન. કોઈ પૂર્વદિશામાં સો યોજન પરિમાણ કરે. પછી જવાના સમયે ભૂલી જાય કે મેં સો યોજનનું પરિમાણ કર્યું છે કે પચાસ યોજનનું ? આવી સ્થિતિમાં તે પચાસ યોજન ઉપર જાય તો વ્રતસાપેક્ષ હોવાથી અતિચાર લાગે. સો યોજન ઉપર જાય તો વ્રતનિરપેક્ષ હોવાથી વ્રતભંગ થાય.

અહીં વૃદ્ધસંપ્રદાય આ પ્રમાણે છે–ઉપરની દિશમાં જે પ્રમાણ કર્યું હોય તેનાથી વધારે દૂર પર્વતના શિખર ઉપર કે વૃક્ષ ઉપર વાંદરો કે પક્ષી વસ્ત્ર કે આભૂષણ લઈને ગયો હોય તો તે લેવા ત્યાં ન જઈ શકાય. જો તે વસ્તુ (વસ્ત્ર કે આભૂષણ) પડી જાય કે બીજો કોઈ લઈ આવે તો લઈ શકાય. અષ્ટાપદ, ગિરનાર વગેરે પર્વતોમાં આવું બને. એ જ પ્રમાણે નીચે કૂવા વગેરેમાં પણ સમજવું. તથા તિર્છી દિશામાં જે પ્રમાણ લીધું હોય તેનું મન-વચન-કાયાથી ઉલ્લંઘન ન કરવું, તથા એક દિશામાંથી બીજી દિશામાં ઉમેરીને ક્ષેત્રવૃદ્ધિ ન કરવી જોઈએ. તે આ પ્રમાણે–કરિયાણું લઈને પૂર્વ દિશા તરફ પરિમાણ લીધું હોય ત્યાં સુધી જાય. પણ ત્યાં સુધીમાં કરિયાણું વેચાયું નહિ, આગળ જાય તો કરિયાણું વેચાય. આથી પશ્ચિમ દિશામાં જેટલા ગાઉ છૂટા હોય તે પૂર્વ દિશામાં ઉમેરી દે. આમ કરવાથી અતિચાર લાગે. જો અજાણતાં પરિમાણનું ઉલ્લંઘન થઈ જાય તો ખ્યાલ આવે એટલે તુરત ત્યાંથી પાછા ફરવું જોઈએ, અથવા આગળ ન વધવું

જોઈએ, અને બીજાને પણ ન મોકલવો જોઈએ, મોકલ્યા વિના બીજો કોઈ ગયો હોય તો તે જે વસ્તુ લાવ્યો હોય તે વસ્તુ ન લેવી જોઈએ. અથવા ભૂલી જવાથી સ્વયં જાય તો ત્યાંથી કોઈ વસ્તુ ન લેવી જોઈએ. (ખ્યાલ આવ્યા પછી પણ આગળ જાય, બીજાને મોકલે, કે નિયમ બહારની વસ્તુ લે તો નિયમ ભંગ થાય.) (૨૦)

**वज्जणमणंतगुंबरिअच्चंगाणं च भोगओ माणं ।**
**कम्मयओ खरकम्माइयाण अवरं इमं भणियं ॥२१॥**

**અતિચાર સહિત પહેલા ગુણવ્રતને કહ્યું. હવે બીજા ગુણવ્રતને કહે છે–**

**ગાથાર્થ–**ભોજનને આશ્રયીને અનંતકાય, ઉદુંબર અને અત્યંગોનું પરિમાણ કરવું, તથા કર્મને આશ્રયીને કઠોર કર્મો આદિનું પરિમાણ કરવું તે બીજું ગુણવ્રત કહ્યું છે.

**ટીકાર્થ–**ઉપભોગ-પરિભોગવ્રત નામનું બીજું ગુણવ્રત ભોજનથી અને કર્મથી એમ બે પ્રકારે છે. તેમાં જે એકવાર ભોગવી શકાય અથવા શરીરની અંદર ભોગવી શકાય તે ઉપભોગ, જેમ કે અશન વગેરે (આહાર) ઉપભોગ છે. વારંવાર ભોગવી શકાય અથવા શરીરની બહાર ભોગવી શકાય તે પરિભોગ. વસ્ત્રાદિનો ઉપયોગ પરિભોગ છે. ઉપભોગ-પરિભોગની વસ્તુઓનું પરિમાણ તે ભોજનસંબંધી ઉપભોગ-પરિભોગવ્રત છે. ઉપભોગ-પરિભોગની વસ્તુઓને મેળવવાના ઉપાયનું-ધંધાનું પરિમાણ તે કર્મસંબંધી ઉપભોગ-પરિભોગવ્રત છે, તેમાં ગાથાના પૂર્વાર્ધથી ભોજનસંબંધી વ્રતને કહે છે– અનંતકાય, ઉદુંબર અને અત્યંગોનું તથા ઉપલક્ષણથી અશનાદિ સર્વ દ્રવ્યોનું પરિમાણ કરવું તે ભોજનસંબંધી ઉપભોગ-પરિભોગ વ્રત છે.

**અનંતકાય–**જૈનશાસનમાં પ્રસિદ્ધ છે. તે આ પ્રમાણે–સઘળી જાતિનાં કંદો, સૂરણકંદ, વજ્રકંદ, લીલી હળદર, લીલી શુંઠ (આદુ), લીલો કચૂરો [1]આદિ.

(સૂરણકંદ વગેરેનો સઘળી જાતિનાં કંદોમાં સમાવેશ થઈ જવા છતાં વિશેષ ઉપયોગમાં આવતા હોવાથી અલગ નિર્દેશ કર્યો છે.)

**ઉદુંબર–**અહીં ઉદુંબર શબ્દથી શાસ્ત્રની પરિભાષા પ્રમાણે વડ, પીપળો, ઉંબર, પ્લક્ષ અને કાકોદુંબરી એ પાંચ[2] વૃક્ષનાં ફળો સમજવા.

**અત્યંગ–**અત્યંગ એટલે વિશિષ્ટ ભોગનાં કારણો કે અવયવો, જેમકે મધ, દારૂ, માંસ [3]વગેરે. અથવા રાત્રિભોજન, પુષ્પમાળા, સ્ત્રી વગેરે.

---

૧.અહીં 'આદિ'શબ્દથી જૈનશાસનમાં પ્રસિદ્ધ ૩૨ અનંતકાયો સમજવા.

૨. આ પાંચ વૃક્ષનાં ફળો ઝીણાત્રસજીવોથી ભરપૂર હોય છે.

૩.અહીં વગેરે શબ્દથી જૈનશાસનમાં પ્રસિદ્ધ ૨૨ અભક્ષ્ય વસ્તુઓ સમજવી.

હવે (ગાથાના ઉત્તરાર્ધથી) કર્મસંબંધી ઉપભોગ-પરિભોગ વ્રતને કહે છે—કર્મ એટલે આજીવિકા માટે આરંભ કરવો. ક્રૂર માણસો કરી શકે તેવા કોટવાલપણું અને જેલના કેદીઓનું રક્ષણ કરવું વગેરે કઠોર આરંભવાળા કાર્યોના ત્યાગ કરવો તે કર્મસંબંધી ઉપભોગ-પરિભોગ વ્રત છે.

મૂળગાથામાં આવેલ આદિ શબ્દથી અંગારકર્મ વગેરે કઠોર કર્મો જાણવા.

અહીં વૃદ્ધસંપ્રદાય આ પ્રમાણે છે—**(ભોજન સંબંધી વૃદ્ધ સંપ્રદાય—)** શ્રાવકે મુખ્યતયા એષણીય(=પોતાના માટે આરંભ કરીને ન બનાવેલ) અને અચિત્ત આહાર કરવો જોઈએ. અનેષણીય(=પોતાના માટે આરંભ કરીને બનાવેલ) આહાર લેવો પડે તો પણ સચિત્તનો ત્યાગ કરવો જોઈએ. સચિત્તનો પણ સર્વથા ત્યાગ ન થઈ શકે તો અનંતકાય, બહુબીજ, મધ વગેરે ચાર મહાવિગઈ, રાત્રિભોજન, દ્વિદળ સાથે કાચી છાશ આદિનું ભોજન વગેરેનો ત્યાગ કરવો જોઈએ. તેમાં અશનમાં આદુ, મૂળા, માંસ વગેરેનો, પાણીમાં માંસરસ, દારૂ વગેરેનો, ખાદિમમાં ઉદુંબરપંચક વગેરેનો, સ્વાદિમમાં મધ વગેરેનો ત્યાગ કરવો જોઈએ. એ પ્રમાણે વસ્ત્ર વગેરે પરિભોગમાં પણ સમજવું. શ્રાવકે જાડાં, સફેદ, અલ્પમૂલ્ય અને પરિમિત વસ્ત્રો પહેરવાં જોઈએ. શાસનપ્રભાવના માટે સુંદર વસ્ત્રો પહેરવાં જોઈએ. (શક્તિ હોય તો) દેવદૂષ્ય વસ્ત્રો પણ પહેરવાં જોઈએ. પણ તેનું આટલાથી વધારે ન વાપરવાં એમ પરિમાણ કરવું જોઈએ.

**(કર્મસંબંધી વૃદ્ધસંપ્રદાય—)** શ્રાવકે જો ધંધા વિના આજીવિકા ન ચાલી શકે તો અતિશય પાપવાળા ધંધાનો ત્યાગ કરવો જોઈએ. અહીં ઉપભોગ-પરિભોગ શબ્દની વ્યાખ્યા આ પ્રમાણે છે—એક પ્રહર સુધી વેપાર થાય તે એકવાર ગણાય ઈત્યાદિ વિવક્ષાથી જે કર્મ એકવાર કરાય તે ઉપભોગ કહેવાય છે. જે વારંવાર કરાય તે પરિભોગ કહેવાય છે. કેટલાકો કર્મમાં ઉપભોગ-પરિભોગ શબ્દનો અર્થ ઘટાવતા નથી.

**પ્રશ્ન—**ઉપભોગ-પરિભોગ પરિમાણ વ્રતમાં ઉપભોગ-પરિભોગની વસ્તુઓનું પરિમાણ આવે, જ્યારે અહીં કર્મનું પરિમાણ પણ જણાવ્યું છે, આનું શું કારણ ?

**ઉત્તર—**કર્મ ઉપભોગ-પરિભોગની વસ્તુઓનું કારણ છે. વેપાર આદિ કર્મ વિના ઉપભોગ-પરિભોગની વસ્તુઓ પ્રાપ્ત ન થાય. (પાપભીરુએ ઉપભોગ-પરિભોગની વસ્તુઓના પરિમાણની જેમ તેના કારણ કર્મનું પણ પરિમાણ કરવું જોઈએ. આથી ઉપભોગ-પરિભોગ પરિમાણ વ્રતમાં કર્મના પરિમાણનો પણ સમાવેશ છે.) (૨૧)

**सच्चित्तं पडिबद्धं, अपउलदुपओलतुच्छभक्खणयं ।**
**वज्जइ कम्मयओऽविय, इत्थं अंगालकम्माइं ॥२२॥**

**બીજા ગુણવ્રતના અતિચારો—**

**ગાથાર્થ**—શ્રાવક બીજા ગુણવ્રતમાં ભોજન સંબંધી પાંચ અને કર્મ સંબંધી પંદર અતિચારોનો ત્યાગ કરે છે. સચિત્ત, સચિત્તસંબદ્ધ, અપક્વ, દુષ્પક્વ અને તુચ્છ એ પાંચ પ્રકારનો આહાર કરવો તે ભોજનસંબંધી પાંચ અતિચાર છે. અંગાર કર્મ આદિ પંદર પ્રકારનો વ્યવસાય કરવો તે કર્મ સંબંધી પંદર અતિચાર છે.

**ટીકાર્થ**—શ્રાવકે મુખ્યતયા ભોજનમાં અચિત્ત આહાર લેવો જોઈએ અને કર્મમાં(=વ્યવસાયમાં) અલ્પ પાપવાળો વ્યવસાય કરવો જોઈએ. આ દૃષ્ટિએ ભોજનમાં પાંચ અને કર્મમાં પંદર અતિચારો છે. તેમાં ભોજનને આશ્રયીને પાંચ અતિચારોને કહે છે—

(૧) **સચિત્ત આહાર**—સચિત્ત એટલે જીવસહિત કંદ (ફળ) વગેરે.

**પ્રશ્ન**—સચિત્તત્યાગી સચિત્ત આહાર કરે તો નિયમભંગ જ થાય. તો અહીં તેને અતિચાર કેમ કહ્યો ?

**ઉત્તર**—અનુપયોગ કે અતિક્રમ આદિથી સચિત્ત આહાર કરે તો વ્રતસાપેક્ષ હોવાથી અતિચાર ગણાય. જો જાણી જોઈને સચિત્ત આહાર કરે તો વ્રતભંગ જ થાય.

(૨) **સચિત્તસંબદ્ધ આહાર**—સચિત્ત વસ્તુ સાથે જોડાયેલી અચિત્ત વસ્તુ સચિત્ત સંબદ્ધ કહેવાય. જેમ કે—સચિત્ત વૃક્ષમાં રહેલ અચિત્ત ગુંદર, પાકાં ફળો વગેરે. (પાકાં ફળોમાં બીજ સચિત્ત છે અને ગર્ભ વગેરે અચિત્ત છે.) આવી વસ્તુ અનાભોગ આદિથી વાપરે તો અતિચાર લાગે. અથવા ખૂજરનો ઠળિયો સચિત્ત હોવાથી ફેંકી દઈશ અને એનો ગર્ભ અચિત્ત હોવાથી ખાઈ જઈશ એમ વિચારી પાકી ખજૂર વગેરે અને ફળ મોઢામાં નાખે તો સચિત્તના ત્યાગીને સચિત્તસંબદ્ધ અતિચાર લાગે.

(૩) **અપક્વ આહાર**—અગ્નિથી નહિ પકાવેલું અપક્વ કહેવાય. અનાભોગથી અપક્વ આહાર કરવાથી અતિચાર લાગે.

**પ્રશ્ન**—નહિ પકાવેલો આહાર સચિત્ત હોય તો પ્રથમ અતિચારમાં તેનો સમાવેશ થઈ જાય છે. તેથી ફરી કહેવું તે અસંગત છે. હવે જો તે અચિત્ત હોય તો કોઈ જાતનો દોષ લાગતો નથી. આથી અપક્વ અતિચાર કહેવાની જરૂર નથી.

**ઉત્તર**—વાત સાચી છે. પણ પ્રથમના બે અતિચારો સચિત્ત કંદ, ફળ વગેરે સંબંધી છે. બાકીના ત્રણ અતિચારો ચોખા આદિ અનાજ(=ધાન્ય) સંબંધી છે. આમ અતિચારોનો વિષય ભિન્ન હોવાથી અતિચાર ભિન્ન છે. અથવા કણિક વગેરે સચિત્ત અવયવોથી મિશ્ર હોવાનો સંભવ હોવા છતાં આ તો પીસાઈ ગયેલું કે ખંડાઈ ગયેલું હોવાથી અચિત્ત છે એમ માનીને કાચી કણિક વગેરે વાપરે તો વ્રતસાપેક્ષ હોવાથી અતિચાર લાગે.

(૪) **દુષ્પક્વ આહાર**—બરોબર નહિ પકાવેલો આહાર દુષ્પક્વ કહેવાય. બરોબર નહિ શેકેલા ઘઉં, મગ વગેરેના દાણા સચિત્ત અવયવોથી મિશ્ર હોવાનો સંભવ હોવા છતાં આ

તો શેકાઈ ગયેલું હોવાથી અચિત્ત છે, એમ માનીને દુષ્પક્વ આહાર કરે તો અતિચાર લાગે.

(૫) **તુચ્છ આહાર**—જેનાથી વિશેષતૃપ્તિ ન થાય-પેટ ન ભરાય તેવો આહાર તુચ્છ છે.

**પ્રશ્ન**—તુચ્છ આહાર અપક્વ, દુષ્પક્વ કે સુપક્વ(=બરોબર પકાવેલ) હોય. તેમાં જો અપક્વ અને દુષ્પક્વ હોય તો તેનો ત્રીજા અને ચોથા અતિચારમાં સમાવેશ થઈ જાય છે. એથી પુનરુક્તિ દોષ લાગે છે. સુપક્વ હોય તો દોષ જ નથી. આથી આ અતિચાર વધારે છે.

**ઉત્તર**—વાત સત્ય છે. પણ જેમ પહેલા બે અને પછીના બે અતિચારો સચિત્તની આપેક્ષાએ સમાન હોવા છતાં (સચિત્ત આહાર અને અપક્વ આહાર સમાન હોવા છતાં તથા સચિત્તસંબદ્ધ આહાર અને દુષ્પક્વ આહાર સમાન હોવા છતાં) પહેલા બે અતિચારો કંદ, ફળ વગેરે સંબંધી હોવાથી અને પછીના બે અતિચારો અનાજ સંબંધી હોવાથી વિષયભેદના કારણે પહેલા બે અને પછીના બે અતિચારોમાં વિશેષતા છે, તેમ અહીં (અપક્વ, દુષ્પક્વ અને તુચ્છ એ ત્રણમાં) સચિત્તની અપેક્ષાએ અને વિષયની(-અનાજની) અપેક્ષાએ સમાનતા હોવા છતાં, તુચ્છતા અને અતુચ્છતાની અપેક્ષાએ ભેદ છે. અર્થાત્ અપક્વ આહાર અને દુષ્પક્વ આહાર એ બે અતિચાર અતુચ્છ (તૃપ્તિ થાય તેવા) આહારના છે. જ્યારે તુચ્છ આહાર રૂપ અતિચાર તુચ્છ આહાર સંબંધી છે. કોમળ મગની શિંગો વગેરેથી વિશેષ તૃપ્તિ નહિ થતી હોવાથી(=પેટ નહિ ભરાતું હોવાથી) તુચ્છ છે. તુચ્છ સચિત્તવસ્તુ અનાભોગ આદિથી વાપરવામાં આવે તો અતિચાર લાગે. અથવા શ્રાવક અતિશય પાપભીરુ હોવાથી સચિત્ત આહારનો ત્યાગી હોય. આથી શ્રાવક અતુચ્છ (તૃપ્તિ કરે તેવા) આહારને અચિત્ત કરીને વાપરે તો તે યોગ્ય ગણાય. કારણ કે તેણે સચિત્તવસ્તુનો ત્યાગ કર્યો છે, અચિત્તવસ્તુનો નહિ. પણ તુચ્છ(=તૃપ્તિ ન કરે તેવો) આહાર લોલુપતાના કારણે અચિત્ત કરીને વાપરે તો તે યોગ્ય ન ગણાય, આથી અતિચાર લાગે. યદ્યપિ અચિત્ત તુચ્છ વસ્તુ ખાવામાં બહારથી(-દ્રવ્યથી) નિયમનો ભંગ થયો નથી, પણ ભાવથી વિરતિની વિરાધના થઈ છે. (કારણ કે તેમાં લોલુપતા રહેલી છે, અને તેવી વસ્તુથી પેટ નહિ ભરાતું હોવાથી નિરર્થક વધારે જીવહિંસાદિ પાપ લાગે છે) એ પ્રમાણે રાત્રિભોજન, માંસ આદિનો નિયમનો પણ અનાભોગ આદિથી ભંગ થાય તો અતિચાર લાગે.

બીજા ગુણવ્રતમાં કર્મસંબંધી પંદર અતિચારો થાય છે. તે આ પ્રમાણે છે—(૧-૫) અંગારકર્મ, વનકર્મ, શકટકર્મ, ભાટકકર્મ, સ્ફોટકકર્મ, (૬-૧૦) દંતવાણિજ્ય, લાક્ષા-વાણિજ્ય, રસવાણિજ્ય, વિષવાણિજ્ય, કેશવાણિજ્ય, (૧૧-૧૫) યંત્રપીલણ, નિર્લાંછન, દવદાન, જલશોષણ, અસતીપોષણ. આ અતિચારોનો ત્યાગ કરે. આ અતિચારોનો ભાવાર્થ વૃદ્ધસંપ્રદાયથી આ પ્રમાણે છે—

(૧) [1]**અંગારકર્મ**—લાકડાં બાળીને કોલસા બનાવવા અને વેચવા તે અંગારકર્મ. તથા અગ્નિની અને અગ્નિ દ્વારા બીજા જીવોથી પણ જેમાં વિરાધના થાય તે ભઠ્ઠી વગેરે પણ અંગારકર્મ છે. તેમાં છ નિકાયના જીવોની હિંસા થતી હોવાથી તે શ્રાવકને ન કલ્પે.

(૨) **વનકર્મ**—વનને વેચાતું લઈને તેમાં રહેલાં વૃક્ષો, પાંદડાં, ફળ વગેરે કાપીને વેચવા દ્વારા આજીવિકા ચલાવવી તે વનકર્મ. હિંસાનું કારણ હોવાથી આ વ્યવસાય પણ શ્રાવકને ન કલ્પે.

(૩) **શકટકર્મ**—ગાડું વગેરે ચલાવીને જીવન-નિર્વાહ કરવો તે શકટકર્મ. આમાં બળદ આદિને બાંધવા પડે, મારવા પડે વગેરે અનેક દોષો લાગે. (ગાડું વગેરે તથા તેના પૈડાં વગેરે અવયવો સ્વયં તૈયાર કરીને વેચવા એ પણ શકટકર્મ છે.)

(૪) **ભાટકકર્મ**—પોતાના ગાડાં વગેરેમાં બીજાનો માલ ભાડાથી લઈ જવો, અથવા ગાડું વગેરે વાહનો કે બળદ વગેરે બીજાને ભાડે આપવાં તે ભાટકકર્મ.

(૫) **સ્ફોટકકર્મ**—વાવ, તળાવ વગેરે બનાવવા પૃથ્વીને ખોદવી-ફોડવી, અથવા હળથી ભૂમિ ખેડવી તે સ્ફોટકકર્મ. (જેમાં પૃથ્વીકાયની અને તેના દ્વારા વનસ્પતિકાય વગેરે જીવોની હિંસા થાય તેવાં પથ્થરો ફોડવા વગેરે કાર્યો પણ સ્ફોટકકર્મ છે.)

(૬) **દંતવાણિજ્ય**—(પ્રાણીના દાંત વગેરે અંગોનો વેપાર કરવો તે દંતવાણિજ્ય.) દાંત વગેરે અંગોને એકઠાં કરનાર ભીલ વગેરેને પહેલેથી જ પૈસા આપીને અમુક સમયે હું માલ લેવા આવીશ એમ કહેવાથી વેપારી સમયસર માલ લેવા આવશે એમ વિચારી તે લોકો હાથી વગેરે પ્રાણીઓને મારીને દાંત વગેરે તૈયાર રાખે. એ પ્રમાણે શંખના કાર્યકરોને શંખનું મૂલ્ય પહેલેથી આપે, અથવા પૂર્વે લાવેલા શંખોને ખરીદે. (દાંત વગેરેના મૂળ ઉત્પાદકો કે સંગ્રાહકો પાસેથી માલ લેવાથી આ અતિચાર લાગે. પણ વેપારી પાસેથી લેવાથી અતિચાર ન લાગે.)

(૭) **લાક્ષાવાણિજ્ય**—લાક્ષા એટલે લાખ. લાખના રસમાં કીડા ઉત્પન્ન થતા હોવાથી શ્રાવકે તેનો વેપાર ન કરવો જોઈએ. (લાખના ઉપલક્ષણથી જેમાં બહુ હિંસા થાય તેવી મનઃશીલ, ગળી, ધાતકી, ટંકણખાર વગેરેનો વ્યાપાર પણ ન કરવો જોઈએ. ટંકણખાર અને મનઃશીલ ત્રસજીવોના ઘાતક છે. ગળી બનાવવામાં અનેક જીવની હિંસા થાય છે. ધાતકીનાં પાંદડાં, ફૂલો વગેરેમાંથી દારૂ બને છે, તેના રસમાં કીડા ઉત્પન્ન થાય છે. આથી આ વસ્તુઓનો વેપાર પાપનું ઘર છે.)

(૮) **રસવાણિજ્ય**—માખણ, ચરબી, મધ, દારૂ વગેરે રસોનો વેપાર રસવાણિજ્ય છે. માખણ છાશથી છૂટું પડતાં તેમાં અંતર્મુહૂર્તમાં જ અસંખ્ય સંમૂર્છિમ જીવો ઉત્પન્ન થાય છે.

---

૧. પંદર કર્માદાનનું વર્ણન પંચાશક ગ્રંથની ટીકામાં બહુ જ સંક્ષેપમાં હોવાથી અહીં યોગશાસ્ત્રના આધારે કંઈક વિસ્તૃત લખ્યું છે.

મધ અને ચરબી જીવહિંસાથી ઉત્પન્ન થાય છે. દારૂ નશો કરે છે. આથી દારૂ પીધેલા લોકો બીજાને મારી નાખે છે કે બીજાઓ સાથે મારામારી, ક્લેશ-કંકાસ આદિ કરે છે. આથી દારૂથી અનેક અનર્થો થાય છે.

(૯) **કેશવાણિજ્ય**–અહીં કેશ શબ્દથી કેશવાળા જીવો સમજવા. કેશવાળા દાસ, દાસી, ગુલામ, ગાય, બળદ, હાથી, ઘોડા વગેરે જીવોનો વેપાર તે કેશવાણિજ્ય છે. આનાથી તે તે જીવોને પરાધીનતા, માર, બંધન, ક્ષુધા, તૃષા, પરિશ્રમ વગેરે અનેક દુઃખો થતાં હોવાથી કેશવાણિજ્ય ત્યાજ્ય છે.

(૧૦) **વિષવાણિજ્ય**–કોઈપણ જાતના ઝેરનો વેપાર વિષવાણિજ્ય છે. ઝેર અનેક જીવોના પ્રાણનાશનું કારણ છે. ઝેરના ઉપલક્ષણથી હિંસક શસ્ત્રોનો વેપાર પણ વિષવાણિજ્ય છે.

(૧૧) **યંત્રપીલન**–તલ, શેરડી આદિ પીલવાનાં યંત્રોથી તલ, શેલડી આદિ પીલવું. તલ આદિ પીલવાથી તલ આદિના જીવોનો અને તેમાં પડેલા ત્રસ જીવોનો ઘાત થાય છે.

(૧૨) **નિર્લાંછનકર્મ**–ગાય વગેરે પ્રાણીઓના શરીરનાં અંગો છેદવાનો ધંધો તે નિર્લાંછનકર્મ. જેમકે–કાન વીંધવાં, શરીરે ચિહ્નો કરવાં, ખસી કરવી, ડામ દેવો વગેરે. આમ કરવાથી તે તે જીવોને દુઃખ થાય છે એ સ્પષ્ટ જોવામાં આવે છે.

(૧૩) **દવદાન**–વનને બાળવું તે દવદાન. જુનું ઘાસ બાળી નાખવાથી ત્યાં નવું ઘાસ ઉગે એ બુદ્ધિથી કે [૧]ધર્મબુદ્ધિથી (કે બીજા કોઈ કારણથી) દવદાન કરવું તે પાપ છે. જેમકે, ઉત્તરાપથ દેશમાં દવદાન કરવામાં આવે છે. ત્યાં જૂનું ઘાસ બળી જતાં નવું ઘાસ ઉગે છે. દવદાન કરવાથી અગ્નિના જીવોની વિરાધના થાય અને બીજા લાખો જીવો અગ્નિમાં બળીને મરી જાય છે.

(૧૪) **જલશોષણ**–ધાન્ય વાવવા માટે (કે બીજા કોઈ કારણથી) તળાવ વગેરેનું પાણી સૂકવી દેવું તે જલશોષણ. આમ કરવાથી પાણીના જીવોનો અને પાણીમાં રહેલા જીવોનો નાશ થાય.

(૧૫) **અસતીપોષણ**–પૈસા કમાવવા માટે દુરાચારિણી દાસી, વેશ્યા વગેરેનું તથા હિંસક મેના, પોપટ, બિલાડી, શ્વાન, કુકડો, મોર વગેરે પ્રાણીઓનું પોષણ કરવું તે અસતીપોષણ છે. આમ કરવાથી દુરાચાર અને હિંસાદિ પાપોનું પોષણ થાય છે.

કર્મસંબંધી અતિચારો પંદર જ છે એવું નથી. અહીં બતાવેલા પંદર અતિચારો દિશાસૂચનમાત્ર છે. આથી બીજા પણ આવાં બહુ પાપવાળાં કાર્યો અતિચાર તરીકે સમજી લેવા.

---

૧. કેટલાક અજ્ઞાન જીવો દવદાનથી પુણ્ય થાય એવું માનનારા હોય છે.

**પ્રશ્ન**—દરેક વ્રતમાં પાંચ પાંચ અતિચાર કહ્યા છે. જ્યારે આ વ્રતમાં વીસ અતિચાર કહ્યા છે. આનું શું કારણ ?

**ઉત્તર**—દરેક વ્રતમાં જણાવેલ અતિચારોની પાંચ સંખ્યાથી બીજા પણ વ્રતના પરિણામને મલિન બનાવનારા દોષો અતિચાર રૂપ છે એમ સમજી લેવું એ સૂચન કરવા અહીં વીશ અતિચારો જણાવ્યા છે. આથી દરેક વ્રતમાં સ્મૃતિ અંતર્ધાન (લીધેલું વ્રત ભૂલી જવું) વગેરે અતિચારો પણ યથાસંભવ જાણી લેવા.

**પ્રશ્ન**—અંગારકર્મ વગેરે અતિચારો કયા વ્રતમાં છે ? જો ખરકર્મ વ્રતમાં હોય તો વ્રત અને અતિચારોમાં કશો ભેદ પડતો નથી. કારણ કે આ અતિચારો ખરકર્મ રૂપ છે.

**ઉત્તર**—અંગારકર્મ વગેરે ખરકર્મ રૂપ જ છે. આથી કર્મ સંબંધી વ્રત લેનારે અંગારકર્મ આદિનો ત્યાગ કરવો જોઈએ. અનુપયોગ, અજ્ઞાનતા આદિથી થઈ જાય તો અતિચાર લાગે. પણ જો જાણીને કરે તો વ્રતભંગ જ થાય. (૨૨)

**तहऽणत्थदंडविरई, अण्णं स चउव्विहो अवज्झाणे ।**
**पमयायरिए हिंसप्पयाणपावोवएसे य ॥२३॥**

**અતિચાર સહિત બીજા ગુણવ્રતને કહ્યું. હવે ત્રીજા ગુણવ્રતને કહે છે—**

**ગાથાર્થ**—તથા ત્રીજું ગુણવ્રત અનર્થદંડવિરતિ છે. અનર્થદંડના અપધ્યાન, પ્રમાદાચરણ, હિંસાપ્રદાન અને પાપોપદેશ એમ ચાર ભેદ છે.

**ટીકાર્થ**—જેનાથી આત્મા દંડાય તે દંડ. જીવહિંસાદિ પાપથી આત્મા દંડાય છે માટે જીવહિંસાદિ પાપ દંડ છે. દંડના અર્થદંડ અને અનર્થદંડ એમ બે પ્રકાર છે. અર્થ એટલે કારણ. અનર્થ એટલે કારણ વિના. કુટુંબપોષણ તથા સ્વજીવનનિર્વાહ આદિ કારણથી જે પાપો કરવાં પડે તે અર્થદંડ. કારણ વિના જે પાપો થાય તે અનર્થદંડ. અહીં બતાવેલાં અશુભધ્યાન વગેરે ચાર પાપોની જીવનનિર્વાહમાં જરૂર પડતી નથી. એ પાપો વિના જીવનનિર્વાહ થઈ શકે છે. આથી અશુભધ્યાન વગેરે અનર્થદંડ છે. અપધ્યાન આદિનો અર્થ આ પ્રમાણે છે—

**અપધ્યાન**—નિરર્થક અશુભ વિચારો કરવા તે અપધ્યાન. જેમ કે—

**"સાર્થ ક્યારે જાય છે ? ક્યાં કયું કરિયાણું છે ? અમુક જમીન કેટલી છે ? ખરીદ-વેચાણનો કાળ કયો છે ? આમ નિરર્થક કોણે ક્યાં શું કર્યું ? એવી વિચારણા અપધ્યાન છે."**

**પ્રમાદાચરણ**—પ્રમાદના મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા એમ પાંચ ભેદ છે. પ્રમાદને આધીન બની જે કાર્ય કરવામાં આવે તે પ્રમાદાચરણ કહેવાય. આળસથી તેલ અને ઘીનાં વાસણો ઉઘાડાં રાખવાં વગેરે. આવું પ્રમાદાચરણ જીવઘાતનું કારણ છે.

**હિંસાપ્રદાન**—જેનાથી હિંસા થાય તેવી હથિયાર, અગ્નિ, હળ, વિષ વગેરે વસ્તુ બીજાને આપવી.

**પાપોપદેશ**—અહીં પાપ એટલે પાપનું કારણ ખેતી આદિ કાર્ય, તેનો ઉપેદશ આપવો એટલે તેમાં પ્રવર્તાવવું, અર્થાત્ ખેતીનો સમય થઈ ગયો છે માટે તમે ખેતી શરૂ કરો વગેરે બીજાને પાપકાર્યનો ઉપદેશ આપીને પાપમાં પ્રવર્તાવવો. (૨૩)

**कंदप्पं कुक्कुइयं, मोहरियं संजुयाहिगरणं च ।**
**उवभोगपरीभोगाइरेगयं चेत्थ वज्जेइ ॥२४॥**

**અહીં ત્રીજા ગુણવ્રતના અતિચારો કહે છે—**

**ગાથાર્થ**—શ્રાવક ત્રીજા ગુણવ્રતમાં કંદર્પ, કૌત્કુચ્ય, મૌખર્ય, સંયુક્તાધિકરણ અને ઉપભોગપરિભોગાતિરેકતા એ પાંચ અતિચારોનો ત્યાગ કરે છે.

**ટીકાર્થ**—(૧) **કંદર્પ**—કંદર્પ એટલે કામ. કામનું કારણ બને તેવો વચનપ્રયોગ પણ કામ છે. અથવા મોહને પ્રદીપ્ત કરે તેવી ક્રિયા કામ છે. અહીં સામાચારી આ પ્રમાણે છે—શ્રાવકે અટ્ટહાસ્ય ન કરવું જોઈએ-જોરથી ખડખડાટ હસવું યોગ્ય નથી. હસવું આવી જાય તો સામાન્ય મોઢું મલકે તેમ હસવું જોઈએ.

(૨) **કૌત્કુચ્ય**—મુખ, આંખ વગેરે શરીરનાં અંગોને વિકૃત કરીને ભાંડ લોકો કરે તેવી ચેષ્ટા કરવી, જેથી બીજાને હસવું આવે, તે કૌત્કુચ્ય છે. જેનાથી બીજાને હસવું આવે તેવી વાણી બોલવી કે બેસવા-ઊઠવાની અને ચાલવાની ક્રિયા કરવી એ શ્રાવકને યોગ્ય નથી.

કંદર્પ અને કૌત્કુચ્ય એ બે દોષો પ્રમાદ રૂપ હોવાથી પ્રમાદાચરણવ્રતના અતિચારો છે.

**મૌખર્ય**—મૌખર્ય એટલે વિચાર્યા વિના જેમ તેમ બહુ બોલવાની ટેવ. આ અતિચાર પાપોપદેશવ્રતનો છે. કારણ કે તેવી ટેવથી પાપોપદેશ થવાનો (બહુ) સંભવ છે.

(૪) **સંયુક્તાધિકરણ**—જેનાથી આત્મા દુર્ગતિમાં જાય તે અધિકરણ. કુહાડો, ખાંડણીયું, ઔષધ વગેરે વાટવાનો પથ્થર, ઘંટી વગેરે સાધનોથી જીવહિંસા દ્વારા દુર્ગતિ થતી હોવાથી તે સાધનો અધિકરણ છે. હિંસક સાધનોને ગોઠવીને (જોડેલાં) તૈયાર રાખવાં તે સંયુક્તાધિકરણ છે. તેમાં સામાચારી આ છે—શ્રાવકે ગાડું વગેરે સંયુક્ત ન રાખવા જોઈએ. જેમ કે—ખાંડણિયા સાથે સાંબેલું, હળ સાથે ફળિયું-કોશ, ગાડા સાથે ધોંસરી, ધનુષ સાથે બાણ જોડીને તૈયાર ન રાખવાં. હિંસક સાધનો તૈયાર રાખવાથી બીજાઓ લઈ જાય, કે માગવા આવે ત્યારે આપવાં પડે. પણ જો તૈયાર ન હોય તો લે નહિ, માગે તો તૈયાર નથી એમ કહીને ના પાડી શકાય. આ અતિચાર હિંસાપ્રદાન રૂપ અનર્થદંડનો છે.

(૫) **ઉપભોગ-પરિભોગાતિરેકતા**—પોતાને અને પોતાના કુટુંબને જરૂર પડે તેનાથી અધિક ઉપભોગ-પરિભોગની સામગ્રી રાખવી તે ઉપભોગ-પરિભોગાતિરેકતા છે. અહીં

પણ સામાચારી આ પ્રમાણે છે—શ્રાવક તેલ-આમળાં (-સાબુ) ઘણાં રાખે તો તેના લોભથી ઘણા લોકો સ્નાન કરવા તળાવ આદિ સ્થળે જાય. તેથી પાણીના જીવોની અને તેમાં રહેલા પોરા વગેરે જીવોની અધિક વિરાધના થાય. એ પ્રમાણે તંબોલપાન આદિ વિષે પણ સમજવું. આથી શ્રાવકે તેવી સામગ્રી જરૂરિયાત કરતાં વધારે ન રાખવી જોઈએ.

**પ્રશ્ન**—શ્રાવકને સ્નાન કરવાનો વિધિ શો છે ?

**ઉત્તર**—મુખ્યતયા શ્રાવકે ઘરે જ સ્નાન કરવું જોઈએ. ઘરે સ્નાન કરવાની અનુકૂળતા ન હોય તો ઘરે તેલ-આમળાથી માથું ઘસીને માથા ઉપરથી તેલ-આમળાં ખંખેરીને તળાવ વગેરે સ્થળે જાય. ત્યાં તળાવ આદિના કિનારે બેસીને અંજલિથી (ખોબા ભરીને) સ્નાન કરે. (અર્થાત્ તળાવ આદિમાં પ્રવેશીને સ્નાન ન કરે તથા બહુ પાણી ન વાપરે.) તથા જેમાં કુંથુઆ વગેરે જીવો હોય તેવાં પુષ્પો વગેરેનો ઉપયોગ ન કરવો જોઈએ. આ અતિચાર પ્રમાદાચરણ અનર્થદંડ સંબંધી છે. કારણ કે એ ઈન્દ્રિયોના વિષયસંબંધી હોવાથી પ્રમાદરૂપ છે.

અશુભધ્યાનના નિયમમાં અનાભોગ આદિથી અશુભધ્યાન થઈ જાય તો અતિચાર લાગે.

ઈરાદાથી કંદર્પ વગેરે કરવામાં આવે તો નિયમભંગ જ થાય. (૨૪)

**सिक्खावयं तु एत्थं, सामाइयमो तयं तु विण्णेयं ।**
**सावज्जेयरजोगाण वज्जणासेवणारूवं ॥२५॥**

**અતિચાર સહિત ત્રીજું ગુણવ્રત કહ્યું. તે કહેવાયે છતે ગુણવ્રતો કહ્યાં. હવે શિક્ષાવ્રતો કહેવાય છે. અભ્યાસની પ્રધાનતાવાળાં વ્રતો તે શિક્ષાવ્રતો, અર્થાત્ વારંવાર સેવવા યોગ્ય વ્રતો તે શિક્ષાવ્રતો, તે વ્રતો સામાયિક વગેરે ચાર છે. તેમાં સામાયિકવ્રતને કહે છે—**

**ગાથાર્થ**—શ્રાવકધર્મમાં પહેલું શિક્ષાવ્રત સામાયિક છે. અમુક કાળ સુધી સાવદ્ય (પાપવાળાં) કાર્યોનો ત્યાગ કરવો અને નિરવદ્ય (પાપરહિત) કાર્યો કરવાં તે સામાયિક છે, અર્થાત્ પાપકાર્યોનો ત્યાગ કરીને ધર્મપ્રવૃત્તિ કરવી તે સામાયિક છે.

**ટીકાર્થ**—સમનો એટલે કે રાગ-દ્વેષથી રહિત જીવનો આય=લાભ તે સમાય. સમ(=રાગ-દ્વેષથી રહિત) આત્મા પ્રતિક્ષણ અનુપમ સુખનાં કારણ તથા ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષને પણ હલકા કરે તેવા અપૂર્વ જ્ઞાન-દર્શન-ચારિત્રના પર્યાયોથી જોડાય છે. જે ક્રિયાનુષ્ઠાનનું પ્રયોજન સમાય છે તે સામાયિક. તે સામાયિક અમુકકાળ સુધી સાવદ્ય(=પાપવાળાં કાર્યોના ત્યાગ સ્વરૂપ અને નિરવદ્ય(=પાપરહિત) કાર્યોના આચરણ સ્વરૂપ છે. આથી સામાયિકમાં દ્વિવિધ-ત્રિવિધે (મન-વચન-કાયાથી ન કરવું અને ન કરાવવું એ રીતે) સર્વ પાપોનો ત્યાગ કરીને સ્વાધ્યાય આદિ (જ્ઞાન-દર્શન-ચારિત્રની) આરાધના

કરવી જોઈએ.

**સામાયિકમાં જિનપૂજાદિનો નિષેધ**–કેટલાક માને છે કે સામાયિકમાં જિનમૂર્તિનું પ્રક્ષાલન-પૂજન વગેરે કાર્યો કરવામાં દોષ નથી. કારણ કે તે કાર્યો નિરવદ્યયોગ છે. સાવદ્યયોગનું લક્ષણ (આવશ્યક નિર્યુક્તિ ગા. ૧૦૫૧માં) આ પ્રમાણે છે–

**"જે નિંદ્ય કાર્ય હોય તે અવદ્ય(=પાપ) છે. અથવા ક્રોધાદિ ચાર કષાયો અવદ્ય છે. અવદ્યથી યુક્ત વ્યાપાર સાવદ્યયોગ છે. તે સાવદ્યયોગનું પ્રત્યાખ્યાન થાય છે."**

જિનપ્રક્ષાલન આદિ કાર્યો ગર્હિત ન હોવાથી સાવદ્ય નથી. આનો ઉત્તર આ પ્રમાણે છે– (૧) જિનપ્રક્ષાલન વગેરે કાર્યો ગર્હિત ન હોવાના કારણે સાવદ્ય નથી એમ માનવામાં આવે તો સાધુઓએ પણ જિનપ્રક્ષાલન આદિ કાર્યો કરવાં જોઈએ. કારણ કે સાધુ અને શ્રાવક માટે સાવદ્યની વ્યાખ્યા અલગ નથી. અર્થાત્ જે શ્રાવક માટે સાવદ્ય છે તે સાધુ માટે પણ સાવદ્ય છે. જે શ્રાવક માટે સાવદ્ય ન કહેવાય તે સાધુ માટે પણ સાવદ્ય ન કહેવાય. આથી જે કાર્ય સામાયિકવાળા ગૃહસ્થથી થઈ શકે તે કાર્ય સાધુથી પણ થઈ શકે. (૨) सामाइयंमि उ कए, समणो इव सावओ हवइ जम्हा । एएण कारणेणं बहुसो सामाइयं कुज्जा ॥

**(=સામાયિક કરવાથી શ્રાવક સાધુના જેવો થાય છે. માટે બહુવાર સામાયિક કરવું.)** આ ગાથામાં સામાયિકવાળા શ્રાવકને સાધુ જેવો કહ્યો છે. સામાયિકમાં જિનપ્રક્ષાલન આદિ કરે તો સાધુની સાથે સમાનપણું શી રીતે ઘટે? કારણ કે સાધુઓને જિનપ્રક્ષાલન આદિ કરવાનો અધિકાર નથી. (૩) જિનપ્રક્ષાલન આદિ શરીરને સ્વચ્છ અને સુશોભિત બનાવીને કરવામાં આવે છે, જ્યારે સામાયિક વિભૂષાનો ત્યાગ કરીને કરવામાં આવે છે. (૪) સામાયિક ભાવસ્તવ છે. જિનપ્રક્ષાલનાદિ દ્રવ્યસ્તવ છે. ભાવસ્તવની પ્રાપ્તિ થયા પછી દ્રવ્યસ્તવ કરવાની જરૂર નથી. ભાવસ્તવની પ્રાપ્તિ માટે જ દ્રવ્યસ્તવ કરવાનું વિધાન છે. (૫) જો સામાયિકમાં જિનપ્રક્ષાલન આદિ કરવું જોઈએ, તો જિનમંદિર માટે બગીચો બનાવવો, બગીચાને પાણી પાવું, ભગવાન સમક્ષ ગાયન, નૃત્ય વગેરે પણ કરવું જોઈએ એમ કોઈ પણ જાતના વાંધા વિના માનવું પડશે. કારણ કે તમારા કહેવા પ્રમાણે તે કાર્યો પણ નિરવદ્ય-પાપ રહિત છે. (૬) શાસ્ત્રમાં સામાયિકના આચારોનું વર્ણન આવે છે ત્યાં સામાયિકમાં જિનપ્રક્ષાલનાદિ કાર્યો કરવામાં દોષ નથી." એવું વચન કે એવા ભાવનું સૂચન કરનાર બીજું કોઈ વચન દેખાતું નથી, પણ સામાયિકવાળો શ્રાવક સાધુ જેવો છે એવું વચન દેખાય છે.

**સામાયિક લેવાનો વિધિ**–શ્રાવકના ધનાઢ્ય અને અલ્પ ધનવાળા એવા બે ભેદ છે. અલ્પધનવાળો શ્રાવક જિનમંદિરમાં, [1]સાધુ પાસે, ઘરમાં, પૌષધશાળામાં કે પોતે જ્યાં

---

૧.પૂર્વકાળમાં જિનમંદિરની તદ્દન પાસે વ્યાખ્યાન આદિ માટે સભામંડપ રહેતો હતો. ત્યાં સામાયિક કરવાનો વિધિ છે. હાલ સભામંડપની પ્રથા ન હોવાથી તે વિધિ નથી.

શાંતિથી બેસતો હોય કે આરામ કરતો હોય તે સ્થાનમાં સામાયિક કરે, પણ મુખ્યતયા જિનમંદિર, સાધુ પાસે, પૌષધશાળા અને ઘર એ ચાર સ્થાનોમાં સામાયિક કરે. તેમાં જો સાધુ પાસે સામાયિક કરે તો તેનો વિધિ આ પ્રમાણે છે—જો શત્રુ આદિથી ભય ન હોય, કોઈની સાથે તકરાર ન હોય, કોઈનો દેવાદાર ન હોય, દેવાદાર હોય પણ લેણદાર સામાયિકનો ભંગ ન થાય એટલા માટે પકડે તેવો ન હોય, રસ્તામાં વેપાર ન કરે, તો શ્રાવક ઘરે સામાયિક લઈને ગુરુ પાસે જાય. ગુરુ પાસે જતાં રસ્તામાં સાધુની જેમ ઈર્યાસમિતિનું પાલન કરે, સાવદ્ય ભાષાનો ત્યાગ કરે, કાષ્ઠ, ઢેફાં વગેરેની જરૂર પડે તો જોઈને, પૂંજીને અને યાચીને લે, કોઈ વસ્તુ લેવા-મૂકવામાં નિરીક્ષણ કરીને પ્રમાર્જન કરે, રસ્તામાં શ્લેષ્મ, થૂંક વગેરે ન કાઢે, કાઢે તો જગ્યાને જોઈને પ્રમાર્જીને કાઢે, જ્યાં ઊભો રહે ત્યાં પણ ગુપ્તિનું પાલન કરે.

આ રીતે સમિતિ-ગુપ્તિના પાલનપૂર્વક ગુરુ પાસે જઈને મન-વચન-કાયાથી સાધુઓને નમસ્કાર કરીને કરેમિ ભંતે સૂત્રનો પાઠ બોલીને સામાયિક કરે. પછી ઈરિયાવહી કરી ગમણાગમણે આલોવીને (રસ્તામાં લાગેલા દોષોની અલોચના કરીને) આચાર્ય વગેરે બધા સાધુઓને દીક્ષાપર્યાયથી મોટાના ક્રમથી વંદન કરે. પછી ફરી ગુરુને વંદન કરીને બેસવાની જગ્યા પૂંજીને બેસે અને ગુરુને પ્રશ્નો પૂછે કે પાઠ કરે. જિનમંદિરમાં સામાયિક કરે તો પણ આ વિધિ સમજવો. પૌષધશાળામાં કે ઘરમાં સામાયિક કરે તો બીજે જવાનું ન હોય. (આથી ઘરેથી જવા વગેરેનો વિધિ પણ ન હોય.) આ પ્રમાણે અલ્પ ધનવાળા શ્રાવક માટે સામાયિકનો વિધિ કહ્યો. ધનાઢ્ય શ્રાવક સર્વ પ્રકારના આડંબર સહિત સામાયિક કરવા જાય.

[[1]રાજા, શેઠ વગેરે ધનાઢ્ય શ્રાવક માટે સામાયિકનો વિધિ આ પ્રમાણે છે—રાજા હોય તો ઉત્તમ હાથી ઉપર બેઠેલો હોય, છત્ર, ચામર વગેરે રાજચિહ્નોથી અલંકૃત હોય, હાથી, ઘોડા પાયદળ અને રથ એ ચતુરંગ સૈન્યથી સહિત હોય, ભેરી આદિ ઉત્તમ વાજિંત્રોનો નાદ થતો હોય, બંદીજનો બિરુદાવલી ગાતા હોય, અનેક સામંત રાજાઓ અને માંડલિક રાજાઓ સ્પર્ધાપૂર્વક રાજાના દર્શન કરતા હોય, નગરના લોકો ''આ મહાન ધર્માત્મા છે'' એવી શ્રદ્ધાપૂર્વક આંગળીથી બીજાઓને રાજાનું દર્શન કરાવતા હોય, નગરના લોકો ''આપણે પણ આવો ધર્મ ક્યારે કરીશું ?'' એમ ધર્મના મનોરથો કરી રહ્યા હોય, રાજા પણ નગરલોકોના અંજલિબદ્ધ પ્રણામોની અનુમોદના કરતો હોય, ''અહો ! આ ધર્મ ઉત્તમ છે, જેની રાજા જેવાઓ પણ આરાધના કરે છે.' એ પ્રમાણે સામાન્ય લોકો ધર્મપ્રશંસા કરતા હોય, આવા આડંબરપૂર્વક જિનમંદિરે[2] કે સાધુ જ્યાં હોય ત્યાં જાય.]

---

૧. કાઉંસનું લખાણ યોગશાસ્ત્રના આધારે છે.

૨. અહીં સામાયિક લેવાનો વિધિ હોવા છતાં ધનાઢ્ય શ્રાવકે જિનદર્શન કરવા પણ આડંબર પૂર્વક જવું જોઈએ એ સૂચવવા અહીં જિનમંદિરનો પણ ઉલ્લેખ કર્યો છે.

આડંબરપૂર્વક સામાયિક કરવા જવાથી લોકો ધર્મપ્રત્યે શ્રદ્ધાવાળા બને અને સાધુઓનો પણ આદર થાય. આદર પામેલા સાધુઓ પાસે સારા સારા લોકો આવે અને તેમના સેવક બને. જો સામાયિક કરીને સાધુ પાસે જાય તો અશ્વ, હાથી વગેરે અધિકરણ બને, આથી આડંબરપૂર્વક ન જઈ શકાય. તથા પગે ચાલીને જવું પડે. આથી ધનાઢ્ય શ્રાવક ઘરેથી સામાયિક કરીને ન જાય.

આ રીતે આડંબરથી સામાયિક લેવા આવનાર જો શ્રાવક હોય તો કોઈ સાધુ ઊભા થઈને તેનો આદર ન કરે, પણ જો ભદ્રક હોય તો તેનો સત્કાર થાય એ માટે પહેલેથી આસન ગોઠવી રાખે અને આચાર્ય એના આવ્યા પહેલાં ઊભા થઈ જાય. જો રાજા આવે ત્યારે ઊભા થાય તો ગૃહસ્થોનો આદર કરવાથી દોષ લાગે, અને જો ઊભા ન થાય તો રાજાને ખોટું લાગે. આથી આ દોષ ન લાગે એટલા માટે રાજા આવે એ પહેલાં જ આસન ગોઠવી રાખે અને આચાર્ય મહારાજ ઊભા થઈ જાય.

ધનાઢ્ય શ્રાવક આ પ્રમાણે આડંબરથી સાધુ પાસે આવીને 'કરેમિ ભંતે' સૂત્રનું ઉચ્ચારણ કરીને સામાયિક કરે. પછી ઈરિયાવહિયા કરીને પૂર્વની જેમ (સામાન્ય શ્રાવકસંબંધી સામાયિકવિધિમાં કહ્યું તેમ) વંદનવિધિ કરીને ગુરુને પ્રશ્નો પૂછે કે પાઠ કરે. રાજા સામાયિક કરતી વખતે મુગુટ, કુંડલ અને નામમુદ્રા (-નામવાળી વીંટી) થોડે દૂર રાખે અને પુષ્પ, તાંબૂલ, ઉત્તરીય વસ્ત્ર આદિનો પણ ત્યાગ કરે. આ પ્રમાણે સામાયિકનો વિધિ પૂર્ણ થયો. (૨૫)

**मणवयणकायदुप्पणिहाणं इह जत्तओ विवज्जेइ ।**
**सइअकरणयं अणवट्ठियस्स तह करणयं चेव ॥२६॥**

**સામાયિકના જ અતિચારોને કહે છે–**

**ગાથાર્થ**–શ્રાવક સામાયિકમાં મન, વચન, અને કાયાનું દુષ્પ્રણિધાન, સ્મૃતિ અકરણ અને અનવસ્થિતકરણ(-અનાદર) એ પાંચ અતિચારોનો કાળજીપૂર્વક ત્યાગ કરે છે.

**ટીકાર્થ–(૧) મનોદુષ્પ્રણિધાન**–સામાયિકમાં પાપના વિચારો કરવા.

(૨) **વચનદુષ્પ્રણિધાન**–સામાયિકમાં પાપનાં વચનો બોલવાં.

(૩) **કાયદુષ્પ્રણિધાન**–સામાયિકમાં પાપનાં કાર્યો કરવાં.

(૪) **સ્મૃતિ અકરણ**–પ્રબળ પ્રમાદના કારણે અત્યારે મારે સામાયિક કરવાનું છે, મેં સામાયિક કર્યું કે નહિ વગેરે યાદ ન રાખવું. સ્મૃતિ મોક્ષના દરેક અનુષ્ઠાનનું મૂળ છે. (જે અનુષ્ઠાન યાદ જ ન હોય તેનું આચરણ શી રીતે થાય ? )

(૫) **અનવસ્થિતકરણ**–પ્રબળ પ્રમાદથી સામાયિક લીધા પછી તુરત પારે. (સમય થયા પહેલાં પારે.) અથવા ગમે તેમ(-ચિત્તની સ્થિરતા વિના) સામાયિક કરે.

આ અતિચારોનો ભાવાર્થ (શ્રાવક પ્રજ્ઞપ્તિ ગા. ૩૧૩થી ૩૧૭માં) આ પ્રમાણે છે–

**"જે શ્રાવક સામાયિક કરીને ઘરની ચિંતા કરે છે, તે આર્તધ્યાનથી દુઃખી બને છે અને સંસારની નજીક જાય છે. આથી તેનું સામાયિક નિરર્થક છે. (૩૧૩) શ્રાવકે સામાયિકમાં સદા પહેલાં બુદ્ધિથી વિચારીને પાપરહિત વચન બોલવું જોઈએ, અન્યથા(=પાપવાળું વચન બોલે તો) વાસ્તવિક સામાયિક ન થાય. (૩૧૪) નિર્દોષ ભૂમિમાં આંખોથી જોયા વિના અને ચરવળા આદિથી પ્રમાર્જન કર્યા વિના (કાયોત્સર્ગ આદિ માટે) ભૂમિ આદિનો ઉપયોગ કરવાથી (જીવો ન હોવાથી કે તેના પુણ્યથી બચી જવાથી) હિંસા ન થાય તો પણ પ્રમાદથી(=જીવરક્ષાની કાળજી ન હોવાથી ભાવથી હિંસા થવાથી) વાસ્તવિક સામાયિક કર્યું ન ગણાય. (૩૧૫) જે પ્રમાદી બનીને મારે સામાયિક ક્યારે કરવાનું છે-સામાયિકનો કાળ કયો છે, મેં સામાયિક કર્યું કે નહિ તે યાદ ન રાખે, તેનું કરેલું પણ સામાયિક નિષ્ફળ જાણવું. (કારણ કે ધર્મનાં અનુષ્ઠાનોનું મૂળ સ્મૃતિ છે. જેમ મૂળ વિના વૃક્ષ ન હોય તેમ સ્મરણ વિના ધર્માનુષ્ઠાન પણ ન હોય.) (૩૧૬) સામાયિક કરીને તુરત પારે કે (વ્યાકુળ ચિત્તથી) ગમે તેમ અસ્થિરપણે સામાયિક કરે તો સામાયિક ઉપર બહુમાન ન હોવાથી સામાયિક શુદ્ધ થતું નથી." (૩૧૭)**

**પ્રશ્ન**–મનોદુષ્પ્રણિધાન આદિથી સામાયિક નિરર્થક બને છે. એનો અર્થ એ થયો કે સામાયિકનો અભાવ છે. અતિચાર મલિનતા રૂપ છે, આથી મનોદુષ્પ્રણિધાન વગેરે દોષો સામાયિકના ભંગરૂપ જ છે. અતિચારો નથી. સામાયિકના અભાવમાં અતિચાર કેવી રીતે હોય ? અર્થાત્ ન હોય આથી તેમને અતિચારો કેમ કહેવાય ?

**ઉત્તર**–તમારી વાત સત્ય છે. પણ અનુપયોગ આદિથી થઈ જાય તો અતિચારરૂપ છે. (જાણીને કરે તો ભંગરૂપ છે.)

**પ્રશ્ન**–દ્વિવિધ-ત્રિવિધે(=મન, વચન અને કાયાથી ન કરવું અને ન કરાવવું એ રીતે) સાવદ્યનું પ્રત્યાખ્યાન એ સામાયિક છે. મનોદુષ્પ્રણિધાન વગેરેમાં એનો ભંગ થતો હોવાથી સામાયિકનો અભાવ થાય છે. મન અસ્થિર હોવાથી માનસિક અશુભ વિચારોને રોકવાનું કઠીન હોવાથી દુષ્પ્રણિધાન આદિથી સામાયિકનો ભંગ થાય. આથી સામાયિક ભંગનું પ્રાયશ્ચિત્ત આવે. આ રીતે સામાયિકનો ભંગ થાય અને પ્રાયશ્ચિત્ત લેવું પડે એના કરતાં સામાયિક ન લેવું એ જ સારું છે.

**ઉત્તર**–આ બરોબર નથી. કારણ કે સામાયિક દ્વિવિધ–ત્રિવિધે લેવામાં આવે છે. એના છ પ્રત્યાખ્યાન થાય છે. તે આ પ્રમાણે–(૧) મનથી (સાવદ્યયોગ) ન કરું, (૨) વચનથી ન કરું અને (૩) કાયાથી ન કરું એ ત્રણ અને (૪) મનથી ન કરાવું, (૫) વચનથી ન કરાવું અને (૬) કાયાથી ન કરાવું એ ત્રણ. દુષ્પ્રણિધાન આદિથી આ છમાંથી કોઈ એક વગેરે પ્રત્યાખ્યાનનો ભંગ થવા છતાં બાકીના પ્રત્યાખ્યાનોનો ભંગ ન થવાથી સામાયિકનો તદન

અભાવ થતો નથી. તથા ભાવથી ''મિચ્છા મિ દુક્કડં'' આપવાથી સઘળા અશુભ વિચારોની શુદ્ધિ થઈ જાય છે. સર્વવિરતિ સામાયિકમાં પણ મિચ્છા મિ દુક્કડંથી સઘળા અશુભ વિચારોની શુદ્ધિ થઈ જાય છે. કારણ કે શાસ્ત્રોમાં ગુપ્તિના ભંગમાં મિચ્છા મિ દુક્કડં પ્રાયશ્ચિત્ત કહ્યું છે. કહ્યું છે કે—**बीओ असमिओमि त्ति कीस सहसा अगुत्तो वा="સમિતિ ગુપ્તિ આદિના ભંગરૂપ બીજો અતિચાર 'મિચ્છા મિ દુક્કડં' રૂપ પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થાય છે."** આથી સામાયિક લેવા કરતાં ન લેવું સારું એ બરોબર નથી. તથા અતિચારવાળા અનુષ્ઠાનથી પણ અભ્યાસ કરવાથી કાળે કરીને નિરતિચાર અનુષ્ઠાન થાય છે એમ પૂર્વાચાર્યો કહે છે. કહ્યું છે કે—**अभ्यासोऽपि प्रायः प्रभूतजन्मानुगो भवति शुद्ध इति''** (અનુષ્ઠાનોનો) અભ્યાસ પણ પ્રાયઃ ઘણા ભવો સુધી કરવાથી શુદ્ધ બને છે.

**एगे अबीए**(=તેણે એકલાએ પૌષધશાળામાં પ્રવેશ કર્યો) ઇત્યાદિ આગમવચન હોવાથી પૌષધશાળામાં સામાયિક કરે તો એકલો જ પ્રવેશ કરે એમ કેટલાક માને છે. પણ તે બરોબર નથી. પૌષધશાળામાં એકલો જ પ્રવેશ કરે એવો એકાંતે નિયમ નથી. કારણ કે શાસ્ત્રોમાં પૌષધશાળામાં ઘણાએ પ્રવેશ કર્યો હોય તેવાં વચનો પણ સાંભળવામાં આવે છે. વ્યવહારભાષ્યમાં કહ્યું છે કે—**रायसुयाई पंच वि पोसहसालाए संमिलिआ**=રાજપુત્ર આદિ પાંચે એકઠા થઈને પૌષધશાળામાં પ્રવેશ કર્યો.'' (૨૬)

**दिसिवयगहियस्स दिसापरिमाणस्सेह पइदिणं जं तु ।**
**परिमाणकरणमेयं, अवरं खलु होइ विण्णेयं ॥२७॥**

**અતિચાર સહિત પહેલું શિક્ષાવ્રત કહ્યું. હવે બીજા (દેશાવગાશિક) શિક્ષાવ્રતને કહે છે—**

**ગાથાર્થ**—છઠ્ઠા દિશાપરિમાણવ્રતમાં લીધેલા દિશાપરિમાણનું પ્રતિદિન પરિમાણ કરવું(=સંક્ષેપ કરવો) તે દેશાવગાશિક નામનું બીજું શિક્ષાવ્રત છે.

**ટીકાર્થ**—પ્રતિદિનના ઉપલક્ષણથી 'પ્રહર' વગેરે પણ કાળ સમજવો. [જેમકે—દિશાપરિમાણવ્રતમાં ભારતથી બહાર ન જવું એવો નિયમ લીધો હોય તો આ વ્રતમાં આજે મુંબઈ વગેરેથી આગળ નહિ જઉં અથવા ૧૦ માઈલથી આગળ નહિ જઉં એમ નિયમ કરવો જોઈએ. દિશાપરિમાણ વ્રત યાવજ્જીવ, ૧૨ માસ કે ચાતુર્માસ આદિ સુધી લેવાનું હોય છે. જ્યારે દેશાવગાશિક અહોરાત્ર, દિવસ, રાત્રિ, પહોર આદિ સુધી લેવાનું હોય છે.]

**દેશાવગાશિક શબ્દનો અર્થ**—દિશાપરિમાણમાં નક્કી કરેલા મોટા પરિમાણમાંથી દેશમાં(=નાના પરિમાણમાં) અવકાશ રાખવો, અર્થાત્ આત્માનું તેટલા અલ્પપરિમાણમાં જ અવસ્થાન કરવું=તેટલા જ ભાગમાં (-જવું-આવવું કે મોકલવું—મંગાવવું વગેરે કાર્યો કરવાનો) અવકાશ=છૂટ રાખવી તે દેશ+અવકાશ=દેશાવકાશ. દેશાવકાશથી થયેલું વ્રત દેશાવગાશિક છે. અથવા દેશાવકાશ જ્યાં છે તે દેશાવગાશિક. (૨૭)

**वज्जइ इह आणयणप्पओग पेसप्पओगयं चेव ।**
**सद्दाणुरूववायं, तह बहिया पोग्गलक्खेवं ॥२८॥**

**દેશાવગાશિક વ્રતના અતિચારોને કહે છે–**

**ગાથાર્થ**–શ્રાવક દેશાવગાશિક વ્રતમાં આનયનપ્રયોગ, પ્રેષ્યપ્રયોગ, શબ્દાનુપાત, રૂપાનુપાત અને પુદ્ગલપ્રક્ષેપ એ પાંચ અતિચારોનો ત્યાગ કરે છે.

**ટીકાર્થ**–(૧) **આનયનપ્રયોગ**–મર્યાદિત ક્ષેત્રની બહાર રહેલી વસ્તુની જરૂર પડતાં, તે વસ્તુ લેવા હું જઈશ તો વ્રતભંગ થશે એમ વિચારી, વ્રતભંગના ભયથી સંદેશા આદિથી તે વસ્તુ બીજા પાસેથી મંગાવવી.

(૨) **પ્રેષ્યપ્રયોગ**–મર્યાદિત ક્ષેત્રની બહાર કોઈ કામ પડતાં, હું જઈશ તો વ્રતભંગ થશે એમ વિચારી, વ્રતભંગના ભયથી તે કાર્ય માટે બીજાને મોકલવો.

(૩) **શબ્દાનુપાત**–મર્યાદિત ક્ષેત્રની બહાર રહેલી કોઈ વ્યક્તિ પોતાની પાસે આવે એ માટે ખાંસી આદિથી શબ્દ કરવો-અવાજ કરવો.

[જેમકે–ઘરની બહાર ન જવું અને કોઈને મોકલવો પણ નહિ એવો નિયમ કર્યા પછી ઘરની બહાર રહેલી કોઈ વ્યક્તિને મળવાની જરૂર પડતાં ખાંસી આદિ અવાજ કરે, જેથી તે વ્યક્તિ પોતાને ઘરમાં રહેલો જાણીને પોતાની પાસે આવે.]

(૪) **રૂપાનુપાત**–મર્યાદિત ક્ષેત્રની બહાર રહેલી કોઈ વ્યક્તિ પોતાની પાસે આવે એ માટે તે વ્યક્તિને પોતાનું રૂપ (કાયા) બતાવે, અર્થાત્ તે વ્યક્તિ પોતાને દેખે તે રીતે ઊભા રહેવું કે આંટા મારવા.

[જેમકે–ઘરથી બહાર ન જવું અને બીજાને મોકલવો નહિ એવો નિયમ કર્યા પછી ઘરની બહાર રહેલી વ્યક્તિને મળવાની જરૂર પડતાં ઘરની બારી આદિ પાસે તેવી રીતે ઊભો રહે, જેથી તે વ્યક્તિ પોતાને ઘરમાં રહેલો જોઈને પોતાની પાસે આવે.]

(૫) **પુદ્ગલપ્રક્ષેપ**–મર્યાદિત ક્ષેત્રની બહાર રહેલી કોઈ વ્યક્તિ પોતાની પાસે આવે એ માટે તે વ્યક્તિ તરફ કાંકરો વગેરે વસ્તુ ફેંકવી.

[જેમકે–ઘરમાંથી તે વ્યક્તિ તરફ કાંકરો ફેંકે, જેથી તે વ્યક્તિનું પોતાના તરફ લક્ષ્ય જાય અને પોતાની પાસે આવે.]

જવા-આવવાથી જીવહિંસા ન થાય તે માટે દેશાવગાશિક વ્રત છે. જીવહિંસા પોતે કરે કે બીજા પાસે કરાવે તેમાં ફળમાં ફેર પડતો નથી. બલ્કે બીજાને મોકલે તેના કરતાં પોતે જાય તેમાં દોષો ઓછા લાગે. કારણ કે પોતે ઈર્યાસમિતિપૂર્વક જાય, જ્યારે બીજો ઈર્યાસમિતિ વિના જાય. આથી બીજાને મોકલે તેના કરતાં પોતે જાય તો જીવહિંસા ઓછી

થાય. એટલે બીજાને મોકલવામાં પરમાર્થથી તો નિયમભંગ થાય છે, પણ વ્રતભંગભયના કારણે વ્રતસાપેક્ષ હોવાથી અતિચાર ગણાય.

આમાં પહેલા બે અતિચારો તેવી શુદ્ધ સમજણના અભાવથી કે સહસાત્કાર આદિથી થાય છે. છેલ્લા ત્રણ અતિચારો માયાથી થાય છે.

અહીં વૃદ્ધોનું કહેવું છે કે—બધાં વ્રતોનો સંક્ષેપ અવશ્ય કરવાનો હોવાથી દિશા-પરિમાણવ્રતના સંક્ષેપનું વિધાન બીજાં બધાં વ્રતોના સંક્ષેપનું ઉપલક્ષણ છે. અર્થાત્ આ દેશાવગાશિક વ્રતમાં દિશાપરિમાણની જેમ બધાં વ્રતોનો સંક્ષેપ કરવાનું સૂચન કર્યું છે.

**પ્રશ્ન**—બધા વ્રતોનો સંક્ષેપ કરવો જોઈએ તો તે તે વ્રતના સંક્ષેપનું જુદું જુદું વ્રત કેમ ન કહ્યું ?

**ઉત્તર**—તે તે વ્રતના સંક્ષેપનું જુદું જુદું વ્રત કહે તો શાસ્ત્રમાં કહેલ વ્રતોની બાર સંખ્યાનો વિરોધ થાય.

અહીં કેટલાક કહે છે કે દિશાપરિમાણવ્રતનો જ સંક્ષેપ દેશાવગાશિક છે. અર્થાત્ દેશાવગાશિકમાં દિશાપરિમાણવ્રતનો જ સંક્ષેપ થાય. કારણ કે દેશાવગાશિકના અતિચારો દિશાપરિમાણવ્રતને અનુસરતા છે. આનો જવાબ એ છે કે—જેમ દિશાપરિમાણ સંક્ષેપના ઉપલક્ષણથી બાકીનાં વ્રતોનો સંક્ષેપ પણ દેશાવગાશિક કહેવાય છે, તેમ ઉપલક્ષણથી તે તે વ્રતના સંક્ષેપના અતિચારો પણ તે તે વ્રત પ્રમાણે સમજી લેવા જોઈએ. અથવા પ્રાણાતિપાત આદિનો સંક્ષેપ કરવા રૂપ દેશાવગાશિકમાં તે તે વ્રતમાં જણાવેલા બંધ વગેરે જ અતિચારો ઘટે છે. (અર્થાત્ જુદા અતિચારો ઘટતા નથી.) દિશાપરિમાણના સંક્ષેપમાં ક્ષેત્ર નાનું હોવાથી શબ્દાનુપાત વગેરે પણ અતિચારો થાય છે. આથી તેના અતિચારો (મૂળ વ્રતથી) અલગ જણાવ્યા છે. વ્રતોના બધા જ ભેદોમાં અલગ અલગ અતિચારો કહેવા જ જોઈએ એવો નિયમ નથી. કારણ કે રાત્રિભોજન આદિ વ્રતભેદોમાં અલગ અતિચારો જણાવ્યા નથી. (૨૮)

**आहारदेहसक्कारबंभवावारपोसहो यऽण्णं ।**
**देसे सव्वे य इमं चरमे सामाइयं णियमा ॥२९॥**

**અતિચાર સહિત બીજું શિક્ષાવ્રત કહ્યું. હવે ત્રીજા (પૌષધ) શિક્ષાવ્રતને કહે છે—**

**ગાથાર્થ**—આહારપૌષધ, શરીરસત્કારપૌષધ, બ્રહ્મચર્યપૌષધ અને અવ્યાપારપૌષધ એમ ચાર પ્રકારે ત્રીજું શિક્ષાવ્રત છે. આહારપૌષધ આદિ ચારના દેશથી અને સર્વથી એમ બે બે ભેદ છે. પહેલા ત્રણ પૌષધમાં સામાયિક હોય કે ન પણ હોય, પણ ચોથા અવ્યાપાર પૌષધમાં નિયમા સામાયિક હોય છે.

**ટીકાર્થ**—ધર્મની પુષ્ટિ કરે તે પૌષધ. પર્વતિથિએ અવશ્ય કરવા લાયક અનુષ્ઠાન-વિશેષ

પૌષધ[૧] છે.

આહારનો ત્યાગ તે આહારપૌષધ. તેના દેશથી અને સર્વથી એમ બે ભેદ છે. અમુક વિગઈનો કે બધી વિગઈઓનો ત્યાગ, આયંબિલ, એકાસણું, બિયાસણું, તિવિહાર ઉપવાસ વગેરે દેશથી આહાર પૌષધ છે. દિવસ-રાત સુધી ચારે પ્રકારના આહારનો ત્યાગ તે સર્વથી આહાર પૌષધ છે. સ્નાન કરવું, તેલ ચોળવું, મેંદી વગેરે લગાડવું, ચંદન આદિનું વિલેપન કરવું, મસ્તકમાં પુષ્પો નાખવાં, અત્તર આદિ સુગંધી પદાર્થો લગાડવા, સુંદર કિંમતી રંગીન વસ્ત્રો પહેરવાં, આભૂષણો પહેરવાં વગેરે શરીરસત્કાર છે. શરીરસત્કારનો ત્યાગ તે શરીરસત્કારપૌષધ. તેના દેશથી અને સર્વથી એમ બે ભેદ છે. કોઈ અમુક શરીરસત્કારનો ત્યાગ તે દેશથી શરીરસત્કાર પૌષધ છે. સર્વ પ્રકારના શરીરસત્કારનો ત્યાગ તે સર્વથી શરીરસત્કાર પૌષધ છે. મૈથુનનો ત્યાગ તે બ્રહ્મચર્ય-પૌષધ. તેના દેશથી અને સર્વથી એમ બે ભેદ છે. દિવસે કે રાત્રે મૈથુનનો ત્યાગ, અથવા એક કે બે વખતથી વધારે મૈથુનનો ત્યાગ તે દેશથી બ્રહ્મચર્ય પૌષધ છે. સંપૂર્ણ અહોરાત્ર સુધી મૈથુનનો ત્યાગ તે સર્વથી બ્રહ્મચર્યપૌષધ છે. પાપવ્યાપારનો ત્યાગ તે અવ્યાપાર-પૌષધ. તેના દેશથી અને સર્વથી એમ બે ભેદ છે. હળ ન ચલાવવું, ગાડું ન ચલાવવું, ઘરનાં કામો ન કરવા વગેરેમાંથી કોઈ અમુક પાપવ્યાપારનો ત્યાગ તે દેશથી અવ્યાપાર પૌષધ છે. સર્વ પાપવ્યાપારોનો ત્યાગ તે સર્વથી અવ્યાપાર પૌષધ છે.

જે દેશથી અવ્યાપાર પૌષધ કરે તે સામાયિક કરે અથવા ન પણ કરે. પણ જે સર્વથી અવ્યાપાર પૌષધ કરે તે નિયમા સામાયિક કરે, જો ન કરે તો તેના ફળથી વંચિત રહે.

પૌષધ જિનમંદિરમાં, સાધુપાસે, ઘરમાં કે પૌષધશાળામાં કરવો. પૌષધમાં મણિ, સુવર્ણ આદિના અલંકારો, ફૂલની માળા, તેલમર્દન, વિલેપન, શસ્ત્ર વગેરેનો ત્યાગ કરવો જોઈએ. પૌષધ લીધા પછી સૂત્ર વગેરેનો પાઠ કરે, પુસ્તક વાંચે, અથવા હું સાધુના ગુણોને ધારણ કરવા અસમર્થ છું, આથી મંદભાગી છું વગેરે શુભ ભાવના ભાવવા રૂપ ધર્મ ધ્યાન કરે.

આહાર, શરીરસત્કાર અને બ્રહ્મચર્ય એ ત્રણ પૌષધની જેમ અવ્યાપાર પૌષધ અન્નત્થણાભોગેણં વગેરે આગારો રાખીને લે તો તેની સાથે સામાયિક લેવું સાર્થક છે. કારણ કે પૌષધનું પ્રત્યાખ્યાન (આગારસહિત અને દ્વિવિધ-ત્રિવિધ પ્રતિજ્ઞા રહિત હોવાથી) સ્થૂલ છે. સામાયિકનું પ્રત્યાખ્યાન (આગારરહિત અને દ્વિવિધ-ત્રિવિધ પ્રતિજ્ઞા સહિત હોવાથી) સૂક્ષ્મ છે. અવ્યાપાર પૌષધવાળાએ સાવદ્યવ્યાપારો કરવાના હોતા નથી. આથી તે સામાયિક ન લે તો તેના લાભથી વંચિત રહે છે. હા, જો સામાયિકની જેમ દ્વિવિધ-ત્રિવિધે પૌષધનો

---

૧. અહીં પર્વતિથિમાં પૌષધ કરવો એવો અર્થ અભિપ્રેત નથી, કિંતુ દરરોજ કે વારંવાર પૌષધ કરવો જોઈએ. તેમ ન બની શકે તો પણ પર્વતિથિએ તો અવશ્ય પૌષધ કરવો જોઈએ એવો અર્થ અભિપ્રેત છે.

સ્વીકાર કર્યો હોય તો સામાયિકનું ફળ પૌષધથી જ મળી જતું હોવાથી સામાયિક વિશેષ ફળવાળું બનતું નથી. પણ જો મેં પૌષધ અને સામાયિક એમ બે વ્રતનો સ્વીકાર કર્યો છે એવો ભાવ થાય તો સામાયિક ફળવાળું છે.[૧] (૨૯)

**अप्पडिदुप्पडिलेहियऽपमज्जसेज्जाइ वज्जई एत्थ ।**
**संमं च अणणुपालणमाहाराईसु सव्वेसु ॥३०॥**

**અહીં પૌષધવ્રતના અતિચારોને કહે છે–**

**ગાથાર્થ**–શ્રાવક પૌષધમાં અપ્રત્યુપેક્ષિત-દુષ્પ્રત્યુપેક્ષિત શય્યાસંસ્તારક, અપ્રમાર્જિત-દુષ્પ્રમાર્જિત-શય્યાસંસ્તારક, અપ્રત્યુપેક્ષિત-દુષ્પ્રત્યુપેક્ષિત-ઉચ્ચારપ્રશ્રવણભૂમિ, અપ્રમાર્જિત-દુષ્પ્રમાર્જિત-ઉચ્ચારપ્રશ્રવણભૂમિ અને સમ્યગ્ અનનુપાલન એ પાંચ અતિચારોનો ત્યાગ કરે છે[૨]

**ટીકાર્થ–૧. અપ્રત્યુપેક્ષિત-દુષ્પ્રત્યુપેક્ષિત-શય્યાસંસ્તારક**–અપ્રત્યુપેક્ષિત એટલે આંખોથી નહિ જોયેલું. દુષ્પ્રત્યુપેક્ષિત એટલે ભટકતા ચિત્તથી જોયેલું, અર્થાત્ ઉપયોગ વિના જોયેલું. શય્યાસંસ્તારક એટલે પૌષધમાં સૂવા માટે ઉપયોગી ડાભનું ઘાસ, કામળી (ગરમ) વસ્ત્ર વગેરે. અથવા શય્યા એટલે શરીરપ્રમાણ સંથારો કે ધર્મ સાધના કરવાનું મકાન. સંસ્તારક એટલે અઢી હાથ પ્રમાણ સંથારો. શય્યાસંસ્તારકના ઉપલક્ષણથી પીઠ, પાટલા વગેરે વસ્તુઓ પણ સમજી લેવી. આનો સમુદિત અર્થ આ પ્રમાણે છે–આંખોથી નિરીક્ષણ કર્યા વિના કે બરોબર નિરીક્ષણ કર્યા વિના સંથારો પાથરવો, સંથારામાં સૂવું, બીજી પણ પીઠ આદિ કોઈ વસ્તુ લેવી-મૂકવી તે અપ્રત્યુપેક્ષિત-દુષ્પ્રત્યુપેક્ષિત-શય્યાસંસ્તારક અતિચાર છે.

૨. **અપ્રમાર્જિત-દુષ્પ્રમાર્જિત-શય્યાસંસ્તારક**–અપ્રમાર્જિત એટલે રજોહરણ વગેરેથી નહિ પૂંજેલું. દુષ્પ્રમાર્જિત એટલે ઉપયોગ વિના પૂંજેલું. શય્યાસંસ્તારકનો અર્થ ઉપર કહેવાઈ ગયો છે. પૂંજ્યા વિના કે બરોબર પૂજ્યા વિના સંથારો પાથરવો, સંથારા ઉપર સૂવું, બીજી પણ કોઈ વસ્તુ લેવી-મૂકવી એ અપ્રમાર્જિત-દુષ્પ્રમાર્જિત-શય્યાસંસ્તારક અતિચાર છે.

૩. **અપ્રત્યુપેક્ષિત-દુષ્પ્રત્યુપેક્ષિત-ઉચ્ચારપ્રશ્રવણભૂમિ**–ઉચ્ચાર એટલે ઝાડો. પ્રશ્રવણ એટલે પેશાબ. ઝાડે જવાની અને પેશાબ કરવાની ભૂમિ તે ઉચ્ચારપ્રશ્રવણભૂમિ. જોયા વિના કે બરોબર જોયા વિના ઝાડા-પેશાબની ભૂમિનો ઉપયોગ કરવો તે અપ્રત્યુપેક્ષિત-દુષ્પ્રત્યુપેક્ષિત-ઉચ્ચારપ્રશ્રવણભૂમિ અતિચાર છે.

૪. **અપ્રમાર્જિત-દુષ્પ્રમાર્જિત-ઉચ્ચારપ્રશ્રવણભૂમિ**–પૂંજ્યા વિના કે બરોબર પૂંજ્યા

---

૧. વર્તમાનમાં પૌષધ અને સામાયિક બંને સાથે લેવામાં આવે છે.

૨. ધર્મસંગ્રહ વગેરેમાં અપ્રત્યુપેક્ષ્ય અપ્રમાર્જ્ય સંસ્તારક, અપ્રત્યુપેક્ષ્ય અપ્રમાર્જ્ય આદાન, અપ્રત્યુપ્રેક્ષ્ય અપ્રમાર્જ્ય ત્યાગ, અનાદર અને વિસ્મૃતિ એમ પાંચ અતિચારો જણાવ્યા છે, અને તે પ્રસિદ્ધ છે.

વિના ઝાડા-પેશાબની ભૂમિનો ઉપયોગ કરવો.

**પ્રશ્ન**–પૌષધવાળા પાસે રજોહરણ(=ચરવળો) હોય ?

**ઉત્તર**–હોય. કારણ કે આવશ્યક ચૂર્ણિકાર ભગવંતે સામાયિકની સામાચારી જણાવતાં કહ્યું છે કે–**"રજોહરણથી પ્રમાર્જન કરે, સાધુ પાસે ઔપગ્રહિક રજોહરણ હોય તો તે માગે. સાધુ પાસે ઔપગ્રહિક રજોહરણ ન હોય તો વસ્ત્રના છેડાથી પ્રમાર્જન કરે."**

અહીં વૃદ્ધોએ કહેલી સામાચારી આ પ્રમાણે છે–પૌષધવાળો શ્રાવક પડિલેહણ કર્યા વિના શય્યા, સંથારો અને પૌષધશાળાનો ઉપયોગ કરે નહિ, પડિલેહણ કર્યા વિના ડાભઘાસનું વસ્ત્ર કે શુદ્ધવસ્ત્ર ભૂમિ ઉપર પાથરે નહિ, માત્રુ કરવાની ભૂમિથી આવીને ફરી સંથારાનું પડિલેહણ કરે. અન્યથા અતિચાર લાગે. એ પ્રમાણે પીઠ આદિ માટે પણ સમજવું.

આ ચારે અતિચારો સર્વથી પાપવ્યાપારના ત્યાગમાં હોય છે.

**૫. સમ્યગ્ અનનુપાલન**–આહારપૌષધ આદિ ચાર પૌષધનું શાસ્ત્રોક્ત વિધિ મુજબ પાલન ન કરવું. તે આ પ્રમાણે–પૌષધ લીધા પછી અસ્થિરચિત્તવાળો બનીને આહારમાં દેશથી કે સર્વથી આહારની અભિલાષા કરે, પૌષધના બીજા દિવસે પોતાનો આદર કરાવે, શરીરસત્કારમાં મસ્તકે તેલ વગેરે ચોળે, દાઢી, મસ્તક અને રુંવાટાઓના વાળને સૌંદર્યની અભિલાષાથી વ્યવસ્થિત રાખે, દાહ થતાં શરીરે પાણી નાખે, બ્રહ્મચર્યમાં આ લોક અને પરલોકના ભોગોની માગણી કરે, શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એ પાંચ વિષયોની અભિલાષા રાખે, બ્રહ્મચર્ય પૌષધ ક્યારે પૂર્ણ થશે એવી આતુરતા રાખે, બ્રહ્મચર્ય વડે અમે ભોગોથી વંચિત કરાયા એ પ્રમાણે વિચારે. અવ્યાપાર પૌષધમાં સાવદ્ય કાર્યો કરે, મેં અમુક અનુષ્ઠાન કર્યું કે નહિ એ પ્રમાણે ભૂલી જાય.

આ પ્રમાણે પાંચ અતિચારોથી વિશુદ્ધ પૌષધનું પાલન કરવું જોઈએ. (૩૦)

**अण्णाईणं सुद्धाण कप्पणिज्जाण देसकालजुतं ।**
**दाणं जईणमुचियं, गिहीण सिक्खावयं भणियं ॥३१॥**

**અતિચાર સહિત ત્રીજા શિક્ષાવ્રતને કહ્યું. હવે ચોથા(=અતિથિસંવિભાગ) શિક્ષાવ્રતને કહે છે–**

**ગાથાર્થ**–સાધુઓને શુદ્ધ અને કલ્પનીય અન્નાદિનું દેશ-કાળયુક્ત ઉચિત (=સંગત) દાન કરવું એ શ્રાવકનું (ચોથું) શિક્ષાવ્રત કહ્યું છે.

**ટીકાર્થ**–અન્નાદિ શબ્દમાં રહેલા આદિશબ્દથી પાણી, વસ્ત્ર, ઔષધ વગેરે સમજવું. આનાથી સુવર્ણ વગેરેના દાનનો નિષેધ કર્યો છે.

શુદ્ધ એટલે ન્યાયથી મેળવેલ. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રોનો પોતપોતાની જાતિને ઉચિત શુદ્ધ વ્યવસાય ન્યાય છે. આનાથી અન્યાયથી મેળવેલ અન્નાદિના દાનનો નિષેધ

કર્યો છે.

કલ્પનીય એટલે ઉદ્ગમ આદિ દોષોથી રહિત. આનાથી (કારણ વિના) અકલ્પનીય દાનનો નિષેધ કર્યો છે.

દેશકાળયુક્ત એટલે પ્રસંગોચિત. કારણ કે કાળે આપેલું દાન મહાન ઉપકાર કરનારું બને છે. કહ્યું છે કે—

**"કાળે આપેલા મિષ્ટાન્નની કિંમત થઈ શકતી નથી. તે જ મિષ્ટાન્ન અનવસરે (ધરાઈ ગયા પછી કે ભિક્ષા પૂરી થઈ ગયા પછી) કોઈ ન લે."**

આ વ્રતનું **અતિથિસંવિભાગ** નામ છે. ભોજનકાળે ભોજન માટે ઘર આંગણે આવે તે અતિથિ. શ્રાવકના અતિથિ સાધુ જ છે. કારણ કે તેમણે તિથિ, પર્વ વગેરે લૌકિક સઘળા વ્યવહારોનો ત્યાગ કર્યો છે. કહ્યું છે કે—

**"(લૌકિક) તિથિઓ, પર્વો અને ઉત્સવો જે મહાત્માએ છોડી દીધા છે તેને અતિથિ જાણવો. બાકીના અભ્યાગત જાણવા.**

સંવિભાગ શબ્દમાં સં, વિ અને ભાગ એમ ત્રણ શબ્દો છે. સં એટલે સંગત, અર્થાત્ નિર્દોષ. વિ એટલે વિશિષ્ટ રીતે, અર્થાત્ પશ્ચાત્કર્મ આદિ દોષો ન લાગે તે રીતે. ભાગ એટલે પોતાની વસ્તુનો અંશ. પશ્ચાત્કર્મ આદિ દોષો ન લાગે તે રીતે પોતાની નિર્દોષ વસ્તુનો અંશ આપવો તે સંવિભાગ. અતિથિનો સંવિભાગ કરવો તે અતિથિસંવિભાગ.

**અહીં વૃદ્ધોએ કહેલી સામાચારી આ પ્રમાણે છે**—શ્રાવકે પૌષધના પારણે અવશ્ય સાધુઓને દાન દઈને પારણું કરવું જોઈએ. તે સિવાય (-પૌષધના પારણા સિવાય) નિયમ નથી. અર્થાત્ પૌષધના પારણા સિવાય સાધુઓને વહોરાવીને પ્રત્યાખ્યાન પારે કે પ્રત્યાખ્યાન પાર્યા પછી વહોરાવે. આથી પૌષધના પારણે સાધુઓને દાન આપીને જ પારણું કરવું જોઈએ.

તેનો વિધિ એવો છે કે જો તેવો દેશ-કાળ હોય તો પોતાના શરીરને સુંદર વસ્ત્ર, અલંકાર આદિથી વિભૂષિત બનાવીને સાધુના ઉપાશ્રયે જઈને 'ભિક્ષા લેવા માટે પધારો' એમ નિમંત્રણ કરે. આ વખતે સાધુ માટે એવો વિધિ છે કે એક સાધુ પઢલાનું પડિલેહણ કરે, એક સાધુ મુહપત્તિનું પડિલેહણ કરે, એક સાધુ પાત્રાનું પડિલેહણ કરે. જેથી જલદી જઈ શકાય. જો જલદી ન જાય તો શ્રાવકને ખાવામાં મોડું થવાથી અંતરાય થાય. અથવા સાધુઓ પછી આવશે એમ વિચારીને વહોરાવવા કોઈ વસ્તુ રાખે તો સ્થાપના દોષ લાગે. શ્રાવક પહેલી પોરિસીમાં આમંત્રણ કરે તો જો નવકારશીના પ્રત્યાખ્યાનવાળો કોઈ સાધુ વાપરનાર હોય તો વહોરવા જાય, જો કોઈ વાપરનાર ન હોય તો ન જાય-ગૃહસ્થને ના પાડે, કારણ કે ગ્રહણ કરેલું રાખી મૂકવું પડે. પણ જો શ્રાવક ઘણો આગ્રહ કરે તો વહોરવા જાય અને રાખી મૂકે.

પછી પાત્રા પડિલેહણ કરવાની પોરિસી વખતે જે પ્રત્યાખ્યાન પારે તેને આપે, અથવા બીજા કોઈ સાધુને પારણું હોય તો તેને આપે.

વહોરવા જવાનો વિધિ એવો છે કે શ્રાવક સાથે બે સાધુઓ જાય. (એકલા જવામાં અનેક દોષોનો સંભવ હોવાથી બહાર જવું હોય ત્યારે બે સાધુઓને સાથે જ જવાનો આચાર છે.) રસ્તામાં સાધુ આગળ ચાલે અને શ્રાવક પાછળ ચાલે. સાધુઓને ઘરે લઈ જઈને શ્રાવક બેસવા માટે સાધુઓને આસનનું નિમંત્રણ કરે. સાધુઓ બેસે તો સારું, ન બેસે તો પણ વિનંતિ કરવાથી વિનયનો લાભ થાય છે. પછી આહાર-પાણી જાતે જ વહોરાવે. અથવા આહારનું વાસણ પોતે પકડી રાખે અને બીજા વહોરાવે. અથવા જ્યાં સુધી સાધુઓ વહોરે ત્યાં સુધી બેસી રહે. સાધુઓ પશ્ચાત્કર્મ આદિ દોષો ન લાગે એટલા માટે વાસણમાં થોડું બાકી રહે તે રીતે વહોરે. વહોરાવ્યા પછી સાધુઓને વંદન કરે.

પછી થોડાક પગલાં સુધી વળાવવા તેમની પાછળ જાય. પછી પોતે ભોજન કરે. સાધુઓને જે ન વહોરાવ્યું હોય તે વસ્તુ શ્રાવકે ન વાપરવી જોઈએ. જો ગામડા વગેરેમાં સાધુઓ ન હોય તો ભોજન વખતે દિશા તરફ અવલોકન કરે-બારણા આગળ ઊભા રહીને સાધુઓને આવવાના રસ્તા તરફ જુએ અને વિશુદ્ધભાવથી વિચારે કે જો સાધુઓ હોત તો મારો ઉદ્ધાર થાત.[1] (૩૧)

**सच्चित्तणिक्खिवणयं वज्जइ सच्चित्तपिहणयं चेव ।**
**कालाइक्कमपरववएसं मच्छरिययं चेव ॥३२॥**

**અતિથિસંવિભાગ વ્રતના અતિચારોને કહે છે–**

**ગાથાર્થ**–શ્રાવક અતિથિસંવિભાગવ્રતમાં સચિત્તનિક્ષેપ, સચિત્તપિધાન, કાલાતિક્રમ, પરવ્યપદેશ અને માત્સર્ય એ પાંચ અતિચારોનો ત્યાગ કરે છે.

**ટીકાર્થ**–(૧) **સચિત્તનિક્ષેપ**–(નહિ આપવાની બુદ્ધિથી) સાધુને આપવા લાયક વસ્તુ સચિત્ત પૃથ્વી આદિ ઉપર મૂકી દેવી.

(૨) **સચિત્તપિધાન**–નહિ આપવાની બુદ્ધિથી સાધુને આપવા લાયક વસ્તુને ફળ આદિથી ઢાંકી દેવી.

(૩) **કાલાતિક્રમ**–નહિ વહોરાવવાની ઇચ્છાથી ભિક્ષાનો સમય વીતી ગયા પછી કે ભિક્ષાસમય થયા પહેલાં નિમંત્રણ કરવું.

(૪) **પરવ્યપદેશ**–નહિ આપવાની બુદ્ધિથી વસ્તુ પોતાની હોવા છતાં આ વસ્તુ બીજાની છે એમ સાધુ સમક્ષ કહેવું.

---

૧. ઉપદેશમાલા ગા. ૨૩૮-૨૩૯.

**(૫) માત્સર્ય**—માત્સર્ય એટલે સહન ન કરવું. સાધુ કોઈ વસ્તુ માગે તો ગુસ્સો કરવો અથવા પેલા રંકે સાધુની માંગણીથી આપ્યું તો શું હું તેનાથી ઊતરતો છું ? એમ ઈર્ષ્યાથી સાધુને વહોરાવવું.

અનુપયોગ આદિથી કે અતિક્રમ આદિથી આ દોષોને આચરે તો અતિચાર થાય, અન્યથા ભંગ જ થાય. (૩૨)

**एत्थं पुण अइयारा, णो परिसुद्धेसु होंति सव्वेसु ।**
**अक्खंडविरइभावा, वज्जइ सव्वत्थ तो भणियं ॥३३॥**

**અતિચારસહિત ચોથું શિક્ષાવ્રત કહ્યું, તે કહેવાયે છતે અતિચારસહિત બારે ય શ્રાવકવ્રતો કહ્યાં. હવે અતિચારકથનને જ સ્પષ્ટ કરે છે.**

**અતિચારો પણ ત્યાગ કરવા લાયક હોવાથી અતિચારોની દરેક ગાથામાં વ્રતની જેમ અતિચારોનું પણ (દ્વિવિધ-ત્રિવિધ વગેરે રૂપે) પ્રત્યાખ્યાન કરવાનું ન કહેતાં અતિચારોને માત્ર છોડવાનું કેમ કહ્યું ? એ પ્રશ્નનું સમાધાન—**

**ગાથાર્થ**—દેશવિરતિના અખંડ પરિણામથી વ્રતો નિર્મળ હોવાથી વ્રતોમાં અતિચારો થતા નથી. આથી અતિચારના વર્ણનમાં બધે 'ત્યાગ કરે છે' એમ કહ્યું છે.

**ટીકાર્થ**—અર્થાત્ જ્યારે વ્રતો સ્વીકારે છે ત્યારે દેશવિરતિ પરિણામના પ્રતિબંધક- (=અટકાવનારાં) કર્મોનો ઉદય ન હોવાથી દેશવિરતિના તાત્ત્વિક પરિણામ હોય છે. આથી તે જીવ સ્વેચ્છાથી જ અતિચારોમાં પ્રવૃત્તિ કરતો નથી. એ જણાવવા અહીં ''અતિચારોનો ત્યાગ કરે છે'' એમ કહ્યું છે. ઉક્ત કારણથી અતિચારોનો સંભવ જ ન હોવાથી પ્રાણિવધ આદિની જેમ તેમનું પ્રત્યાખ્યાન કરવાની જરૂર હોતી નથી. આથી અહીં અતિચારોની દરેક ગાથામાં ''શ્રાવક અતિચારોનું પ્રત્યાખ્યાન કરે છે'' એમ ન કહેતાં ''શ્રાવક અતિચારોનો ત્યાગ કરે છે'' એમ કહ્યું છે. જો પ્રાણિવધ આદિની જેમ અતિચારોનું પણ પ્રત્યાખ્યાન કરવાનું હોય તો વ્રતોની ચોક્કસ સંખ્યા ન રહે.

[**પ્રશ્ન**—જો અતિચારોનો સંભવ જ ન હોય તો તેનું શાસ્ત્રોમાં પ્રાયશ્ચિત્ત કેમ જણાવ્યું છે ?

**ઉત્તર**—દેશવિરતિનો સ્વીકાર કરે છે ત્યારે દેશવિરતિના પરિણામ અખંડિત હોય છે. પણ પાછળથી સંયોગ આદિના કારણે કોઈ જીવના પરિણામ ખંડિત બની જાય, અને એથી અતિચાર લાગે. અહીં અતિચારોનો સંભવ નથી એમ જે કહ્યું છે તે દેશવિરતિના સ્વીકાર આદિ સમયે વિદ્યમાન અખંડિત પરિણામની અપેક્ષાએ કહ્યું છે.] (૩૩)

**सुत्तादुपायरक्खणगहणपयत्तविसया मुणेयव्वा ।**
**कुंभारचक्कभामगदंडाहरणेण धीरेहिं ॥३४॥**

**આ પ્રમાણે અહીં સમ્યક્ત્વ, વ્રતસ્વરૂપ અને વ્રતના અતિચારો કહ્યા. વળી સમ્યક્ત્વ અને વ્રતસંબંધી જે વિશેષ કહેવા યોગ્ય છે, સંક્ષેપથી કથન કરવા માટે આ ગ્રંથનો પ્રારંભ કર્યો હોવાથી, તે વિશેષને આગમમાંથી જાણી લેવાની ભલામણ કરતા ગ્રંથકાર કહે છે–**

ગાથાર્થ–બુદ્ધિમાન શ્રાવકોએ સમ્યક્ત્વ અને વ્રત સંબંધી ઉપાય, રક્ષણ, ગ્રહણ, પ્રયત્ન અને વિષય એ પાંચ બાબતો કુંભારના ચક્રને ભમાવનાર દંડના ઉદાહરણથી આગમમાંથી જાણી લેવી.

ટીકાર્થ–(૧) ઉપાય–ઉપાય એટલે સમ્યક્ત્વ અને વ્રતોની પ્રાપ્તિનાં કારણો. તે કારણો (આવશ્યકનિર્યુક્તિ ગાથા-૮૪૮માં) આ પ્રમાણે છે–

**"સાધુઓ પધારે ત્યારે ઊભા થવું, તેમનો વિનય કરવો, પરાક્રમ કરવો, (પરાક્રમ એટલે કષાયજય, અથવા સાધુ પાસે જવું, અથવા સાધુસેવામાં ઉત્સાહ રાખવો-પુરુષાર્થ કરવો.) સાધુની સેવા કરવી વગેરેથી સમ્યગ્દર્શન, દેશવિરતિ કે સર્વવિરતિનો લાભ થાય છે."**

અથવા જાતિસ્મરણાદિ, તીર્થંકરનાં વચનો કે બીજાનાં વચનો સમ્યક્ત્વાદિના ઉપાયો છે. કહ્યું છે કે–सह संमुइयाए परवागरणेणं अन्नेसिं वा सोच्चा=(આચારાંગ શ્રુ. ૧. અ. ૧ ઉ. ૧-૪)

**"જાતિસ્મરણ કે અવધિ આદિ જ્ઞાનથી, તીર્થંકર કે સર્વજ્ઞનાં વચનોથી, અથવા બીજા પણ વિશિષ્ટ જ્ઞાનીઓના મુખથી સાંભળીને સમ્યક્ત્વાદિ ગુણો પ્રગટ થાય છે."**

અથવા અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાની કષાયોનો ક્ષયોપશમ સમ્યક્ત્વ અને દેશવિરતિનું કારણ છે.

(૨) **રક્ષણ**–રક્ષણ એટલે સ્વીકારેલ સમ્યક્ત્વ અને અણુવ્રતોના રક્ષણના આયતનસેવન વગેરે ઉપાયો. (ધર્મરત્નપ્રકરણ ગાથા-૩૭-૩૮માં) કહ્યું છે કે–

**"આયતનનું સેવન કરવું, કારણ વિના બીજાના ઘરમાં પ્રવેશ ન કરવો, જેમાં અજ્ઞાન માણસોને વિનોદ થાય તેવી જુગાર આદિ ક્રીડાનો ત્યાગ કરવો, વિકારી વચનોનો ત્યાગ કરવો વગેરે સમ્યક્ત્વાદિના રક્ષણના ઉપાયો છે."**

અહીં ઉપાય અને રક્ષણ એમ બે ભેદ જણાવ્યા છે. પણ કેટલાકો ઉપાયથી રક્ષણ એવો અર્થ કરીને ઉપાયરક્ષણ રૂપ એક જ ભેદ કહે છે.

(૩) **ગ્રહણ**–ગ્રહણ એટલે ત્રિવિધ-ત્રિવિધ ઇત્યાદિ રીતે સમ્યક્ત્વ અને વ્રતોનો સ્વીકાર કરવો. કહ્યું છે કે–मिच्छत्तपडिक्कमणं तिविहं तिविहेण नायव्वं–**"મિથ્યાત્વનો ત્યાગ ત્રિવિધ-ત્રિવિધે (-મન, વચન અને કાયાથી ન કરવું, ન કરાવવું અને કરનારની અનુમોદના ન કરવી) જાણવો."** બાર વ્રતોનો સ્વીકાર દ્વિવિધ-ત્રિવિધ ઇત્યાદિ અનેક ભાંગાથી થઈ શકે છે. તેના આઠ ભાંગા આ રીતે છે–

**"દ્વિવિધ-ત્રિવિધ, દ્વિવિધ-દ્વિવિધ, દ્વિવિધ-એકવિધ, એકવિધ-ત્રિવિધ, એકવિધ-દ્વિવિધ,**

**એકવિધ-એકવિધ એ છ ભાંગા છે. ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત રૂપ ઉત્તરગુણોનો સ્વીકાર સાતમો ભાંગો છે. એક પણ વ્રતનો સ્વીકાર ન કરવો એ આઠમો ભાંગો છે.''**

(૪) **પ્રયત્ન**–પ્રયત્ન એટલે સમ્યક્ત્વાદિનો સ્વીકાર કર્યા પછી તેને યાદ રાખવા વગેરે કે જે હવે (૩૬મી વગેરે ગાથામાં) કહેવાશે, તે ઉદ્યમ કરવો, તથા જેનું પ્રત્યાખ્યાન ન કર્યું હોય તેનો પણ યથાશક્તિ ત્યાગ કરવામાં ઉદ્યમ રૂપ યતના કરવી. જેમકે–**''આજથી મારે અન્યદર્શનીઓ, તેમના દેવો અને તેમણે રાખેલા શ્રી જિનબિંબોને વંદન કરવું કે નમસ્કાર કરવો કલ્પે નહિ, તેમના બોલાવ્યા સિવાય તેમની સાથે એક વાર કે વારંવાર બોલવું કલ્પે નહિ, તેમને અશન, પાન, ખાદિમ, સ્વાદિમ એ ચાર પ્રકારનો આહાર એકવાર કે વારંવાર આપવો કલ્પે નહિ.''** આ સમ્યક્ત્વમાં યતના છે.

પહેલા અણુવ્રતમાં યતના આ પ્રમાણે છે–

**''પાણી ગાળીને પીવું, લાકડાં, ધાન્ય વગેરે વસ્તુઓ લેવી હોય ત્યારે તેમાં જીવો ન હોય તેવી જોઈને શુદ્ધ લીધી હોવા છતાં તેનો ઉપયોગ કરતી વખતે ત્રસ જીવોની રક્ષા માટે ફરી જોઈને વાપરવી.''** આ રીતે અન્યવ્રતોમાં પણ યતના સમજી લેવી.

(૫) **વિષય**–વિષય એટલે વ્રતનું સ્વરૂપ વગેરે. જેમકે જીવાદિ તત્ત્વોની શ્રદ્ધા સમ્યક્ત્વ છે. આથી જીવાદિતત્ત્વો સમ્યક્ત્વનો વિષય છે. નિરપરાધી ત્રસ જીવોની સંકલ્પિતહિંસાનો ત્યાગ પહેલું અણુવ્રત છે. આથી પહેલા વ્રતનો વિષય સંકલ્પિત નિરપરાધી ત્રસજીવો વગેરે છે.

**કુંભારચક્રના દંડની ઘટના**–જેમ કુંભારચક્રના કોઈ એક ભાગમાં દંડથી પ્રેરણા કરવાથી-ચલાવવાથી તેના બધા ભાગો ભમે છે, અર્થાત્ આખું ચક્ર ફરે છે, તેમ અહીં સમ્યક્ત્વ અને અણુવ્રતના અતિચાર રૂપ એક ભાગનું નિરૂપણ કરવાથી તેના (વ્રતના) ઉપાય વગેરે ભાગોનું પણ સૂચન થઈ જ ગયું છે. અહીં સંક્ષેપમાં કહેવાનું હોવાથી ઉપાય વગેરેનું વર્ણન કર્યું નથી. આથી તેમનું સ્વરૂપ આગમોમાંથી જાણી લેવું. અથવા જેમ ચક્રનું ભ્રમણ દંડથી થાય છે તેમ ઉપાય વગેરેનું વિસ્તૃત જ્ઞાન આગમોથી થાય છે. માટે ઉપાય વગેરે આગમોમાંથી જાણી લેવા. (૩૪)

**गहणादुवरि पयत्ता, होइ असन्तोऽवि विरइपरिणामो ।**
**अकुसलकम्मोदयओ, पडइ अवण्णाइ लिंगमिह ॥३५॥**

**જેણે સમ્યક્ત્વ અને વ્રતો ગ્રહણ કર્યાં છે તેણે સમ્યક્ત્વ અને વ્રતના પરિણામોની સ્થિરતા માટે જે કરવું જોઈએ તે સંબંધી ઉપદેશનો પ્રારંભ કરવા માટે કહે છે–**

**ગાથાર્થ**–સમ્યક્ત્વ અને વ્રતોને ગ્રહણ કર્યા પછી પ્રયત્ન કરવાથી નહિ થયેલો પણ વિરતિપરિણામ થાય છે, અને અશુભકર્મના ઉદયથી થયેલો પણ વિરતિપરિણામ પડી જાય

છે. વિરતિપરિણામપતનનું અવર્ણ (કે અવજ્ઞા) આદિ લિંગ છે.

નવમી ગાથામાં જણાવેલ વિધિથી સમ્યક્ત્વપૂર્વક વ્રતોનો સ્વીકાર કરતી વખતે સમ્યક્ત્વનો અને વિરતિનો પરિણામ કર્મદોષથી ન થયો હોય તો પણ સ્વીકાર કર્યા પછી ૩૬-૩૭મી ગાથામાં કહેવાશે તે પ્રમાણે પ્રયત્ન કરવાથી પરિણામ થાય છે. કારણ કે પરિણામને રોકનારાં કર્મો સોપક્રમ છે. વિશિષ્ટ પ્રયત્ન એ કર્મોનાં ઉપક્રમ(-ક્ષયોપશમ) કરવાના સ્વભાવવાળો છે. વ્રતો ગ્રહણ કરતી વખતે પરિણામ થયો હોય તો પણ તેવો પ્રયત્ન ન કરવામાં આવે તો અશુભકર્મના ઉદયથી=અશુભકષાય આદિ કર્મના ઉદયથી સમ્યક્ત્વનો અને વિરતિનો પરિણામ નાશ પામે છે. વિરતિપરિણામ એટલે પ્રાણાતિપાત આદિની નિવૃત્તિનો પારમાર્થિક અધ્યવસાય. વિરતિપરિણામના ઉપલક્ષણથી સમ્યક્ત્વ-પરિણામનું પણ ગ્રહણ કરવું.

**પ્રશ્ન**—વિરતિ પરિણામ નાશ પામ્યો છે એ શી રીતે જાણી શકાય ?

**ઉત્તર**—અવજ્ઞા આદિ ચિહ્નોથી જાણી શકાય છે. વ્રતોની, વ્રતોનો ઉપદેશ આપનારાઓની અને વ્રતીઓની પ્રશંસા ન કરવી, અવજ્ઞા કરવી, વ્રતરક્ષણના ઉપાયો ન કરવા વગેરેથી વિરતિ પરિણામ નાશ પામ્યો છે એમ જાણી શકાય છે.

**પ્રશ્ન**—શું કોઈ વિરતિના પરિણામ વિના પણ વ્રતો લે ?

**ઉત્તર**—હા. બીજાનો આગ્રહ વગેરે કારણોથી વિરતિનો પરિણામ થયા વિના પણ વ્રતો લેનારા હોય. અનંતીવાર દ્રવ્યથી સાધુપણું અને શ્રાવકપણું લીધું એમ શાસ્ત્રોમાં સંભળાય જ છે. (૩૫)

**तम्हा णिच्चसतीए, बहुमाणेणं च अहिगयगुणम्मि ।**
**पडिवक्खदुगुंछाए, परिणइआलोयणेणं च ॥३६॥**
**तित्थंकरभत्तीए, सुसाहुजणपज्जुवासणाए य ।**
**उत्तरगुणसद्धाए य, एत्थ सया होइ जइयव्वं ॥३७॥**

**પ્રારંભ કરાયેલા ઉપદેશને કહે છે—**

**ગાથાર્થ**—(૧) લીધેલાં સમ્યક્ત્વ અને અણુવ્રતોનું સદા સ્મરણ કરવું જોઈએ. (૨) લીધેલાં સમ્યક્ત્વ અને અણુવ્રતો ઉપર બહુમાન રાખવું જોઈએ. (૩) લીધેલાં સમ્યક્ત્વ અને અણુવ્રતોના પ્રતિપક્ષ મિથ્યાત્વ, પ્રાણિવધ આદિ ઉપર જુગુપ્સાભાવ રાખવો જોઈએ. (૪) સમ્યક્ત્વાદિ ગુણોના અને તેના પ્રતિપક્ષ મિથ્યાત્વાદિ દોષોના પરિણામની વિચારણા કરવી જોઈએ. અર્થાત્ સમ્યક્ત્વ આદિ ગુણોથી થતા લાભની અને મિથ્યાત્વાદિ દોષોથી થતા નુકસાનની વિચારણા કરવી જોઈએ. (૫) તીર્થંકરની ભક્તિ કરવી જોઈએ.

(૬) સુસાધુઓની સેવા કરવી જોઈએ. (૭) જે ગુણોનો સ્વીકાર કર્યો હોય તેનાથી અધિક ગુણની ઇચ્છા રાખવી જોઈએ. જેમકે—સમ્યક્ત્વનો સ્વીકાર કર્યો હોય તો દેશવિરતિની ઇચ્છા રાખવી જોઈએ. દેશવિરતિનો સ્વીકાર કર્યો હોય તો સર્વવિરતિની ઇચ્છા રાખવી જોઈએ. (૩૬-૩૭)

**एवमसंतोऽवि इमो, जायइ जाओऽवि ण पडइ कयाई ।**
**ता एत्थं बुद्धिमया, अपमाओ होइ कायव्वो ॥३८॥**

**હમણાં કહેલા ઉપદેશને જ ફળ બતાવવા દ્વારા ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ**—આ રીતે પ્રયત્ન કરવાથી નહિ થયેલો પણ સમ્યક્ત્વનો અને વ્રતોનો પરિણામ થાય છે, અને થયેલો પરિણામ ક્યારે પણ જતો નથી. આથી બુદ્ધિમાન પુરુષે લીધેલા વ્રતોનું સદા સ્મરણ કરવા વગેરેમાં ઉદ્યમ કરવો જોઈએ. (૩૮)

**एत्थ उ सावयधम्मे, पायमणुव्वयगुणव्वयाइं च ।**
**आवकहियाइँ सिक्खावयाइं पुण इत्तराइंति ॥३९॥**

**કહેલાં વ્રતોના જ બાકી રહેલા વક્તવ્યને(=જે કહેવા યોગ્ય છે તેને) બતાવતા ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ**—આ શ્રાવકધર્મમાં પાંચ અણુવ્રતો અને ત્રણ ગુણવ્રતો પ્રાયઃ જીવનપર્યંત હોય છે. શિક્ષાવ્રતો થોડા સમય સુધી હોય છે.

**ટીકાર્થ**—અહીં પ્રાયઃ કહ્યું હોવાથી પાંચ અણુવ્રતો અને ત્રણ ગુણવ્રતો ચાતુર્માસ વગેરે થોડા કાળ સુધી પણ હોય છે. શિક્ષાવ્રતોનું સ્વરૂપ પૂર્વે (૨૫મી ગાથાની અવતરણિકામાં) કહ્યું છે. શિક્ષાવ્રતો થોડા કાળ સુધી કરવાના હોય છે. કેમકે તે શિક્ષાવ્રતો છે. શિક્ષા એટલે અભ્યાસ, અર્થાત્ ફરી ફરી સ્વીકાર. શિક્ષાવ્રતોમાં સામાયિક અને દેશાવગાશિક પ્રતિદિન કરવાના હોય છે, અને તેનું પ્રત્યાખ્યાન ફરી ફરી કરાય છે, પૌષધ અને અતિથિસંવિભાગ નિયત દિવસે કરવાના હોય છે. (૩૯)

**संलेहणा य अंते, ण णिओगा जेण पव्वयइ कोई ।**
**तम्हा णो इह भणिया, विहिसेसमिमस्स वोच्छामि ॥४०॥**

**આ પ્રમાણે બારેય પ્રકારનો શ્રાવકધર્મ કહ્યે છતે સંલેખના કહેવાનો અવસર છે. આથી હવે સંલેખના વિષે કહે છે—**

**ગાથાર્થ**—શ્રાવકને જીવનના અંતે સંલેખના હોય જ એવો નિયમ નથી. કારણ કે કોઈ શ્રાવક દીક્ષા લે. આથી અહીં સંલેખનાનું વર્ણન કર્યું નથી. શ્રાવકનો બાકીનો વિધિ (૪૧મી ગાથાથી) કહીશ.

**ટીકાર્થ**—સંલેખના એટલે જીવનના અંતે કરાતા અનશનની પૂર્વે કરાતી ક્રિયા. આ ક્રિયા

આગમમાં પ્રસિદ્ધ છે. (૪૦)

**निवसेज्ज तत्थ सड्ढो, साहूणं जत्थ होइ संपाओ ।**
**चेइयहराइँ जम्मि य, तयण्णसाहम्मिया चेव ॥४१॥**

**શ્રાવકના બાકી રહેલા વિધિને જ કહે છે–**

**ગાથાર્થ**–જ્યાં સાધુઓનું આગમન થતું હોય, જ્યાં જિનમંદિરો હોય, જ્યાં સાધર્મિકો હોય ત્યાં જ શ્રાવક વસે.[1]

**ટીકાર્થ–પ્રશ્ન**–આવા સ્થાનમાં રહેવાથી શો લાભ થાય ?

ઉત્તર–ગુણોની વૃદ્ધિ થાય. સાધુઓના આગમન આદિની મહત્તા બતાવવા (શ્રાવકપ્રજ્ઞપ્તિ ગાથા ૩૪૦થી ૩૪૨માં) કહ્યું છે કે–

**"સાધુઓને વંદન કરવાથી ગુણબહુમાન દ્વારા પાપ નાશ પામે છે, તેમની પાસે ધર્મશ્રવણ કરવાથી જીવાદિતત્ત્વોમાં શંકા રહેતી નથી. તેમને અચિત્ત વસ્તુનું દાન કરવાથી નિર્જરા થાય છે. કારણ કે દાનથી સાધુઓના જ્ઞાનાદિનું પોષણ થાય છે. વિધિપૂર્વક કરેલા ચૈત્યવંદન, જિનપૂજન આદિથી મિથ્યાત્વનો નાશ થાય છે, અને સમ્યક્ત્વની વિશુદ્ધિ થાય છે, એમ અરિહંતોએ કહ્યું છે. સાધર્મિક સાથે રહેવાથી સાધર્મિક સ્થિર કરે, સાધર્મિક વાત્સલ્ય કરે, સાધર્મિક વાત્સલ્ય શાસનનો સાર છે, પ્રશંસા આદિ દ્વારા સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગમાં સહાય કરવાથી સાધર્મિક જિનધર્મથી ભ્રષ્ટ બને નહિ."** (૪૧)

**णवकारेण विबोहो, अणुसरणं सावओ वयाइं मे ।**
**जोगो चिइवंदणमो, पच्चक्खाणं च विहिपुव्वं ॥४२॥**

**તેવા પણ સ્થાનમાં વસતા શ્રાવકનાં પ્રતિદિનનાં કર્તવ્યોને કહે છે–**

**ગાથાર્થ**–(૧) શ્રાવક નવકાર ગણતાં ઊઠે. (૨) ત્યાર પછી હું શ્રાવક છું, મારે અણુવ્રતો વગેરે નિયમો છે વગેરે વિચારે. (૩) ત્યારપછી (योगो=) મળમૂત્રનો ત્યાગ અને શુદ્ધિ વગેરે શરીર સંબંધી ક્રિયા કરે. (૪) ત્યાર પછી વિધિપૂર્વક ચૈત્યવંદન કરે. (૫) ત્યારબાદ વિધિપૂર્વક પ્રત્યાખ્યાન પારે. (૪૨)

**ટીકાર્થ**–(૧) શ્રાવક નવકાર ગણતાં ઊઠે. નવકારગણવાથી પંચપરમેષ્ઠી પ્રત્યે બહુમાન થાય છે અને પરમ મંગલ થાય છે. અહીં કેટલાકો સામાન્યથી નવકાર ગણવાનું કહે છે, અર્થાત્ મનમાં કે બોલીને નવકાર ગણવા ઇત્યાદિની સ્પષ્ટતા કર્યા વિના નવકાર ગણવાનું કહે છે. બીજાઓ તો કહે છે કે "શય્યામાં રહ્યાં રહ્યાં મનમાં નવકાર ગણવાં. તેમ કરવાથી સૂત્રનો(=નમસ્કાર મંત્રનો) અવિનય દૂર થાય છે."

---

૧.ઉપદેશ માલા ગા. ૨૩૬

(૨) ત્યારપછી હું શ્રાવક છું, મારે અણુવ્રતો વગેરે નિયમો છે વગેરે વિચારવું. આનાથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી ઉપયોગ રાખવાનું સૂચન કર્યું છે. તે આ રીતે– દ્રવ્યથી હું શ્રાવક છું, મારું અમુક કુળ છે, હું અમુકનો શિષ્ય છું, વગેરે વિચારવું. ક્ષેત્રથી હું અમુક ગામમાં, અમુક ઘરમાં છું ઇત્યાદિ વિચારવું. કાળથી અત્યારે પ્રભાત છે ઇત્યાદિ વિચારવું. ભાવથી પેશાબ આદિ બાધાઓમાંથી કઈ બાધા છે ઇત્યાદિ વિચારવું.

(૩) ત્યારબાદ મળ-મૂત્રનો ત્યાગ અને શુદ્ધિ વગેરે શરીરસંબંધી ક્રિયા કરે, આ પ્રમાણે શરીરસંબંધી બાધાને દૂર કરવાથી સમાધિ થવાથી ચૈત્યવંદન વગેરે અનુષ્ઠાનો ભાવ અનુષ્ઠાન બને.

(૪) ત્યારબાદ વિધિપૂર્વક પૂજા કરીને ચૈત્યવંદન કરે.

(૫) ત્યારબાદ વિધિપૂર્વક પચ્ચક્ખાણ પારે.

ચૈત્યવંદન અને પચ્ચક્ખાણનો વિધિ અનુક્રમે ત્રીજા અને પાંચમા પંચાશકમાં કહેવામાં આવશે. (૪૨)

**तह चेईहरगमणं, सक्कारो वंदणं गुरुसगासे ।**
**पच्चक्खाणं सवणं, जइपुच्छा उचियकरणिज्जं ॥४३॥**

ગાથાર્થ–(૬) ત્યારબાદ જિનમંદિરે જાય. (૭) પછી જિનમંદિરમાં જિનપૂજારૂપ સત્કાર કરે. (૮) પછી ચૈત્યવંદન કરે. (૯) પછી ગુરુની પાસે પચ્ચક્ખાણ કરે. (૧૦) પછી ગુરુની પાસે જ આગમનું શ્રવણ કરે. (૧૧) પછી સાધુઓને પૂછે. (૧૨) પછી ઉચિત કર્તવ્ય કરે.

**ટીકાર્થ**–(૬) પછી વિધિપૂર્વક જિનમંદિરે જાય અને વિધિપૂર્વક જિનમંદિરમાં પ્રવેશ કરે. તેમાં જિનમંદિરે જવાનો વિધિ આ પ્રમાણે છે–

સર્વપ્રકારની આભરણાદિ ઋદ્ધિ, સર્વપ્રકારની શરીરની શોભા(કાંતિ), એક બીજા પદાર્થોનો પરસ્પર ઉચિત સંયોગ કરવા રૂપ યુક્તિ, (સર્વપ્રકારનું સૈન્ય,) સર્વ પરિવારાદિ સમુદાય ઇત્યાદિ આડંબરથી જિનમંદિરે જવું જોઈએ. આ રીતે ઠાઠ-માઠ સાથે જિનમંદિરે જવાથી શાસનપ્રભાવના થાય છે.

જિનમંદિરમાં પ્રવેશ કરવાનો વિધિ (ઔપપાતિક સૂત્ર-૩૨માં) આ પ્રમાણે છે–

**"૧. (શરીરની શોભા આદિ માટે રાખેલાં પુષ્પ વગેરે) સચિત્ત દ્રવ્યોનો ત્યાગ કરવો, ૨. (શરીરની શોભા આદિ માટે પહેરેલાં સુવર્ણહાર વગેરે) અચિત્તદ્રવ્યોનો ત્યાગ ન કરવો, ૩. પહોળા એક વસ્ત્રનો ઉત્તરાસંગ (=ખેસ) કરવો, ૪. જિનમૂર્તિનાં દર્શન થતાં જ બે હાથ જોડી લલાટે લગાડીને અંજલી કરવી, ૫. ચિત્તની એકાગ્રતા રાખવી, અર્થાત્ જિનદર્શનમાં જ ચિત્ત રાખવું." આ વિધિથી જિનમંદિરમાં પ્રવેશ કરે.**

(૭) જિનમંદિરમાં પુષ્પાદિથી જિનપૂજા રૂપ સત્કાર કરે.

(૮) પછી પ્રસિદ્ધવિધિથી ચૈત્યવંદન કરે.

(૯) પછી ગુરુ પાસે (વંદન કરીને) પ્રત્યાખ્યાન કરે.

(૧૦) પછી ગુરુ પાસે જ આગમનું શ્રવણ કરે. ગુરુ પાસે જ આગમ સાંભળવાથી સમ્યગ્ બોધ થાય છે. સમ્યગ્ બોધથી ધાર્મિક ક્રિયાઓ પણ સમ્યગ્ બને છે. સમ્યગ્ બોધ વિના ધાર્મિક ક્રિયાઓ સમ્યગ્ બનતી નથી.

(૧૧) પછી શરીર અને સંયમ નિર્વાહ અંગે સાધુઓને પૂછવું. (શરીર અને સંયમનિર્વાહ બરોબર થાય છે એમ જાણવા છતાં-દેખવા છતાં પૂછવું જોઈએ. કારણ કે) પૂછવાથી વિનય જળવાય છે.

(૧૨) પૂછ્યા પછી બિમારી આદિના કારણે ઔષધ આદિ જે વસ્તુની જરૂર હોય તે વસ્તુ આપવી, અથવા બીજાને ભલામણ કરીને તેની વ્યવસ્થા કરવી. જો પૂછ્યા પછી જરૂરિયાત પ્રમાણે ઔષધાદિ આપવામાં ન આવે કે તેની વ્યવસ્થા ન કરવામાં આવે તો કરેલી પૃચ્છા બહુ સાર્થક ન બને. (૪૩)

**अविरुद्धो ववहारो, काले तह भोयणं च संवरणं ।**
**चेइहरागमसवणं, सक्कारो वंदणाई य ॥४४॥**

ગાથાર્થ–(૧૩) ત્યારપછી અવિરુદ્ધ વ્યવહાર કરે. (૧૪) પછી કાળે ભોજન કરે. (૧૫) પછી પ્રત્યાખ્યાન કરે. (૧૬) પછી જિનમંદિરમાં આગમનું શ્રવણ કરે. (૧૭) પછી સાંજે પૂજા કરે. (૧૮) પછી ચૈત્યવંદન વગેરે કરે.

**ટીકાર્થ**–(૧૩) ત્યાર પછી અવિરુદ્ધ વ્યવહાર કરે, અર્થાત્ પંદર કર્માદાન (તથા અનીતિ આદિ)નો ત્યાગ કરીને જેમાં બહુ જ અલ્પ પાપ લાગે તે રીતે ધન મેળવવાનો પ્રયત્ન કરે. અન્યથા ધર્મમાં બાધા થાય અને શાસનની અપભ્રાજના થાય.

(૧૪) ત્યારપછી શાસ્ત્રમાં કહેલ વિધિથી સમયસર ભોજન કરે. જે સમયે ભોજન કરવાથી શરીરનું આરોગ્ય જળવાય તે ભોજનનો સમય જાણવો. અથવા પ્રત્યાખ્યાન પૂર્ણ થાય તે ભોજનનો સમય જાણવો. અકાળે ભોજન કરવાથી ધર્મમાં બાધા થાય અને શરીરને નુકસાન થાય.

ભોજનનો વિધિ આ પ્રમાણે છે–

**"જિનપૂજા, ઉચિતદાન, પરિવારની સંભાળ, તથા ભોજન સમયે કરવા યોગ્ય અન્ય કાર્યો કરીને, ભોજનને યોગ્ય સ્થાને બેસીને, કરેલા પ્રત્યાખ્યાનને યાદ કરવા પૂર્વક ભોજન કરવું."**

આનાથી બીજી રીતે ભોજન કરવાથી પાપ જ થાય.

(૧૫) ભોજન કર્યા પછી 'ગંઠિસહિઅં' આદિ પ્રત્યાખ્યાન લેવું. પ્રમાદનો ત્યાગ કરવાની ભાવનાવાળાએ એક ક્ષણ પણ પ્રત્યાખ્યાન વિના રહેવું યોગ્ય નથી.

(૧૬) પછી જિનમંદિરમાં આગમનું શ્રવણ કરવું. પ્રાયઃ જિનમંદિરમાં આગમનું વ્યાખ્યાન થતું હોવાથી અહીં જિનમંદિરનો ઉલ્લેખ કર્યો છે. જિનમંદિરના ઉપલક્ષણથી બીજે પણ જ્યાં વ્યાખ્યાન થતું હોય તે સ્થાન સમજવું. બૃહત્કલ્પ ગાથા-૧૮૦૫-૧૮૦૭. શ્રાદ્ધદિનકૃત્ય ગાથા-૧૫૧-૧૫૪. કહ્યું છે કે–

**"જ્યાં અનિશ્રાકૃત ચૈત્ય હોય ત્યાં આચાર્ય સભાસમક્ષ ધર્મકથા કરે. [1]નિશ્રાકૃત ચૈત્યમાં અસંવિગ્નો (શિથિલાચારી સાધુઓ) ન હોય તો નિશ્રાકૃત ચૈત્યમાં પણ વ્યાખ્યાન કરે. જો નિશ્રાકૃત ચૈત્યમાં વ્યાખ્યાન ન કરે તો "અહો ! આ લોકો ઈર્ષ્યાળુ છે, જેથી આ બીજાનું ચૈત્ય છે એમ માનીને અહીં વ્યાખ્યાન કરતા નથી." એમ લોકાપવાદ થાય. તથા શ્રાવકોનો અતિશય આગ્રહ હોવા છતાં ત્યાં વ્યાખ્યાન ન કરે તો શ્રાવકોની શ્રદ્ધાનો ભંગ થાય."**

અહીં જિનમંદિરે જઈને આગમ સાંભળવાનું કહ્યું હોવાથી સાધુઓ જિનમંદિરમાં જ રહે એવો નિર્ણય કરવો નહિ. કારણ કે વ્યવહાર ભાષ્ય (નવમો ઉદ્દેશો ગાથા-૭૦-૭૧-૭૨)માં આ પ્રમાણે ઉલ્લેખ છે–

**"જો કે જિનમંદિર આધાકર્મી નથી (-સાધુઓ માટે બનાવેલું નથી), જિનની ભક્તિ કરવા બનાવેલું છે, તો પણ તેમાં ન રહેવાથી જિનની ભક્તિ કરી ગણાય છે, અને તેમાં રહેવાથી જિનની મોટી આશાતના થાય છે. (૭૦) સ્નાન કરવા છતાં આ શરીરમાંથી દુર્ગંધી પસીનો નીકળ્યા કરે છે, શ્વાસોશ્વાસ અને અપાનવાયુ એમ બે રીતે વાયુનો સંચાર થયા કરે છે, આથી સાધુઓ જિનમંદિરમાં રહેતા નથી. (૭૨) સાધુઓને મુખ્યતયા દેવવંદનમાં શ્રુતસ્તવ-(=પુક્ખરવરદીવડ્ઢે) પછી ત્રણ શ્લોક પ્રમાણ ત્રણ સ્તુતિઓ કહેવાય ત્યાં સુધી જિનમંદિરમાં રહેવાની અનુજ્ઞા છે. કારણ હોય તો તેથી વધારે સમય સુધી પણ રહેવાની અનુજ્ઞા છે.[2] (૭૩)**

(૧૭) પછી સાંજે જિનપૂજા કરવી.

(૧૮) પછી જિનમૂર્તિ સમક્ષ ચૈત્યવંદન આદિ કરવું. આદિશબ્દથી તે સમયે જિનમંદિર સંબંધી જે કાર્ય કરવાની જરૂર હોય તે કાર્ય કરવાનું સૂચન કર્યું છે.

અથવા વંદણાઈ પદનો અર્થ આ પ્રમાણે છે–સાધુઓના નિવાસે જઈને સાધુસંબંધી વંદન

---

૧. અમુક ગચ્છનું જ જે મંદિર હોય તે નિશ્રાકૃત અને તે સિવાયનું (સર્વ સાધારણ) મંદિર અનિશ્રાકૃત છે.

૨. શ્રાદ્ધદિન કૃત્ય ગાથા - ૧૪૭-૧૪૯-૧૫૦.

વગેરે કાર્ય કરવું. તથા ભૂમિકા પ્રમાણે છ આવશ્યક રૂપ પ્રતિક્રમણ કરવું.

**પ્રશ્ન**–(૧) શ્રાવકને આવશ્યક(-પ્રતિક્રમણ) કરવું યોગ્ય નથી. કારણ કે આગમમાં શ્રાવકને વ્રતાદિ કરવાનું કહ્યું છે, પણ પ્રતિક્રમણ કરવાનું કહ્યું નથી. ઉપાસકદશાંગ વગેરે મૂળ આગમમાં શ્રાવકને પ્રતિક્રમણ કરવા સંબંધી ઉપદેશ નથી. શ્રાવકે પ્રતિક્રમણ કરવું જોઈએ એવું સૂચિત થાય તેવું કોઈ વચન પણ નથી. ઉપાસકદશાંગ વગેરેના સાર રૂપ શ્રાવકપ્રજ્ઞપ્તિ આદિમાં પણ શ્રાવકને પ્રતિક્રમણ કરવા સંબંધી ઉપદેશ વગેરે કંઈ જ નથી.

(૨) અહીં પણ શ્રાવકની દિનચર્યા જણાવતાં આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજે (૪૨મી ગાથામાં चिइवंदणमो=શ્રાવકે ચૈત્યવંદન કરવું એટલું જ કહ્યું છે. તથા

**"સાધુએ અને શ્રાવકે દિવસના અને રાત્રિના અંતે અવશ્ય કરવું જોઈએ માટે તેનું આવશ્યક નામ છે."**

આ પ્રમાણે અનુયોગદ્વારની ગાથામાં શ્રાવકને પ્રતિક્રમણ કરવાનું વિધાન કર્યું છે એમ કહેવું તે પણ બરાબર નથી. કારણ કે ત્યાં આવશ્યક શબ્દનો અર્થ છ આવશ્યક રૂપ પ્રતિક્રમણ નહિ, કિંતુ ચૈત્યવંદન આદિ છે. જે અવશ્ય કરવા યોગ્ય છે તે આવશ્યક કહેવાય છે. શ્રાવકને જિનપૂજા, જિનવંદન વગેરે અવશ્ય કરવા યોગ્ય છે. જો શ્રાવકને છ આવશ્યક (પ્રતિક્રમણ) અવશ્ય કરવાનું કહ્યું હોય તો જે શ્રાવક છ આવશ્યક કરે તે જ શ્રાવક કહેવાય. પણ તેમ છે નહિ. કારણ કે સામાયિક-પ્રતિક્રમણ નહિ કરનાર અવિરતિ સમ્યગદૃષ્ટિને પણ શ્રાવક કહેવામાં આવે છે. આ પ્રમાણે શ્રાવકને પ્રતિક્રમણ કરવું યોગ્ય નથી.

**ઉત્તર**–(૧) ઉપાશકદશાંગ વગેરેમાં શ્રાવકને પ્રતિક્રમણ કરવાનું કહ્યું નથી એમ જે કહ્યું તે ખોટું છે. જો કે ઉપાસકદશાંગ વગેરેમાં કહ્યું નથી, પણ અનુયોગદ્વારમાં શ્રાવકને પ્રતિક્રમણ કરવાનું કહ્યું છે. તે આ પ્રમાણે–

**"સાધુ કે સાધ્વી, અથવા શ્રાવક કે શ્રાવિકા તેમાં ચિત્તવાળા થઈને, તેમાં તન્મય થઈને, તેની લેશ્યાવાળા બનીને, તેના અધ્યવસાયવાળા થઈને, તેના અર્થનો ઉપયોગ રાખીને, તેમાં રજોહરણ મુહપત્તિ વગેરે ઉપકરણોનો વિધિપૂર્વક ઉપયોગ કરીને, તેની ભાવનાથી ભાવિત થઈને બે કાળ જે આવશ્યક કરે છે તે લોકોત્તર ભાવ આવશ્યક છે.**

(૨) શ્રાવકને ચૈત્યવંદન વગેરે આવશ્યક છે એમ જે કહ્યું તે પણ ખોટું છે. કારણ કે આવશ્યકશબ્દના પર્યાયવાચી શબ્દોમાં [૧]અધ્યયનષટ્કવર્ગ શબ્દ પણ છે. તેનો છ આવશ્યકોનો સમૂહ તે આવશ્યક એવો અર્થ થાય છે. આથી આવશ્યક છ પ્રકારે છે એમ

---

૧.વિશેષાવશ્યક ગા. ૮૭

નિશ્ચિત થાય છે. વાચકવર્ય શ્રી ઉમાસ્વાતિ મહારાજે પણ શ્રાવકે પ્રતિક્રમણ કરવું જોઈએ એનું સમર્થન કર્યું છે. તેમણે કહ્યું છે કે–

**"જે સમ્યગ્દર્શનયુક્ત હોય અને છ પ્રકારના આવશ્યકમાં રક્ત હોય તે શ્રાવક છે."**

(૩) શાસ્ત્રમાં બતાવેલા "અશઠ ગીતાર્થોએ આચરેલું હોય." ઈત્યાદિ જીત વ્યવહારનાં લક્ષણો ઘટતાં હોવાથી પાંચમા જીત વ્યવહારથી પણ શ્રાવકના પ્રતિક્રમણનું સમર્થન થાય છે.[1]

(૪) **समणेण सावएण य** એ અનુયોગદ્વારની ગાથામાં જો આવશ્યક શબ્દથી છ પ્રકારનું આવશ્યક વિવક્ષિત ન હોય તો પ્રતિક્રમણ કરનારા જ ગૃહસ્થો શ્રાવક કહેવાય, બીજા નહિ, એમ જે કહ્યું તે પણ અસત્ય છે. કારણ કે એ દૂષણ તો સાધુના પક્ષે પણ સમાન છે. તે આ પ્રમાણે–જે છ પ્રકારનું આવશ્યક કરે તે જ સાધુ કહેવાય, બીજા નહિ. આથી કારણ આવે તો જ પ્રતિક્રમણ કરનારા મધ્યમ તીર્થંકરના સાધુઓ સાધુ ન કહેવાય. પણ તેમ છે નહિ. કદાચ તમે કહેશો કે અનુયોગદ્વારની એ ગાથા અંતિમ તીર્થંકરના સાધુઓને ઉદ્દેશીને કહી છે, તો જણાવવાનું કે તેમ હોય તો પણ એ ગાથા શ્રાવકોના છ આવશ્યકોનું પણ સૂચન કરનારી છે એમ માનવામાં કોઈ દોષ નથી.

**પ્રશ્ન**–છ આવશ્યક અતિચારોની શુદ્ધિ(-પ્રાયશ્ચિત્ત) રૂપ છે. નિશીથ વગેરે ગ્રંથોમાં આલોચના વગેરે દશ પ્રકારે અતિચારોની શુદ્ધિ બતાવવામાં આવી છે. પણ તે સાધુઓને ઉદ્દેશીને છે. શ્રાવકોને ઉદ્દેશીને એકપણ પ્રકારની શુદ્ધિ બતાવવામાં આવી નથી. અને શ્રાવકોને અતિચારો ઘટતા પણ નથી. કારણ કે સંજ્વલન કષાયનો ઉદય હોય ત્યારે અતિચારો થાય છે એમ શાસ્ત્રોમાં કહ્યું છે.

**ઉત્તર**–જો કે નિશીથ વગેરેમાં શ્રાવકોના અતિચારોની શુદ્ધિ(-પ્રાયશ્ચિત્ત) જણાવી નથી, તો પણ શ્રાદ્ધજીતકલ્પ આદિ ગ્રંથોમાં જણાવેલી હોવાથી તેનો સ્વીકાર કરવો જોઈએ.

---

૧. આગમ, શ્રુત, આજ્ઞા, ધારણ અને જીત એમ પાંચ પ્રકારનો વ્યવહાર છે. અહીં વ્યવહાર એટલે મુમુક્ષુઓની મોક્ષપ્રાપ્તિ માટે થતી પ્રવૃત્તિ-નિવૃત્તિ. (૧) **આગમ**–આગમ એટલે જ્ઞાન. વિશિષ્ટ જ્ઞાનને ધારણ કરનારા મહાપુરુષો જે વ્યવહાર કરે તે આગમ વ્યવહાર. કેવળજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, ચૌદપૂર્વધર, દશપૂર્વધર અને નવપૂર્વધર જે વ્યવહાર કરે તે આગમવ્યવહાર. (૨) **શ્રુત**-શ્રુત એટલે વિશિષ્ટ પ્રકારનું શ્રુતજ્ઞાન. નિશીથસૂત્રથી આરંભી નવપૂર્વથી કંઈક ન્યૂન સુધીનું શ્રુતજ્ઞાન ધરાવનાર જે વ્યવહાર કરે તે શ્રુતવ્યવહાર. (૩) **આજ્ઞા**–દૂર દેશમાં રહેલા બે ગીતાર્થ આચાર્યો પરસ્પર સંદેશા દ્વારા આલોચના વગેરે લે અને આપે, પણ સંદેશો લઈ જનાર વગેરે ન સમજે તે રીતે સાંકેતિક શબ્દોમાં આલોચના વગેરે લે અને આપે તે આજ્ઞા વ્યવહાર. (૪) **ધારણા**–ગુરુએ કરેલ આલોચનાદિ વ્યવહારને ધારી રાખનાર શિષ્ય ગુરુના સ્વર્ગવાસ પછી જે આલોચનાદિ વ્યવહાર કરે તે ધારણા વ્યવહાર. (૫) **જીત**–આગમમાં ન કહ્યું હોય, પણ અશઠ ઘણા ગીતાર્થોએ આચર્યું હોય તે જીત વ્યવહાર. શ્રાવકોનું પ્રતિક્રમણ અશઠ ઘણા ગીતાર્થોની આચરણા રૂપ હોવાથી જીતવ્યવહારથી પણ સિદ્ધ થાય છે.

જો શ્રાવકોને અતિચારોની શુદ્ધિ(-પ્રાયશ્ચિત્ત) ન હોય તો, ઉપાસક દશાંગમાં ભગવાન શ્રી ગૌતમસ્વામીએ આનંદ શ્રાવકને **"હે આનંદ ! તું આ અર્થની (અસત્ય બોલાયું તેની) આલોચના કર, પ્રતિક્રમણ કર, નિંદા કર, ગર્હા કર, યથાયોગ્ય તપકર્મ રૂપ પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કર."** એમ જે કહ્યું તે કેવી રીતે ઘટે ? ઉપાસકદશાંગનું આ વચન શ્રાવક સંબંધી અતિચારોની શુદ્ધિનું સૂચક છે. એટલે આ વચનથી જ શ્રાવકોને અતિચારો હોય છે એ પણ સિદ્ધ થાય છે. તથા અતિચારો સંજ્વલન કષાય સાથે બીજા (અપ્રત્યાખ્યાની વગેરે) કષાયોનો ઉદય હોય ત્યારે પણ અતિચારો થાય છે એ પહેલાં (નવમી ગાથાની ટીકામાં) કહી દીધું છે.

હવે બીજી વાત. જો શ્રાવકોને ચૈત્યવંદન વગેરે આવશ્યક હોય તો अन्तो अहोनिसिस्स= દિવસના અને રાત્રિના અંતે આવશ્યક કરવું જોઈએ એ વચનથી શ્રાવકને ચૈત્યવંદન વગેરે સવાર-સાંજ બે વખત જ કરવાનું થાય. પણ શાસ્ત્રોમાં दंसणसुद्धिनिमित्तं तिकालं देववंदणाइयं=**"સમ્યગ્દર્શનની શુદ્ધિ માટે ત્રિકાળ દેવવંદન વગેરે કરવું જોઈએ."** એમ સંભળાય છે. આથી સવાર-સાંજ બે વખત આવશ્યક કરવાનો જે નિયમ છે તે સાધુની જેમ શ્રાવકના છ પ્રકારના આવશ્યકને ઉદ્દેશીને જ ઘટી શકે છે.

### શ્રાવકના છ આવશ્યકોની ઘટના–

**"જે સાધુ સર્વ પાપવ્યાપારોનો ત્યાગ કરું છું એમ પ્રતિજ્ઞા કરીને સર્વપાપનો ત્યાગ કરતો નથી તે સર્વવિરતિવાદી (-હું સર્વવિરતિધારી છું એમ બોલનારો) સાધુ દેશવિરતિ અને સર્વવિરતિ એ બંનેથી ચૂકે છે."** (આવશ્યકનિર્યુક્તિ ગાથા-૮૦૦)

આ ગાથાથી શ્રાવકને સર્વશબ્દ રહિત સામાયિક સૂત્ર કહેલું છે. આથી શ્રાવકને પહેલું સામાયિક આવશ્યક ઘટે છે.

ચતુર્વિંશતિસ્તવ (લોગસ્સ સૂત્ર) સમ્યગ્દર્શનની શુદ્ધિ માટે છે. શ્રાવકને પણ સમ્યગ્દર્શનની શુદ્ધિ કરવાની હોય છે. ચતુર્વિંશતિસ્તવસૂત્ર સાધુ જ બોલે, શ્રાવક ન બોલે એવું તો કહ્યું નથી. તથા શ્રાવકો ચતુર્વિંશતિસ્તવ બોલે એ અશઠ ઘણા ગીતાર્થ આચાર્યોએ માન્ય કરેલું છે. આથી શ્રાવકોને બીજું ચતુર્વિંશતિસ્તવ આવશ્યક પણ ઘટે છે. તથા ભગવતી સૂત્રમાં શંખ શ્રાવકની કથામાં પુષ્કલ શ્રાવકના વૃત્તાંતમાં આવેલા ગમનાગમનશબ્દનો અર્થ ટીકાકારે **"પુષ્કલિક શ્રાવકે ઇરિયાવહિયાનું પ્રતિક્રમણ કર્યું"** એવો [૧]જણાવ્યો છે. કારણ કે ભગવતીમાં જ તે તે કથાઓમાં અને ઓઘનિર્યુક્તિચૂર્ણિમાં ગમનાગમનશબ્દ ઇરિયાવહિયાશબ્દના પર્યાય તરીકે પ્રસિદ્ધ છે, અર્થાત્ એ બંનેનો એક જ અર્થ છે. ઇરિયાવહિયાના કાઉસ્સગ્ગમાં પ્રાયઃ ચતુર્વિંશતિસ્તવ(લોગસ્સ)નું ચિંતન કરવાનું હોય છે. આથી પણ શ્રાવકના બીજા ચતુર્વિંશતિ સ્તવ આવશ્યકની સિદ્ધિ થાય છે.

---

१. गमणागमणाए पडिक्कमइत्ति ईर्यापथिकीं प्रतिक्रामतीत्यर्थः । ૧. ભગવતી સૂત્ર શતક-૧૨ ઉ. ૧

વંદન ગુણીના વિનય રૂપ છે. શ્રાવક પણ ગુણીનો વિનય કરે એ વિરુદ્ધ નથી. કૃષ્ણ વગેરેએ તેનું આચરણ કર્યું છે.

**પ્રશ્ન—"પાંચ મહાવ્રતધારી, અપ્રમાદી, માનરહિત, સંવિગ્ન અને નિર્જરાનો અર્થી સાધુ વંદન કરવાને અધિકારી છે."** (આવશ્યકનિર્યુક્તિ ગાથા-૧૧૯૭)

નિર્યુક્તિની આ ગાથા સાધુને ઉદ્દેશીને છે, શ્રાવકને ઉદ્દેશીને નથી. આથી શ્રાવકને વંદન આવશ્યક યોગ્ય નથી.

**ઉત્તર**—આમ માનવું બરોબર નથી. કારણ કે એ ગાથામાં સાધુ શબ્દનો ઉલ્લેખ બીજા પણ તેવા યોગ્ય જીવો વંદનના અધિકારી છે એનું સૂચન કરવા છે, નહિ કે શ્રાવકોનો નિષેધ કરવા. જો સાધુ શબ્દ શ્રાવકોનો નિષેધ કરવા હોત તો સાધ્વીઓનો પણ નિષેધ હોત. સાધ્વીઓનો વંદનનો નિષેધ અસંગત છે. કારણ કે સાધ્વી બનેલી માતાને સાધુ બનેલા પુત્રને વંદન કરવાનો વિશેષરૂપે નિષેધ કર્યો છે. (આવશ્યકનિર્યુક્તિ ગાથા-૧૨૦૮માં) કહ્યું છે કે—

**"સાધુ (દીક્ષિત) માતા, પિતા, મોટાભાઈ અને દીક્ષાપર્યાયથી મોટા સર્વ સાધુ પાસે વંદન ન કરાવે."**

જો સાધ્વીઓએ સાધુને વંદન કરવાનું જ ન હોય તો (દીક્ષિત) માતા પાસે વંદન ન કરાવે એમ કહેવાની જરૂર જ ન રહેત. માતા પાસે વંદન ન કરાવે એમ કહેવાથી જ સાધ્વીઓએ સાધુને વંદન કરવું જોઈએ એ સિદ્ધ થાય છે. તથા અહીં સાધુના વિશેષણમાં પંચમહાવ્રતધારી એમ કહ્યું છે. હવે જો પંચમહાવ્રતધારી કહ્યું હોવાથી અણુવ્રતધારીનો નિષેધ થતો હોય તો પંચ શબ્દનો ઉલ્લેખ હોવાથી મધ્યમ તીર્થંકરના ચાર મહાવ્રતધારી સાધુઓનો પણ નિષેધ થાય તે યોગ્ય નથી. આથી શ્રાવકે કોઈપણ જાતના[૧] ભેદભાવ વિના વંદન પણ કરવું જોઈએ.

પ્રતિક્રમણ આવશ્યક સામાન્યપણે ઈરિયાવહિયા પ્રતિક્રમણના કથનથી જ સિદ્ધ થાય છે. (કારણ કે ઈરિયાવહિયાપ્રતિક્રમણ એક જાતનું પ્રતિક્રમણ જ છે. શ્રાવકને ઈરિયાવહિયા પ્રતિક્રમણ હોય છે એ વાત બીજા આવશ્યકની સિદ્ધિમાં કહેવાઈ ગઈ છે.)

**પ્રશ્ન**—જુદા જુદા નિયમવાળા શ્રાવકોને સર્વ સામાન્ય એક જ પ્રતિક્રમણસૂત્ર (વંદિત્તુ)થી પ્રતિક્રમણ શી રીતે થઈ શકે ? અર્થાત્ ન થઈ શકે. કારણ કે જેમણે એક પણ વ્રતનો સ્વીકાર કર્યો નથી તેવા શ્રાવકોને તેના અતિચારો ન હોય. અતિચારો ન હોય તો (અતિચારશુદ્ધિ માટે બોલાતા) પ્રતિક્રમણસૂત્રનું ઉચ્ચારણ પણ અયુક્ત છે. જો અતિચારો વિના પણ પ્રતિક્રમણસૂત્ર બોલી શકાતું હોય તો મહાવ્રતના અતિચારો પણ બોલવાનો

---

૧. જેમ સાધુઓમાં પિતા પુત્રને વંદન ન કરે વગેરે ભેદ છે, તેમ ગૃહસ્થોમાં નથી. ગૃહસ્થે દીક્ષિત પુત્ર વગેરે બધાને વંદન કરવું જોઈએ.

પ્રસંગ આવે, અર્થાત્ શ્રાવકથી સાધુનું પ્રતિક્રમણસૂત્ર (પગામ સજ્ઝાય) પણ બોલી શકાય.

**ઉત્તર**—આમ કહેવું બરોબર નથી. એકપણ વ્રત નહિ સ્વીકારનાર શ્રાવક પણ પ્રતિક્રમણસૂત્રના ઉચ્ચારણથી અશ્રદ્ધા વગેરેનું પ્રતિક્રમણ કરે એ શાસ્ત્રસંમત છે. (વંદિત્તુ સૂત્ર-૪૮માં) કહ્યું છે કે—

**"જિનેશ્વરદેવે જેનો નિષેધ કર્યો હોય તે કાર્યો કર્યાં હોય, કરવા યોગ્ય કાર્યો ન કર્યાં હોય, જિનવચન પ્રત્યે અશ્રદ્ધા કરી હોય, જિનવચનથી વિપરીત પ્રરૂપણા કરી હોય એ ચાર કારણે પ્રતિક્રમણ કરવાનું છે."**

અશ્રદ્ધા આદિ સંબંધી પ્રતિક્રમણ શાસ્ત્રસંમત હોવાથી જ સાધુ શ્રાવકની અને સાધુની પ્રતિમાનો સ્વીકાર ન કરવા છતાં एगारसहिं उवासगपडिमाहिं बारसहिं भिक्खु-पडिमाहिं=**"શ્રાવકની અગિયાર પ્રતિમાસંબંધી અને સાધુની બાર પ્રતિમાસંબંધી અશ્રદ્ધા આદિ જે દોષ લાગ્યો હોય તેનું પ્રતિક્રમણ કરું છું."** એમ શ્રાવકની અને સાધુની પ્રતિમાસંબંધી પ્રતિક્રમણ કરે છે.

**પ્રશ્ન**—જો અતિચારો વિના પ્રતિક્રમણસૂત્ર બોલવામાં વાંધો ન હોય તો શ્રાવક સાધુના પ્રતિક્રમણસૂત્ર (પગામ સજ્ઝાય)થી જ પ્રતિક્રમણ કરે.

**ઉત્તર**—ભલે કરે. એમાં કોઈનો કાંઈ વિરોધ નથી. છતાં શ્રાવકના પ્રતિક્રમણસૂત્ર (વંદિત્તુ)માં અણુવ્રતાદિ સંબંધી નિષિદ્ધ આચરણનું વર્ણન વિસ્તારથી હોવાથી શ્રાવકને તે વધારે ઉપયોગી છે. આથી શ્રાવકો તેનાથી પ્રતિક્રમણ કરે એ વધારે ઠીક છે.

**પ્રશ્ન**—સાધુના પ્રતિક્રમણસૂત્ર(પગામ સજ્ઝાય)થી અલગ શ્રાવકનું પ્રતિક્રમણસૂત્ર (વંદિત્તુ) માનવું યોગ્ય નથી. કેમકે તેના ઉપર નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ વગેરે ન હોવાથી પૂર્વાચાર્ય રચિત નથી. આથી તે પ્રમાણભૂત ન ગણાય.

**ઉત્તર**—આમ માનવું ઠીક નથી. કારણ કે તેમ માનવામાં આવશ્યાકાદિ દશ શાસ્ત્રો સિવાય કોઈ શાસ્ત્ર ઉપર નિર્યુક્તિ ન હોવાથી અને ઔપપાતિક આદિ ઉપાંગો ઉપર ચૂર્ણિ ન હોવાથી તે શાસ્ત્રો પૂર્વાચાર્ય રચિત તરીકે નહિ માની શકાય. આથી તે શાસ્ત્રો પણ અપ્રમાણભૂત માનવા પડશે. આ રીતે શ્રાવકને ચોથું પ્રતિક્રમણ આવશ્યક પણ હોય છે.

૧. પૂર્વે કહ્યું તેમાં શ્રાવકોને ઇરિયાવહિયા પ્રતિક્રમણનું વિધાન છે. (તેમાં કાયોત્સર્ગ આવે છે.) ૨. શ્રાવકોને પાંચમી પ્રતિમા કરવાનું વિધાન છે. (પાંચમી કાયોત્સર્ગ પ્રતિમા છે.) ૩. કાયોત્સર્ગ કરવા સંબંધી સુભદ્રા શ્રાવિકા આદિના દૃષ્ટાંતો શાસ્ત્રોમાં જોવા મળે છે. આ ત્રણ કારણોથી શ્રાવકને કાયોત્સર્ગ કરવાનું વિધાન છે એમ માનવું જોઈએ.

**પ્રશ્ન**—શ્રાવકો આગાર સહિત કાયોત્સર્ગ શા માટે કરે છે ?

**ઉત્તર**—કાયોત્સર્ગનો ભંગ ન થાય એ માટે. જો સાધુઓ પણ કાયોત્સર્ગનો ભંગ થવાના ભયથી આગાર સહિત કાયોત્સર્ગ કરે છે તો ગૃહસ્થોએ તો સુતરાં આગાર સહિત કાયોત્સર્ગ

કરવો જોઈએ. કારણ કે ગૃહસ્થો સાધુઓ કરતાં ઓછા સત્ત્વવાળા હોય છે.

શ્રાવકોને છટ્ઠું પ્રત્યાખ્યાન આવશ્યક પણ ઘટે છે.

**પ્રશ્ન**—પ્રત્યાખ્યાન સૂત્રમાં જણાવેલા પારિષ્ઠાપનિકા વગેરે આગારો સાધુઓને જ ઘટતા હોવાથી ગૃહસ્થો માટે તે અયોગ્ય છે.

**ઉત્તર**—તેમ માનવું બરોબર નથી. કારણ કે જેમ ગુરુ વગેરે વડીલ સાધુ પારિષ્ઠાપનિકા વગેરે આગારોના અધિકારી ન હોવા છતાં અને ભગવતીસૂત્રના યોગવાહી સાધુઓ ગૃહસ્થસંસૃષ્ટ વગેરે આગારોના અધિકારી ન હોવા છતાં પારિષ્ઠાપનિકા વગેરે આગારોના ઉચ્ચારણપૂર્વક પ્રત્યાખ્યાન કરે છે, કારણ કે સૂત્ર અખંડ બોલવું જોઈએ, તે રીતે ગૃહસ્થો પણ અખંડ સૂત્ર બોલાય એ માટે જરૂરી ન હોવા છતાં પારિષ્ઠાપનિકા વગેરે આગારો સહિત પ્રત્યાખ્યાન કરે છે.

આ રીતે છએ આવશ્યકો શ્રાવકોને હોય છે એમ માનવું જોઈએ. હવે આનો બહુ વિસ્તાર કરવાની જરૂર નથી. (૪૪)

**जइविस्सामणमुचिओ, जोगो नवकारचिंतणाईओ ।**
**गिहगमणं विहिसुवणं, सरणं गुरुदेवयाईणं ॥४५॥**

**ગાથાર્થ**—(૧૯) પછી સાધુઓની વિશ્રામણા કરે. (૨૦) પછી ઉચિત વ્યાપાર કરે. (૨૧) પછી પોતાના ઘરે જાય. (૨૨) પછી વિધિપૂર્વક શયન કરે. સૂતાં પહેલાં ગુરુ અને દેવનું સ્મરણ કરે.

**ટીકાર્થ**—(૧૯) પછી જે સાધુઓ વેયાવચ્ચ આદિ કરીને થાકી ગયા હોવાથી વિશિષ્ટ[૧] કારણસર શ્રાવક આદિ દ્વારા શરીરશ્રમ દૂર કરવાની ઈચ્છાવાળા હોય તેમનો થાક દૂર કરે.

(૨૦) પછી નમસ્કાર મહામંત્રનું ધ્યાન કરવું, કંઠસ્થ કરેલ પ્રકરણ આદિનો પાઠ કરવો વગેરે ઉચિત વ્યાપાર કરે.

(૨૧) પછી પોતાના ઘરે જાય.[૨]

(૨૨) પછી વિધિપૂર્વક શયન કરે.

શયનનો વિધિ જિનપૂજન, જિનવંદન, વિશેષ પ્રત્યાખ્યાન કરવું વગેરે શયનનો વિધિ છે. ગ્રંથકાર શયનના વિધિને જ વિશેષથી કહે છે—(૧) ગુરુ-દેવ આદિનું સ્મરણ કરે.

---

૧. મુખ્યતયા સાધુઓને પગ દબાવવા આદિ શરીરસેવા કરાવવાની અનુજ્ઞા નથી. પણ તેવું કોઈ વિશિષ્ટ કારણ હોય તો છૂટ છે. આથી અહીં 'વિશિષ્ટ કારણસર' એમ લખ્યું છે. તેમાં પણ મુખ્યતયા સાધુ પાસે શરીર સેવા કરાવે. તેવા કોઈ કારણે ગૃહસ્થો પાસે પણ કરાવે.

૨. અહીં ઘરે જવું એ સ્વતઃ સિદ્ધ હોવાથી ઘરે જવાનું કહેવું વ્યર્થ છે. આથી અહીં ઘરે જઈને સ્વપરિવારને ધર્મદેશના કરવાનું સૂચન કર્યું છે. (શ્રાદ્ધદિનકૃત્ય ગા. ૩ની ટીકા)

ગુરુદેવાદિના સ્મરણના ઉપલક્ષણથી નીચે મુજબ કહે–

(૨) ધર્માચાર્ય અને જિનેશ્વર વગેરેના ગુણોનું સ્મરણ વગેરે કરે.

(૩) આદિશબ્દથી બીજા પણ ધર્મના ઉપકારીઓનું સ્મરણ કરે.

(૪) (લીધેલાં) પ્રત્યાખ્યાન વગેરેનું સ્મરણ કરે. [ચાર શરણાં સ્વીકારવાં, દુષ્કૃતની ગર્હા કરવી, સુકૃતની અનુમોદના કરવી, સર્વ જીવોને ખમાવવા, અઢાર પાપસ્થાનકોનો ત્યાગ કરવો, આગાર રાખીને આહાર, પરિગ્રહ, શરીર વગેરેનો ત્યાગ કરવો, છેલ્લે સાત કે આઠ નવકાર ગણવા.] વગેરે શયનનો વિધિ છે. (૪૫)

**अब्बंभे पुण विरई, मोहदुगुंछा सतत्तचिंता य ।**
**इत्थीकलेवराणं, तव्विरएसुं च बहुमाणो ॥४६॥**

**અબ્રહ્મના ત્યાગનો ઉપદેશ–**

**ગાથાર્થ**–(૧) અબ્રહ્મનો ત્યાગ કરે. (૨) સ્ત્રીપરિભોગનું કારણ પુરુષવેદ આદિ મોહની નિંદા કરે. (૩) સ્ત્રીશરીરના સ્વરૂપને વિચારે. (૪) અબ્રહ્મનો ત્યાગ કરનારાઓ ઉપર આંતરિક પ્રેમ રાખે.

**ટીકાર્થ**–(૧) અબ્રહ્મનો ત્યાગ કરવો.

(અબ્રહ્મનો ત્યાગ સહેલાઈથી થઈ શકે એ માટે) (૨) સ્ત્રીપરિભોગનું કારણ પુરુષવેદ આદિ મોહની નિંદા કરવી. જેમકે–

**"કામીપુરુષ રૂપ કીડો જે અંગની માગણી કરે છે(=વિષયસેવન માટે જે અંગની ઈચ્છા કરે છે) તે અંગ શરમ પમાડે તેવું છે, અતિશય ગુપ્ત રાખવા લાયક છે, જોવા લાયક નથી, બિભત્સ છે, મલથી અતિશય મલિન છે, અતિશય દુર્ગંધી છે. આમ છતાં કામી પુરુષનું મન તેનાથી કંટાળતું નથી તે જ સંસારની અસારતા છે."**

(૩) સ્ત્રીશરીરનું સ્વરૂપ વિચારવું. જેમકે–

**"સ્ત્રીનું શરીર વીર્ય-લોહીથી ઉત્પન્ન થયેલું છે, તેનાં નવ છિદ્રોમાંથી મલિન પદાર્થો બહાર નીકળ્યા કરે છે, મલથી અપવિત્ર છે, કેવળ હાડકાંઓની સાંકળ(-સમૂહ) રૂપ છે."**

(૪) અબ્રહ્મનો ત્યાગ કરનારાઓ ઉપર આંતરિક પ્રેમ રાખવો. જેમકે–

**"જેમણે ત્રણ ભુવનને દુઃખી કરનાર આ કામ રૂપી મલ્લને હરાવી દીધો છે તેઓ ધન્ય છે ! વંદનીય છે ! તેમનાથી ત્રિભુવન પવિત્ર બન્યું છે !"** (૪૬)

**सुत्तविउद्धस्स पुणो, सुहुमपयत्थेसु चित्तविण्णासो ।**
**भवठिइणिरूवणे वा, अहिगरणोवसमचित्ते वा ॥४७॥**

નિદ્રામાંથી જાગી જતાં કરવાની વિચારણા–

**ગાથાર્થ**–(૧) નિદ્રામાંથી જાગી ગયેલો શ્રાવક સૂક્ષ્મપદાર્થોની વિચારણા કરે (૨) સંસારનું સ્વરૂપ વિચારે. (૩) અધિકરણનો ત્યાગ કેવી રીતે થશે કે ક્યારે થશે તે વિચારે.

**ટીકાર્થ**–(૧) (રાત્રિ વધુ બાકી હોય ત્યારે) નિદ્રામાંથી જાગી ગયેલા શ્રાવકે કર્મ, આત્મા અને આત્મપરિણામ વગેરે સૂક્ષ્મ પદાર્થોની વિચારણા કરવી જોઈએ.

(૨) સંસારનું સ્વરૂપ વિચારવું. જેમકે–

**"સંસારમાં રંક રાજા થાય છે, રાજા રંક થાય છે, બહેન પત્ની થાય છે, પત્ની બહેન થાય છે, દુઃખી સુખી થાય છે, સુખી દુઃખી થાય છે. આથી સંસાર નિર્ગુણ=સાર રહિત છે."**

(૩) ક્લેશ-કંકાસ રૂપ અધિકરણનો કે ખેતી વગેરે અધિકરણનો ત્યાગ ક્યારે થશે અથવા કેવી રીતે થશે તેની વિચારણા કરવી જોઈએ. (૪૭)

**आउयपरिहाणीए, असमंजसचेट्ठियाण व विवागे ।**
**खणलाभदीवणाए, धम्मगुणेसुं च विविहेसु ॥४८॥**

**ગાથાર્થ**–(૪) પ્રતિક્ષણ થતી આયુષ્યની હાનિને વિચારે. (૫) પ્રાણિવધ આદિ અનુચિત આચારોના વિપાકને વિચારે. (૬) ક્ષણલાભદીપનાની વિચારણા કરે. (૭) વિવિધ ધર્મગુણો સંબંધી વિચારણા કરે.

**ટીકાર્થ**–(૪) પ્રતિક્ષણ થતી આયુષ્યની હાનિની વિચારણા કરવી જોઈએ. આ વિષે કહ્યું છે કે–

**"હે જીવ ! અપક્વ માટીના કોડિયામાંથી નિરંતર ઝરતા પાણીની જેમ સર્વ જીવોના આયુષ્યનો પ્રતિક્ષણ ક્ષય થઈ રહ્યો છે, તો પણ તું કેમ પ્રમાદ કરે છે ?"**

(૫) પ્રાણિવધ આદિ અનુચિત આચારોના વિપાકની વિચારણા કરવી જોઈએ. જેમકે–

**"એકવાર કરેલા વધ (-લાકડી આદિથી મારવું), મારણ (-પ્રાણનાશ કરવો), અભ્યાખ્યાનદાન (-અછતા દોષનો આરોપ કરવો), ચોરી આદિથી પરધન લેવું વગેરે પાપોનો ઓછામાં ઓછો દશગુણો ઉદય થાય છે, અર્થાત્ દશગણું ફળ મળે છે."** (ઉપદેશ માળા ગા. ૧૧૭)

(૬) खणलाभदीवणाए=ક્ષણલાભદીપના એટલે ક્ષણવારમાં થતા લાભની વિચારણા કરવી, અર્થાત્ જીવ ક્ષણવારમાં અશુભ અધ્યવસાયથી ઘણાં અશુભ કર્મોનો બંધ કરે છે, અને શુભ અધ્યવસાયથી ઘણાં શુભ કર્મોનો બંધ કરે છે, તેની વિચારણા કરવી જોઈએ. જેમકે–

**"પાપ કરતો મનુષ્ય એક દિવસમાં હજારો ક્રોડ પલ્યોપમ વર્ષ જેટલું નરકનું આયુષ્ય બાંધે છે અને પુણ્ય કરતો જીવ એક દિવસમાં તેટલું જ દેવનું આયુષ્ય બાંધે છે, અર્થાત્ તેટલા આયુષ્યને બાંધવાવાળું પાપ અને પુણ્ય જીવ એક દિવસમાં કરે છે. માટે પ્રમાદનો ત્યાગ કરીને પુણ્યનું ઉપાર્જન કરવું જોઈએ."** (ઉપદેશમાળા ગા. ૨૭૪)

અથવા ક્ષણલાભદીપનાનો અર્થ આ પ્રમાણે છે—ક્ષણ એટલે મોક્ષમાર્ગનો અવસર. તેના લાભની વિચારણા કરવી. મોક્ષમાર્ગનો અવસર દ્રવ્યાદિથી ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે—દ્રવ્યથી મનુષ્યભવ, ક્ષેત્રથી આર્યક્ષેત્ર, કાળથી ચોથો આરો વગેરે, ભાવથી સમ્યગ્દર્શન. આ મોક્ષમાર્ગ [1]યુગશમિલા દૃષ્ટાંતથી બહુ દુર્લભ છે તેની વિચારણા કરવી.

કહ્યું છે કે—

**"મનુષ્યભવ, આર્યદેશ, આર્યજાતિ, આર્યકુલ, રૂપ (પાંચ ઈન્દ્રિયોની પરિપૂર્ણતા), આરોગ્ય, દીર્ઘાયુ, બુદ્ધિ, ધર્મશ્રવણ, જ્ઞાન, શ્રદ્ધા અને સંયમ લોકમાં દુર્લભ છે."** (આવશ્યકનિર્યુક્તિ-ગાથા-૮૩૧)

અથવા ક્ષણલાભદીપનાનો અર્થ આ પ્રમાણે છે—**ક્ષણલાભ, દીપજ્ઞાત અથવા [2]દ્વીપજ્ઞાતની વિચારણા કરવી.** ક્ષણલાભના બે અર્થ છે, જે ઉપર જણાવી દીધા છે. દીપજ્ઞાત એટલે દીપકનું દૃષ્ટાંત. તે આ પ્રમાણે—

**"જેમ અંધકારમાં દીવો જીવોનું રક્ષણ કરે છે તેમ અજ્ઞાન રૂપ ઘોર અંધકારમાં જિનેશ્વરોએ કહેલાં આગમો જીવોનું રક્ષણ કરે છે."** (ઉત્તરાધ્યયન ગા. ૯૦૬)

દ્વીપનું દૃષ્ટાંત આ પ્રમાણે છે—

**"જેમ દુસ્તર સમુદ્રમાં દ્વીપ જીવોનું રક્ષણ કરે છે તેમ સંસારરૂપ સમુદ્રમાં જિનેશ્વરોએ કહેલો ધર્મ જીવોનું રક્ષણ કરે છે."**

(૭) વિવિધ ધર્મગુણો સંબંધી વિચારણા કરવી, એટલે કે ધર્મથી થતા આ લોક અને પરલોક સંબંધી વિવિધ લાભની વિચારણા કરવી. કહ્યું છે કે—

**"ધર્મનું મોક્ષ વગેરે ફળ શાસ્ત્રશ્રવણથી જાણી શકાય છે, પણ સાક્ષાત્ અનુભવી શકાતું નથી, જ્યારે સમતાથી થતું સુખ તો સાક્ષાત્ અનુભવી શકાય છે."**

**"જેમણે મદ અને કામ ઉપર વિજય મેળવી લીધો છે, જેઓ મન, વચન અને કાયાના વિકારોથી રહિત છે અને ભૌતિક આકાંક્ષાઓથી રહિત છે, તે સાધુઓને આ ભવમાં જ**

---

૧. યુગ એટલે ગાડા વગેરેની ધોંસરી. શમિલા એટલે ધોંસરીમાં નાખવાની ખીલી. સમુદ્રના એક છેડે ધોંસરી હોય અને સામા છેડે ખીલી હોય તો પોતાની મેળે ખીલી ધોંસરીમાં પેશી જાય એ બહુ દુર્લભ છે. જેમ આ બેનો યોગ દુર્લભ છે તેમ એકવાર મોક્ષમાર્ગ મળ્યા પછી ફરી મળવો દુર્લભ છે.

૨. પ્રાકૃત दीवणाए પદમાંથી સંસ્કૃત दीपज्ञाते અને द्वीपज्ञाते એમ બે શબ્દો થઈ શકે છે.

મોક્ષ છે." (પ્રશમરતિ ગા. ૨૩૮)

અથવા વિવિધ ધર્મગુણો સંબંધી વિચારણા કરવી એટલે ક્ષમાદિગુણોની કારણ, સ્વરૂપ, ફળ વગેરે રીતે વિચારણા કરવી.

[જેમકે—ક્ષમાદિગુણોનું કારણ સહનશીલતા, સત્ત્વ વગેરે છે. ક્રોધના પ્રસંગે પણ સમભાવ રાખવો તે ક્ષમા છે. ક્ષમાનાં કર્મનિર્જરા વગેરે અનેક ફળો છે. ઈત્યાદિ વિચારણા કરવી.] (૪૮)

**बाहगदोसविवक्खे, धम्मायरिए य उज्जयविहारे ।**
**एमाइचित्तणासो, संवेगरसायणं देइ ॥४९॥ जुम्मं ।**

**ગાથાર્થ**—(૮) બાધક બનતા દોષોથી વિપક્ષની વિચારણા કરે. (૯) ઉદ્યતવિહાર કરનારા ધર્માચાર્ય સંબંધી વિચારણા કરે. (૧૦) સાધુઓના ઉદ્યતવિહાર સંબંધી વિચારણા કરે. આવી વિચારણા સંવેગ રસાયણને આપે છે.

**ટીકાર્થ**—(૮) શુભ અનુષ્ઠાનમાં બાધક બનતા રાગાદિ દોષોથી પ્રતિપક્ષની વિચારણા કરવી.

(પંચવસ્તુક ગા. ૮૯૦-૮૯૧માં) કહ્યું છે કે—

**"જે પુરુષ જે રાગાદિ દોષોથી પીડાતો હોય તેણે તે દોષસંબંધી વિપક્ષની વિચારણા કરવી જોઈએ. (૮૯૦) (જેમકે) ધન ઉપર રાગ હોય તો ધનને મેળવવામાં, તેનું રક્ષણ કરવામાં અને તેના વિયોગમાં થતા સંક્લેશની વિચારણા કરવી. હવે જો એવો વિચાર આવે કે સંક્લેશ થવા છતાં ધન ધર્મનું કારણ છે માટે ધન મેળવવું જોઈએ, તો વિચારવું કે ધર્મ માટે ધન કમાવું એના કરતાં ધન ન કમાવું એ જ ઉત્તમ છે." (૮૯૧)**

(૯) પોતાને સમ્યગ્દર્શન પમાડનાર ગુરુસંબંધી "એમણે મને ધર્મ પમાડીને જે ઉપકાર કર્યો છે તેનો બદલો વાળવો દુષ્કર છે." વગેરે વિચારણા કરવી.

(ઉપદેશમાળા ગા. ૨૬૯માં) કહ્યું છે કે—

**"ઘણા ભવોમાં પણ સર્વગુણમિલિત, એટલે કે ગુરુએ કરેલા ઉપકારથી બે ગણા, ત્રણગણા, ચારગણા, એમ યાવત્ સર્વગુણા, એવા પણ હજારો કરોડો ઉપકારો કરીને પણ સમ્યક્ત્વ પમાડનાર ગુરુના ઉપકારોનો બદલો વાળવો દુઃશક્ય છે. અર્થાત્ ગુરુએ સમ્યક્ત્વ પમાડીને જે ઉપકાર કર્યો છે, તેનાથી અનંતગણા હજારો કરોડો ઉપકારો કરીને પણ તે ઉપકારનો બદલો વાળી શકાતો નથી."**

૧૦. સાધુઓના ઉદ્યત વિહારસંબંધી વિચારણા કરવી. (દશવૈકાલિક ગાથા-૫૦૪માં) કહ્યું છે કે—

**"નિયત એક સ્થાને વાસ ન કરવો, જુદા જુદા અનેક ઘરોમાંથી માગીને ભિક્ષા**

**લાવવી, સંયમનાં ઉપકરણો નિર્દોષ લેવાં, સ્ત્રી આદિ રહિત એકાંત સ્થાનમાં રહેવું, અલ્પ ઉપકરણો રાખવાં, કોઈની સાથે કલહ ન કરવો, આજુબાજુના લોકો કલહ કરતા હોય તો સાંભળવું પણ નહિ, અને તેની વાત પણ ન કરવી, સાધુઓના આ આચારો પ્રશંસનીય છે."**

તથા પોતાના ઉદ્યત વિહાર સંબંધી પણ વિચારણા કરવી. જેમકે--

**"તે દિવસ ક્યારે આવશે કે જે દિવસે હું ગીતાર્થ ગુરુ પાસે સર્વવિરતિનો સ્વીકાર કરીને વિહાર કરીશ."**

આવી વિચારણા સંવેગરૂપ રસાયણ આપે છે, અર્થાત્ આવી વિચારણાથી સંવેગ (સંસારનિર્વેદ કે મોક્ષાનુરાગ) ઉત્પન્ન થાય છે. (૪૯)

**गोसे भणिओ य विही, इय अणवरयं तु चिट्ठमाणस्स ।**
**भवविरहबीयभूओ, जायइ चारित्तपरिणामो ॥५०॥**

ઉપસંહાર–

**ગાથાર્થ**–પ્રાતઃકાળનો વિધિ (૪૨મી ગાથામાં) કહેવાઈ ગયો છે. અહીં જણાવ્યા પ્રમાણે સતત અનુષ્ઠાનો કરનાર શ્રાવક સંસારવિયોગના કારણ ચારિત્રના પરિણામવાળો થાય છે.

**ટીકાર્થ**–આ પ્રમાણે દેશવિરતિનો અભ્યાસ કરનાર શ્રાવક (સર્વવિરતિના) ઉપાયમાં પ્રવૃત્તિ કરતો હોવાથી તેને આ ભવમાં કે પરભવમાં અવશ્ય સંસારવિયોગનું કારણ એવો ચારિત્રપરિણામ થાય છે. મૂળગાથામાં રહેલ 'વિરહ' શબ્દ શ્વેતાંબર આચાર્યશ્રી હરિભદ્રસૂરિ મહારાજની રચનાનું નિશાન છે. અર્થાત્ આચાર્યશ્રી હરિભદ્રસૂરિમહારાજે સ્વરચિત દરેક ગ્રંથમાં 'વિરહ' શબ્દનો પ્રયોગ કર્યો હોવાથી જે જે ગ્રંથમાં 'વિરહ' શબ્દનો પ્રયોગ હોય તે તે ગ્રંથ આચાર્યશ્રી હરિભદ્રસૂરિ મહારાજે રચેલો છે એ સિદ્ધ થાય છે. (૫૦)

●●●

## ॥ अथ द्वितीयपञ्चाशकवृत्तिः ॥२॥

## ૨. જિનદીક્ષાવિધિ પંચાશક

**णमिऊण महावीरं, जिणदिक्खाए विहिं पवक्खामि ।**
**वयणा णिउणणयजुयं, भव्वहियट्ठाय लेसेण ॥१॥**

**શ્રાવકધર્મને સ્વીકારનાર જિનદીક્ષાનો સ્વીકાર કરે છે. આથી હવે જિનદીક્ષાનો વિધિ કહેવા મંગલ આદિ કહેવા માટે કહે છે–**

**ગાથાર્થ**–ભગવાન શ્રી મહાવીરસ્વામીને નમસ્કાર કરીને ભવ્યજીવોના હિત માટે જિનવચનના અનુસારે જિનદીક્ષાની સૂક્ષ્મમર્યાદાગર્ભિત વિધિ સંક્ષેપથી કહીશ.

**ટીકાર્થ**–(અહીં દેશવિરતિ કે સર્વવિરતિરૂપ દીક્ષા નહીં, પણ સમ્યક્ત્વરૂપ દીક્ષા સમજવી. સમ્યક્ત્વનો સ્વીકાર એ પણ એક પ્રકારની દીક્ષા છે. સમ્યક્ત્વના સ્વીકારમાં જિનેશ્વર ભગવાનને સમર્પિત બનવાનું હોવાથી સમ્યક્ત્વ એ જિનદીક્ષા છે.)

જે દીક્ષામાં ધર્મના અધિકારી બનવા માટે દેવ તરીકે જિનને સ્વીકારવામાં આવે તે જિનદીક્ષા અથવા જિનની પ્રધાનતાવાળી(=જેમાં જિન પ્રધાન છે તેવી) દીક્ષા તે જિનદીક્ષા. જિનદીક્ષા એમ કહેવાથી શિવદીક્ષા અને કામદીક્ષા વગેરેનો નિષેધ કર્યો છે.

**જિનવચનના અનુસારે**–**પ્રશ્ન**–મૂળગાથામાં "वचनाद्–વચનના અનુસારે" એમ કહ્યું છે. ટીકામાં તેનો "जिनवचनाद्–જિનના વચનના અનુસારે" એવો અર્થ કેમ કર્યો ?

**ઉત્તર**–મૂળગાથામાં निपुणनययुक्त–સૂક્ષ્મવિચારગર્ભિત એમ કહ્યું છે. સૂક્ષ્મ વિચાર ગર્ભિતતા જિનના જ વચનના અનુસારે થઈ શકે, કુતીર્થિકોના વચનના આધારે ન થઈ શકે. આથી वचनाद्–વચનના અનુસારે એ પદનો जिनवचनाद्–જિનવચનના અનુસારે એવો અર્થ થાય.

**ભવ્યજીવોના હિત માટે**–જિનદીક્ષાવિધિ કહેલ હોય તો વિધિપૂર્વક જિનદીક્ષા લેવામાં હિત છે એમ જાણીને દીક્ષા આપનારા અને દીક્ષા લેનારા ભવ્યજીવો જિનદીક્ષા સંબંધી વિધિનું પાલન કરે અને કલ્યાણ પામે. આથી અહીં "भव्यहितार्थाय–ભવ્ય જીવોના હિત માટે" એમ કહ્યું છે.

**વિધિ**–વિધિ એટલે વિધાન, અર્થાત્ જિનદીક્ષાના સ્વીકારનો ક્રમ.

**સંક્ષેપથી**–વિધિ વિસ્તારથી કહેવામાં આવે તો મંદબુદ્ધિવાળા જીવો ઉપર બહુ ઉપકાર ન થાય માટે અહીં "संक्षेपेण–સંક્ષેપથી" (વિધિ કહીશ) એમ કહ્યું છે. (૧)

**दिक्खा मुंडणमेत्थं, तं पुण चित्तस्स होइ विण्णेयं ।**
**ण हि अप्पसंतचित्तो, धम्महिगारी जओ होइ ॥२॥**

**જિનદીક્ષાનો વિધિ કહીશ એમ કહ્યું, તેમાં સ્વરૂપથી દીક્ષાનું(=દીક્ષાના સ્વરૂપનું) નિરૂપણ કરતા ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ**—અહીં દીક્ષા એટલે "ચિત્તનું મુંડન" જાણવું. કારણ કે અપ્રશાંતચિત્તવાળો જીવ ધર્મનો અધિકારી બનતો નથી.

**ટીકાર્થ**—દીક્ષા એટલે મુંડન. દ્રવ્યથી દીક્ષા એટલે કેશોને દૂર કરવા(=લોચ કરવો.) ભાવથી દીક્ષા એટલે ક્રોધ આદિને(=દોષોને) દૂર કરવા. કહ્યું છે કે—પાંચ મુંડ કહેલા છે. તે આ પ્રમાણે—ક્રોધમુંડ, માનમુંડ, માયામુંડ, લોભમુંડ. અને શિરમુંડ. ક્રોધમુંડ એટલે ક્રોધને દૂર કરવો. એ રીતે માનમુંડ વગેરે વિષે પણ જાણવું. શિરમુંડ એટલે કેશનો લોચ કરવો. (સ્થાનાંગ ઉ. ૩. સૂત્ર ૪૪૩.)

અહીં ચિત્તનું મુંડન કરવું એટલે મિથ્યાત્વ અને ક્રોધ વગેરે દોષોને દૂર કરવા. કારણ કે પ્રબળ ક્રોધાદિ દોષોથી દૂષિત જીવ સમ્યગ્દર્શનાદિ ધર્મનો અધિકારી બની શકતો નથી. (ષોડશક-૪. ગાથા-૯માં) કહ્યું છે કે—

**"આથી(=ધર્મતત્ત્વની પ્રાપ્તિ થતાં પાપરૂપ વિકારો ઉત્પન્ન ન થતા હોવાથી) ધર્મ પામેલા જીવને ગાઢ વિષયતૃષ્ણા થતી નથી. દૃષ્ટિસંમોહ(=આગમમાં કહ્યા પ્રમાણે ન માનવું) ન હોય, ધર્મરૂપ પથ્યમાં અરુચિ ન હોય અને પાપિણી ક્રોધરૂપી ખણજ ન હોય."**

(જેનામાં દીક્ષાનો મસ્તકમુંડન[1] આદિ કે ચરવળો, તિલક વગેરે બાહ્યવેષ હોય પણ ક્રોધાદિ કષાયો દૂર ન થયા હોય તો તેની દીક્ષા વાસ્તવિક નથી.[2] (૨)

**चरमम्मि चेव भणिया, एसा खलु पोग्गलाण परियट्टे ।**
**सुद्धसहावस्स तहा, विसुज्झमाणस्स जीवस्स ॥३॥**

**ભાવમુંડનરૂપ આ દીક્ષા કોની થાય અને ક્યારે થાય તે કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ**—જિનોએ આ દીક્ષા નિર્મળ બનેલા અને વિશુદ્ધ બનતા જીવને છેલ્લા જ પુદ્ગલ પરાવર્તમાં કહી છે.

**ટીકાર્થ**—મસ્તકમુંડન આદિ બાહ્યવેષ ધારણ કરવા રૂપ દીક્ષા છેલ્લા પુદ્ગલ પરાવર્તની પહેલાં પણ હોઈ શકે છે. પણ ચિત્તમુંડનરૂપ દીક્ષા તો અંતિમ જ પુદ્ગલ પરાવર્તમાં હોય છે.[3]

---

૧.સર્વવિરતિનો મસ્તકમુંડન આદિ, દેશવિરતિનો ચરવળો આદિ અને સમ્યક્ત્વનો તિલક આદિ બાહ્યવેશ છે.
૨.ષોડશક-૧. ગા. ૪ વગેરે. ૩. ષોડશક-૫ ગા. ૨ વગેરે.

અનંત ઉત્સર્પિણી અવસર્પિણી કાળનો એક પુદ્ગલપરાવર્ત થાય છે. કહ્યું છે કે –

**"સંસારમાં પરિભ્રમણ કરતો એક જીવ અનંતા ભવોમાં ચૌદ રાજલોકમાં રહેલા સર્વ પુદ્ગલોને જેટલા કાળમાં ઔદારિક, વૈક્રિય, તૈજસ, કાર્મણ, ભાષા, શ્વાસોશ્વાસ અને મન—એ સાત પદાર્થો રૂપે ગ્રહણ કરી લે તેટલો કાળ એક બાદર (દ્રવ્ય) પુદ્ગલપરાવર્ત છે." (૧) "ચૌદ રાજલોકમાં રહેલા સર્વપુદ્ગલોને જેટલા કાળમાં ઉક્ત સાત પદાર્થોમાંથી કોઈ એક પદાર્થરૂપે ગ્રહણ કરી લે તેટલો કાળ એક સૂક્ષ્મ (દ્રવ્ય) પુદ્ગલ પરાવર્ત છે."** (૨)

[આ દ્રવ્ય પુદ્ગલપરાવર્તનું સ્વરૂપ છે. ક્ષેત્ર, કાળ અને ભાવ પુદ્ગલપરાવર્તનું સ્વરૂપ પંચસંગ્રહ, પ્રવચનસારોદ્ધાર વગેરે ગ્રંથોથી જાણી લેવું.]

**નિર્મળ બનેલા**—યથાપ્રવૃત્તિકરણથી (સાતકર્મોની) સ્થિતિ ઘટવાથી નિર્મળ બનેલા.

**વિશુદ્ધ બનતા**—ઉત્તરોત્તર અધિકવિશુદ્ધ બનતા જીવને અર્થાત્ ચઢતા પરિણામવાળા જીવને આ દીક્ષાની પ્રાપ્તિ થાય છે. કહ્યું છે કે—

**"તે જીવ ચઢતા પરિણામ હોય ત્યારે સમ્યક્ત્વ સામાયિક, શ્રુત સામાયિક, દેશવિરતિ સામાયિક અને સર્વવિરતિ સામાયિક એ ચારમાંથી કોઈ એક સામાયિકને પામે છે, એ રીતે અવસ્થિત(—સ્થિર) પરિણામ હોય ત્યારે પણ કોઈ એક સામાયિકને પામે છે. પણ ઘટતા પરિણામ હોય ત્યારે કોઈ સામાયિકને પામતો નથી."** (૩)

**दिक्खाएँ चेव रागो, लोगविरुद्धाण चेव चाउत्ति ।**
**सुंदरगुरुजोगोवि य, जस्स तओ एत्थ उचिओत्ति ॥४॥**

**ચરમપુદ્ગલ પરાવર્તમાં વિશુદ્ધ બનતા જીવને દીક્ષા હોય એમ દીક્ષાના અધિકારીનું સામાન્યથી નિરૂપણ કર્યું. હવે દીક્ષાના અધિકારીનું વિશેષથી નિરૂપણ કરતા ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ**—જેને દીક્ષા ઉપર જ રાગ છે, જેણે લોકવિરુદ્ધકાર્યોનો ત્યાગ અવશ્ય કરી દીધો છે, જેને સુગુરુનો યોગ થયો છે, તે જીવ દીક્ષાનો અધિકારી છે-દીક્ષા માટે યોગ્ય છે.

**ટીકાર્થ**—આમાં દીક્ષારાગ અને લોકવિરુદ્ધત્યાગ એ બે ગુણો દીક્ષા લેનાર જીવમાં જ થનારા છે, જ્યારે સુગુરુયોગરૂપ ગુણ અન્યના સંયોગથી થાય છે, અર્થાત્ પરને આધીન છે. સુગુરુયોગ એટલે સમ્યગ્જ્ઞાન અને સદનુષ્ઠાનથી યુક્ત દીક્ષા આપનાર આચાર્યનો સંબંધ. લોકવિરુદ્ધ એટલે ઘણા લોકોના વિરોધનું કારણ બનનારાં કાર્યો. આ લોકવિરુદ્ધકાર્યો આ પંચાશકમાં ૮-૯-૧૦ એ ત્રણ ગાથાઓમાં જણાવવામાં આવશે. (૪)

**पयतीए सोऊण व दट्टूण व केइ दिक्खिए जीवे ।**
**मग्गं समायरन्ते धम्मियजणबहुमए निच्चं ॥५॥**

**एईइ चेव सद्धा जायइ पावेज्ज कहमहं एयं ? ।**
**भवजलहिमहाणावं णिरवेक्खा साणुबंधा य ॥६॥**

**દીક્ષારાગને જાણવા (=ઓળખવા) માટે ત્રણ ગાથાઓને કહે છે—**

**ગાથાર્થ**—પ્રકૃતિથી, સાંભળીને કે સદા માર્ગને આચરતા અને ધાર્મિકલોકને સંમત એવા કોઈક દીક્ષિત જીવોને જોઈને ભવરૂપ સમુદ્રને તરવા માટે મહાન વહાણ સમાન આ દીક્ષાને હું કેવી રીતે પામું ? એ પ્રમાણે દીક્ષામાં જ નિરપેક્ષ અને સાનુબંધ રુચિ થાય છે.(૫-૬)

**ટીકાર્થ—પ્રકૃતિથી**—સ્વાભાવિકપણે (મોહનીય આદિ)કર્મોનો ક્ષયોપશમ થવાથી.

**સાંભળીને**—દીક્ષાના ગુણોને જણાવનારાં શાસ્ત્રોનું શ્રવણ કરીને.

**કોઈક દીક્ષિત જીવોને**—બધા દીક્ષિત જીવોને નહિ, કિંતુ કોઈક દીક્ષિત જીવોને. કેમકે બધા જીવો દીક્ષિત થતા નથી. અથવા કોઈક દીક્ષિત જીવોને એટલે આ દીક્ષિતો સ્વદેશના છે ઇત્યાદિ વિશેષતા વિના સામાન્યથી કોઈપણ દીક્ષિત જીવોને. કોઈક દીક્ષિત જીવોને એ વિશેષણથી ગુણીજીવો વિષે પ્રમોદભાવને જણાવે છે, અર્થાત્ દીક્ષાની રુચિવાળા જીવને સ્વદેશના છે ઇત્યાદિ વિશેષતા વિના સામાન્યથી ગુણીજીવો વિષે પ્રમોદ ભાવ હોય છે.

**માર્ગને**—મોક્ષનગરમાં જવાના સમ્યગ્દર્શનાદિરૂપ માર્ગને.

અહીં 'પ્રકૃતિથી' એમ કહેવા દ્વારા નિસર્ગથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કહી છે. ''સાંભળીને કે જોઈને'' એમ કહેવા દ્વારા અભિગમથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કહી છે. સમ્યક્ત્વની પ્રાપ્તિ નિસર્ગથી અને અધિગમથી એમ બે રીતે જ થાય. કહ્યું છે કે—નિસર્ગ અને અધિગમ એમ બે રીતે સમ્યગ્દર્શન થાય છે.

[નિસર્ગ એટલે સ્વાભાવિક. અધિગમ એટલે નિમિત્ત. બાહ્ય નિમિત્ત વિના સ્વાભાવિકપણે મોહનીય આદિ કર્મોનો ક્ષયોપશમ એ નિસર્ગ કારણ છે. શાસ્ત્રશ્રવણ અને દીક્ષિત જીવોનું દર્શન (આદિ) અધિગમ કારણ છે.]

**નિરપેક્ષ**—સંસારસુખની કે લૌકિક દેવ-ગુરુ-ધર્મની અપેક્ષાથી રહિત.

સમ્યગ્દૃષ્ટિને લૌકિક દેવ-ગુરુ-ધર્મની અપેક્ષા ન હોય એ વિષે (આવશ્યક સૂત્ર-૩૬માં) કહ્યું છે કે—''**શ્રાવક પ્રથમ મિથ્યાત્વને તજીને સમ્યક્ત્વનો સ્વીકાર કરે. તેને તે દિવસથી અન્યદર્શનીઓને, અન્યદર્શનીઓના દેવોને, અન્યદર્શનીઓએ (પોતાના મંદિરમાં) રાખેલાં જિનબિંબોને વંદન કરવું, સ્તવનાપૂર્વક પ્રણામ કરવા કલ્પે નહિ, તેઓએ પહેલાં બોલાવ્યા વિના જ એકવાર કે વારંવાર તેઓને બોલાવવા કલ્પે નહિ, (ઔચિત્ય જાળવી શકાય) તથા પરતીર્થિકોને (પૂજ્યબુદ્ધિએ) અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ એ ચાર પ્રકારનો આહાર એકવાર કે વારંવાર આપવો કલ્પે નહિ. આ પ્રતિજ્ઞામાં (૧) રાજાનો આદેશ, (૨) ઘણા લોકોનો આગ્રહ, (૩) ચોર, લુંટારા વગેરેનો બળાત્કાર, (૪) દુષ્ટદેવ**

**આદિનો ઉપસર્ગ, (૫) માતા-પિતાદિ ગુરુજનનો આગ્રહ, (૬) આજીવિકાની મુશ્કેલી આ છ કારણોથી અન્યદર્શનીઓ આદિને વદંન આદિ કરવું પડે તો છૂટ છે.**

**સાનુબંધ**–અનુબંધથી સહિત, અર્થાત્ દીક્ષાના ભાવની પરંપરાનો નાશ ન થાય તેવી. (૫-૬)

**विग्घाणं चाभावो, भावेवि य चित्तथेज्जमच्चत्थं ।**
**एयं दिक्खारागो, णिद्दिट्ठं समयकेऊहिं ॥७॥**

**ગાથાર્થ**–દીક્ષાના સ્વીકારમાં વિઘ્નોનો અભાવ, તથા વિઘ્નો થવા છતાં દીક્ષામાં ચિત્તની અતિશય સ્થિરતા આને સિદ્ધાંતના જ્ઞાતાઓએ દીક્ષારાગ કહ્યો છે.

**ટીકાર્થ**–દીક્ષાની રુચિરૂપ શુભભાવ વિઘ્નોને દૂર કરે છે, આથી દીક્ષાના સ્વીકારમાં વિઘ્નો ન આવે.

નિરુપક્રમ ક્લિષ્ટ કર્મરૂપ દોષથી વિઘ્નો આવે તો પણ દીક્ષામાં ચિત્તની અતિશય સ્થિરતા રહે એ દીક્ષારાગ છે. આમ અનંતરોક્ત રુચિ, વિઘ્નાભાવ અને ચિત્તસ્થિરતા આ ત્રણ દીક્ષારાગ(=દીક્ષારાગનાં લક્ષણો) છે. દીક્ષારાગ એટલે દીક્ષાનો અનુરાગ.

[અહીં દીક્ષારાગનાં ત્રણ લક્ષણોમાં રુચિ મુખ્ય લક્ષણ છે. રુચિ દીક્ષા- સ્વીકારમાં આવનારાં વિઘ્નોનો નાશ કરે છે માટે વિઘ્નાભાવ પર દીક્ષારાગનું લક્ષણ છે. વિઘ્નો આવવા છતાં દીક્ષાની રુચિનો નાશ ન થાય માટે ચિત્તની અતિશય સ્થિરતા પણ દીક્ષારાગનું લક્ષણ છે.] (૭)

**सव्वस्स चेव णिंदा, विसेसओ तह य गुणसमिद्धाणं ।**
**उजुधम्मकरणहसणं, रीढा जणपूयणिज्जाणं ॥८॥**

**દીક્ષારાગ કહ્યો. હવે લોકવિરુદ્ધકાર્યોનો ત્યાગ કરવો જોઈએ એમ કહેવાની ઇચ્છાથી લોકવિરુદ્ધકાર્યોને બતાવવા માટે કહે છે–**

**ગાથાર્થ**–(૧) કોઈની પણ નિંદા કરવી એ લોકવિરુદ્ધ છે. તથા ગુણસંપન્ન આત્માઓની=જ્ઞાનાદિગુણોથી સમૃદ્ધ આચાર્યો વગેરેની નિંદા કરવી એ વધારે લોકવિરુદ્ધ છે. (૨) મંદબુદ્ધિવાળા જીવોની સ્વબુદ્ધિ અનુસાર કરવામાં આવતી ધર્મક્રિયા ઉપર હસવું-મશ્કરી કરવી. (૩) લોકપૂજ્ય રાજા, મંત્રી, શેઠ, તેમના ગુરુ વગેરેનો તિરસ્કાર કરવો-મશ્કરી વગેરે કરવું એ લોકવિરુદ્ધ છે.

**ટીકાર્થ**–(૧) જેની નિંદા કરવામાં આવે તે લોકનિંદા કરનાર પ્રત્યે વિરોધવાળો બને છે. માટે કોઈની પણ નિંદા લોકવિરુદ્ધ છે. અહીં કોઈની પણ નિંદા લોકવિરુદ્ધ છે એમ કહેવામાં ગુણસંપન્ન આત્માઓની નિંદાનો પણ સમાવેશ થઈ જાય છે, છતાં તેનો જુદો ઉલ્લેખ એટલા માટે કર્યો છે કે સામાન્ય જીવોની નિંદા કરતાં ગુણસંપન્ન આત્માઓની નિંદા

વિશેષ લોકવિરુદ્ધ છે. ગુણસંપન્નના પક્ષમાં ઘણા લોકો હોય છે. આથી તેની નિંદા કરનાર પ્રત્યે ઘણા લોકો વિરોધવાળા બની જાય છે.

(૨) ધર્મક્રિયા કરનારા જીવોમાં મોટા ભાગના લોકો મંદબુદ્ધિવાળા જ હોય છે. તેમના ધાર્મિક આચારો ઉપર ''આ લોકો ધૂર્તોથી ઠગાયા છે, (એમને કશી ગતાગમ નથી વગેરે કહેવું, જાહેરમાં ભૂલો કહેવી) વગેરે રીતે ઉપહાસ કરવાથી એ લોકો વિરોધવાળા બની જાય.

(૩) લોકપૂજ્ય રાજા, મંત્રી, શેઠ અને તેમના ગુરુવગેરેનો તિરસ્કાર કરવો-મશ્કરી વગેરે કરવું એ લોકવિરુદ્ધ છે. અહીં ભાવનાનો અભિપ્રાય પ્રસિદ્ધ જ છે, અર્થાત્ લોકપૂજ્ય રાજા વગેરેનો તિરસ્કાર વગેરે કરવાથી તેમના પક્ષમાં રહેલા ઘણા લોકો તિરસ્કાર આદિ કરનાર પ્રત્યે વિરોધવાળા બની જાય છે. (૮)

**बहुजणविरुद्धसंगो, देसादाचारलंघणं चेव ।**
**उव्वणभोगो य तहा, दाणाइवि पगडमण्णे तु ॥९॥**

**ગાથાર્થ-ટીકાર્થ**—(૪) ઘણા લોકો જેની વિરુદ્ધ હોય તેનો સંપર્ક કરવો. (૫) દેશ-ગામ-કુલ વગેરેમાં પ્રસિદ્ધ (યોગ્ય) આચારોનું ઉલ્લંઘન કરવું, (૬) વસ્ત્ર, પુષ્પ વગેરેથી હલકા માણસો કરે તેવી શરીરની શોભા કરવી એ લોકવિરુદ્ધ છે. (૭) કેટલાક આચાર્યોના મતે દેશ, કાળ, વૈભવ, વય, અવસ્થા આદિને અનુચિત દાન અને તપ વગેરે કરીને લોકમાં જાહેરાત કરવી એ પણ લોકવિરુદ્ધ છે. કારણ કે લોક તે રીતે દાનાદિ કરનારનો ઉપહાસ કરે. અહીં લોકમાં જાહેરાત કરવામાં ગંભીરતાનો અભાવ કારણ છે. (૯)

**साहुवसणम्मि तोसो, सइ सामत्थम्मि अपडियारो य ।**
**एमाइयाणि एत्थं, लोगविरुद्धाणि णेयाणि ॥१०॥**

**ગાથાર્થ-ટીકાર્થ**—(૮) રાજા આદિ તરફથી સારા માણસોને થયેલી આપત્તિમાં આનંદ પામવો. આનાથી સારા માણસો અને તેના પક્ષમાં રહેલા માણસો વિરોધી બને. (૯) સારા માણસોની આપત્તિનો છતી શક્તિએ પ્રતીકાર ન કરવો વગેરે અહીં લોકવિરુદ્ધ કાર્યો જાણવાં.

[1][**પ્રયોજન**—જો ધર્મી જીવ લોકવિરુદ્ધ કાર્યો કરે તો લોક તેની વિરુદ્ધ થાય. પરિણામે તેને મુસીબતમાં મુકાવું પડે, ધર્મ કરવામાં મુશીબત ઊભી થાય, મનમાં આર્ત-રૌદ્ર ધ્યાન થાય, વિરુદ્ધ બનેલા લોકો પ્રત્યે દ્વેષભાવ જાગે, દેવ-ગુરુ-ધર્મની નિંદા થાય...આમ અનેક નુકસાનો થાય. નિંદા આદિ લોકવિરુદ્ધ કાર્યો કરવા છતાં તેવા પુણ્યોદયથી કે તેવા સંયોગો આદિથી લોકો વિરુદ્ધ ન થાય એથી આ લોકની દૃષ્ટિએ નુકસાન ન થાય તો પણ અશુભ કર્મબંધ

---

૧.[ ] આવા કાઉંસમાં આપેલું લખાણ ટીકામાં નથી. વિશેષ સમજુતી માટે સ્વતંત્ર રૂપે લખ્યું છે.

આદિથી પરલોકની દૃષ્ટિએ તો અવશ્ય નુકસાન થાય. નિંદા આદિથી આત્મામાં શુભ પરિણામ જાગે નહિ. જાગેલા પણ શુભ પરિણામ મંદ બની જાય કે જતા રહે એવું પણ બને. તથા લોકવિરુદ્ધ કાર્ય કરવાથી લોકોના ચિત્તમાં દ્વેષ આદિ[1] સંક્લેશ થાય. પરિણામે તેમને પણ અશુભકર્મનો બંધ, ધર્મભાવનાનો હ્રાસ કે સર્વથા અભાવ વગેરે અનર્થ થાય. આથી લોકવિરુદ્ધ કાર્ય કરનાર ધર્મી પરના પણ અનર્થનું કારણ બને છે. આમ લોકવિરુદ્ધ કાર્ય કરવાથી સ્વ-પરને એકાંતે નુકશાન છે. આથી ધર્મી જીવે હિંસા આદિ બીજા પાપોનો ત્યાગ અલ્પ થઈ શકે કે સર્વથા ન થઈ શકે તો પણ લોકવિરુદ્ધ કાર્યોનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ.

**લાલબત્તી**—અહીં લોકશબ્દથી અજ્ઞાન, અસદાચારી વગેરે ગમે તેવા લોકો નહિ, કિંતુ શિષ્ટ (વિવેકી) લોકો સમજવા. એટલે ગમે તે લોક વિરોધ કરે તેનો ત્યાગ કરવો એમ નહિ પણ શિષ્ટલોકમાં જે વિરુદ્ધ ગણાતાં હોય તે કાર્યોનો ત્યાગ કરવો. અજ્ઞાન લોકો તો સારાં કામોમાં પણ વિરોધ કરે. અજ્ઞાન લોકો વિરોધ કરે તેટલા માત્રથી સારાં કામો ન છોડવાં જોઈએ.]

**ટીકાર્થ**—રાજાઆદિ તરફથી સારા માણસોને થયેલી આપત્તિમાં આનંદ પામવાથી સારા માણસો અને તેમના પક્ષમાં રહેલા માણસો વિરોધી બને.

एमाइयाणि એ સ્થળે રહેલા આદિ શબ્દથી પૈશૂન્ય વગેરે સમજવું. (૧૦)

**णाणाइजुओ य गुरू, सुविणे उदगादितारणं तत्तो ।**
**अचलाइरोहणं वा तहेव वालाइरक्खा वा ॥११॥**

**હવે સુગુરુયોગને બતાવતા ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ-ટીકાર્થ**—જે જ્ઞાન-દર્શન-ચારિત્રથી યુક્ત હોય તે જ ગુરુ છે. દીક્ષાની ઈચ્છાવાળો જીવ સ્વપ્નમાં આવા ગુરુથી-આવા ગુરુની સહાયથી હું પાણી, અગ્નિ, ખાડો વગેરેને તરી ગયો, કે પર્વત, મહેલ, વૃક્ષ, શિખર વગેરે ઉપર ચઢી ગયો, અથવા સર્પ, હાથી વગેરેથી બચી ગયો એમ દેખે તો હવે સુગુરુનો યોગ થશે એમ સૂચિત થાય છે. આથી સ્વપ્નમાં આવું બનવું એ (સુગુરુના યોગને જ જણાવનાર હોવાથી કારણમાં કાર્યના ઉપચારથી) સુગુરુનો યોગ કહેવાય છે. (૧૧)

**वाउकुमाराईणं, आहवणं णियणियेहिँ मंतेहिं ।**
**मुत्तासुत्तीए किल, पच्छा तक्कम्मकरणं तु ॥१२॥**

**દીક્ષા કહી. હવે દીક્ષાને યોગ્ય દીક્ષાવિધિ કહેવો જોઈએ, દીક્ષાવિધિ સમવસરણરચનાદિ રૂપ છે. આથી સમવસરણરચનાને બતાવતા ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ-ટીકાર્થ**—સંપ્રદાય પ્રમાણે મળેલા તે તે દેવના મંત્રોથી મુક્તાશુક્તિમુદ્રા વડે

---
૧. लोकविरुद्धत्यागः-लोकसंक्लेशकरणेन तदनर्थयोजनया महदेतदपायस्थानम् (લલિતવિસ્તરા.)

વાયુકુમાર, મેઘકુમાર આદિ દેવતાઓનું આહ્વાન[1] કરવું. આ મંત્રોમાં તે તે દેવના નામ હોય છે, પ્રારંભમાં ૐકાર અને નમઃ પદ હોય છે, અંતે સ્વાહા પદ હોય છે. પછી વાયુકુમાર વગેરે તે તે દેવતાઓનું ભૂમિપ્રમાર્જન, જળસિંચન વગેરે કાર્ય કરવું. ગાથામાં રહેલ किल અવ્યય આપ્ત સંપ્રદાયનો સૂચક છે, અર્થાત્ આપ્ત સંપ્રદાય પ્રમાણે આહ્વાન કરવું. અથવા किल અવ્યય આહ્વાન તાત્ત્વિક નથી એમ સૂચવવા માટે છે. આહ્વાન કરવા છતાં પ્રાયઃ આગમનનો સંભવ ન હોવાથી આહ્વાન અતાત્ત્વિક છે. એથી અહીં દેવોનું કેવળ સ્મરણ જ કરવું જોઈએ. (૧૨)

**वाउकुमाराहवणे, पमज्जणं तत्थ सुपरिसुद्धं तु ।**
**गंधोदगदाणं पुण, मेहकुमाराहवणपुव्वं ॥१३॥**

**આને જ બતાવવા માટે કહે છે–**

**ગાથાર્થ-ટીકાર્થ**–વાયુકુમાર દેવતાઓનું આહ્વાન કર્યા પછી (મારા આમંત્રણથી વાયુકુમાર દેવો સમવસરણની ભૂમિ શુદ્ધ કરી રહ્યા છે એમ માનસિક કલ્પના કરીને) સમવસરણની ભૂમિ(=જેટલા સ્થાનમાં સમવસરણની રચના કરવી હોય તેટલી ભૂમિ) કચરો વગેરે દૂર કરીને અત્યંત શુદ્ધ કરવી. પછી મેઘકુમાર દેવોનું આહ્વાન કરીને સમવસરણની ભૂમિ ઉપર (ધૂળ ન ઉડે એટલા માટે) સુગંધી જળનો છંટકાવ કરવો. (૧૩)

**उउदेवीणाहवणे, गंधड्ढा होइ कुसुमवुट्ठित्ति ।**
**अग्गिकुमाराहवणे, धूवं एगे इहं बेन्ति ॥१४॥**

**ગાથાર્થ-ટીકાર્થ**–પછી વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત અને શિશિર નામની છ ઋતુદેવીઓનું આહ્વાન કરીને સુગંધી પંચરંગી પુષ્પોની વૃષ્ટિ કરવી. પછી અગ્નિકુમાર દેવતાઓનું આહ્વાન કરીને કાળું અગર વગેરે ધૂપ કરવો. કેટલાક આચાર્યો કહે છે કે– અગ્નિકુમાર દેવોનું નહિ, કિંતુ વિશેષ નામ વિના સામાન્યથી દેવોનું આહ્વાન કરીને ધૂપ કરવો. કારણ કે આવશ્યક ટીકામાં "धूपघटिका विकुर्वन्ति त्रिदशा एव" એમ કોઈ દેવના નામનો નિર્દેશ કર્યા વિના સામાન્યથી દેવો ધૂપ કરે છે એવો ઉલ્લેખ છે. (૧૪)

**वेमाणियजोइसभवणवासियाहवणपुव्वगं तत्तो ।**
**पागारतिगण्णासो, मणिकंचणरुप्पवण्णाणं ॥१५॥**

**ગાથાર્થ-ટીકાર્થ**–પછી વૈમાનિક, જ્યોતિષ અને ભવનપતિ દેવોનું આહ્વાન કરીને રત્ન, સુવર્ણ અને રૌપ્યના જેવા વર્ણવાળા ત્રણ ગઢ (કિલ્લા) બનાવવા. વૈમાનિક દેવો વગેરે અંદરનો, મધ્યનો અને બહારનો એ ત્રણ ગઢ અનુક્રમે રત્ન, સુવર્ણ અને રૂપાનો બનાવે છે. (૧૫)

---

૧. સમવસરણની રચના કરવા માટે પોતપોતાનું કાર્ય કરવા બોલાવવા.

**वंतरगाहवणाओ, तोरणमाईण होइ विण्णासो ।**
**चितितरुसीहासणछत्तचक्कधयमाइयाणं च ॥१६॥**

**ગાથાર્થ-ટીકાર્થ**—પછી વ્યંતર દેવોનું આહ્વાન કરીને તોરણ, પીઠ, દેવછંદ, પુષ્કરિણી આદિની રચના કરવી. તથા અશોકવૃક્ષ, સિંહાસન, ત્રણ છત્ર, ધર્મચક્ર, સિંહધ્વજ, ચક્રધ્વજ, ઇંદ્રધ્વજ ગોપુરધ્વજ વગેરે ધ્વજાઓ, કમળ અને ચામરની રચના કરવી. સમવસરણમાં આ કાર્યો વ્યંતરદેવો કરે છે. (આવશ્યકનિર્યુક્તિ ગાથા-૫૫૩. બૃહત્કલ્પ ગાથા-૧૧૮૦માં) કહ્યું છે કે—

**"અશોકવૃક્ષ, પીઠ, દેવછંદક, સિંહાસન, ત્રણ છત્ર, ચામર, ધર્મચક્ર, અને બીજાં પણ પવનની વિકુવર્ણા, જળછંટકાવ વગેરે કાર્યો વ્યંતરો કરે છે." (૧૬)**

**भुवणगुरुणो य ठवणा, सयलजगपियामहस्स तो सम्मं ।**
**उक्किट्ठवण्णगोवरि, समवसरणबिंबरूवस्स ॥१७॥**

**ગાથાર્થ-ટીકાર્થ**—પછી જેમ સમવસરણમાં ચારે બાજુ ભગવાન હોય છે, તેમ ચારે બાજુ ઉત્તમ જાતિના ચંદન (ચંદનની પીઠિકા) ઉપર સમસ્ત જગતના પિતામહરૂપ ત્રિભુવનગુરુની-જિનબિંબની સારી રીતે સ્થાપના કરવી.

**પિતામહ**—લોકમાં પિતા પૂજ્ય છે. પિતામહ(=દાદા) તો તેનાથી પણ અધિક પૂજ્ય છે. કારણ કે પિતામહ પિતાને પૂજ્ય છે. ભગવાન સમસ્ત જગતના પિતામહરૂપ છે. અથવા સકળ જગતનો પિતા ધર્મ છે. કારણ કે ધર્મ(પિતાની જેમ) સકળ જગતનું પાલન કરે છે. ભગવાન ધર્મના પણ પિતા છે. કારણ કે ધર્મની ઉત્પત્તિ ભગવાનથી થાય છે. (૧૭)

**एयस्स पुव्वदक्खिणभागेणं मग्गओ गणधरस्स ।**
**मुणिवसभाणं वेमाणिणीण तह साहुणीणं च ॥१८॥**

**ગાથાર્થ-ટીકાર્થ**—સમવસરણમાં(પહેલા ગઢમાં) ભગવાનથી અગ્નિ ખૂણામાં ગણધરોની, ગણધરોની પાછળ અતિશયોથી યુક્ત વગેરે ઉત્તમ મુનિઓની, મુનિઓની પાછળ સાધ્વીઓની, સાધ્વીઓની પાછળ વૈમાનિક દેવીઓની સ્થાપના કરવી. (૧૮)

**इय अवरदक्खिणेणं, देवीणं ठावणा मुणेयव्वा ।**
**भवणवइवाणमंतरजोइससंबंधिणीणत्ति ॥१९॥**

**ગાથાર્થ**—એ પ્રમાણે નૈઋત્યખૂણામાં ક્રમશઃ ભવનપતિ, વાણવ્યંતર અને જ્યોતિષ દેવીઓની સ્થાપના કરવી.

**ટીકાર્થ**—જેવી રીતે ઉત્તમમુનિઓ વગેરેની અલગ અલગ સ્થાપના કરી તેવી રીતે ભવનપતિ આદિની ત્રણ પ્રકારની દેવીઓની ક્રમશઃ અલગ અલગ સ્થાપના નૈઋત્યખૂણામાં કરવી.

अपरदक्षिणेन એ પદમાં આવેલ एन પ્રત્યય (સિદ્ધહેમ. અ. ૭ પા. ૨ સૂ.૧૨૨) સપ્તમી વિભક્તિના અર્થમાં છે. (૧૯)

**भवणवइवाणमंतरजोइसियाणं च एत्थ देवाणं ।**
**अवरुत्तरेण णवरं, निद्दिट्ठा समयकेऊहिं ॥२०॥**

**ગાથાર્થ**–તથા વાયવ્ય ખૂણામાં ભવનપતિ, વાણવ્યંતર અને જ્યોતિષ દેવોની સ્થાપના કરવી. (૨૦)

**वेमाणियदेवाणं णराण णारीगणाण य पसत्था ।**
**पुव्वुत्तरेण ठवणा सव्वेसिं णियवण्णेहिं ॥२१॥**

**ગાથાર્થ–ટીકાર્થ**–ઈશાનખૂણામાં વૈમાનિક દેવો, મનુષ્યો અને મનુષ્યસ્ત્રીઓની સ્થાપના કરવી. ગાથામાં नारीगणाण એ પ્રમાણે 'ગણ' શબ્દનો ઉલ્લેખ પુરુષોની અપેક્ષાએ સ્ત્રીઓ વધારે હોય છે એ જણાવવા માટે છે, દેવોની સ્થાપના તે તે જાતિના દેવના શરીરના વર્ણ પ્રમાણે કરવી. અર્થાત્ દેવોની સ્થાપનામાં રંગ તે તે જાતિના દેવોના શરીરના વર્ણ પ્રમાણે કરવો. કારણ કે મનુષ્યોનો કોઈ વિશેષવર્ણ નિયત નથી. ભવનપતિ અને વ્યંતર દેવો પાંચે વર્ણવાળા હોય છે. જ્યોતિષદેવો રક્તવર્ણવાળા હોય છે. વૈમાનિક દેવો લાલ, સફેદ અને પીળા વર્ણવાળા હોય છે. અહીં દેવોના મુખ્ય ચાર ભેદોને આશ્રયીને વર્ણ જણાવ્યો છે. તે તે ભેદના અવાંતરજાતિના દેવોનો અમુક ચોક્કસ રંગ હોય છે. જેમ કે અસુરકુમારો કાળા રંગના હોય છે. આ વિશેષતા काला असुरकुमारा આગમથી જાણી લેવી. (૨૧)

**अहिणउलमयमयाहिवपमुहाणं तह य तिरियसत्ताणं ।**
**बितियंतरम्मि एसा, तइए पुण देवजाणाणं ॥२२॥**

**ગાથાર્થ-ટીકાર્થ**–સમવસરણમાં બીજા ગઢમાં સર્પ, નોળીયો, હરણ, સિંહ, ઘોડો, પાડો વગેરે તિર્યંચ પ્રાણીઓની સ્થાપના કરવી, શરીરનો વર્ણ દેવોની જેમ તે તે પશુના શરીરના વર્ણ પ્રમાણે કરવો. અથવા પરસ્પર વિરોધ હોય તે રીતે સ્થાપના કરવી. ત્રીજા ગઢમાં દેવોના હાથી, મગર, સિંહ, મોર, કલહંસ વગેરેના જેવા આકારવાળા દેવવાહનોની સ્થાપના કરવી. (૨૨)

**रइयम्मि समोसरणे, एवं भत्तिविहवाणुसारेण ।**
**सुइभूओ उ पदोसे, अहिगयजीवो इहं एइ ॥२३॥**

**હવે સમવસરણવિધિનો ઉપસંહાર અને બાકીની દીક્ષાવિધિને બતાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–આ પ્રમાણે બહુમાનપૂર્વક પોતાની ઋદ્ધિ મુજબ સમવસરણની રચના કર્યા પછી. દ્રવ્યથી અને ભાવથી પવિત્ર બનેલો દીક્ષાર્થી શુભમુહૂર્તે સમવસરણ પાસે આવે.

**ટીકાર્થ**–શરીરે ચંદનનું વિલેપન કરવું, શ્વેતવસ્ત્રનું પરિધાન કરવું, (આત્મરક્ષા વગેરે કોઈ) પવિત્ર વિદ્યાથી શરીરને સુરક્ષિત બનાવવું એ દ્રવ્યથી પવિત્રતા છે. માનસિક વિશુદ્ધિ ભાવથી પવિત્રતા છે. (૨૩)

**भुवणगुरुगुणक्खाणा, तम्मी संजायतिव्वसद्धस्स ।**
**विहिसासणमोहेणं, तओ पवेसो तहिं एवं ॥२४॥**

**ગાથાર્થ**–પછી જિનેશ્વરદેવના ગુણોને કહેવાથી જિનેશ્વર પ્રત્યે તીવ્ર શ્રદ્ધાળુ બનેલા તેને સામાન્યથી વિધિ કહેવી. પછી તેને સમવસરણમાં પ્રવેશ કરાવવો.

**ટીકાર્થ–જિનેશ્વરદેવના ગુણોનું વર્ણન**–જિનેશ્વરદેવ રાગાદિરૂપ વૈરીસમૂહનો નાશ કરનારા છે, સર્વવસ્તુઓને જાણનારા છે, સઘળા દેવસમૂહના નાયકોથી નમવા યોગ્ય છે, સઘળા સદ્ભૂત(=સત્ય)પદાર્થોને પ્રકાશિત કરનારી વાણી બોલે છે, મોક્ષસુખના નાયક છે, મોક્ષસુખને આપવાનું સામર્થ્ય ધરાવે છે, ઇત્યાદિ જિનેશ્વરદેવના ગુણોનું વર્ણન કરવું.

**જિનેશ્વર પ્રત્યે તીવ્ર શ્રદ્ધાળુ બનેલા**–જિનેશ્વરને દેવ તરીકે સ્વીકારવાની અત્યંત રુચિવાળા બનેલા.

**સામાન્યથી**–દીક્ષા આપવા પહેલાં જ વિસ્તારથી દીક્ષાવિધિ કહી દીધી હોવાથી અત્યારે સામાન્યથી વિધિ કહેવી.

**વિધિ કહેવી**–તે આ પ્રમાણે–જિનેશ્વરદેવો સિવાય અન્ય કોઈ દેવને, જિનોક્ત ચારિત્રનું પાલન કરનાર જૈનસાધુ સિવાય અન્ય કોઈ સાધુને વંદનાદિ ન કરવું, જિન, જૈનસાધુ અને જિનાગમને વંદનાદિ કરવું. એમ સંક્ષેપથી વિધિ જણાવવો.

અથવા તારી અંજલિમાં પુષ્પો આપવામાં આવશે અને વસ્ત્રથી આંખો ઢાંકી દેવામાં આવશે. તારે તે પુષ્પો ક્ષોભ પામ્યા વિના સમવસરણમાં સ્થાપેલા જિનબિંબ તરફ નાંખવાં. પુત્ર, ધન વગેરે સહિત તારો આત્મા ગુરુને સમર્પિત કરવો. પછી હવે કહેવાશે તે વિધિથી તેને સમવસરણમાં પ્રવેશ કરાવવો. (૨૪)

**वरगंधपुप्फदाणं, सियवत्थेणं तहच्छिठवणं च ।**
**आगइगइविण्णाणं, इमस्स तह पुप्फपाएण ॥२५॥**

**(દીક્ષાર્થીની શુભાશુભ ગતિને જાણવાનો ઉપાય-)**

**ગાથાર્થ**–પછી હાથમાં સુગંધી પુષ્પો આપીને, અથવા શ્રેષ્ઠ સુગંધી ચૂર્ણો અને પુષ્પો આપીને, શ્વેતવસ્ત્રથી તેની આંખો પીડા ન થાય તેમ બંધ કરવી. (પછી તેને કોઈ જાતનો ભય રાખ્યા વિના સમવસરણમાં બિરાજમાન જિનબિંબ તરફ પુષ્પો નાખવાનું કહેવું.) આ પુષ્પપાતથી એની ગતિ (કેવી ગતિમાંથી આવ્યો છે તે) અને આગતિ (કેવી ગતિમાં જશે તે) જાણવી.

**ટીકાર્થ**—શ્વેત વસ્ત્રથી તેની આંખો બંધ કર્યા પછી બંધ આંખે જ તેની પાસે જિનેશ્વર તરફ પુષ્પો નખાવવા. ગુરુએ પ્રસ્તુત પુષ્પપાત રૂપનિમિત્તના અનુસારે સંપ્રદાય પ્રમાણે દીક્ષાર્થી શુભગતિમાંથી આવ્યો છે કે અશુભગતિમાંથી આવ્યો છે, તથા દીક્ષાની આારધનાથી શુભગતિ થશે કે વિરાધનાથી અશુભગતિ થશે એમ જાણવું. દીક્ષા આપવા માટે અને દીક્ષા ન આપવા માટે આ જાણવું. જો સમવસરણમાં પુષ્પો પડે તો દીક્ષાની આરાધનાથી સુગતિ થશે અને જો સમવસરણની બહાર પડે તો તેની વિરાધનાથી દુર્ગતિ થશે. આટલું જ આ (મૂળ) ગ્રંથમાંથી જણાય છે. બાકીનું અન્ય ગ્રંથમાંથી કે વિશિષ્ટસંપ્રદાયથી જાણી લેવું. (૨૫)

**अभिवाहरणा अण्णे, णियजोगपवित्तिओ य केइत्ति ।**
**दीवाइजलणभेया, तहुत्तरसुजोगओ चेव ॥२६॥**

**શુભાશુભગતિને જાણવામાં મતાંતરો બતાવવા માટે ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ-ટીકાર્થ**—અહીં કેટલાક આચાર્યો કહે છે કે—તે વખતે દીક્ષાર્થીએ કે બીજા કોઈએ ઉચ્ચારેલા શુભાશુભસૂચક સિદ્ધિ, વૃદ્ધિ વગેરે શબ્દોના આધારે, અથવા ક્રિયા કરતાં દીક્ષાર્થી ''इच्छाकारेण तुब्भे दंसणपडिमं सम्मत्तसामाइयं वा आरोवेह'' વગેરે શબ્દોનો કેવો ઉચ્ચાર કરે છે તેના આધારે, અથવા દીક્ષા આપનાર આચાર્ય ''आरोवेमि खमासमणाणं हत्थेणं'' વગેરે શબ્દોનો ઉચ્ચાર કેવો કરે છે તેના આધારે, દીક્ષાર્થીની શુભાશુભ ગતિનું જ્ઞાન થાય છે, અર્થાત્ અસ્ખલિત આદિ ગુણોથી યુક્ત અને સ્ખલિત આદિ દોષોથી યુક્ત વાણીથી શુભાશુભ ગતિ જણાય છે. બીજા આચાર્યો કહે છે કે—દીક્ષાની આરાધનાથી અને વિરાધનાથી દીક્ષિતની શુભાશુભગતિ જાણવી. બીજા કેટલાક આચાર્યોનું કહેવું છે કે આચાર્યના મન આદિ યોગોની પ્રવૃત્તિ ઉપરથી શુભાશુભ ગતિ જણાય છે, અર્થાત્ તે વખતે આચાર્યનું મન ક્રોધ, લોભ, મોહ, ભય આદિથી વ્યાકુળ ન હોય, અર્થાત્ પ્રફૂલ્લિત હોય, ક્રિયા વગેરેમાં ઉચ્ચારાતી વાણી સ્પષ્ટ ઉચ્ચાર આદિ ગુણોથી યુક્ત હોય, કાયાની ચેષ્ટા પણ ભય આદિથી સ્ખલિત ન હોય તો દીક્ષાર્થીની શુભગતિ અન્યથા અશુભગતિ જણાય છે. કેટલાક આચાર્યો કહે છે કે—જો તે વખતે દીપક, ચંદ્ર અને તારા વગેરે અધિક પ્રજવલિત બને તો એની શુભગતિ જણાય છે, અન્યથા અશુભગતિ જણાય છે. કેટલાક આચાર્યો કહે છે કે—દીક્ષા થયા પછી દીક્ષાર્થીના શુભયોગોથી શુભગતિ અને અશુભયોગોથી અશુભગતિ જણાય છે. (૨૬)

**बाहिं तु पुप्फपाए, वियडणचउसरणगमणमाईणि ।**
**काराविज्जइ एसो, वारतिगं उवरि पडिसेहो ॥२७॥**

**પુષ્પો સમવસરણની અંદર પડે તો દીક્ષાને યોગ્ય છે એવો નિર્ણય થવાથી દીક્ષા અપાય છે. પુષ્પો સમવસરણની બહાર પડે તો શો વિધિ છે તે કહે છે—**

**ગાથાર્થ**—પુષ્પો બહાર પડે તો આલોચન, ચારશરણસ્વીકાર આદિ દીક્ષાર્થીને

કરાવવું. આ વિધિ ત્રણવાર કરાવવી. ત્યારપછી નિષેધ કરવો.

**ટીકાર્થ**—પુષ્પો સમવસરણની બહાર પડે તો શંકા આદિ અતિચારોની આલોચના કરવી, અથવા માત્ર પોતાના અભિપ્રાયનું નિવેદન કરવું, અરિહંતાદિ ચારના શરણનો સ્વીકાર, નમસ્કાર મહામંત્રનું સ્મરણ વગેરે વિધિ કરાવવો. પછી ફરી પૂર્વની જેમ પુષ્પપાતનો વિધિ કરાવવો. તેમાં જો સમવસરણમાં પુષ્પો પડે તો દીક્ષાને યોગ્ય છે એવો નિર્ણય થવાથી દીક્ષા આપવી. જો સમવસરણની બહાર પડે તો ફરી પૂર્વની જેમ શંકાદિ અતિચારોની આલોચના વગેરે વિધિ કરાવવો. પછી ત્રીજી વાર પૂર્વોક્ત મુજબ જ પુષ્પપાત કરાવવો. તેમાં જો સમવસરણમાં પડે તો દીક્ષા આપવી અને સમવસરણની બહાર પડે તો દીક્ષા માટે અયોગ્ય હોવાનો ત્રણ વાર નિર્ણય થવાથી દીક્ષા ન આપવી. હે ભદ્ર ! તને બીજા અવસરે દીક્ષા આપીશું, હમણાં નહિ વગેરે કોમળ વચનોથી દીક્ષાનો પ્રતિષેધ કરવો. (૨૭)

**परिसुद्धस्स उ तह पुप्फपायजोगेण दंसणं पच्छा ।**
**ठितिसाहणमुववूहण, हरिसाइपलोयणं चेव ॥२८॥**

**દીક્ષા માટે યોગ્યતાનો નિર્ણય થયા પછી ગુરુએ કરવાનો વિધિ—**

**ગાથાર્થ**—સમવસરણમાં પુષ્પો પડવાથી (परिसुद्धस्स) દીક્ષા માટે જેની યોગ્યતા સિદ્ધ થઈ છે તે જીવને સમ્યગ્દર્શનનું આરોપણ કરવું. પછી સ્થિતિસાધન કરવું. પછી તેની પ્રશંસા કરવી. પછી હર્ષ આદિનું નિરીક્ષણ કરવું.

**ટીકાર્થ—સમ્યગ્દર્શનનું આરોપણ**—સમ્યગ્દર્શનનું આરોપણ એ જ જિનદીક્ષા છે.

આવશ્યક ચૂર્ણિ પ્રમાણે સમ્યક્ત્વ આરોપણ વિધિ આ પ્રમાણે છે—સર્વવિરતિ આરોપણના વિધિ પ્રમાણે ચૈત્યવંદનાદિ વિધિ કરીને ગુરુએ નીચેનો પાઠ બોલવો અને દીક્ષા લેનારે (સમ્યક્ત્વ સ્વીકારનારે) પણ તે પાઠ ગુરુ બોલે તેની પાછળ ધીમે ધીમે બોલવો. તે આ પ્રમાણે—

**"હે ભગવન્ ! હું આપની સાક્ષીએ મિથ્યાત્વનો ત્યાગ કરું છું અને સમ્યક્ત્વનો સ્વીકાર કરું છું. આજથી મારે અન્યદર્શનીઓને, અન્યદર્શનીઓના દેવોને, અન્યદર્શનીઓએ (પોતાના મંદિર આદિમાં) રાખેલા જિનબિંબોને વંદન કરવું અને સ્તવનાપૂર્વક પ્રણામ કરવા કલ્પે નહિ, તેઓએ પહેલાં બોલાવ્યા વિના જ એકવાર કે વારંવાર તેઓને બોલાવવા કલ્પે નહિ, (ઔચિત્ય જાળવી શકાય,) તથા પરતીર્થિકોને (પૂજ્ય બુદ્ધિએ) અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, એ ચાર પ્રકારનો આહાર એકવાર કે વારંવાર આપવો કલ્પે નહિ. આ પ્રતિજ્ઞામાં (૧) રાજાનો આદેશ, (૨) ઘણા લોકોનો આગ્રહ, (૩) ચોર લુંટારા વગેરેનો બળાત્કાર, (૪) દુષ્ટ દેવ આદિનો ઉપસર્ગ, (૫) માતા-પિતા આદિ ગુરુજનનો આગ્રહ, (૬) આજીવિકાની મુશ્કેલી—આ છ કારણોથી અન્ય**

**દર્શનીઓ આદિને વંદન આદિ કરવું પડે તો છૂટ છે. આ નિયમ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી સ્વીકારું છું. તે આ પ્રમાણે—દ્રવ્યથી દર્શનદ્રવ્યોનો સ્વીકાર કરીને, અર્થાત્ જિનમંદિર આદિ સમ્યગ્દર્શનનાં સાધનોની આરાધના કરવાનો સ્વીકાર કરીને, ક્ષેત્રથી સંપૂર્ણ લોકમાં, કાળથી જીવનપર્યંત, ભાવથી ગ્રહ વગેરેના ઉપદ્રવથી પરાધીન બનું નહિ, કોઈના દગાથી ઠગાઉં નહિ, સંનિપાત રોગથી ઘેરાઉં નહિ, યાવત્ કોઈપણ જાતના પરિણામથી મારો આ પરિણામ (સમ્યક્ત્વનો પરિણામ) પડી ન જાય ત્યાં સુધી આ દર્શનપ્રતિમાનો સ્વીકાર કરું છું.**

ત્યારબાદ ગુરુ શિષ્યના મસ્તકે વાસક્ષેપ નાખવા પૂર્વક नित्थारगपारगो होहि, गुरुगुणेहिं वड्ढाहि—**"તું સંસારના પારને પામ, ઉત્તમ ગુણોથી મહાન બન."** એ પ્રમાણે આશીર્વાદ આપે.

આ જ હકીકત આચાર્ય મહારાજે બીજા સ્થળે આ નીચે પ્રમાણે કહી છે.

**"આ પ્રમાણે મિથ્યાત્વનો ત્યાગ અને સમ્યક્ત્વનો સ્વીકાર કરી ગુરુને કહે કે—અરિહંત મારા દેવ છે, સુસાધુઓ મારા ગુરુ છે."**

**સ્થિતિસાધન**—સ્થિતિસાધન એટલે સમ્યક્ત્વના આચારોનું વર્ણન કરવું. તે આ પ્રમાણે—**"આજથી અરિહંત તારા દેવ છે અને સુસાધુઓ તારા ગુરુ છે. જીવાદિ પદાર્થોની શ્રદ્ધારૂપ સમ્યક્ત્વ છે. લૌકિકતીર્થમાં સ્નાન, પિંડપ્રદાન વગેરે ન કરવું જોઈએ. ત્રિકાલ દેવવંદન વગેરે અનુષ્ઠાનો કરવાં જોઈએ."**

અથવા **સ્થિતિસાધન** એટલે દીક્ષાનો વિધિ કહેવો. જેમકે—હે ભદ્ર ! હમણાં તારી આંખે પાટા બાંધ્યા, પુષ્પો નખાવ્યાં વગેરે જે કરાવ્યું તે દીક્ષા સ્વીકારવાનો વિધિ છે. માટે તારે આ વિષે બીજી કોઈ શંકા કરવી નહિ.

**પ્રશંસા**—પછી તેની પ્રશંસા કરવી. જેમકે—તું ધન્ય છે ! ધર્મને લાયક છે, તારા દોષો ઘણા ઘટી ગયા છે, કારણ કે ભગવાન પાસે પુષ્પો પડવાથી તારું કલ્યાણ નજીકમાં છે એવો નિર્ણય થયો છે. અથવા તું ધન્ય છે ! કારણ કે સકળ કલ્યાણરૂપ વેલડીના કંદ સમાન ભાગવતી (સમ્યક્ત્વ સ્વીકારરૂપ) દીક્ષા તું પામ્યો છે. દીક્ષા મળવાથી સકળ કલ્યાણો પણ પ્રાપ્ત થઈ ગયા સમજવા. (પંચવસ્તુક ગા. ૧૩૪૮)

**તથા—"ભાગ્યશાળીઓ જ આને (-સમ્યક્ત્વને) પ્રાપ્ત કરી શકે છે, ભાગ્યશાળીઓ જ એનો પાર પામે છે. એનો પાર પામીને દુઃખોનો પાર પામે છે."**

**હર્ષ આદિનું નિરીક્ષણ**—જિનદીક્ષાના(સમ્યક્ત્વના) આચારો સાંભળતાં તે પ્રમુદિત બને છે કે ઉદાસીન રહે છે વગેરેનું મુખાદિની ચેષ્ટાથી અવલોકન કરવું. (૨૮)

**अह तिपयाहिणपुव्वं सम्मं सुद्धेण चित्तरयणेण ।**
**गुरुणो निवेयणं सव्वहेव दढमप्पणो एत्थ ॥२९॥**

**ગુરુએ શું કરવું તે કહ્યું. હવે શિષ્યે શું કરવું તે કહે છે–**

**ગાથાર્થ**–પછી શિષ્યે ગુરુને સમ્યક્ ત્રણ પ્રદક્ષિણા આપીને શુદ્ધચિત્તરત્ન વડે સંપૂર્ણપણે ગુરુને દૃઢ આત્મનિવેદન કરવું.

**ટીકાર્થ–શુદ્ધચિત્તરત્ન વડે**–કાલ્પનિક નહિ, કિંતુ [૧]વાસ્તવિક નિર્મળ ચિત્ત રૂપ રત્ન વડે.

**સંપૂર્ણપણે**–કંઈ બાકી રાખ્યા વિના પોતાનો પરિવાર, પશુઓ, ધન આદિ બધાનું અર્પણ કરી દેવાથી સંપૂર્ણપણે અથવા મન-વચન-કાયા એ ત્રણેથી સંપૂર્ણ પણે.

**દૃઢ**–ભવિષ્યમાં ક્યારેય જરાય ખામી ન આવે તે રીતે.

**આત્મનિવેદન**–આત્મનિવેદન એટલે હું આપનો સેવક છું. આપ સંસારસમુદ્રમાં ડૂબેલા મારા નાથ છો, એ પ્રમાણે આત્મસમર્પણ કરવું અને પોતાની પાસે ધન વગેરે જે કંઈ હોય તે બધું ગુરુને સમર્પણ કરવું. [અલબત્ત, ગુરુ ત્યાગી હોવાથી ધન વગેરે ગ્રહણ કરે નહિ, પણ શિષ્યની એ ફરજ છે કે તેણે બધું જ ગુરુને સમર્પણ કરી દેવું જોઈએ. આમ કરવાથી ગુરુ સ્વીકાર ન કરે, પણ અવસરે શાસનની રક્ષા આદિ માટે ધનાદિનો ઉપયોગ કરવા ગુરુ તેને કહી શકે. ધન વગેરે ગુરુને સમર્પણ કર્યું હોય તો ગુરુ અવસરે સંકોચ વિના તેને શાસનરક્ષા આદિ માટે ધનાદિનો ઉપયોગ કરવા કહી શકે, અન્યથા સંકોચ થાય. શ્રાવકની ભાવના એ જ હોવી જોઈએ કે ધન વગેરે મારી વસ્તુનો પહેલો ઉપયોગ શાસન માટે, પછી મારા માટે.] (૨૯)

**एसा खलु गुरुभत्ती, उक्कोसो एस दाणधम्मो उ ।**
**भावविसुद्धीए दढं, इहरावि य बीयमेयस्स ॥३०॥**

**આત્મનિવેદનને ગુરુ સ્વીકારે છે કે નહિ ? જો ન સ્વીકારે તો આત્મનિવેદન કરવું યુક્ત નથી. કારણ કે આત્મનિવેદન નિષ્ફળ બને છે. આવી આશંકાને દૂર કરતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–આત્મનિવેદન જ ગુરુભક્તિ છે. અત્યંત ભાવવિશુદ્ધિથી કરાતું આત્મનિવેદન જ ઉત્કૃષ્ટ દાનધર્મ છે. ભાવવિશુદ્ધિ વિના પણ કરાતું આત્મનિવેદન ભાવવિશુદ્ધિનું બીજ બને છે.

**ટીકાર્થ–આત્મનિવેદન જ ગુરુભક્તિ છે.** આ વિષે કહ્યું છે કે–

**"જે પોતાનો આત્મા (ગુરુને) સર્વથા સમર્પિત કરતો નથી તેની શું ભક્તિ છે ? અર્થાત્ તેની ભક્તિ નથી. પોતાના આત્માનું આંશિક પણ સમર્પણ ન કરવું એ અભક્તિનું જ કાર્ય છે એમ (જ્ઞાનીઓ) કહે છે."**

---

૧. અર્થાત્ ચિત્ત દેખાવથી નહિ, કિંતુ વાસ્તવિક નિર્મળ હોવું જોઈએ.

ગુરુભક્તિ સદા કરવી જોઈએ. કારણ કે ગુરુના ઉપકારનો બદલો વાળી શકાય તેમ નથી, અને ગુરુભક્તિ મહાન ફળ આપનારી છે. આ બે મુદ્દાનું સમર્થન કરનાર પાઠ આ પ્રમાણે છે– तिण्हं दुप्पडियारं समणाउसो, तं जहा–अम्मापियरस्स गुरुस्स भट्टिस्स=(સ્થાનાંગ અ. ૨. ઉ. ૧ સૂ. ૧૩૫) **હે આયુષ્યમાન શ્રમણ! "માતા-પિતા, ધર્માચાર્ય અને સ્વામી (આજીવિકામાં મદદરૂપ બનનાર શેઠ વગેરે) એ ત્રણના ઉપકારનો બદલો વાળવો દુઃશક્ય છે."**

**"ગુરુભક્તિથી કલ્પતરુ સમાન શ્રુતજ્ઞાન થાય છે. તેનાથી આ લોક અને પરલોકમાં થનારી સર્વ પ્રકારની સંપત્તિ મળે છે."**

**આત્મનિવેદન જ ઉત્તમ દાનધર્મ છે**–બીજી વસ્તુ આપવાથી તે એક જ વસ્તુ આપી શકાય, જ્યારે આત્મનિવેદન કરવાથી તો બધું જ આપ્યું ગણાય. ધર્મીએ દાનધર્મ કરવો જોઈએ. કારણ કે તે મહાન ફળ આપે છે. કહ્યું છે કે–

**"દાનથી ચંદ્ર જેવી નિર્મળ કીર્તિ થાય છે, દાનથી ઉત્તમ સૌભાગ્ય પ્રાપ્ત થાય છે, દાનથી કામ(-સંસારસુખ), ધન અને મોક્ષ મળે છે. આથી દાનધર્મ શ્રેષ્ઠ છે."**

**ભાવવિશુદ્ધિથી**–આ આત્મનિવેદન અતિશય વિશુદ્ધભાવથી કરવું જોઈએ. વિશુદ્ધ-ભાવથી જ કરેલું આત્મનિવેદન ઉત્કૃષ્ટ દાનધર્મ છે.

આત્મનિવેદનમાં કીર્તિ આદિની અપેક્ષા રાખવાથી ભાવ મલિન બની જાય છે. આથી આત્મનિવેદનમાં કીર્તિ આદિની અપેક્ષા ન રાખવી જોઈએ.

**ભાવવિશુદ્ધિ વિના**– **પ્રશ્ન**–વિશુદ્ધભાવ વિના કરેલું આત્મનિવેદન સર્વથા નિષ્ફળ બને છે?

**ઉત્તર**–ના, નિષ્ફળ બનતું નથી. વિશુદ્ધભાવ વિના કરેલું આત્મનિવેદન ઉત્કૃષ્ટ દાનધર્મનું(=વિશુદ્ધભાવવાળા આત્મનિવેદનનું) બીજ છે. અર્થાત્ તેમાંથી ભવિષ્યમાં વિશુદ્ધભાવવાળું આત્મનિવેદન થાય છે. અને તે આત્મનિવેદન ઉત્તમ દાનધર્મરૂપ બને છે, કારણ કે દ્રવ્યથી(=ભાવ વિના) પણ કરેલાં સારાં અનુષ્ઠાનો પ્રાયઃ ભાવ અનુષ્ઠાનનાં કારણ બને છે.[૧] (૩૦)

**जं उत्तमचरियमिणं, सोउंपि अणुत्तमा ण पारेंति ।**
**ता एयसगासा ओ य पगरिसो होइ एयस्स ॥३१॥**

**વિશુદ્ધભાવ રહિત પણ આત્મનિવેદન ઉત્કૃષ્ટ દાનધર્મનું બીજ કેવી રીતે થાય છે તે કહે છે–**

**ગાથાર્થ**–ઉત્તમપુરુષોના આત્મનિવેદનરૂપ આ આચરણને અસત્પુરુષો સાંભળી પણ શકતા નથી. તેથી (एयसगासा=) ભાવવિશુદ્ધિથી રહિત આત્મનિવેદનથી (एयस्स=)

૧. પૂ. મહોપાધ્યાય શ્રી યશો વિ. મ. કૃત સવાસો ગાથાનું સ્તવન ગાથા-૮૨ વગેરે. હારિભદ્રીય અષ્ટક ૮ ગા. ૮.

અનંતરોક્ત આત્મનિવેદનરૂપ દાનધર્મનો ઉત્કર્ષ થાય જ છે.

**ટીકાર્થ**–ઉત્તમપુરુષોના આત્મનિવેદનરૂપ આ આચરણને અસત્પુરુષો તેવા પ્રકારના વીર્યથી રહિત હોવાથી આચરવાની વાત તો દૂર રહી, કિંતુ સાંભળી પણ શકતા નથી. તેથી ભાવવિશુદ્ધિથી રહિત અને ઉત્તમપુરુષોના આચરણરૂપ આત્મનિવેદનથી અનંતર ગાથામાં કહેલ વિશુદ્ધિવાળા આત્મનિવેદનરૂપ દાનધર્મનો ઉત્કર્ષ અવશ્ય થાય છે.

**ભાવાર્થ**–વિશુદ્ધિથી રહિત કરાતો આત્મનિવેદનરૂપ દાનધર્મ ઉત્કૃષ્ટ નથી, તો પણ ઉત્તમપુરુષોના આચરણરૂપ હોવાથી આત્મનિવેદનરૂપ દાનધર્મની ઉત્કૃષ્ટતામાં નિમિત્તભૂત જે ભાવવિશુદ્ધિ એ ભાવવિશુદ્ધિને ઉત્પન્ન કરનાર હોવાથી ઉત્કૃષ્ટ દાન- ધર્મનું બીજ(=કારણ) થાય છે. આથી (૩૦મી ગાથામાં) **"ભાવવિશુદ્ધિ વિના કરાતું આત્મનિવેદન ભાવવિશુદ્ધિનું બીજ છે"** એમ જે કહ્યું છે તે બરોબર છે. આથી ગુરુ આત્મનિવેદનને ન સ્વીકારે તો પણ આત્મનિવેદન નિષ્ફળ બનતું નથી. (૩૧)

**गुरुणोऽवि णाहिगरणं ममत्तरहियस्स एत्थ वत्थुंमि ।**
**तब्भावसुद्धिहेउं आणाइ पयट्टमाणस्स ॥३२॥**

**હવે જો ગુરુ તેના આત્મનિવેદનને સ્વીકારે તો ગુરુને અધિકરણ દોષ લાગે એવી આશંકાનો પરિહાર કરતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–ગુરુને[૧]પણ દીક્ષિત જીવને અને તેના સંતાન આદિને સ્વીકારવાથી અધિકરણ દોષ લાગતો નથી. કારણ કે ગુરુ દીક્ષિતના પરિણામની વિશુદ્ધિ માટે જિનની આજ્ઞા મુજબ પ્રવૃત્તિ કરતા હોવાથી મમત્વથી રહિત છે.

**ટીકાર્થ**–જેમ શરીર બાહ્યથી પોતાનું હોવા છતાં તેમાં મમત્વભાવ ન હોવાથી શરીરસંબંધી અધિકરણનો દોષ લાગતો નથી તેમ દીક્ષિત આદિ વિષે પણ મમત્વ રહિત હોવાથી અને દીક્ષિતજીવના પરિણામની વિશુદ્ધિ માટે જિનની આજ્ઞામુજબ પ્રવૃત્તિ કરતા હોવાથી દીક્ષિતે કરેલા આત્મનિવેદનમાં ગુરુને પણ પરિગ્રહ-આરંભની અનુમોદના રૂપ અધિકરણનો દોષ લાગતો નથી.

**પ્રશ્ન**–ગુરુ મમત્વ રહિત છે એની ખાતરી શી ?

**ઉત્તર**–જેમ ચારિત્રના પાલન માટે ભોજનાદિ પ્રવૃત્તિ કરતા હોવાથી ભોજનાદિમાં મમત્વ નથી, તેમ અહીં દીક્ષિતના ઉપકાર માટે જિનની આજ્ઞાથી પ્રવૃત્તિ કરતા હોવાથી મમત્વભાવ નથી.

---

૧. અહીં શિષ્યના આત્મનિવેદનની નિષ્ફળતાના અભાવ સાથે अपि=પણ શબ્દનો સંબંધ છે. અર્થાત્ ૩૧મી ગાથામાં કહેલ યુક્તિ મુજબ જેમ શિષ્યનું આત્મનિવેદન નિષ્ફળ બનતું નથી, તેમ આત્મનિવેદનથી ગુરુને પણ અધિકરણ દોષ લાગતો નથી.

અધિકરણ–જેનાથી આત્મા દુર્ગતિનો અધિકારી(=યોગ્ય) થાય તે અધિકરણ. (૩૨)

**णाऊण य तब्भावं, जह होइ इमस्स भाववुड्डित्ति ।**
**दाणादुवदेसाओ, अणेण तह एत्थ जइयव्वं ॥३३॥**

આ પ્રમાણે દીક્ષા વિધિ પૂર્ણ કરીને આચાર્યે દીક્ષિતને જે ઉપદેશ આપવો જોઈએ તે ઉપદેશ કહે છે–

ગાથાર્થ–દીક્ષા આપ્યા પછી દીક્ષિતના પરિણામને જોઈને જે રીતે તેના ભાવની વૃદ્ધિ થાય તે રીતે આચાર્યે દાન આદિના ઉપદેશ વગેરેમાં પ્રયત્ન કરવો.

ટીકાર્થ–દીક્ષિતના પરિણામને જોઈને–દીક્ષિતનો પરિણામ તેની આકૃતિ આદિથી જાણી શકાય છે. કહ્યું છે કે–

"હૃદયના ભાવને જણાવનાર મુખાકૃતિ, ગતિ, શરીરની તેવી ચેષ્ટા, વચન અને નેત્ર-મુખના વિકારોથી માનસિક ભાવ જણાય છે."

દાન આદિના–આદિશબ્દથી ગુરુસેવા અને તપ વગેરે જાણવું. દાનનો ઉપદેશ અને ગુરુસેવાનો ઉપદેશ આ પ્રમાણે છે–

"ન્યાયોપાર્જિત ધનનું આશ્રિતો દુઃખી ન રહે તેની કાળજીપૂર્વક માતા-પિતા આદિ ગુરુજનની રજા લઈને ગરીબ, તપસ્વી આદિને થોડું પણ દાન આપવું એ મહાદાન છે, અન્યાયથી મેળવેલા ધનનું કે આશ્રિતો દુઃખી ન રહે તેની કાળજી વિના અથવા માતા-પિતા આદિ ગુરુજનની રજા વિના ઘણું પણ દાન દાન જ કહેવાય. અર્થાત્ આવું દાન મહાદાન ન કહેવાય, કિંતુ દાન કહેવાય. (ષોડશક ૫-૧૩)

"સ્વાધ્યાય વગેરે બીજા યોગોનો નાશ ન થાય તે રીતે અવસરે વિધિપૂર્વક ધર્માચાર્ય આદિની સેવા વગેરે કરવું. દાન, દેવપૂજા, ગુરુસેવા વગેરે શુભ કાર્યો કરવાં એ લોકોત્તરતત્ત્વની સંપ્રાપ્તિ કહેવાય છે." (ષોડશક ૫-૧૫)

ઉપદેશ વગેરેમાં–અહીં આદિશબ્દથી પ્રવર્તન અને નિષેધ વગેરે સમજવું અર્થાત્ તેને દાનાદિમાં પ્રવર્તાવવો અને કુસંગ આદિનો નિષેધ કરવો. (૩૩)

**णाणाइगुणजुओ खलु, णिरभिस्संगो पदत्थरसिगो य ।**
**इय जयइ न उण अण्णो, गुरूवि एयारिसो चेव ॥३४॥**

મિથ્યાત્વપ્રતિક્રમણ, સમ્યક્ત્વસ્વીકાર અને આત્મનિવેદન આદિ રૂપ આ જિનદીક્ષાવિધિને કેવો શિષ્ય કરી શકે અને કેવા ગુરુ કરાવી શકે તેને બતાવવા માટે કહે છે–

ગાથાર્થ–જે દીક્ષિત જીવ જ્ઞાનાદિ ગુણોથી યુક્ત, નિઃસ્પૃહ અને પદાર્થરસિક હોય તે જ આ રીતે પ્રયત્ન કરે, અન્ય નહિ. ગુરુ પણ આવા જ જોઈએ.

**ટીકાર્થ–જ્ઞાનાદિ ગુણોથી યુક્ત**–સમ્યગ્જ્ઞાન, સમ્યક્શ્રદ્ધા, ગુરુભક્તિ, સત્ત્વ વગેરે ગુણોથી યુક્ત હોય.

**નિઃસ્પૃહ**–મિથ્યાદૃષ્ટિના વ્યવહારોમાં અને બાહ્ય(ધન વગેરે) દ્રવ્યમાં નિઃસ્પૃહ હોય.

**પદાર્થરસિક**–આગમમાં કહેલા દેવતત્ત્વ, ગુરુતત્ત્વ, આગમતત્ત્વ અને જીવાદિ-ભાવોમાં પ્રીતિથી યુક્ત હોય.

**આ રીતે પ્રયત્ન કરે**–મિથ્યાત્વપ્રતિક્રમણ, સમ્યક્ત્વસ્વીકાર અને આત્મનિવેદન આદિમાં પ્રયત્ન કરે.

આવા દીક્ષિતથી અન્ય આમાં પ્રયત્ન ન કરે. કારણ કે મિથ્યાત્વપ્રતિક્રમણ વગેરે જ્ઞાનાદિગુણોના યોગથી સાધી શકાય છે.

**ભાવાર્થ**–જે દીક્ષિત સમ્યગ્જ્ઞાન, સમ્યક્શ્રદ્ધા, ગુરુભક્તિ, સત્ત્વ વગેરે ગુણોથી યુક્ત હોય, મિથ્યાદૃષ્ટિના વ્યવહારમાં અને ધન આદિ બાહ્ય દ્રવ્યમાં નિઃસ્પૃહ હોય અને આગમમાં કહેલા દેવ-ગુરુ-જીવાદિતત્ત્વો આદિ વિષે રુચિવાળો હોય તે જીવ આ રીતે મિથ્યાત્વપ્રતિક્રમણ, સમ્યક્ત્વસ્વીકાર અને આત્મનિવેદન કરવામાં પ્રવૃત્તિ કરે છે. આ ગુણોથી રહિત જીવ તેમાં પ્રયત્ન કરતો નથી. કારણ કે આવો પ્રયત્ન જ્ઞાનાદિ ગુણોના યોગથી થઈ શકે છે.

**ગુરુ પણ આવા જ જોઈએ**–અર્થાત્ જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, શિક્ષા, અનુગ્રહબુદ્ધિ, સત્ત્વ, અપ્રમત્તતા આદિ ગુણોથી યુક્ત, નિઃસંગ અને પદાર્થરસિક જોઈએ. જો ગુરુ જ્ઞાનાદિ ગુણોથી રહિત હોય તો ઉક્ત વિધિ કરાવી ન શકે. સસંગ=આસક્તિયુક્ત હોય તો દીક્ષિતે કરેલા આત્મનિવેદનમાં(=દીક્ષિત તથા તેના ધન-પુત્ર આદિ વિષે) મમત્વ-ભાવવાળા થવાથી દીક્ષિતની ભાવશુદ્ધિ થાય તે માટે જિનની આજ્ઞા મુજબ પ્રવૃત્તિ કરે નહિ, અર્થાત્ પોતાનો સ્વાર્થ કેમ સિદ્ધ થાય તે ઉપર લક્ષ્યવાળા બની જાય. પદાર્થરસિક ન હોય તે દેવતત્ત્વ આદિનું વર્ણન ન કરે. આથી જ્ઞાનાદિગુણયુક્ત, નિઃસંગ અને પદાર્થરસિક જ ગુરુ આ વિધિ બરોબર કરાવી શકે. (૩૪)

**धण्णाणमेयजोगो, धण्णा चेट्ठंति एयणीईए ।**
**धण्णा बहु मण्णंते, धण्णा जे ण प्पदूसन्ति ॥३५॥**

**જેવા દીક્ષા આપનાર અને દીક્ષા લેનાર યથાર્થપણે દીક્ષાને સાધે છે તેવા દીક્ષા આપનાર અને દીક્ષા લેનારને કહ્યા. હવે વિધિપૂર્વક દીક્ષિત થયેલાઓની પ્રશંસાને કહે છે–**

**ગાથાર્થ**–ધન્યજીવોને આની પ્રાપ્તિ થાય છે. ધન્યજીવો આ નીતિથી પ્રવર્તે છે. ધન્યજીવો બહુમાન રાખે છે. જે જીવો દીક્ષા ઉપર દ્વેષ કરતા નથી તે જીવો ધન્ય છે.

**ટીકાર્થ**–ધન્ય જીવોને જ આ દીક્ષા પ્રાપ્ત થાય છે. આ દીક્ષા પ્રાપ્ત થયા પછી

ધન્યજીવો જ દીક્ષાના ત્રિકાળ દેવવંદન-પૂજન આદિ આચારોનું સારી રીતે પાલન કરી શકે છે. (સ્વયં દીક્ષા ન પામવા છતાં) જે દીક્ષિત ઉપર કે દીક્ષા ઉપર બહુમાન રાખે છે તે જીવો ધન્ય છે. જે જીવો દીક્ષા ઉપર દ્વેષ નથી કરતા=મધ્યસ્થભાવ રાખે છે તે જીવો પણ ધન્ય છે. ક્ષુદ્રજીવો તો સ્વયં દીક્ષાનો સ્વીકાર તો ન કરે, પણ મોહાંધતાના કારણે દીક્ષા ઉપર દ્વેષ ધારણ કરે છે. આથી જ આગળ જણાવશે કે—

**"જે જીવોને વિધિ પ્રત્યે દ્વેષ નથી તે જીવો પણ મિથ્યાત્વમોહની મંદતાથી શુદ્ધિ પામેલા હોવાથી આસન્નભવ્ય છે. ક્લિષ્ટકર્મયુક્ત જીવોરૂપ હરણો માટે વિધિનો ઉપદેશ સિંહની ગર્જના સમાન છે."** (પંચાશક-૩. ગાથા-૪૮)

**ધન્ય**—ધન્ય એટલે ભાવધર્મને મેળવનાર અથવા ભાવધર્મને મેળવવામાં કુશલ. (૩૫)

**दाणमह जहासत्ती, सद्धासंवेगकमजुयं णियमा ।**
**विहवाणुसारओ तह, जणोवयारो य उचिओत्ति ॥३६॥**

**દીક્ષા થયા પછી દીક્ષિતે જે કરવું જોઈએ તેનો ઉપદેશ આપતા ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ**—દીક્ષા થયા પછી દીક્ષિતે પોતાની શક્તિ પ્રમાણે શ્રદ્ધા અને સંવેગથી ક્રમપૂર્વક દાન અવશ્ય કરવું જોઈએ. તથા વૈભવના અનુસારે ઉચિત લોકોપચાર કરવો જોઈએ.

**ટીકાર્થ**—**દાન**—સંઘ આદિને પ્રાસુક(=અચિત્ત) અને એષણીય(=નિર્દોષ) વસ્ત્ર-પાત્ર, આહાર-પાણીનું દાન કરવું જોઈએ, (અહીં સંઘશબ્દથી સાધુ-સાધ્વીરૂપ સંઘ સમજવો જોઈએ. કારણ કે પ્રાસુક અને એષણીય એ બે શબ્દો સાધુ-સાધ્વીને આશ્રયીને છે. આદિ શબ્દથી શ્રાવક-શ્રાવિકા સમજવા જોઈએ.)

સર્વવિરતિ દીક્ષાની વિધિ જણાવતાં (બૃહત્કલ્પ ગા. ૪૧૯૮માં) કહ્યું છે કે—

**"દીક્ષા લેનાર નિર્દોષ વસ્ત્ર, ઘી, ગોળ, દૂધ, દહીં આદિથી સંપૂર્ણ શ્રમણસંઘની ભક્તિ કરે. તેટલી શક્તિ ન હોય તો જેટલા આચાર્યો અને ઉપાધ્યાયો હોય તેની ભક્તિ કરે. તેટલી શક્તિ ન હોય તો પોતે જે ગચ્છમાં દીક્ષા લેવાનો છે તે ગચ્છની ભક્તિ કરે. અને પોતાના વૈભવાનુસાર સ્વજનાદિ લોકની ( तथा- ) લોકરૂઢિ પ્રમાણે ઉચિત પૂજા કરવી જોઈએ."**

**શ્રદ્ધા**—પોતાની ઇચ્છાથી, બીજાના અનુસરણથી નહિ. (બીજાઓ કરે છે માટે કરવું એમ નહિ, કિંતુ પોતાની ભાવનાથી. અથવા બીજાઓના દબાણથી નહિ, પોતાની આંતરિક ભાવનાથી.)

**સંવેગ**—સંવેગ એટલે મોક્ષાભિલાષ.

**ક્રમ**—લોકમાં જે ક્રમથી આપવાની પ્રથા હોય તે ક્રમથી અથવા મોટાના ક્રમથી.

**યથાશક્તિ**—શક્તિનું ઉલ્લંઘન કર્યા વિના, અર્થાત્ પોતાના ચિત્ત અને વિત્ત પ્રમાણે.

**લોકોપચાર**—સ્વજન આદિ લોકની પૂજા.

ઉચિત—સ્વ-પરની યોગ્યતા પ્રમાણે. (૩૬)

**अहिगयगुणसाहम्मियपीईबोहगुरुभत्तिवुड्डी य ।**
**लिंगं अव्वभिचारी, पइदियहं सम्मदिक्खाए ॥३७॥**

**પ્રશ્ન**—આટલા પ્રયત્નથી કરાયેલી પણ દીક્ષા સમ્યગ્ (=સાચી) કે મિથ્યા (=ખોટી) હોઈ શકે છે. તેમાં આ દીક્ષા સમ્યગ્ (=સાચી) છે તે કેવી રીતે જાણવું ?

**ઉત્તર**—લિંગથી. આથી હવે તે લિંગોને જ ગ્રંથકાર કહે છે—

**ગાથાર્થ**—અધિકૃતગુણો, સાધર્મિકપ્રીતિ, બોધ અને ગુરુભક્તિની પ્રતિદિન વૃદ્ધિ સમ્યગ્દીક્ષાનું અવ્યભિચારી લિંગ છે.

**ટીકાર્થ**—અધિકૃત એટલે સમ્યક્ત્વના સ્વીકારથી પ્રાપ્ત થયેલા સમ્યગ્દર્શન, સમ્યગ્દર્શનની સાથે પ્રગટેલા શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિક્ય, શુશ્રૂષા, ધર્મરાગ અને દેવ-ગુરુની વેયાવચ્ચ વગેરે અધિકૃતગુણો. અધિકૃતગુણો, સાધર્મિક- પ્રેમ, જીવાદિ તત્ત્વોનો બોધ અને ગુરુભક્તિ એ ચારની પ્રતિદિન વૃદ્ધિ એ સાચી દીક્ષાનું અવ્યભિચારી=નિર્દોષ લક્ષણ છે. અર્થાત્ જેનામાં આ ચારની દીક્ષાના અવસરથી પ્રતિદિન વૃદ્ધિ દેખાય તેની દીક્ષા અવશ્ય સાચી છે-સફળ છે અને જેનામાં આનાથી વિપરીત દેખાય તેની દીક્ષા ખોટી છે—નિષ્ફળ છે. ગાથામાં પૂર્વાર્ધના અંતે રહેલ च શબ્દ પુનઃ અર્થમાં છે. તેની ભાવના આ પ્રમાણે છે—સાચી દીક્ષામાં(પૂર્વોક્ત) દાનાદિ અનંતર કૃત્ય છે અને અધિકૃતગુણ, સાધર્મિકપ્રીતિ, બોધ અને ગુરુભક્તિ એ ચારની વૃદ્ધિ સમ્યગ્દીક્ષાનું અવ્યભિચારી લક્ષણ છે. (૩૭)

**परिसुद्धभावओ तह, कम्मखओवसमजोगओ होइ ।**
**अहिगयगुणवुड्डी खलु, कारणओ कज्जभावेण ॥३८॥**

**સમ્યગ્દર્શન વગેરે ગુણોની વૃદ્ધિ સમ્યગ્દીક્ષાનું લિંગ કેવી રીતે થાય છે તે બતાવતા ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ**— પરિશુદ્ધભાવથી અને કર્મક્ષયોપશમના સંબંધથી સમ્યગ્દર્શનાદિ ગુણોની વૃદ્ધિ અવશ્ય થાય છે. કેમ કે કારણથી કાર્ય થાય.

**ટીકાર્થ**— **પરિશુદ્ધભાવથી**—દીક્ષાસ્વીકારરૂપ વિશુદ્ધ અધ્યવસાયથી.

**કર્મક્ષયોપશમના સંબંધથી**—સમ્યગ્દર્શનાદિ ગુણોને આવરનારાં(=રોકનારાં) કર્મોનો ક્ષયોપશમ થાય છે. એ કર્મક્ષયોપશમના સંબંધથી પ્રસ્તુત સમ્યગ્દર્શનાદિ ગુણોની વૃદ્ધિ અવશ્ય થાય છે. કારણથી કાર્ય થાય એ નિયમ છે. (સંપૂર્ણ) કારણ હાજર હોય અને કાર્ય ન થાય એ બને જ નહિ. એટલે અહીં જેની દીક્ષા સાચી છે તેને વિશુદ્ધ અધ્યવસાય અવશ્ય[1] હોય. એ વિશુદ્ધ

૧. સૂક્ષ્મદષ્ટિથી તો વિશુદ્ધ અધ્યવસાય એ જ દીક્ષા છે. આથી જ ટીકામાં दीक्षारूपविशुद्धभावः એમ જણાવ્યું છે.

અધ્યવસાયથી સમ્યગ્દર્શનાદિગુણોને રોકનારાં કર્મોનો ક્ષયોપશમ અવશ્ય થાય છે. એ કર્મક્ષયોપશમથી સમ્યગ્દર્શનાદિ ગુણોની વૃદ્ધિ અવશ્ય થાય છે. માટે સમ્યગ્દર્શનાદિ ગુણોની વૃદ્ધિ સાચી દીક્ષાનું લિંગ-ચિહ્ન છે.

સમ્યગ્દર્શનાદિ ગુણોની વૃદ્ધિમાં કર્મક્ષયોપશમ કારણ છે, અને દીક્ષારૂપ વિશુદ્ધભાવ કારણનું કારણ છે, અર્થાત્ કર્મક્ષયોપશમનું કારણ બનવા દ્વારા કારણ છે. (૩૮)

**धम्मम्मि य बहुमाणा, पहाणभावेण तदणुरागाओ ।**
**साहम्मियपीतीए, उ हंदि वुड्ढी धुवा होइ ॥३९॥**

**સાધર્મિકપ્રેમની વૃદ્ધિ સમ્યગ્દીક્ષાનું લિંગ કેવી રીતે છે તે બતાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ–** દીક્ષિતને ધર્મ ઉપર બહુમાન-પક્ષપાત છે, અને સાધર્મિકો ધર્મને પ્રધાન માનનારા છે. આથી દીક્ષિતને સાધર્મિકો ઉપર સ્નેહ થાય છે. સાધર્મિકસ્નેહના કારણે સાધર્મિકપ્રીતિની વૃદ્ધિ અવશ્ય થાય છે.

**ટીકાર્થ–ધર્મ–** દીક્ષિત થયેલા લોકોએ કરવા યોગ્ય શ્રુત-ચારિત્ર રૂપ ધર્મ.

**દીક્ષિતને ધર્મ ઉપર બહુમાન–**પક્ષપાત છે અને સાધર્મિકો ધર્મને પ્રધાન[1] માનનારા છે. આથી દીક્ષિતને સાધર્મિક ઉપર સ્નેહ થાય છે. સાધર્મિકસ્નેહના કારણે સાધર્મિકપ્રીતિની=સાધર્મિકવાત્સલ્યની વૃદ્ધિ અવશ્ય થાય છે. આથી સાધર્મિકવાત્સલ્યની વૃદ્ધિ સમ્યગ્દીક્ષાનું લિંગ છે.

**પ્રશ્ન–**ટીકાકારે સાધર્મિકવાત્સલ્યની વૃદ્ધિ થાય છે એમ કહ્યું. તો પછી મૂળગ્રંથકારે સાધર્મિકપ્રીતિની વૃદ્ધિ થાય છે એમ કેમ કહ્યું ?

ઉત્તર–સાધર્મિકપ્રીતિથી સાધર્મિકવાત્સલ્ય ઉત્પન્ન થાય છે. આથી સાધર્મિકપ્રીતિ કારણ છે. સાધર્મિકવાત્સલ્ય કાર્ય છે. મૂળગ્રંથકારે કાર્ય એવા સાધર્મિકવાત્સલ્યમાં કારણ એવી સાધર્મિકપ્રીતિનો ઉપચાર કરીને સાધર્મિકપ્રીતિની વૃદ્ધિ થાય છે એમ કહ્યું છે.

તુ શબ્દ પુનઃ અર્થમાં છે. તેની ભાવના આ પ્રમાણે છે–વિશુદ્ધભાવથી અધિકૃત(૩૭મી ગાથામાં કહેલ) ગુણોની વૃદ્ધિ થાય છે, અને સાધર્મિકવાત્સલ્ય ધર્મબહુમાનના કારણે થનારા સાધર્મિકસ્નેહથી થાય છે.

અથવા આ શ્લોકનો અર્થ આ પ્રમાણે છે–દીક્ષિતને (धम्मम्मि य बहुमाणा-) ધર્મપ્રત્યે માત્ર પ્રીતિ હોવાથી અને (पहाणभावेण तदणुरागाओ-) ધર્મ ઉત્તમ છે એવી બુદ્ધિના કારણે

---

૧. આનાથી એ સિદ્ધ થાય છે કે બંને ધર્મને પ્રધાન માનનારા હોય તો જ પરસ્પર સાધર્મિક સંબંધ વાસ્તવિક થાય છે. એક ધર્મને પ્રધાન માને પણ બીજો ધર્મને પ્રધાન ન માને તો તેની સાથે સાધર્મિક સંબંધ ન થઈ શકે. એક ધર્મને પ્રધાન ન માને પણ બીજો ધર્મને પ્રધાન માને તો પણ તેની સાથે સાધર્મિક સંબંધ ન થઈ શકે.

ધર્મ પ્રત્યે ભક્તિ હોવાથી સાધર્મિક અનુરાગની વૃદ્ધિ અવશ્ય થાય છે.

પ્રીતિ અને ભક્તિ એ બેમાં વિશેષતા (ષોડશક ૧૦ ગા. ૩-૪-૫) આ પ્રમાણે છે—

**"જે અનુષ્ઠાનમાં અનુષ્ઠાન કરનારનું હિત થાય તેવી પ્રીતિ છે, અને (તેવી પ્રીતિના કારણે) અતિશય પ્રયત્ન છે, તથા (અતિશય પ્રયત્નના કારણે) બીજાં કાર્યોનો ત્યાગ કરીને તેના કાળે જે અનુષ્ઠાન કરે છે તે પ્રીતિ અનુષ્ઠાન છે." (૩) "બુદ્ધિમાન પુરુષ જે અનુષ્ઠાન અધિક પૂજનીય સમજીને વિશેષ વિશુદ્ધિવાળું કરે તે અનુષ્ઠાન બાહ્ય ક્રિયારૂપે પ્રીતિ અનુષ્ઠાન તુલ્ય હોવા છતાં ભક્તિ અનુષ્ઠાન જાણવું." (૪) "પત્ની અતિશય પ્રિય હોય છે, અને મારું હિત કરનારી છે એવી બુદ્ધિથી માતા ઉપર પણ પ્રેમ છે, એ બંને સંબંધી ભોજન આદિ ક્રિયા સમાન કરવા છતાં ભેદ છે, પત્નીનું કાર્ય પ્રીતિથી કરવામાં આવે છે, જ્યારે માતાનું કાર્ય ભક્તિથી કરવામાં આવે છે. એથી માતાના કાર્યમાં વિશેષ આદર હોવાથી વિશેષ કાળજીથી થાય છે. તેમ પ્રીતિ અનુષ્ઠાનથી ભક્તિ અનુષ્ઠાનમાં વિશેષ આદર હોવાથી શુદ્ધિ વિશેષ હોય છે. આમ પ્રીતિ-ભક્તિ અનુષ્ઠાનમાં ભાવની દૃષ્ટિએ ભેદ છે."**

तदनुरागाओ એ સ્થળે तद् શબ્દથી સાધર્મિકશબ્દ લેવો. જો કે સાધર્મિક પછીના પદમાં રહેલો છે અને સમાસમાં છે. તો પણ तद् શબ્દથી તે જ શબ્દ લેવો. કારણ કે વક્તાએ તે પ્રમાણે વિવક્ષા કરી છે. શબ્દપ્રવૃત્તિ વક્તાને અધીન હોય છે. તથા એવા પ્રકારનો (तद् શબ્દથી પછીના શબ્દને લેવાનો અને સમસ્ત શબ્દને પણ લેવાનો) પ્રયોગ ત્યાં ત્યાં જોવામાં આવે છે. (૩૯)

**विहियाणुट्ठाणाओ, पाएणं सव्वकम्मखओवसमो।**
**णाणावरणावगमा, णियमेणं बोहवुड्ढित्ति ॥४०॥**

**હવે બોધવૃદ્ધિ સમ્યગ્દીક્ષાનું લિંગ છે એ બતાવવા માટે કહે છે—**

**ગાથાર્થ**—પ્રાયઃ દીક્ષાના આચારોનું સુંદર પાલન કરવાથી ઘાતી સર્વકર્મોનો ક્ષયોપશમ થતાં જ્ઞાનાવરણીય કર્મનો પણ ક્ષયોપશમ થવાથી બોધની વૃદ્ધિ અવશ્ય થાય છે. આથી બોધવૃદ્ધિ સમ્યગ્દીક્ષાનું લિંગ છે.

**ટીકાર્થ**—અહીં મૂળ ગાથામાં સર્વશબ્દથી ઘાતી સર્વકર્મો વિવક્ષિત છે. કારણ કે ઘાતી કર્મોનો જ ક્ષયોપશમ થાય છે. (પ્રવચન સારોદ્ધાર ગા. ૨૨૧. પંચસંગ્રહ ૧૪૩) કહ્યું છે કે—

**"ઉપશમ મોહનીયનો જ થાય છે. ક્ષયોપશમ ચાર ઘાતી કર્મોનો થાય છે. ઉદય, ક્ષય અને પરિણામ આઠે કર્મોનો થાય છે."**

કોઈક જીવને દીક્ષાના આચારોના પાલન વિના ભાવવિશેષથી જ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થાય છે. માટે અહીં પ્રાયઃ કહ્યું છે. (૪૦)

**कल्लाणसंपयाए, इमीइ हेऊ जओ गुरू परमो ।**
**इय बोहभावओ चिय, जायइ गुरुभत्तिवुड्ढीवि ॥४१॥**

**હવે ગુરુભક્તિ સમ્યગ્દીક્ષાનું લિંગ છે એ જણાવવા માટે કહે છે–**

**ગાથાર્થ**–આ કલ્યાણસંપત્તિનું મુખ્ય કારણ ગુરુ છે. આવો બોધ થવાથી જ ગુરુભક્તિની વૃદ્ધિ પણ થાય છે.

**ટીકાર્થ–કલ્યાણસંપત્તિ**–આ લોક-પરલોક સંબંધી કલ્યાણોની સિદ્ધિ આ લોક-પરલોક સંબંધી કલ્યાણોની સિદ્ધિનું મુખ્ય કારણ ગુરુ છે.

આ લોક-પરલોક સંબંધી કલ્યાણોનું કારણ દીક્ષાના આચારો છે. આથી અહીં (કારણમાં કાર્યના ઉપચારથી) આ લોક-પરલોક સંબંધી કલ્યાણો એટલે દીક્ષાના આચારો. હમણાં જ કહેલા દીક્ષાના આચારોની સિદ્ધિનું મુખ્ય કારણ ગુરુ છે,

**ગુરુભક્તિની વૃદ્ધિ**–ધર્માચાર્ય ઉપર બહુમાનની વૃદ્ધિ.

**પણ**–બોધવૃદ્ધિનાં કારણોથી કેવળ બોધવૃદ્ધિ જ થાય છે એમ નહિ, કિંતુ ધર્માચાર્ય ઉપર બહુમાનની વૃદ્ધિ પણ થાય છે. અર્થાત્ ગુરુની (ઉપદેશ, પ્રેરણા આદિ) સહાયથી જ દીક્ષાના આચારોનું જ્ઞાન-પાલન વગેરે થાય છે. આથી ગુરુ અતિશય ભક્તિ કરવા લાયક છે એવું જ્ઞાન થાય છે. આવું જ્ઞાન થવાથી જ ગુરુભક્તિની પણ વૃદ્ધિ થાય છે. આથી ગુરુભક્તિવૃદ્ધિ પણ સમ્યગ્દીક્ષાનું લિંગ છે. (૪૧)

**इय कल्लाणी एसो, कमेण दिक्खागुणे महासत्तो ।**
**सम्मं समायरंतो, पावइ तह परमदिक्खंपि ॥४२॥**

**હમણાં જ (૩૭મી ગાથામાં) કહેલા દીક્ષાગુણોના અનંતર ફળને બતાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–આ પ્રમાણે મહાસત્ત્વશાળી દીક્ષિત જીવ કલ્યાણવાન થાય છે અને દીક્ષાગુણોને સમ્યક્ આચરતો તે ક્રમે કરીને પરમદીક્ષાને પણ પામે છે.

**ટીકાર્થ–આ પ્રમાણે**-સમ્યગ્દીક્ષાના અધિકૃતગુણોની વૃદ્ધિ આદિ લિંગોની પ્રાપ્તિ થવાથી, મહાસત્ત્વશાળી દીક્ષિત જીવ કલ્યાણવાન થાય છે. કેમકે ઉભયલોકમાં થનારા કલ્યાણનું કારણ એવી દીક્ષાની પ્રાપ્તિ થઈ છે. તથા જિનભક્તિ-સાધુભક્તિ-આગમભક્તિની ઉત્પત્તિ આદિ જિનદીક્ષાના ધર્મોને ભાવપૂર્વક આચરતો તે ક્રમે કરીનેઉત્તરોત્તર અધિક અધિક વિશુદ્ધ બનીને પરમદીક્ષાને=સર્વવિરતિ દીક્ષાને પણ પામે છે, અર્થાત્ કેવળ કલ્યાણવાન થાય છે એમ નહિ, કિંતુ સર્વવિરતિ દીક્ષાને પણ પામે છે. (૪૨)

**गरहियमिच्छायारो, भावेणं जीवमुत्तिमणुहविउं ।**
**णीसेसकम्ममुक्को, उवेइ तह परममुत्तिंपि ॥४३॥**

**હવે જિન દીક્ષાના પરંપર ફળને બતાવવા માટે કહે છે–**

**ગાથાર્થ**–ભૂતકાળમાં સેવેલા મિથ્યાચારોની જેણે ભાવથી નિંદા કરી છે એવો જીવ ઉત્તરોત્તર વિકાસને સાધતો અને જીવન્મુક્તિને અનુભવીને સઘળાં કર્મોથી મુક્ત બનેલો તે જિનદીક્ષાથી થયેલ સર્વોત્કૃષ્ટ ગુણપ્રકર્ષથી પરમમુક્તિને પણ પામે છે.

**ટીકાર્થ**–જિનદીક્ષાની આરાધનાથી ગુણોની અતિશય વૃદ્ધિ થવાથી સર્વવિરતિની પ્રાપ્તિ થતાં ભૂતકાળમાં સેવેલા મિથ્યા આચારોની ભાવથી નિંદા, વર્તમાનમાં તે આચારોનો ભાવથી સંવર-ત્યાગ તથા ભવિષ્ય માટે તે [૧]આચારોનું ભાવથી પ્રત્યાખ્યાન કરીને ઉત્તરોત્તર વિકાસ સાધતો તે જીવ ભાવથી જીવન્મુક્તિને અનુભવીને સકળકર્મોથી મુક્ત બનેલો પરમમુક્તિને પણ પામે છે.

મિથ્યાચારો એટલે મોક્ષમાર્ગથી વિપરીત મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને અશુભયોગરૂપ આચારો. બીજાઓ મિથ્યાચારનું લક્ષણ (ગીતા અ. ૩ ગા. ૬) આ પ્રમાણે કહે છે–

**"જે મૂઢપુરુષ બાહ્ય ઇન્દ્રિયોને હઠથી રોકીને મનમાં ઇંદ્રિયોના ભોગોનું સ્મરણ કરે છે-ભોગોને ઇચ્છે છે, તે મિથ્યાચારી-દંભી છે."**

જીવન્મુક્તિ એટલે નિઃસંગપણાની પરાકાષ્ઠાથી જીવતાં જ મોક્ષ (=સમતા સુખનો અનુભવ). ઉચ્ચપ્રકારના સાધુઓ જીવતાં જ મોક્ષનો અનુભવ કરે છે. (પ્રશમરતિ ગાથા-૨૩૮) કહ્યું છે કે–

**"મદ અને કર્મ ઉપર વિજય મેળવનાર, મન-વચન-કાયાના વિકારોથી રહિત, અને ભૌતિક આકાંક્ષાઓથી રહિત સાધુઓને અહીં જ મોક્ષ છે."**

**પરમમુક્તિ**=સઘળાં કર્મોનો ક્ષય. (૪૩)

**दिक्खाविहाणमेयं, भाविज्जंतं तु तंतणीतीए ।**
**सइअपुणबंधगाणं, कुग्गहविरहं लहुं कुणइ ॥४४॥**

**હવે પ્રકરણનો ઉપસંહાર કરવા માટે કહે છે–**

**ગાથાર્થ**–આ જિનદીક્ષાવિધિની આગમ પ્રમાણે વિચારણા પણ સકૃદ્બંધક અને અપુનર્બંધકના કદાગ્રહનો ત્યાગ જલદી કરે છે.

**ટીકાર્થ–વિચારણા પણ**–જો વિચારણાથી પણ આટલો લાભ થાય છે તો આચરણાથી અવશ્ય અધિક લાભ થાય તેમાં શું કહેવું ?

**સકૃદ્બંધક**–જે યથાપ્રવૃત્તિકરણથી ગ્રંથિદેશે આવી ગયો છે, પણ ગ્રંથિનો ભેદ નહિ

---

૧. પક્ખી સૂત્રનો अइअं निंदामि વગેરે પાઠ આ ભાવનું જ સૂચન કરે છે.

કરે અને ફરી એકવાર કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ કરશે તે સકૃદ્બંધક છે.

**અપુનર્બંધક**—જે યથાપ્રવૃત્તિકરણથી ગ્રંથિદેશે આવી ગયો છે, તથા ફરી ઉત્કૃષ્ટસ્થિતિનો બંધ નહિ કરે અને ગ્રંથિભેદ કરશે તે જીવ અપુનર્બંધક છે.

આ બંનેને ગ્રંથિભેદ થયો ન હોવાથી(=સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ ન હોવાથી) કદાગ્રહ સંભવે છે, પણ અવિરતસમ્યગ્દષ્ટિ વગેરે જીવોને કદાગ્રહ ન હોય.

**પ્રશ્ન**—અહીં સકૃદ્બંધક અને અપુનર્બંધક એ બેનો જ ઉલ્લેખ કેમ કર્યો ? માર્ગાભિમુખ અને માર્ગપતિતનો ઉલ્લેખ કેમ ન કર્યો ? શું તેમને કુગ્રહ ન હોય ?

**ઉત્તર**—માર્ગાભિમુખ અને માર્ગપતિતમાં કદાગ્રહનો સંભવ હોવા છતાં જિનદીક્ષાવિધિની ભાવનામાત્રથી તેમના કદાગ્રહનો ત્યાગ ન થાય. આથી અહીં (૪૪મી ગાથામાં) તે બેનો ઉલ્લેખ કર્યો નથી.

સકૃદ્બંધક અને અપુનર્બંધકને ભાવસમ્યક્ત્વ ન હોવાથી દ્રવ્યસમ્યક્ત્વનું આરોપણ કરી દીક્ષા આપવામાં આવે છે.

મૂળગાથામાં 'વિરહ' શબ્દના પ્રયોગથી આ ગ્રંથની રચના આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજે કરી છે એમ જણાવ્યું છે. કારણ કે તેઓશ્રીના દરેકગ્રંથમાં 'વિરહ' શબ્દનો પ્રયોગ હોવાથી 'વિરહ' શબ્દ તેમના ગ્રંથોની નિશાની છે. (૪૪)

• • •

## ॥ अथ तृतीयपञ्चाशकवृत्तिः ॥३॥

## ૩. ચૈત્યવંદનવિધિ પંચાશક

**नमिऊण वद्धमाणं, सम्मं वोच्छामि वंदणविहाणं ।**
**उक्कोसाइतिभेयं, मुद्दाविण्णासपरिसुद्धं ॥१॥**

**બીજા પંચાશકમાં જિનદીક્ષાનો વિધિ કહ્યો. જિનદીક્ષાનો સ્વીકાર કરનારે પ્રતિદિન જિનમૂર્તિ સમક્ષ ચૈત્યવંદન કરવું જોઈએ. આથી હવે ચૈત્યવંદનવિધિનું નિરૂપણ કરતા ગ્રંથકાર મંગલ આદિને જણાવવા માટે કહે છે–**

**ગાથાર્થ**–શ્રી વર્ધમાન સ્વામીને ભાવથી નમસ્કાર કરીને મુદ્રાઓની રચનાથી પરિશુદ્ધ ઉત્કૃષ્ટાદિ પ્રકારના [1]વંદન વિધિને કહીશ.

**ટીકાર્થ–ઉત્કૃષ્ટાદિ**–આદિ શબ્દથી મધ્યમ અને જઘન્ય એ બેનું ગ્રહણ કરવું. હવે (બીજી ગાથામાં) કહેવાશે તે ન્યાયથી વંદનના ત્રણ પ્રકાર હોવા છતાં અહીં વંદનવિધિના ત્રણ પ્રકાર કહ્યા તે વંદન અને વંદનવિધિમાં અભેદની વિવક્ષાથી જાણવું. (૧)

**णवकारेण जहण्णा, दंडगथुइजुयल मज्झिमा णेया ।**
**संपुण्णा उक्कोसा, विहिणा खलु वंदणा तिविहा ॥२॥**

હવે ચૈત્યવંદનના ત્રણ પ્રકારોને બતાવતા ગ્રંથકાર કહે છે–

**ગાથાર્થ**–(णवकारेण जहण्णा =) નમસ્કારથી જઘન્યવંદના, (दंडगथुइजुयल मज्झिमा =) દંડક અને સ્તુતિરૂપ યુગલથી મધ્યમવંદના (संपुण्णा उक्कोसा =) સંપૂર્ણવંદના ઉત્કૃષ્ટવંદના જાણવી. આમ વંદના ત્રણ પ્રકારની જાણવી. વંદના વિધિથી કરવી જોઈએ.

**ટીકાર્થ–જઘન્યવંદના**–[2]સિદ્ધ ઇત્યાદિ સ્તુતિપૂર્વક નમસ્કાર જઘન્યવંદન છે. કારણ કે આમાં (નમસ્કારનો) પાઠ અને ક્રિયા અલ્પ છે.[3]

**મધ્યમવંદના**–[4]અરિહંતચેઈયાણં અને સ્તુતિ એ બે મધ્યમ વંદન છે. કારણ કે

---

૧. આ પંચાશકમાં બધા સ્થળે 'વંદન' શબ્દથી ચૈત્યવંદન સમજવું.

૨. सिद्धमरूव० ઇત્યાદિ પાઠનો અર્થ આ પ્રમાણે છે–સિદ્ધ, અરૂપી, ઇંદ્રિયરહિત, ક્રિયારહિત, પાપરહિત, અવિનશ્વર, સકળજગતરૂપ મસ્તકના ચૂડામણિ સમાન શ્રીવીરને પ્રણામ કરું છું.

૩. उत्कर्षादित्रिभेदमित्युक्त्वाऽपि ઇત્યાદિ પાઠનો અર્થ આ પ્રમાણે છે–(પહેલી ગાથામાં) ઉત્કૃષ્ટ આદિ ત્રણ પ્રકારની એમ ઉત્કૃષ્ટવંદનાનો પહેલો ઉલ્લેખ કર્યો હોવા છતાં અહીં જે પહેલાં જઘન્યવંદના કહી તેમાં દોષ નથી. કારણ કે ત્યાં उत्कर्षादि એ સ્થળે આદિ શબ્દનો ભેદ અર્થ છે. ( આથી उक्कोसाइतिभेयं પદનો ઉત્કૃષ્ટથી ત્રણ પ્રકારની વંદના છે એવો ભાવાર્થ થાય. આથી ઉત્કૃષ્ટવંદનાનો પહેલો ઉલ્લેખ થતો નથી.

૪. નમુત્થુણં, અરિહંતચેઈયાણં, લોગસ્સ, પુક્ખરવરદીવડ્ઢે, સિદ્ધાણં-બુદ્ધાણં એ પાંચની દંડક સંજ્ઞા છે. અહીં એક દંડક અને એક સ્તુતિ એ બે મળીને મધ્યમવંદન છે. એટલે 'દંડક' શબ્દથી અરિહંતચેઈયાણં સમજી

આમાં પાઠ અને ક્રિયા મધ્યમ છે. મધ્યમ ચૈત્યવંદનની આ વ્યાખ્યા બૃહત્કલ્પની આ ગાથાના આધારે કરે છે.

**निस्सकडमनिस्सकडे वा, वि चेइए सव्वहिं थुई तिन्नि ।**
**वेलं च चेइयाणि य, णाउं एक्किक्किया वा वि ॥१८०४॥**

બૃહત્કલ્પની આ ગાથાનો અર્થ આ પ્રમાણે છે—"કોઈ એક ગચ્છનું મંદિર હોય કે સર્વગચ્છ માટે સાધારણમંદિર હોય, એ બધાં મંદિરોમાં ત્રણ સ્તુતિથી ચૈત્યવંદન કરવું. સમય અને ચૈત્યોને જાણીને, અર્થાત્ ચૈત્યો ઘણા હોય અને બધે ત્રણ સ્તુતિ કરવાથી સમય પહોંચે તેમ ન હોય તો બધે એક એક સ્તુતિથી ચૈત્યવંદન કરે."

(આ ગાથાની સાક્ષી આપવાનો ભાવ એ છે કે આમાં મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ બે પ્રકારનું ચૈત્યવંદન બતાવ્યું છે. તેમાં ત્રણ સ્તુતિથી ચૈત્યવંદન ઉત્કૃષ્ટ છે અને એક સ્તુતિથી મધ્યમ છે. કારણ કે એક સ્તુતિથી થતા ચૈત્યવંદનમાં અરિહંતચેઈયાણં રૂપ એક દંડકસૂત્ર અને એક સ્તુતિ થાય છે.)

**કેટલાક કહે છે કે**—પાંચ દંડકસૂત્ર અને ચાર સ્તુતિથી મધ્યમ ચૈત્યવંદન થાય છે.

**ઉત્કૃષ્ટવંદના**—(संपुण्णा उक्कोसा=) સંપૂર્ણ વંદન ઉત્કૃષ્ટ ચૈત્યવંદન છે, અર્થાત્ પાંચ દંડકસૂત્ર, ત્રણ સ્તુતિ અને પ્રણિધાન(જયવીયરાય)ના પાઠથી ઉત્કૃષ્ટ ચૈત્યવંદન થાય છે.

**પ્રશ્ન**—પાંચ દંડકથી થતા દેવવંદનમાં ચાર સ્તુતિ આવે છે. જ્યારે અહીં ત્રણ સ્તુતિ કેમ કહી છે ?

**ઉત્તર**—કેટલાક ત્રણ સ્તુતિ જ માને છે, ચોથી સ્તુતિ અર્વાચીન (-નવી થયેલી) છે એમ માને છે. આથી અહીં ત્રણ સ્તુતિ માનનારના મત પ્રમાણે ત્રણ સ્તુતિ કહી છે.

**પ્રશ્ન**—કેટલાક ત્રણ સ્તુતિ શાના આધારે માને છે ?

**ઉત્તર**—વ્યવહારભાષ્યની[1]

**तिन्नि वा कड्ढई जाव, थुईओ तिसिलोगिया ।**
**ताव तत्थ अनुन्नायं, कारणेण परेणऽवि ॥** (ઉ. ૯. ગા. ૭૩)

**"સાધુઓને મુખ્યતયા દેવવંદનમાં શ્રુતસ્તવ (પુક્ખરવરદીવડ્ઢે) પછી (સિદ્ધાણં બુદ્ધાણંની) ત્રણ શ્લોક પ્રમાણ ત્રણ (એક सिद्धाणं बुद्धाणं०, બીજી जो देवाण वि०,**

---

શકાય છે. કારણ કે તેના પછી સ્તુતિ આવે છે. કોઈ એક ગચ્છનું મંદિર હોય કે સર્વ ગચ્છ માટે સાધારણ મંદિર હોય એ બધા મંદિરોમાં બે સ્તુતિથી ચૈત્યવંદન કરવું, સમય અને ચૈત્યોને જાણીને, અર્થાત્ ચૈત્યો ઘણા હોય અને બધે ત્રણ સ્તુતિ કરવાથી સમય પહોંચે તેમ ન હોય તો બધે એક એક સ્તુતિથી ચૈત્યવંદન કરે."

૧. ટીકામાં બૃહત્કલ્પનો ઉલ્લેખ છે. પણ આ ગાથા બૃહત્કલ્પમાં નથી, કિંતુ વ્યવહારસૂત્રમાં છે.

**ત્રીજી इक्को वि नमुक्कारो० એ ત્રણ) સ્તુતિઓ કહેવાય ત્યાં સુધી જિનમંદિરમાં રહેવાની અનુજ્ઞા છે. કારણ હોય તો તેથી વધારે સમય સુધી પણ રહેવાની અનુજ્ઞા છે."[૧]**

આ ગાથા અને पणिहाणं [૨]मुत्तसुत्तीए એ વચનના આધારે માને છે.

**પ્રશ્ન**—ચૈત્યવંદનમાં પ્રણિધાન(-જયવીયરાય) સૂત્ર શાના આધારે બોલે છે ?

**ઉત્તર**—पणिहाणं [૨]मुत्तसुत्तीए= "(ચૈત્યવંદનમાં)મુક્તાશુક્તિમુદ્રાથી પ્રણિધાનસૂત્ર કહેવું" એ પાઠના આધારે પ્રણિધાનસૂત્ર બોલે છે.

કેટલાક પાંચ[૩] નમુત્થુણંથી ઉત્કૃષ્ટ વંદન થાય છે એમ કહે છે. આ રીતે ચૈત્યવંદન ત્રણ પ્રકારે છે.

**વિધિથી**—ચૈત્યવંદન પાંચ અભિગમ, ત્રણ પ્રદક્ષિણા, પૂજા આદિ વિધિપૂર્વક કરવું જોઈએ.

**પ્રશ્ન**—આગમગ્રંથોમાં ભાવઅરિહંતને જ ત્રણ પ્રદક્ષિણા આપવાનું જણાય છે, જિનપ્રતિમાને નહિ, આથી જિનપ્રતિમાને ત્રણ પ્રદક્ષિણા ન આપવી જોઈએ.

**ઉત્તર**—જો કે આગમગ્રંથોમાં જિનપ્રતિમાને ત્રણ પ્રદક્ષિણા આપવાનું જણાતું નથી, પણ જીવાભિગમની ટીકામાં વિજયદેવના પ્રકરણમાં શ્રી હરિભદ્રસૂરિ મહારાજે જિનપ્રતિમાને ત્રણ પ્રદક્ષિણા આપવાનું જણાવ્યું છે, આથી તેમણે જ રચેલા આ પ્રકરણમાં અમે (-શ્રી અભયદેવસૂરિ મહારાજે) પણ એ કહ્યું છે. તથા શક્રસ્તવનો (નમુત્થુણંનો) પાઠ અને પાંચ અભિગમ ભાવઅરિહંતની ભક્તિરૂપ છે, છતાં તે જિનપ્રતિમામાં ભાવઅરિહંતનું આરોપણ કરીને કરાય છે, તેવી રીતે ત્રણ પ્રદક્ષિણા પણ આપવી જોઈએ. આગમોમાં ભાવઅરિહંતને ત્રણ પ્રદક્ષિણા આપવાનું કહ્યું હોવાથી જો પ્રતિમાને ત્રણ પ્રદક્ષિણા ન આપી શકાય તો પાંચ

---

૧. 'तिन्नि वा कड्ढई' એ ગાથામાં કહેલી ત્રણ સ્તુતિઓ "સિદ્ધાણં બુદ્ધાણં"ની છે એમ માનીને કોઈ ચોથી સ્તુતિ(-થોય) અર્વાચીન છે એમ કહે છે. પણ તે ઠીક નથી. तिन्नि वा कड्ढई એ ગાથામાં કહેલી ત્રણ સ્તુતિઓ પ્રણિધાન(-જયવીયરાય) સૂત્રની માનવી જોઈએ. भणितं चागमे वन्दनान्ते प्रणिधानम्, यथा-'वंदइ नमंसइ'त्ति सूत्रम्, **वृत्तिः**-वन्दते ताः प्रतिमाश्चैत्यवन्दनादिविधिना प्रसिद्धेन, नमस्कारोति पश्चात्प्रणिधानादियोगेनेति तिस्रः स्तुतयोऽत्र प्रणिधानरूपा ज्ञेयाः । सर्वथा परिभाव्यम्, अत्र पूर्वापराविरोधेन प्रवचनगाम्भीर्यं मुक्त्वाऽभिनिवेशमिति सङ्घाचारवृत्तौ इति । (ધર્મસંગ્રહ ગાથા ૬૩ની ટીકામાં)
તથા પૂ. અભયદેવસૂરિ મહારાજે चतुर्थस्तुतिः किलार्वाचीना એમ किल શબ્દનો પ્રયોગ કરીને ત્રણ સ્તુતિના મત પ્રત્યે પોતાની અરુચિ વ્યક્ત કરી છે. પૂ. આચાર્યશ્રી હેમચંદ્રસૂરિ મહારાજે 'અનેકાર્થ સંગ્રહ'માં કહ્યું છે કે—वार्तासंभाव्ययोः किल हेत्वरुच्योरलीके च વાર્તા, સંભાવના, હેતુ, અરુચિ અને અસત્ય એ પાંચ અર્થોમાં 'કિલ' શબ્દનો પ્રયોગ થાય છે.
તથા ચૈત્યવંદન મહાભાષ્ય ગાથા ૭૭૨-૭૭૩-૭૭૪ અને સંઘાચારભાષ્ય ગાથા ૩૫ની વૃત્તિ વગેરે પ્રાચીન ગ્રંથોના આધારે પણ ચાર થોયનું સમર્થન થાય છે.

૨. ચૈત્યવંદનભાષ્ય ગાથા ૧૮, પંચાશક-૩. ગા. ૧૭.

૩. વર્તમાનમાં પૌષધ આદિમાં જે દેવવંદન થાય છે તે આ છે.

અભિગમ પણ આગમોમાં ભાવ અરિહંતને ઉદ્દેશીને કહ્યા હોવાથી જિનપ્રતિમા આગળ ન કરી શકાય, જ્યારે પાંચ અભિગમો જિનપ્રતિમા સમક્ષ પણ કરવામાં આવે છે, તથા દીક્ષા આપતી વખતે અને ચોમાસી આદિ પર્વ દિવસોમાં જિનપ્રિતમાને ત્રણ પ્રદક્ષિણા આપનારા તે લોકો (=પ્રદક્ષિણા આપવાનો નિષેધ કરનારા તે લોકો) તે સિવાય (દીક્ષા અને ચોમાસી આદિ પર્વ દિવસ સિવાય) તેનો (પ્રદક્ષિણા આપવાનો) નિષેધ કેવી રીતે કરી શકે. (૨)

**अहवावि भावभेया, ओघेण अपुणबंधगाईणं ।**
**सव्वावि तिहा णेया, सेसाणमिमी ण जं समए ॥३॥**

**હવે બીજી રીતે વંદનના ત્રણ પ્રકારને કહે છે–**

**ગાથાર્થ**–અથવા સામાન્યથી સઘળી ય વંદના ભાવભેદથી અપુનર્બંધક આદિને આશ્રયીને ત્રણ પ્રકારની જાણવી. બીજાઓને આ વંદના ન હોય. કારણ કે શાસ્ત્રમાં કહી નથી.

**ટીકાર્થ–સામાન્યથી**–પાઠ અને ક્રિયાની અલ્પતા આદિની વિવક્ષા વિના.

**ભાવભેદથી**–ગુણસ્થાનકના ભેદથી થનારા પરિણામના ભેદથી. અથવા વંદનના અધિકારી જીવમાં રહેલ માત્ર પ્રમોદરૂપ ભાવના ભેદથી.

**અપુનર્બંધક આદિ**–અપુનર્બંધક જીવનું વર્ણન પૂર્વે (બીજા પંચાશકની ૪૪મી ગાથામાં) કર્યું છે. (તથા મૂળગ્રંથકાર ત્રીજા પંચાશકની ચોથી ગાથામાં કહેશે.) આદિશબ્દથી સમ્યગ્દષ્ટિ, દેશવિરત અને સર્વવિરત જીવો જાણવા.

**બીજાઓને**–અપુનર્બંધકથી અન્ય જે સકૃદ્બંધક, માર્ગાભિમુખ, માર્ગપતિત જીવો, તથા સકૃદ્બંધક આદિત્રણથી અન્ય જે મિથ્યાદષ્ટિજીવો, તે બધા જીવોને.

**આ વંદના ન હોય**–પરિણામભેદથી ભેદવાળી વંદના ન હોય. કારણ કે તે જીવો પરિણામભેદવાળી વંદનાની યોગ્યતાથી રહિત છે. પાઠ આદિની ભેદવાળી વંદના તો હોય પણ.

**ભાવાર્થ**–અથવા સામાન્યથી અપુનર્બંધક, સમ્યગ્દષ્ટિ, દેશવિરતિ અને સર્વવિરતિનું (सव्वावि) બીજી ગાથામાં જણાવેલ જઘન્યાદિ સર્વપ્રકારનું વંદન પરિણામના ભેદથી ત્રણ પ્રકારે જાણવું. અર્થાત્ અપુનર્બંધકનું વંદન બીજી ગાથામાં જણાવેલ ત્રણ પ્રકારના વંદનમાંથી ગમે તે પ્રકારનું હોય, પણ તે જઘન્ય ચૈત્યવંદન છે. અપુનર્બંધક જઘન્ય વંદન કરે તો તે વંદન તો જઘન્ય છે જ, પણ મધ્યમ અને ઉત્કૃષ્ટ વંદન કરે તો પણ તેના તે બંને ચૈત્યવંદન જઘન્ય છે. કારણ કે સમ્યગ્દષ્ટિ આદિની અપેક્ષાએ એના પરિણામની વિશુદ્ધિ ઓછી હોય છે. અવિરતિ સમ્યગ્દષ્ટિનું જઘન્યાદિ ત્રણે પ્રકારનું વંદન મધ્યમ છે. કારણ કે તેના પરિણામની વિશુદ્ધિ અપુનર્બંધકથી વધારે અને દેશવિરતિ આદિથી ઓછી એમ મધ્યમ હોય છે. દેશવિરત અને સર્વવિરતનું જઘન્યાદિ

ત્રણે પ્રકારનું વંદન ઉત્કૃષ્ટ છે. કારણ કે અપુનર્બંધક અને અવિરત સમ્યગ્દષ્ટિની અપેક્ષાએ એ બેના પરિણામ અધિક વિશુદ્ધ હોય છે.

અથવા અપુનર્બંધક આદિ પ્રત્યેકને આશ્રયીને પણ વંદનના ત્રણ પ્રકાર થઈ શકે છે. તે આ પ્રમાણે—અપુનર્બંધક જઘન્યાદિ ત્રણ પ્રકારના વંદનમાંથી ગમે તે વંદન જો મંદ ઉલ્લાસથી કરે તો તે વંદન જઘન્ય, મધ્યમ ઉલ્લાસથી કરે તો તે વંદન મધ્યમ અને ઉત્કૃષ્ટ ઉલ્લાસથી કરે તો તે ઉત્કૃષ્ટ છે. આ પ્રમાણે અવિરત, દેશવિરત અને સર્વવિરતમાં પણ સમજવું.

(બીજી ગાથામાં જણાવેલ વંદનના ત્રણ પ્રકાર વંદનના પાઠના અલ્પ અધિક પ્રમાણની અપેક્ષાએ છે. જ્યારે આ ગાથામાં જણાવેલ ત્રણ પ્રકાર પરિણામવિશુદ્ધિના અલ્પ-અધિકપ્રમાણની અપેક્ષાએ છે. આ (ત્રીજી) ગાથામાં બે રીતે બતાવેલ ત્રણ પ્રકરમાં પહેલી રીતમાં અપુનર્બંધક આદિ ચારને આશ્રયીને પરિણામવિશુદ્ધિની અપેક્ષાએ ત્રણ પ્રકાર છે. બીજી રીતમાં અપુનર્બંધક આદિ પ્રત્યેકને આશ્રયીને ઉલ્લાસની અપેક્ષાએ ત્રણ પ્રકાર છે.)

**પ્રશ્ન**—અહીં અપુનર્બંધક આદિ ચારને ત્રણ પ્રકારની વંદના હોય એમ કહ્યું છે તો શું સકૃદ્બંધક આદિને ન હોય ?

**ઉત્તર**—ના. કારણ કે શાસ્ત્રમાં (सेसाणं) સકૃદ્બંધક, માર્ગાભિમુખ, માર્ગપતિત અને તે સિવાયના બીજા પણ મિથ્યાદૃષ્ટિને (इमी=) આ=ભાવથી[૧] ભેદવાળી વંદના ન હોય એમ કહ્યું છે. કારણ કે તે તેવી યોગ્યતાથી રહિત છે. તેમને પાઠભેદવાળી વંદના હોય છે. (૩)

**पावं ण तिव्वभावा, कुणइ ण बहु मण्णई भवं घोरं ।**
**उचियट्ठिइं च सेवइ, सव्वत्थवि अपुणबंधोत्ति ॥४॥**

**અપુનર્બંધક આદિને આ ભાવભેદવાળી વંદના હોય એમ કહ્યું. આથી તેમના લક્ષણનું નિરૂપણ કરતા ગ્રંથકાર અપુનર્બંધકના લક્ષણને કહે છે—**

**ગાથાર્થ**—અપુનર્બંધક જીવ (૧) પાપ તીવ્રભાવથી ન કરે. (૨) ભયંકર સંસારને બહુ ન માને. (૩) સર્વત્ર ઉચિત સ્થિતિને સેવે.

**ટીકાર્થ—તીવ્રભાવથી**—ગાઢ સંક્લિષ્ટ પરિણામથી.

**પાપ**—એટલે અશુદ્ધ કર્મ, અશુદ્ધ કર્મનું કારણ હોવાથી હિંસાદિ પણ પાપ છે.

---

૧. બીજી ગાથામાં બતાવેલ ત્રણ પ્રકારની વંદના પાઠભેદને આશ્રયીને છે. ત્રીજી ગાથામાં બતાવેલ ત્રણ પ્રકારની વંદના ભાવભેદને આશ્રયીને છે. તેમાં સકૃદ્બંધક આદિને ભાવભેદવાળી વંદના ન હોય, પણ પાઠભેદવાળી વંદના હોય. અર્થાત્ ભાવ વિના સૂત્રો બોલવારૂપ ત્રણ પ્રકારની વંદના હોય, પણ ભાવથી સૂત્રો બોલવારૂપ વંદના ન હોય.

**બહુ ન માને**—સંસાર ઉપર બહુમાન ન રાખે.

**સર્વત્ર**—દેશ-કાળ-અવસ્થાની અપેક્ષાએ દેવ, અતિથિ, માતા અને પિતા વગેરેમાં.

**ઉચિતસ્થિતિ**—અનુરૂપ સેવા.

અપુનર્બંધક જીવ હિંસાદિ પાપ તીવ્રભાવથી-ગાઢ સંક્લિષ્ટપરિણામથી ન કરે, ભયંકર સંસાર ઉપર બહુમાન ન રાખે, તેના આત્મામાં કર્મલઘુતા થઈ હોવાથી દેશ-કાળ અને અવસ્થાની અપેક્ષાએ દેવ, અતિથિ, માતા, પિતા આદિ બધા વિશે ઔચિત્યનું પાલન કરે=દેવાદિને અનુરૂપ સેવા-ભક્તિ કરે.[1]

**પ્રશ્ન**—અપુનર્બંધક તીવ્રભાવથી પાપ ન કરે તેનું શું કારણ ?

**ઉત્તર**—અત્યંત પ્રબળ મિથ્યાત્વ આદિ કર્મોના ક્ષયોપશમથી આત્મામાં અમુક કક્ષાની નિર્મળતા થઈ હોવાથી અપુનર્બંધક જીવ તીવ્રભાવથી પાપ ન કરે. તેવા પ્રકારના કર્મના ઉદયથી પાપ કરે, પણ મંદભાવથી કરે.

**પ્રશ્ન**—અપુનર્બંધકને સંસાર ઉપર બહુમાન કેમ ન હોય ?

**ઉત્તર**—તેને ભવની ભયાનકતાનું ભાન થઈ ગયું હોય છે.

અપુનર્બંધક જીવ માર્ગાનુસારીપણાની સંમુખ હોવાથી તેનામાં આ ગુણો સ્વાભાવિક હોય છે.

**પ્રશ્ન**—અપુનર્બંધકમાં ગુણો સ્વાભાવિક હોય છે એ બરોબર, પણ માર્ગાનુસારીપણાની સંમુખ અવસ્થા સ્વાભાવિક હોય છે કે કોઈના ઉપદેશથી-પ્રેરણાથી આવે છે ?

**ઉત્તર**—તેમનામાં મયૂરશિશુના દૃષ્ટાંતથી માર્ગાનુસારીપણું સ્વાભાવિક હોય છે. જેમ મોરના બચ્ચાને ચિતરવાની જરૂર પડતી નથી, તે પોતાની યોગ્યતાથી સ્વાભાવિકપણે જ રંગીન હોય છે, તેમ અપુનર્બંધક જીવ તેના આત્મામાં થયેલા કર્મહ્રાસથી સ્વાભાવિકપણે જ માર્ગાનુસારીપણાની સંમુખ હોય છે. (૪)

**सुस्सूस धम्मराओ, गुरुदेवाणं जहासमाहीए ।**
**वेयावच्चे णियमो, सम्मद्दिट्ठिस्स लिंगाइं ।।५।।**

**સમ્યગ્દૃષ્ટિના લક્ષણને કહે છે—**

**ગાથાર્થ**—ધર્મને સાંભળવાની ઇચ્છા, ધર્મરાગ, યથાસમાધિ દેવગુરુના વેયાવચ્ચનો નિયમ (આ ત્રણ) સમ્યગ્દૃષ્ટિ જીવનાં [2]લક્ષણો છે.

**ટીકાર્થ—ધર્મને સાંભળવાની ઇચ્છા**—સંગીતના રાગી મનુષ્યને કિન્નરદેવનું સંગીત

---

૧.યોગદૃષ્ટિ સમુચ્ચય ગા. ૧૩, ઉપદેશ રહસ્ય ગા. ૨૨.

૨. ષોડશક ૧૧, ગા. ૧ વગેરે. યોગબિંદુ ગા. ૨૫૩ વગેરે. યોગશતક ગા. ૧૪, ઉપદેશ રહસ્ય ગા. ૨૩.

સાંભળવાની જેટલી ઇચ્છા હોય તેનાથી અધિક ઇચ્છા સમ્યગ્દષ્ટિને ધર્મ સાંભળવાની હોય. પહેલાં જિજ્ઞાસા(=જાણવાની ઇચ્છા) પ્રગટે છે. પછી સાંભળવાની ઇચ્છા પ્રગટે છે. (આથી સાંભળવાની ઇચ્છાનું મૂળ તો જિજ્ઞાસા છે.)

**ધર્મરાગ**—ધર્મરાગ એટલે શુભ અનુષ્ઠાનો કરવાનો રાગ. સામગ્રીની ખામીના કારણે કુશળ અનુષ્ઠાનો ન કરી શકે તો પણ, મહાન અટવીનો પંથ કાપીને થાકી ગયેલ, દરિદ્ર અને ભૂખથી પીડાતા બ્રાહ્મણને ઘેબરના ભોજનમાં જેવો તીવ્રરાગ હોય, તેનાથી પણ અધિક રાગ-અભિલાષ સમ્યગ્દષ્ટિને શુભ અનુષ્ઠાનોમાં હોય.

**યથાસમાધિ દેવગુરુના વેયાવચ્ચનો નિયમ**—યથાસમાધિ એટલે પોતાને સમાધિ રહે તે પ્રમાણે, કદાગ્રહથી નહિ. નિયમ એટલે મારે દેવનું કે ગુરુનું આ કાર્ય અવશ્ય કરવું એવો આગ્રહ. ચિંતામણિના ગુણને જાણનાર અને તેમાં શ્રદ્ધાળુ મનુષ્ય જેવી લગનીથી અને કાળજીથી ચિંતામણિરત્નની આરાધના કરે તેથી પણ અધિક લગનીથી અને કાળજીથી (અથવા વિદ્યાસાધક જેવી અપ્રમત્તતાથી વિદ્યાને સાધે તેવી અપ્રમત્તતાથી) સમ્યગ્દષ્ટિ જીવ દેવ-ગુરુની વેયાવચ્ચ કરે. રાગ-દ્વેષની ગ્રંથિનો ભેદ થઈ ગયો હોવાથી તત્ત્વમાં તીવ્રભાવ હોવાના કારણે સમ્યગ્દષ્ટિમાં આ ત્રણ ગુણો હોય. (૫)

**मग्गणुसारी सद्धो, पण्णवणिज्जो कियापरो चेव ।**
**गुणरागी सक्कारंभसंगओ तह य चारित्ती ॥६॥**

**ચારિત્રી(દેશવિરત-સર્વવિરત)નાં સ્વરૂપને કહે છે—**

**ગાથાર્થ**—ચારિત્રી માર્ગાનુસારી, શ્રદ્ધાળુ, પ્રજ્ઞાપનીય, ક્રિયાતત્પર, ગુણરાગી અને શક્ય-આરંભ સંગત હોય છે.[૧]

**ટીકાર્થ—(૧) માર્ગાનુસારી**—માર્ગ એટલે તાત્ત્વિકમાર્ગ. તાત્ત્વિકમાર્ગને અનુસરવાના સ્વભાવવાળો તે માર્ગાનુસારી. માર્ગાનુસારીજીવ ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ થવાના કારણે સ્વાભાવિક રીતે જ તત્ત્વને અનુકૂલ પ્રવૃત્તિવાળો હોય. જેમ જંગલમાં ગયેલો કોઈ અંધ મનુષ્ય નગરમાં પહોંચવાની સુયોગ્યતાથી યુક્ત હોય તેથી નગરમાં પહોંચી જાય, તેમ આ માર્ગાનુસારિપણું તત્ત્વપ્રાપ્તિનું અવંધ્ય(=નિષ્ફળ ન જાય તેવું) કારણ છે.

(૨) **શ્રદ્ધાળુ**—તત્ત્વ પ્રત્યે શ્રદ્ધાળુ. ધનના અર્થીને પ્રાપ્ત કરવા યોગ્ય મહાનિધાન ઉપર અને મહાનિધાનને ગ્રહણ કરવાની વિધિના ઉપદેશ ઉપર જેવી શ્રદ્ધા હોય તેવી શ્રદ્ધા ચારિત્રીને તત્ત્વ ઉપર હોય. કેમકે એને તાત્ત્વિક શ્રદ્ધાના વિરોધી ક્લેશનો અતિશય હ્રાસ

---

૧. ઉપદેશપદ ગા. ૧૯૯, ઉપદેશ રહસ્ય ગા. ૧૦, યોગબિંદુ ગા. ૩૫૩ વગેરે. ધર્મરત્ન પ્રકરણ ગા. ૭૮ વગેરે. ધર્મરત્ન પ્રકરણ વગેરે ગ્રંથોમાં ગુર્વાજ્ઞાપાલન સહિત સાત ગુણો બતાવ્યા છે. યોગબિંદુમાં 'ક્રિયાતત્પર'ના સ્થાને 'મહાસત્ત્વ' ગુણનો ઉલ્લેખ છે. ટીકામાં મહાસત્ત્વનો પ્રશસ્ત પુરુષાર્થ અર્થ કર્યો છે એટલે ત્યાં મહાસત્ત્વ શબ્દ ક્રિયાતત્પર ગુણના જ ભાવમાં વપરાયો છે.

થઈ ગયો છે.

**(૩) પ્રજ્ઞાપનીય**–જેમ મેળવવા યોગ્ય મહાનિધાનમાં અને તેને ગ્રહણ કરવામાં ખોટી પ્રવૃત્તિ કરતા મનુષ્યને સારી રીતે સમજાવી શકાય તેમ ચારિત્રી કોઈક રીતે અનાભોગથી ખોટી પ્રવૃત્તિ કરે તો તેવા પ્રકારના ગીતાર્થથી સમજાવી શકાય તેવો હોય. કારણ કે તે તેવા પ્રકારના ક્ષયોપશમના કારણે અસદ્ આગ્રહથી રહિત હોય.

**(૪) ક્રિયાતત્પર**–ચારિત્રી માર્ગાનુસારિતા વગેરે ગુણોથી યુક્ત હોય. તેથી જ તેવા પ્રકારના નિધાનને ગ્રહણ કરનારા પુરુષની જેમ મુક્તિનાં સાધન એવાં અનુષ્ઠાનોને કરવામાં તત્પર હોય. કેમ કે તેને ચારિત્રમોહનીયકર્મનો ક્ષયોપશમ થયેલો હોય છે. તે સત્ક્રિયામાં જ તત્પર હોય, અસત્ ક્રિયામાં નહિ. કેમકે ચારિત્ર સત્ક્રિયારૂપ છે.

**(૫) ગુણરાગી**–વિશુદ્ધ અધ્યવસાયવાળો હોવાથી તેને સ્વ-પરમાં રહેલા ગુણોમાં રાગ-પ્રમોદ હોય, અર્થાત્ ઈર્ષ્યાથી રહિત હોય.

**(૬) શક્ય આરંભ-સંગત**–પોતાનાથી શક્ય અનુષ્ઠાનોને આચરનારો હોય, અર્થાત્ શક્ય અનુષ્ઠાનમાં પ્રમાદ ન કરે અને અશક્ય અનુષ્ઠાન કરે નહિ.

**વિવેચન (૧) [૧]માર્ગાનુસારી**–માર્ગ એટલે તાત્ત્વિકમાર્ગ=[૨]મોક્ષમાર્ગ. મોક્ષમાર્ગને અનુસરે તે માર્ગાનુસારી. માર્ગાનુસારી જીવ ચારિત્રમોહનીયકર્મના ક્ષયોપશમથી સ્વાભાવિક રીતે જ મોક્ષમાર્ગને અનુકૂળ પ્રવૃત્તિ કરે છે. આ ગુણના ભાવને સમજવા આપણે એક દૃષ્ટાંત વિચારીએ.

એક માણસ એકલો જંગલમાં ગયો. ત્યાં તેની બંને આંખો ફૂટી જવાથી તે આંધળો બની ગયો. હવે તેણે શહેર તરફ ચાલવા માંડ્યું. આંધળો માણસ જંગલમાંથી સીધા રસ્તે શહેરમાં આવી જાય એ તદ્દન અશક્ય તો ન જ કહેવાય, પણ દુઃશક્ય તો ખરું જ. પણ આ માણસ માટે એ સુશક્ય બની ગયું. તે સીધા રસ્તે સીધો શહેરમાં આવી ગયો. રસ્તામાં કાંટા-કાંકરા પણ ન નડ્યા. આનું શું કારણ ? આનું કારણ એ જ કે તેનું પુણ્ય પ્રબળ હતું. પ્રબળ સાતાવેદનીયકર્મ તેની સહાયમાં હતું. પ્રબળ સાતા- વેદનીયકર્મનો ઉદય હોય તો અસાતાનાં કારણો ઉપસ્થિત થતા નથી. અહીં જેમ આંધળો માણસ તકલીફ વિના જંગલમાંથી શહેરમાં આવી ગયો, તેમ ભવરૂપ અટવીમાં પડેલો માર્ગાનુસારીજીવ વિશેષબોધરૂપ ચક્ષુથી રહિત હોય તો પણ હિંસાદિ પાપના ત્યાગથી સીધો મોક્ષમાર્ગે ચાલે

---

૧. બીજા ગ્રંથોના આધારે કંઈક વિવેચન કર્યું છે.

૨. આગમોક્ત અને ઘણા સંવિગ્ન ગીતાર્થોએ આચરેલા એ બંને પ્રકારના આચારો મોક્ષમાર્ગ છે. અર્થાત્ આગમમાં સ્પષ્ટ બતાવેલા આચારો તો મોક્ષમાર્ગ છે જ, પણ જે આચારો આગમમાં સાક્ષાત્ ન જણાવ્યા હોય, પણ ઘણા સંવિગ્ન ગીતાર્થોએ તેવા પ્રકારના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ આદિના કારણે સંયમવૃદ્ધિ કરનારી જે આચરણા કરી હોય તે પણ મોક્ષમાર્ગ છે. (ધર્મરત્ન પ્રકરણ ગા. ૮૦ વગેરે)

છે=મોક્ષને અનુકૂળ પ્રવૃત્તિ કરે છે. જેમ કે માષતુષ[1] મુનિ. તેઓને આત્મા, મોક્ષ, મોક્ષમાર્ગ આદિનો વિશેષ બોધ ન હોવા છતાં તેઓ ગુર્વાજ્ઞાના પાલનથી મોક્ષ પામી ગયા. જો વિશેષબોધથી રહિત પણ માર્ગાનુસારી જીવની મોક્ષને અનુકૂળ પ્રવૃત્તિ હોય તો વિશેષબોધથી યુક્ત માર્ગાનુસારી જીવની સુતરાં મોક્ષને અનુકૂળ પ્રવૃત્તિ હોય. આમ માર્ગાનુસારી જીવ અવશ્ય મોક્ષ પામે છે. કારણ કે તેને ચારિત્રાવરણીયકર્મનો ક્ષયોપશમ થયેલો હોય છે. ચારિત્રમોહનીયના ક્ષયોપશમ વિના માર્ગાનુસારીપણું આવી શકતું નથી. ચારિત્રમોહનીયકર્મનો ક્ષયોપશમ મોક્ષનું અવંધ્ય (સફળ) કારણ છે.

(૨) **શ્રદ્ધાળુ**—શ્રદ્ધાળુ એટલે મોક્ષ અને મોક્ષમાર્ગ પ્રત્યે તાત્ત્વિક શ્રદ્ધાવાળો-રુચિવાળો. ધનના અર્થીને નિધાન પ્રત્યે અને નિધાનને ગ્રહણ કરવાની વિધિના ઉપદેશ પ્રત્યે જેવી શ્રદ્ધા-રુચિ હોય, તેવી શ્રદ્ધા-રુચિ ચારિત્રીને મોક્ષ અને મોક્ષમાર્ગ પ્રત્યે હોય છે. કારણ કે તેનામાં તાત્ત્વિક શ્રદ્ધાને રોકનાર દર્શનમોહ આદિ કર્મોનો ક્ષયોપશમ થયો હોય છે.

(૩) **પ્રજ્ઞાપનીય**—પ્રજ્ઞાપનીય એટલે સમજાવી શકાય તેવો. પ્રજ્ઞાપનીય જીવ અનાભોગ આદિના કારણે વિપરીત પ્રવૃત્તિ કરે ત્યારે ગીતાર્થ મહાપુરુષ તેની ભૂલ સમજાવે તો તુરત પોતાની ભૂલનો સ્વીકાર કરી લે, અને વિપરીત પ્રવૃત્તિનો ત્યાગ કરે. જેમ કોઈ પુરુષ નિધાન ગ્રહણ કરવામાં ભૂલ કરતો હોય તો કોઈ સમજાવે તો તુરત પોતાની ભૂલ સ્વીકારીને ભૂલને સુધારે તેમ. પ્રજ્ઞાપનીયતા ગુણને રોકનાર કદાગ્રહ છે. શ્રદ્ધાળુ ચારિત્રીમાં દર્શનમોહનો વિશિષ્ટ પ્રકારે ક્ષયોપશમ થયો હોવાથી [2]કદાગ્રહ હોતો નથી. આથી ચારિત્રી પ્રજ્ઞાપનીય-સુખે સમજાવી શકાય તેવો હોય છે. જે જીવ માર્ગાનુસારી અને શ્રદ્ધાળુ હોય તે અવશ્ય પ્રજ્ઞાપનીય હોય છે. એટલે જેનામાં પ્રજ્ઞાપનીયતા ગુણ નથી તે જીવ નથી ચારિત્રી અને નથી તો શ્રદ્ધાળુ.

(૪) **ક્રિયાતત્પર**—ચારિત્રી માર્ગાનુસારી અને શ્રદ્ધાળુ હોવાના કારણે જેમ પ્રજ્ઞાપનીય હોય છે, તેમ મોક્ષસાધક અનુષ્ઠાનો આચરવામાં નિધાન ગ્રહણ કરનાર પુરુષની જેમ તત્પર રહે છે. અર્થાત્ નિધાનની ઇચ્છાવાળો જીવ નિધાન લેવામાં-નિધાનગ્રહણ કરવાની વિધિમાં આળસ ન કરે તેમ ચારિત્રી મોક્ષસાધક અનુષ્ઠાનોમાં આળસ ન કરે.[3]

---

૧.યોગબિંદુ ગા. ૩૫૪.

૨.ચારિત્રીને પણ જીવાદિ તત્ત્વો વિશે મતિમોહ થઈ જાય એ સંભવિત છે. મતિમોહ થઈ જાય ત્યારે બીજાના સમજાવવાથી મારી ભૂલ છે એમ સમજમાં આવવા છતાં અહંકાર આદિના કારણે કદાગ્રહથી પોતાનું માનેલું ન છોડે તે મિથ્યાત્વી બને છે. હવે એવું પણ બને કે પોતાની માન્યતાને ખોટી ઠરાવવા સામો માણસ જે દલીલો આપતો હોય તે દલીલો પોતાને ઠીક ન લાગતી હોય અને અમુક અમુક કારણોથી મારું માનેલું સાચું છે—જિનોક્ત છે એમ હાર્દિકપણે લાગતું હોય એથી પોતાનું માનેલું ન છોડે તો મિથ્યાત્વી ન બને. આથી જ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ અને શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિ એ બંને પોતપોતાની માન્યતામાં મક્કમ રહેવા છતાં મિથ્યાત્વી ન બન્યા. (ધર્મસંગ્રહ આભિનિવેશિક મિથ્યાત્વના વર્ણનના આધારે.)

૩.આથી તે વિકથા આદિ પ્રમાદનો ત્યાગી હોય. (ધર્મરત્ન પ્રકરણ ગા. ૧૧૧ વગેરે)

(૫) **ગુણરાગી**–પોતાનામાં અને પરમાં રહેલા જ્ઞાનાદિ ગુણો ઉપર રાગવાળો-પ્રમોદવાળો હોય, અર્થાત્ ઈર્ષ્યા, મત્સર, અસૂયા વગેરે દુર્ગુણોથી રહિત હોય.

(૬) **શક્ય-આરંભ-સંગત**–પોતાનાથી શક્ય અનુષ્ઠાનોને આચરનારો હોય. અર્થાત્ શક્ય અનુષ્ઠાનમાં પ્રમાદ ન કરે અને શિવભૂતિની જેમ અશક્ય અનુષ્ઠાન કરે નહિ.

આ છ ગુણોથી યુક્ત જીવ દેશવિરત કે સર્વવિરત હોય છે.

**પ્રશ્ન**–અમુક વ્યક્તિમાં શ્રદ્ધા છે કે નહિ તે કેવી રીતે જાણવું ?

**ઉત્તર**–વિધિસેવા, અતૃપ્તિ, શુદ્ધદેશના અને સ્ખલિતપરિશુદ્ધિ એ ચાર લક્ષણોથી શ્રદ્ધા જાણી શકાય છે. જેમાં આ લક્ષણો દેખાય તેમાં અવશ્ય શ્રદ્ધા હોય છે.

(૧) **વિધિસેવા**–શ્રદ્ધાળુ જીવ દરેક અનુષ્ઠાન જો શક્તિ હોય તો વિધિપૂર્વક જ કરે છે. જો હવે તેવા પ્રકારના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આદિના કારણે વિધિપૂર્વક ન કરી શકે તો પણ વિધિ ઉપર પક્ષપાત-રાગ અવશ્ય હોય છે. આથી થઈ જતી અવિધિ બદલ હૃદયમાં દુઃખ હોય છે. 'એ તો ચાલે' એમ ન માને. પોતાનાથી થતી અવિધિ પ્રત્યે અન્ય અંગુલીનિર્દેશ કરે ત્યારે અવિધિ દૂર ન થઈ શકે તો પણ મનમાં સંકોચ પામે અને પોતાની નબળાઈ આદિનો સ્વીકાર કરે. પણ અંગુલીનિર્દેશ કરનાર સામે ઉદ્ધતાઈ ન બતાવે. જેમ સુંદર ભોજનનો જેણે આસ્વાદ ચાખ્યો છે તે દુકાળ આદિમાં તુચ્છ ભોજન કરે તો પણ તુચ્છ ભોજનમાં આસક્ત બનતો નથી, કિંતુ ઉત્તમ ભોજનની જ લાલસાવાળો હોય છે. એના મનમાં એમ જ હોય છે કે ક્યારે મારી આ દશા દૂર થાય અને હું ઉત્તમ ભોજનનો આસ્વાદ કરું ! તે પ્રમાણે શ્રદ્ધાળુ જીવ દ્રવ્યાદિની પ્રતિકૂળતાના કારણે અવિધિ કરે તો પણ વિધિ પ્રત્યે જ રાગ હોય છે. આવો જીવ કારણવશાત્ દોષિત આહારનું સેવન આદિ વિરુદ્ધ આચરણ કરે, તથા વેયાવચ્ચ આદિ ન કરે, તો પણ શ્રદ્ધા(=તાત્ત્વિક અભિલાષ) ગુણના કારણે તેના (ભાવ)ચારિત્રનો ભંગ થતો નથી.

(૨) **અતૃપ્તિ**–શ્રદ્ધાળુ જીવ શ્રદ્ધાના કારણે જ્ઞાન, સંયમાનુષ્ઠાન, વેયાવચ્ચ, તપ આદિ સંયમયોગોમાં તૃપ્તિ પામતો નથી. અર્થાત્ જ્ઞાન વગેરેની અધિક અધિક આરાધના કરવાનું દિલ હોય છે. આથી તે જ્ઞાન વગેરેમાં સદ્ભાવપૂર્વક સ્વશક્તિ પ્રમાણે પ્રયત્ન કરે છે.

(૩) **શુદ્ધદેશના**–શ્રદ્ધાળુ સાધુ ગુરુ પાસે આગમોનો સારી રીતે અભ્યાસ કરીને પરમાર્થવેદી બને. પછી ગુરુની અનુજ્ઞા મળતાં સ્વપક્ષ-પરપક્ષ પ્રત્યે રાગ-દ્વેષ રહિત બનીને યથાર્થ ધર્મોપદેશ કરે. તથા શ્રવણ કરનારા જીવોની લાયકાત જાણીને લાયકાત પ્રમાણે ધર્મોપદેશ કરે. અર્થાત્ જે જે જીવોને જેવા જેવા ઉપદેશથી શુભપરિણામની વૃદ્ધિ થાય તે તે જીવોને તેવો તેવો ધર્મોપદેશ કરે. મોક્ષમાર્ગથી વિપરીત ઉપદેશનો ત્યાગ કરીને આગમોક્ત

જ ધર્મોપદેશ કરે. આવા જીવની આવી દેશના શુદ્ધ દેશના છે. આમાં નીચે પ્રમાણે છ મુદ્દા આવે છે.

(૧) ગુરુ પાસે સારી રીતે અભ્યાસ કરીને પરમાર્થવેદી બનવું જોઈએ.
(૨) ધર્મોપદેશ આપવા માટે ગુરુની અનુજ્ઞા મળવી જોઈએ.
(૩) સ્વપક્ષ-પરપક્ષમાં રાગ-દ્વેષનો ત્યાગ જોઈએ.
(૪) અયોગ્ય જીવોને ઉપદેશ ન આપવો જોઈએ.
(૫) યોગ્ય જીવોને પણ તેમની યોગ્યતા મુજબ જ ઉપદેશ આપવો જોઈએ.
(૬) જિનાજ્ઞાવિરુદ્ધ ઉપદેશ ન થઈ જાય તેની પૂર્ણ કાળજી જોઈએ.

(૪) **સ્ખલિતપરિશુદ્ધિ**–શ્રદ્ધાળુ જીવ પ્રમાદ આદિથી ચારિત્રમાં લાગેલા અતિચારોની આલોચનાથી શુદ્ધિ કરી લે છે.[૧]

**ગુણાનુરાગનાં લક્ષણો**–(૧) જ્ઞાનાદિગુણોને મલિન કરનાર દુષ્ટપ્રવૃત્તિનો ત્યાગ કરે. (૨) બીજાઓના મોટા પણ દોષોની ઉપેક્ષા કરી નાના પણ ગુણની મહાન ગુણ તરીકે પ્રશંસા કરે. (૩) પોતાના મહાન અને ઘણા પણ ગુણો તરફ ઉપેક્ષા કરે અને નાના પણ દોષને મહાન તરીકે જોઈને પોતાની નિંદા કરે. (૪) મેળવેલા-પ્રાપ્ત થયેલા જ્ઞાનાદિગુણોનું કાળજીપૂર્વક રક્ષણ કરે. (૫) ગુણીજનના સંગથી આનંદ અનુભવે. (૬) અધિક ગુણોને મેળવવા ભાવપૂર્વક ઉદ્યમ કરે. (૭) અન્ય ઉપર ગુણના કારણે જ રાગ કરે. આથી જ સ્વજન, શિષ્ય, ઉપકારી, એક સમુદાયનો સાધુ વગેરે પણ જો નિર્ગુણ હોય તો તેમના ઉપર રાગ ન કરે. અલબત્ત, કરુણાભાવનાથી નિર્ગુણી સ્વજનાદિને ગુણી બનાવવા ઉપદેશ આદિથી શક્ય પ્રયત્ન કરે, છતાં જો ગુણી ન બને તો તેમની ઉપેક્ષા કરે, એટલે કે તેમના ઉપર રાગ ન કરે. કારણ કે ગુણના યોગે જ થતો રાગ લાભ કરે છે. નિર્ગુણી ઉપર સ્વજનાદિના કારણે થતો રાગ નુકસાન કરે છે. છતાં તેમના ઉપર દ્વેષભાવ પણ ન કરે. એટલે શક્ય પ્રયત્ન કરવા છતાં ગુણી ન બને-સુધરે નહિ તો તેમના પ્રત્યે રાગ-દ્વેષથી રહિત બને છે-ઉપેક્ષા ધારણ કરે છે.

[૨]**ગુણાનુરાગનું ફળ**–ગુણાનુરાગથી નવા ગુણોની પ્રાપ્તિ થાય છે. પ્રાપ્ત થયેલા ગુણોની રક્ષા-શુદ્ધિ-વૃદ્ધિ થાય છે. કદાચ તેવા કર્મ આદિના કારણે આ ભવમાં નવા ગુણોની પ્રાપ્તિ ન થાય તો ભવાંતરમાં નવા ગુણો બહુ જ સુલભ બને છે. (૬)

**एते अहिगारिणो इह, ण उ सेसा दव्वओवि जं एसा ।**
**इयरीएँ जोग्गयाए सेसाण उ अप्पहाणत्ति ॥७॥**

---

૧. શ્રદ્ધાના વિધિસેવા આદિ લક્ષણો માટે જુઓ ધર્મરત્ન પ્રકરણ ગાથા-૯૦ વગેરે.

૨. ગુણાનુરાગના ફળ અને લક્ષણ માટે જુઓ ધર્મરત્ન પ્રકરણ ગાથા-૧૨૧ વગેરે.

**અપુનર્બંધક આદિનું સ્વરૂપ કહ્યું. હવે તે અપુનર્બંધક વગેરે ભાવવંદનના અધિકારી છે, બીજાઓ અધિકારી નથી એમ જણાવતા ગ્રંથકાર આ કહે છે–**

**ગાથાર્થ**–(एते अहिगारिणो इह) અહીં અપુનર્બંધક, સમ્યગ્દષ્ટિ, દેશવિરત અને સર્વવિરત એ ચાર પ્રકારના જીવો ભાવવંદન માટે યોગ્ય છે. (ण उ सेसा=) બાકીના માર્ગાભિમુખ, માર્ગપતિત, સકૃદ્બંધક અને બીજા બધા મિથ્યાદષ્ટિઓ વંદન માટે અયોગ્ય છે. (दव्वओवि) આ જીવો ભાવવંદના માટે તો અધિકારી-યોગ્ય નથી, પણ દ્રવ્યવંદના માટે પણ યોગ્ય નથી. (जं एसा इयरीए जोग्गयाए=) કારણ કે દ્રવ્યવંદના પણ ભાવવંદનાની યોગ્યતા હોય તો થાય છે. અર્થાત્ દ્રવ્યવંદના પણ તો જ થઈ શકે, જો તે દ્રવ્યવંદના ભવિષ્યમાં ભાવવંદના કરાવવાનું સામર્થ્ય ધરાવતી હોય.

**ટીકાનો ભાવાર્થ**–દ્રવ્યવંદનાના બે પ્રકાર છે. (૧) પ્રધાન દ્રવ્યવંદના અને (૨) અપ્રધાન દ્રવ્યવંદના. જે દ્રવ્યવંદના ભાવવંદનાનું કારણ બને તે પ્રધાન દ્રવ્યવંદના. જે દ્રવ્યવંદના ભાવવંદનાનું કારણ ન બને તે અપ્રધાન દ્રવ્યવંદના. તેમાં પ્રધાન દ્રવ્યવંદનાવાળા જીવો વંદનાના અધિકારી છે. કારણ કે તે જીવો દ્રવ્યવંદના કરતાં કરતાં ભાવવંદના કરનારા બની જાય છે. આથી અપુનર્બંધક જીવોની વંદના [1]દ્રવ્યવંદના હોવા છતાં પ્રધાન દ્રવ્યવંદના હોવાથી તે જીવો વંદનાના અધિકારી છે. જ્યારે સકૃદ્બંધક વગેરે જીવોની વંદના અપ્રધાન દ્રવ્યવંદના છે. આથી તે જીવો દ્રવ્યવંદના કરતાં કરતાં ભાવવંદના કરનારા બનવાના જ નથી. કારણ કે તેમનામાં હજી જોઈએ તેટલો કર્મમળનો ઘટાડો થયો હોતો નથી. આથી તે જીવો ભાવવંદનાની વાત તો દૂર રહી, દ્રવ્યવંદનાના પણ અધિકારી નથી.[2] (૭)

**ण य अपुणबंधगाओ, परेण इह जोग्गयावि जुत्तत्ति ।**
**ण य ण परेणवि एसा, जमभव्वाणंपि णिद्दिट्ठा ॥८॥**

**સકૃદ્બંધક વગેરે જીવોની વંદના અપ્રધાન દ્રવ્યવંદના છે એમ જે કહ્યું તેના સમર્થન માટે કહે છે–**

**ગાથાર્થ**–અપુનર્બંધક પછીના જીવોમાં ભાવવંદનાની યોગ્યતા પણ ઘટતી નથી. અપુનર્બંધક પછીના જીવોમાં (સકૃદ્બંધક આદિમાં) દ્રવ્યવંદના હોય છે. કારણ કે (શાસ્ત્રમાં) અભવ્યોને પણ દ્રવ્યવંદના જણાવી છે.

**ટીકાર્થ**–અપુનર્બંધકથી પછીના જીવોમાં ભાવવંદનાની યોગ્યતા પણ ઘટતી નથી. અર્થાત્ સકૃદ્બંધક આદિ જીવોમાં સાક્ષાત્ ભાવવંદના તો નથી, પણ ભાવવંદનાની યોગ્યતા પણ નથી=દ્રવ્યવંદના કરતાં કરતાં ભાવવંદના આવી જાય તેવી યોગ્યતા પણ નથી. કારણ કે તેમનો સંસારકાળ ઘણો છે.

---

૧. સમ્યગ્દષ્ટિ આદિ જીવોની વંદના ભાવવંદના છે.

૨. આ જ વિષયની ઉપદેશપદ ગાથા-૨૫૩ થી ૨૬૦ તથા ઉપદેશરહસ્ય ગાથા-૧૭ વગેરેમાં જિનાજ્ઞાની અપેક્ષાએ વિચારણા કરવામાં આવી છે.

**પ્રશ્ન**–સકૃદ્બંધક વગેરે જીવોની વંદના દ્રવ્યવંદના હોય છે એમાં પ્રમાણ શું ?

**ઉત્તર**–એમાં શાસ્ત્રપ્રમાણ છે. શાસ્ત્રમાં સકૃદ્બંધક આદિ જીવોને દ્રવ્યવંદના હોય છે એમ જણાવ્યું છે. શાસ્ત્રમાં અભવ્યોને પણ દ્રવ્યવંદના હોય એમ જણાવ્યું છે. કારણ કે અભવ્યો અનંતીવાર ગ્રૈવેયકમાં ઉત્પન્ન થયા છે એમ આગમમાં કહ્યું છે. જૈનદીક્ષા સિવાય ગ્રૈવેયકમાં ઉત્પત્તિ થાય નહિ. (ભાવથી જૈનદીક્ષા અનંતીવાર થાય નહિ એટલે અનંતીવાર થયેલી જૈનદીક્ષા દ્રવ્યથી હતી એ સિદ્ધ થાય છે. એટલે અભવ્યોને દ્રવ્યવંદના હોય છે.)

**ભાવાર્થ**–શાસ્ત્રમાં એક તરફ સકૃદ્બંધક વગેરે જીવો દ્રવ્યવંદનાના પણ અધિકારી નથી એમ જણાવ્યું છે, જ્યારે બીજી તરફ તેમને દ્રવ્યવંદના હોય છે એમ જણાવ્યું છે. એટલે અર્થાપત્તિથી સિદ્ધ થાય છે કે તેમને ભાવવંદનાની (દ્રવ્યવંદના કરતાં કરતાં ભાવવંદના આવે એવી) યોગ્યતા પણ ન હોવાથી પ્રધાનદ્રવ્યવંદના ન હોય, પણ અપ્રધાન દ્રવ્યવંદના હોય. અપ્રધાનદ્રવ્યવંદના સકૃદ્બંધકાદિમાં જ હોય એમ નહિ. અભવ્યોમાં પણ હોય.[1] (૮)

**लिंगा ण तिए भावो, ण तदत्थालोयणं ण गुणरागो ।**
**णो विम्हओ ण भवभयमिय वच्चासो य दोण्हंपि[2] ॥९॥**

**હવે દ્રવ્ય-ભાવવંદનાનાં લક્ષણોને જણાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–(૧) ઉપયોગનો અભાવ, (૨) તેના અર્થોની વિચારણાનો અભાવ, (૩) ગુણરાગનો અભાવ, (૪) વિસ્મયનો અભાવ, (૫) ભવભયનો અભાવ એ દ્રવ્યવંદનાનાં લક્ષણો છે. એનાથી વિપરીત લક્ષણો ભાવવંદનાના છે. આ પ્રમાણે બંને વંદનાનાં લક્ષણો છે.

**ટીકાર્થ**–(૧) ચૈત્યવંદનમાં ઉપયોગનો અભાવ, (૨) ચૈત્યવંદનના સૂત્રોના અર્થોની વિચારણાનો અભાવ, (૩) વંદનીય અરિહંત આદિના ગુણો ઉપર બહુમાનનો અભાવ, (૪) સંસારમાં પરિભ્રમણ કરતાં ક્યારે પણ ન મળી હોય તેવી જિનવંદના કરવા મળી છે ઇત્યાદિ વિસ્મયનો=આનંદનો અભાવ, (૫) સામાન્યથી સંસારભયનો અભાવ. અથવા વંદનની વિધિની વિરાધનામાં (વિધિની વિરાધનાથી મારો સંસાર વધી જશે ઇત્યાદિ) સંસારભયનો અભાવ. આ દ્રવ્યવંદનાનાં લક્ષણો છે. આનાથી વિપરીત લક્ષણો ભાવવંદનાનાં છે. અર્થાત્ ઉપયોગ, અર્થવિચારણા, ગુણબહુમાન, આનંદ અને સંસારભય ભાવવંદનાનાં લક્ષણો છે. કારણ કે अनुपयोगो द्रव्यम्=ઉપયોગનો અભાવ દ્રવ્ય છે એવું શાસ્ત્રવચન છે. આમાં ઉપયોગ સામાન્ય લક્ષણ છે. બાકીનાં લક્ષણો તેનાં (ઉપયોગરૂપ સામાન્યનાં) વિશેષરૂપ છે. (૯)

---

૧. આઠમી મૂળગાથામાં 'ण य ण' એ સ્થળે द्वौ नञौ प्रकृतार्थं नयतः એ ન્યાય ઘટાડવો.

૨. આ જ ગાથા ઉપદેશપદ (ગા. ૨૫૭)માં છે. પણ ત્યાં તેમાં પ્રધાન-અપ્રધાન દ્રવ્યાજ્ઞાનાં લક્ષણો જણાવ્યાં છે. તથા થોડા ફેરફાર સાથે આ જ ગાથા ઉપદેશરહસ્ય (ગા. ૧૯)માં દ્રવ્યાજ્ઞાનાં લક્ષણો માટે છે.

**वेलाइ विहाणंमि य, तग्गयचित्ताइणा य विण्णेओ ।**
**तव्वुड्ढिभावऽभावेहिँ तह य दव्वेयरविसेसो ॥१०॥**

**બીજાં લક્ષણોથી દ્રવ્ય-ભાવવંદનાનાં ભેદને જણાવવા માટે કહે છે–**

**ગાથાર્થ**–કાળ, વિધિ, તદ્ગતચિત્ત વગેરેથી તથા ભાવવૃદ્ધિના ભાવથી અને અભાવથી દ્રવ્ય અને ભાવ વંદનામાં ભેદ છે.

**ટીકાર્થ**–સૂત્રોક્ત નિયત સમયે ચૈત્યવંદન કરવું, નિસીહિત્રિક આદિ વિધિપૂર્વક ચૈત્યવંદન કરવું, ચૈત્યવંદન કરતાં તેમાં જ ઉપયોગ રાખવો, ભાવવૃદ્ધિ એટલે પ્રશસ્તપરિણામની વૃદ્ધિ, અર્થાત્ ચૈત્યવંદન કરતાં રોમાંચ ખડા થઈ જવા ઇત્યાદિ ચિહ્નોવાળી અતિશય ભક્તિરૂપ ભાવવિશેષની વૃદ્ધિ થવી વગેરે ભાવવંદનાનાં લક્ષણો છે. નિયત સમયે ચૈત્યવંદન ન કરવું, નિસીહિત્રિક આદિ વિધિનું પાલન ન કરવું, ચૈત્યવંદનમાં ઉપયોગ ન રાખવો, ભાવની વૃદ્ધિ ન થવી વગેરે દ્રવ્યવંદનાનાં લક્ષણો છે.

[तद्वृद्धिभावाभावाभ्याम् પદનો ટીકાકારે ત્રણ રીતે કરેલો વિગ્રહનો અર્થ આ પ્રમાણે છે–૧. तद्वृद्धेः એટલે ચૈત્યવંદન વૃદ્ધિનો. ચૈત્યવંદનવૃદ્ધિનો જે ભાવ અને અભાવ. બે રીતે સમાસવિગ્રહ છે. સ્તવનાદિ બોલવાથી ચૈત્યવંદનની વૃદ્ધિ થાય, સ્તવનાદિ ન બોલવાથી ચૈત્યવંદનની વૃદ્ધિ ન થાય. ચૈત્યવંદનની વૃદ્ધિના ભાવથી અને ચૈત્યવંદનની વૃદ્ધિના અભાવથી અનુક્રમે ભાવચૈત્યવંદન અને દ્રવ્યચૈત્યવંદન જાણવું. ૨. અથવા तद्वृद्धि અને भावाभाव એ રીતે દ્વન્દ્વ સમાસ છે. અહીં तद्वृद्धि એટલે ચૈત્યવંદનની વૃદ્ધિ. ભાવાભાવ એટલે રોમાંચ આદિથી જણાતી ભક્તિના સદ્ભાવનો અભાવ. ચૈત્યવંદનની વૃદ્ધિથી અને રોમાંચ આદિથી જણાતી ભક્તિના સદ્ભાવના અભાવથી અનુક્રમે ભાવચૈત્યવંદન અને દ્રવ્યચૈત્યવંદન જાણવું. ૩. અથવા तद्वृद्धि ભાવ અને અભાવ એ રીતે દ્વન્દ્વ સમાસ છે. તદ્વૃદ્ધિના ભાવથી=સત્ત્વથી અને તદ્વૃદ્ધિના અભાવથી = અસત્ત્વથી અનુક્રમે ભાવચૈત્યવંદન અને દ્રવ્યચૈત્યવંદન જાણવું. આ માત્ર શબ્દાર્થ છે. ભાવાર્થ તો ટીકાર્થમાં જણાવ્યા પ્રમાણે જાણવો.]

ચૈત્યવંદનનો વિધિ નીચે પ્રમાણે છે.

**"ચૈત્યવંદનમાં દશત્રિકનું પાલન કરવું જોઈએ. દશત્રિક આ પ્રમાણે છે–(૧) નિસીહિ, પ્રદક્ષિણા, પ્રણામ, પૂજા, અવસ્થા ચિંતન, દિશિત્યાગ, પ્રમાર્જન, વર્ણાદિ, મુદ્રા અને પ્રણિધાન."**

## વિવેચન

**૧ નિસીહિત્રિક**–(ત્રણવાર નિસીહિ બોલવું.)

**પહેલી નિસીહિ**–નિસીહિ એટલે ચાલુ ધર્મક્રિયા સિવાય અન્ય ક્રિયાનો ત્યાગ.

મંદિરમાં જતાં સૌથી પહેલા દ્વારમાં પ્રવેશ કરતી વખતે પહેલીવાર નિસીહિ કહેવું. આ નિસીહિથી જિનમંદિર સિવાયના બાહ્ય વ્યાપારોનો ત્યાગ થાય છે. એટલે જિનમંદિરમાં પ્રવેશ કર્યા પછી સંસારના કોઈ પણ વિચારો, સંસારની કોઈ પણ વાત અને સંસારની કોઈ પણ ક્રિયા ન થઈ શકે. જિનમંદિર સંબંધી કોઈ પણ કાર્ય થઈ શકે. પૂજારી, સલાટ, નોકર વગેરેને સૂચના કરવી હોય, કોઈ વસ્તુ મંગાવવી હોય, કોઈ વસ્તુ આઘી પાછી મૂકવી હોય કે મૂકાવવી હોય એ વગેરે ક્રિયા થઈ શકે છે.

**બીજી નિસીહિ**–ગભારામાં પેસતાં બીજીવાર નિસીહિ કહેવું. આ નિસીહિથી દહેરાસરનાં કાર્યોનો પણ ત્યાગ થાય છે. એટલે ગભારામાં ગયા પછી મંદિરના કાર્ય સંબંધી પણ કોઈપણ વિચાર, વાણી કે પ્રવૃત્તિ ન થાય. પૂજા માટે ગભારામાં પ્રવેશ કર્યા પછી પૂજામાં જ ધ્યાન રહેવું જોઈએ.

**ત્રીજી નિસીહિ**–દ્રવ્યપૂજા કર્યા પછી ભાવપૂજા=ચૈત્યવંદન કરતાં પહેલાં ત્રીજીવાર નિસીહિ કહેવું. આ નિસીહિથી દ્રવ્યપૂજા સંબંધી બધી પ્રવૃત્તિનો મન, વચન અને કાયાથી નિષેધ થાય છે. હવે ભાવપૂજામાં-ચૈત્યવંદનમાં જ એકાગ્ર બનવાનું છે.

## ૨. પ્રદક્ષિણાત્રિક

ભમતીની ફરતે જમણી (ભગવાનની જમણી અને આપણી ડાબી) બાજુથી શરૂ કરી ત્રણ પ્રદક્ષિણા આપવી જોઈએ. આ પ્રદક્ષિણા આપવાની પાછળ અનાદિકાળના ભવભ્રમણને ટાળવાનો હેતુ રહેલો છે. અનાદિકાળના ભવના ફેરા દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણની સાધનાથી ટળે છે માટે ભગવાનને ત્રણ પ્રદક્ષિણા આપવાની છે. ત્રણ પ્રદક્ષિણા દેતાં દેતાં ભવભ્રમણ આંખ સામે આવવું જોઈએ એ માટે પ્રદક્ષિણા દેતાં દેતાં મહાપુરુષોએ રચેલા પ્રદક્ષિણાના ગુજરાતી દુહા બોલવા જોઈએ.

## ૩. પ્રણામત્રિક

**(૧) અંજલિબદ્ધપ્રણામ**–ભગવાનના દર્શન થતાં જ મસ્તકે બે હાથ જોડી મસ્તક નમાવીને પ્રણામ કરવા તે અંજલિબદ્ધ પ્રણામ છે. જિનાલયમાં જતી વખતે અને વરઘોડા વગેરેમાં જિનમૂર્તિના દર્શન થતાંની સાથે જ અંજલિબદ્ધ પ્રણામ કરવા જોઈએ. દૂરથી સર્વપ્રથમ જિનાલય દેખાય ત્યારે પણ અંજલિબદ્ધ પ્રણામ કરવા જોઈએ.

**(૨) અર્ધાવનત પ્રણામ**–અંજલિબદ્ધ પ્રણામ કરવા પૂર્વક કેડથી અર્ધા નમવું તે અર્ધાવનત પ્રણામ. ભગવાન સમક્ષ સ્તુતિ બોલતાં પહેલાં આ પ્રણામ કરવા જોઈએ. અર્થાત્ ભગવાન સમક્ષ અર્ધાવનત પ્રણામ કરીને સ્તુતિ શરૂ કરવી જોઈએ.

**(૩) પંચાંગ પ્રણામ**–બે ઢીંચણ, બે હાથ, અને મસ્તક એ પાંચ અંગો ભેગા કરી પ્રણામ કરવા તે પંચાંગ પ્રણામ. ચૈત્યવંદનમાં ત્રણ ખમાસમણાં આપવામાં આવે છે તે પંચાંગ પ્રણામ છે.

## ૪. પૂજાત્રિક

(૧) **પુષ્પપૂજા**–પુષ્પોથી થતી પૂજા તે પુષ્પપૂજા છે. અહીં પુષ્પપૂજાના ઉપલક્ષણથી વસ્ત્ર, રત્ન વગેરે પણ પૂજા સમજી લેવી.

(૨) **આહાર પૂજા**–આહારથી થતી પૂજા તે આહારપૂજા છે. અહીં આહારના ઉપલક્ષણથી ફલ-નૈવેદ્ય પૂજા પણ સમજી લેવી.

(૩) **સ્તુતિપૂજા**–સ્તુતિ, સ્તવન આદિથી ભગવાનના ગુણોનું વર્ણન કરવું તે સ્તુતિપૂજા.[1]

**ચૈત્યવંદન ભાષ્ય વગેરેમાં 'પૂજાત્રિક' આ પ્રમાણે છે.**

(૧) **અંગપૂજા**–ભગવાનના અંગને સ્પર્શીને જે પૂજા થાય તે અંગપૂજા.

(૨) **અગ્રપૂજા**–ભગવાન સમક્ષ થોડા દૂર ઊભા રહી જે પૂજા થાય તે અગ્રપૂજા.

(૩) **ભાવપૂજા**–સ્તુતિ અને ચૈત્યવંદન એ ભાવપૂજા છે.

પૂજાના અનેક પ્રકારો છે. એમાં આઠ પ્રકારો અષ્ટપ્રકારી પૂજા તરીકે પ્રસિદ્ધ છે. અષ્ટપ્રકારી પૂજાનો અંગપૂજા અને અગ્રપૂજામાં સમાવેશ થાય છે. જળ-ચંદન-પુષ્પ-ધૂપ-દીપ-અક્ષત-નૈવેદ્ય-ફળ એ આઠથી થતી પૂજા અષ્ટપ્રકારી કહેવાય છે. તેમાં જળ-ચંદન-પુષ્પ એ ત્રણેનો અંગપૂજામાં સમાવેશ થાય છે. કારણ કે એ ત્રણ પૂજા ભગવાનના અંગને સ્પર્શીને થાય છે. બાકીની ધૂપ આદિ પાંચ પૂજા અગ્રપૂજા છે. કારણ કે ભગવાનના અંગને સ્પર્શ્યા વિના ભગવાન સમક્ષ થાય છે.

પૂજાના દ્રવ્યપૂજા અને ભાવપૂજા એમ બે પ્રકારો છે. દ્રવ્યથી (બાહ્ય વસ્તુથી) થતી પૂજા દ્રવ્યપૂજા છે. દ્રવ્ય વિના કેવળ ભાવથી થતી પૂજા ભાવપૂજા છે. અંગપૂજા અને અગ્રપૂજા અથવા તો અષ્ટપ્રકારી પૂજા દ્રવ્યપૂજા છે. સ્તુતિ-ચૈત્યવંદન ભાવપૂજા છે.

## ૫. અવસ્થાત્રિક

ભગવાનની પિંડસ્થ, પદસ્થ અને રૂપાતીત એ ત્રણ અવસ્થાનું ચિંતન કરવું તે અવસ્થાત્રિક.

(૧) **પિંડસ્થ**–પિંડસ્થ અવસ્થામાં ભગવાનની જન્મ, રાજ્ય અને શ્રમણ એ ત્રણ અવસ્થાઓનું ચિંતન કરવાનું છે. જન્મ અવસ્થામાં ભગવાનના જન્મ સમયે ૫૬ દિગ્કુમારિકાઓ આવીને પ્રસૂતિકાર્ય કરે છે. ઇંદ્રનું સિંહાસન કંપે છે, ઇંદ્રો અને દેવતાઓ ભગવાનને મેરુ પર્વત ઉપર લઈ જઈને જન્માભિષેક કરે છે........ દિક્કુમારિકાઓ, ઇંદ્રો, દેવતાઓ ભગવાનની આવી ભક્તિ કરે છે છતાં ભગવાનના અંતરમાં એ બદલ જરાય ગર્વ

---

૧. પંચાશક ૬-૨૬.

થતો નથી. આવી બીજી પણ જન્મ સમયની અનેક બાબતોનું ચિંતન કરવું જોઈએ. રાજ્યાવસ્થામાં ભગવાન રાજ્ય કરતા હોવા છતાં વિરાગભાવે રહે છે અનિચ્છાએ ''ચારિત્રમોહનીયકર્મો ખપાવવા માટે જ'' રાજ્ય ચલાવે છે વગેરેનું ચિંતન કરવું જોઈએ. શ્રમણ અવસ્થામાં ભગવાન દીક્ષા લીધા પછી અપ્રમત્તપણે ચારિત્રનું પાલન કરે છે, ઘોર પરીષહો સહન કરે છે, ઘાતીકર્મો ખપાવીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે વગેરેનું ચિંતન કરવું જોઈએ.

(૨) **પદસ્થ**–કેવળજ્ઞાન પછીની અવસ્થા પદસ્થ અવસ્થા છે. પદસ્થ અવસ્થામાં ભગવાન કેવળજ્ઞાનથી ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળનું સઘળું જાણે છે. ધર્મતીર્થની સ્થાપના કરે છે. દરરોજ બે પહોર દેશના આપીને જીવોને ધર્મ પમાડે છે વગેરે ચિંતવવું જોઈએ.

(૩) **રૂપાતીત**–રૂપાતીત એટલે સિદ્ધ અવસ્થા. અરિહંત ભગવાન ઘાતી-અઘાતી સઘળાં કર્મો ખપાવીને સિદ્ધ બને છે-મોક્ષમાં જાય છે. હવે તેમને જન્મ નહિ, મરણ નહિ, શરીર નહિ, કોઈ જાતનું જરા પણ દુઃખ નહિ, અનંત અવ્યાબાધ સુખની પ્રાપ્તિ થાય છે વગેરે ચિંતવવું.

### ૬. દિશિત્યાગત્રિક

ચૈત્યવંદન આદિમાં ભગવાનની મૂર્તિ જે દિશામાં હોય તે દિશામાં ભગવાન સમક્ષ દૃષ્ટિ રાખી બાકીની ત્રણે દિશાનો ત્યાગ કરવો જોઈએ. ગમે તેમ દૃષ્ટિ રાખવાથી ચિત્તચંચળતા, ભગવાનનો અવિનય-આશાતના વગેરે અનેક દોષો ઉત્પન્ન થાય.

### ૭. પ્રમાર્જનત્રિક

ચૈત્યવંદન શરૂ કરતાં પહેલા બેસવાની ભૂમિનું ત્રણવાર પ્રમાર્જન કરવું જોઈએ. પૌષધમાં રહેલા શ્રાવકે ચરવળાથી, સાધુએ રજોહરણથી, પૌષધ રહિત શ્રાવકે ખેસના દશીવાળા છેડાથી અને શ્રાવિકાએ રૂમાલથી પ્રમાર્જન કરવું જોઈએ.

### ૮ વર્ણાદિત્રિક

સૂત્ર-અર્થ અને આલંબન એ વર્ણાદિત્રિક છે. **સૂત્ર**–ચૈત્યવંદન કરતાં સૂત્રોનો સ્પષ્ટ ઉચ્ચાર કરવો અને તેમાં ધ્યાન રાખવું. **અર્થ**–ચૈત્યવંદનનાં સૂત્રો બોલતાં તેના અર્થનો ઉપયોગ રાખવો. **આલંબન**–ચૈત્યવંદનમાં મૂર્તિનું આલંબન રાખવું, અર્થાત્ દૃષ્ટિ ભગવાન સામે રાખવી.

### ૯. મુદ્રાત્રિક

યોગ, જિન અને મુક્તાશુક્તિ એ ત્રણ મુદ્રા (આકાર) મુદ્રાત્રિક છે.

(૧) **યોગમુદ્રા**–આંગળીઓ પરસ્પરના આંતરે આવે અને વચમાં કમળના ડોડાની જેમ પોલા રહે એમ બે હાથ જોડીને સહેજ નમેલા કપાળ નીચે રાખવા, તથા બન્ને હાથની

કોણીઓ પેટ ઉપર રાખવી, એ યોગમુદ્રા છે. ત્રણ પ્રણિધાન સૂત્રો સિવાય બધા સૂત્રો આ મુદ્રાથી બોલવાં.

(૨) **જિનમુદ્રા**–ઊભા રહેતી વખતે બે પગ વચ્ચે આગળના ભાગમાં ચાર આંગળ જેટલું અને પાછળના ભાગમાં ચાર આંગળથી કાંઈક ઓછું અંતર રહે એ પ્રમાણે પગ રાખવા એ જિનમુદ્રા. ઊભા રહીને સૂત્રો બોલતી વખતે આ મુદ્રા રાખવાની છે.

(૩) **મુક્તાશુક્તિ મુદ્રા**–આંગળીઓ પરસ્પરની સામે આવે અને મધ્યભાગમાં પરસ્પર જોડેલી મોતીની છીપની જેમ પોલા રહે એ પ્રમાણે બે હાથ જોડીને કપાળને અડેલા રાખવા એ મુક્તાશુક્તિ મુદ્રા છે. ત્રણ પ્રણિધાન સૂત્રો બોલતાં આ મુદ્રા રાખવાની છે.

### ૧૦. પ્રણિધાનત્રિક

મન-વચન-કાયાની એકાગ્રતા એ ત્રણ પ્રણિધાન છે. (૧૦)

**सइ संजाओ भावो पायं भावंतरं जओ कुणइ ।**
**ता एयमेत्थ पवरं लिगं सइ भाववुड्ढी तु ॥११॥**

**પૂર્વોક્ત ભાવવંદનાનાં લક્ષણોમાં ભાવની પ્રધાનતાને જણાવવા માટે કહે છે–**

**ગાથાર્થ**–પ્રાયઃ એકવાર થયેલો જ શુભભાવ નવા શુભભાવને ઉત્પન્ન કરે છે. આથી ભાવચૈત્યવંદનનાં લક્ષણોમાં સદા ભાવવૃદ્ધિ પ્રધાન લક્ષણ છે.

**ટીકાર્થ–પ્રશ્ન**–જીવમાં ભાવ આવ્યો છે કે નહીં તે કેવી રીતે જાણી શકાય ?

**ઉત્તર**–સદા સુંદર ભાવોની વૃદ્ધિ, અર્થાત્ રોમાંચ ખડા થવા વગેરે લક્ષણોથી જણાતી અતિશય ભક્તિરૂપ ભાવવૃદ્ધિ, ભાવનું પ્રધાન લક્ષણ છે. એક વાર શુભભાવ થાય તો જ ભાવની વૃદ્ધિ થાય, એકવાર પણ શુભભાવ થયા વિના ભાવની વૃદ્ધિ ન જ થાય. આથી શુભભાવવૃદ્ધિ જીવમાં થયેલા શુભભાવની સૂચક છે.

**પ્રશ્ન**–મરુદેવી માતા આદિને પહેલાં તેવા ભાવો ન થયા હોવા છતાં શુભ-ભાવોની વૃદ્ધિ થયેલી દેખાય છે. આથી ''એકવાર શુભભાવ થાય તો જ શુભભાવની વૃદ્ધિ થાય'' એ નિયમ સાથે વિરોધ આવે છે.

**ઉત્તર**–માટે જ અહીં 'પ્રાયઃ' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. ક્યારેક જ બનતાં મરુદેવીમાતા આદિનાં દૃષ્ટાંતો સિવાય એ નિયમ છે.

કેટલાકો મૂળગાથામાં 'भाववुड्ढी' પાઠના સ્થાને 'भाववुड्ढीए' એવો પાઠ કહે છે. 'भाववुड्ढीए' પાઠ પ્રમાણે આ ગાથાનો અર્થ આ પ્રમાણે થાય–એકવાર થયેલો ભાવ નવા ભાવને ઉત્પન્ન કરે છે. આથી એકવાર થયેલો ભાવ ભવિષ્યમાં થનારી ભાવવૃદ્ધિનું પ્રધાન લક્ષણ છે. અર્થાત્ એકવાર થયેલ ભાવ (નાશ પામશે તો પણ તેવા નિમિત્તોથી ફરી ઉત્પન્ન થઈને) અવશ્ય ભવિષ્યમાં ભાવની વૃદ્ધિ કરશે. (૧૧)

**अमए देहगए जह, अपरिणयम्मिवि सुभा उ भावत्ति ।**
**तह मोक्खहेउ अमए, अण्णेहिवि हंदि णिद्दिट्ठा ॥१२॥**

**[1]પ્રથમ વ્યાખ્યાનું દૃષ્ટાંતથી સમર્થન કરતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–અમૃત શરીરમાં રસ અને લોહી આદિ ધાતુ રૂપે પરિણમે એ પહેલાં જ તેના પ્રભાવથી શરીરમાં પુષ્ટિ અને આરોગ્ય આદિ સુંદર ભાવો થાય છે. તેમ અપુનર્બંધક આદિમાં થનાર મોક્ષહેતુ શુદ્ધભાવોરૂપ અમૃત એકવાર ઉત્પન્ન થતાં ભક્તિની વૃદ્ધિરૂપ(નવા નવા) શુભભાવો ઉત્પન્ન થાય છે. આ વિષય પાતંજલિ આદિએ પણ પાતંજલ યોગશાસ્ત્ર આદિમાં કહ્યો છે.[2]

જેવી રીતે (લોકની માન્યતા પ્રમાણે) અમૃત અજરામરત્વનું કારણ છે, તેવી રીતે મોક્ષહેતુશુભભાવ અજરામરત્વનું કારણ હોવાથી અહીં મોક્ષહેતુશુભભાવને અમૃતની ઉપમા આપી છે. (૧૨)

**मंताइविहाणम्मिवि, जायइ कल्लाणिणो तहिं जत्तो ।**
**एत्तोऽहिगभावाओ, भव्वस्स इमीएँ अहिगोत्ति ॥१३॥**

**હવે 'કાળે આરાધના' વગેરે બાકીનાં ભાવવંદનાનાં લક્ષણોનું સમર્થન કરવા માટે કહે છે–**

**ગાથાર્થ**–(तहिं मंताइविहाणम्मिवि=)મંત્રાદિની વિધિમાં પણ (कल्लाणिणो=)જેનો અભ્યુદય અવશ્ય થવાનો છે તેવા જ જીવનો (जत्तो जायइ=)પ્રયત્ન હોય છે. તેવી રીતે (इमीइ=)ચૈત્યવંદનમાં (भव्वस्स=)ભવ્ય જીવનો જ (अहिगो=)અધિક પ્રયત્ન હોય છે. કારણ કે (एत्तोऽधिगभावओ=)મંત્રાદિથી ચૈત્યવંદન અધિક છે.

**ટીકાર્થ**–મંત્ર, વિદ્યા વગેરેના સમયસર કરવું વગેરે વિધિમાં પણ જેનો (ભૌતિક દૃષ્ટિએ) અભ્યુદય અવશ્ય થવાનો છે તેવા જ જીવનો પ્રયત્ન હોય છે. તેવી રીતે ચૈત્યવંદન સમયસર કરવું, ચૈત્યવંદનમાં જ ચિત્ત રાખવું વગેરે વિધિમાં પણ જેનો (આધ્યાત્મિક દૃષ્ટિએ) અભ્યુદય અવશ્ય થવાનો છે તેવા અપુનર્બંધકાદિ ભવ્ય (=ચૈત્યવંદનને કરવા માટે લાયક) જીવનો જ પ્રયત્ન હોય છે. પણ એ બેમાં એટલો ભેદ છે કે–મંત્રાદિસાધકનો મંત્રાદિના વિધિમાં જે પ્રયત્ન હોય છે તેનાથી અપુનર્બંધક આદિનો ચૈત્યવંદનના વિધિમાં અધિક પ્રયત્ન હોય છે. કારણ કે ચૈત્યવંદનથી સ્વર્ગ અને મોક્ષ એ બંનેનાં સુખો મળે છે, જ્યારે મંત્રાદિથી માત્ર ભૌતિક સુખો મળે છે. વિશિષ્ટફળના અર્થીઓનો વિશિષ્ટફળના હેતુમાં સામાન્યફળના

---

૧. પ્રથમ વ્યાખ્યાનો અર્થ આ પ્રમાણે છે–૧૧મી ગાથામાં भाववुड्ढी उ એ પાઠના આધારે એક વ્યાખ્યા કરી. પછી भाववुड्ढीए એ પાઠના આધારે બીજી વ્યાખ્યા કરી. આ બે વ્યાખ્યાઓમાં પહેલી વ્યાખ્યાનું દૃષ્ટાંતથી સમર્થ કરે છે.

૨.ઉપદેશરહસ્ય ગાથા-૨૬ ની ટીકા.

હેતુની અપેક્ષાએ વિશિષ્ટ પ્રયત્ન હોય જ છે.

અહીં ભાવવંદના હોય ત્યારે ચૈત્યવંદનની સમયસર ચૈત્યવંદન કરવું વગેરે વિધિમાં પ્રયત્ન હોય છે એમ જણાવીને ૧૦મી ગાથામાં જણાવેલ ''નિયત સમયે કરવું વગેરે ભાવવંદનાનાં લક્ષણો છે'' એ વિષયનું અહીં સમર્થન કર્યું છે. (૧૩)

**एईइ परमसिद्धी, जायइ जंता दढं तओ अहिगा ।**
**जत्तम्मिवि अहिगत्तं, भव्वस्सेयाणुसारेणं ॥१४॥**

**મંત્રાદિની વિધિની કાળજીથી ચૈત્યવંદનની વિધિમાં અધિક કાળજી હોય છે ઇત્યાદિ જે કહ્યું તેના સમર્થન માટે કહે છે–**

**ગાથાર્થ**–ચૈત્યવંદનથી મોક્ષની સિદ્ધિ થાય છે. તેથી ચૈત્યવંદન મંત્રાદિના વિધાનથી અધિક મહાન છે. ભવ્યની મહત્તાનુસારે પ્રયત્નમાં પણ અધિકતા થાય છે.

**ટીકાર્થ**–ચૈત્યવંદનથી મોક્ષની સિદ્ધિ થાય છે. અર્થાત્ મંત્રાદિથી કેવળ આ લોકની ભૌતિક સિદ્ધિ થાય છે, જ્યારે ચૈત્યવંદનથી (વિશિષ્ટ પરલોકની અને) મોક્ષની સિદ્ધિ થાય છે. મંત્રાદિથી થતી આ લોકમાં જ કામ લાગે તેવી અણિમાદિની સિદ્ધિની અપેક્ષાએ ચૈત્યવંદનથી થતી (વિશિષ્ટ પરલોકની અને) મોક્ષની સિદ્ધિ પ્રધાન છે. આથી ચૈત્યવંદન મંત્રાદિથી અતિશય મહાન છે-ઉત્તમ છે.

મંત્રાદિથી ચૈત્યવંદનની અધિક મહત્તા હોવાથી અપુનર્બંધક આદિ ભવ્ય(=ચૈત્યવંદન કરવાને લાયક) જીવોનો ચૈત્યવંદનની મહત્તાનુસાર (અથવા ફળની અધિકતા અનુસાર) ચૈત્યવંદનના પ્રયત્નમાં પણ અધિકતા હોય છે. અર્થાત્ ચૈત્યવંદન કરવામાં તો અધિક પ્રયત્ન હોય જ છે, પણ સમયસર ચૈત્યવંદન કરવું વગેરે વિધિમાં પણ વિશેષ પ્રયત્ન હોય છે. (૧૪)

**पायं इमीएँ जत्ते, ण होइ इहलोगियावि हाणित्ति ।**
**णिरुवक्कमभावाओ, भावोऽवि हु तीइ छेयकरो ॥१५॥**

**ચૈત્યવંદનથી કેવળ મોક્ષરૂપ પરલોક સંબંધી જ ફળ મળે છે એવું નથી, કિંતુ આ લોક સંબંધી પણ ફળ મળે છે એમ જણાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–ચૈત્યવંદનમાં વિધિની કાળજી રાખવામાં પ્રાયઃ આ લોકમાં પણ હાનિ થતી નથી. નિરુપક્રમ કર્મના ઉદયથી હાનિ થાય તો પણ તે હાનિ આ લોક સંબંધી હાનિનો નાશ કરનારી જ થાય છે.

**ટીકાર્થ–વિધિની કાળજી રાખવામાં**-સમયસર ચૈત્યવંદન કરવું વગેરે વિધિની કાળજી રાખવામાં.

**પ્રાયઃ**–નિરુપક્રમ કર્મના ઉદયથી કદાચ હાનિ થાય પણ. આથી પ્રાયઃ કહ્યું છે.

**આ લોકમાં પણ**—પરલોકમાં તો હાનિ થતી નથી, કિંતુ આ લોકમાં પણ હાનિ થતી નથી.

**હાનિ**—ધન-ધાન્ય આદિની હાનિ.

**નિરુપક્રમ કર્મ**—અવશ્ય ભોગવવા પડે તેવા કર્મ.

**આ લોક સંબંધી હાનિનો નાશ કરનારી જ થાય છે**—કેમકે (વિધિપૂર્વક થતું) ચૈત્યવંદન જલદી મોક્ષને સિદ્ધ કરે છે. વિધિપૂર્વક ચૈત્યવંદનથી આ લોકની જેમ પરલોકમાં વિશિષ્ટ વસ્તુની હાનિ થતી નથી.

**ભાવાર્થ**—ચૈત્યવંદનમાં વિધિની કાળજીથી પ્રાયઃ આ લોકમાં પણ ધન્ય-ધાન્ય આદિ સંબંધી હાનિ-આપત્તિ થતી નથી. નિરુપક્રમ કર્મના ઉદયથી આ લોકમાં હાનિ-આપત્તિ થાય તો પણ તે હાનિ હાનિનો નાશ કરનાર છે. અર્થાત્ નિરુપક્રમ કર્મના ઉદયથી હાનિ થાય તો પણ હાનિમાં દીનતા, દ્વેષ, ચિંતા, વ્યાકુળતા, ભય આદિનો અભાવ, તથા કર્મનું દેવું ઓછું થતું હોવાથી આધ્યાત્મિક પ્રસન્નતા રહેવાથી પરલોકમાં તેવી હાનિ થતી નથી. અર્થાત્ દીનતાદિથી તેવો કર્મબંધ થતો નથી કે જેનાથી પરલોકમાં ફરી હાનિ થાય. પરિણામે જલદી મોક્ષ મળે છે. આમ વિધિની કાળજીપૂર્વક ભાવથી ચૈત્યવંદન કરનારની આ લોક સંબંધી હાની(=આપત્તિ) પણ સઘળી હાનિઓનો (=આપત્તિઓનો) નાશ કરનારી બને છે. નિરુપક્રમ કર્મના ઉદયથી ક્યારેક હાનિ થાય પણ. આથી જ ચૈત્યવંદનથી અધિક શ્રેષ્ઠ એવી સર્વવિરતિના પાલનમાં વિધિની કાળજીવાળાઓને પણ પ્રાણનાશ વગેરે હાનિ (શાસ્ત્રમાં) સંભળાય છે. આથી જ અહીં પ્રાયઃ કહ્યું છે. (૧૫)

**मोक्खद्धदुग्गगहणं, एयं तं सेसगाणवि पसिद्धं ।**
**भावेयव्वमिणं खलु, सम्मं ति कयं पसंगेणं ॥१६॥**

**પ્રસ્તુત ભાવચૈત્યવંદનનું જ અન્યદર્શનની પરિભાષાથી સમર્થન કરતા ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ**—અન્યદર્શનોમાં પણ મોક્ષમાર્ગદુર્ગગ્રહણ તરીકે જે પ્રસિદ્ધ છે તે આ ભાવચૈત્યવંદન છે. મોક્ષમાર્ગદુર્ગગ્રહણરૂપ આ વિષયને સમ્યગ્ વિચારવો. પ્રસંગથી સર્યું.

**ટીકાર્થ—મોક્ષમાર્ગદુર્ગગ્રહણ**—મોક્ષમાર્ગમાં કર્મરૂપ ચોર આદિથી રક્ષણ માટે પર્વત, વન, કિલ્લા આદિનો આશ્રય લેવો. જેવી રીતે રસ્તામાં ચાલી રહેલો માણસ ચોર આદિથી હેરાન થાય ત્યારે કિલ્લાનો આશ્રય લે છે તેથી તેનું રક્ષણ થાય છે, તેમ મોક્ષમાર્ગમાં ચાલી રહેલા અને કર્મરૂપ ચોર આદિથી હેરાન થઈ રહેલા જીવનું જેનાથી રક્ષણ થાય તે મોક્ષમાર્ગદુર્ગગ્રહણ કહેવાય છે.

**સમ્યગ્ વિચારવો**—આ વિષય અન્યધર્મીઓએ કહ્યો છે માટે ખોટો છે એમ કહીને ઉપેક્ષા ન કરવી. કારણ કે અન્યધર્મીઓ બધા જ વિષયોમાં અસત્ય કહેનારા હોતા નથી.

**પ્રસંગથી સર્યું**–પ્રસંગથી કહેવાયેલા ભાવચૈત્યવંદનના વર્ણનમાં આટલું વિવેચન પૂર્ણ છે.

**ભાવાર્થ**–અન્યધર્મોમાં મોક્ષમાર્ગદુર્ગગ્રહણ તરીકે (=મોક્ષમાર્ગમાં કર્મરૂપ ચોર આદિથી રક્ષણ માટે પર્વત, વન, કિલ્લા આદિનો આશ્રય લેવા સમાન) જે પ્રસિદ્ધ છે તે ભાવચૈત્યવંદન છે. કારણ કે ભાવચૈત્યવંદન જ રાગાદિ શત્રુઓથી રક્ષણ કરવામાં સમર્થ છે. આ બાબત બરોબર વિચારવી. અન્યધર્મીઓએ કહી છે માટે ખોટી છે એમ કહીને ઉપેક્ષા ન કરવી. કારણ કે અન્યધર્મીઓ બધી જ બાબતોમાં અસત્ય કહેનારા હોતા નથી.

ભાવચૈત્યવંદનનાં લક્ષણો સંબંધી વિચારણા અહીં પૂરી થાય છે. (૧૬)

**पंचंगो पणिवाओ, थयपाढो होइ जोगमुद्दाए ।**
**वंदण जिणमुद्दाए, पणिहाणं मुत्तसुत्तीए ॥१७॥**

**પૂર્વે ઉત્કૃષ્ટાદિ ત્રણ પ્રકારના વંદનને કહીશ એમ જે કહ્યું તે નમસ્કાર આદિના ભેદથી અને અપુનર્બંધક આદિના ભાવના ભેદથી કહ્યું. તેમાં મુદ્રાની રચનાથી પરિશુદ્ધ એમ જે કહ્યું તેનું હમણાં સમર્થન કરતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–(पंचंगो पणिवाओ) પ્રણિપાતસૂત્ર પંચાંગમુદ્રાથી બોલવું જોઈએ. (थयपाढो होइ जोगमुद्दाए) સ્તવસૂત્રનો પાઠ યોગમુદ્રાથી કરવો. (वंदण जिन-मुद्दाए)વંદનસૂત્રો જિનમુદ્રાથી બોલવાં. (पणिहाणं मुत्तसुत्तीए) પ્રણિધાનસૂત્ર મુક્તાશુક્તિ મુદ્રાથી બોલવું.

**ટીકાર્થ**–(पंचंगो पणिवाओ) નમુત્થુણસૂત્રને પ્રણિપાત(=નમસ્કાર)સૂત્ર કહેવામાં આવે છે. નમુત્થુણંમાં પ્રારંભમાં આવતું 'નમુત્થુણં' પદ અને અંતે આવતું 'વંદામિ' પદ એ બે પદો નમુત્થુણં સૂત્રના એટલે કે પ્રણિપાતસૂત્રના હોવાથી એ બે પદોને પણ પ્રણિપાત કહેવામાં આવે છે. તથા ગાથામાં पंचंगो એ પ્રથમા વિભક્તિના સ્થાને તૃતીયા વિભક્તિ વિવક્ષિત છે. એટલે पंचंगो पणिवाओ એ બે પદોનો અર્થ આ પ્રમાણે થાય–'નમુત્થુણં' અને 'વંદામિ' એ બે પદો પંચાંગી (=બે ઢીંચણ, બે હાથ અને મસ્તક એ પાંચ અંગો જમીનને અડે તેમ નમાવવાથી થતી) મુદ્રાથી[1] બોલવાં. જો કે મૂળગાથામાં મુદ્રા શબ્દનો ઉલ્લેખ કર્યો નથી, છતાં તે સમજી લેવો. કારણ કે અહીં મુદ્રાનો અધિકાર છે અને પંચાંગી એક પ્રકારની મુદ્રા છે. पञ्चाङ्ग्या अपि मुद्रात्वमङ्गविन्यासविशेषरूपत्वाद् योगमुद्रादिवद् ''પંચાંગી પણ મુદ્રા છે. કારણ કે તેમાં યોગમુદ્રાદિની જેમ વિશિષ્ટ રીતે અંગોની રચના થાય છે.''

(थयपाढो होइ जोगमुद्दाए) સ્તવપાઠ=નમુત્થુણં સૂત્ર યોગમુદ્રાથી બોલવું.

**પ્રશ્ન**–ચતુર્વિંશતિસ્તવ (લોગસ્સ) વગેરેનો પાઠ યોગમુદ્રાથી કહેવો જોઈએ, શક્રસ્તવનો નહિ. કારણ કે ડાબો ઢીંચણ સંકોચીને (ઊંચો રાખીને) અને જમણો ઢીંચણ

---

૧. ખમાસમણ પણ પંચાંગી મુદ્રાથી થાય છે.

જમીન ઉપર સ્થાપીને તથા લલાટે અંજલિ કરીને શક્રસ્તવનો પાઠ કરે એમ જીવાભિગમ વગેરેમાં કહેવામાં આવે છે.

**ઉત્તર**—તમારું કહેવું સાચું છે. પણ તેવી જ રીતે શક્રસ્તવનો પાઠ કરે એવો નિયમ નથી. કારણ કે જ્ઞાતાધર્મકથા સૂત્રમાં મસ્તકે અંજલિ કરીને પર્યંકાસને બેસીને શક્રસ્તવનો પાઠ કરે છે એવો પાઠ પણ જોવામાં આવે છે. તથા આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજે પણ ચૈત્યવંદનવૃત્તિમાં (લલિત વિસ્તરા ટીકામાં) બે ઢીંચણ અને હસ્તતલ જમીન ઉપર સ્થાપીને તથા દૃષ્ટિ અને મનને ભગવાન ઉપર સ્થાપીને નમુત્થુણં સૂત્ર કહે એવી બીજી વિધિ કહી છે. આમ નમુત્થુણં બોલવામાં ભિન્ન ભિન્ન વિધિઓ છે. તે સર્વ વિધિઓ પ્રમાણભૂત ગ્રંથોમાં કહેલી હોવાથી અને વિનયવિશેષરૂપ હોવાથી કોઈ વિધિનો નિષેધ કરી શકાય નહિ. આથી યોગમુદ્રાથી પણ શક્રસ્તવ બોલવામાં વિરોધ નથી. શક્રસ્તવ બોલવામાં મુનિઓના જે જુદા જુદા મતો છે એ બધા પરસ્પર બહુ વિરુદ્ધ નથી. કારણ કે બધાએ (એ રીતે) વિનય બતાવ્યો છે.

(वंदण जिणमुद्दाए) 'અરિહંત ચેઇયાણં' વગેરે સૂત્રો જિનમુદ્રાથી બોલવાં. જિનમુદ્રાનું સ્વરૂપ હવે પછી કહેવાશે. જિનમુદ્રા પગની હોય છે, અને યોગમુદ્રા હાથની હોય છે. અરિહંત ચેઇયાણં સૂત્રમાં બંને મુદ્રા રાખવી જોઈએ.

(पणिहाणं मुत्तसुत्तीए) શુભપદાર્થોની પ્રાર્થના સ્વરૂપ અને ચિત્તની એકાગ્રતાથી યુક્ત જયવીયરાય સૂત્ર મુક્તાશુક્તિ[1] મુદ્રાથી કહેવું[2] મુક્તાશુક્તિ મુદ્રાનું સ્વરૂપ હવે પછી કહેવાશે. (૧૭)

**दो जाणू दोण्णि करा, पंचमगं होइ उत्तमंगं तु ।**
**सम्मं संपणिवाओ, णेओ पंचंगपणिवाओ ॥१८॥**

**પંચાંગપ્રણિપાત આદિની વ્યાખ્યા (જણાવવા) માટે કહે છે—**

**ગાથાર્થ-ટીકાર્થ**—બે ઢીંચણ, બે હાથ અને મસ્તક એ પાંચ અંગોને ભક્તિપૂર્વક જમીનમાં સ્થાપન કરવાથી થતો પ્રણામ એ પંચાંગ પ્રણિપાત છે. પંચાંગ પ્રણિપાતનો અર્થ પૂર્વે (૧૭)મી ગાથામાં કહ્યો છે. (૧૮)

**अण्णोण्णंतरिअंगुलिकोसागारेहिँ दोहिं हत्थेहिं ।**
**पिट्टोवरि कोप्परसंठिएहिँ तह जोगमुद्दत्ति ॥१९॥**

---

૧. 'જાવંતિ ચેઇયાઇં' અને 'જાવંત કેવિ સાહૂ' એ બે સૂત્રો પણ પ્રણિધાનસૂત્ર હોવાથી મુક્તાશુક્તિ મુદ્રાથી બોલાય છે.

૨. ૧૭ થી ૨૧ સુધીની પાંચ ગાથાઓ ચૈત્યવંદન મહાભાષ્ય (ગા. ૨૩૬ થી ૨૪૦)માં છે. અને ૧૮મી ગાથા સિવાય ચાર ગાથાઓ ચૈત્યવંદન ભાષ્યમાં (ગા. ૧૫ થી ૧૮) છે.

**યોગમુદ્રાના સ્વરૂપને કહે છે–**

**ગાથાર્થ-ટીકાર્થ**–બંને હાથની આંગળીઓને એક બીજાની વચ્ચે રાખીને હથેળીનો આકાર કમળના ડોડા જેવો કરવાથી અને બંને હાથની કોણિઓ પેટ ઉપર રાખવાથી યોગમુદ્રા થાય છે. યોગ એટલે બે હાથની વિશિષ્ટ રચના. અથવા યોગ એટલે સમાધિ. જે મુદ્રામાં યોગની મુખ્યતા છે તે યોગમુદ્રા. યોગમુદ્રા વિશેષ પ્રકારના વિઘ્નોનો નાશ કરવામાં સમર્થ છે. (૧૯)

**चत्तारि अंगुलाइं, पुरओ ऊणाइँ जत्थ पच्छिमओ ।**
**पायाणं उस्सग्गो, एसा पुण होइ जिणमुद्दा ॥२०॥**

**હવે જિનમુદ્રાને કહે છે–**

**ગાથાર્થ-ટીકાર્થ**–બે પગ વચ્ચે આગળના ભાગમાં ચાર આંગળ જેટલું અને પાછળના(=પાનીના) ભાગમાં ચાર આંગળથી કંઈક ઓછું અંતર રાખવાથી જિનમુદ્રા થાય છે. જિન એટલે અરિહંત. કાઉસ્સગ્ગમાં રહેલા જિનની મુદ્રા તે જિનમુદ્રા. અથવા જિન એટલે જિતનાર. વિઘ્નોને જિતનારી મુદ્રા તે જિનમુદ્રા. (૨૦)

**मुत्तासुत्ती मुद्दा, समा जहिं दोऽवि गब्भिया हत्था ।**
**ते पुण ललाडदेसे, लग्गा अण्णे अलग्गत्ति ॥२१॥**

**હવે મુક્તાશુક્તિ મુદ્રાને કહે છે–**

**ગાથાર્થ-ટીકાર્થ**–બે હાથની આંગળીઓ પરસ્પર સામસામી રાખી, વચ્ચેથી હથેળી પોલી રાખી, બે હાથ લલાટે લગાડવાથી અથવા બીજાઓના મતે લલાટથી દૂર રાખવાથી મુક્તાશુક્તિ મુદ્રા થાય છે.

સામસામે રહેલી મોતીની છીપ જેવી મુદ્રા તે મુક્તાશુક્તિ મુદ્રા. (૨૧)

**सव्वत्थवि पणिहाणं, तग्गयकिरियाभिहाणवण्णेसु ।**
**अत्थे विसए य तहा, दिट्ठंतो छिन्नजालाए ॥२२॥**

**પૂર્વપક્ષ–પ્રણિધાન(=ચિત્તની એકાગ્રતાથી યુક્ત) સૂત્ર મુક્તાશુક્તિ મુદ્રાથી કહેવું એમ કહ્યું છે. આનો અર્થ એ થયો કે ચૈત્યવંદનનાં બાકીનાં સૂત્રો પ્રણિધાન(=ઉપયોગ) વિના જ બોલવાં.**

**ઉત્તરપક્ષ–ચૈત્યવંદનના અંતે બોલાતું પ્રણિધાન સૂત્ર તે તે પ્રાર્થનાથી ગર્ભિત ઉપયોગ રૂપ છે. ચૈત્યવંદનમાં બીજાં જે સૂત્રો છે તે સૂત્રો તે તે એકાગ્રતારૂપ છે. આથી ચૈત્યવંદનમાં સર્વસ્થળે પ્રણિધાન(=ઉપયોગ) કરવું જોઈએ. આ જ વિષયને ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–(सव्वत्थ वि पणिहाणं)સંપૂર્ણ ચૈત્યવંદનમાં ઉપયોગ રાખવો જોઈએ. (तग्गय०=)ચૈત્યવંદનસંબંધી ક્રિયા, પદ, વર્ણ, (अत्थे विषये य तहा) અર્થ, પ્રતિમા આ બધામાં ચિત્તનો ઉપયોગ રાખવો જોઈએ. (दिट्ठंतो छिन्नजालाए=) આ વિષે છિન્ન જ્વાળાનું દૃષ્ટાંત છે.

**ટીકાર્થ**–સંપૂર્ણ ચૈત્યવંદનમાં ચૈત્યવંદન સંબંધી (૧) ક્રિયા (મુદ્રા કરવી, મુખ આગળ મુહપત્તિ રાખવી, ભૂમિનું પ્રમાર્જન કરવું, કાયોત્સર્ગ કરવો વગેરે ક્રિયા), (૨) સૂત્રોનાં પદો, (૩) પદોમાં રહેલા અકારાદિ વર્ણો, (૪) સૂત્રોનો અર્થ, (૫) જિનપ્રતિમા આ પાંચમાં ચિત્તનો ઉપયોગ રાખવો જોઈએ.

**પ્રશ્ન**–એક વખતે કોઈ એકમાં ઉપયોગ રાખી શકાય. આથી અહીં એક સાથે ક્રિયા વગેરે અનેકમાં ઉપયોગ કેવી રીતે રાખી શકાય ?

**ઉત્તર**–આ વિષયને સમજવા છિન્નજ્વાળાનું દૃષ્ટાંત છે. જેમ કાષ્ઠમાં રહેલા અગ્નિની મૂળજ્વાળામાંથી નવી નવી જ્વાળાઓ નીકળીને મૂળજ્વાળાથી છૂટી પડેલી દેખાતી હોવા છતાં મૂળજ્વાળા સાથે સંબંધવાળી માનવી પડે છે. કારણ કે છૂટી પડેલી જ્વાળાના પરમાણુઓ રૂપાંતર પામીને ત્યાં અવશ્ય હોય છે. અર્થાત્ છૂટી પડેલી જ્વાળાના પરમાણુઓ રૂપાંતર પામી ગયા હોવાથી ત્યાં હોવા છતાં આપણને વ્યક્તરૂપે દેખાતા નથી.

અથવા એક ઘરમાં રહેલા દીવાની પ્રભા (સામેના) બીજા ઘરમાં દેખાય છે. અહીં પ્રભા મૂળઘરના બારણામાંથી નીકળીને આવી હોવા છતાં આપણને સ્પષ્ટ દેખાતી નથી. છતાં નીકળેલી છે એમ માનવું પડે. કારણ કે મૂળઘરના બારણામાંથી નીકળ્યા વિના બીજા ઘરમાં આવે શી રીતે ? જેમ અહીં ઘરના બારણામાંથી નીકળેલી પ્રભા દેખાતી ન હોવા છતાં છે એમ માનવું પડે છે, તેમ છિન્ન(=મૂળજ્વાળાથી છૂટી પડેલી) જ્વાળા મૂળજ્વાળા સાથે સંબંધવાળી દેખાતી નથી-છૂટી પડેલી દેખાય છે. પણ તેના પરમાણુઓ રૂપાંતર પામીને ત્યાં અવશ્ય રહેલા હોવાથી છિન્નજ્વાળા મૂળજ્વાળા સાથે સંબંધવાળી માનવી પડે છે. જેમ અહીં છૂટી પડેલી જ્વાળાના પરમાણુઓ હોવા છતાં આપણને દેખાતા નથી, તેમ પ્રસ્તુતમાં ચૈત્યવંદનમાં જુદા જુદા સમયે ભિન્ન ભિન્ન ઉપયોગ હોવા છતાં ઉપયોગનું પરાવર્તન અતિશય ઝડપથી થતું હોવાથી આપણને એક જ ઉપયોગ ભાસે છે.[૧]

અથવા [૨]ઊંબાડિયું ગોળ ભમાવતાં તેની જ્વાળા ચક્રાકારે દેખાય છે. અહીં જ્વાળા ચક્રાકારે નથી. જ્વાળા પોતાના નિયત સ્થાનમાં જ રહેલી હોવાથી છેદાયેલી હોય છે. છતાં ગોળ ભમાવવામાં એનું સ્થાન બહુ જ જલદી ફરતું જાય છે, એથી અમુક ગોળ વિભાગમાં બધે જ્વાળા દેખાય છે. તેમ વર્ણથી અર્થમાં અને અર્થથી વર્ણમાં ઇત્યાદિરૂપે ભિન્ન ભિન્ન ઉપયોગ હોવા છતાં, ચિત્તની ગતિ અતિશીઘ્ર થતી હોવાથી તે ભેદ દેખાતો નથી. અર્થાત્ ઉપયોગ કોઈ એક વિષયમાં હોવા છતાં આપણને બધામાં ઉપયોગ છે એમ જણાય છે. (૨૨)

---

૧. આ વિષય ઉત્પલશતપત્રભેદના દૃષ્ટાંતથી પણ સમજી શકાય છે. કમળના સો પાંદડાની થપ્પીને સોયથી ભેદતાં બધા પાંદડાં એકી સાથે ભેદાઈ ગયા એમ આપણને લાગે છે. પણ વાસ્તવિક તો ક્રમશઃ એક એક પાંદડું ભેદાય છે.

૨. अलात=ઊંબાડિયું.

**ण य तत्थवि तदणूणं, हंदि अभावो ण ओवलंभोवि ।**
**चित्तस्सवि विण्णेओ, एवं सेसोवओगेसु ॥२३॥**

**પ્રસ્તુત દૃષ્ટાંતની જ ભાવના કરવા માટે કહે છે—**

**ગાથાર્થ-ટીકાર્થ—**(तत्थवि)જ્વાળાનો છેદ થવામાં પણ, અર્થાત્ જ્વાળાનો છેદ થવા છતાં (નવી નવી જ્વાળાઓ નીકળીને મૂળજ્વાળાથી છૂટી પડતી હોવા છતાં), (तदणूणं अभावो न) છૂટી પડેલી જ્વાળાઓના પરમાણુઓનો અભાવ નથી. કારણ કે જો તેમનો(=છૂટી પડેલી જ્વાળાના પરમાણુઓનો) સર્વથા અભાવ માનવામાં આવે તો જ્વાળાની સંતતિ (-પ્રવાહ) જે દેખાય છે તે ન દેખાય. નવી નવી જ્વાળાઓ મૂળ જ્વાળાથી છૂટી પડતી હોવા છતાં (ण उवलंभो वि)છૂટી પડેલી જ્વાળાના પરમાણુઓ દેખાતા પણ [1]નથી. કારણ કે તેવો (બધાને) અનુભવ છે.

ગોળ ભમાવવાના દૃષ્ટાંતમાં (પ્રસ્તુત ગાથાના પૂર્વાર્ધની) વ્યાખ્યા આ પ્રમાણે છે—(तत्थवि) છિન્નજ્વાળાના વિષયમાં પણ, અર્થાત્ ચક્રાકારમાં પણ, (तदणूणं अभावो ण) છિન્નજ્વાળાના અણુઓનો અભાવ નથી એમ નહિ, અર્થાત્ અભાવ છે. કારણ કે ચક્રાકારનો આકાર અતાત્ત્વિક છે. અતાત્ત્વિક એટલા માટે છે કે જ્વાળાના અણુઓ ચક્રાકારે નથી. જોનારને ચક્રાકારનો ભાસ થાય છે. (ओवलंभो वि=)જ્વાળાના અણુઓ નિયત એક જ સ્થળે રહેલા હોવાથી ચક્રાકારે ન હોવા છતાં એમનું સ્થાન અતિ જલદી ફરતું હોવાથી (આપણને) ચક્રાકારે દેખાય છે.

**ગાથાના ઉત્તરાર્ધની વ્યાખ્યા—**તે પ્રમાણે એકાગ્રચિત્તનો પણ જે (અર્થ વગેરે કોઈ એક) વિષયમાં ઉપયોગ છે તે સિવાયના વિષયોમાં અભાવ[2] જાણવો. અર્થાત્ ચિત્તનો ઉપયોગ એક સાથે ભિન્ન ભિન્ન વિષયોમાં નથી હોતો, પણ કોઈ એક જ વિષયમાં હોય છે.[3] (૨૩)

**खाओवसमिगभावे, दढजत्तकयं सुहं अणुट्ठाणं ।**
**परिवडियंपि हु जायइ, पुणोवि तब्भाववुड्ढिकरं ॥२४॥**

**ચૈત્યવંદનમાં મુદ્રા રચવી વગેરે (વિધિમાં) અત્યંત કાળજી શા માટે રાખવામાં આવે છે ? એ વિષયને કહે છે—**

**ગાથાર્થ—**ક્ષાયોપશમિક ભાવમાં પરમ આદરપૂર્વક કરેલું શુભ અનુષ્ઠાન બંધ થઈ જાય તો પણ ફરી અવશ્ય ક્ષાયોપશમિક ભાવના અધ્યવસાયોની વૃદ્ધિ કરનારું થાય છે.

---

૧.કારણ કે તેના પરમાણુઓનું રૂપાંતર થઈ જાય છે.

૨.પૂર્વાર્ધમાં રહેલા 'अभावो' પદનો અહીં પણ સંબંધ છે.

૩.ચૈત્યવંદન મહાભાષ્ય ગાથા-૨૪૧ વગેરે.

**ટીકાર્થ–ક્ષાયોપશમિક ભાવમાં–**મિથ્યાત્વમોહનીય વગેરે કર્મના નાશ વિશેષથી કરાયેલા આત્મપરિણામમાં, નહિ કે (ભૌતિક સુખનો) લાભ આદિ આકાંક્ષા રૂપ ઔદયિકભાવમાં.

**બંધ થઈ જાય**–તેવા પ્રકારના (મિથ્યાત્વમોહનીય)કર્મના ઉદયથી બંધ થઈ જાય.

ક્ષાયોપશમિકભાવમાં પરમ આદરપૂર્વક કરેલું શુભ અનુષ્ઠાન તેવા (મિથ્યાત્વ-મોહનીય) કર્મના ઉદયથી બંધ થઈ જાય તો પણ ફરી અવશ્ય ક્ષાયોપશમિક ભાવના અધ્યવસાયોની વૃદ્ધિ કરનારું બને છે. અર્થાત્ ચૈત્યવંદન વગેરે અનુષ્ઠાનો શુભભાવથી બહુ જ આદર સાથે વિધિની કાળજી પૂર્વક કરવામાં આવે તો કદાચ મિથ્યાત્વકર્મના ઉદયથી શુભભાવ જતો રહે અને અનુષ્ઠાનો પણ બંધ થઈ જાય તો પણ ભવિષ્યમાં અવશ્ય તે અનુષ્ઠાનની પ્રાપ્તિ થાય છે, અને તે અનુષ્ઠાન કરતાં કરતાં શુભભાવની વૃદ્ધિ થાય છે. ક્ષાયોપશમિકભાવમાં પરમ આદર પૂર્વક કરેલું શુભ અનુષ્ઠાન બંધ થઈ જાય તો પણ ફરી મોક્ષના હેતુ એવા શુભભાવની વૃદ્ધિ કરનારું હોવાથી ચૈત્યવંદનમાં વિધિની કાળજી બહુ જરૂરી છે.[1] (૨૪)

**अणुहववसिद्धं एयं, पायं तह जोगभावियमईणं ।**
**सम्ममवधारियव्वं, बुहेहिं लोगुत्तममईए ॥२५॥**

**આ કેવી રીતે સિદ્ધ થાય એવી આશંકાનું સમાધાન કહે છે–**

**ગાથાર્થ-ટીકાર્થ–**ધાર્મિક અનુષ્ઠાનોમાં ભાવિત બુદ્ધિવાળા જીવોને ''પરમ આદરથી કરેલું શુભ અનુષ્ઠાન તેના ભાવની વૃદ્ધિ કરે છે.'' એ વિષય શાસ્ત્રોક્ત રીતે (શાસ્ત્રમાં જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે) પ્રાયઃ અનુભવસિદ્ધ છે. આ વિષયને વિદ્વાનોએ જિનપ્રવચનાનુસારી બુદ્ધિથી સમ્યગ્ (-જેવા સ્વરૂપે છે તેવા સ્વરૂપે) વિચારવો. (૨૫)

**जिण्णासावि हु एत्थं, लिंगं एयाइ हंदि सुद्धाए ।**
**णेव्वाणंगनिमित्तं, सिद्धा एसा तयत्थीणं ॥२६॥**

**આ પંચાશકની પહેલી ગાથામાં ( मुद्दाविण्णासपरिसुद्धं वंदणविहाणं वोच्छामि ) ''મુદ્રાઓની રચનાથી શુદ્ધ ચૈત્યવંદન કહીશ'' એમ કહ્યું છે. આથી હવે શુદ્ધ ચૈત્યવંદનનું લક્ષણ જણાવે છે–**

**ગાથાર્થ–**(जिण्णासावि एत्थं) ચૈત્યવંદનની જિજ્ઞાસા પણ (लिंगं एयाइ सुद्धाए) શુદ્ધવંદનાનું લક્ષણ છે. (तयत्थीणं) મોક્ષના અર્થી જીવોમાં (णेवाणंगनिमित्तं सिद्धा एसा) જિજ્ઞાસા મોક્ષના કારણોના નિમિત્ત તરીકે પ્રસિદ્ધ છે.

---

૧.જ્ઞાનસાર અ. ૯ ગા. ૬, ઉપદેશપદ ગા. ૩૯૧.

**ટીકાર્થ**–ચૈત્યવંદનની જિજ્ઞાસા [1]પણ શુદ્ધવંદનાનું લક્ષણ છે. કારણ કે મોક્ષના અર્થી જીવોમાં જિજ્ઞાસા મોક્ષના સમ્યગ્જ્ઞાનાદિ જે કારણો છે તે કારણોના નિમિત્ત તરીકે પ્રસિદ્ધ છે. અર્થાત્ મોક્ષના અર્થીઓ જિજ્ઞાસાથી જ મોક્ષના કારણરૂપ સમ્યગ્જ્ઞાનાદિને પામે છે. મોક્ષના અર્થીને મોક્ષનાં જે જે કારણો હોય તે બધાને જાણવાની ઇચ્છા થાય છે. આથી તે તેના જાણકારોની પાસે જઈને મોક્ષનાં કારણો સમજીને સ્વીકાર કરે છે. મોક્ષનાં અનેક કારણોમાં ચૈત્યવંદન પણ એક કારણ છે. આથી જે જીવમાં ચૈત્યવંદનની જિજ્ઞાસા થાય તે જીવ શુદ્ધચૈત્યવંદનને પામે છે. કારણ લિંગ થાય છે, અર્થાત્ કારણકાર્યનું લિંગ બને છે. જેમ પુષ્કળ વર્ષાદથી અંકુરાની ઉત્પત્તિ અવશ્ય થતી હોવાથી પુષ્કળ વર્ષાદ અંકુરાનું લક્ષણ છે, તેમ ચૈત્યવંદનની જિજ્ઞાસાથી ભાવચૈત્યવંદનની પ્રાપ્તિ થતી હોવાથી ચૈત્યવંદનની જિજ્ઞાસા શુદ્ધચૈત્ય-વંદનનું લક્ષણ છે. (૨૬)

**धिइसद्धासुहविविदिसभेया जं पायसो उ जोणित्ति ।**
**सण्णाणादुदयम्मी, पइट्ठिया जोगसत्थेसु ॥२७॥**

**જિજ્ઞાસા મોક્ષનાં કારણોની પ્રાપ્તિમાં નિમિત્ત છે એની સિદ્ધિ–**

**ગાથાર્થ**–યોગગ્રંથોમાં પ્રાયઃ ધૃત્તિ, શ્રદ્ધા, સુખા અને વિવિદિષા સમ્યગ્જ્ઞાનાદિની ઉત્પત્તિમાં કારણ તરીકે પ્રસિદ્ધ છે.

**ટીકાર્થ**–જિજ્ઞાસા મોક્ષનાં કારણોની પ્રાપ્તિમાં નિમિત્ત છે. કારણ કે પતંજલિ આદિના અધ્યાત્મગ્રંથોમાં પ્રાયઃ ધૃતિ, શ્રદ્ધા, સુખા અને વિવિદિષા મોક્ષના કારણરૂપ સમ્યગ્જ્ઞાનાદિની ઉત્પત્તિમાં કારણ છે એમ પ્રતિપક્ષ કરવા દ્વારા (પ્રતિપક્ષ અને ઉત્તરપક્ષ કરવા દ્વારા) સમર્થન કર્યું છે.

પ્રાયઃશબ્દથી વિજ્ઞપ્તિ આદિ અન્ય ભેદો પણ સમ્યગ્જ્ઞાન આદિની ઉત્પત્તિનાં કારણ છે એમ સૂચન કર્યું છે. કહ્યું છે કે धृतिः श्रद्धा सुखा विविदिषा विज्ञप्तिरिति तत्त्वधर्मयोनयः **"ધૃતિ, શ્રદ્ધા, સુખા, વિવિદિષા અને વિજ્ઞપ્તિ તાત્ત્વિકધર્મનાં કારણ છે."** **ધૃતિ** એટલે ઉદ્વેગાદિ દોષોના ત્યાગથી થતી ચિત્તની સ્વસ્થતા. **શ્રદ્ધા** એટલે તત્ત્વરુચિ. **સુખા** એટલે વિશિષ્ટ આહ્લાદ. **વિવિદિષા** એટલે જિજ્ઞાસા. વિજ્ઞપ્તિ એટલે સમ્યગ્દર્શન.[2]

તથા જિનાગમમાં (આવ.નિર્યુ. ગા. ૮૪૮માં) પણ કહ્યું છે કે–

**"સાધુઓ પધારે ત્યારે ઊભા થવું, તેમનો વિનય કરવો, [3]પરાક્રમ કરવો, સાધુની**

૧. જેમ પૂર્વે ભાવવંદનના લક્ષણોમાં જણાવેલ 'નિયત સમયે ચૈત્યવંદન કરવું' વગેરે શુદ્ધવંદનાનાં લક્ષણો છે, તેમ જિજ્ઞાસા પણ શુદ્ધવંદનાનું લક્ષણ છે.

૨. લલિત વિસ્તરા "બોહિદયાણં" પદની ટીકા.

૩. પરાક્રમ એટલે કષાયજય. અથવા પરાક્રમ એટલે સાધુ પાસે જવું. અથવા परक्कमे પદનો साहुसेवणाए પદ સાથે અન્વય કરીને સાધુસેવામાં પરાક્રમ કરવો, અર્થાત્ સાધુસેવામાં ઉત્સાહ રાખવો એમ અર્થ થાય.

સેવા કરવી વગેરેથી સમ્યગ્દર્શન, દેશવિરતિ કે સર્વવિરતિની પ્રાપ્તિ થાય છે.'' (૨૭)

**पढमकरणोवरि तहा अणभिणिविट्ठाण संगया एसा ।**
**तिविहं च सिद्धमेयं पयडं समए जओ भणियं ॥२८॥**

**જિજ્ઞાસાલિંગવાળી શુદ્ધવંદના ક્યારે થાય તેને કહે છે–**

**ગાથાર્થ**–તથા યથાપ્રવૃત્તિકરણની ઉપર(=યથાપ્રવૃત્તિકરણમાં) રહેલા અને અતત્ત્વસંબંધી આગ્રહથી રહિત અપુનર્બંધક આદિ જીવોને આ શુદ્ધવંદના ઘટે છે. કરણ ત્રણ પ્રકારનું પ્રસિદ્ધ છે. કારણ કે શાસ્ત્રમાં કરણ ત્રણ પ્રકારનું છે એમ સ્પષ્ટ કહ્યું છે.

**ટીકાર્થ**–આ શુદ્ધવંદના યથાપ્રવૃત્તિકરણમાં રહેલા અને [1]અતત્ત્વ સંબંધી આગ્રહથી રહિત એવા અપુનર્બંધક આદિ જીવોને ઘટે છે. યથાપ્રવૃત્તિકરણમાં રહેલા જ જીવો અતત્ત્વસંબંધી આગ્રહથી રહિત હોય, અર્થાત્ અપુનર્બંધક આદિ જીવોનું ચૈત્યવંદન શુદ્ધ હોય. અપુનર્બંધકથી નીચેની અવસ્થાવાળા જીવોનું ચૈત્યવંદન અશુદ્ધ હોય છે. કરણના ત્રણ ભેદ પ્રસિદ્ધ છે. કારણ કે શાસ્ત્રમાં તે ત્રણ ભેદો સ્પષ્ટપણે બતાવવામાં આવ્યા છે. (૨૮)

**करणं अहापवत्तं, अपुव्वमणियट्टि चेव भव्वाणं ।**
**इयरेसिं पढमं चिय, भण्णइ करणं ति परिणामो ॥२९॥**

**જે કહ્યું છે તેને જ કહે છે–**

**ગાથાર્થ**–યથાપ્રવૃત્તિ, અપૂર્વ અને અનિવૃત્તિ એમ ત્રણ કરણ છે. આ ત્રણ કરણ ભવ્યોને જ હોય છે. અભવ્યોને[2] એક જ યથાપ્રવૃત્તિકરણ હોય છે. કરણ એટલે જીવનો પરિણામ=અધ્યવસાય.[3]

**ટીકાર્થ–યથાપ્રવૃત્તિકરણ**–અનાદિકાળમાં જે રીતે થયું હતું તે રીતે પ્રવર્તેલું(=થયેલું) કરણ તે યથાપ્રવૃત્તિકરણ. આ કરણ પૂર્વે પ્રાપ્ત થયું નથી એવું નથી, તથા અન્યસ્વરૂપને પામેલું નથી. અર્થાત્ યથાપ્રવૃત્તિ પૂર્વે અનેકવાર પ્રાપ્ત થયું છે અને એક જ સ્વભાવવાળું છે. (યથાપ્રવૃત્તિકરણનો આયુષ્ય સિવાય સાત કર્મોની અંતઃકોડાકોડિ પ્રમાણ એક સાગરોપમ જેટલી સ્થિતિ કરવાનો જે સ્વભાવ છે તે કાયમ રહે છે.)

**અપૂર્વકરણ**–અનાદિ સંસારમાં પૂર્વે ક્યારેય પ્રાપ્ત ન થયું હોય તેવું કરણ અપૂર્વ-કરણ છે.

**અનિવૃત્તિકરણ**–મોક્ષરૂપ વૃક્ષના બીજ સમાન સમ્યક્ત્વને પ્રાપ્ત કર્યા વિના જે પાછું

---

૧. प्रथमकरणोपर्येव बाह्यतत्त्वानभिनिवेशिनो भवन्ति ।

૨. દૂરભવ્યોને પણ એક જ યથાપ્રવૃત્તિકરણ હોય છે.

૩. વિશેષાવશ્યક ગા. ૧૨૦૨

ન ફરે તે અનિવૃત્તિકરણ.

આ ત્રણ કરણો ભવ્યોને જ હોય. અભવ્યોને યથાપ્રવૃત્તિકરણરૂપ એક જ કરણ હોય.

**કરણ**—કર્મનો બંધ, ઉદય, ઉદીરણા અને ઉપશમના વગેરે જેનાથી કરાય તે કરણ, અર્થાત્ કરણ એટલે જીવનો પરિણામ=અધ્યવસાય. (૨૯)

**जा गंठी ता पढमं, गंठि समइच्छओ भवे बीयं ।**
**अणियट्टीकरणं पुण, सम्मत्तपुरक्खडे जीवे ॥३०॥**

**આ જ ત્રણ કારણના વિભાગને બતાવતા, અર્થાત્ કયું કરણ ક્યારે હોય તેનો નિર્દેશ કરતા ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ-ટીકાર્થ**—ગ્રંથિ(=ગ્રંથિભેદદેશ) સુધી પહેલું યથાપ્રવૃત્તિકરણ, ગ્રંથિને ભેદતાં બીજું અપૂર્વકરણ, અને જીવ સમ્યક્ત્વાભિમુખ બને ત્યારે(=ગ્રંથિભેદ થયા પછી સમ્યક્ત્વની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી) ત્રીજું અનિવૃત્તિકરણ હોય છે.[1]

ગ્રંથિ અંગે બીજે (વિશેષાવશ્યક ગા. ૧૧૯૩, ૧૧૯૪, ૧૧૯૫) કહ્યું છે કે—

**"જીવ [2]ઘર્ષણ-ઘોલન ન્યાયથી જ્યારે એક કોડાકોડિ સાગરોપમ સિવાય બધી સ્થિતિ ખપાવી નાખે, (૧) અને બાકી રહેલી એક કોડાકોડિ સાગરોપમ સ્થિતિમાંથી પણ થોડી=પલ્યોપમની અસંખ્યાતમાં ભાગ જેટલી સ્થિતિ ખપાવી નાખે, અર્થાત્ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન એક કોડાકોડિ સાગરોપમ જેટલી સ્થિતિ રહે, ત્યારે જેનો પૂર્વે ભેદ કર્યો નથી એવો ગ્રંથિ હોય છે. (૨) ગ્રંથી એટલે કાષ્ઠની કર્કશ, ઘન, રૂઢ (શુષ્ક) અને ગૂઢ ગાંઠની જેમ જીવનો અતિશય દુર્ભેદ્ય, કર્મજનિત અને અતિગાઢ એવો રાગ-દ્વેષનો પરિણામ."** (૩)

## વિવેચન

૨૯મી અને ૩૦મી ગાથાના ભાવને સમજવા માટે યથાપ્રવૃત્તિ વગેરે શબ્દોના અર્થને બરોબર સમજવાની જરૂર છે. આથી આપણે અહીં યથાપ્રવૃત્તિ, ગ્રંથિ, ગ્રંથિદેશ, અપૂર્વ અને અનિવૃત્તિશબ્દના ભાવને થોડા વિસ્તારથી વિચારીએ.

**યથાપ્રવૃત્તિકરણ**—યથાપ્રવૃત્તિકરણ એટલે નદીઘોલપાષાણ[3] ન્યાયે, એટલે કે

---

૧. વિશેષાવશ્યક ગા. ૧૨૦૩

૨. જેમ નદીમાં કે માર્ગમાં પડેલા પથ્થરો અમે આવા આકારવાળા બનીએ એવા આશય વિના પણ પરસ્પર કે લોકોના પગ આદિથી ઘસડાઈને-અથડાઈને ગોળ વગેરે આકારવાળા બની જાય છે. તેમ અનાભોગથી (=કર્મસ્થિતિ ઘટાડવાના આશય વિના) યથાપ્રવૃત્તિકરણ દ્વારા કર્મસ્થિતિ ઘટાડી ગ્રંથિદેશે આવે તેમાં ઘર્ષણઘોલન ન્યાય લાગુ પડે.

૩. જેમ નદીનો પથ્થર હું ગોળ બનું એવી ઇચ્છા વિના અને એ માટે પ્રયત્ન કર્યા વિના પાણી વગેરેથી આમતેમ અથડાઈને ગોળ બની જાય છે. તેમ હું કર્મક્ષય કરું એવા આશય વિના અને એ માટે કોઈ પ્રયત્ન

કર્મક્ષયના આશય વિના, જેનાથી કર્મનો ક્ષય(=કર્મની સ્થિતિ ઘટે) તે અધ્યવસાય [૧]વિશેષ. સંસારી જીવોને કર્મક્ષય કરવાના આશય વિના પણ અનાદિકાળથી પ્રતિસમય (ઉદયમાં આવેલા) કર્મનો ક્ષય થઈ રહ્યો છે. આથી આ કરણ સંસારી જીવોને અનાદિકાળથી છે, અપૂર્વકરણની જેમ નવું નથી. આથી તેનું યથાપ્રવૃત્ત[૨] એવું નામ સાર્થક છે. યથા એટલે જેમ. પ્રવૃત્ત એટલે પ્રવર્તેલું. અનાદિ કાળથી જેવી રીતે પ્રવર્તેલું છે તેવી રીતે પ્રવર્તેલું. કર્મક્ષયના આશય વિના કર્મનો ક્ષય જેનાથી થાય તે અધ્યવસાય વિશેષને યથાપ્રવૃત્તિકરણ કહેવામાં આવે છે. સંસારી જીવોને કર્મક્ષયના આશય વિના તેવા અધ્યવસાય વિશેષથી પ્રતિસમય કર્મક્ષય અનાદિકાળથી થઈ રહ્યો છે. માટે આ કરણ પણ અનાદિકાળથી છે, નવું નથી.

**ગ્રંથિ**–ગ્રંથિ એટલે વૃક્ષના મૂળની દુર્ભેદ્ય અને કઠીન ગાંઠ જેવો દુર્ભેદ્ય રાગ-દ્વેષનો તીવ્ર પરિણામ.

**ગ્રંથિદેશ**–ઉપર આપણે વિચાર્યું કે-સંસારી જીવોને યથાપ્રવૃત્તિકરણથી અનાદિકાળથી પ્રતિસમય કર્મક્ષય થઈ રહ્યો છે. હવે સંસારી જીવોને જેમ પ્રતિસમય કર્મક્ષય થાય છે તેમ નવો કર્મબંધ પણ થાય છે. આથી બધાં કર્મોનો ક્ષય થઈ જતો નથી. હા, કર્મોમાં વધ-ઘટ અવશ્ય થાય. ક્યારેક કર્મો ઘણા વધી જાય, તો ક્યારેક કર્મો ઘણા ઘટી જાય. જ્યારે કર્મક્ષય ઓછો થાય અને નવો કર્મબંધ વધારે થાય ત્યારે કર્મો ઘણા વધી જાય. જ્યારે કર્મક્ષય વધારે થાય અને કર્મબંધ ઓછો થાય ત્યારે કર્મો ઘણા ઘટી જાય. આ પ્રમાણે કર્મો ઓછાં થતાં આયુષ્ય સિવાય સાત કર્મોની સ્થિતિ ઘટીને કંઈક(=પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ) ન્યૂન એક કોડાકોડિ સાગરોપમ જેટલી જ રહે ત્યારે ગ્રંથિનો=રાગ-દ્વેષના તીવ્ર પરિણામનો ઉદય હોવાથી તે અવસ્થાને ગ્રંથિદેશ કહેવામાં આવે છે. સાત કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ હોય ત્યારે તો ગ્રંથિનો(=રાગ-દ્વેષના તીવ્ર પરિણામનો) ઉદય હોય જ, કિંતુ ઘટે ત્યારે પણ ઘટતાં ઘટતાં દેશોન એક કોડાકોડિ સાગરોપમની સ્થિતિ થાય ત્યાં સુધી ગ્રંથિનો ઉદય હોય છે. ત્યારપછી ગ્રંથિનો ઉદય ન હોય. કારણ કે પછી અપૂર્વકરણથી ગ્રંથિનો ભેદ થઈ જાય છે. આમ ગ્રંથિની છેલ્લી હદ સાતકર્મોની દેશોન એક કોડાકોડિ સાગરોપમ પ્રમાણ સ્થિતિ હોવાથી એ સ્થિતિને ગ્રંથિદેશ(=ગ્રંથિની છેલ્લી હદ) કહેવામાં આવે છે. આ ગ્રંથિદેશ સુધી યથાપ્રવૃત્તિકરણ હોય છે. અર્થાત્ જીવ યથાપ્રવૃત્તિકરણથી દેશોન એક

---

કર્યા વિના થતા કર્મક્ષયમાં 'નદીઘોલપાષાણ' ન્યાય લાગુ પડે છે. અહીં ઘુણાક્ષર ન્યાય પણ લાગુ પડી શકે. લાકડામાં ઉત્પન્ન થનાર અને લાકડું ખાનાર કીડાને ઘુણ કહેવામાં આવે છે. તે કીડો લાકડાને કોતરી ખાય છે. તેથી લાકડામાં આશય વિના પણ અક્ષરોનો આકાર પડે છે.

૧. अनादिकालात् कर्मक्षपणप्रवृत्तोऽध्यवसायविशेषः (વિશેષાવશ્યક-૧૨૦૩)

૨. વિશેષાવશ્યક, પંચસંગ્રહ વગેરે મૌલિક ગ્રંથોમાં 'યથાપ્રવૃત્ત' એવું નામ છે. પણ ગુજરાતી ભાષામાં 'યથાપ્રવૃત્તિ' એવું નામ વધારે પ્રસિદ્ધ છે.

કોડાકોડિ સાગરોપમ જેટલી સ્થિતિ રહે ત્યાં સુધી કર્મો ખપાવી શકે છે. આથી જ અહીં કહ્યું કે—''યથાપ્રવૃત્તિકરણ ગ્રંથિ સુધી હોય છે.''

યથાપ્રવૃત્તિકરણથી જીવને આટલી અવસ્થા પ્રાપ્ત થઈ શકે છે. અહીંથી આગળ વધવા અપૂર્વકરણ આદિની જરૂર પડે છે. આનાથી એ પણ સિદ્ધ થયું કે જીવ પુરુષાર્થ વિના જ તેવી ભવિતવ્યતા આદિના બળે આટલી અવસ્થા (દેશોન એક કોડાકોડિ સાગરોપમ સ્થિતિ) સુધી પહોંચી શકે છે. અહીંથી આગળ વધવા પુરુષાર્થ કરવો પડે છે. પુરુષાર્થ વિના અહીંથી આગળ ન વધાય. અભવ્ય જીવો આટલી અવસ્થા પ્રાપ્ત કરવા છતાં પુરુષાર્થ ન કરી શકવાથી આગળ વધી શકતા નથી. માટે જ અહીં ૨૯મી ગાથામાં કહ્યું કે—''અભવ્યોને એક યથાપ્રવૃત્તિકરણ જ હોય છે.'' અભવ્યની જેમ દૂરભવ્યો પણ પુરુષાર્થ ન કરી શકવાથી અહીંથી આગળ વધી શકતા નથી. આથી દૂરભવ્યોને પણ એક યથાપ્રવૃત્તિકરણ જ હોય.

**અપૂર્વકરણ**—અપૂર્વકરણ એટલે અપૂર્વ વીર્યોલ્લાસ. તેનું અપૂર્વ એવું નામ સાર્થક છે. અપૂર્વ=પૂર્વે કદી ન થયું હોય તેવું. જ્યારે રાગ-દ્વેષની ગાંઠને છેદવાનો ઉલ્લાસ જાગે છે, ત્યારે જ અપૂર્વકરણ આવે છે. સંસારી જીવો પૂર્વે કહ્યું તેમ યથાપ્રવૃત્તિકરણથી અનેકવાર ગ્રંથિદેશ સુધી આવી જાય છે. પણ પછી રાગ-દ્વેષની ગાંઠને છેદવાનો પુરુષાર્થ ન કરી શકવાથી ફરી કર્મની સ્થિતિ વધારી દે છે. પણ ક્યારેક કોઈક સત્ત્વશાળી આસન્નભવ્ય જીવમાં ગ્રંથિદેશે આવ્યા પછી રાગ-દ્વેષની ગાંઠને ભેદવાનો તીવ્ર વીર્યોલ્લાસ પ્રગટે છે. રાગ-દ્વેષની ગાંઠને ભેદવાના તીવ્ર વીર્યોલ્લાસને જ અપૂર્વકરણ કહેવામાં આવે છે. કારણ કે પૂર્વે અનેકવાર ગ્રંથિદેશે આવવા છતાં ક્યારેય તેવો વીર્યોલ્લાસ જાગ્યો નથી. આથી તેનું અપૂર્વ નામ સાર્થક છે. રાગ-દ્વેષની ગાંઠને ભેદવાનો તીવ્ર વીર્યોલ્લાસ પ્રગટતાં જીવ તેનાથી એ ગાંઠને ભેદી નાંખે છે. માટે જ અહીં કહ્યું કે ''ગ્રંથિને ભેદતાં બીજું અપૂર્વકરણ હોય છે.''

**અનિવૃત્તિકરણ**—અનિવૃત્તિકરણ એટલે સમ્યક્ત્વને પમાડનારા વિશુદ્ધ અધ્યવસાય. આનું 'અનિવૃત્તિ' એવું નામ સાર્થક છે. અનિવૃત્તિ એટલે પાછું ન ફરનાર. જે અધ્યવસાય સમ્યક્ત્વને પમાડ્યા વિના પાછો ફરે નહિ-જાય નહિ તે [૧]અનિવૃત્તિ. અનિવૃત્તિકરણને પામેલો આત્મા અંતર્મુહૂર્તમાં જ અવશ્ય સમ્યક્ત્વ પામે છે. આથી જ અહીં કહ્યું કે—''જીવ સમ્યક્ત્વાભિમુખ થાય ત્યારે અનિવૃત્તિકરણ હોય છે.'' (૩૦)

**इत्तो उ विभागाओ, अणादिभवदव्वलिंगओ चेव ।**
**णिउणं णिरूवियव्वा, एसा जह मोक्खहेउत्ति ॥३१॥**

---

૧. જેમ અનિવૃત્તિકરણમાં આવેલા જીવો પાછા ફરતા નથી તેમ અપૂર્વકરણમાં આવેલા જીવો પણ પાછા ફરતા નથી.

**શુદ્ધવંદના જ મોક્ષનું કારણ છે એમ જણાવવા માટે કહે છે–**

**ગાથાર્થ–**આ જ વિભાગથી અને અનાદિભવદ્રવ્યલિંગથી આ વંદના સુનિશ્ચિતપણે વિચારવી કે શુદ્ધવંદના જ મોક્ષનું કારણ છે, અશુદ્ધવંદના નહિ.

અથવા આ ગાથાનો બીજી રીતે અર્થ આ પ્રમાણે છે–આ જ વિભાગથી અને અનાદિભવદ્રવ્યલિંગથી આ વંદના મોક્ષનો હેતુ પણ થાય, એથી આ વંદના સમ્યગ્ વિચારવી, જેથી મોક્ષનો હેતુ થાય.

**ટીકાર્થ–આ જ વિભાગથી=**પ્રથમ(=યથાપ્રવૃત્તિ)કરણની ઉપર શુદ્ધવંદના થાય એવા પ્રકારના વિભાગથી.

**અનાદિભવદ્રવ્યલિંગથી–**અનાદિસંસારમાં ભાવરહિત હોવાથી સાધુવેષ ધારણ કરવારૂપ અપ્રધાનદ્રવ્યલિંગોથી.

**ભાવાર્થ–**૨૮મી ગાથામાં જણાવ્યું છે કે-યથાપ્રવૃત્તિકરણની ઉપર રહેલા અપુનર્બંધક આદિ જીવોને જ શુદ્ધવંદના હોય છે. એટલે અર્થાપત્તિથી સિદ્ધ થાય છે કે યથાપ્રવૃત્તિકરણમાં રહેલા જીવોને અશુદ્ધવંદના હોય છે. યથાપ્રવૃત્તિકરણમાં રહેલા જીવો ચૈત્યવંદન નથી પામતા એવું નથી. પ્રાયઃ દરેક જીવને યથાપ્રવૃત્તિકરણમાં અનંતીવાર ચૈત્યવંદનની પ્રાપ્તિ થઈ છે. કારણ કે શાસ્ત્રમાં કહ્યું છે કે સંસારમાં ચારે ગતિમાં પરિભ્રમણ કરતાં પ્રાયઃ દરેક જીવે અનંતીવાર દ્રવ્યસાધુનો અને દ્રવ્યશ્રાવકનો વેશ ધારણ કર્યો છે. દ્રવ્યસાધુના અને દ્રવ્યશ્રાવકના વેશમાં રહીને અનંતીવાર ધર્મક્રિયાઓ પણ કરી છે. એટલે ચૈત્યવંદન પણ અનંતીવાર કર્યું છે. યથાપ્રવૃત્તિકરણથી ગ્રંથિદેશે આવ્યા વિના ચૈત્યવંદન આદિ ધર્મક્રિયાઓની પ્રાપ્તિ ન થાય એ નિયમ છે. યથાપ્રવૃત્તિકરણથી ગ્રંથીદેશે આવીને દ્રવ્યવેશ ધારણ કરીને અનંતીવાર ચૈત્યવંદન કર્યું છતાં મોક્ષ ન થયો. કારણ કે એ ચૈત્યવંદન અશુદ્ધ હતું. ઉપદેશકે આ વિષયને લક્ષ્યમાં રાખીને ચૈત્યવંદન મોક્ષનું કારણ બને તે રીતે ઉપદેશ આપવો જોઈએ. અર્થાત્ ઉપદેશકે આ જીવે આટલી બધી (દેશોન એક કોડાકોડિ સાગરોપમ જેટલી) કર્મલઘુતા પામીને અનંતીવાર ચૈત્યવંદન કરવા છતાં મોક્ષ કેમ ન થયો ? એ વાત શ્રોતાઓને બરોબર સમજાવવા પૂર્વક શુદ્ધચૈત્યવંદન અને અશુદ્ધચૈત્યવંદનનો ભેદ સમજાવીને શુદ્ધચૈત્યવંદન કરવાનો ઉપદેશ આપવો જોઈએ. શ્રોતાઓએ પણ આ વંદના સમ્યગ્ સમજીને શુદ્ધવંદના કરવી જોઈએ. કારણ કે શુદ્ધચૈત્યવંદન જ મોક્ષનું કારણ છે. (૩૧)

**णो भावओ इमीए, परोऽवि हु अवड्ढपोग्गला अहिगो ।**
**संसारो जीवाणं, हंदि पसिद्धं जिणमयम्मि ॥३२॥**

**અનાદિભવદ્રવ્યલિંગથી એ કથનથી અનંતવાર ચૈત્યવંદનની પ્રાપ્તિ થઈ, તે પ્રાપ્તિ અશુદ્ધવંદનાની હતી, શુદ્ધવંદનાની નહિ એમ જણાવવાને માટે કહે છે–**

**ગાથાર્થ**—ભાવથી ચૈત્યવંદનની પ્રાપ્તિ થથાં જીવોનો સંસાર દેશોન અર્ધપુદ્ગલ-પરાવર્તથી અધિક રહેતો નથી. આ બાબત જિનમતમાં પ્રસિદ્ધ છે.

**ટીકાર્થ**—ભાવથી ચૈત્યવંદનની પ્રાપ્તિ થતાં જીવોનો સંસાર દેશોન અર્ધપુદ્ગલ પરાવર્તથી અધિક રહેતો નથી. આ હકીકત જિનોક્ત આગમમાં પ્રસિદ્ધ છે.

(આવશ્યક નિર્યુક્તિ ગાથા-૮૫૩માં) કહ્યું છે કે—

**"શ્રુતમાં ઉત્કૃષ્ટ અંતરકાળ અનંત (અસંખ્ય પુદ્ગલપરાવર્ત પ્રમાણ) છે. સમ્યક્ત્વ, દેશવિરતિ અને સર્વવિરતિ એ ત્રણમાં ઉત્કૃષ્ટ અંતરકાળ દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત પ્રમાણ છે. તીર્થંકર આદિની બહુ આશાતના કરનારને ઉત્કૃષ્ટ અંતર હોય છે."**

એથી અનાદિસંસારમાં પ્રાપ્ત થયેલી એ વંદના દ્રવ્યથી હતી અને નિષ્ફળ હતી.

**ભાવાર્થ**—શુદ્ધચૈત્યવંદનની પ્રાપ્તિ થયા પછી સંસાર દેશોન અર્ધપુદ્ગલ પરાવર્તથી અધિક રહેતો નથી. તેટલા કાળમાં અનંતીવાર ચૈત્યવંદનની પ્રાપ્તિ થાય નહિ. એનો અર્થ એ થયો કે શુદ્ધચૈત્યવંદનની પ્રાપ્તિ અનંતીવાર થાય નહિ. અનંતીવાર ચૈત્યવંદનની પ્રાપ્તિ થઈ છે એ વાત પણ નિશ્ચિત છે. એટલે માનવું જ પડે કે અનંતીવાર પ્રાપ્ત થયેલું ચૈત્યવંદન અશુદ્ધ હતું. (૩૨)

**इय तंतजुत्तिओ खलु णिरूवियव्वा बुहेहिं एसत्ति ।**
**ण हु सत्तामेत्तेणं, इमीइ इह होइ णेव्वाणं ॥३३॥**

**પ્રસ્તુત અર્થનો(=વિષયનો) ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ**—વિદ્વાનોએ આ પ્રમાણે આગમ અને યુક્તિથી આ વંદના વિચારવી. વંદનાની સત્તામાત્રથી મોક્ષ ન થાય.

**ટીકાર્થ**—આ પ્રમાણે આગમ અને યુક્તિથી મોક્ષાર્થી વિદ્વાનોએ ચૈત્યવંદનનો વિચાર કરવો જોઈએ. કારણ કે ચૈત્યવંદનની સત્તામાત્રથી, અર્થાત્ ગમે તેવું પણ ચૈત્યવંદન જ છે ને ? એમ માનીને ગમે તેમ ચૈત્યવંદન કરવાથી, મોક્ષ ન જ થાય. અર્થાત્ અશુદ્ધચૈત્યવંદનથી મોક્ષ ન થાય, કિંતુ શુદ્ધચૈત્યવંદનથી મોક્ષ થાય. માટે શુદ્ધ- ચૈત્યવંદનમાં આદર કરવો જોઈએ. (૩૩)

**किंचेह छेयकूडगरूवगणायं भणंति समयविऊ ।**
**तंतेसु चित्तभेयं, तंपि हु परिभावणीयं ति ॥३४॥**

**અહીં જ શુદ્ધ-અશુદ્ધ વંદનાના વિચારમાં વિશેષ કહે છે—**

**ગાથાર્થ**—વળી વંદનામાં સિદ્ધાંતના જ્ઞાતાઓ શાસ્ત્રોમાં જે વિચિત્ર પ્રકારનું શુદ્ધ-અશુદ્ધ રૂપિયાનું દૃષ્ટાંત કહે છે તેને પણ અવશ્ય વિચારવું.

**ટીકાર્થ—સિદ્ધાંતના જ્ઞાતાઓ**—શ્રીભદ્રબાહુસ્વામી વગેરે. **શાસ્ત્રોમાં**=આવશ્યક-નિર્યુક્તિ આદિ ગ્રંથોમાં. **વિચિત્ર પ્રકારનું**—ચાર પ્રકારનું.

સિદ્ધાંતના જાણનારા ભદ્રબાહુસ્વામી વગેરેએ આવશ્યક નિર્યુક્તિ આદિ ગ્રંથોમાં ચાર પ્રકારના શુદ્ધ-અશુદ્ધ રૂપિયાનું દૃષ્ટાંત કહ્યું છે. તે આ પ્રમાણે—

**"રૂપું અશુદ્ધ હોય કે મુદ્રા ખોટી હોય તો રૂપિયો અશુદ્ધ છે. રૂપું અને મુદ્રા એ બંને શુદ્ધ હોય તો રૂપિયો શુદ્ધ બને છે."** (આવ. નિ. ગા. ૧૧૩૮)

પ્રસ્તુતમાં તે દૃષ્ટાંત પણ અવશ્ય વિચારવું. અર્થાત્ પ્રસ્તુતમાં જેમ અનંતદ્રવ્યલિંગ-ગ્રહણથી ચૈત્યવંદનની અશુદ્ધિનો વિચાર કર્યો તેમ શુદ્ધ-અશુદ્ધ રૂપિયાના દૃષ્ટાંતથી પણ ચૈત્યવંદનની અશુદ્ધિનો અવશ્ય વિચાર કરવો. (૩૪)

**दव्वेणं टंकेण य, जुत्तो छेओ हु रूवगो होइ ।**
**टंकविहूणो दव्वेऽवि ण खलु एगंतछेओत्ति ॥३५॥**

**વિચિત્ર (ચાર) પ્રકારનું એમ કહ્યું. આથી હવે તેને (ચાર પ્રકારને) જ બતાવતા ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ-ટીકાર્થ**—(પહેલો પ્રકાર-) સોનું કે રૂપું આદિ દ્રવ્યથી અને મુદ્રાથી-(=છાપથી) યુક્ત રૂપિયો શુદ્ધ છે. (બીજો પ્રકાર-) સોનું કે રૂપું આદિ દ્રવ્ય હોય પણ મુદ્રા ન હોય તો રૂપિયો પૂર્ણ શુદ્ધ નથી. કારણ કે મુદ્રા ન હોવાથી અંશથી ખોટો છે. (૩૫)

**अद्दव्वे टंकेणवि, कूडो तेणवि विणा उ मुद्दत्ति ।**
**फलमेत्तो एयं चिय, मुद्धाण पयारणं मोत्तुं ॥३६॥**

**હવે ત્રીજા (અને ચોથા) પ્રકારને કહે છે—**

**ગાથાર્થ-ટીકાર્થ**—મુદ્રા હોય, પણ સુવર્ણ વગેરે દ્રવ્ય ન હોય તો રૂપિયો પૂર્ણ શુદ્ધ નથી. (ચોથો પ્રકાર-) મુદ્રા અને દ્રવ્ય એ બંનેથી રહિત રૂપિયો ચિહ્નમાત્ર છે. રૂપિયાના ચાર પ્રકારથી ફળ રૂપિયાના પ્રકાર પ્રમાણે જ મળે છે. અર્થાત્ પહેલા પ્રકારના રૂપિયાથી પૂર્ણ ફળ મળે, બીજા પ્રકારના રૂપિયાથી કંઈક ઓછું ફળ મળે, ત્રીજા પ્રકારના રૂપિયાથી વિવક્ષિત ફળ ન મળે, ચોથા પ્રકારના રૂપિયાથી જરાય ફળ ન મળે.

**પ્રશ્ન**—શું છેલ્લા બેપ્રકારના રૂપિયાથી કંઈ ફળ ન મળે ?

**ઉત્તર**—(मुद्धाणं पयारणं मोत्तुं)મુગ્ધ જીવોને છેતરવા સિવાય કંઈ ફળ ન મળે. મુગ્ધ જીવોને છેતરવારૂપ ફળ મળે છે.

**ગાથાના ઉત્તરાર્ધનો બીજો અર્થ**

અથવા સામાન્યથી દૃષ્ટાંતની ઘટનાને કહે છે-(एत्तो=) ચૈત્યવંદનથી (मु० प०

मो०=) મુગ્ધોને છેતરવા સિવાય (एयं चिय=) રૂપિયાના જેવું જ ફળ મળે છે.

**ભાવાર્થ**—રૂપિયાથી મુગ્ધોને છેતરવાનું થાય, પણ ચૈત્યવંદનથી મુગ્ધોને છેતરવાનું ન થાય. (૩૬)

**तं पुण अणत्थफलदं णेहाहिगयं जमणुवओगित्ति ।**
**आयगयं चिय एत्थं चिंतिज्जइ समयपरिसुद्धं ॥३७॥**

**પહેલી વ્યાખ્યાના પક્ષમાં અવતરણિકા આ પ્રમાણે છે—બીજાને છેતરવારૂપ ફળથી ફળવાળું થશે એવી આશંકા કરીને કહે છે—**

**ગાથાર્થ**—તે ફળ અનર્થફળને આપનારું છે. આથી તે ફળ પ્રસ્તુતમાં ઉપયોગી નથી. અહીં શાસ્ત્રથી પરિશુદ્ધ આત્મગત જ ફળ વિચારાય છે.

**ટીકાર્થ—તે ફળ**—રૂપિયાના છેલ્લા બે ભાંગાઓથી થનારું મુગ્ધજીવોને છેતરવારૂપ ફળ.

**આત્મગત જ ફળ**—પોતાને જ મળતું ફળ, અર્થાત્ ખરીદનારને પોતાને મળતું ફળ અહીં વિચારાય છે, બીજાની છેતરામણી આદિ પરને મળતું ફળ વિચારાતું નથી. અથવા આત્મગત જ એવા શબ્દના સ્થાને આયગત જ એવો શબ્દ છે. તેનો અર્થ આ પ્રમાણે છે— અહીં (=રૂપિયાની વિચારણા કરવામાં) રૂપિયો આપવાથી ઇષ્ટવસ્તુનો જે લાભ થાય તે ફળને જ વિચારાય છે. ૩૬મી ગાથામાં જણાવેલી બીજી વ્યાખ્યા પ્રમાણે આ ગાથાનો અર્થ આ પ્રમાણે છે—

**પ્રશ્ન**—ચૈત્યવંદનથી પણ (અભયકુમારને ઠગનાર વેશ્યા આદિની જેમ) બીજાઓને છેતરવારૂપ ફળ જોવામાં આવ્યું છે.

**ઉત્તર**—ચૈત્યવંદનમાં બીજાઓને છેતરવારૂપ ફળ વિચારાતું નથી, કિંતુ જીવસંબંધી જ (ચૈત્યવંદન કરનાર જીવને પોતાને મળતું આગમોક્ત મોક્ષ વગેરે ફળ વિચારાય છે.

**ભાવાર્થ**—મુગ્ધ જીવોને છેતરવા રૂપ ફળ અનર્થફળને આપનારું છે. આથી તે નિષ્ફળ હોવાથી અહીં વિવક્ષિત નથી, અર્થાત્ સજ્જનો (વિવેકી માણસો) અનર્થફળને આપે તેવા ફળને ફળરૂપ કહેતા નથી. મુગ્ધ જીવોની છેતરામણી અનર્થફળને આપનારી હોવાથી ફળરૂપ નથી. આથી અહીં ધર્મશાસ્ત્રથી શુદ્ધ ગણાતું (आयगयं चिय)શુદ્ધ રૂપિયો આપવાથી ખરીદનારને થતી ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિરૂપ જ ફળ વિચારવામાં આવે છે. જ્યારે મુગ્ધોને છેતરવા એ ધર્મશાસ્ત્રથી અશુદ્ધ છે.

ચૈત્યવંદનના પક્ષમાં—જેમ અશુદ્ધ રૂપિયા વડે બીજાને ઠગવાથી મળતું ફળ વાસ્તવિક ફળ નથી, તેમ અશુદ્ધ ચૈત્યવંદન વડે બીજાને ઠગવાથી મળતું ફળ વાસ્તવિક ફળ નથી. અહીં (आयगयं चिय)આત્મસંબંધી આગમોક્ત મોક્ષાદિ ફળની વિચારણા કરવામાં આવે છે. ચૈત્યવંદન વડે બીજાને ઠગવાથી મળતું ફળ આત્મસંબંધી નથી. (૩૭)

**भावेणं वण्णाईहिं चेव सुद्धेहिं वंदणा छेया ।**
**मोक्खफलच्चिय एसा, जहोइयगुणा य णियमेणं ॥३८॥**

આ પ્રમાણે ફળસહિત દૃષ્ટાંતને કહીને હવે ફળસહિત દાર્ષ્ટાન્તિકને (=ચૈત્યવંદનને) કહે છે—અથવા સામાન્યથી દાર્ષ્ટાન્તિક ઘટનાને કહીને હવે તેને જ વિશેષથી કહે છે—

**(ચૈત્યવંદનની રૂપિયાના પહેલા પ્રકારની સાથે ઘટના—)**

**ગાથાર્થ**—જે વંદના ભાવથી અને શુદ્ધ વર્ણાદિથી શુદ્ધ છે તે વંદના અવશ્ય મોક્ષફળવાળી અને યથોદિત ગુણવાળી થાય છે.

**ટીકાર્થ—ભાવથી**—શ્રદ્ધાયુક્ત ભક્તિરૂપ

**વર્ણાદિથી**—વર્ણ એટલે રૂપિયાની મુદ્રાસમાન અક્ષરો વગેરે. આદિશબ્દથી (૧૦મી ગાથામાં કહેલ) વંદન સંબંધી ક્રિયાના આલંબનો વગેરે સમજવું.

**યથોદિત ગુણવાળી**—૧૫મી ગાથામાં કહેલ લાભવાળી.

**ભાવાર્થ**—શ્રદ્ધાયુક્ત ભક્તિરૂપ ભાવથી અને સ્પષ્ટ ઉચ્ચાર, વ્યવસ્થિત મુદ્રા આદિ શુદ્ધિથી સહિત વંદના શુદ્ધ છે. (અહીં રૂપિયા સાથે ઘટનામાં દ્રવ્યના સ્થાને આંતરિકભાવ અને મુદ્રાના સ્થાને સ્પષ્ટ ઉચ્ચાર આદિ બાહ્યવિધિ સમજવી.) આ વંદના અવશ્ય મોક્ષરૂપ ફળને આપનારી છે. અને અવશ્ય યથોદિત ગુણવાળી પણ છે.

યથોદિત ગુણવાળી એટલે પૂર્વે કહ્યું છે તેવા ગુણવાળી. પૂર્વે ૧૫મી ગાથામાં કહ્યું છે કે—ચૈત્યવંદનમાં વિધિની કાળજી રાખવાથી પ્રાયઃ આ લોકમાં પણ ધન-ધાન્યાદિની હાનિ થતી નથી. એટલે શુદ્ધચૈત્યવંદન જેમ પ્રધાનપણે મોક્ષફળ આપનાર છે, તેમ ગૌણરૂપે આ લોક સંબંધી ભૌતિક અનુકૂળતા પણ આપનાર છે. (૩૮)

**भावेणं वण्णाईहिं तहा उ जा होइ अपरिसुद्धत्ति ।**
**बीयगरूवसमा खलु, एसावि सुहत्ति णिद्दिट्ठा ॥३९॥**

**ચૈત્યવંદનની રૂપિયાના બીજા પ્રકારની સાથે ઘટના કહે છે—**

**ગાથાર્થ**—જે વંદના ભાવથી યુક્ત હોય, પણ વર્ણોચ્ચાર આદિથી અશુદ્ધ હોય, તે વંદના બીજા રૂપિયા સમાન છે. આ વંદનાને પણ તીર્થંકરોએ શુભ કહી છે. કારણ કે ક્રિયાથી ભાવ અધિક શ્રેષ્ઠ છે, અર્થાત્ ક્રિયામાં ભાવની પ્રધાનતા છે.

**ટીકાર્થ**—કહ્યું છે કે—

**"ક્રિયારહિત ભાવ અને ભાવરહિત ક્રિયા એ બંને વચ્ચે સૂર્ય અને આગિયા જેટલું અંતર છે. ક્રિયારહિત ભાવ સૂર્ય સમાન છે. ભાવરહિત ક્રિયા આગિયા સમાન છે."** (૩૯)

**भावविहूणा वण्णाइएहि सुद्धावि कूडरूवसमा ।**
**उभयविहूणा णेया, मुद्दप्पाया अणिट्ठफला ॥४०॥**

**ચૈત્યવંદનની રૂપિયાના ત્રીજા-ચોથા પ્રકારની સાથે ઘટના કરવા માટે કહે છે–**

**ગાથાર્થ-ટીકાર્થ**–ભાવથી રહિત એટલે કે અપુનર્બંધક આદિને યોગ્ય શ્રદ્ધાભક્તિથી રહિત વંદના વર્ણોચ્ચાર આદિ વિધિથી શુદ્ધ હોવા છતાં ખોટા (દ્રવ્ય રહિત છાપવાળા) રૂપિયા સમાન છે. ભાવ અને વર્ણોચ્ચાર આદિ વિધિ એ બંનેથી રહિત વંદના માત્ર ચિહ્ન રૂપ જાણવી. આ બંને પ્રકારની વંદના અનર્થફળ વાળી છે. (૪૦)

**होइ य पाएणेसा, किलिट्ठसत्ताण मंदबुद्धीणं ।**
**पाएण दुग्गइफला, विसेसओ दुस्समाए उ ॥४१॥**

**ત્રીજા ચોથા પ્રકારની વંદના કેવા જીવોને હોય અને કયા ફળવાળી હોય તે કહે છે–**

**ગાથાર્થ**–ત્રીજા-ચોથા પ્રકારની વંદના પ્રાયઃ અતિશયસંક્લેશવાળા અને જડબુદ્ધિવાળા જીવોને હોય છે. તથા પ્રાયઃ કરીને દુર્ગતિરૂપ ફલવાળી થાય છે. પાંચમા આરામાં તો વિશેષથી દુર્ગતિરૂપ ફળવાળી થાય છે.

**ટીકાર્થ–પ્રાયઃ**–ક્યારેક ઉપયોગરહિત અવસ્થામાં સંક્લેશરહિત જીવોને પણ આ(=ત્રીજા-ચોથા પ્રકારની) વંદના હોય છે. માટે અહીં પ્રાયઃ કહ્યું છે.

**જડબુદ્ધિવાળા**–મિથ્યાત્વથી હણાયેલા હોવાથી જડબુદ્ધિવાળા છે.

**પ્રાયઃ કરીને**–કેટલાક જીવોને મુદ્રાતુલ્ય પણ તે વંદના સંપૂર્ણ વંદનાનું કારણ બનવાથી સુગતિફળ આપનારી પણ થાય છે એ જણાવવા માટે અહીં પ્રાયઃ કરીને એમ કહ્યું છે.

**દુર્ગતિફળવાળી**–હલકા દેવોમાં ઉત્પત્તિ આદિફળવાળી.

ત્રીજા-ચોથા પ્રકારની વંદના પ્રાયઃ અતિશય સંક્લેશવાળા અને જડબુદ્ધિવાળા જીવોને હોય છે. તથા પ્રાયઃ હલકા દેવોમાં ઉત્પત્તિ આદિ કુગતિ આપનારી છે. પાંચમા આરામાં તો કાળદોષથી વિશેષરૂપે કુગતિ આપનારી બને છે. (૪૧)

**अण्णे उ लोगिगच्चिय, एसा णामेण वंदणा जइणी ।**
**जं तीइ फलं तं चिय, इमीएँ ण उ अहिगयं किंचि ॥४२॥**

**આ જ વિષયમાં મતાંતરને કહે છે–**

**ગાથાર્થ**–બીજાઓ કહે છે કે–ત્રીજા-ચોથા પ્રકારની વંદના લૌકિક જ છે. નામમાત્રથી જૈનવંદના છે. કારણ કે લૌકિકવંદનાથી જે ફળ મળે છે તે જ ફળ આ વંદનાથી મળે છે. લૌકિક વંદનાથી જરાપણ અધિક ફળ મળતું નથી.

**ટીકાર્થ**–કોઈક આચાર્યો આ વંદનાને **અનિષ્ટ ફળવાળી** કહે છે. સાક્ષાત્ અનર્થ ફળને **ન જોનારા કેટલાક આચાર્યો** કહે છે કે ત્રીજા-ચોથા પ્રકારની વંદના લૌકિક જ છે, જૈનેતરો સ્વમાન્ય દેવને જે વંદના કરે છે તે વંદના છે, માત્ર નામથી જૈનવંદના તરીકે પ્રસિદ્ધ છે. કારણ કે લૌકિક વંદનાનું જે ફળ છે તે જ ફળ આ વંદનાનું છે. લૌકિક વંદનાથી હલકી દેવગતિમાં ઉત્પત્તિ આદિ ફળ મળે છે, તે જ ફળ આ વંદનાથી મળે છે. જેમ લૌકિક વંદનાથી મોક્ષાદિ ફળ મળતું નથી, તેમ આ વંદનાથી પણ મોક્ષાદિ ફળ મળતું નથી. આથી જે ફળ લૌકિક વંદનાથી મળે છે તે જ ફળ આ વંદનાથી મળે છે. જો આ વંદનાથી મોક્ષાદિ ફળ મળતું હોય તો લૌકિક વંદનાના ફળથી અધિક ફળ મળે છે એમ કહેવાય. પણ તેમ તો છે જ નહિ. માટે લૌકિક વંદનાના ફળથી આ વંદનાનું ફળ જરા પણ અધિક નથી. (૪૨)

**एयंपि जुज्जइ च्चिय, तदणारंभाउ तत्फलं व जओ ।**
**तप्पच्चवायभावोऽवि हंदि तत्तो ण जुत्तत्ति ॥४३॥**

**અન્ય આચાર્યોના આ જ મતમાં (પોતાની) સંમતિ માટે કહે છે–**

**ગાથાર્થ**–બીજાઓનો મત પણ ઘટે જ છે. જૈનવંદનાની શરૂઆત જ થઈ નથી. કારણ કે જૈનવંદનાના ફળની જેમ તેનાથી અનર્થફળ પણ ઘટતું નથી.

**ટીકાર્થ–બીજાઓનો મત**–ત્રીજા-ચોથા પ્રકારની વંદના લૌકિક છે એ મત.

**પણ**–કેવળ અમોએ કહેલું અનિષ્ટફળ જ ઘટે છે, એમ નહિ કિંતુ અન્ય આચાર્યોનો પણ મત ઘટે જ છે.

**જૈનવંદનાની શરૂઆત જ થઈ નથી**–અંતિમ બે વંદનામાં અપુનર્બંધકાદિનો ભાવ ન હોવાથી જૈનવંદનાની શરૂઆત જ થઈ નથી.

**જૈનવંદનાના ફળની જેમ**–જૈનવંદનાની આરાધનાથી થનારા સ્વર્ગ-અપવર્ગ-સંપત્તિક્ષુદ્ર ઉપદ્રવોની હાનિરૂપ ફળની જેમ.

**તેનાથી**–કુવંદનાથી. (ત્રીજા-ચોથા પ્રકારની વંદનાથી જેમ આરાધનાથી શુભફળ મળતું નથી, તેમ વિરાધનાથી અશુભફળ પણ મળતું નથી.)

**વિવેચન**–કેટલાક આચાર્યોનો ''ત્રીજા-ચોથા પ્રકારની વંદના જૈનવંદના નથી'' એવો મત પણ ઘટી શકે છે. કારણ કે તે બે વંદનામાં(અપુનર્બંધક આદિ અવસ્થાના) જે ભાવ જોઈએ તે ભાવ જ ન હોવાથી જૈનવંદનાની શરૂઆત જ થઈ નથી. આથી જ તે બે વંદનાથી જેમ જૈનવંદનાની આરાધનાથી મળતું આ લોકમાં ક્ષુદ્ર ઉપદ્રવોનો નાશ, ધન-ધાન્યાદિની વૃદ્ધિ, પરલોકમાં વિશિષ્ટ દેવલોકની પ્રાપ્તિ અને પરિણામે મોક્ષરૂપ શુભ ફળ મળતું નથી, તેમ જૈનવંદનાની વિરાધનાથી મળતું ઉન્માદ, રોગ, ધર્મભ્રંશ વગેરે દુષ્ટફળ પણ મળતું નથી.

આ વિષયને જરા વિસ્તારથી વિચારીએ. ઔષધિ બે જાતની હોય છે. સામાન્ય અને

ઉગ્ર. ગળો વગેરે સામાન્ય ઔષધિનું વિધિપૂર્વક સેવન કરવામાં આવે તો સામાન્ય લાભ થાય, વિશેષ લાભ ન થાય. આવી ઔષધિથી અપથ્યપાલન આદિ અવિધિ કરવામાં આવે તો જેમ લાભ ન થાય તેમ નુકસાન પણ ન થાય. ભીલામો, પારો વગેરે કેટલીક ઉગ્ર ઔષધિઓ એવી છે કે જો તેનું સેવન પથ્યસેવન આદિ વિધિપૂર્વક કરવામાં આવે તો તેનાથી આરોગ્ય આદિ વિશેષ શુભ ફળ મળે. પણ જો તેનું સેવન અપથ્ય આહારભક્ષણ આદિ અવિધિપૂર્વક કરવામાં આવે તો લાભ તો ન જ થાય, બલ્કે ખણજ, ફોડલી, મૃત્યુ વગેરે નુકસાન અવશ્ય થાય.

લૌકિકવંદના સામાન્ય ઔષધ સમાન છે. કારણ કે, લૌકિકવંદના વિધિપૂર્વક કરવામાં આવે તો પણ તેનાથી દેવલોકની પ્રાપ્તિ વગેરે સામાન્ય લાભ થાય, મોક્ષ આદિ વિશેષ લાભ ન થાય. તથા અવિધિપૂર્વક કરવામાં આવે તો તેનાથી જેમ કંઈ લાભ ન થાય તેમ કંઈ નુકસાન પણ ન થાય. જૈનવંદના ઉગ્ર ઔષધિ સમાન છે. કારણ કે જૈનવંદના વિધિપૂર્વક કરવામાં આવે તો તેનાથી આ લોકમાં ધન-ધાન્યાદિની વૃદ્ધિ, પરલોકમાં વિશિષ્ટ દેવલોકની પ્રાપ્તિ અને પરિણામે મોક્ષરૂપ વિશેષ શુભ ફળ મળે. તથા અવિધિપૂર્વક કરવામાં આવે તો તેનાથી ઉન્માદ, રોગ, ધર્મભ્રંશ વગેરે અનર્થ-નુકસાન થાય.

હવે આપણે પ્રસ્તુત ગાથાના અર્થ અંગે વિચારીએ. કોઈ વ્યક્તિ ઔષધનું સેવન કરે છે, અને સાથે અપથ્ય સેવન આદિ અવિધિ પણ કરે છે. છતાં તેને જેમ કોઈ લાભ થતો નથી, તેમ જરાય નુકસાન પણ થતું નથી. અહીં માનવું પડે કે તે ઔષધિ ઉગ્ર નથી, કિંતુ સામાન્ય છે. કેમ કે અપથ્યસેવન આદિ અવિધિ કરવા છતાં અનર્થ થયો નથી. ઉગ્ર ઔષધમાં અપથ્યસેવન આદિથી અનર્થ થયા વિના રહે નહિ. તેમ પ્રસ્તુતમાં ત્રીજા-ચોથા પ્રકારની વંદનાથી જેમ ઉક્ત વિશેષ શુભ ફળ મળતું નથી, તેમ ઉક્ત અશુભ ફળ પણ મળતું નથી. આથી તે જૈનવંદના નથી, કિંતુ લૌકિક વંદના છે એમ જરૂર માની શકાય. આ જ વાતને હવે પછીની ગાથામાં જણાવે છે. (૪૩)

**जमुभयजणणसभावा, एसा विहिणेयरेहिं ण उ अण्णा ।**
**ता एयस्साभावे, इमीएँ एवं कहं बीयं ? ॥४४॥**

**આ જ અર્થને વિચારતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–વિધિથી-અવિધિથી કરાતી જૈનવંદના ઉભય ફળને ઉત્પન્ન કરવાના સ્વભાવવાળી છે. લૌકિક વંદના તેવી નથી. (ता-)આથી(एवं-)જેનાથી વિધિપૂર્વક આરાધવાથી ઇષ્ટફળ મળે તેનાથી અવિધિપૂર્વક આરાધનાથી અનિષ્ટફળ મળે એવો ન્યાય છે. (इमीइ-)ત્રીજા-ચોથા પ્રકારની વંદનાથી (एयस्साभावे-)મોક્ષાદિ ઇષ્ટ ફળના અભાવમાં (बीयं कहं ?-)બીજું અનિષ્ટફળ કેમ મળે ? અર્થાત્ ન મળે.

**ટીકાર્થ–ઉભયફળ–**જૈનવંદના વિધિથી ઇષ્ટફળ અને અવિધિથી અનિષ્ટફળ એમ ઉભય ફળને ઉત્પન્ન કરવાના સ્વભાવવાળી છે. કેમ કે જેનાથી વિધિપૂર્વક આરાધવાથી ઇષ્ટ ફળ મળે તેનાથી અવિધિપૂર્વક આરાધવાથી અનિષ્ટ ફળ મળે એવો ન્યાય છે. લૌકિકવંદના તેવા (મોક્ષાદિ) ફળ આપનારી ન હોવાથી અવિધિથી અનિષ્ટ (ધર્મભ્રંશ વગેરે) ફળ પણ આપનારી નથી.

(ता-)આથી(एवं-)જેનાથી વિધિપૂર્વક આરાધવાથી ઇષ્ટફળ મળે તેનાથી અવિધિપૂર્વક આરાધવાથી અનિષ્ટફળ મળે એવો ન્યાય છે. (इमीइ-)ત્રીજા-ચોથા પ્રકારની વંદનાથી (एयस्साभावे-)મોક્ષાદિ ઇષ્ટ ફળના અભાવમાં (बीयं कहं ?-)બીજું અનિષ્ટફળ કેમ મળે ? અર્થાત્ ન મળે. ત્રીજા-ચોથા પ્રકારની વંદનાથી (૪૩મી વગેરે ગાથામાં જણાવેલ) ઇષ્ટફળ ન મળતું હોવાથી (૪૩મી વગેરે ગાથામાં જણાવેલ) અનિષ્ટફળ પણ મળતું નથી. ઇષ્ટ અને અનિષ્ટ ફળ ન મળવાથી આ વંદના જૈનવંદના નથી, કિંતુ લૌકિકવંદના છે. જૈનવંદનાથી વિધિથી અને અવિધિથી અનુક્રમે ઇષ્ટ અને અનિષ્ટફળ મળે છે. (૪૪)

**तम्हा उ तदाभासा, अण्णा एसत्ति णायओ णेया ।**
**मोसाभासाणुगया, तदत्थभावाणिओगेण ॥४५॥**

**આ જ વિષયનો ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ–**તેથી આ વંદના ન્યાયથી જૈનવંદના જેવી લૌકિકવંદના જાણવી. તથા આ વંદના તેના અર્થમાં ભાવ ન હોવાથી અવશ્ય મૃષાવાદથી યુક્ત છે.

**ટીકાર્થ–તેથી–**આ વંદનાથી અનર્થ ન થતો હોવાના કારણે આ વંદના જૈનવંદના નથી તેથી.

**ન્યાયથી–**જેની વિધિપૂર્વક આરાધનાથી ઇષ્ટફળ મળે તેની અવિધિપૂર્વક આરાધનાથી અનિષ્ટફળ મળે એ ન્યાયથી.

**જૈનવંદના જેવી–**સૂત્રોમાં જિન વગેરે શબ્દો હોવાથી જૈનવંદના જેવી છે.

**અર્થમાં ભાવ ન હોવાથી–**ચૈત્યવંદનમાં આવતાં સૂત્રોના અર્થમાં સમ્યક્શ્રદ્ધાદિ રૂપ ભાવ ન હોવાથી.

આ વંદનાથી અનર્થ ન થતો હોવાના કારણે જૈનવંદના ન હોવાથી તથા તેમાં જિન વગેરે શબ્દો હોવાથી જૈનવંદના જેવી લૌકિકવંદના જાણવી. તથા આ વંદના ચૈત્યવંદનમાં આવતાં સૂત્રોના અર્થમાં સમ્યક્શ્રદ્ધાદિ રૂપ ભાવ ન હોવાથી મૃષાવાદથી યુક્ત છે. જેમ કે ठाणेणं मोणेणं झाणेणं (સ્થાનથી, મૌનથી અને ધ્યાનથી) વગેરે પદો એના અર્થમાં ભાવ ભેળવ્યા વિના બોલે તો તે મૃષાવાદ જ ગણાય. કારણ કે ભાવ ન હોવાથી ધ્યાન વગેરે સાચું થતું નથી. અથવા મોક્ષ વગેરે ફળ ન મળતું હોવાથી આ ચૈત્યવંદન અવશ્ય

મૃષાવાદથી યુક્ત છે. (૪૫)

**सुहफलजणणसभावा, चिंतामणिमाइएवि णाभव्वा ।**
**पावंति किं पुणेयं, परमं परमपयबीयंति ? ॥४६॥**

**ત્રીજા-ચોથા પ્રકારની વંદનાનું ફળ કહ્યું. હવે પહેલા-બીજા પ્રકારની વંદના અયોગ્ય જીવોને દુર્લભ છે એ જણાવવા માટે કહે છે–**

**ગાથાર્થ**–અભવ્ય-અયોગ્ય જીવો શુભ ફળને ઉત્પન્ન કરવાના સ્વભાવવાળા ચિંતામણિ આદિને પણ પામતા નથી, તો પછી પરમપદનું બીજ હોવાથી ઉત્તમ એવી પહેલા-બીજા પ્રકારની વંદનાને શું પામે ? અર્થાત્ ન પામે.

**ટીકાર્થ**–[૧]અભવ્ય-અયોગ્ય જીવો શુભ ફળને ઉત્પન્ન કરવાના સ્વભાવવાળા ચિંતામણિ, કલ્પવૃક્ષ આદિને પણ પામી શકતા નથી, તો મોક્ષનું બીજ હોવાથી પ્રધાન એવી પહેલા-બીજા પ્રકારની વંદનાને કેવી રીતે પામી શકે ? અર્થાત્ ન જ પામી શકે. (૪૬)

**भव्वावि एत्थ णेया, जे आसन्ना ण जाइमेत्तेणं ।**
**जमणाइ सुए भणियं, एयं ण उ इट्ठफलजणगं ॥४७॥**

**પહેલા-બીજા પ્રકારની વંદનાને અયોગ્ય જીવો પામતા નથી. યોગ્ય પણ બધા જ પામતા નથી એમ જણાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–અહીં ભવ્યો પણ જે આસન્નભવ્યો છે તે જ આ શ્રેષ્ઠ વંદનાને પામે છે. ભવ્યજાતિમાત્રથી ભવ્યો આ વંદનાને પામતા નથી. કારણ કે સિદ્ધાંતમાં ભવ્યત્વને અનાદિકાલીન કહ્યું છે. વિદ્યમાન પણ ભવ્યત્વ ઈષ્ટફળને ઉત્પન્ન કરનારું થતું નથી.

**ટીકાર્થ**–અભવ્યો આ પ્રધાન વંદનાને પામી શકતા નથી, એનો અર્થ એ થયો કે ભવ્યો પામી શકે છે. પણ બધા જ ભવ્યો આ વંદનાને પામી શકતા નથી. ભવ્યોમાં પણ [૨]આસન્નભવ્યો જ આ વંદનાને પામી શકે છે. જાતિથી(=સ્વભાવથી) ભવ્ય હોવા છતાં જે દૂરભવ્ય છે તે જીવો આ વંદનાને પામી શકતા નથી. કારણ કે આગમમાં ભવ્યત્વને અનાદિકાલીન કહ્યું છે. અર્થાત્ જીવોમાં ભવ્યત્વ અનાદિકાળથી છે. પણ તે(-ભવ્યત્વ) સત્તામાત્રથી મોક્ષ પમાડનારું નથી. જો ભવ્યત્વ સત્તામાત્રથી મોક્ષ પમાડનારું હોય તો બધા જ ભવ્ય જીવોનો મોક્ષ થઈ જાય, પણ તેમ નથી. ભવ્ય બધા જ મોક્ષ પામતા નથી. ભવ્ય

---

૧. અભવ્ય શબ્દનો અર્થ ચિંતામણિના પક્ષમાં અયોગ્ય-પુણ્યરહિત એવો કરવો, અને વંદનાના પક્ષમાં અભવ્યજીવો કરવો.

૨. આસન્ન એટલે નજીક. જે જીવો મોક્ષની નજીક છે, એટલે કે થોડા જ કાળમાં મોક્ષ પામવાના હોય છે તે જીવો આસન્નભવ્ય છે. જેનો સંસારકાળ એક પુદ્ગલ પરાવર્તથી વધારે ન હોય તે આસન્ન ભવ્ય. જેનો સંસારકાળ એક પુદ્ગલ પરાંવર્તથી વધારે હોય તે દૂરભવ્ય.

જીવ પણ (ભવ્યત્વનો પરિપાક વગેરેથી) મોક્ષની નજીક બને છે-થોડા કાળમાં મોક્ષ પામનારો બને છે ત્યારે જ પ્રસ્તુત વંદનાને પામે છે. (૪૭)

**विहिअपओसो जेसिं, आसण्णा तेवि सुद्धिपत्तत्ति ।**
**खुद्दमिगाणं पुण सुद्धदेसणा सीहणायसमा ॥४८॥**

**જે જીવો વિધિપૂર્વક ચૈત્યવંદન કરે છે, અથવા ચૈત્યવંદનવિધિની શ્રદ્ધા કરે છે, અથવા જે જીવો વિધિ પ્રત્યે દ્વેષથી રહિત છે તે જીવો પણ આસન્નભવ્ય જ છે એમ જણાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ–**જે જીવોને વિધિપ્રત્યે દ્વેષ નથી તે જીવો પણ શુદ્ધિ પામેલા હોવાથી આસન્નભવ્ય છે. ક્ષુદ્ર જીવોરૂપ હરણોને શુદ્ધ દેશના સિંહનાદ સમાન છે.

**ટીકાર્થ–**જે જીવોને વિધિની પ્રરૂપણા થતી હોય ત્યારે વિધિ પ્રત્યે દ્વેષ થતો નથી=મધ્યસ્થતા રહે છે તે જીવો પણ ક્લિષ્ટકર્મોનો ક્ષયોપશમ થયો હોવાથી મોક્ષપદની નજીકમાં રહેલા છે. ક્લિષ્ટકર્મયુક્ત જીવો મોક્ષમાર્ગ પ્રત્યે મધ્યસ્થભાવ પણ થતો નથી. આ જ બાબતને ગ્રંથકાર કહે છે–ક્લિષ્ટકર્મયુક્ત જીવોરૂપ હરણો માટે વિધિનો ઉપદેશ સિંહની ગર્જના સમાન છે. અર્થાત્ જેમ હરણોને સિંહગર્જનાથી ત્રાસ થતો હોવાથી તે ગમતી નથી, તેમ ક્લિષ્ટકર્મવાળા જીવોને વિધિ પ્રત્યે દ્વેષના કારણે વિધિની દેશના ત્રાસ પમાડનારી હોવાથી ગમતી[1] નથી. ક્લિષ્ટકર્મવાળા જીવોને મોક્ષમાર્ગ પ્રત્યે રાગ તો ન હોય, કિંતુ મધ્યસ્થતા પણ ન હોય, દ્વેષ જ હોય. આથી જેમને વિધિ પ્રત્યે દ્વેષ નથી તે જીવો પણ આસન્નભવ્ય છે. આથી એ સિદ્ધ થયું કે ભાવથી વિધિને સેવનારા અને વિધિ પ્રત્યે બહુમાનવાળા જીવો સુતરાં આસન્નભવ્ય છે. એટલે ભાવથી વિધિનું પાલન, વિધિબહુમાન અને વિધિઅદ્વેષ એ આસન્નભવ્ય જીવોનાં લક્ષણો છે.[2] (૪૮)

**आलोचिऊण एवं, तंतं पुव्वावरेण सूरीहिं ।**
**विहिजत्तो कायव्वो, मुद्धाण हियट्ठया सम्मं ॥४९॥**

**આ પ્રમાણે વિધિથી અને અવિધિથી કરાતી વંદનાનું ફળ જણાવીને વંદના વિધિપૂર્વક કરવી જોઈએ એમ ઉપદેશ આપતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ–**આચાર્યોએ (एवं-)પૂર્વે કહ્યું તેમ(पूव्वावरेण-)પૂર્વાપરનો વિરોધ ન આવે તે રીતે શાસ્ત્રને વિચારીને મુગ્ધજીવોના હિત માટે વંદનની વિધિમાં સમ્યક્ ઉદ્યમ કરવો જોઈએ.

**ટીકાર્થ–પૂર્વાપરનો વિરોધ ન આવે તે રીતે–**એમ કહીને શાસ્ત્ર માત્ર વિચારવાનું નહિ, કિંતુ પૂર્વાપરનો વિરોધ ન આવે તે રીતે વિચારવાનું એમ જણાવ્યું છે.

---

૧.લલિતવિસ્તાર–ચૈત્યવંદનના અધિકારીનું વર્ણન.

૨.સંબોધપ્રકરણ ગા. ૩૪૦-૧૯૩.

**મુગ્ધજીવો**–ઊંડાણથી જાણવાની શક્તિથી રહિત.

**સમ્યક્**–અવિપરીતપણે.

આચાર્યોએ ઉક્ત રીતે પૂર્વાપર વિરોધ ન આવે તે પ્રમાણે પ્રવચનને વિચારીને મુગ્ધજીવોના હિત માટે વંદનાની વિધિમાં અવિપરીતપણે પ્રયત્ન કરવો જોઈએ. અર્થાત્ પ્રમાદનો ત્યાગ કરીને સ્વયં વિધિથી જ વંદના કરવી જોઈએ, અને બીજા જીવો પાસે વિધિથી જ વંદના કરાવવી જોઈએ. કારણ કે મુગ્ધજીવો બીજાઓને જોઈને પ્રવૃત્તિ કરનારા હોય છે. મુગ્ધ જીવો ગીતાર્થોને સ્વયં વિધિનું પાલન કરતા જોઈને અને બીજાઓ પાસે વિધિનું પાલન કરાવતા જોઈને સ્વયં વિધિનું પાલન કરે છે. કારણ કે મુખ્ય પુરુષોના અનુસારે માર્ગ ચાલે છે. કહ્યું છે કે–

**"જે માર્ગ ગુરુએ આચર્યો હોય તે માર્ગ બીજાઓને દુર્ગમ=કઠીન લાગતો નથી. જો આચાર્ય સૂત્રમાં કહ્યા મુજબ પ્રયત્ન કરતા હોય તો તેના આશ્રિત શિષ્યો શા માટે સીદાય? અર્થાત્ ન સીદાય." (બૃહત્કલ્પ-ગાથા-૨૪૯) "જે સાધુઓ બહુશ્રુત અને મૂળગુણ-ઉત્તરગુણોથી યુક્ત છે તે સાધુઓ દુઃષમા આદિ કાળમાં અને ભિક્ષા મુશ્કેલીથી મળતી હોય વગેરે અવસરે જે આચરણ કરે છે તે અતિશય શ્રદ્ધાસંપન્ન શિષ્યો વગેરેને આલંબનભૂત બને છે." (આવ. નિ. ગાથા-૧૨૦૧)**

વિધિપૂર્વક વંદનામાં પ્રવૃત્ત બનેલા મુગ્ધ જીવો વંદનાની આરાધનાથી થતા હિતને પામે છે અને વંદનાની વિરાધનાથી થતા અનર્થોથી બચી જાય છે.

સ્વયં ગમે તેમ ચૈત્યવંદન કરનારા અને અપુનર્બંધકના જિજ્ઞાસા આદિ લિંગોથી રહિત હોવાથી અપુનર્બંધક અવસ્થાને નહિ પામેલા લોકોને ચૈત્યવંદનનાં સૂત્રો આપનારા (પ્રેરણાદિથી ચૈત્યવંદન કરાવનારા) આચાર્યોને જોઈને શ્રી હરિભદ્રસૂરિ મહારાજે આ ઉપદેશ આપ્યો છે. આ પ્રમાણે થતી આચાર્યોની પ્રવૃત્તિથી તે આચાર્યોને અને બીજાઓને અનર્થ ન થાય, તથા અવિધિથી ગમે તેમ ક્રિયા કરવાથી શાસનની નિંદા ન થાય એ આશયથી આ ઉપદેશ આપ્યો છે. (૪૯)

**तिव्वगिलाणादीणं, भेसजदाणाइयाइं णायाइं ।**
**दट्ठव्वाइ इहं खलु, कुग्गहविरहेण धीरेहिं ॥५०॥**

**બાકી રહેલા ઉપદેશને કહે છે (ચૈત્યવંદનવિધિ યોગ્યને જ બતાવવાનો ઉપદેશ)**–

**ગાથાર્થ**–પ્રસ્તુત વંદનામાં ધીરપુરુષોએ અશાસ્ત્રીય આગ્રહનો ત્યાગ કરીને અતિશયગ્લાન આદિને પથ્યપ્રદાન આદિનાં દૃષ્ટાંતો જોવાં.

**ટીકાર્થ**–**ધીરપુરુષોએ**–અવિવેકીલોકોના અપવાદથી (-ટીકા-નિંદા આદિથી) ગભરાય નહિ તેવા અધિક સત્ત્વવાળા પુરુષોએ.

**અશાસ્ત્રીય આગ્રહ**–અવિધિથી પણ ચૈત્યવંદન કરવું જોઈએ, કારણ કે દુષ્ષમા કાળમાં વિધિ દુર્લભ છે, વિધિનો જ આગ્રહ રાખવામાં આવે તો માર્ગના ઉચ્છેદને પ્રસંગ આવે, ઈત્યાદિ અશાસ્ત્રીય આગ્રહ છે.

ધીરપુરુષોએ આ વંદનામાં અવિધિથી પણ વંદન કરવું જોઈએ, દુઃષમાકાળમાં વિધિ દુર્લભ છે, અર્થાત્ વિધિનું પાલન દુષ્કર છે, વિધિનો જ આગ્રહ રાખવામાં આવે તો માર્ગનો ઉચ્છેદ થાય વગેરે કદાગ્રહથી મુક્ત બનીને અતિશય ગ્લાન આદિને ઔષધપ્રદાન આદિનાં દૃષ્ટાંતો જોવાં. જેમ કોઈને ઔષધ આદિ આપવા તેની બાળ, યુવાન, વૃદ્ધ આદિ અવસ્થા જોવી પડે, અવસ્થા પ્રમાણે ઉચિતકાળે, ઉચિત માત્રામાં, ઉચિત ઔષધ અને પથ્ય આહાર આપવામાં આવે તો લાભ થાય, અન્યથા અધિક નુકસાન થાય. તેમ સર્વ પ્રકારના કલ્યાણને કરવાના સ્વભાવવાળી પણ વંદના જો યોગ્યને જ વિધિથી જ આપવામાં આવે અને લેનાર વિધિથી જ તેનું સેવન-આરાધન કરે તો જ લાભ કરે, અન્યથા નુકસાન કરે.

**અહીં કેટલાક માને છે કે**–શ્રાવકે (ચૈત્યવંદનમાં) માત્ર 'નમુત્થુણં' સૂત્ર બોલવું યુક્ત છે. કારણ કે જીવાભિગમ વગેરે આગમમાં વિજયદેવ વગેરેએ માત્ર નમુત્થુણંથી ચૈત્યવંદન કર્યું એમ જણાવવામાં આવ્યું છે. જીવાભિગમમાં વિજયદેવે રાયપસેણિયમાં સૂર્યાભદેવે, જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં ઈંદ્રે, જ્ઞાતાધર્મકથામાં દ્રૌપદીએ એકસો આઠ શ્લોકોની સ્તુતિ કરવા પૂર્વક માત્ર નમુત્થુણં બોલીને ચૈત્યવંદન કર્યું એમ સંભળાય છે. વિજયદેવ વગેરેનું આચરણ પ્રમાણભૂત હોવાથી અને ગણધર ભગવંત આદિના રચેલા સૂત્રોમાં નમુત્થુણંથી અધિક ચૈત્યવંદન કહેલું ન હોવાથી શ્રાવકને નમુત્થુણંથી અધિક ચૈત્યવંદન નથી.

**આનો ઉત્તર આ પ્રમાણે છે**–(૧) વિજયદેવાદિનું આચરણ પ્રમાણભૂત છે એમ જે કહ્યું તે અયુક્ત છે. કારણ કે જીવાભિગમ વગેરેમાં કહ્યું છે તે વિજયદેવ વગેરેના આચરણનો માત્ર અનુવાદ છે, અર્થાત્ એમણે જે કર્યું તે બતાવ્યું છે, પણ ચૈત્યવંદનનો વિધિ બતાવ્યો નથી. તેથી પ્રસ્તુત વંદનવિધિનો નિષેધ કરી શકાય નહિ. વિજયદેવ વગેરે અવિરત અને પ્રમાદી હોવાથી માત્ર નમુત્થુણંથી ચૈત્યવંદન કરે તો તે તેમના માટે યુક્ત ગણાય. પણ સ્વભૂમિકાને અનુરૂપ અપ્રમાદવાળા અને વિશેષભક્તિવાળા બીજા જીવો અધિક સૂત્રો બોલીને ચૈત્યવંદન કરે તો તેમાં દોષ નથી.

(૨) જો બીજાઓના આચરણના આધારે પ્રવૃત્તિ કરવાની હોય તો બીજું ઘણું જે કરવામાં આવતું નથી તે કરવું જોઈએ અને જે કરવામાં આવે છે તે ન કરવું જોઈએ. જેમ કે વિજયદેવ વગેરેએ બારશાખ, પૂતળી, ઘરનો ઉમરો, સ્તંભ, મંડપના મધ્યભાગમાં રહેલ શસ્ત્ર, વૃક્ષ, પીઠ, સિંહાસન, વાવડી વગેરેની પૂજા કરી, ભરત મહારાજે પરિવ્રાજક-વેષધારી મરીચિને વંદન કર્યું, ભાઈના વધ માટે ચક્ર ફેંક્યું, બહેનને ભોગ માટે દીક્ષા લેતી રોકી, દ્રૌપદીએ પાંચ પતિ કર્યા, પ્રદેશી રાજાએ દાનશાળાઓ કરાવી. એ પ્રમાણે બીજાએ

પણ આ બધું કરાવવું જોઈએ.

**પ્રશ્ન**–વિજયદેવ આદિએ જે ધાર્મિક કાર્ય કર્યું હોય તેનું આલંબન લેવું જોઈએ, બીજા કાર્યનું નહિ.

**ઉત્તર**–તો વિજયદેવ આદિએ પોતાની વાવડીના જળથી સિદ્ધપ્રતિમાનું પ્રક્ષાલન કર્યું હતું, આથી ઇંદ્રોએ જિનેશ્વરોનો જન્માભિષેક પુષ્કરિણી વાવડીના જ પાણીથી કરવો જોઈએ, જુદા જુદા તીર્થોની ઔષધિ, માટી વગેરેથી મિશ્રિત જુદા જુદા તીર્થના જળથી નહિ. અથવા વિજયદેવ આદિએ વાવડીના જળથી પ્રક્ષાલન નહિ કરવું જોઈએ. કેમકે ઇંદ્રોએ જિનેશ્વરોનો જન્માભિષેક તે પાણીથી નથી કર્યો. અથવા ઇંદ્રોએ નિર્વાણ પામેલા જિનેશ્વરના શરીરને ક્ષીરોદકથી (ક્ષીરસમુદ્રના પાણીથી) જ સ્નાન ન કરાવવું જોઈએ. કારણ કે તેઓએ જન્મ વખતે અને દીક્ષા વખતે જુદા જુદા તીર્થના પાણી આદિથી જિનેશ્વરોને સ્નાન કરાવ્યું છે. નમુત્થુણંનો પાઠ ડાબા ઢીંચણને સંકોચીને અને જમણા ઢીંચણને ભૂમિ ઉપર સ્થાપીને જ કરવો જોઈએ. કારણ કે ઇંદ્રોએ નમુત્થુણંનો પાઠ તે રીતે કર્યો છે. આથી મેઘકુમારે અનશનનો સ્વીકાર કરતી વખતે જે રીતે પર્યંકાસને બેસીને નમુત્થુણંનો પાઠ કર્યો હતો તે રીતે નહિ થઈ શકે. તથા દેવોએ ચોખાથી આઠ મંગળ આલેખ્યા હતાં અને ચોખાનો બલિ કર્યો હતો, આથી બીજાઓએ પણ ચોખાથી જ આઠ મંગળ આલેખવાં જોઈએ અને ચોખાનો જ બલિ કરવો જોઈએ, જુદા જુદા ભોજનનો નહિ. એ પ્રમાણે આરતિ, લૂણ ઉતારવું, જળ ઉતારવું વગેરે પણ નહિ કરી શકાય. કારણ કે એ કાર્યો ઇંદ્ર વગેરેએ કર્યા છે એવું જીવાભિગમ વગેરેમાં કહ્યું નથી.

(૩) તથા ચૈત્યવંદનમાં નમુત્થુણંથી અધિક સૂત્ર બોલવાનું આગમમાં કહ્યું નથી એમ જે કહ્યું તે પણ બરોબર નથી. કારણ કે **"ત્રણ શ્લોક રૂપ ત્રણ સ્તુતિઓ કહે ત્યાં સુધી (મંદિરમાં રહે.)"** વગેરે વ્યવહારભાષ્યનાં વચનો છે. આ વચનો સાધુને ઉદ્દેશીને છે એમ કહેવું વ્યાજબી નથી. કારણ કે સાધુ અને શ્રાવક એ બંનેને દર્શનશુદ્ધિ કરવાની હોય છે. ચૈત્યવંદન દર્શનશુદ્ધિનું કારણ છે.

ચૈત્યવંદનમાં નમુત્થુણંથી અધિક બોલવું એ સંવેગ વગેરેનું કારણ છે, અશઠ ગીતાર્થ પુરુષોએ આચરેલું છે, એમાં જિતવ્યવહારનાં લક્ષણો ઘટે છે, ચૈત્યવંદનભાષ્યના કર્તા આદિએ એનું સમર્થન કર્યું છે, આથી એ અયુક્ત નથી. ચૈત્યવંદનભાષ્યકાર આદિનાં વચનો અપ્રમાણિક ન માની શકાય. કારણ કે તેમ કરવાથી સર્વથા આગમનો બોધ ન થઈ શકે. આવશ્યકસૂત્રને પ્રામાણિક માનવાથી ચૈત્યવંદન પણ પ્રમાણભૂત બની જાય છે. કારણ કે ચૈત્યવંદનસૂત્ર આવશ્યકમાં છે. પ્રાસંગિક વર્ણન આટલું પર્યાપ્ત છે. (૫૦)

## ॥ अथ चतुर्थपञ्चाशकवृत्तिः ॥४॥

## ४. પૂજાવિધિ પંચાશક

**नमिऊण महावीरं, जिणपूजाए विहिं पवक्खामि ।**
**संखेवओ महत्थं, गुरूवएसाणुसारेण ॥१॥**

અરિહંતના ચૈત્યવંદનનો વિધિ કહ્યો. ચૈત્યવંદન પૂજાપૂર્વક કરવું જોઈએ. આથી હવે પૂજાવિધિ કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકાર મંગલ વગેરેનું પ્રતિપાદન કરવા માટે કહે છે–

**ગાથાર્થ**–શ્રી સ્વામીને વર્ધમાન જિનને પ્રણામ કરીને જિનપૂજનની મહાઅર્થવાળી વિધિને સંક્ષેપથી ગુરુના ઉપદેશ પ્રમાણે કહીશ.

**ટીકાર્થ–સંક્ષેપથી**–વિસ્તારથી તો પૂર્વાચાર્યોએ કહી જ છે. માટે હું સંક્ષેપથી કહીશ.

**મહાઅર્થવાળી**–સંક્ષેપથી છે તેથી અલ્પ અર્થવાળી હશે એવી કલ્પના કોઈ ન કરે એ માટે અહીં મહાઅર્થવાળી એમ કહ્યું છે. મહાઅર્થવાળી એટલે જેમાં ઘણું કહ્યું હોય તેવી અથવા ઘણા ફળવાળી.

**ગુરુના ઉપદેશ પ્રમાણે**–આ પૂજાપ્રકરણ સ્વયં કલ્પેલું છે એવી આશંકા કરીને અનાદેય ન થાય એ માટે ગુરુના ઉપદેશ પ્રમાણે કહીશ એમ કહ્યું છે. (૧)

**विहिणा उ कीरमाणा, सव्वच्चिय फलवती हवइ चेट्ठा ।**
**इहलोइयावि किं पुण, जिणपूया उभयलोगहिया ? ॥२॥**

**હવે પૂજાની વિધિ કહેવામાં શું પ્રયોજન છે તે કહે છે–**

**ગાથાર્થ-ટીકાર્થ**–માત્ર આ લોકમાં જ ફળ આપનારી પણ ખેતી વગેરે સઘળી જ ક્રિયા જો વિધિપૂર્વક કરવામાં આવે તો સફળ બને છે. તો ઊભયલોકમાં હિતકારી જિનપૂજા તો અવશ્ય વિધિપૂર્વક કરવામાં આવે તો જ સફળ બને. (૨)

**काले सुइभूएणं, विसिट्ठपुप्फाइएहिं विहिणा उ ।**
**सारथुइथोत्तगरुई, जिणपूजा होइ कायव्वा ॥३॥**

**હવે પૂજાની વિધિને કહે છે–**

**ગાથાર્થ**–પવિત્ર થઈને કાળે અને વિધિપૂર્વક વિશિષ્ટ પુષ્પો આદિથી અને ઉત્તમ સ્તુતિ-સ્તોત્રોથી વિસ્તૃત જિનપૂજા કરવી જોઈએ.

**ટીકાર્થ–કાળે**–હવે કહેવાશે તે કાળે.

**વિધિપૂર્વક**–હવે કહેવાશે તે વિધિથી.

**સ્તુતિ-સ્તોત્ર**—એક શ્લોકને સ્તુતિ અને ઘણા શ્લોકોને સ્તોત્ર કહેવામાં આવે છે.

**વિવેચન**—આ દ્વારગાથા છે. આ પંચાશકમાં પ્રસ્તુત ગાથામાં નિર્દિષ્ટ (૧) કાળ, (૨) શુચિ, (૩) પૂજા સામગ્રી, (૪) વિધિ અને (૫) સ્તુતિ-સ્તોત્ર એ પાંચ દ્વારોનું(=વિષયોનું) ક્રમશઃ વર્ણન કરશે. પછી પ્રણિધાન અને પૂજાની નિર્દોષતા એ બે પ્રકરણો આવશે. (૩)

**कालम्मि कीरमाणं, किसिकम्मं बहुफलं जहा होइ ।**
**इय सव्वच्चिय किरिया, णियणियकालम्मि विण्णेया ॥४॥**

## ૧. કાળદ્વાર

**પૂજામાં કાળનું મહત્ત્વ કેમ છે તે કહે છે—**

**ગાથાર્થ-ટીકાર્થ**—જેવી રીતે ખેતી સમયસર (વર્ષાદ આદિના સમયે) કરવામાં આવે તો તેનું બહુફળ મળે છે, તેવી જ રીતે બધી જ ધર્મક્રિયા સમયસર (તે તે ક્રિયાનો જે સમય હોય તે સમયે) કરવામાં આવે તો બહુ લાભ થાય છે. (૪)

**सो पुण इह विण्णेओ, संझाओ तिण्णि ताव ओहेण ।**
**वित्तिकिरियाऽविरुद्धो, अहवा जो जस्स जावइओ ॥५॥**

**હવે પૂજાકાળને વિશેષથી જણાવતા ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ-ટીકાર્થ**—ઉત્સર્ગથી સવાર, બપોર અને સાંજ એ ત્રણ સંધ્યા જિનપૂજાનો કાળ જાણવો. અથવા અપવાદથી આજીવિકાના રાજસેવા (નોકરી) વેપાર આદિ ઉપાયને ધક્કો ન પહોંચે તે રીતે રાજસેવક અને વેપારી વગેરેને દિવસનો પહેલો ભાગ વગેરે જે સમય મળે અને બે ઘડી વગેરે જેટલો સમય મળે તેટલો સમય તેનો પૂજાકાળ છે. તેવા જીવોને ત્રણ સંધ્યાનો નિયમ નથી. (૫)

**पुरिसेणं बुद्धिमया, सुहवुड्ढिं भावओ गणंतेणं ।**
**जत्तेणं होयव्वं, सुहाणुबंधप्पहाणेण ॥६॥**

**કાળપ્રરૂપણામાં અપવાદ શા માટે છે ? એવી આશંકા કરીને કહે છે—**

**ગાથાર્થ**—પરમાર્થથી પોતાની સુખવૃદ્ધિને શોધતા બુદ્ધિમાન પુરુષે તેવો પ્રયત્ન કરવો જોઈએ, કે જેથી કલ્યાણની પરંપરાનો વિચ્છેદ ન થાય, કિંતુ વૃદ્ધિ થાય.

**ટીકાર્થ**—આજીવિકાના ઉપાયને ધક્કો લાગે તે કાળે પૂજા કરવામાં આવે તો (આર્તધ્યાન આદિ દ્વારા) કલ્યાણની પરંપરાનો વિચ્છેદ થાય. માટે અહીં પૂજાના કાળમાં અપવાદ જણાવ્યો છે.

બુદ્ધિમાન પુરુષ જ ઉચિત રીતે વર્તન કરે માટે અહીં બુદ્ધિમાન એમ કહ્યું છે. (૬)

**वित्तीवोच्छेयम्मि य, गिहिणो सीयंति सव्वकिरियाओ ।**
**णिरवेक्खस्स उ जुत्तो, संपुण्णो संजमो चेव ॥७॥**

**આજીવિકાના ઉપાયને ધક્કો લાગે તે રીતે પૂજા કરવામાં આવે તો આજીવિકાનો વિચ્છેદ થાય અને એથી (આર્તધ્યાન આદિ દ્વારા) કલ્યાણની પરંપરાનો વિચ્છેદ થાય એમ કહે છે–**

**ગાથાર્થ**–આજીવિકાના ઉપાયને ધક્કો લાગે તે કાળે પૂજા કરવામાં આજીવિકાનો વિચ્છેદ થાય, આજીવિકાનો વિચ્છેદ થતાં ગૃહસ્થની ધર્મની અને વ્યવહારની બધી ક્રિયાઓ સીદાય[1]. આજીવિકામાં નિઃસ્પૃહને તો પરિપૂર્ણ સંયમ જ યોગ્ય છે.

**ટીકાર્થ-પ્રશ્ન**–બીજી ક્રિયાઓ ભલે સીદાય. સઘળા પાપોનો નાશ કરનાર જિનપૂજા કરવામાં પ્રવૃત્ત થયેલાને બીજી ક્રિયાઓથી શું ?

**ઉત્તર**–આજીવિકામાં નિઃસ્પૃહને તો સાધુની જેમ પરિપૂર્ણ સંયમ=સાધુધર્મ જ સ્વીકારવા યોગ્ય છે. સર્વવિરતિરૂપ સંયમ વિના સર્વથા નિઃસ્પૃહ બની શકાય નહિ.

**પ્રશ્ન**–સંયમ પરિપૂર્ણ કેમ છે ?

**ઉત્તર**–સંયમ સર્વવિરતિરૂપ હોવાથી પરિપૂર્ણ છે. (૭)

**ताऽऽसिं अविरोहेणं, आभिग्गहिओ इहं मओ कालो ।**
**तत्थावोच्छिण्णो जं, णिच्चं तक्करणभावोत्ति ॥८॥**

**હવે કાળદ્વારનો ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–તેથી આજીવિકાનો વિરોધ ન આવે તે રીતે જિનપૂજા કરવાનો અભિગ્રહ એ જ અહીં પૂજાનો કાળ સંમત છે. કારણ કે અભિગ્રહ હોય તો પ્રતિદિન પૂજા કરવાનો ભાવ અભંગ રહે છે.

**ટીકાર્થ**–આથી આજીવિકાનો વિરોધ ન આવે તે રીતે જિનપૂજાનો અભિગ્રહ કરવો જોઈએ. જિનપૂજામાં આવો અભિગ્રહ એ જ પૂજાનો કાળ છે. અર્થાત્ દરરોજ જિનપૂજા કર્યા વિના મારે ભોજન કરવું નહિ, અથવા સૂવું નહિ વગેરે કોઈ પણ અભિગ્રહ આજીવિકાને બાધા ન પહોંચે તે રીતે જિનપૂજા માટે કરવો જોઈએ.

**પ્રશ્ન**–આ રીતે અભિગ્રહ લેવાથી તો પૂજા કરવાની ઇચ્છા ન હોય તો પણ

---

૧. ગરીબ કે મધ્યમવર્ગના આરાધકો માટે આ અપવાદ છે. સ્થિતિસંપન્ન આરાધકોએ તો વેપારમાં થોડો ધક્કો પહોંચે તો પણ ત્રિકાળ જિનપૂજા કરવા પ્રયત્નશીલ બનવું જોઈએ. કારણ કે સ્થિતિ સંપન્ન માણસોને કદાચ વેપારમાં થોડો ધક્કો પહોંચે તો પણ જીવનમાં તેની અસર થતી નથી. એથી અહીં આજીવિકાના ઉપાયને ધક્કો પહોંચાડવાથી પરિણામે જે નુકસાનો બતાવ્યા છે તે થતાં નથી.

અભિગ્રહના કારણે બળાત્કારે અકાળે પણ પૂજા કરવી પડે. આ રીતે સ્વરસ=પોતાની ભાવના વિના પૂજા કરવાથી શો લાભ ? કોઈપણ ધર્મક્રિયા સ્વરસથી=પોતાની ભાવનાથી કરવામાં આવે તો લાભ થાય.

**ઉત્તર**–અભિગ્રહ લેવાથી દરરોજ પૂજા કરવાનો પરિણામ અભંગ રહે છે. અભંગ પરિણામ અભંગપુણ્યબંધનો હેતુ છે. આથી અભિગ્રહ એ જ પૂજાનો કાળ છે.

(અભિગ્રહથી મારે નિયમ છે માટે કોઈપણ સંયોગોમાં મારે પૂજા કરવી જ છે આવો ભાવ સદા રહે છે. ભાવ વિના કર્યું ત્યારે કહેવાય કે જ્યારે કોઈના બળાત્કારથી કરે. અહીં તો પોતાની ભાવનાથી કરે છે. ભાવના ટકી રહેવાનું કારણ નિયમ છે. નિયમ ન હોય તો મારે ક્યાં નિયમ છે ? એમ વિચારીને પૂજામાં આળસ આવી જાય, પરિણામે પૂજા કરવાના પરિણામ પણ ચાલ્યા જાય. આવું તો ઘણા જીવો માટે બને છે. અભિગ્રહમાં પરિણામને ટકાવી રાખવાનો ગુણ છે. અભંગપરિણામથી અભંગપુણ્યબંધ થાય છે. અભંગપુણ્યબંધ એટલે સતત પુણ્યબંધ. અભિગ્રહથી પૂજા કરે તો જ પુણ્ય બંધાય એમ નહિ, કિંતુ પૂજા ન કરે તો પણ પુણ્યબંધ થાય, અર્થાત્ સતત નિત્ય=પ્રતિદિન પુણ્યબંધ થયા કરે. કારણ કે અભિગ્રહના કારણે પૂજા કરવાના પરિણામ દરરોજ રહે છે. આ નિયમ કોઈપણ ધર્મના અનુષ્ઠાનમાં લાગી શકે. અભિગ્રહની મહત્તાના અનેક કારણોમાં આ પણ એક કારણ છે.) (૮)

**तत्थ सुइणा दुहावि हु दव्वे ण्हाएण सुद्धवत्थेण ।**
**भावे उ अवत्थोचियविसुद्धवित्तिप्पहाणेण ॥९॥**

## ૨. શુચિદ્વાર

**કાળદ્વાર કહ્યું. હવે શુચિ દ્વારને કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–દ્રવ્યથી અને ભાવથી એમ બંનેથી શુદ્ધિ કરીને જિનપૂજા કરવી જોઈએ. પાણી વડે દેશથી કે સર્વથી શરીરની શુદ્ધિ કરવી તે દ્રવ્યથી શુદ્ધિ છે. હાથ-પગ-મુખ વગેરે અંગોને પાણીથી ધોવાં તે દેશથી શુદ્ધિ છે. સંપૂર્ણ શરીરે સ્નાન કરવું તે સર્વથી શુદ્ધિ છે. અથવા શુદ્ધ અને સફેદ વસ્ત્રોથી પૂજા કરવી તે દ્રવ્યથી શુદ્ધિ છે.

દેશ-કાળની વિશિષ્ટ અવસ્થા પ્રમાણે પોતાની ભૂમિકાને યોગ્ય અને લગભગ નિષ્પાપ(=અલ્પ પાપવાળી) આજીવિકાથી, અર્થાત્ નીતિથી મેળવેલા ધનથી પૂજા કરવી એ ભાવશુદ્ધિ છે. ભાવથી ન્યાય જ શુદ્ધિ છે. કારણ કે ન્યાય કર્મમળના સમૂહને ધોવા માટે પાણી તુલ્ય છે. (૯)

**ण्हाणाइवि जयणाए, आरंभवओ गुणाय णियमेण ।**
**सुहभावहेउओ खलु विण्णेयं कूवणाएणं ॥१०॥**

**સ્નાન વગેરે જીવસમૂહના નાશનું કારણ હોવાથી દોષવાળું છે, આથી ન કરવું જોઈએ એવી આશંકા કરીને કહે છે–**

**ગાથાર્થ–**આરંભવાળાને યતનાથી સ્નાનાદિ પણ અવશ્ય લાભ માટે થાય છે. કારણ કે સ્નાનાદિ શુભભાવનું કારણ છે. આ વિષયને કૂવાના દૃષ્ટાંતથી જાણવો.

**ટીકાર્થ–**સ્વજન-ધન-ઘર આદિ માટે ખેતી આદિ ક્રિયાથી પૃથ્વી આદિ જીવોની હિંસાવાળા ગૃહસ્થને, રક્ષણ કરવાને શક્ય હોય તેવા જીવોની રક્ષા કરવા રૂપ યતના વડે, દેહશુદ્ધિ વગેરે પણ અવશ્ય પુણ્યબંધરૂપ લાભ માટે થાય છે. કારણ કે જિનપૂજા માટે કરાતા સ્નાનાદિ શુભભાવનું કારણ છે. સ્નાનપૂર્વક જિનપૂજા કરનારા કેટલાક જીવો જિનપૂજા માટે કરેલ સ્નાનાદિથી શુભભાવનો અનુભવ કરે છે.

**કૂપખનન દૃષ્ટાંત** અધિકારી (યોગ્ય) જીવને કંઈક દોષયુક્ત પણ સ્નાનાદિ વિશિષ્ટ શુભભાવનું કારણ હોવાથી લાભ કરનાર થાય છે. કારણ કે સ્નાનાદિ વિશિષ્ટ શુભભાવનું કારણ છે. જે વિશિષ્ટ શુભભાવનું કારણ હોય તે લાભ કરનારું થાય એમ જોવામાં આવ્યું છે. જેમ કે કૂવો ખોદવો. યતનાથી કરાતા સ્નાનાદિ વિશિષ્ટ શુભભાવનું કારણ હોવાથી લાભકારી છે. કૂવો ખોદવાના પક્ષમાં શુભભાવ એટલે તૃષ્ણાદિનો નાશ થવાથી આનંદ આદિની પ્રાપ્તિ.

અહીં આ કહેવાનું થાય છે–જેવી રીતે કૂપખનન શ્રમ-તૃષ્ણા-કાદવલેપ આદિ દોષોથી દુષ્ટ(અશુભ) હોવા છતાં પાણીની ઉત્પત્તિ થયા પછી ઉક્ત દોષો દૂર કરીને સ્વ-પરના ઉપકાર માટે થાય છે, એ રીતે સ્નાનાદિ પણ આરંભદોષને દૂર કરીને શુભ અધ્યવસાય ઉત્પન્ન કરવા વડે વિશિષ્ટ અશુભકર્મોની નિર્જરા અને પુણ્યબંધનું કારણ થાય છે.

સાધુને સ્નાનાદિથી પૂજા કરવી યુક્ત નથી. કારણ કે સાધુ સર્વસાવદ્યયોગોથી વિરામ પામેલો છે અને ભાવસ્તવમાં આરૂઢ થયેલો છે. ભાવસ્તવમાં આરૂઢ થયેલાને સ્નાનાદિપૂર્વક કરાતો દ્રવ્યસ્તવ કરવા યોગ્ય જ નથી. તેને ભાવસ્તવ જ કરવા યોગ્ય છે. કારણ કે ભાવસ્તવ માટે જ દ્રવ્યસ્તવ કરવાનું વિધાન છે. સાધુને ભાવસ્તવ સ્વથી (સાધુજીવનથી) જ સિદ્ધ છે. આ વિગત ગ્રંથકાર અન્ય પ્રકરણમાં જાતે જ કહેશે.

**પૂર્વપક્ષ–સ્નાનાદિ બિલકુલ નિર્દોષ નથી–**સ્નાન કરતી વખતે પણ નિર્મળ જલ સમાન (જિનપૂજા આદિ સંબંધી) શુભભાવ રહેલો હોવાથી કાદવલેપ રૂપ પાપ બિલકુલ ન લાગવાથી સ્નાનાદિ બિલકુલ નિર્દોષ છે. આથી કૂપદૃષ્ટાંતની ઘટના ઉપર બતાવી તે પ્રમાણે ન કરતાં નીચે મુજબ કરવી જોઈએ. જેમ કૂપખનન સ્વ-પરના લાભ માટે થાય છે, તેમ સ્નાન, પૂજા વગેરે સ્વયં કરવા દ્વારા અને અનુમોદનાદ્વારા સ્વ-પરના પુણ્યનું કારણ બને છે. આમ કેટલાકોનું માનવું છે.

**ઉત્તરપક્ષ–**આ કથન આગમાનુસારી નથી. કારણ કે ધર્મ માટે પ્રવૃત્તિ કરવા છતાં

તેમાં થતા આરંભથી અલ્પ પાપ થાય છે એમ માનવું એ વ્યાજબી છે. જો તેમ ન હોય તો ભગવતી સૂત્રમાં એમ કેમ કહ્યું કે–

**"હે ભગવંત ! જેઓએ પાપકાર્યોનો ત્યાગ કર્યો છે અને તેનાં પચ્ચક્ખાણ કર્યાં છે તેવા શ્રમણ કે માહણને સચિત્ત અને દોષિત અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ એ ચાર પ્રકારનો આહાર વહોરાવવાથી શું ફળ મળે ?"** ગોતમસ્વામીના આ પ્રશ્નનો ઉત્તર આપતાં ભગવાન **કહે છે કે–"હે ગૌતમ ! એને અલ્પ પાપ કર્મ બંધાય અને ઘણી નિર્જરા થાય."**

તથા ગ્લાનસાધુની સેવા કર્યા પછી તે બદલ પંચકલ્યાણક પ્રાયશ્ચિત્ત પણ કેમ આવે ? જ્યારે આગમમાં તે બદલ પંચકલ્યાણક પ્રાયશ્ચિત્ત સ્વીકારવાનું કહ્યું છે. (૧૦)

**भूमीपेहणजलछाणणाइ जयणा उ होइ ण्हाणाओ ।**
**एत्तो विसुद्धभावो, अणुहवसिद्धो च्चिय बुहाणं ॥११॥**

**યતનાથી કરેલ સ્નાન વગેરે શુભભાવનું કારણ છે એમ પૂર્વે કહ્યું છે. હવે સ્નાનની યતનાને અને યતનાથી કરાયેલ સ્નાન શુભભાવનું કારણ છે એને જણાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–સ્નાનાદિમાં ભૂમિનિરીક્ષણ જળગાલન વગેરે યતના છે. એ યતનાથી થતો વિશુદ્ધભાવ બુદ્ધિશાળીઓને અનુભવ સિદ્ધ જ છે.

**ટીકાર્થ**–જ્યાં સ્નાન કરવાનું છે ત્યાં જીવરક્ષા માટે ભૂમિનું અવલોકન કરવું, પોરા વગેરેની રક્ષા માટે પાણી ગાળવું, પાણીમાં માખી વગેરે જીવ ન પડી જાય તેની કાળજી રાખવી વગેરે સ્નાન, વિલેપન, જિનપૂજા આદિમાં યતના છે.

**પ્રશ્ન**–યતનાથી કરેલ સ્નાનાદિ શુભભાવનું કારણ છે એમ ૧૦મી ગાથામાં કહ્યું છે. પણ એમાં પ્રમાણ શું છે ?

**ઉત્તર**–આમાં અનુભવ પ્રમાણ છે. યતનાપૂર્વક સ્નાન આદિથી થતો શુભ અધ્યવસાય બુદ્ધિશાળીઓને અનુભવસિદ્ધ જ છે. આનાથી પૂર્વે શુભભાવનું કારણ છે એવો જે હેતુ કહ્યો હતો તે હેતુ અસિદ્ધ છે એવી આશંકા દૂર કરી. (૧૧)

**अन्नत्थारंभवओ, धम्मेऽणारंभओ अणाभोगो ।**
**लोए पवयणखिंसा, अबोहिबीयंति दोसा य ॥१२॥**

**આરંભવાળાને યતનાથી કરાતા સ્નાનાદિ લાભ માટે થાય છે એમ પૂર્વે જે કહ્યું હતું તેમાં કોઈ કહે છે કે આરંભવાળો પણ જો અધિક પાપભીરુ હોય તેથી તે ધર્મ માટે સ્નાનાદિ ન કરે તો અમે તેમાં કોઈ દોષ જોતા નથી એવી આશંકા કરીને કહે છે–**

**ગાથાર્થ**– અન્ય સ્થળે આરંભ કરનાર ધર્મમાં આરંભ ન કરે એ તેની અજ્ઞાનતા છે. આનાથી લોકમાં પ્રવચનહીલના અને અબોધિનું કારણ એ બે દોષો થાય.

**ટીકાર્થ**—શરીર, ઘર આદિનાં વિવિધ કાર્યોમાં આરંભ કરે અને જિનપૂજા આદિ ધર્મ માટે આરંભ ન કરે એ અજ્ઞાનતા છે. કારણ કે જિનપૂજાદિ માટે આરંભનો ત્યાગ અજ્ઞાનતાનું કાર્ય છે. જ્ઞાનના અભાવમાં જ શાસ્ત્રસંમત પણ જિનપૂજાદિમાં રહેલો આરંભ ન કરવા લાયક જણાય. આ અજ્ઞાનતા તો દોષ રૂપ છે જ, પણ એનાથી પ્રવચનહીલના અને અબોધિ એ બે દોષો પણ ઊભા થાય છે. સ્નાન કર્યા વિના પૂજા કરવાથી **"જૈનો શુદ્ધિ વિના પણ જિનની પૂજા કરે છે આથી એમનાં શાસ્ત્રોમાં પૂજાની વિધિ બતાવવામાં આવી નથી."** ઇત્યાદિ રૂપે જૈનશાસનની નિંદા થાય. જૈનશાસનની નિંદાથી તેમાં નિમિત્ત બનનારને ભવાંતરમાં જૈનશાસન મળતું નથી. આથી સ્નાન કરીને અને શુદ્ધવસ્ત્રો પહેરીને જિન પૂજા કરવી જોઈએ. (૧૨)

**अविसुद्धावि हु वित्ती, एवं चिय होइ अहिगदोसा उ ।**
**तम्हा दुहावि सुइणा, जिणपूजा होइ कायव्वा ॥१३॥**

**હવે ભાવશુદ્ધિ ન રાખવામાં થતા દોષોને કહે છે–**

**ગાથાર્થ**—આ જ પ્રમાણે વિશુદ્ધિથી રહિત આજીવિકા પણ અધિક દોષવાળી થાય છે. તેથી બંને રીતે શુદ્ધ બનીને જિનપૂજા કરવી જોઈએ.

**ટીકાર્થ**—આ જ પ્રમાણે નીતિ આદિ રૂપ શુદ્ધિથી રહિત આજીવિકાથી પણ અધિક દોષો લાગે છે. અર્થાત્ દ્રવ્યશુદ્ધિના અભાવની અપેક્ષાએ ભાવશુદ્ધિના અભાવમાં વધારે દોષો લાગે છે. કારણ કે અનીતિ આદિથી ૧૨મી ગાથામાં જણાવેલા અજ્ઞાનતા, પ્રવચનનિંદા અને અબોધિ એ ત્રણ દોષો તો લાગે જ છે, વધારામાં રાજનિગ્રહ વગેરે દોષો પણ ઉત્પન્ન થાય છે. કારણ કે આજીવિકા અન્યાયરૂપ છે. દ્રવ્યશુદ્ધિ અને ભાવશુદ્ધિના અભાવમાં આ દોષો થતા હોવાથી દ્રવ્ય અને ભાવ એ બંને રીતે શુદ્ધ બનીને જિનપૂજા કરવી જોઈએ. (૧૩)

**गंधवरधूवसव्वोसहीहिं उदगाइएहिं चित्तेहिं ।**
**सुरहिविलेवणवरकुसुमदामबलिदीवएहिं च ॥१४॥**
**सिद्धत्थयदहिअक्खयगोरोयणमाइएहिं जहलाभं ।**
**कंचणमोत्तियरयणाइदामएहिं च विविहेहिं ॥ युग्मम् ॥१५॥**

## ૩. પૂજાસામગ્રી દ્વાર

**શુદ્ધ થઈને એ દ્વાર કહ્યું. હવે "વિશિષ્ટપુષ્પાદિથી" એ દ્વારનું પ્રતિપાદન કરવા માટે કહે છે–**

**ગાથાર્થ**—ઉત્તમ કાળાગરુ વગેરે સુગંધી ધૂપ, સર્વ પ્રકારની (સુગંધી) ઔષધિઓ, જુદી જુદી જાતનાં પાણી વગેરે, સુગંધી ચંદન વગેરેનું વિલેપન, ઉત્તમ સુગંધી પુષ્પોની

માળા, બલિ=નૈવેદ્ય, દીપક, સરસવ, દહીં, ચોખા, ગોરોચન આદિ (આદિ શબ્દથી બીજી મંગલભૂત વસ્તુ સમજવી), સુવર્ણ, મોતી, મણિ વગેરેની વિવિધ માળાઓ-આવા ઉત્તમ દ્રવ્યોથી પોતાની સંપત્તિ(=આર્થિક સ્થિતિ) પ્રમાણે જિનપૂજા કરવી જોઈએ.

**ટીકાર્થ–પ્રશ્ન**–દ્વારગાથામાં 'પુષ્પાદિથી' એમ નિર્દેશ કર્યો હોવાથી અહીં (પહેલાં પુષ્પનો ઉલ્લેખ કરવાના બદલે) પહેલાં ગંધ વગેરેનો ઉલ્લેખ કરવો યુક્ત નથી.

**ઉત્તર**–દ્વારગાથામાં 'પુષ્પાદિ' એ સ્થળે રહેલા આદિ શબ્દનો પ્રકાર અર્થ છે, અર્થાત્ પુષ્પ વગેરે એવો અર્થ નથી, કિંતુ પુષ્પ જેવા પદાર્થોથી એવો અર્થ છે. આથી પહેલાં ગંધ વગેરે એમ કહેવામાં દોષ નથી.

મૂળ ગાથામાં उदगाइएहिं એ શબ્દમાં રહેલા આદિ શબ્દથી ઇક્ષુરસ, ઘી, દૂધ વગેરે સમજવું. પાણી વગેરેથી જિનબિંબનું પ્રક્ષાલન કરવું કે પાણી વગેરે મૂર્તિસમક્ષ મૂકવું એ બે રીતમાંથી રૂઢિ પ્રમાણે ગમે તે રીતે પૂજા થઈ શકે છે, બંને પ્રકારની પૂજામાં વિરોધ નથી.

**પ્રશ્ન**–જીવાભિગમ વગેરેમાં ઈક્ષુરસ વગેરેની પૂજા કહી ન હોવાથી અહીં આદિશબ્દથી ઈક્ષુરસ વગેરેનું ગ્રહણ નહિ કરવું જોઈએ.

**ઉત્તર**–એમ કહેવું વ્યાજબી નથી. કારણ કે જીવાભિગમમાં નહિ જણાવેલ નૈવેદ્ય, દીપક અને ગોરોચન વગેરે અહીં જણાવેલ છે અને જીવાભિગમમાં જણાવેલ પૂજાની સામગ્રી સંપૂર્ણ નથી. આથી જ જીવાભિગમમાં નંદાપુષ્કરિણી (વાવડી)ના પાણીથી પ્રક્ષાલન કરવાનું કહ્યું હોવા છતાં જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં વિવિધ પ્રકારના પાણીથી અને (સુગંધી) માટી, તુવર વગેરે દ્રવ્યોથી પ્રક્ષાલન કરવાનું કહ્યું છે.

**પ્રશ્ન**–ઘી વગેરે દ્રવ્યો બગડવાથી ખરાબ ગંધવાળા થઈ જતાં હોવાથી તે દ્રવ્યોથી પ્રક્ષાલન કરવું યોગ્ય નથી.

**ઉત્તર**–ખરાબ ગંધવાળા પદાર્થોથી પૂજા નહિ કરવી જોઈએ, કિંતુ શુભ ગંધવાળા દ્રવ્યોથી પૂજા કરવી જોઈએ એ વિષયમાં કોઈનો વિવાદ નથી. ગંધ વગેરેથી સુંદર ઘી વગેરે દ્રવ્યો જિનપ્રતિમાની શોભા કરનારાં છે અને પૂજા કરનાર તથા પૂજા જોનારનો ભાવોલ્લાસ કરનારાં છે. આથી ગંધ આદિથી સુંદર (ઘી વગેરે) દ્રવ્યોથી જ પ્રક્ષાલન કરવું જોઈએ, કારણ કે આ ગ્રંથમાં જ આગળ કહેશે કે **"અન્યકાર્યોનો ત્યાગ કરીને જેમ શોભે તેમ સારી રીતે પૂજા કરવી જોઈએ."** (૧૪-૧૫)

**पवरेहिं साहणेहिं, पायं भावोऽवि जायए पवरो ।**
**ण य अण्णो उवओगो, एएसि सयाण लट्ठयरो ॥१६॥**

**હવે શા માટે આ રીતે વિશિષ્ટ પુષ્પો વગેરે (ઉત્તમ દ્રવ્યોથી) પૂજા કરાય છે એવી આશંકા કરીને કહે છે–**

**ગાથાર્થ**—ઉત્તમ દ્રવ્યોથી પૂજા કરવાથી પ્રાયઃ ભાવ પણ ઉત્તમ ઉત્પન્ન થાય છે. તથા પુણ્યોદયથી મળેલી ઉત્તમ વસ્તુઓના ઉપયોગનું જિનપૂજા સિવાય બીજું કોઈ સુંદર સ્થાન નથી.

**ટીકાર્થ**—ઉત્તમ દ્રવ્યોથી પૂજા કરવાથી પ્રાયઃ ભાવ પણ ઉત્તમ જાગે છે, તે ભાવથી અશુભ કર્મનો ક્ષય થાય છે. (વ્યવહાર ભાષ્ય ઉ. ૬ ગા. ૧૮૮માં) કહ્યું છે કે—

**"દ્રવ્યો ઉત્તમ હોય તો ભાવ અધિક થાય છે. આથી વ્યવહારનય ઉત્તમ દ્રવ્યથી ઘણી નિર્જરા થાય એમ માને છે."**

કોઈ ક્લિષ્ટકર્મવાળા જીવને ઉત્તમ દ્રવ્યોથી પણ ઉત્તમ ભાવ ન આવે એવું બને. તથા કોઈ ભાગ્યશાળી જીવને ઉત્તમ દ્રવ્યો વિના જ ઉત્તમ ભાવ આવે એવું પણ બને. આથી અહીં પ્રાયઃ કહ્યું છે.

તથા પુણ્યોદયથી મળેલી ઉત્તમ વસ્તુઓના ઉપયોગનું જિનપૂજા સિવાય બીજું કોઈ સુંદર સ્થાન નથી. કહ્યું છે કે,

**"શરીર, પુત્ર કે સ્ત્રીનો કરેલો સત્કાર સંસાર માટે થાય, જ્યારે વીતરાગનો કરેલો સત્કાર સંસારનાશ માટે થાય."** (સંબોધ પ્રકરણ દેવાધિકાર ગાથા-૧૬૭.) માટે શ્રેષ્ઠપુષ્પ વગેરેથી પૂજા કરવી જોઈએ. (૧૬)

**इहलोयपारलोइयकज्जाणं पारलोइयं अहिगं ।**
**तंपि हु भावपहाणं सोऽपुण इयकज्जगम्मोत्ति ॥१७॥**

**આ જ વિષયને વિચારતા ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ**—આ લોક અને પરલોકનાં કાર્યોમાં પરલોકનું કાર્ય અધિક છે-મુખ્ય છે. પરલોકનું કાર્ય ભાવની પ્રધાનતાવાળું છે. તે ભાવ કાર્યથી જાણી શકાય છે.

**ટીકાર્થ**—આ લોક અને પરલોકનાં કાર્યોમાં પરલોકનાં કાર્યો મુખ્ય છે. તેથી પરલોકનાં કાર્યો વિશેષથી કરવા યોગ્ય છે. કારણ કે આ લોકનાં કાર્યો ન સાધવાથી જે અનર્થ થાય તેનાથી અધિક અનર્થ પરલોકનાં કાર્યો ન સાધવાથી થાય. જિનપૂજા પરલોકનું કાર્ય છે. આથી ઉત્તમવસ્તુઓના ઉપયોગનું જિનપૂજા સિવાય બીજું કોઈ સુંદર સ્થાન નથી. પરલોકનાં કાર્યોમાં ભાવની પ્રધાનતા છે. આથી પરલોકનાં કાર્યોમાં ભાવ ઉત્તમ રાખવો જોઈએ.

[પરલોકનાં કાર્યોમાં જેમ જેમ ભાવ ઉત્તમ તેમ તેમ લાભ અધિક. પરલોકનાં કાર્યોમાં ઉત્તમ ભાવ ઉત્પન્ન કરવા તેનાં સાધનો ઉત્તમ જોઈએ. જિનપૂજા પરલોકનું કાર્ય છે. માટે ઉત્તમ વસ્તુઓના ઉપયોગનું જિનપૂજા સિવાય બીજું કોઈ સારું સ્થાન નથી.]

**પ્રશ્ન**—પોતાના કે પરના આત્મામાં ઉત્તમ ભાવ ઉત્પન્ન થયો છે કે નહિ તે કેવી

રીતે જાણી શકાય ?

**ઉત્તર**–(सो विय इय कज्जगम्मो त्ति) ભાવનું પૂજામાં પુષ્પાદિ ઉત્તમ સામગ્રીનો ઉપયોગ કરવા રૂપ જે કાર્ય તે કાર્યથી ઉત્તમ ભાવ જાણી શકાય છે. અર્થાત્ જે જીવ સ્વશક્તિ પ્રમાણે પૂજામાં ઉત્તમ સામગ્રીનો ઉપયોગ કરે છે તે જીવમાં ઉત્તમ ભાવ થયો છે એમ જાણી શકાય છે. પોતાને પૂજામાં ઉત્તમ દ્રવ્યો વાપરવાનું મન થતુ હોય તો પોતાનામાં ઉત્તમ ભાવ છે એમ જાણી શકાય છે. બીજા પણ જે જીવોને પૂજામાં ઉત્તમ સામગ્રી વાપરવાનું મન થતું હોય-પોતાની શક્તિ પ્રમાણે ઉત્તમ સામગ્રી વાપરતા હોય તે જીવોમાં ઉત્તમ ભાવ છે એમ જાણી શકાય છે.

[કારણ કે સામાન્યથી એવો નિયમ છે કે જે વ્યક્તિ માટે જે પ્રમાણે હૃદયમાં ભાવ હોય તે વ્યક્તિ માટે તે પ્રમાણે બાહ્ય પ્રયત્ન કરવાનું મન થયા વિના રહેતું નથી. જેને કામિની ઉપર રાગનો ભાવ છે તેને કામિની સંબંધી રાગને પોષવા કામિની માટે સ્વશક્તિ પ્રમાણે ઉત્તમ વસ્તુઓનો ઉપયોગ કરવાનું મન થયા વિના રહેતું નથી. રાગની તરતમતા કે સંયોગો પ્રમાણે પ્રયત્નમાં તરતમતા રહે એ બનવા જોગ છે. પણ મનમાં શું ? જેને કામિની ઉપર ખૂબ રાગ હોય તેને જેમ કામિની માટે ઉત્તમ વસ્તુઓનો ઉપયોગ કરવાનું મન હોય તેમ તે શક્તિ અને સંયોગ પ્રમાણે પ્રયત્ન પણ કરે. આથી તે પોતાની શક્તિ પ્રમાણે સ્ત્રીને ઉત્તમ વસ્ત્રો, ઉત્તમ અલંકારો, ઉત્તમ સૌંદર્યનાં સાધનો વગેરે આપે છે. એ જ પ્રમાણે જેને શુભભાવ ઉત્પન્ન થવાથી જિન પ્રત્યે અધિક રાગ છે તેને જિનપૂજા માટે ઉત્તમ દ્રવ્યો વાપરવાનું મન થયા વિના રહેતું નથી. આથી તે પોતાની શક્તિ અને સંયોગ આદિ પ્રમાણે પૂજામાં ઉત્તમ દ્રવ્યોનો ઉપયોગ કરે છે. આથી જિનપૂજામાં ઉત્તમ દ્રવ્યોનો ઉપયોગ કરનાર જીવમાં ઉત્તમ ભાવ થયો છે એ સૂચિત થાય છે.

**તાત્પર્ય**–ઉત્તમ ભાવ જાગવાથી પૂજામાં ઉત્તમ દ્રવ્યો વાપરવાનું મન થાય છે. અને પૂજામાં ઉત્તમ દ્રવ્યોથી (નવા) ઉત્તમ ભાવ આવે છે. આથી પૂજા ઉત્તમ દ્રવ્યોથી કરવી જોઈએ. ઉત્તમદ્રવ્યોથી પૂજા કરવાથી આત્મામાં ઉત્તમભાવ થયો છે એ સિદ્ધ થાય છે. કદાચ શુભભાવ ન થયો હોય તો પણ ઉત્તમ દ્રવ્યોથી પૂજા કરતાં કરતાં પ્રાયઃ શુભભાવ ઉત્પન્ન થાય છે. આમ શુભભાવ ઉત્પન્ન થયો હોય કે ન થયો હોય, તો પણ જિનપૂજા ઉત્તમ દ્રવ્યોથી કરવી જોઈએ.

અહીં આ કહેવાનું થાય છે–પરલોકને સાધવામાં શુભભાવ કારણ છે. એ શુભભાવનું જિનપૂજામાં શ્રેષ્ઠસાધનોનો ઉપયોગ એ કાર્ય છે. શુભભાવ કારણ છે અને શ્રેષ્ઠસાધનોનો ઉપયોગ કાર્ય છે. અર્થાત્ અંતરમાં શુભભાવ ઉત્પન્ન થયો છે એથી પૂજક પૂજામાં શ્રેષ્ઠ સાધનોનો ઉપયોગ કરે છે. માટે (ઉત્પન્ન થયેલા) શુભભાવને સફળ કરનારાઓએ શ્રેષ્ઠ સાધનોથી જિનપૂજા કરવી જોઈએ. ટીકામાં રહેલા ઉપાદાન શબ્દનો

ગ્રહણ કરવું એવો અર્થ થાય. પણ ભાવાર્થમાં ઉપયોગ અર્થ કર્યો છે.] (૧૭)

**ता नियविहवणुरूवं, विसिट्ठपुप्फाइएहिं जिणपूजा ।**
**कायव्वा बुद्धिमया, तम्मी बहुमाणसारा य ॥१८॥**

**હવે પ્રસ્તુત દ્વારનો ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–તેથી બુદ્ધિમાન પુરુષે સ્વસંપત્તિ અનુસાર વિશિષ્ટ પુષ્પો આદિથી અને જિનેશ્વર ઉપર બહુમાનપૂર્વક જિનપૂજા કરવી જોઈએ.

**ટીકાર્થ**–ઉત્તમદ્રવ્યોથી ઉત્તમભાવ થતો હોવાથી બુદ્ધિમાન પુરુષે સ્વસંપત્તિ અનુસાર પુષ્પ આદિ ઉત્તમ સામગ્રીથી અને જિનેશ્વર ભગવાન ઉપર બહુમાનપૂર્વક જિનપૂજા કરવી જોઈએ. તે આ પ્રમાણે–

**"જિનેશ્વર ભગવાન બીજાઓએ પોતાના ઉપર ઉપકાર ન કર્યો હોવા છતાં બીજાઓના હિતમાં તત્પર રહે છે. મોક્ષને આપનારા છે, ઈંદ્રોથી પૂજાયેલા છે, હિતકામી જીવોએ પૂજવા લાયક છે, જિનોના (=સામાન્ય કેવળીઓના) નાથ છે, નાથપણાના હેતુ છે."**

બુદ્ધિમાન પુરુષ જ સ્વીકારવા લાયક વસ્તુનો સ્વીકાર કરી શકે છે. માટે અહીં 'બુદ્ધિમાન' એમ કહ્યું છે. (૧૮)

**एसो चेव इह विही, विसेसओ सव्वमेव जत्तेणं ।**
**जह रेहति तह सम्मं, कायव्वमणण्णचेट्ठेणं ॥१९॥**

## ૪. વિધિદ્વાર

**હવે વિધિદ્વારનું નિરૂપણ કરવા માટે કહે છે–**

**ગાથાર્થ-ટીકાર્થ**–જિનપૂજામાં સામાન્યથી અહીં સુધી (ચોથીથી ૧૮મી ગાથા સુધીમાં) કાળે પૂજા, શુદ્ધિ વગેરે જે વિધિ બતાવ્યો છે તે જ છે. વિશેષથી વિધિ આ (૧૯મી અને ૨૦મી ગાથામાં જણાવેલ છે તે) પ્રમાણે છે–(૧) પૂજા તેવા આદરથી કરવી જોઈએ, જેથી પૂજાની વસ્તુ શોભે. [જેમ કે પુષ્પો એવી રીતે ચઢાવવાં જોઈએ કે જેથી તેનો દેખાવ સુંદર બને. પુષ્પમાળા એવી રીતે પહેરાવવી જોઈએ કે જેથી સુંદર દેખાય અને દર્શન કરનારને ભાવોલ્લાસનું કારણ બને. કેસરપૂજા કેસરના રેલા ન ચાલે અને પૂજા કરવાના ભાગ સિવાય બીજે કેસરના ડાઘ ન લાગે તેમ કરવી જોઈએ. આદરથી પૂજા કરવામાં આવે તો જ આ બની શકે.]

(૨) પૂજા કરતી વખતે પૂજા સિવાયની બીજી કોઈ ક્રિયા ન કરવી જોઈએ. યાવત્ પોતાની કાયાને ખંજવાળવાની પણ ક્રિયા ન કરવી જોઈએ. (૧૯)

**वत्थेण बंधिऊणं, णासं अहवा जहासमाहीए ।**
**वज्जेयव्वं तु तदा, देहम्मिवि कंडुयणमाई ॥२०॥**

**પૂજા આદરથી અને બીજી ક્રિયાનો ત્યાગ કરીને કરવી જોઈએ એમ કહ્યું છે. આ બંનેની સ્પષ્ટતા કરતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ-ટીકાર્થ**–(૩) મુખકોશથી નાસિકા બાંધીને પૂજા કરવી જોઈએ, [જેથી દુર્ગંધી શ્વાસોચ્છ્વાસ, થૂંક આદિ પ્રભુને ન લાગે.] જો નાસિકા બાંધવાથી અસમાધિ થતી હોય તો નાસિકા બાંધ્યા વિના[૧] પણ પૂજા થઈ શકે. (૪) પૂજા આદિ કરતી વખતે શરીરને ખંજવાળવું, નાકમાંથી શ્લેશ્મ કાઢવાં, વિકથા કરવી વગેરે ક્રિયાનો ત્યાગ કરવો જોઈએ. (૨૦)

**भिच्चावि सामिणो इय, जत्तेण कुणंति जे उ सणिओगं ।**
**होंति फलभायणं ते, इयरेसि किलेसमित्तं तु ॥२१॥**

**બધું જ આદરથી કરવું જોઈએ એમ કહ્યું. હવે આદર કરનારાઓનું જે થાય છે તે બતાવવા માટે દૃષ્ટાંતને કહે છે–**

**ગાથાર્થ**–જે સેવકો પણ સ્વામીસંબંધી (सणिओगं) પોતાના વ્યાપારને(=કાર્યને) આ રીતે આદરથી કરે છે તે સેવકો ફળના પાત્ર થાય છે, બીજાઓને માત્ર ક્લેશ થાય છે.

**ટીકાર્થ**–(લોકમાં પણ દેખાય છે કે) જે સેવકો પણ પોતાના સ્વામી રાજા આદિનું કાર્ય આદરથી કરે છે તે સેવકોને (સ્વામી પ્રસન્ન થવાથી) સેવાનું ઇષ્ટ ફળ મળે છે. જે પોતાના સ્વામીનું કાર્ય અનાદરથી કરે છે તેમને સેવાનું ઇષ્ટ ફળ મળતું નથી. માત્ર શારીરિક-માનસિક કષ્ટનો જ અનુભવ થાય છે.

(સેવક સ્વામીની સેવા કેવી રીતે કરે છે એ અંગે શ્રાદ્ધદિ ન કૃત્ય ગાથા ૧૪૭માં) કહ્યું છે કે–

**"હજામ આજીવિકા માટે રાજાના કોપના ભયથી આઠ ગુણા(=આઠ પડવાળા) વસ્ત્રથી મુખ બાંધીને રાજાની હજામત વગેરે સેવા કરે છે."[૨] (૨૧)**

**भुवणगुरूण जिणाणं, तु विसेसओ एवमेव दट्ठव्वं ।**
**ता एवं चिय पूया एयाण बुहेहिं कायव्वा ॥२२॥**

---

૧. બિમાર કે સુકુમાર શરીરવાળા માટે આ એક અપવાદ છે. અપવાદ એટલે સંકટની સાંકળ. તેનો ન છૂટકે જ ઉપયોગ કરવો જોઈએ. આથી મુખકોશ બાંધવાથી થોડી તકલીફ થતી હોય તો પણ જો તે તકલીફ સહન થઈ શકતી હોય તો મુખ બાંધીને જ પૂજા કરવી જોઈએ. તકલીફના કારણે અસમાધિ થતી હોય તો જ છૂટ લેવી જોઈએ. "મુખકોશ બાંધ્યા વિના પણ પૂજા થઈ શકે" એવું જાણીને વગર કારણે મુખકોશ બાંધ્યા વિના પૂજા કરનાર વિરાધનાનો ભાગી બને છે.

૨. વ્યવહારસૂત્ર ઉ. ૯ ગા. ૭૧.

**ગાથાર્થ–ટીકાર્થ**–(જો નાના દેશના માલિક રાજા વગેરેની પણ આ રીતે આદરથી સેવા કરવામાં આવે તો જ ફળ મળે તો) ત્રણ ભુવનના નાથ એવા જિનેશ્વર દેવોની પૂજા તો સુતરાં ''વસ્ત્રથી મુખ બાંધીને'' ઇત્યાદિ રીતે આદરપૂર્વક કરવામાં આવે તો જ ફળ મળે એમ જાણવું. આથી બુદ્ધિમાન પુરુષોએ જિનેશ્વરોની પૂજા આદરપૂર્વક જ કરવી જોઈએ. (૨૨)

**बहुमाणोऽवि हु एवं, जायइ परमपयसाहगो णियमा ।**
**सारथुइथोत्तसहिया, तह य चितियवंदणाओ उ ॥२३॥**

## ૫. સ્તુતિ-સ્તોત્ર દ્વાર

**'જિન ઉપર બહુમાનપૂર્વક' એમ જે (૧૮મી ગાથામાં) કહ્યું તેમાં બહુમાન પણ વિધિપૂર્વક પ્રવર્તનારાઓને થાય છે એમ જણાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–(एवं) વિધિપૂર્વક પૂજા કરવાથી મોક્ષસાધક બહુમાન પણ અવશ્ય થાય છે. સારભૂત સ્તુતિ-સ્તોત્રોથી સહિત ચૈત્યવંદનથી પણ બહુમાન થાય છે.

**ટીકાર્થ**–(एवं) ૧૯-૨૦મી ગાથામાં કહેલી વિધિ પ્રમાણે જિનપૂજા કરવાથી જિન પ્રત્યે બહુમાન[૧] પણ ઉત્પન્ન થાય છે. જિન પ્રત્યે થયેલા બહુમાનથી નિયમા મોક્ષની પ્રાપ્તિ થાય છે. સારભૂત સ્તુતિ-સ્તોત્રોથી સહિત ચૈત્યવંદનથી પણ જિન ઉપર બહુમાન જાગે છે. એક શ્લોકને સ્તુતિ અને ઘણા શ્લોકોને સ્તોત્ર કહેવામાં આવે છે. દ્વારગાથામાં ''सारस्तुति-स्तोत्र गुर्वी'' એમ જે દ્વાર કહ્યું હતું તે દ્વારનો (પ્રસ્તુત ગાથાના ઉત્તરાર્ધથી) પ્રારંભ કર્યો. (૨૩)

**सारा पुण थुइथोत्ता, गंभीरपयत्थविरइया जे उ ।**
**सब्भूयगुणुक्कित्तणरूवा खलु ते जिणाणं तु ॥२४॥**

**પ્રારંભ કરેલા દ્વારને જ બતાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–જેમાં શબ્દોના ગંભીર અર્થો ભરેલા હોય અને જિનોના જ સદ્ભૂત(-સાચા) ગુણોનું કીર્તન હોય તેવાં સ્તુતિ-સ્તોત્રો સારભૂત છે.

**ટીકાર્થ**–સારભૂત સ્તુતિ-સ્તોત્રોથી વિસ્તૃત જિનપૂજા કરવી જોઈએ. (ચોથો પંચા.ગા.૩)

**પ્રશ્ન**–કેવાં સ્તુતિ-સ્તોત્રો સારભૂત છે ?

**ઉત્તર**–જેમાં શબ્દોના અર્થો ગંભીર હોય, જેમાં જિનોના જ સદ્ભૂત (=સાચા) ગુણોનું વર્ણન હોય તેવાં સ્તુતિ-સ્તોત્રો સારભૂત છે. જેમકે–

---

૧. ''વિધિપૂર્વક પૂજાથી જેમ પૂજાનું ફળ મળે છે તેમ જિન ઉપર બહુમાન પણ થાય છે'' એમ પણ શબ્દનો સંબંધ છે.

**"ચરમ શરીરને ધારણ કરનાર અને જેના અલ્પ પણ અતિશયને જોઈને સંસાર તરફ મનવાળા પણ જીવો યોગી બની જાય છે તે જિનને નમસ્કાર કરો."**

લોકમાં જે ગુણો ન હોય તે ગુણોનું(-ખોટી હકીકતનું) પણ કીર્તન થાય છે. જેમ કે—

**"હે શાકંભરીનગરીના અધિપતિ ! આપનો યશ મનુષ્ય લોકની નીચે નથી ગયો એવી મને શંકા છે એમ હું માનું છું. આપનો યશ મનુષ્યલોકની નીચે નથી ગયો તે સારા માટે થયું છે. કારણ કે જો આપનો યશ મનુષ્ય લોકની નીચે જાય તો ત્યાં નાગદેવની સ્ત્રીઓ તેનું વર્ણન કરે અને એથી નાગદેવ મસ્તકો ડોલાવવા માંડે. પરિણામે પૃથ્વી સ્થિર ન રહે."[૧]**

આવાં સ્તુતિ-સ્તોત્રો સારભૂત નથી.

સારભૂત સ્તુતિ-સ્તોત્રો પણ જિનનાં-વીતરાગનાં જ કરવાં જોઈએ. જેમકે—

**"હે જિન ! વિષ્ણુ, શિવ વગેરે સઘળા દેવોએ પણ જેની આજ્ઞા શિરે ચઢાવી છે તે કામદેવ પણ આપના ધ્યાનરૂપી અગ્નિમાં મીણની જેમ ઓગળી ગયો-મરી ગયો."** (૨૪)

**तेसिं अत्थाहिगमे, णियमेणं होइ कुसलपरिणामो ।**
**सुंदरभावा तेसिं, इयरम्मिवि रयणणाएणं ॥२५॥**

**સ્તુતિ આદિ શુભપરિણામનું કારણ છે. આથી સ્તુતિ આદિની પ્રધાનતાવાળી પૂજા મહાન છે એમ કહે છે—**

**ગાથાર્થ**—સ્તુતિ-સ્તોત્રોના અર્થનું જ્ઞાન થતાં અવશ્ય શુભપરિણામ થાય છે. સ્તુતિ-સ્તોત્રોના અર્થનું જ્ઞાન ન હોય તો પણ સ્તુતિ-સ્તોત્રો સુંદર સ્વભાવવાળા હોવાથી રત્નના દૃષ્ટાંતથી શુભપરિણામ થાય છે.

**ટીકાર્થ**—સુંદર સ્તુતિ કરનારાઓને સ્તુતિ-સ્તોત્રોના અર્થના જ્ઞાનથી (ઉપયોગપૂર્વક સ્તુતિ-સ્તોત્રોના અર્થોની વિચારણા કરતાં) અવશ્ય શુભપરિણામ થાય છે. સારાં સ્તુતિ-સ્તોત્રોના અર્થનું જ્ઞાન પ્રાયઃ શુભપરિણામ ઉત્પન્ન કરે છે.

**પૂર્વપક્ષ**—જેમને અર્થનું જ્ઞાન ન હોય (એથી સ્તુતિ-સ્તોત્રોના અર્થની વિચારણા ન કરે) તેમને શુભપરિણામ ન થાય ?

**ઉત્તરપક્ષ**—(तेसिं इयरम्मिवि-) જેમને સ્તુતિ-સ્તોત્રોના અર્થનું જ્ઞાન ન હોય તેમને પણ સ્તુતિ-સ્તોત્રો શુભસ્વભાવવાળાં હોવાથી રત્નના દૃષ્ટાંતથી શુભપરિણામ થાય છે. રત્નના ગુણોનું જ્ઞાન ન હોય તો પણ રત્ન સુંદર સ્વભાવવાળું હોવાથી લાભ કરનારું જ થાય છે. (૨૫)

---

૧. પૃથ્વીને શેષનાગે ધારણ કરી છે. આથી શેષનાગનું શરીર સ્થિર રહે તો પૃથ્વી સ્થિર રહે અને હાલે તો પૃથ્વી હાલવા માંડે આવી અજ્ઞાન લોકોની માન્યતા છે. આવી અજ્ઞાન માન્યતા આદિથી ભરેલી સ્તુતિઓ અસાર છે.

**जरसमणाई रयणा, अण्णायगुणावि ते समिंति जहा ।**
**कम्मजराई थुइमाइयावि तह भावरयणा उ ॥२६॥**

**પ્રસ્તુત જ દૃષ્ટાંતને જણાવવા યોગ્યમાં જોડતા (ઘટના કરતા) ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–જ્વર આદિ રોગનું શમન કરનારાં રત્નોના ગુણોનું જ્ઞાન ન હોય તો પણ તે રત્નો જ્વર આદિ રોગનું શમન કરે છે, તેમ ભાવરત્નરૂપ સ્તુતિ આદિ પણ અર્થના જ્ઞાન વિના પણ કર્મરૂપ જ્વર આદિનું શમન કરે છે.

**ટીકાર્થ**–મણિરત્નમાં તાવ આદિ રોગોને દૂર કરવાનું સામર્થ્ય હોય છે. જે રોગીને મણિરત્નના તાવ આદિ રોગોને દૂર કરવાના સામર્થ્યનું જ્ઞાન નથી તેના પણ તાવ આદિ રોગો મણિરત્નથી દૂર થાય છે. કારણ કે રત્નનો તેવો સુંદર સ્વભાવ જ છે કે જેથી તેના રોગ નિવારણ રૂપ સામર્થ્યનું જ્ઞાન ન હોય તો પણ તેનાથી રોગીના જ્વર આદિ રોગો દૂર થયા વિના રહે નહિ. તેવી રીતે ભાવરત્ન રૂપ સ્તુતિ-સ્તોત્રો પણ શુભભાવવાળા હોવાથી તેના અર્થના જ્ઞાન વિના પણ કર્મરૂપ જ્વરાદિ રોગોને દૂર કરે છે. (૨૬)

**ता एयपुव्वगं चिय, पूजाए उवरि वंदणं नेयं ।**
**अक्खलियाइगुणजुयं, जहाऽऽगमं भावसारं तु ॥२७॥**

**સારભૂત સ્તુતિ-સ્તોત્ર દ્વારના ઉપસંહારને તથા 'સારભૂત સ્તુતિ-સ્તોત્રોથી સહિત ચૈત્યવંદનથી' એમ (૨૩મી ગાથામાં) જે કહ્યું, તેમાં ચૈત્યવંદનના અવસરને જણાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ-ટીકાર્થ**–સારભૂત સ્તુતિ-સ્તોત્રના અર્થના બોધથી કે બોધ વિના પણ શુભ પરિણામ થતો હોવાથી પૂજા કર્યા પછી શુભપરિણામ થાય એ માટે સ્તુતિ-સ્તોત્ર પૂર્વક જ ચૈત્યવંદન કરવું જોઈએ. ચૈત્યવંદન આગમનું ઉલ્લંઘન કર્યા વિના (જિનાજ્ઞા પ્રમાણે) અસ્ખલિ-તાદિ[1] ગુણોથી યુક્ત અને ભાવપૂર્વક જ કરવું જોઈએ. અસ્ખલિતાદિ ગુણો અનુયોગદ્વાર ગ્રંથમાંથી જાણી લેવા. (૨૭)

**कम्मविसपरममंतो, एवं एयंति बेंति सव्वण्णू ।**
**मुद्दा एत्थस्सग्गो, अक्खोभो होइ जिणचिण्णो ॥२८॥**

---

૧. અસ્ખલિતાદિ ગુણો આ પ્રમાણે છે–

**અસ્ખલિત**–ખચકાયા વિના બોલવું, અર્થાત્ જેમ ખેડૂત હળ ખેડે છે ત્યારે પથ્થર વગેરેના અવરોધથી હળ ખચકાય છે તેમ સૂત્રો બોલતાં ખચકાવું ન જોઈએ. **અમીલિત**–ઉતાવળથી પદો એકી સાથે ન બોલી જતાં દરેક પદ છૂટું છૂટું બોલવું. **અવ્યત્યાપ્રેડિત**–જ્યાં અટકવાનું હોય ત્યાં જ અટકવું, ન અટકવાનું હોય ત્યાં ન અટકવું. અર્થાત્ સંપદા પ્રમાણે બોલવું. **પ્રતિપૂર્ણ**–અનુસ્વાર, માત્રા વગેરે દબાઈ ન જાય તેમ શુદ્ધ બોલવું. **પ્રતિપૂર્ણઘોષ**–ઉદાત્ત, અનુદાત્ત (ઊંચેથી, ધીમેથી, લંબાવીને કે ટુંકાવીને) વગેરે જેવા ઉચ્ચારથી બોલવાનું હોય તેવા ઉચ્ચારથી બોલવું. **કંઠોષ્ઠવિપ્રમુક્ત**–સૂત્રો બાળકની જેમ અસ્પષ્ટ ન બોલતાં સ્પષ્ટ બોલવાં, **ગુરુવચનોપગત**–સૂત્રો ગુરુ પાસેથી શીખેલાં હોવાં જોઈએ.

**હવે શા માટે પૂજા કર્યા પછી સ્તુતિયુક્ત ચૈત્યવંદન કરવાનો ઉપદેશ અપાય છે તે કહે છે–**

**ગાથાર્થ–**(एवं–)પૂજાપૂર્વક કરાતું(एयं–)ચૈત્યવંદન કર્મરૂપ વિષ માટે પરમમંત્ર-સમાન છે એમ સર્વજ્ઞો કહે છે. ચૈત્યવંદનમાં મુદ્રા જિનોએ આચરેલ(अक्खोभो–) સ્થિર રહેવા રૂપ કાયોત્સર્ગ મુદ્રા છે.

**ટીકાર્થ–**પૂજાપૂર્વક કરાતું ચૈત્યવંદન કર્મરૂપ વિષનો નાશ કરવા મંત્ર સમાન છે એમ સર્વજ્ઞો કહે છે. સર્વજ્ઞે કહ્યું હોવાથી ચૈત્યવંદન અવશ્ય કર્મોનો નાશ કરે છે અને એથી જ કરવા લાયક છે.

**પ્રશ્ન–**વિષ ઉતારવા મંત્રનો પ્રયોગ કરવામાં વિશિષ્ટ મુદ્રા કરવામાં આવે છે, તો ચૈત્યવંદન રૂપ મંત્રમાં કઈ મુદ્રા છે ?

**ઉત્તર–**ચૈત્યવંદન રૂપ મંત્રમાં જિનોએ આચરેલ એવી સ્થિર રહેવા રૂપ કાયોત્સર્ગ મુદ્રા છે. મુદ્રા એટલે શરીરના અંગોની વિશિષ્ટ રચના.

**જિનોએ આચરેલ–**અહીં જિન એટલે (વિશિષ્ટ) શ્રુતધારી, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, કેવળજ્ઞાની અને જિનકલ્પિકો. તેઓથી આચરાયેલ. અહીં જિનોએ આચરેલ એમ કહીને કાયોત્સર્ગ મુદ્રાનું ઉપાદેયપણું બતાવ્યું છે.

**પ્રશ્ન–**પ્રાકૃતભાષામાં (चिण्ण=चीर्ण) એવો પ્રયોગ છે. પણ સંસ્કૃતભાષામાં चीर्ण શબ્દનો પ્રયોગ જોવામાં આવતો નથી.

**ઉત્તર–**"चीर्णं प्रवासिव्रतं" ઇત્યાદિ વિશિષ્ટ પ્રયોગ જોવામાં આવતો હોવાથી સંસ્કૃતભાષામાં પણ चीर्ण શબ્દ બરોબર છે.

**કર્મરૂપ વિષ માટે પરમમંત્રસમાન છે–**વિષ શરીરમાં વિકારો કરે છે. તેમ કર્મ આત્મામાં વિકારો કરે છે માટે કર્મને વિષની ઉપમા આપી છે. મંત્ર વિષના વિકારોનો નાશ કરે છે. ચૈત્યવંદન આત્માના (રાગાદિ) વિકારોનો નાશ કરે છે માટે ચૈત્યવંદનને મંત્રની ઉપમા આપી છે. મંત્ર શરીરને અવિનાશી કરે છે. ચૈત્યવંદન આત્માને અવિનાશી કરે છે. આમ મંત્ર અને ચૈત્યવંદનમાં અવિનાશકપણાની સમાનતા હોવાથી ચૈત્યવંદન પરમમંત્ર સમાન છે. (૨૮)

**एयस्स समत्तीए, कुसलं पणिहाणमो उ कायव्वं ।**
**तत्तो पवित्तिविग्घजयसिद्धि तह य त्थिरीकरणं ॥२९॥**

## ૬. પ્રણિધાન પ્રકરણ

**ચૈત્યવંદનપૂર્ણ થયા પછી જે કરવું જોઈએ તે કહે છે–**

**ગાથાર્થ–**ચૈત્યવંદન પૂર્ણ થયે છતે શુભપ્રણિધાન કરવું જોઈએ. પ્રણિધાનથી પ્રવૃત્તિ,

વિઘ્નજય, સિદ્ધિ અને સ્થિરતા થાય છે.

**ટીકાર્થ**—ચૈત્યવંદન પૂરું થયા પછી શુભ [1]પ્રણિધાન કરવું જોઈએ. ભવનું કારણ બને તેવા પદાર્થોની પ્રાર્થનાની જેમ અશુભ પ્રણિધાન ન કરવું જોઈએ. પ્રણિધાન એટલે પ્રાર્થનાગર્ભિત એકાગ્રતા. પ્રણિધાન કરવાનું કારણ એ છે કે પ્રણિધાનથી (અનુક્રમે) પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ અને સ્થિરતા થાય છે.

**પ્રવૃત્તિ**—ધર્મકાર્યમાં પ્રવૃત્તિ કરવી. જેમને મનોરથ થયો છે તેવા જીવોની શક્તિ હોય તો મનોરથના ઉપાયમાં પ્રવૃત્તિ થાય છે.

**વિઘ્નજય**—ધર્મકાર્યમાં આવતાં વિઘ્નોનો પરાભવ. મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત થયેલા જીવને અશુભભાવરૂપ વિઘ્ન આવે છે. આ વિઘ્નના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકાર છે. પ્રણિધાનથી થયેલ (બીજા) શુભભાવથી વિઘ્નનો પરાભવ થાય છે.

**સિદ્ધિ**—વિઘ્નજયથી પ્રસ્તુત ધર્મવ્યાપારની સિદ્ધિ થાય છે.

**સ્થિરતા**—પોતાની અને પરની ધર્મપ્રવૃત્તિને સ્થિર બનાવવી. પ્રણિધાન પ્રવૃત્તિ આદિ ચારનું મૂળ છે. આથી પ્રવૃત્તિ આદિને ઇચ્છનારા જીવોએ પ્રણિધાન અવશ્ય કરવું જોઈએ. પ્રણિધાન વિના પ્રવૃત્તિ આદિની સિદ્ધિ ન થાય. (પ્રણિધાન(=શુભ મનોરથ) થાય એટલે શક્તિ પ્રમાણે ધર્મમાં પ્રવૃત્તિ થાય. પ્રણિધાનથી થયેલ શુભભાવ ધર્મમાં આવતા વિઘ્નનો[2] (વિનાશ કે) પરાજય કરી નાખે છે. આથી વિઘ્નજય થાય છે. વિઘ્નનો જય થાય એટલે શરૂ કરેલ ધર્મકાર્ય સારી રીતે પાર પડે છે. પછી તે ધર્મકાર્ય સ્થિર બને છે. સ્વધર્મમાં સ્થિર આત્મા બીજાઓને પણ ધર્મમાં સ્થિર કરે છે. આમ પ્રવૃત્તિ આદિનું મૂળ પ્રણિધાન છે. પ્રણિધાન વિના પ્રવૃત્તિ આદિ થઈ શકે નહિ. માટે ધર્મમાં પ્રવૃત્તિ આદિની ઇચ્છાવાળાએ પ્રણિધાન(=જિનેશ્વર સમક્ષ એકાગ્રતા પૂર્વક શુભ પ્રાર્થના કે મનોરથ) અવશ્ય કરવું જોઈએ.) (૨૯)

**एत्तो च्चिय ण णियाणं, पणिहाणं बोहिपत्थणासरिसं ।**
**सुहभावहेउभावा, णेयं इहराऽपवित्ती उ ॥३०॥**

**પ્રશ્ન—પ્રણિધાન પ્રાર્થનારૂપ હોવાથી નિદાનની જેમ ત્યાગ કરવા યોગ્ય છે.**

**ઉત્તર—પ્રણિધાન નિદાન નથી. કારણ કે 'શુભ' એવા વિશેષણથી પ્રણિધાનના**

---

૧. प्रणिधानं प्रार्थनागर्भमैकाग्र्यम् । અહીં પ્રણિધાનનો ''પ્રાર્થનાગર્ભિત એકાગ્રતા'' અર્થ જણાવ્યો છે. પણ આમાં પ્રાર્થનાની પ્રધાનતાની દૃષ્ટિએ પ્રણિધાનનો ફલિતાર્થ એકાગ્રતાપૂર્વક શુભ પ્રાર્થના, એવો થાય.

૨. વિનાશ અને પરાજયમાં થોડો ભેદ છે. વિઘ્ન આવવાનું હોય, પણ શુભભાવથી વિઘ્ન લાવનાર કર્મોનો નાશ થવાથી વિઘ્ન આવે જ નહિ. આ વિઘ્નનો વિનાશ છે. નિકાચિત કર્મના ઉદયથી વિઘ્ન આવે, પણ શુભભાવથી આત્મા તેનાથી ડરે નહિ અને પોતાની ધર્મપ્રવૃત્તિ ચાલુ રાખે. આ વિઘ્નનો પરાજય છે. પ્રણિધાનથી થયેલ શુભભાવથી વિઘ્ન વિનાશ અને વિઘ્નપરાજય એમ બંને રીતે વિઘ્નજય થાય છે.

**નિદાનપણાનો ત્યાગ કર્યો છે. અશુભ જ પ્રણિધાન નિદાન છે. શુભવિશેષણના આ ફળનું અવધારણ નહિ કરતા શિષ્યની નિદાનપણાની આશંકાને દૂર કરવા માટે કહે છે–**

**ગાથાર્થ**–આથી જ પ્રણિધાન નિદાન નથી. પ્રણિધાન શુભભાવનું કારણ હોવાથી બોધિપ્રાર્થના સમાન જાણવું. અન્યથા ચૈત્યવંદનના અંતે પ્રણિધાન ન કરાય.

**ટીકાર્થ–પ્રશ્ન**–નિદાનમાં માગણી કરવામાં આવે છે અને પ્રણિધાનમાં પણ માગણી કરવામાં આવે છે. આથી પ્રણિધાન નિદાન સ્વરૂપ છે. આથી જેમ નિદાન(-નિયાણું) ન કરવું જોઈએ તેમ પ્રણિધાન પણ ન કરવું જોઈએ.

**ઉત્તર**–નિદાનમાં અશુભ(-સંસારસુખની) માગણી કરવામાં આવે છે. જ્યારે પ્રણિધાનમાં શુભની માગણી કરવામાં આવે છે. અશુભની માગણી નિદાન છે, નહિ કે શુભની માગણી. પ્રણિધાન શુભ મનોરથરૂપ હોવાથી નિદાનરૂપ નથી. પ્રણિધાન બોધિની પ્રાર્થના તુલ્ય છે. લોગસ્સ વગેરે સૂત્રમાં आरुग्गबोहिलाभं વગેરેથી પ્રભુ પાસે બોધિની[1] (જિનધર્મની પ્રાપ્તિ વગેરેની) માગણી કરવામાં આવે છે. જેમ તે બોધિની માગણી શુભભાવનું કારણ હોવાથી નિદાનરૂપ નથી, તેમ પ્રસ્તુત પ્રણિધાન(=શુભ માગણી) પણ શુભભાવનું કારણ હોવાથી નિદાનરૂપ નથી. જો પ્રણિધાન નિદાનરૂપ હોય તો ચૈત્યવંદનના અંતે પ્રણિધાન ન કરાય. કારણ કે શાસ્ત્રમાં નિદાનનો નિષેધ છે. (૩૦)

**एवं तु इट्ठसिद्धी ?, दव्वपवित्ती उ अण्णहा णियमा ।**
**तम्हा अविरुद्धमिणं, णेयमवत्थंतरे उचिए ॥३१॥**

**પ્રણિધાન ન કરાય તો શો દોષ છે ? એવી આશંકાને દૂર કરતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–(एवं–)પ્રણિધાન ન કરવામાં આવે તો શું ઈષ્ટની સિદ્ધિ થાય ? અર્થાત્ ન થાય. પ્રણિધાન ન કરવામાં આવે તો ધર્મમાં પ્રવૃત્તિ અવશ્ય-દ્રવ્યપ્રવૃત્તિ બને. તેથી પ્રણિધાનયોગ્ય અવસ્થાવિશેષમાં પ્રણિધાન સંગત જાણવું.

**ટીકાર્થ**–પ્રણિધાન ન કરવામાં આવે તો શું ઈષ્ટની સિદ્ધિ થાય ? અર્થાત્ ન થાય. પ્રણિધાનયુક્ત ચૈત્યવંદન ભાવ અનુષ્ઠાનરૂપ હોવાથી સકલકલ્યાણનું કારણ હોવાથી ઈષ્ટની સિદ્ધિ થાય. પ્રણિધાન ન કરવામાં આવે તો પણ ઈષ્ટની સિદ્ધિ થાય એવું નથી. આને જ કહે છે–દ્રવ્યપ્રવૃત્તિ તો અપ્રધાન દ્રવ્યપ્રવર્તન જ છે. ધર્મક્રિયામાં પ્રણિધાન(=નિશ્ચિત શુભ ધ્યેય) ન કરવામાં આવે તો ધર્મનાં અનુષ્ઠાનો અવશ્ય દ્રવ્યરૂપ બને, ભાવરૂપ ન બને. પ્રણિધાનથી ધર્મનાં અનુષ્ઠાનો ભાવરૂપ બને છે. પ્રણિધાન ઈષ્ટસિદ્ધિનું(=ભાવધર્મનું) કારણ હોવાથી ઉચિત અવસ્થામાં =વૈરાગ્ય આદિ જે ગુણોની માગણી કરવાની છે તે ગુણો પ્રાપ્ત ન થયા હોય કે પ્રાપ્ત થયા હોય પણ પૂર્ણપણે પ્રાપ્ત ન થયા હોય તે અવસ્થામાં યોગ્ય છે. (૩૧)

---

૧. जिनधर्मप्राप्तिर्बोधिलाभोऽभिधीयते । (લોગસ્સ ઉપર લલિત વિસ્તરા ટીકા.)

**तं पुण संविग्गेणं उवओगजुएण तिव्वसद्धाए ।**
**सिरणमियकरयलंजलि इय कायव्वं पयत्तेणं ॥३२॥**

**પ્રણિધાન કરવાની વિધિને કહે છે–**

**ગાથાર્થ**–સંવિગ્ન જીવે ઉપયોગપૂર્વક તીવ્રશ્રદ્ધાથી મસ્તકે બે હાથની અંજલિ કરીને આદરપૂર્વક નીચે પ્રમાણે (૩૩-૩૪ ગાથામાં કહેવાશે તે પ્રમાણે) પ્રણિધાન કરવું જોઈએ. (૩૨)

**ટીકાર્થ–સંવિગ્ન** એટલે મોક્ષાર્થી, અથવા ભવથી ભયપામેલ, અર્થાત્ ભવભીરુ.

**તીવ્રશ્રદ્ધાથી**–સદનુષ્ઠાન કરવાની પ્રબળ રુચિથી.

અહીં શ્લોકના પૂર્વાર્ધમાં 'संविग्गेणं' વગેરે વિશેષણોથી પ્રણિધાનમાં માનસિક સ્થિતિ કેવી જોઈએ તે જણાવ્યું છે, અને ઉત્તરાર્ધમાં "सिरणमिय....." એ પદથી શારીરિક સ્થિતિ કેવી જોઈએ તે જણાવ્યું છે. (૩૨)

**जय वीयराय ! जगगुरु, होउ ममं तुह पभावओ भयवं ! ।**
**भवणिव्वेओ मग्गाणुसारिया इट्ठफलसिद्धी ॥३३॥**

**लोयविरुद्धच्चाओ, गुरुजणपूआ परत्थकरणं च ।**
**सुहगुरुजोगो तव्वयणसेवणा आभवमखंडा ॥३४॥ युग्मम् ॥**

**इति(=આ પ્રમાણે) એવા શબ્દથી સૂચિત જ પ્રણિધાનપાઠના ક્રમને બતાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–હે વીતરાગ ! હે જગદ્‌ગુરુ ! આપ જય પામો. હે ભગવંત ! આપના પ્રભાવથી મને (૧) ભવનિર્વેદ, (૨) માર્ગાનુસારિતા, (૩) ઈષ્ટફળસિદ્ધિ, (૪) લોકવિરુદ્ધત્યાગ, (૫) ગુરુજનપૂજા, (૬) પરાર્થકરણ, (૭) શુભગુરુયોગ, (૮) મોક્ષ ન મળે ત્યાં સુધી અખંડ શુભ ગુરુવચનસેવા–(આ આઠ ભાવ) પ્રાપ્ત થાઓ.

**ટીકાર્થ–હે વીતરાગ !**–જેમાંથી રાગ દૂર થયો છે તે વીતરાગ. દ્વેષાદિનો અભાવ રાગના અભાવની સાથે જ રહેતો હોવાથી અહીં હે વીતદ્વેષ ! હે વીતમોહ ! એમ પણ જાણવું.

**હે જગદ્‌ગુરુ**–ભગવાન ચર-અચર(જીવો)થી સહિત જગતમાં ગુણોથી મહાન હોવાથી જગદ્‌ગુરુ છે. અથવા જંગમ(હાલતા-ચાલતા ત્રસ)જીવોને વસ્તુતત્ત્વનો યથાવત્ ઉપદેશ આપવાથી ભગવાન જગદ્‌ગુરુ છે. અથવા જંગમ જીવોના ગૌરવને યોગ્ય હોવાથી ભગવાન જગદ્‌ગુરુ છે.

**જય પામો**–વિરુદ્ધપક્ષનું ખંડન કરીને વિજય પામો. તીવ્રભક્તિથી ઉત્પન્ન થયેલું આ આશિષવચન છે.

**ભગવંત**–ઐશ્વર્ય વગેરે સઘળા ગુણોથી યુક્ત.

**ભવનિર્વેદ**—સંસાર પ્રત્યે વૈરાગ્ય.

**માર્ગાનુસારિતા**—મોક્ષમાર્ગનું અનુસરણ.

**ઈષ્ટફળસિદ્ધિ**—આ લોકસંબંધી એવી ઈષ્ટકાર્યની સિદ્ધિ, કે જેનાથી ઉપકૃત કરાયેલ જીવનું ચિત્ત સ્વસ્થ બને અને તેથી તે જીવની ધર્મમાં પ્રવૃત્તિ થાય.

**લોકવિરુદ્ધત્યાગ**—સર્વલોકની નિંદા કરવી વગેરે લોકવિરુદ્ધ કાર્યોનો ત્યાગ.

**ગુરુજનપૂજા**—માતા-પિતા અને ધર્માચાર્ય આદિનું પૂજન કરવું.

**પરાર્થકરણ**—પરનાં કાર્યો કરવાં, અર્થાત્ પરોપકાર કરવો.

**શુભગુરુયોગ**—સુંદર ધર્માચાર્યનો સંબંધ.

**શુભગુરુવચનસેવા**—શુભગુરુના વચનનું પાલન કરવું.

**વિવેચન**—(૧) [1]**ભવનિર્વેદ**-સંસાર ઉપર કંટાળો—અણગમો. ધર્મસાધનામાં આ ગુણ પાયાનો છે. ભવનિર્વેદ વિનાનો ધર્મ એટલે પાયા વિનાનું મકાન. ધર્મ મોક્ષ માટે છે. જેને સંસાર ઉપર કંટાળો નથી-રાગ છે તે મોક્ષ માટે પ્રયત્ન કેવી રીતે કરે ? કારણ કે સંસાર અને મોક્ષ બંને વિરુદ્ધ છે. જેને સંસાર ઉપર રાગ છે તેને મોક્ષ ઉપર રાગ નથી. જેને મોક્ષ ઉપર રાગ નથી તે મોક્ષ માટે પ્રયત્ન ન કરે. સંસાર ઉપર રાગવાળા જીવમાં કદાચ કોઈ કારણસર બહારથી મોક્ષપ્રયત્ન(-ધર્મ) દેખાતો હોય તો પણ તે વાસ્તવિક મોક્ષપ્રયત્ન નથી, કિન્તુ જડની ક્રિયા તુલ્ય છે.

(૨) **માર્ગાનુસારિતા**—માર્ગને અનુસરવું તે માર્ગાનુસારિતા. તાત્ત્વિક-સત્ય માર્ગને અનુસરવું તે માર્ગાનુસારિતા. તાત્ત્વિક-સત્યમાર્ગ તો જ અનુસરાય જો કદાગ્રહ ન હોય. કદાગ્રહી માણસ પોતાનું માનેલું જ સાચું છે એમ માને. આથી એ બીજા પાસે સાચી વાત સમજવા પ્રયત્ન કરે નહિ. કદાચ બીજા તેને સામે આવીને સમજાવે તો પણ તે માનવા તૈયાર ન થાય. કદાગ્રહના કારણે સાચી વાત સમજાય નહિ, સમજાય તો પણ પોતાનું માનેલું ખોટું હોવા છતાં છૂટે નહિ, આથી કદાગ્રહી સત્યને પામી શકે નહિ. કદાગ્રહથી સાચું પમાય નહિ એટલું જ નહિ બલ્કે પામેલું પણ જતું રહે. સાચું પામ્યા પછી જો કોઈ વિષયમાં પોતાની ગેરસમજ થઈ જાય અને બીજાના સમજાવવા છતાં અહંકાર આદિના કારણે કદાગ્રહ થઈ જાય તો પામેલું સાચું જતું રહે. નિહ્નવો આ વિષયમાં દૃષ્ટાંત રૂપ છે. આથી સત્યને પામવા કદાગ્રહ ઉપર વિજય મેળવવો જોઈએ. કદાગ્રહ ઉપર વિજય મેળવીને સત્યને અનુસરવાની વૃત્તિ તે માર્ગાનુસારિતા. કદાગ્રહરહિત માણસ ખોટા રસ્તે હોય તો પણ સીધા—સાચા રસ્તે આવી જાય છે. અપુનર્બંધક જીવ આમાં દૃષ્ટાંતરૂપ છે.

---

૧. ભવનિર્વેદ વગેરે ગુણો અતિ મહત્ત્વના હોવાથી અહીં વિશેષ સ્પષ્ટતા થાય એ માટે તેમનું કંઈક વિવેચન કર્યું છે.

અપુનર્બંધક જીવ હજી સમ્યગ્દર્શનને પામેલો ન હોવાથી સાચામાર્ગથી દૂર છે, છતાં તેનામાં કદાગ્રહ ન હોવાથી તેવા નિમિત્તો મળતાં (સમ્યગ્દર્શનાદિ) સાચામાર્ગને પામી જાય છે. આથી કદાગ્રહ રહિત બનીને તાત્ત્વિકસત્ય માર્ગને અનુસરવું તે માર્ગાનુસારિતા. મોક્ષમાર્ગ એ જ તાત્ત્વિક-સત્યમાર્ગ છે. માટે માર્ગાનુસારિતા શબ્દનો મોક્ષમાર્ગને અનુસરવું એવો અર્થ પણ થાય. આથી જ પંચાશકની ટીકામાં मार्गानुसारिता=मोक्षमार्गानुसरणं એવો ઉલ્લેખ કર્યો છે.

(૩) **ઇષ્ટફળસિદ્ધિ**—જેનાથી ચિત્તની સ્વસ્થતા ટકાવી રાખવા દ્વારા ધર્મમાં પ્રવૃત્તિ થાય તેવી આ લોક સંબંધી અવિરોધી કાર્યની સિદ્ધિ. જીવનમાં અનેક જરૂરિયાતો ઊભી થાય છે. જીવનજરૂરિયાતની વસ્તુ ન મળે ત્યારે સમાધિ રહેવી અને ધર્મમાં સ્થિર રહેવું એ ઘણું કઠીન છે. અપ્રમત્તાવસ્થા વગેરે ઉચ્ચકક્ષાને નહિ પામેલા સાધકને જીવન- જરૂરિયાતની વસ્તુ ન મળે ત્યારે એનું મન અસ્વસ્થ બની જાય એ શક્ય છે. આમ બને તો તેનો ધર્મમાં ઉત્સાહ ઘટી જાય. ધર્મમાં ઉત્સાહ ઘટી જતાં ધર્મમાં પ્રવૃત્તિ ન થાય કે ઉલ્લાસ વિના થાય. આથી સાધક ઉલ્લાસપૂર્વક ધર્મમાં પ્રવૃત્તિ કરી શકે એ માટે તેને જીવનજરૂરિયાતની વસ્તુ મળવી જોઈએ. આથી સાધક વર્તમાનજીવનમાં ચિત્તની સ્વસ્થતા ટકી રહે અને ધર્મમાં પ્રવૃત્તિ થાય એ માટે ભગવાન પાસે અવિરોધી ઇષ્ટ વસ્તુની સિદ્ધિની માગણી કરે તે જરાય અનુચિત ન કહેવાય. પણ અહીં એ ખ્યાલ રાખવાનું છે કે ઇષ્ટ વસ્તુની માગણી વિરોધી એટલે કે ધર્મદૃષ્ટિએ વિરોધવાળી ન હોવી જોઈએ. જેમકે—તદ્દન ગરીબ સાધક જીવનજરૂરિયાત પૂરતા ધનની માગણી કરે તો તે વિરોધી ન ગણાય, પણ મોજશોખ માણવા માટે માગણી કરે તો તે વિરોધી ગણાય. અન્યાય, હિંસક વ્યાપાર આદિથી ધન મેળવવાની ઇચ્છા પણ વિરોધી ગણાય. લગ્ન કર્યા વિના રહી શકાય તેમ ન હોય તો પત્ની અનુકૂળ સ્વભાવવાળી ધાર્મિકવૃત્તિવાળી મળે તો સારું આવી ઇચ્છા વિરોધી ન ગણાય, પણ રૂપાળી મળે તો સારું આવી ઇચ્છા વિરોધી ગણાય. આનો સીધો અર્થ એ થાય છે કે ભગવાન પાસે સીધી રીતે કે પરંપરાએ ધર્મમાં સહાયક બનનારી વસ્તુ મંગાય પણ રાગાદિ દોષો વધે તેવી એક પણ વસ્તુ ન મંગાય.

(૪) **લોકવિરુદ્ધત્યાગ**—લોકવિરુદ્ધ કાર્યોનું વર્ણન બીજા પંચાશકમાં ૮-૯-૧૦ એ ત્રણ ગાથાઓમાં આવી ગયું છે. જિજ્ઞાસુએ ત્યાંથી જોઈ લેવું.

(૫) **ગુરુજનપૂજા**—ગુરુજનોની ઉચિત સેવા-ભક્તિ કરવી. અહીં ગુરુ શબ્દનો ''જે ગૌરવને-બહુમાનને યોગ્ય હોય તે ગુરુ'' એવો અર્થ હોવાથી ગુરુજન શબ્દથી ત્યાગી સાધુ જ નહિ, કિંતુ માતા-પિતા વગેરે પણ સમજવાં. યોગબિંદુ (ગા. ૧૧૦)માં કહ્યું છે કે— માતા, પિતા, વિદ્યાગુરુ, માતાદિ ત્રણના ભાઈ-બહેન વગેરે સંબંધીઓ, જ્ઞાનવૃદ્ધ, વયોવૃદ્ધ અને ધર્મોપદેશક એ બધા શિષ્ટ પુરુષોને ગુરુ તરીકે માન્ય છે. ધર્મ પામવા માટે

આ ગુણ અનિવાર્ય છે. જ્યાં સુધી અહંકાર તીવ્ર હોય ત્યાં સુધી વાસ્તવિક કોટિનો ધર્મ આવતો નથી. તીવ્ર અહંકારી જીવમાં વાસ્તવિક ધર્મ ન હોય એટલું જ નહિ પણ ધર્મ પામવાની લાયકાત પણ ન હોય. ધર્મનું મૂળ વિનય છે. અહંકાર ઘટ્યા વિના વિનય આવે નહિ. વિનય વિના ગુરુજનપૂજા પણ ન થઈ શકે. આથી દિલથી ગુરુજનની પૂજા કરનાર જીવમાં અહંકાર ઘટ્યો હોવાથી ધર્મ પામવાની લાયકાત આવી છે એ સૂચિત થાય છે. ધર્મ પામવાની લાયકાત માટે કૃતજ્ઞતા ગુણ પણ જરૂરી છે. ગુરુજન પૂજાથી કૃતજ્ઞતા ગુણ પણ સૂચિત થાય છે. ગુરુજનની પૂજા કેવી રીતે કરવી તે અંગે યોગબિંદુ (ગા. ૧૧૧ વગેરે)માં નીચે પ્રમાણે જણાવ્યું છે—

(૧) માતા, પિતા આદિને સવાર, બપોર અને સાંજ એમ ત્રણ વખત નમસ્કાર કરવો. કારણસર સાક્ષાત્ નમસ્કાર ન થઈ શકે તો મનમાં માતા આદિની સ્પષ્ટ ધારણા કરીને મનથી નમસ્કાર કરવો. (૨) ગુરુજન બહારથી આવે ત્યારે ઊભા થવુ, બેસવા આસન આપવું વગેરે વિનય કરવો. (૩) ગુરુજન પાસે ઉદ્ધતાઈનો ત્યાગ કરી એમનાથી નીચા આસને બેસવું-બેઠક નીચી રાખવી. પગ ઉપર પગ ન ચઢાવવા વગેરે રીતે વિવેકથી બેસવું. (૪) ઝાડો-પેશાબ વગેરે કરતાં કે ઝાડો-પેશાબ વગેરેથી અપવિત્ર જગ્યામાં ગુરુજનના નામનો ઉચ્ચાર ન કરવો. (૫) ક્યારે પણ એમનો અવર્ણવાદ(-નિંદા, પરાભવ વગેરે) ન સાંભળવો. (૬) સ્વશક્તિ પ્રમાણે વસ્ત્ર, ભોજન, અલંકાર વગેરે સારાં આપવાં. (૭) સદા તેમની પાસે દેવપૂજા, અતિથિભક્તિ, અનુકંપાદાન વગેરે પરલોકમાં હિતકર સારાં કામો કરાવવાં. (૮) તેમને જે પ્રવૃત્તિ(-વ્યવહાર) ન ગમતી હોય તે પ્રવૃત્તિનો ત્યાગ કરવો અને ગમતી પ્રવૃત્તિ કરવી. અહીં એટલું ખ્યાલમાં રાખવું કે આ વાત ધર્મ સિવાય છે. અર્થાત્ ગુરુજનને અણગમતું ન કરવામાં અને ગમતું કરવામાં ધર્મને બાધ ન આવવો જોઈએ. જો ગુરુજનને અણગમતું ન કરવામાં ધર્મને બાધ આવતો હોય (ધર્મથી વંચિત રહેવું પડતું હોય કે અધર્મ(-પાપ થતો હોય) તો અણગમતું પણ કરવું જોઈએ. તેવી રીતે ગુરુજનને ગમતું કરવામાં ધર્મને બાધ આવતો હોય તો ગમતું ન કરવું જોઈએ. અર્થાત્ ધર્મને બાધ ન આવે તેમ ગુરુજનને અનુકૂળ વર્તવું. (૯) ગુરુજનની આસન, શય્યા, પલંગ, વાસણ વગેરે વસ્તુનો ઉપયોગ ન કરવો જોઈએ. અર્થાત્ જે વસ્તુ ગુરુજન વાપરતા હોય તે વસ્તુ અન્ય માટે નહિ વાપરવી જોઈએ. જેમકે માતા જે થાળીમાં જમતા હોય તે થાળીમાં બીજા કોઈએ ન જમવું જોઈએ, તે થાળી માતાના જમવા માટે જ અલગ રાખવી જોઈએ. (૧૦) માતા આદિના મૃત્યુ પછી તેમના અલંકાર આદિ ધનનો પોતાના માટે ઉપયોગ ન કરતાં તીર્થસ્થાન વગેરેમાં ધર્મ માટે ઉપયોગ કરવો જોઈએ. (૧૧) માતા આદિની છબી વગેરે બનાવીને તેની પુષ્પ, ધૂપ વગેરેથી પૂજા કરવી જોઈએ, અહીં કેટલાકોનું કહેવું છે કે માતા આદિએ કરાવેલા દેવની મૂર્તિ વગેરેની પુષ્પ, ધૂપ વગેરેથી પૂજા કરવી જોઈએ. (૧૨) માતા આદિનું મૃત્યુ થતાં તેમના મૃત્યુ સંબંધી દેવપૂજા વગેરે કાર્યો આદરપૂર્વક કરવાં જોઈએ.

(૬) **પરાર્થકરણ**–પરોપકારનાં કાર્યો કરવાં, મોહાધીન દરેક જીવ પોતાનાં કાર્યોમાં લીન હોય છે, તેને બીજાનાં કાર્યોની પડી હોતી નથી. આનું કારણ તીવ્ર સ્વાર્થ છે. સ્વાર્થી જીવમાં બીજાનું કામ કરવાની વૃત્તિ જ હોતી નથી. જ્યાં સુધી સ્વાર્થ તીવ્ર હોય ત્યાં સુધી જીવનમાં વાસ્તવિક ધર્મ આવી શકતો નથી, એટલું જ નહિ. પણ ધર્મ પામવાની લાયકાત પણ આવી શકતી નથી. આથી ધર્મ પામવાની લાયકાત મેળવવા માટે પણ સ્વાર્થ ઘટાડવો જોઈએ. સ્વાર્થવૃત્તિ ઘટે ત્યારે જ બીજાનું કાર્ય કરવાની ભાવના જાગે છે, અને શક્ય પ્રયત્ન થાય છે. આથી પરોપકાર કરનાર વ્યક્તિમાં સ્વાર્થવૃત્તિનો હ્રાસ-ઘટાડો થયો હોવાથી ધર્મની લાયકાત છે એ સિદ્ધ થાય છે. ધર્મ પામવા માટે પ્રથમ ધર્મ પામવાને લાયક બનવું જોઈએ. અમુક જીવ ધર્મ પામ્યો છે કે નહિ અથવા ધર્મ પામવાને લાયક બન્યો છે કે નહિ તે નિઃસ્વાર્થભાવે પરોપકારથી જાણી શકાય છે. માટે જ લલિતવિસ્તરા ગ્રંથમાં પરોપકાર એ જીવનનો સાર છે અને ધર્મપુરુષાર્થનું લક્ષણ છે એમ કહ્યું છે.

ભવનિર્વેદથી પરાર્થકરણ સુધીના છ ભાવો લૌકિક સૌંદર્ય છે. સૌંદર્ય એટલે સારાપણું. સૌંદર્ય લૌકિક અને લોકોત્તર એમ બે જાતનું છે. લૌકિક સૌંદર્ય એટલે જિનધર્મને નહિ પામેલા જીવોમાં પણ થનારું સૌંદર્ય. લૌકોત્તર સૌંદર્ય એટલે જિનધર્મને પામેલા જીવોમાં થનારું સૌંદર્ય. સમ્યગ્દર્શન વગેરે લોકોત્તર સૌંદર્ય છે. સમ્યગ્દર્શનાદિ લોકોત્તર સૌંદર્ય પામવા માટે શુભગુરુયોગ અને શુભગુરુવચનસેવા જરૂરી હોવાથી એ બે પણ લોકોત્તર સૌંદર્ય છે. ભવનિર્વેદ વગેરે છ ભાવો જિનધર્મને નહિ પામેલા જીવોમાં પણ હોઈ શકે છે માટે તે લૌકિક સૌંદર્ય છે. લૌકિક સૌંદર્ય જેનામાં આવે તે જ લોકોત્તર સૌંદર્ય પામવાને માટે લાયક છે. લૌકિક સૌંદર્ય આવ્યા વિના લોકોત્તર સૌંદર્યરૂપ સમ્યગ્દર્શનાદિ ધર્મ પામી શકાય જ નહિ. લૌકિક સૌંદર્ય વિના લોકોત્તર સૌંદર્ય પમાડનાર શુભગુરુયોગ વગેરે મળી જાય તો પણ લાભ ન થાય, અને કદાચ લાભને બદલે નુકસાન પણ થાય. પચાવવાની તાકાત વિનાના રોગીને પૌષ્ટિક ખોરાક મળી જાય તેમ. એટલે લોકોત્તર સૌંદર્ય પામવા માટે લૌકિક સૌંદર્ય અનિવાર્ય છે. માટે પ્રથમ ભવનિર્વેદ વગેરે લૌકિક સૌંદર્યની માગણી કર્યા પછી શુભગુરુયોગ અને શુભગુરુવચનસેવા રૂપ લોકોત્તર સૌંદર્યની માગણી કરી છે.

(૭) **શુભગુરુયોગ**–ચારિત્રાદિ ગુણસંપન્ન ઉત્તમ આચાર્યનો સંબંધ. અહીં ચારિત્રાદિ ગુણોની મુખ્યતા છે. ગુરુ મળી જાય, પણ ચારિત્રવિહીન હોય તો કદાચ લાભને બદલે નુકસાન પણ થાય, ભૂખ્યાને ઝેરમિશ્રિત લાડવા મળી જાય તેમ.

(૮) **શુભગુરુવચનસેવા**–ઉપર્યુક્ત આચાર્યની આજ્ઞાનું પાલન. શુભગુરુનો યોગ થઈ જાય, પણ તેમનો ઉપદેશ સાંભળીને તેનો અમલ ન થાય તો શું કામનું ? માટે મોક્ષ ન મળે ત્યાં સુધી અખંડ રીતે શુભગુરુના ઉપદેશનું પાલન પણ અનિવાર્ય છે. અહીં અખંડ

શબ્દના કાળ અને પ્રમાણ એ બે દૃષ્ટિએ અર્થ થઈ શકે. કાળની દૃષ્ટિએ અખંડ એટલે અમુક સમય થાય, અમુક સમય ન થાય એમ નહિ, કિંતુ સતત થાય. પ્રમાણની દૃષ્ટિએ અખંડ એટલે થોડા પ્રમાણમાં થાય એમ નહિ, કિંતુ સંપૂર્ણ થાય. જેમકે—ગુરુના અમુક વચનનું પાલન થાય, અમુક વચનનું પાલન ન થાય એમ નહિ, કિન્તુ પ્રત્યેક વચનનું પાલન થાય.

**પ્રશ્ન**—'आभवमखण्डा' પદોનો અન્વય ભવનિર્વેદ આદિ બધા સાથે છે કે શુભગુરુવચનસેવા સાથે છે ?

**ઉત્તર**—બંને સાથે લઈ શકાય. શબ્દાર્થની દૃષ્ટિએ વિચારીએ તો તેનો અન્વય શુભગુરુવચનસેવા સાથે છે. કારણ કે अखण्डा શબ્દનો પ્રયોગ સ્ત્રીલિંગમાં છે. જો બધા સાથે તેનો અન્વય હોય તો ભવનિર્વેદાદિ શબ્દો પુલિંગ વગેરે જુદા જુદા લિંગમાં હોવાથી अखण्डा નો સ્ત્રીલિંગમાં પ્રયોગ ન થાય. તથા आभवं પદ अखण्डा પદની પહેલાં હોવાથી તેનો અન્વય પણ तव्वयणसेवणा સાથે કરવો ઠીક છે. અથવા आभवं નો અન્વય ભવનિર્વેદ આદિ બધા સાથે પણ થઈ શકે. કારણ કે તે ક્રિયાવિશેષણ રૂપે છે. હવે ભાવાર્થની દૃષ્ટિએ વિચારીએ તો आभवं અને अखण्डा એ બંનેનો અન્વય ભવનિર્વેદ આદિ બધા સાથે છે. કારણ કે શુભગુરુવચનના પાલનમાં ભવનિર્વેદ આદિ બધા ભાવો આવી જાય છે. ગુરુના ઉપદેશમાં સંસાર અસાર છે, તત્ત્વ-મોક્ષમાર્ગ અનુસરવા જેવો છે વગેરે જ આવવાનું છે. એટલે પરમાર્થથી શુભગુરુવચનસેવાની માગણીમાં ભવનિર્વેદ આદિની માગણી આવી જ જાય છે. આથી શુભગુરુવચનસેવાની પ્રાર્થના જેવા સ્વરૂપે થાય તેવા સ્વરૂપે ભવનિર્વેદ આદિની પ્રાર્થના પણ થાય.

**પ્રશ્ન**—હે વીતરાગ ! હે જગદ્ગુરુ ! આ પ્રમાણે આમંત્રણ કરવાનું શું કારણ ?

**ઉત્તર**—ભગવાન પાસે માગણી કરવાની છે. મૌખિક વચન દ્વારા માગણી જે નજીકમાં હોય તેની પાસે થઈ શકે. ભગવાન તો મોક્ષમાં કે મહાવિદેહક્ષેત્રમાં છે. ત્યાંથી ભગવાન અહીં આવે નહિ. આથી દ્રવ્યથી-બાહ્યથી દૂર રહેલા ભગવાન ભાવથી-અંતરથી હૃદયમાં વસે એટલા માટે હે વીતરાગ ! હે જગદ્ગુરુ ! એ પ્રમાણે આમંત્રણ કરવામાં આવે છે.

**પ્રશ્ન**—ભગવાન કૃતકૃત્ય બની ગયા છે, જયવંતા જ છે તો તેમને 'આપ જયવંતા વર્તો' એમ આશીર્વાદ આપવાની શી જરૂર છે ?

**ઉત્તર**—ભગવાનને આશીર્વાદની જરૂર નથી. પણ ભક્તિના આવેશથી ભક્ત-સાધકના મુખમાંથી આવા ઉદ્ગાર સહજ નીકળી જાય છે. ભગવાન પાસે જે કંઈ કહેવાનું છે કે કરવાનું છે તે ભગવાન માટે નહિ, પણ સાધક માટે-આપણા માટે છે. વીતરાગના જયમાં જ સાધકનો જય થાય છે. એટલે આનાથી 'મારો જય થાવ' એમ પણ ગર્ભિત રીતે સૂચન છે. તથા વીતરાગનો જય એટલે વીતરાગના શાસનનો જય. એટલે વીતરાગ જયવંતા વર્તો એનો અર્થ વીતરાગનું શાસન જયવંતુ વર્તો એવો પણ થાય. વીતરાગનું શાસન

જયવંતુ વર્તે એની તો સાધકને જરૂર હોય જ. કારણ કે વીતરાગના શાસન વિના કોઈનું કલ્યાણ થવાનું નથી.

**પ્રણિધાન શબ્દનો અર્થ**–પ્રણિધાન સંબંધી ૩૩-૩૪ એ બે ગાથાઓ વર્તમાનમાં 'जयवीयराय' સૂત્ર તરીકે પ્રસિદ્ધ છે. એ जयवीयराय સૂત્રનું પ્રણિધાનસૂત્ર એવું નામ છે. પ્રણિધાન શબ્દના એકાગ્રતા, ધ્યાન, નિર્ણય, ધ્યેય વગેરે અનેક અર્થો થાય છે. અહીં ૨૯મી ગાથાની ટીકામાં પ્રણિધાનનો प्रार्थनागर्भमैकाग्र्यं="પ્રાર્થનાગર્ભિત(ચિત્તની) એકાગ્રતા" એવો અર્થ કર્યો છે. આ અર્થ સુસંગત છે. કારણ કે એકાગ્રતા અનેક વિષયની હોય છે. તેમાં અહીં પ્રાર્થના સંબંધી એકાગ્રતા વિવક્ષિત છે. પ્રસ્તુત સૂત્રથી પ્રભુ સમક્ષ એકાગ્રચિત્તે ભવનિર્વેદ આદિની પ્રાર્થના–માગણી કરવામાં આવે છે. આ પ્રમાણે પ્રણિધાન શબ્દનો એકાગ્રતાની પ્રધાનતાની દૃષ્ટિએ પ્રાર્થનાગર્ભિત એકાગ્રતા એવો અર્થ થાય. હવે જો પ્રાર્થનાની પ્રધાનતા કરવામાં આવે તો પ્રણિધાન શબ્દનો એકાગ્રચિત્તે પ્રાર્થના(-માગણી) એવો અર્થ પણ થઈ શકે. પ્રભુ સમક્ષ પ્રણિધાન કરવું જોઈએ, એટલે કે પ્રભુ સમક્ષ એકાગ્રચિત્તે શુભ પ્રાર્થના-માગણી કરવી જોઈએ. લલિતવિસ્તરા ગ્રંથમાં પ્રણિધાનનો અર્થ જણાવતાં કહ્યું છે કે–

विशुद्धभावनासारं, तदर्थार्पितमानसम् ।
यथाशक्ति क्रियालिङ्गं, प्रणिधानं मुनिर्जगौ ॥

**"તે તે વિષયમાં વિશુદ્ધભાવનાપ્રધાન મનની એકાગ્રતાને મહર્ષિઓ પ્રણિધાન કહે છે."**

ચિત્તની એકાગ્રતા પ્રણિધાન છે. પણ ગમે તેવા-અશુભભાવનાયુક્ત મનની એકાગ્રતા અહીં અભિપ્રેત નથી. માટે કહ્યું છે કે–વિશુદ્ધભાવનાપ્રધાન મનની એકાગ્રતા પ્રણિધાન છે.

અહીં પ્રશ્ન થાય કે વિશુદ્ધભાવના કે અવિશુદ્ધભાવના આંતરિક ભાવ હોવાથી છદ્મસ્થ જીવોને દેખાય નહિ. તો અમુક વ્યક્તિમાં પ્રણિધાન છે કે નહિ તે શી રીતે જાણી શકાય ? આ પ્રશ્નના સમાધાનમાં અહીં કહ્યું છે કે यथाशक्ति क्रियालिङ्गं–**"પ્રણિધાન શક્તિમુજબની બાહ્યક્રિયાઓથી જાણી શકાય છે."** આનો અર્થ એ થયો કે જેનામાં પ્રણિધાન હોય તેનામાં કેવળ આંતરિક ભાવ જ હોય એમ નહિ, કિંતુ શક્તિમુજબ બાહ્યક્રિયા પણ હોય. આથી પ્રણિધાન કેવળ આંતરિક ભાવરૂપ નથી, કિંતુ બાહ્યક્રિયારૂપ પણ છે. કારણ કે જ્યાં આંતરિક ભાવ પેદા થાય છે ત્યાં શક્તિ મુજબ બાહ્યક્રિયા પણ થાય છે. આથી એકલા ધ્યાન ઉપર ભાર મૂકનારાઓને આ વિષય વિચારવાની જરૂર છે. (૩૩-૩૪)

**उचियं च इमं णेयं, तस्साभावम्मि तत्फलस्सऽण्णे ।**
**अपमत्तसंजयाणं, आराऽणभिसंगओ ण परे ॥३५॥**

**પ્રણિધાનને યોગ્ય અવસ્થામાં પ્રણિધાન સંગત જાણવું એમ (૩૧મી ગાથામાં) પૂર્વે કહ્યું હતું. આથી પ્રણિધાનને યોગ્ય અવસ્થાને જણાવવા માટે કહે છે–**

**ગાથાર્થ**–(तस्साभावम्मि–)પ્રાર્થનીય ભવનિર્વેદાદિ ગુણોનો અભાવ હોય ત્યાં સુધી આ પ્રણિધાન યોગ્ય જાણવું. (तत्फलस्सऽण्णे–)કેટલાક આચાર્યોનું કહેવું છે કે પ્રાર્થનીય ભવનિર્વેદાદિનું અપ્રમત્તાવસ્થા વગેરે ઉચ્ચકક્ષા કે મોક્ષરૂપ ફળ ન મળે ત્યાં સુધી આ પ્રણિધાન યોગ્ય જાણવું. (अप्रमत्तसंजयाणं आरा–)અપ્રમત્તગુણસ્થાનની પહેલાં આ પ્રણિધાન ઉચિત છે. (अणभिसंगओ न परे–)અપ્રમત્ત વગેરે ગુણસ્થાનોમાં રાગ ન હોવાથી પ્રણિધાન યોગ્ય નથી.

**ટીકાર્થ**–(तस्साभावम्मि–)પ્રાર્થનીય ભવનિર્વેદાદિ ગુણોનો અભાવ હોય ત્યાં સુધી આ પ્રણિધાન(-માગણી) યોગ્ય છે. પ્રાર્થનીય ભવનિર્વેદાદિ ગુણો આવી ગયા પછી માગણી કરવાની રહેતી નથી. કારણ કે જે વસ્તુ ન મળી હોય તો તેની માગણી કરવાની હોય છે, મળી હોય તેની નહિ. (तत्फलस्सऽण्णे–)કેટલાક આચાર્યોનું કહેવું છે કે–પ્રાર્થનીય ભવનિર્વેદાદિનું અપ્રમત્તાવસ્થા વગેરે ઉચ્ચકક્ષા કે મોક્ષરૂપ ફળ ન મળે ત્યાં સુધી આ માગણી કરવી યોગ્ય છે. આ મત પણ બરોબર છે. બંનેનો ભાવ એક જ છે. કારણ કે ભવનિર્વેદાદિ ગુણો ઉચ્ચકોટિના બને ત્યારે જ અપ્રમત્તાવસ્થા આદિ ઉચ્ચકક્ષા કે મોક્ષ મળે છે. અહીં ભવનિર્વેદાદિ ગુણો ન આવે ત્યાં સુધી આ માગણી યોગ્ય છે એનો ભાવ એ છે કે ઉચ્ચકોટિના ભવનિર્વેદાદિ ગુણો ન આવે ત્યાં સુધી આ માગણી યોગ્ય છે. ભવનિર્વેદાદિ ગુણો ઉચ્ચકોટિના બને ત્યારે અપ્રમત્તાવસ્થા આદિ ઉચ્ચકક્ષા કે મોક્ષ મળ્યા વિના રહે નહિ. એટલે ભવનિર્વેદાદિ ગુણો ન આવે ત્યાં સુધી આ પ્રાર્થના યોગ્ય છે અને ભવનિર્વેદાદિગુણોનું અપ્રમત્તાવસ્થા આદિ ઉચ્ચકક્ષા કે મોક્ષ રૂપ ફળ ન મળે ત્યાં સુધી આ પ્રાર્થના યોગ્ય છે એ બંનેનો ભાવ સમાન છે.

**પ્રશ્ન**–આનો ભાવ એ થયો કે છઠ્ઠા ગુણસ્થાનક સુધી આ પ્રાર્થના યોગ્ય છે, પછી નહિ. આ બરોબર છે ?

**ઉત્તર**–હા. (अपमत्तसंजयाणं आरा–)અપ્રમત્તગુણસ્થાનકની પહેલાં, અર્થાત્ છઠ્ઠા ગુણસ્થાનક સુધી આ પ્રાર્થના કરવી ઉચિત છે, ત્યારપછી નહિ. આ પ્રાર્થનામાં (પ્રશસ્ત) રાગ રહેલો હોવાથી જેનામાં (પ્રશસ્ત) રાગ હોય તે જ આ પ્રાર્થના કરે. (अणभिसंगओ न परे)અપ્રમત્ત વગેરે ગુણસ્થાનોમાં રાગ હોતો[૧] નથી. અપ્રમત્ત વગેરે ગુણસ્થાનોમાં રહેલ સાધક **मोक्षे भवे च सर्वत्र निःस्पृहो मुनिसत्तमः "શ્રેષ્ઠમુનિ મોક્ષ અને સંસાર વગેરે બધા પ્રત્યે નિઃસ્પૃહ હોય છે, અર્થાત્ તેને સંસાર ઉપર તો રાગ હોતો નથી, કિન્તુ મોક્ષ ઉપર પણ રાગ હોતો નથી, સંસાર-મોક્ષ બંને પ્રત્યે સમભાવ હોય છે."** આથી એવો સાધક પ્રાર્થના કરતો નથી. (૩૫)

---

૧. યદ્યપિ દશમા ગુણસ્થાન સુધીમાં રહેલ સાધક વીતરાગ બન્યો ન હોવાથી સર્વથા રાગરહિત નથી. છતાં તે રાગ અતિશય સૂક્ષ્મ હોવાના કારણે પોતાનું કાર્ય કરવા સમર્થ બનતો ન હોવાથી નથી એમ કહેવાય.

**मोक्खंगपत्थणा इय, ण णियाणं तदुचियस्स विण्णेयं ।**
**सुत्ताणुमइत्तो जह, बोहीए पत्थणा माणं ॥३६॥**

**પ્રણિધાન(-પ્રાર્થના) નિદાન નથી એમ જે કહ્યું એ વિષયના સાધક પ્રમાણને બતાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ–**પ્રણિધાનને યોગ્ય એવા છઠ્ઠા ગુણસ્થાનક સુધીના જીવની જયવીયરાય સૂત્રમાં કહેલી મોક્ષનાં કારણોની પ્રાર્થના(=આશંસા) નિદાન નથી. કેમકે સૂત્રસંમત છે. આમાં બોધિની પ્રાર્થના પ્રમાણ છે.

**ટીકાર્થ–**હમણાં જ કહેલી जय वीयराय ઇત્યાદિ મોક્ષનાં કારણોની પ્રાર્થના-(આશંસા) નિદાન નથી. કારણ કે પ્રણિધાનને યોગ્ય એવા છઠ્ઠા ગુણસ્થાનક સુધીના જીવની આ પ્રાર્થના આગમસંમત છે. તે સૂત્ર અપ્રમત્તસાધુ આદિને પ્રાર્થનાની અનુમતિ આપતું નથી. કારણ કે તે રાગથી રહિત છે. તે સૂત્ર અપ્રમત્તથી બીજાને (=પ્રમત્તને) અનુમતિ આપે છે. કારણ કે બીજાઓ રાગથી સહિત છે. વિશિષ્ટપ્રણિધાન વીતરાગતાનું કારણ છે. આમ કહીને પ્રણિધાનનો હેતુ કહ્યો, અર્થાત્ વીતરાગતા પ્રાપ્ત કરવા પ્રણિધાન કરવું જોઈએ. (આથી જેને વીતરાગતા પ્રાપ્ત થઈ ગઈ છે તેને પ્રણિધાન કરવાનું રહેતું નથી.)

અહીં રાગપૂર્ણ મનથી કરાયેલી અને સંસારનું કારણભૂત એવી "હું તીર્થંકર થાઉં" ઇત્યાદિ પ્રાર્થનાનો નિષેધ કર્યો છે

**પ્રશ્ન–**પ્રાર્થના આગમસંમત છે તેમાં પ્રમાણ શું છે ?

**ઉત્તર–**(લોગસ્સ સૂત્રમાં) બોધિલાભની=જિનધર્મની પ્રાપ્તિની માગણી કરવામાં આવી છે તે પ્રમાણ છે. અહીં અનુમાન પ્રયોગ આ પ્રમાણે છે–જે મોક્ષાંગપ્રાર્થના સૂત્રસમંત હોય તે મોક્ષાંગપ્રાર્થના નિદાનરૂપ નથી. પ્રસ્તુત મોક્ષાંગપ્રાર્થના સૂત્રસંમત છે. આ અનુમાન પ્રણિધાનમાં નિદાનના અભાવનો સાધક છે.

[લોગસ્સસૂત્ર ગણધરકૃત છે. જો મોક્ષનાં કારણોની પ્રાર્થના આગમસંમત ન હોય તો બોધિલાભની માગણી કરે નહિ. આથી સિદ્ધ થાય છે કે આ પ્રાર્થના આગમસંમત છે.] (૩૬)

**एवं च दसाईसुं, तित्थयरंमिवि णियाणपडिसेहो ।**
**जुत्तो भवपडिबद्धं, साभिस्संगं तयं जेण ॥३७॥**

**મોક્ષનાં કારણોની પ્રાર્થના નિદાન નથી. તીર્થંકરપણું મોક્ષનું કારણ છે. આથી તેની પણ પ્રાર્થનાનો નિષેધ દશાશ્રુતસ્કંધમાં જે કહ્યો છે તે યુક્ત નથી એવી આશંકા કરીને કહે છે–**

**ગાથાર્થ-ટીકાર્થ–પ્રશ્ન–**મોક્ષનાં કારણોની પ્રાર્થના નિદાનરૂપ નથી એ વાત સિદ્ધ થઈ ગઈ. તીર્થંકરપણું મોક્ષનું કારણ છે. આથી હું તીર્થંકર બનું એવી આશંસા નિદાન ન

ગણાય. તો પછી દશાશ્રુતસ્કંધ વગેરેમાં તેનો નિષેધ કેમ કર્યો છે ?

**ઉત્તર**–દશાશ્રુતસ્કંધ, ધ્યાનશતક વગેરે ગ્રંથોમાં તીર્થંકર બનવાની આશંસાનો નિષેધ કર્યો છે તે યોગ્ય છે. કારણ કે તેવી આશંસા (અપ્રશસ્ત) રાગયુક્ત હોવાથી સંસારનું કારણ છે.

અહીં ભવભ્રમણથી ભય પામેલા લોક માટે મોક્ષનગરમાં જવા માટે સાર્થવાહ સમાન તીર્થંકર બનવાની પ્રાર્થનાનો પણ નિષેધ છે, તો પછી સંસારના આવર્તોમાં પડવાનું કારણ એવી હું રાજા બનું વગેરે પ્રાર્થનાનો તો સુતરાં નિષેધ છે.

**ભાવાર્થ**–તીર્થંકરની દેવોએ કરેલી સમવસરણ અને નવકમળ વગેરે ઋદ્ધિ જોઈને કે સાંભળીને તે ઋદ્ધિની ઇચ્છાવાળો થયેલો કોઈ જીવ ભવભ્રમણ થાય તો પણ હું તીર્થંકર બનું. આ પ્રમાણે તીર્થંકરની ઋદ્ધિની ઇચ્છાથી તીર્થંકર બનવાની આશંસામાં (અપ્રશસ્ત) રાગ કારણ છે. (આમાં ઉપકારની ભાવના નથી, પણ ઋદ્ધિની પ્રાપ્તિરૂપ સ્વાર્થની ભાવના છે.) આથી તીર્થંકરની ઋદ્ધિની ઇચ્છાથી તીર્થંકરપણાની આશંસા નિદાનરૂપ છે. આથી દશાશ્રુતસ્કંધ વગેરેમાં તેનો જે નિષેધ કર્યો છે તે યોગ્ય જ છે. (૩૭)

**जं पुण णिरभिस्संगं, धम्मा एसो अणेगसत्तहिओ ।**
**णिरुवमसुहसंजणओ, अपुव्वचिंतामणीकप्पो ॥३८॥**

**ता एयाणुट्ठाणं, हियमणुवहयं पहाणभावस्स ।**
**तम्मि पवित्तिसरूवं, अत्थापत्तीएँ तमदुट्ठं ॥३९॥ युग्मम् ॥**

**રાગ વિના તીર્થંકરપણાની પ્રાર્થનામાં(આશંસામાં) દોષ નથી એમ કહે છે–**

**ગાથાર્થ**–(जं पुण णिरभिस्संगं अदुट्ठं–)પણ રાગ વિના કરેલી તીર્થંકરપણાની પ્રાર્થના દુષ્ટ નથી. (एसो–)તીર્થંકર (धम्माय–)ભવ્યજીવોના ધર્મ માટે થાય છે. તીર્થંકર અનેક જીવોનું હિત કરનારા, અનુપમ સુખને ઉત્પન્ન કરનારા અને અપૂર્વ ચિંતામણિ સમાન છે. (ता–)તેથી (एयाणुट्ठाणं–)તીર્થંકરનું અનુષ્ઠાન હિતકર અને પ્રતિઘાતથી રહિત છે. (पहाणभावस्स–)આવા પ્રકારના શુભ અધ્યવસાયવાળા જીવની તીર્થંકરપણાની પ્રાર્થના અર્થાપત્તિથી (तम्मि–)તીર્થંકરના ધર્મદેશનાદિ અનુષ્ઠાનમાં પ્રવૃત્તિસ્વરૂપ છે. આથી તીર્થંકરપણાની પ્રાર્થના દુષ્ટ નથી.

**ટીકાર્થ**–રાગસહિત તીર્થંકરપણાની પ્રાર્થના દુષ્ટ જ છે. પણ રાગ વિના કરેલી તીર્થંકરપણાની પ્રાર્થના દુષ્ટ નથી. (તીર્થંકરની દેશનાથી ભવ્યજીવો ધર્મ પામે છે. માટે) તીર્થંકર ભવ્યજીવોના ધર્મ માટે થાય છે. તીર્થંકર અનેક જીવોનું હિત કરનારા છે, અર્થાત્ જગતના સઘળા જીવો માટે પરમબંધુ સમાન છે. કારણ કે તીર્થંકર મોક્ષસુખના હેતુ હોવાથી

અનુપમ આનંદને ઉત્પન્ન કરનારા છે. આથી જ તીર્થંકર નહિ ચિંતવેલું પણ સુખ કરનારા હોવાથી અપૂર્વ ચિંતામણિ સમાન છે. (૩૮)

તીર્થંકર "અનેક જીવોના હિતકારક" આદિ વિશેષતાઓથી(=ગુણોથી) યુક્ત હોવાથી તીર્થંકરનું સદ્ધર્મની દેશના વગેરે અનુષ્ઠાન ઇષ્ટકાર્યનું સાધક હોવાથી હિતકર અને પ્રતિઘાતથી(=અટકાવથી) રહિત છે.

આવા પ્રકારના(તીર્થંકરનું સદ્ધર્મ દેશના વગેરે અનુષ્ઠાન હિતકર છે ઇત્યાદિ પ્રકારના) શુભાધ્યવસાયવાળા જીવની તીર્થંકરપણાની પ્રાર્થના અર્થાપત્તિથી તો તીર્થંકરના ધર્મદેશનાદિ અનુષ્ઠાનમાં પ્રવૃત્તિસ્વરૂપ છે. એથી તીર્થંકરપણાની પ્રાર્થના દ્વારા અર્થાપત્તિથી તો તીર્થંકરના હિતાદિ વિશેષણવાળા ધર્મદેશનાદિ અનુષ્ઠાનની જ પ્રાર્થના કરી છે. આથી તીર્થંકરપણાની પ્રાર્થના દુષ્ટ નથી.[1] (૩૯)

**कयमित्थ पसंगेणं, पूजा एवं जिणाण कायव्वा ।**
**लद्धूण माणुसत्तं, परिसुद्धा सुत्तनीतीए ॥४०॥**

**પ્રણિધાન સંબંધી વક્તવ્યનો ઉપસંહાર કરતા ગ્રંથકાર ઉપદેશને કહે છે–**

**ગાથાર્થ**–અહીં પ્રણિધાન સંબંધી પ્રાસંગિક વર્ણન આટલું બસ છે. મનુષ્યભવ પામીને આગમનીતિથી નિર્દોષ સિદ્ધ થયેલી જિનપૂજા (एवं–)ઉક્ત કાળ વગેરે વિધિપૂર્વક કરવી જોઈએ.

**ટીકાર્થ**–અહીં મનુષ્યો વિશેષથી ઉપદેશને યોગ્ય છે, અને ઉપદેશ પ્રમાણે કરનારા હોવાથી ''મનુષ્યભવને પામીને'' એમ કહ્યું છે. પણ દેવભવ આદિનો નિષેધ કરવા માટે નહિ. (૪૦)

**पूजाए कायवहो, पडिकुट्ठो सो य णेव पुज्जाणं ।**
**उवगारिणित्ति तो सा, परिसुद्धा कह णु होइत्ति ? ॥४१॥**
**भण्णइ जिणपूयाए, कायवहो जतिवि होइ उ कहिंचि ।**
**तहवि तई परिसुद्धा, गिहीण कूवाहरणजोगा ॥४२॥**

## ૭. પૂજાનિર્દોષતા પ્રકરણ

**નિર્દોષ એવી પૂજા કરવી જોઈએ એમ (૪૦મી ગાથામાં) કહ્યું છે. તેમાં પૂજાની નિર્દોષતાને નહિ માનનારા બીજાના મતને બતાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ–પ્રશ્ન**–પૂજામાં જીવહિંસા થાય છે. (તીર્થંકરોએ) જીવહિંસાનો નિષેધ કર્યો

૧. લલિતવિસ્તરા લોગસ્સસૂત્ર.

છે. તથા પૂજા પૂજ્યોને ઉપકાર કરનારી થતી નથી. તેથી પૂજા નિર્દોષ કેવી રીતે હોય?

ઉત્તર—જો કે પૂજામાં કથંચિત્ જીવહિંસા થાય છે, તો પણ ગૃહસ્થોને કૂપઉદાહરણ સંબંધથી પૂજા નિર્દોષ છે. (૪૧-૪૨)

**ટીકાર્થ—પ્રશ્ન**—પૂજામાં જીવહિંસા થાય છે. ભગવાને જીવહિંસાનો નિષેધ કર્યો છે. કહ્યું છે કે—**"સઘળા ય જીવો જીવવાને ઈચ્છે છે, મરવાને ઈચ્છતા નથી. તેથી દુઃખનું કારણ એવા ભયંકર જીવવધને (=હિંસાને) નિર્ગ્રન્થ સાધુઓ તજે છે."** (દશવૈકા. અ. ૬ ગા. ૧૧) આથી પૂજા નિર્દોષ કેવી રીતે હોઈ શકે? બીજી વાત. જીવહિંસા થવા છતાં જો પૂજ્યને (જિનને) પૂજાથી લાભ થતો હોય તો હજી નિર્દોષ બને. પણ તેવું તો છે જ નહિ. વીતરાગ હોવાથી જિનેશ્વરને પૂજાથી આનંદ થતો નથી. આથી જિનપૂજા નિર્દોષ કેમ કહેવાય? (૪૧)

ઉત્તર—યદ્યપિ જિનપૂજામાં કોઈક રીતે[1] જીવહિંસા થાય છે, તો પણ (तई—)તે જિનપૂજા કૂપના ઉદાહરણથી ગૃહસ્થો માટે નિર્દોષ છે. હા, સાધુઓ માટે દ્રવ્યપૂજા નિર્દોષ ન ગણાય. કારણ કે તેમનો અધિકાર જુદો છે. ધર્મમાં અનુષ્ઠાનોની વ્યવસ્થા અધિકારી પ્રમાણે છે. (હારિભદ્રીય અષ્ટક-૨. ગાથા-૫ માં) કહ્યું છે કે—

**"શાસ્ત્રમાં ધર્મક્રિયા કરનાર જીવોની યોગ્યતા પ્રમાણે ધર્મનાં દ્રવ્યપૂજા અને ભાવપૂજા રૂપ અનુષ્ઠાનોની વ્યવસ્થા કરવામાં આવી છે. આ વ્યવસ્થા ગુણ અને દોષને આશ્રયીને રોગની ચિકિત્સા સમાન છે. જેમ રોગીની યોગ્યતા પ્રમાણે રોગની ચિકિત્સા કરવામાં આવે તો લાભ થાય, અન્યથા નુકસાન થાય, તેમ ધર્મી જીવની યોગ્યતા પ્રમાણે અનુષ્ઠાનો કરવામાં આવે તો લાભ થાય, અન્યથા નુકસાન થાય."**

**કૂપઉદાહરણની યોજના આ પ્રમાણે છે**—જે બીજા વિશિષ્ટ ગુણોને પમાડનાર હોય તે અલ્પદોષથી દુષ્ટ હોય તો પણ નિર્દોષ જ જાણવું. જેમ કે કૂપખનન શ્રમ, તૃષ્ણા, કાદવલેપ આદિ દોષોથી યુક્ત છે, પણ પાણી પ્રગટ થયા પછી કાયમ માટે તૃષ્ણાનાશ આદિ મહાન ગુણોથી યુક્ત છે. જિનપૂજા કર્મક્ષય વગેરે ગુણોને પમાડે છે. (૪૨)

**असदारंभपवत्ता, जं च गिही तेण तेसि विन्नेया ।**
**तन्निव्वित्तिफलच्चिय, एसा परिभावणीयमिणं ॥४३॥**

**બીજા સમાધાનને કહે છે—**

**ગાથાર્થ**—ગૃહસ્થો આરંભમાં પ્રવર્તેલા છે. તેથી તેમને જિનપૂજા અશુભ આરંભની નિવૃત્તિરૂપ ફળવાળી જાણવી. આ વિચારવું.

---

૧. વિશેષયતનાથી પ્રવૃત્તિ કરનારને જરાપણ જીવહિંસા ન થાય. એમ બતાવવા માટે કોઈક રીતે એમ કહ્યું છે.

**ટીકાર્થ**–ગૃહસ્થો માટે જિનપૂજા નિર્દોષ છે. એનું કારણ એ છે કે ગૃહસ્થો ખેતી વગેરે અસદ્આરંભમાં પ્રવૃત્તિ કરે છે, જ્યારે જિનપૂજાથી એ અસદ્આરંભથી નિવૃત્તિ થાય છે. જિનપૂજાથી અસદ્આરંભથી નિવૃત્તિ કાલાંતરે અને વર્તમાનકાળે એમ બે રીતે થાય છે. (૧) જિનપૂજાથી થતી અતિશયભાવવિશુદ્ધિથી સમય જતાં ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ થવાથી ચારિત્રની પ્રાપ્તિ થતાં સર્વથા અસદ્આરંભની નિવૃત્તિ થાય છે. (૨) તથા જિનપૂજા થાય છે ત્યારે પણ જેટલો સમય જિનપૂજા થાય છે તેટલો સમય સંસારના અન્ય અસદ્આરંભો થતા નથી, અને શુભભાવ થાય તે નફામાં. આથી જિનપૂજા દોષિત છે એમ કહેનારે જિનપૂજાથી અસદ્આરંભની નિવૃત્તિ થાય છે એ વાત બરોબર વિચારવી, જેથી તેનો બોધ થાય અને તે જ પ્રમાણે સ્વીકાર કરી શકાય. (૪૩)

**उवगाराभावम्मिवि, पुज्जाणं पूजगस्स उवगारो ।**
**मंतादिसरणजलणाइसेवणे जह तहेहंपि ॥४४॥**

**પૂજા પૂજ્યોને ઉપકાર(=લાભ)કરનારી થતી નથી એમ જે કહ્યું હતું તેના સમાધાન માટે કહે છે–**

**ગાથાર્થ**–પૂજાથી પૂજ્યોને ઉપકાર ન થતો હોવા [૧]છતાં પૂજકને ઉપકાર(=લાભ) થાય છે. જેવી રીતે મંત્ર વગેરેના સ્મરણમાં અને અગ્નિ આદિના સેવનમાં મંત્ર આદિને કોઈ લાભ ન થતો હોવા છતાં સ્મરણ કરનાર અને સેવન કરનારને લાભ થાય છે તેમ અહીં પણ જાણવું.

**ટીકાર્થ**–પૂજ્યો કૃતકૃત્ય હોવાથી પૂજાથી પૂજ્યોને આનંદાદિ ઉપકાર ન થતો હોવા છતાં પૂજકને પુણ્યબંધ વગેરે લાભ થાય છે. આ વિષયનું દૃષ્ટાંતથી સમર્થન કરે છે–મંત્ર-વિદ્યાના ધ્યાનમાં અને અગ્નિ-પાણી આદિના સેવનમાં જેવી રીતે સેવ્યને ઉપકાર ન થતો હોવા છતાં સેવકને ઉપકાર થાય છે. તે જ રીતે પૂજાના વિષયમાં પણ પૂજકને ઉપકાર થાય છે.

અહીં ભાવાર્થ આ છે–કોઈ મંત્ર-વિદ્યાનું ધ્યાન કરે તો તેમાં સેવ્ય મંત્ર-વિદ્યાને કોઈ લાભા ન થાય, તથા કોઈ અગ્નિ પાસે બેસીને પોતાના શરીરને તપાવે અને પાણીથી સ્નાન કરે ઇત્યાદિ રીતે અગ્નિ-પાણીનું સેવન કરે ત્યારે સેવ્ય અગ્નિ-પાણીને લાભ ન થાય, તો પણ મંત્ર-વિદ્યાનું ધ્યાન કરનારને અને અગ્નિ-પાણીનું સેવન કરનારને (=મંત્ર-વિદ્યાના અને અગ્નિ-પાણીના સેવકને) લાભ થાય છે. તે જ રીતે પૂજાથી પૂજ્ય એવા વીતરાગને લાભ ન થતો હોવા છતાં પૂજકને લાભ થાય જ છે. (૪૪)

---

૧. પૂજ્યોને ઉપકાર ન થતો હોવા છતાં પૂજકને લાભ થાય છે તો પછી પૂજ્યોને લાભ થાય તેમાં પૂજકને લાભ થાય એમાં તો શું કહેવું ?

**देहादिणिमित्तंपि हु, जे कायवहम्मि तह पयट्टंति ।**
**जिणपूयाकायवहंमि तेसिमपवत्तणं मोहो ॥४५॥**

**પૂજામાં જીવહિંસા થાય છે એમ માનતા જે જીવો જીવહિંસાના ભયથી પૂજામાં પ્રવૃત્તિ કરતા નથી તેમને ઠપકો આપવા માટે કહે છે—**

**ગાથાર્થ**—જેઓ શરીર આદિ નિમિત્તે પણ તે રીતે જીવહિંસામાં પ્રવર્તે છે, તેમની જિનપૂજા માટે જીવહિંસામાં પ્રવૃત્તિ ન કરવી તે મૂઢતા છે.

**ટીકાર્થ**—જે ગૃહસ્થો શરીર, ઘર, પુત્ર, સ્ત્રી વગેરે માટે હળ ખેડવું, ગાડું ચલાવવું વગેરે રીતે જીવહિંસામાં પ્રવૃત્તિ કરે છે તેમની જિનપૂજા માટે જીવહિંસામાં પ્રવૃત્તિ ન કરવી એ મૂઢતા છે. કારણ કે જિનપૂજામાં પ્રવૃત્તિ ન કરવી એ મોહનું કાર્ય છે. જેના જીવનમાં જીવહિંસા ઓતપ્રોત થઈ ગઈ છે, અર્થાત્ ડગલે-પગલે હિંસા રહેલી છે અને જે વિશિષ્ટ અહિંસાથી રહિત છે તે ગૃહસ્થ જે જિનપૂજા વિશુદ્ધભાવનું કારણ હોવાથી બોધિલાભ આદિ ગુણોનું કારણ છે, એથી જીવરક્ષાનું કારણ હોવાથી કેવળ દયાસ્વરૂપ છે, અને સ્વ-પરના નિર્વાણનું અવંધ્ય બીજભૂત છે, એવી જિનપૂજામાં પ્રવૃત્તિ ન કરવી એ મોહ વિના ન બને. મોહ જ જિનપૂજાની પ્રવૃત્તિનો વિઘાતક છે.

**ભાવાર્થ**—(૧) જિનપૂજાથી વિશુદ્ધભાવ ઉત્પન્ન થાય છે. (૨) વિશુદ્ધ ભાવથી બોધિલાભ આદિ ગુણોની પ્રાપ્તિ થાય છે. (૩) બોધિલાભ વગેરે ગુણોથી સંયમની પ્રાપ્તિ દ્વારા જીવરક્ષા ગુણની પ્રાપ્તિ થાય છે. (૪) આમ જિનપૂજા કેવળ દયાસ્વરૂપ છે, હિંસા સ્વરૂપ નથી. (૫) જિનપૂજા મોક્ષનું અવંધ્ય(=નિષ્ફળ ન જાય તેવું) બીજ છે. આવી જિનપૂજા ન કરવામાં મોહ જ કારણ છે. (૪૫)

**सुत्तभणिएण विहिणा, गिहिणा णिव्वाणमिच्छमाणेणं ।**
**तम्हा जिणाण पूजा, कायव्वा अप्पमत्तेणं ॥४६॥**

**હવે પૂજાવિધિનો ઉપસંહાર કરતા ગ્રંથકાર વિધિપૂર્વક પૂજા કરવાના ઉપદેશને કહે છે—**

**ગાથાર્થ-ટીકાર્થ**—પૂજાથી પૂજ્યને લાભ ન થવા છતાં પૂજકને લાભ થાય છે, અને જીવહિંસાના બહાને પૂજા નહિ કરવી એ મૂઢતા છે, માટે મોક્ષાભિલાષી ગૃહસ્થે પ્રમાદનો ત્યાગ કરીને સૂત્રોક્ત વિધિમુજબ જિનપૂજા કરવી જોઈએ. (૪૬)

**एक्कंपि उदगबिंदू, जह पक्खित्तं महासमुद्दम्मि ।**
**जायइ अक्खयमेवं, पूया जिणगुणसमुद्देसु ॥४७॥**

**પૂજા મહાફળવાળી હોવાથી પૂજા કરવી જોઈએ એમ કહે છે—**

**ગાથાર્થ-ટીકાર્થ**—જેમ મોટા સમુદ્રમાં નાખેલું પાણીનું એકપણ બિંદુ અક્ષય બને

છે=ઘણા પાણીમાં મળી જવાથી સુકાતું નથી, તેમ પૂજા જિનરૂપી (ઘણા ગુણોરૂપી રત્નોના આધાર હોવાથી) ગુણસમુદ્રમાં અક્ષય બની જાય છે, અર્થાત્ મોક્ષરૂપ અક્ષય ફળ આપવાથી જિનપૂજા અક્ષય છે. (૪૭)

**उत्तमगुणबहुमानो, पयमुत्तमसत्तमज्झयारम्मि ।**
**उत्तमधम्मपसिद्धी, पूयाए जिणवरिंदाणं ॥४८॥**

**પૂજાને જ આગળ કરતા ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ**—જિનવરેંદ્રોની પૂજાથી ઉત્તમગુણબહુમાન, ઉત્તમજીવોમાં સ્થાન અને ઉત્તમધર્મની પ્રસિદ્ધિ થાય છે.

**ટીકાર્થ—જિનવરેંદ્રોની**—જિન એટલે છદ્મસ્થવીતરાગ, તેમાં વર=પ્રધાન કેવળીઓ છે. તેમના ઇંદ્રો તે જિનવરેંદ્રો, તીર્થંકરનામકર્મનો ઉદય હોવાથી અને અનેક પ્રકારના અતિશયોથી યુક્ત હોવાથી તીર્થંકરો જિનવરોના(=કેવળીઓના) ઇંદ્ર છે.

**ઉત્તમગુણબહુમાન**—ઉત્તમગુણોવાળા જિન ઉપર કે જિનના વીતરાગતા આદિ ગુણો ઉપર બહુમાન થાય છે.

**ઉત્તમજીવોમાં સ્થાન**—જિન, ગણધર, ઇંદ્ર, ચક્રવર્તી વગેરે ઉત્તમ પ્રાણીઓમાં સ્થાન મળે છે, અર્થાત્ જિનપૂજાથી (ભાવવૃદ્ધિ થાય તો) પૂજા કરનાર તીર્થંકર કે ગણધર આદિ બને, અને સંસારમાં ઇંદ્ર વગેરે મહાન દેવ કે ચક્રવર્તી-રાજા વગેરે મહાન મનુષ્ય બને.

**ઉત્તમધર્મની પ્રસિદ્ધિ**—તથા પૂજા કરતી વખતે પ્રકૃષ્ટ પુણ્યાનુબંધી પુણ્યકર્મનો બંધ અને અશુભ[1] કર્મોનો ક્ષય થાય. પરિણામે ચારિત્રની પ્રાપ્તિ દ્વારા વીતરાગ અવસ્થાની પ્રાપ્તિ થાય. અથવા ઉત્તમધર્મની પ્રસિદ્ધિ એટલે જિનશાસન પ્રકાશમાં આવે છે.

[અહીં જિનપૂજાનું ફળ વર્તમાનભવ અને પરભવ એ બે દૃષ્ટિએ જણાવ્યું છે. પરભવમાં આધ્યાત્મિક અને ભૌતિક એ બે દૃષ્ટિએ ફળ જણાવ્યું છે. પરભવમાં આધ્યાત્મિક દૃષ્ટિએ તીર્થંકર પદ આદિ અને ભૌતિક દૃષ્ટિએ ઇંદ્રપણું આદિ ફળ જણાવ્યું છે. વર્તમાનભવમાં પણ ભૌતિક અને આધ્યાત્મિક એ બે દૃષ્ટિએ ફળ જણાવ્યું છે. પુણ્યકર્મનો બંધ વગેરે ભૌતિક લાભ છે, અને ચારિત્રની પ્રાપ્તિ વગેરે આધ્યાત્મિક લાભ છે.] (૪૮)

**सुव्वइ दुग्गयणारी, जगगुरुणो सिंदुवारकुसुमेहिं ।**
**पूजापणिहाणेणं, उववण्णा तियसलोगम्मि ॥४९॥**

**પૂજા તો મહાફળવાળી જ છે, હવે પૂજા કરવાનું પ્રણિધાન(સંકલ્પ) પણ મહાફળવાળું છે એમ દૃષ્ટાંતથી બતાવતા ગ્રંથકાર કહે છે—**

૧. અશુભ કર્મોના ક્ષયથી વિઘ્ન, અંતરાય, વિપત્તિ વગેરે દૂર થતાં હોવાથી જિનપૂજાથી વર્તમાનભવમાં પણ લાભ થાય છે એ જણાવ્યું છે.

**ગાથાર્થ**–સિંદુવારનાં પુષ્પોથી હું જિનપૂજા કરું એમ સંકલ્પમાત્રથી=ભાવનામાત્રથી દરિદ્ર વૃદ્ધા મૃત્યુ પામીને દેવલોકમાં ઉત્પન્ન થઈ એમ આ શાસનમાં સંભળાય છે.

**ટીકાર્થ**–દરિદ્રવૃદ્ધાની કથા પૂજ્યો આ પ્રમાણે કહે છે–

[૧]ભગવાન મહાવીરસ્વામી પૃથ્વીતલને પાવન કરતાં કરતાં એક વખત કાકંદી નગરીમાં પધાર્યા. ધર્મદેશના માટે દેવોએ ભક્તિથી સમવસરણની રચના કરી. ભગવાનની ધર્મદેશના સાંભળવા અને વંદન-પૂજન કરવા માટે રાજા વગેરે નગરના લોકો આવવા લાગ્યા. ભગવાનની પૂજા માટે લોકોના હાથમાં ગંધ, ધૂપ, પુષ્પ વગેરે પૂજાની સામગ્રી હતી. આ વખતે એક વૃદ્ધા પાણી આદિ માટે બહાર જઈ રહી હતી. નગરના ઘણા લોકોને ઉતાવળે ઉતાવળે એક દિશા તરફ જતા જોઈને વૃદ્ધાએ એક ભાઈને પૂછ્યુંઃ લોકો આમ ઉતાવળે ઉતાવળે કયાં જાય છે ? તે ભાઈએ કહ્યું કે ભગવાન મહાવીરસ્વામીના વંદન-પૂજન માટે જાય છે. આ સાંભળી વૃદ્ધાને પણ ભગવાન મહાવીરસ્વામી પ્રત્યે ભક્તિભાવ જાગ્યો. તે વિચારવા લાગી કે–હું પણ ભગવાનની પૂજા કરું, પણ હું ગરીબ હોવાથી પૂજાના સાધનોથી રહિત છું. આ લોકો ભગવાનની પૂજા માટે ધૂપ વગેરે ઉત્તમ સામગ્રી લઈને જાય છે. હું તેના વિના શી રીતે પૂજા કરું ? કંઈ નહિ, મને જંગલમાં ગમે ત્યાંથી પુષ્પો મળી જશે. એ પુષ્પોથી હું ભગવાનની પૂજા કરું. આમ વિચારી વૃદ્ધા જંગલમાંથી સિંદુવારનાં પુષ્પો લઈ આવી. પુષ્પો લઈને હર્ષથી સમવસરણ તરફ જઈ રહી હતી. પણ વૃદ્ધાવસ્થાના કારણે રસ્તામાં જ આયુષ્યનો ક્ષય થતાં મૃત્યુ પામી. રસ્તા ઉપર તેનું મડદું જોઈને દયાળુ માણસોએ આ વૃદ્ધા મૂર્છા પામી છે એમ સમજીને તેના ઉપર પાણી છાંટ્યું. થોડો વખત મૂર્છાના ઉપચાર કરવા છતાં જરાપણ ચેતના આવી નહિ. એટલે લોકોએ ભગવાનને પૂછ્યું કે–આ વૃદ્ધા મરી ગઈ છે કે જીવતી છે ? ભગવાને કહ્યુંઃ તે મૃત્યુ પામી છે. તેનો જીવ દેવરૂપે ઉત્પન્ન થયો છે. દેવરૂપે ઉત્પન્ન થયેલો વૃદ્ધાનો જીવ દેવલોકમાં ઉત્પન્ન થયા પછી તુરત અવધિજ્ઞાનથી પૂર્વભવ જાણીને મને વંદન કરવા આવ્યો છે. આ રહ્યો, એમ કહીને ભગવાને પોતાની પાસે ઊભેલા દેવને બતાવ્યો. ભગવાન પાસે આ વૃત્તાંત સાંભળીને સમવસરણમાં રહેલા બધા લોકો વિસ્મય પામીને વિચારવા લાગ્યા કે અહો !! પૂજાની ભાવનાથી પણ કેટલો બધો લાભ થાય છે. પછી ભગવાને વિશિષ્ટગુણોના પાત્ર એવા ઉત્તમ જીવો ઉપર થયેલા થોડાપણ શુભ અધ્યવસાયથી બહુ લાભ થાય છે. કારણ કે (૪૭મી ગાથામાં કહ્યું તેમ) ''જે રીતે મોટા સમુદ્રમાં નાખેલું પાણીનું એકપણ બિંદુ અક્ષય બને છે=ઘણા પાણીમાં મળી જવાથી સુકાતું નથી, તેમ પૂજા જિનરૂપી ગુણસમુદ્રમાં અક્ષય બની છે.'' (તથા ૪૮મી ગાથામાં કહ્યું તેમ) ''જિનવરેંદ્રોની પૂજાથી ઉત્તમગુણ બહુમાન, ઉત્તમજીવોમાં સ્થાન, અને ઉત્તમધર્મની પ્રસિદ્ધિ થાય છે.'' આમ કહીને જિનપૂજાનું મહત્ત્વ

૧. ટીકાના આધારે સંક્ષેપમાં કથાનો ભાવાર્થ લખ્યો છે.

સમજાવ્યું. ત્યારબાદ ભગવાને વૃદ્ધાના જીવનો વૃત્તાંત જણાવતાં કહ્યું કે વૃદ્ધાનો જીવ દેવલોકમાંથી ચ્યવી વિશાળરાજ્યનો માલિક કનકધ્વજ નામનો રાજા થશે. એક વખત દેડકાને સર્પ, એ સર્પને કુરર, એ કુરરને અજગર, એ અજગરને મોટો સર્પ ખાઈ જવા મથે છે. એ બનાવ જોઈને તે વિચારશે કે—જેમ અહીં એક-બીજાને ખાવાને મથતા દેડકો વગેરે પ્રાણીઓ આખરે મહાસર્પના મુખમાં જ જવાના છે, તેમ સંસારમાં જીવો ''મત્સ્યગલાગલ'' ન્યાયથી પોતપોતાના બળ પ્રમાણે પોતાનાથી ઓછા બળવાળાને દુઃખી કરે છે—દબાવે છે, પણ આખરે બધા યમરાજના મુખમાં પ્રવેશ કરે છે. આથી આ સંસાર અસાર છે. એમ વિચારીને [1]પ્રત્યેકબુદ્ધ બનશે. દીક્ષાનું સુંદર પાલન કરીને દેવલોકમાં ઉત્પન્ન થશે. પછી ક્રમે કરીને અયોધ્યા નગરીના શક્રાવતાર નામના મંદિરમાં કેવળજ્ઞાન પામી મોક્ષે જશે. (૪૯)

**सम्मं णाऊण इमं, सुयाणुसारेण धीरपुरिसेहिं ।**
**एवं चिय कायव्वं, अविरहियं सिद्धिकामेहिं ॥५०॥**

હવે પ્રકરણનો ઉપસંહાર કરવા માટે કહે છે—

**ગાથાર્થ**—મુક્તિકામી ધીરપુરુષોએ આ પૂજાવિધિને આગમ પ્રમાણે બરોબર જાણીને આગમ પ્રમાણે જ સતત(=સદા) કરવું જોઈએ.

**ટીકાર્થ—મુક્તિકામી**—મુક્તિ પ્રાપ્તિનો એક જિનપૂજા જ ઉપાય છે માટે મુક્તિકામી એમ કહ્યું છે.

**ધીરપુરુષોએ**—બુદ્ધિશાળી મનુષ્યોએ. બુદ્ધિરહિત મનુષ્ય બરોબર સમજી શકે નહિ એથી બરોબર કરી શકે પણ નહિ. અથવા ધીર એટલે ક્ષોભ ન પામનાર. કુનયોથી જેનું મન ક્ષોભ પામી જાય=ડગમગી જાય તે બરોબર સમજવામાં અને બરોબર કરવામાં અસમર્થ છે.

**બરોબર જાણીને**—જે જાણ્યું જ ન હોય, અથવા બરોબર ન જાણ્યું હોય તે ઉપકાર(=લાભ) માટે થતું નથી.

**સતત**—વચ્ચે વચ્ચે પૂજા બંધ ન થાય એ રીતે સતત પૂજા કરવાથી શુભ અધ્યવસાય વૃદ્ધિને પામે છે. તેથી ઇષ્ટની સિદ્ધિ થાય છે.

**આગમ પ્રમાણે**—પોતે કલ્પેલું પ્રાયઃ સાચું હોતું નથી. માટે આગમ પ્રમાણે એમ કહ્યું છે. (૫૦)

●●●

૧.બીજાના ઉપદેશ વિના કોઈ તેવા નિમિત્તથી વૈરાગ્ય પામી સ્વયં ચારિત્ર લે તે પ્રત્યેકબુદ્ધ કહેવાય.

## ॥ अथ पञ्चमपञ्चाशकवृत्तिः ॥५॥

## ५. પ્રત્યાખ્યાન પંચાશક

**नमिऊण वद्धमाणं, समासओ सुत्तजुत्तिओ वोच्छं ।**
**पच्चक्खाणस्स विहिं, मंदमइविबोहणट्ठाए ॥१॥**

પૂર્વે જિનપૂજા જણાવી. શ્રાવકે જિનપૂજા કર્યા પછી પ્રત્યાખ્યાન કરવું જોઈએ. આથી પ્રત્યાખ્યાન વિધિ કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકાર મંગલ વગેરે જણાવવા માટે કહે છે–

**ગાથાર્થ**–ભગવાન શ્રી વર્ધમાન સ્વામીને નમસ્કાર કરીને મંદમતિ જીવોના બોધ માટે પ્રત્યાખ્યાનની વિધિને આગમ અને યુક્તિના આધારે સંક્ષેપથી કહીશ.

**ટીકાર્થ**–પૂર્વાચાર્યોએ પ્રત્યાખ્યાનવિધિ મહામતિવાળાઓથી જાણી શકાય તેવો જ વિસ્તારથી કહ્યો છે. માટે હું મંદમતિ જીવોના બોધ માટે સંક્ષેપથી કહીશ. (૧)

**पच्चक्खाणं नियमो, चरित्तधम्मो य होंति एगट्ठा ।**
**मूलुत्तरगुणविसयं, चित्तमिणं वण्णियं समए ॥२॥॥**

હવે પ્રત્યાખ્યાનના પર્યાયવાચી શબ્દોનું અને ભેદોનું નિરૂપણ કરતા ગ્રંથકાર કહે છે–

**ગાથાર્થ**–પ્રત્યાખ્યાન, નિયમ અને ચારિત્રધર્મ એ ત્રણે એકાર્થક છે. મૂલગુણ-ઉત્તરગુણ સંબંધી આ પ્રત્યાખ્યાન શાસ્ત્રમાં (चित्तं–) અનેક પ્રકારે વર્ણવવામાં આવ્યું છે.

**ટીકાર્થ**–પ્રવૃત્તિથી પ્રતિકૂળપણે મર્યાદાથી કહેવું તે પ્રત્યાખ્યાન. પ્રવૃત્તિનો ત્યાગ=નિવૃત્તિ એ પ્રવૃત્તિથી પ્રતિકૂળ છે-પ્રવૃત્તિથી વિરુદ્ધ છે. કોઈ અમુક પ્રવૃત્તિનો ત્યાગ કરવો, અમુક શરતે ત્યાગ કરવો, અમુક રીતે ત્યાગ કરવો વગેરે મર્યાદા છે. કહેવું એટલે પ્રતિજ્ઞા કરવી. આનું તાત્પર્ય એ આવ્યું કે–આત્મહિતની દૃષ્ટિએ પ્રતિકૂળ પ્રવૃત્તિના ત્યાગની મર્યાદાથી પ્રતિજ્ઞા કરવી તે **પ્રત્યાખ્યાન.** હેયવસ્તુથી વિરામ પામવો=અટકવું તે **નિયમ.** જેનાથી જીવ મોક્ષ તરફ જાય તે **ચારિત્ર.**

પ્રત્યાખ્યાનના મૂલગુણ અને ઉત્તરગુણ એમ બે ભેદ છે. જે ગુણો ચારિત્રરૂપ કલ્પવૃક્ષના મૂળિયાં જેવા છે તે મૂલગુણો છે. જે ગુણો ચારિત્રરૂપ કલ્પવૃક્ષના જ શાખા વગેરે અવયવો જેવા છે તે ઉત્તરગુણો[૧] છે. સાધુના સર્વથી ત્યાગવાળા પાંચ મહાવ્રત અને શ્રાવકના દેશથી

---

૧. જેમ વૃક્ષનું મૂળ શાખા-પ્રશાખા વગેરેના આધારરૂપ છે, તેમ બીજાગુણોનો આધાર તે મૂલગુણ. મૂલગુણોનું રક્ષણ-પાલન કરવામાં સહાયભૂત થાય તે ઉત્તરગુણ. અથવા નિત્ય કરવામાં આવે તે મૂલગુણ. કારણ ઉપસ્થિત થતાં કરવામાં આવે તે ઉત્તરગુણ. જેમકે, સાધુઓને મહાવ્રતોનું પાલન સદા જ કરવાનું હોય છે, વ્રતોનું પાલન ન હોય એવો કોઈ કાળ જ નથી. આથી તે મૂલગુણ છે. પિંડવિશુદ્ધિ વગેરે ગુણો ક્ષુધાદિ કારણો ઉપસ્થિત થતાં સેવવામાં આવે છે માટે ઉત્તરગુણ છે.

ત્યાગવાળા પાંચ અણુવ્રત મૂલગુણ પ્રત્યાખ્યાન છે. સાધુના સર્વથી પિંડવિશુદ્ધિ આદિ ગુણો તથા શ્રાવકનાં દેશથી દિગ્વિરતિ વગેરે વ્રતો ઉત્તરગુણ છે. અથવા સાધુ-શ્રાવક બંને માટે અનાગત આદિ કે નવકારશી આદિ દશ પ્રત્યાખ્યાનો ઉત્તરગુણ છે. મૂલગુણ અને ઉત્તરગુણના આ સિવાય બીજા પણ અનેક ભેદો છે. આથી મૂલગુણ અને ઉત્તરગુણ પ્રત્યાખ્યાન પ્રત્યાખ્યાનનિર્યુક્તિ આદિ શાસ્ત્રમાં (चित्रं–) અનેક પ્રકારે વર્ણવવામાં આવ્યું છે. (૨)

**इह पुण अद्धारूवं, णवकारादि पइदिणुवओगित्ति ।**
**आहारगोयरं जइगिहीण भणिमो इमं चेव ॥३॥**

**આ પ્રમાણે અહીં અનેક પ્રકારનું પ્રત્યાખ્યાન કહેવું જોઈએ. આથી અહીં જે પ્રત્યાખ્યાન કહેવાનું છે તેની પ્રતિજ્ઞા કરતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ–**નવકારશી આદિ કાળ પ્રત્યાખ્યાન આહાર સંબંધી હોવાથી સાધુ-શ્રાવકને પ્રાયઃ દરરોજ ઉપયોગમાં આવે છે. આથી આ પંચાશકમાં એનું (નવકારશી આદિ દશ પ્રકારના કાળ પ્રત્યાખ્યાનનું) જ વર્ણન કરીએ છીએ.[૧]

**ટીકાર્થ–**આ પ્રત્યાખ્યાન પ્રત્યાખ્યાનના પરિમાણરૂપકાળથી અભિન્ન છે એવી વિવક્ષાથી કાળ પ્રત્યાખ્યાન છે, (અથવા આ દશ પ્રત્યાખ્યાનો કાળની મર્યાદાથી કરવામાં આવતા હોવાથી કાળપ્રત્યાખ્યાન કહેવાય છે. જેમ કે નવકારશીનું પ્રત્યાખ્યાન સૂર્યોદય પછી બે ઘડી સુધીનું છે.)

કાળ પ્રત્યાખ્યાનના નવકારશી વગેરે દશ પ્રકાર છે. કહ્યું છે કે–

**"(૧) નવકારશી, (૨) પોરિસી, (૩) પુરિમઙ્ઢ, (૪) એકાસણું (૫) એકલઠાણું, (૬) આયંબિલ, (૭) ઉપવાસ, (૮) ચરિમ, (૯) અભિગ્રહ, (૧૦) વિગઈ. એ દશ કાળ-પ્રત્યાખ્યાન છે."**

**પ્રશ્ન–**નવકારશી આદિ બધાં જ પ્રત્યાખ્યાનો કાળપ્રત્યાખ્યાન નથી. કારણ કે એકાસણું અને આયંબિલ વગેરે પરિમાણકૃત પ્રત્યાખ્યાન છે. કહ્યું છે કે–**"દત્તીઓથી, કોળિયાઓથી, ઘરોથી, (સંસૃષ્ટઆદિ) ભિક્ષાઓથી અથવા દ્રવ્યોથી જે ભક્તનો ત્યાગ કરે છે તેનું આ પ્રત્યાખ્યાન પરિમાણકૃત છે."** (આવ. નિ. ૧૫૭૬). તેથી નવકારશી આદિ બધાં પ્રત્યાખ્યાનો કાળપ્રત્યાખ્યાનો છે એમ કેમ કહ્યું ?

**ઉત્તર–**એકાસણું વગેરે પ્રાયઃ કાળપ્રત્યાખ્યાનપૂર્વક સ્વીકારવામાં આવે છે તેથી નવકારશી આદિ દશેય પ્રકારનું પ્રત્યાખ્યાન કાળપ્રત્યાખ્યાન છે. આથી આમાં દોષ નથી.

**પ્રશ્ન–**અન્ય ભેદોને છોડીને નવકારશી આદિ દશભેદોને જ કેમ કહેવામાં આવે છે ?

---

૧. આવશ્યક નિર્યુક્તિ આદિમાં અનાગત આદિ દશ પ્રત્યાખ્યાનો બતાવ્યાં છે. તેમાં દશમા કાળ પ્રત્યાખ્યાનના નવકારશી આદિ દશ ભેદ છે. તેનું આ પંચાશકમાં વર્ણન કરવામાં આવશે.

ઉત્તર—આ પ્રત્યાખ્યાનો દરરોજ ઉપયોગી છે માટે આ દશભેદોને જ કહેવામાં આવે છે.

પ્રશ્ન—આ પ્રત્યાખ્યાનો દરરોજ ઉપયોગી કેમ છે ?

ઉત્તર—આ પ્રત્યાખ્યાનો આહાર સંબંધી છે. આહાર પ્રાયઃ દરરોજ ઉપયોગી છે.

સાધુ-શ્રાવકને પ્રાયઃ દરરોજ ઉપયોગમાં આવે છે એમ કહીને જેઓ શ્રાવકોના નવકારશી આદિ પ્રત્યાખ્યાનને સ્વીકારતા નથી તેના મતનું ખંડન કરેલું જાણવું: શ્રાવકોને પણ નવકારશી આદિ પ્રત્યાખ્યાન હોય તેમાં યુક્તિ (સાધુની જેમ શ્રાવકોને પણ આહારપ્રતિદિન ઉપયોગી છે એ યુક્તિ) પહેલાં બતાવી છે. (૩)

**गहणे[1] आगारेसुं[2], सामइए[3] चेव विहिसमाउत्तं[4] ।**
**भेए[5] भोगे[6] सयपालणाएँ[7] अणुबंधभावे[8] य ॥४॥ दारगाहा ॥**

**હવે પ્રત્યાખ્યાનવિધિને જણાવવાની ઈચ્છાવાળા ગ્રંથકાર પ્રત્યાખ્યાન સંબંધી દ્વારોને કહે છે—**

**ગાથાર્થ**—ગ્રહણ, આગાર, સામાયિક, ભેદ, ભોગ, સ્વયંપાલન અને અનુબંધ આ સાત વિષયોની વિધિથી યુક્ત કાળપ્રત્યાખ્યાનનું વર્ણન[1] કરીશું. અર્થાત્ ગ્રહણ આદિ સાત દ્વારોથી કાળપ્રત્યાખ્યાનનું વર્ણન કરવામાં આવશે.

**ટીકાર્થ**—(૧) ગ્રહણદ્વારમાં ૫ થી ૭ એ ત્રણ ગાથાઓથી પ્રત્યાખ્યાન લેવાની વિધિ કહેવામાં આવશે. (૨) આગાર દ્વારમાં ૮ થી ૧૨ એ પાંચ ગાથાઓથી પ્રત્યાખ્યાનમાં રાખવામાં આવતા આગારોનું (છૂટોનું) વર્ણન કરવામાં આવશે (૩) સામાયિકદ્વારમાં ૧૩ થી ૨૪ એ બાર ગાથાઓથી સાધુઓને યાવજ્જીવ સુધી ત્રિવિધ-ત્રિવિધે સર્વ પાપોનો ત્યાગ થઈ ગયો હોવાથી એકાસણ આદિ પ્રત્યાખ્યાનની શી જરૂર છે એ પ્રશ્નનું સમાધાન કરવામાં આવશે. (૪) ભેદદ્વારમાં ૨૫ થી ૩૫ એ ૧૧ ગાથાઓથી આહારના ભેદો વગેરે કહેવામાં આવશે. (૫) ભોગદ્વારમાં ૩૬ થી ૩૮ એ ત્રણ ગાથાઓથી ભોજનવિધિ કહેવામાં આવશે. (૬) સ્વયંપાલનદ્વારમાં ૩૯ થી ૪૩ એ પાંચ ગાથાઓથી પ્રત્યાખ્યાનનું પાલન જાતે જ કરવાનું છે એ સંબંધી વર્ણન કરવામાં આવશે. (૭) અનુબંધ એટલે સ્વાધ્યાય આદિ સદ્વ્યાપારથી પ્રગટ જણાતો પ્રત્યાખ્યાનપરિણામના વિચ્છેદનો અભાવ. આહારનું પચ્ચક્ખાણ કરનારના જો સ્વાધ્યાયાદિ (અન્યયોગો)નો નિર્વાહ(=પાલન) ન થતો હોય તો તે ભોજન કરીને જો સ્વાધ્યાયાદિ જ કરે છે, તો તેના પ્રત્યાખ્યાનનો અનુબંધ છે એમ જણાય છે, અર્થાત્ ભોજન કરીને પણ સ્વાધ્યાયાદિ સંયમયોગોમાં રત રહેનારને પ્રત્યાખ્યાનનો અનુબંધભાવ (પ્રત્યાખ્યાનના પરિણામનો અવિચ્છેદ) થાય છે તે, અનુબંધદ્વારમાં ૪૪ થી ૪૬ એ ત્રણ ગાથાઓથી કહેવામાં આવશે. (૪)

---

૧. ત્રીજી ગાથાના ''भणिमो इमं चेव'' એ પદોનો આ ગાથામાં સંબંધ છે. તથા विधिसमायुक्तं પદ इमं પદનું વિશેષણ છે.

★गिण्हति [२]सयंगहीयं [४]काले [५]विणएण [८]सम्ममुवउत्तो[६] ।
[७]अणुभासंतो [१]पइवत्थु जाणगो [३]जाणगसगासे ॥५॥

આ (ચોથી)ગાથાનું જ સંક્ષેપથી વ્યાખ્યાન કરવાની ઈચ્છાવાળા ગ્રંથકાર પચ્ચક્ખાણ લેવાની વિધિનું પ્રતિપાદન કરવા માટે કહે છે–

## ૧. ગ્રહણ દ્વાર

ગાથાર્થ–૧.(पइवत्थु जाणगो–)પ્રત્યાખ્યાનના સ્વરૂપનો જાણકાર જીવ, ૨.(सयंगहीयं)-જાતે લીધેલું પ્રત્યાખ્યાન, ૩.(जाणगसगासे–)પ્રત્યાખ્યાનસ્વરૂપના જાણકાર ગુરુની પાસે, ૪.(काले–)ઉચિતકાળે, ૫.(विणएण–)વિનયથી ૬.(उवउत्तो–)ઉપયોગપૂર્વક, ૭.(अणुभासंतो) અનુભાષણ કરતો, ૮.(सम्मं–)સમ્યક્ પ્રત્યાખ્યાન ગ્રહણ કરે.

**ટીકાર્થ–૧. પ્રત્યાખ્યાનના સ્વરૂપનો જાણકાર**–આનાથી જ્ઞાનશુદ્ધિ કહી. તથા જ્ઞાન દર્શનપૂર્વક હોય, જેનામાં સમ્યગ્દર્શન હોય તેનામાં જ્ઞાન હોય. આથી અહીં દર્શનશુદ્ધિ પણ કહી છે. કહ્યું છે કે–**"જિનકલ્પ આદિ જે કલ્પમાં મૂલગુણ અને ઉત્તરગુણ સંબંધી જે પચ્ચક્ખાણ કરવા જેવું હોય, તેનું જેને જ્ઞાન હોય, તેનું પચ્ચક્ખાણ જ્ઞાનશુદ્ધ છે એમ તું જાણ."** (આવશ્યક ભાષ્ય ગાથા-૨૪૭)

તથા **"સર્વજ્ઞોએ [૧]સતાવીસ પ્રકારના પચ્ચક્ખાણમાંથી જે પચ્ચક્ખાણ, જિનકલ્પમાં, ચાર મહાવ્રતોમાં, પાંચમહાવ્રતોમાં કે શ્રાવકધર્મમાં એમ જ્યાં, સુકાળમાં, દુકાળમાં, પૂર્વાહ્નમાં કે અપરાહ્નમાં એમ જ્યારે, કાળે = અંતિમકાળે, કહ્યું હોય, તેની જે મનુષ્ય શ્રદ્ધા કરે છે, તેના પચ્ચક્ખાણને તું શ્રદ્ધાશુદ્ધ જાણ."** (આવ.ભા.ગા.૨૪૬)

તથા પ્રત્યાખ્યાનના સ્વરૂપનો જાણકાર એમ કહેવા દ્વારા જ પચ્ચક્ખાણ લેનારનું સઘળું સ્વરૂપ જણાવ્યું છે. તે સ્વરૂપ આ પ્રમાણે છે–**"જે વંદનાદિની વિધિનો જાણકાર હોય, પ્રત્યાખ્યાનમાં જ ઉપયોગવાળો હોય, શુદ્ધચિત્તવાળો હોય, મોક્ષાર્થી હોય, અને બોલેલું અન્યથા ન કરે તેવી સ્થિરપ્રતિજ્ઞાવાળો હોય, પચ્ચક્ખાણ લેનારો જીવ આવો હોય એમ તીર્થંકર-ગણધરોએ કહ્યું છે."** (આવશ્યક નિર્યુક્તિ ગાથા-૧૬૧૫)

અહીં પ્રત્યાખ્યાપક[=પચ્ચક્ખાણ કરાવનાર અર્થાત્ પચ્ચક્ખાણ લેનાર] શિષ્ય છે. કેમકે પ્રત્યાખ્યાનમાં=પોતાના આહારનો નિષેધ-ત્યાગ કરવામાં ગુરુને પ્રેરણા કરે છે.

**૨. જાતે લીધેલું**–(આજે મારે આ પચ્ચક્ખાણ છે એવા) વિકલ્પમાત્રથી

---

★જે ક્રમથી આ ગાથાનો ગુજરાતી અનુવાદ કર્યો છે. તે ક્રમને જણાવવા માટે આ અંકો મૂકેલા છે. સંસ્કૃત ટીકામાં પણ એ પ્રમાણે અંકો મૂકેલા છે.

૧.સાધુના પાંચ મૂલગુણ પ્રત્યાખ્યાન, દશ પ્રકારના ઉત્તરગુણ પ્રત્યાખ્યાન, શ્રાવકના(બારવ્રતસંબંધી) બાર પ્રત્યાખ્યાન એમ સતાવીસ પ્રત્યાખ્યાન છે.

સ્વસાક્ષીએ, અથવા જિનપ્રતિમા કે સ્થાપનાચાર્યની સમક્ષ જાતે ગ્રહણ કરેલું.

**૩. પ્રત્યાખ્યાનસ્વરૂપના જાણકાર ગુરુની પાસે**—પ્રત્યાખ્યાનસ્વરૂપના જાણકાર ગુરુની પાસે પ્રત્યાખ્યાન કરે. કારણ કે અગીતાર્થની પાસે લીધેલું પચ્ચક્ખાણ પ્રાયઃ નિષ્ફળ થાય છે. કેમકે તે અગીતાર્થ હોવાથી જ પચ્ચક્ખાણનો યથાર્થ જાણકાર નથી. આનાથી પચ્ચક્ખાણ આપનારનું સઘળું સ્વરૂપ જણાવ્યું છે. તે સ્વરૂપ આ પ્રમાણે છે—"**જે મૂલગુણોમાં, સર્વોત્તરગુણોમાં, દેશોત્તરગુણોમાં તથા શ્રદ્ધા વગેરે છ પ્રકારની શુદ્ધિમાં પચ્ચક્ખાણની વિધિનો જાણકાર છે, તે પચ્ચક્ખાણ દાતા ગુરુ છે.**" (આવશ્યક નિર્યુક્તિ ગાથા-૧૬૨૪)

પ્રત્યાખ્યાતા(=પચ્ચક્ખાણ આપનાર) ગુરુ છે. કેમકે ગુરુ શિષ્યના આહારના નિષેધનું કારણ છે, અર્થાત્ ગુરુ શિષ્યને આહારનો ત્યાગ કરાવે છે.

**૪. ઉચિતકાળે**—પોરિસી આદિ પચ્ચક્ખાણનો કાળ પૂરો ન થયો હોય ત્યાં સુધીમાં પચ્ચક્ખાણ ગ્રહણ કરે. કારણ કે પચ્ચક્ખાણ નહિ આવેલા કાળનું જ હોય છે, ઓળંગી ગયેલા કાળનું નહિ. ભૂતકાળની(=ભૂતકાળમાં થયેલા પાપોની) નિંદા અને વર્તમાનમાં (પાપોનો) સંવર કરવાનો હોય છે.

**૫. વિનયથી**—વંદન કરવું આદિ વિનયપૂર્વક પચ્ચક્ખાણ લેવું જોઈએ. આમ કહેવાથી વિનયથી પ્રત્યાખ્યાનની શુદ્ધિ બતાવી. કહ્યું છે કે—"**જે આત્મા પચ્ચક્ખાણ લેતી વખતે મન-વચન-કાયાથી ગુપ્ત બનીને ગુરુવંદનની વિધિમાં ન્યૂનતા-અધિકતા કર્યા વિના વિશુદ્ધ રીતે ગુરુવંદન કરે છે તેનું પચ્ચક્ખાણ વિનયથી શુદ્ધ જાણ.**" (આવશ્યક ભાષ્ય-૨૪૮)

**૬. ઉપયોગપૂર્વક**—ઉપયોગ વિના કરેલું પ્રત્યાખ્યાન દ્રવ્યપ્રત્યાખ્યાન થાય.

**૭. અનુભાષણ કરતો**—ગુરુ પ્રત્યાખ્યાનનો જે પાઠ બોલે તેને પોતે મંદ અવાજે બોલતાં બોલતાં ગ્રહણ કરે. અહીં બોલતાં બોલતાં એમ કહીને 'અનુભાષણ' શુદ્ધિ કહી છે. કહ્યું છે કે—"**અંજલિ જોડીને, ગુરુસન્મુખ ઊભા રહીને, ગુરુ પાઠ બોલે તેની સાથે પોતે પણ શુદ્ધ અક્ષરો, પદો અને વ્યંજનો મંદસ્વરે બોલે તે "અનુભાષણ" શુદ્ધિ છે એમ જાણ.**" (આવશ્યક ભાષ્ય ગાથા-૨૪૯) ગુરુ पच्चक्खाइ કહે ત્યારે લેનાર पच्चक्खामि કહે, અને ગુરુ वोसिरइ કહે ત્યારે લેનાર वोसिरामि કહે.

**૮. સમ્યક્**—સમ્યક્ એટલે રાગાદિથી રહિત બનીને ગ્રહણ કરે. આનાથી પચ્ચક્ખાણની ભાવશુદ્ધિ કહી. કહ્યું છે કે—"**રાગથી, દ્વેષથી કે ભૌતિક સુખની આશંસા આદિરૂપ પરિણામથી જે પચ્ચક્ખાણ દૂષિત ન થયું હોય તે જ પ્રત્યાખ્યાન**[1] ભાવથી **વિશુદ્ધ**

---

૧. **રાગથી**—આ પૂજાય છે માટે હું પણ એ પ્રમાણે કરું જેથી હું પૂજાઈશ એમ રાગથી પચ્ચક્ખાણ કરે.
**દ્વેષથી**—તે પ્રમાણે કરું કે જેથી લોક મારી તરફ આકર્ષાય, અને એનો આદર કરે. એમ દ્વેષથી પચ્ચક્ખાણ કરે.
**પરિણામથી**—આ લોક પરલોકના સુખ માટે, કીર્તિ, યશ, પ્રશંસા, પ્રસિદ્ધિ માટે, આહાર-પાણી વસ્ત્રના લાભ માટે પ્રત્યાખ્યાન ન કરે તે પ્રત્યાખ્યાન પરિણામથી શુદ્ધ છે. આ પ્રમાણે જે પ્રત્યાખ્યાન રાગાદિથી દૂષિત ન બન્યું હોય, તે પ્રત્યાખ્યાન ભાવથી શુદ્ધ છે.

જાણવું." (આવશ્યક ભાષ્ય ગાથા-૨૫૧)

[અહીં દર્શનશુદ્ધિ આદિ છ શુદ્ધિનું વર્ણન કર્યું છે. પણ ટીકામાં પાલનશુદ્ધિ ગાથાના કયા શબ્દથી સૂચિત થાય છે તેનો કશો ઉલ્લેખ કર્યો નથી. जाणगो પદના ઉપલક્ષણથી પ્રત્યાખ્યાન કરનાર કેવો હોય તેનું સૂચન કર્યું છે. પ્રત્યાખ્યાન કરનાર કેવો હોય તેના વર્ણનમાં સ્થિરપ્રતિજ્ઞાવાળો હોય એમ કહ્યું છે. એટલે जाणग પદથી પાલન શુદ્ધિનું પણ સૂચન થાય છે એમ માનવામાં હરકત જેવું નથી. કરેલા પ્રત્યાખ્યાનનું સંકટમાં પણ બરોબર પાલન કરવું તે પાલનાશુદ્ધિ છે. સ્થિરપ્રતિજ્ઞાનો પણ આ જ અર્થ થાય છે.] (૫)

**एत्थं पुण चउभंगो, विण्णेओ जाणगेयरगओ उ ।**
**सुद्धासुद्धा पढमंतिमा उ सेसेसु उ विभासा ॥६॥**

**જાણકાર જાણકારની પાસે લે એમ કહ્યું. અહીં ચાર ભાંગા થાય છે. આથી ચારભાંગાને બતાવવા માટે કહે છે–**

**ગાથાર્થ–**અહીં જાણકાર અજાણકાર એ બે સંબંધી ચાર ભાંગા જાણવા. તેમાં પહેલો ભાંગો શુદ્ધ છે. ચોથો ભાંગો અશુદ્ધ છે. બાકીના ભાંગાઓમાં વિભાષા છે.

**ટીકાર્થ–**અહીં જાણકાર જાણકારની પાસે પ્રત્યાખ્યાન લે ઈત્યાદિ ચાર ભાંગા થાય છે. તે આ પ્રમાણે–(૧) જાણકાર જાણકારની પાસે લે. (૨) અજાણકાર જાણકારની પાસે લે. (૩) જાણકાર અજાણકારની પાસે લે. (૪) અજાણકાર અજાણકારની પાસે લે. આ ચાર ભાંગાઓમાં પહેલો ભાંગો બિલકુલ શુદ્ધ છે, ચોથો ભાંગો બિલકુલ અશુદ્ધ છે, બીજો અને ત્રીજો એ બે ભાંગા શુદ્ધાશુદ્ધ છે, અર્થાત્ અમુક રીતે શુદ્ધ છે, અમુક રીતે અશુદ્ધ છે. (૬)

**बिइए जाणावेउं, ओहेणं तइय जेट्ठगाइंमि ।**
**कारणओ उ ण दोसो, इहरा होइत्ति गहणविही ॥७॥**

**બીજો-ત્રીજો ભાંગો કઈ રીતે શુદ્ધ છે તેને સ્પષ્ટ કરતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ–**બીજા ભાંગામાં સામાન્યથી સમજ આપીને પ્રત્યાખ્યાન કરાવે તો શુદ્ધ છે. ત્રીજા ભાંગામાં કારણથી મોટાભાઈ આદિ પાસે પચ્ચક્ખાણ લે તો શુદ્ધ છે. અન્યથા અશુદ્ધ છે. આ પ્રમાણે પ્રત્યાખ્યાન લેવાનો વિધિ છે.

**ટીકાર્થ–**જાણકાર ગુરુ અજાણકારને સામાન્યથી પચ્ચક્ખાણની સમજ આપીને પ્રત્યાખ્યાન કરાવે તો શુદ્ધ છે, અર્થાત્ બિલકુલ અસમજદારને જે પ્રત્યાખ્યાન કરાવવું હોય તે પ્રત્યાખ્યાન ક્યારે આવે અને તેમાં કઈ વસ્તુ કલ્પે, કઈ વસ્તુ ન કલ્પે વગેરે સામાન્યથી

સમજાવીને જાણકાર ગુરુ પ્રત્યાખ્યાન આપે તો તે શુદ્ધ છે. પણ જો બિલકુલ અસમજદારને સામાન્યથી પણ સમજાવ્યા વિના પ્રત્યાખ્યાન આપે તો તે અશુદ્ધ છે. ત્રીજા ભાંગામાં આચાર્ય આદિના (સંસારીપણે) મોટા ભાઈ, માતા, પિતા અને કાકા આદિ સાધુ, કે જે પ્રત્યાખ્યાનના સ્વરૂપથી અજાણ છે, તેની પાસે જાણકાર સાધુ વગેરે આ ગુરુના પૂજ્ય હોવાથી એમની પૂજા થાઓ અથવા એમને અસંતોષ ન થાઓ ઇત્યાદિ પુષ્ટ કારણે પ્રત્યાખ્યાન લે તો શુદ્ધ છે, પુષ્ટ કારણ વિના લે તો અશુદ્ધ છે. (૭)

**दो चेव णमोक्कारे, आगारा छच्च पोरसीए उ ।**
**सत्तेव य पुरिमड्ढे, एक्कासणगम्मि अट्ठेव ॥८॥**

## ૨. આગારદ્વાર

**આ પ્રમાણે પહેલું દ્વાર પૂર્ણ કર્યું. હવે 'આગાર' એ (બીજા) દ્વારનું પ્રતિપાદન કરવા માટે કહે છે–**

અહીં ૮ થી ૧૧ એ ચાર ગાથાઓમાં આગારોની (અપવાદોની) સંખ્યા જણાવી છે. ટીકામાં કયા પ્રત્યાખ્યાનમાં કયા કયા આગારો હોય તે જણાવવા સાથે આગારોનો અર્થ પણ જણાવ્યો છે. કયા પ્રત્યાખ્યાનમાં કેટલા અને કયા કયા આગારો છે તે કોષ્ટક વાંચવાથી ખ્યાલમાં આવી જશે.

**ગાથાર્થ**—નવકારશીમાં બે જ, પોરિસીમાં છ, પુરિમઢમાં સાત અને એકાસણામાં આઠ આગારો છે. (૮)

અહીં ટીકાનો ભાવાર્થ નીચે પ્રમાણે છે–

**ટીકાર્થ–(૧) નમસ્કાર સહિત (નવકારશી)**—અહીં મૂળગાથામાં માત્ર નમસ્કાર શબ્દ હોવા છતાં **भीमो भीमसेनः** ઇત્યાદિ ન્યાયથી નમસ્કારસહિત એવો પાઠ સમજવો. નમસ્કાર એટલે પંચમંગલ (નવકારમંત્ર). જે પચ્ચક્ખાણ નમસ્કારના પાઠ સુધી હોય, પછી નહિ, તે નમસ્કારસહિત પચ્ચક્ખાણ.

અહીં સહિત શબ્દથી ગ્રંથિસહિત આદિની જેમ સંકેત પચ્ચક્ખાણ ન સમજવું. કેમકે સહિત શબ્દનું ગ્રહણ કર્યું હોવા છતાં એક મુહૂર્તમાં (મુહૂર્ત પૂરું થયા પહેલાં) માત્ર નવકાર ગણવાથી આ પ્રત્યાખ્યાન પૂર્ણ થતું નથી. કેમકે મુહૂર્ત અને નમસ્કારપાઠ એ બંનેથી પૂર્ણ થાય છે. [આનો અર્થ એ થયો કે મુહૂર્ત પૂર્ણ થયા પહેલાં નવકાર ગણે તો પ્રત્યાખ્યાન પૂર્ણ ન થાય. તથા મુહૂર્ત(=બે ઘડી) પૂર્ણ થયા પછી પણ જ્યાં સુધી નવકાર ન ગણે ત્યાં સુધી પણ પ્રત્યાખ્યાન પૂર્ણ ન થાય.]

## આગારની સંખ્યા અને નામનું કોષ્ટક

| | પ્રત્યાખ્યાન | સંખ્યા | આગારના નામો |
|---|---|---|---|
| ૧ | નવકારશી | ૨ | અન્નત્થણાભોગેણ, સહસાગારેણ |
| ૨ | પોરિસી[૧] સાઢ્ઢ પોરિસી | ૬ | પૂર્વના ૨+પચ્છન્ન., દિસા., સાહુ., સવ્વ. |
| ૩ | પુરિમઢ્ઢ અવઢ્ઢ | ૭ | પૂર્વના મહત્તરા. |
| ૪ | એકાસણ-બિયાસણ | ૮ | અન્ન., સહ., સાગા., આઉંટ., ગુરુ., પારિ., મહ., સવ્વ., |
| ૫ | એકલઠાણ | ૭ | આઉંટ. વિના એકાશનવત્ |
| ૬ | આયંબિલ | ૮ | અન્ન., સહ., લેવા., ગિહત્થ., ઉક્ખિત્ત., પારિ., મહ., સવ્વ. |
| ૭ | ઉપવાસ | ૫ | અન્ન., સહ., પારિ., મહ., સવ્વ. |
| ૮ | અચિત્ત પાણી | ૬ | લે. અલે., અચ્છે, બહુ., સસિ., અસિ. |
| ૯ | દિવસ ચરિમ, ભવ ચરિમ | ૪ | અન્ન. સહ., મહ., સવ્વ. |
| ૧૦ | અભિગ્રહ | ૪ | ચરિમવત્. |
| | પ્રાવરણ અભિગ્રહ | ૫ | ચરિમવત્ + ચોલપટ્ટાગારેણં |
| ૧૧ | પિંડ વિગઈ | ૯ | આયંબિલવત્ + પડુ. |
| | દ્રવ વિગઈ | ૮ | ઉક્ખિ. વિના પિંડ વિગઈવત્ |

**પ્રશ્ન**—નમસ્કારસહિતનું પ્રત્યાખ્યાન મુહૂર્ત સુધીનું છે તે કેવી રીતે જાણી શકાય ?

**ઉત્તર**—કાળપ્રત્યાખ્યાન હોવાથી મુહૂર્ત સુધીનું છે એમ જાણી શકાય છે.

**પ્રશ્ન**—આ કાળપ્રત્યાખ્યાન કેવી રીતે છે ?

**ઉત્તર**—પ્રત્યાખ્યાનના પાઠમાં હું સૂર્યોદયથી નમસ્કારસહિતનું પ્રત્યાખ્યાન કરું છું એવો પાઠ છે. આ પાઠમાં "સૂર્યોદયથી" એવી કાળની મર્યાદા હોવાથી પોરિસી આદિની જેમ આ પ્રત્યાખ્યાન કાળપ્રત્યાખ્યાન છે. જો આ પ્રત્યાખ્યાન કાળપ્રત્યાખ્યાન ન હોત તો ગ્રંથિસહિત આદિ પ્રત્યાખ્યાનના પાઠની જેમ 'સૂર્યોદયથી' એવો પાઠ ન હોત.

**પ્રશ્ન**—નમસ્કારસહિત પ્રત્યાખ્યાન કાળપ્રત્યાખ્યાન છે એ સિદ્ધ થયું. પણ એક મુહૂર્ત સુધીનું છે એ કેવી રીતે નિશ્ચય કરી શકાય ?

**ઉત્તર**—જેમ પોરિસીના પ્રત્યાખ્યાનમાં પોરિસી એવા પાઠથી સૂર્યોદયથી પ્રથમ પોરિસી સુધી આ પચ્ચક્ખાણ કરું છું એમ સમજી શકાય છે તેમ અહીં નમસ્કારસહિત એવા

૧. અહીં મૂળ ગાથામાં સાઢ્ઢપોરિસી, અવઢ્ઢ, બિયાસણ એ ત્રણનો ઉલ્લેખ નથી, પણ ટીકામાં તથા અન્ય ગ્રંથોમાં તેમનો ઉલ્લેખ હોવાથી અહીં તેમનો ઉલ્લેખ કર્યો છે.

પાઠથી પ્રથમમુહૂર્ત સુધી હું આ પ્રત્યાખ્યાન કરું છું એમ સમજી શકાય છે.

**પ્રશ્ન**—નમસ્કારસહિત એવા પાઠથી તો કોઈ પહેલો કાળ એવો જ અર્થ સમજી શકાય છે, પહેલું મુહૂર્ત નહિ.

**ઉત્તર**—નમસ્કારસહિત વગેરે ત્રણ કાળપ્રત્યાખ્યાનમાં ઉત્તરોત્તર આગારો અધિક અધિક કહ્યા છે. જેમાં આગારો ઓછા હોય તેમાં કાળ અત્યંત અલ્પ હોય. આથી અનુમાન કરાય છે કે નમસ્કારસહિત પ્રત્યાખ્યાનમાં પોરિસીથી અલ્પ કાળ હોવો જોઈએ. તે અલ્પકાળ મુહૂર્ત જેટલો જ છે. કાળપ્રત્યાખ્યાનને જણાવનારી ગાથામાં મુહૂર્ત સિવાય બીજો કોઈ અલ્પકાળ જણાવ્યો નથી. તે ગાથાનો અર્થ આ પ્રમાણે છે—**"જે પ્રત્યાખ્યાન કાળપ્રમાણના વિભાગથી થાય તે કાળ પ્રત્યાખ્યાન છે. કાળપ્રત્યાખાન પુરિમુઢ્ઢ, પોરિસી, મુહૂર્ત, અર્ધમાસ અને માસથી થાય છે."** (આવશ્યકનિર્યુક્ત પ્રત્યાખ્યાન અધ્યયન ગાથા- ૧૫૭૯)

નવકારશીના પ્રત્યાખ્યાનમાં પ્રાયઃ ચારે આહારનો ત્યાગ છે એ પ્રમાણે સંપ્રદાય છે. કેમકે નવકારશી પ્રત્યાખ્યાન રાત્રિભોજનવ્રતના તીરણ તુલ્ય છે.

નિયમભંગ બિલકુલ ન થાય એ માટે નવકારશી પ્રત્યાખ્યાનમાં **अन्नत्थणाभोगेणं** અને सहसागारेणं એ બે [1]આગારો(=છૂટ) છે.

કાળ અલ્પ હોવાથી ઘણા આગારોનો સંભવ(=પ્રયોજન) ન હોવાથી બે જ આગારો કહ્યા છે. अन्नत्थणाभोगेणं શબ્દમાં अन्नत्थ અને अनाभोग એ બે શબ્દો છે. अन्नत्थ એટલે સિવાય. આ શબ્દનો જે પ્રત્યાખ્યાનમાં જેટલા આગારો હોય તે દરેક સાથે સંબંધ છે. એનો 'અનાભોગ આદિ સિવાય પ્રત્યાખ્યાન કરું છું' એવો અર્થ થાય છે. અનાભોગ એટલે વિસ્મરણ. પ્રત્યાખ્યાનનું કે પ્રત્યાખ્યાનના સમયનું વિસ્મરણ થઈ જવાથી ત્યાગ કરેલી વસ્તુઓ મોઢામાં નંખાઈ જાય તો છૂટ છે, પ્રત્યાખ્યાનનો ભંગ થતો નથી.

सहसागारेणं સહસાકાર એટલે સહસા-એકદમ. રોકી ન શકાય તેવા બનાવથી ત્યાગેલી વસ્તુ અચાનક મુખમાં પેશી જાય તો નિયમભંગ ન થાય. [દા. ત. નવકારશી આદિનું પ્રત્યાખ્યાન હોય ત્યારે છાશનું વલોણું કરતાં મુખમાં છાશનો છાંટો પેશી જાય તો તે સહસા બન્યું કહેવાય. આનાથી પ્રત્યાખ્યાનનો ભંગ ન થાય.

**પ્રશ્ન**—નવકારશીમાં બે આગારો છે, વર્તમાનમાં ચાર આગારો બોલાય છે. તેનું શું કારણ ?

**ઉત્તર**—નવકારશી વગેરે પ્રત્યાખ્યાન સાથે मुट्ठिसहियंનું પણ પ્રત્યાખ્યાન કરવામાં આવે છે. દશપ્રકારના પ્રત્યાખ્યાનમાં मुट्ठिसहियंનો અભિગ્રહ પ્રત્યાખ્યાનમાં સમાવેશ થાય છે. અભિગ્રહના પ્રત્યાખ્યાનમાં ચાર આગાર છે. આથી વર્તમાનમાં નવકારશીના

---

૧.આગાર—પ્રત્યાખ્યાનનો ભંગ ન થાય એ માટે જે કરાય તે આગાર(-આકાર.)

પ્રત્યાખ્યાનમાં ચાર આગારો બોલાય છે. એ પ્રમાણે પોરિસી વગેરે પ્રત્યાખ્યાનમાં પણ અધિક આગારો માટે સમજી લેવું.]

(૨) **પોરિસી-સાઢપોરિસી**–પોરિસી શબ્દમાં મૂળશબ્દ પૌરુષી છે. પુરુષ પ્રમાણ છાયા (અર્થાત્ કાયાપ્રમાણ છાયા) જે કાળે થાય તે કાળ પૌરુષી કહેવાય. સૂર્યોદયથી દિવસનો ચોથો ભાગ પસાર થાય ત્યારે છાયા પુરુષ(-સ્વકાયા) પ્રમાણ થાય છે માટે દિવસનો ચોથો ભાગ પૌરુષી કહેવાય. દિવસના ચોથા ભાગને જેમ પૌરુષી કહેવામાં આવે છે તેમ પ્રહર પણ કહેવામાં આવે છે. એટલે સૂર્યોદયથી એક પ્રહર (દિવસના ચોથા ભાગ) સુધી આહારનો ત્યાગ તે પોરિસી, તથા દોઢ પ્રહર સુધી આહારનો ત્યાગ તે સાઢપોરિસી.

પોરિસી અને સાઢપોરિસીના પ્રત્યાખ્યાનમાં નવકારશીના બે તથા पच्छन्नकालेणं, दिसामोहेणं, साहुवयणेणं, सव्वसमाहिवत्तियागारेणं એ ચાર એમ કુલ છ આગારો છે.

**पच्छन्नकालेणं**–પ્રચ્છન્નકાળ એટલે અદૃશ્ય કાળ. જ્યારે વાદળ, ધૂળ કે પર્વત (આદિ)થી સૂર્ય ઢંકાઈ જવાથી પડછાયો ન પડે ત્યારે છાયાના આધારે પ્રહરનું જ્ઞાન ન થઈ શકવાથી અન્ય કોઈ અનુમાન આદિથી પ્રત્યાખ્યાનનો સમય થઈ ગયો છે એવી ખાતરીપૂર્વક આહાર વાપરે તો કદાચ સમય ન થયો હોય તો પણ પ્રત્યાખ્યાનનો ભંગ ન થાય.

પોરિસી પૂર્ણ થઈ નથી એવી ખબર પડ્યા પછી ભોજન કરનારના પચ્ચક્ખાણનો ભંગ જ થાય.

**दिसामोहेणं**–ભ્રમથી પૂર્વદિશાને પશ્ચિમદિશા સમજી પ્રત્યાખ્યાનના સમય પહેલાં ભોજન થઈ જાય તો પ્રત્યાખ્યાન ભાંગે નહિ. પણ દિશામોહ દૂર થઈ ગયા પછી ભોજન કરનારને નિરપેક્ષ હોવાથી પચ્ચક્ખાણનો ભંગ જ થાય.

**साहुवयणेणं**–સૂર્યોદયથી પોણો પ્રહર થાય ત્યારે સાધુઓને પાત્રાનું પડિલેહણ કરવા પોરિસી ભણાવવાની વિધિ કરવાની હોય છે. આ વખતે કોઈ સાધુ પોરિસી થઈ ગઈ એમ કહે, તેથી અન્ય કોઈ સાધુ પ્રત્યાખ્યાનની પોરિસી થઈ ગઈ એમ સમજે એ સંભવિત છે. પોરિસી થઈ ગઈ એમ કહેનાર સાધુનો કહેવાનો આશય એ છે કે પાત્રા પડિલેહણની પોરિસી આવી ગઈ. પણ કોઈ સાધુ એમ સમજે કે પ્રત્યાખ્યાનની પોરિસી આવી ગઈ. આવી ગેરસમજથી સમય થયા પહેલાં આહાર-પાણી કરે તો પ્રત્યાખ્યાનનો ભંગ ન થાય.

[**સૂચના**–પ્રચ્છન્નકાળ વગેરે ત્રણ કારણોથી ભૂલથી વહેલું ભોજન થાય ત્યારે પાછળથી ભોજન કરતાં કરતાં ખબર પડી જાય કે હજી સમય થયો નથી તો તુરત ભોજન બંધ કરી દેવું જોઈએ. સમય પૂર્ણ થાય ત્યારબાદ બાકીનું ભોજન કરવું જોઈએ. જો સમય પૂર્ણ થયો નથી એમ જાણ્યા પછી પણ ભોજન ચાલુ રાખે તો પ્રત્યાખ્યાનનો ભંગ થાય.]

**सव्वसमाहिवत्तियागारेणं**–આમાં સર્વ, સમાધિ, પ્રત્યય અને આગાર એ ચાર શબ્દો

છે. સર્વ એટલે સંપૂર્ણ. સમાધિ એટલે સ્વસ્થતા-આર્ત-રૌદ્ર ધ્યાનનો ત્યાગ, પ્રત્યય એટલે કારણ. આગાર એટલે છૂટ. સંપૂર્ણ સમાધિ(=આર્ત-રૌદ્રધ્યાનના ત્યાગ) માટે છૂટ તે સવ્વસમાહિવત્તિયાગાર. પોરિસીનું કે સાઢપોરિસીનું પ્રત્યાખ્યાન કર્યા પછી ઉત્પન્ન થયેલા તીવ્રશૂલ આદિના દુઃખના કારણે આર્ત-રૌદ્રધ્યાન રૂપ અસમાધિ થાય તો સમાધિ જાળવવા માટે પ્રત્યાખ્યાનના સમય પહેલાં ઔષધ આદિ વાપરવામાં આવે તો નિયમભંગ ન થાય.

(૩) **પુરિમઢ-અવઢ**—પુરિમઢ શબ્દમાં પુરિમ અને અર્ધ એમ બે શબ્દો છે. પુરિમ એટલે પ્રથમ. દિવસનો પ્રથમનો(-પહેલાંનો) અર્ધો ભાગ તે પુરિમઢ. અર્થાત્ સૂર્યોદયથી બે પ્રહર સુધી આહારનો ત્યાગ તે પુરિમઢ. અવઢમાં અપ અને અર્ધ એ બે શબ્દો છે. અપ એટલે પાછળનો. દિવસના પાછળના અર્ધાભાગનો અર્ધભાગ તે અપાર્ધ. અર્થાત્ સૂર્યોદયથી ત્રણ પ્રહર સુધી આહારનો ત્યાગ તે અવઢ.

પુરિમઢ અને અવઢમાં પોરિસીના છ આગારો ઉપરાંત महत्तरागारेणं એ સાત આગારો છે.

**महत्तरागारेणं**—આમાં મહત્તર અને આગાર એ બે શબ્દો છે. મહત્તર એટલે વધારે. આગાર એટલે છૂટ. લીધેલા પ્રત્યાખ્યાનથી જેટલી કર્મનિર્જરા થાય તેનાથી વધારે કર્મનિર્જરાના લાભ માટે વહેલું ભોજન કરવું પડે તો છૂટ. જેમકે કોઈ સાધુની બિમારી કે જિનમંદિર, સંઘ વગેરે ઉપર આપત્તિ આવી હોય, તેનું નિવારણ અમુક જ વ્યક્તિ કરી શકે તેમ હોય, જે વ્યક્તિ તેનું નિવારણ કરી શકે તેમ હોય તેને પુરિમઢ આદિનું પ્રત્યાખ્યાન હોય, તેથી તે આવા કાર્ય માટે પ્રત્યાખ્યાન વહેલું પારવાની આવશ્યકતા જણાવાથી વહેલું પારે તો નિયમભંગ ન થાય.

**પ્રશ્ન**—આ આગાર પોરિસી આદિના પ્રત્યાખ્યાનમાં કેમ નથી ?

**ઉત્તર**—તેમાં સમય અલ્પ હોવાથી આ આગાર નથી.

(૪) **એકાસણ-બિયાસણ**—એકાસણ શબ્દમાં એક અને અશન એમ બે શબ્દો છે. અશન એટલે ભોજન. એકવાર ભોજન કરવું તે એકાસણ. અથવા એક અને આસન એ બે શબ્દો પણ લઈ શકાય. એક જ આસને બેસીને ભોજન તે એકાસણ. અર્થાત્ કુલા [બેસવાનો ભાગ] બેઠકના સ્થાનથી જરા પણ ખસે નહિ તે રીતે બેસીને એકવાર ભોજન કરવું તે એકાસણ કે એકાસણું. ઉક્ત રીતે બેસીને બે વાર ભોજન કરવું તે બિયાસણ કે બિયાસણું.

એકાસણ અને બિયાસણમાં નવકારશીના બે આગારો અને પુરિમઢના છેલ્લા બે આગારો તથા सागारिआगारेणं, आउंटणपसारेणं, गुरुअब्भुट्ठाणेणं, पारिट्ठावणियागारेणं એ ચાર એમ કુલ આઠ આગારો છે. તેમાં નવકારશીના બે અને પુરિમઢના છેલ્લા બે આગારોનું વર્ણન થઈ ગયું છે. બાકીના આગારોનો અર્થ આ પ્રમાણે છે—

(૧) **सागारिआगारेणं**—આમાં સાગારિક અને આગાર એ બે શબ્દો છે. સાગારિક એટલે ગૃહસ્થ. આગાર એટલે છૂટ. ગૃહસ્થ સંબંધી છૂટ તે સાગારિકાગાર. સાધુએ ગૃહસ્થો ન દેખે તેમ ભોજન કરવું જોઈએ. ગૃહસ્થ સમક્ષ ભોજન કરવાથી શાસનની અપભ્રાજના થવાનો સંભવ છે. આથી જ કહ્યું છે કે—

**छक्काय दयावंतो, वि संजओ दुल्लहं कुणति बोहिं ।**
**आहारे नीहारे, दुगंछिए पिंडगहणे य ॥** (ઓ. નિ. ગાથા ૪૪૩)

**"છકાયની દયાવાળો પણ સાધુ આહાર અને નીહાર (ઝાડો-પેશાબ) ગૃહસ્થના દેખતાં કરે, અને નિંદ્ય ઘરોમાંથી આહાર ગ્રહણ કરે તો તેને બોધિ દુર્લભ થાય છે."** આમાં કોઈ વખત એવું બની જાય કે આ સ્થળે કોઈ ગૃહસ્થને આવવાની સંભાવના નથી એમ સમજીને સાધુ ભોજન કરે, ભોજન કરતાં અચાનક કોઈ ગૃહસ્થ ત્યાં આવી જાય તો સાધુએ વાપરવાનું બંધ કરી દેવું જોઈએ. હવે જો એમ જણાય કે ગૃહસ્થ અહીં વધારે સમય રોકાશે તો સ્વાધ્યાય આદિમાં વ્યાઘાત ન થાય એટલા માટે એ સ્થળેથી ઊઠીને બીજા સ્થળે જઈને ભોજન કરે. આમ કરવાથી એકાસણાનો ભંગ ન થાય.

ગૃહસ્થ માટે આ આગાર નીચે પ્રમાણે છે—ભોજન શરૂ કર્યા પછી જેની નજર લાગવાથી ખોરાક પચે નહિ એવો મનુષ્ય આવી ચડે તો એકાસણાવાળો ગૃહસ્થ બીજા સ્થાને જઈને ભોજન કરે તો નિયમભંગ ન થાય.

(૨) **आउंटणपसारेणं**—આમાં આકુંચન અને પસારણ એ બે શબ્દો છે. આકુંચન એટલે સંકોચવું. પસારણ એટલે પહોળું કરવું. કોઈ અસહિષ્ણુ ભોજન કરે ત્યાં સુધી સ્થિર ન બેસી શકે એથી જંઘા આદિ અંગોનું આકુંચન-પ્રસારણ કરવામાં આસન કંઈક ચલિત થાય તો નિયમભંગ ન થાય.

(૩) **गुरुअब्भुट्ठाणेणं**—આમાં ગુરુ અને અભ્યુત્થાન એ બે શબ્દો છે. ગુરુ એટલે અભ્યુત્થાનને યોગ્ય ગુરુ. અભ્યુત્થાન એટલે ઊભા થવું. અભ્યુત્થાનને યોગ્ય ગુરુ પધારે ત્યારે (વિનય માટે) ભોજન કરતાં ઊઠે તો એકાસણાનો ભંગ ન થાય. કારણ કે ગુરુનું અભ્યુત્થાન અવશ્ય કરવું જોઈએ.

(૪) **पारिट्ठावणियागारेणं**—આમાં પારિષ્ઠાપનિક અને આગાર એ બે શબ્દો છે. પરિષ્ઠાપન એટલે પરઠવવું-ત્યાગ કરવો. પરિષ્ઠાપન જેનું પ્રયોજન છે, અર્થાત્ પરઠવવાના પ્રયોજનથી જે આગાર રાખવામાં આવે તે પારિષ્ઠાપનિક આગાર. આગાર એટલે છૂટ. કોઈવાર આહાર ઘણો વધી જવાથી પરઠવવાનો-ત્યાગ કરવાનો પ્રસંગ આવે ત્યારે વધેલો આહાર પરઠવવો ન પડે એટલા માટે એકાસણું કરીને ઊઠી ગયા પછી પણ કોઈ સાધુ વાપરે તો નિયમભંગ ન થાય. કારણ કે વધેલો આહાર પરઠવવામાં સાધુને બહુ દોષ લાગે, અને આગમાનુસાર અપવાદથી વાપરવામાં આવે તો લાભ થાય. (૮)

**सत्तेगट्ठाणस्स उ, अट्ठेवायंबिलम्मि आगारा ।**
**पंच अभत्तट्ठस्स उ, छप्पाणे चरिम चत्तारि ॥९॥**

**ગાથાર્થ**—એકઠાણમાં સાત, આયંબિલમાં આઠ, અભક્તાર્થમાં પાંચ, પાણીમાં છ, અને ચરિમમાં ચાર આગારો છે. (૯)

**ટીકાર્થ**—(૫) **એકઠાણ**—આમાં એક અને સ્થાન એ બે શબ્દો છે. એક જ સ્થાને બેસીને ભોજન કરવું તે એકઠાણ. (આને ચાલુ ભાષામાં એકલઠાણું કહેવામાં આવે છે.) આમાં आउंटणपसारेणं વિના એકાસણાના સાત આગારો છે. આમાં आउंटणपसारेणं આગાર ન હોવાથી પગ પહોળા કરવા વગેરે થઈ શકે નહિ, અર્થાત્ આમાં પલાંઠી વાળીને જ બેસવાનું હોય છે, તથા શરીરનું એક હાથ અને મુખ સિવાય બીજું કોઈ અંગ જરા પણ ન હાલવું જોઈએ.

[**પ્રશ્ન**—એકાસણ અને એકઠાણમાં શો ભેદ છે ?

**ઉત્તર**—એ બેમાં બે રીતે ભેદ છે. (૧) એકાસણામાં બેઠક સિવાય શરીરના બધાં અંગો હલાવવાની જરૂર પડે તો છૂટ છે. જ્યારે એકઠાણમાં એક હાથ અને મુખ સિવાય કોઈ અંગ હલાવી શકાય નહિ. (૨) એકાસણું તિવિહાર પણ થઈ શકે છે. જ્યારે એકઠાણ ચોવિહાર જ થાય.]

**(૬) આયામામ્લ(આયંબિલ)**—આમાં આયામ અને અમ્લ એ બે શબ્દો છે. આયામ એટલે ઓસામણ. અમ્લ એટલે ખાટો રસ. જેમાં ભાત, અડદ, સાથવા આદિની સાથે સાધન તરીકે ઓસામણ અને ખાટો રસ એ બે જ પદાર્થો વાપરવામાં આવે તે આયામામ્લ (આ આયામામ્લ શબ્દનો માત્ર શબ્દાર્થ છે. તેનો ભાવાર્થ તો સામાચારી પ્રમાણે વર્તમાનમાં જે રીતે આયંબિલ કરવામાં આવે છે તે રીતે સમજવો.)

આમાં મારે આયંબિલનું જ ભોજન કરવું એવી પ્રતિજ્ઞા કરે છે.

આયંબિલમાં નવકારશીના બે અને પુરિમઢના બે તથા लेवालेवेणं, गिहत्थसंसट्ठेणं, उक्खित्तविवेगेणं पारिट्ठावणियागारेणं એ ચાર એમ આઠ આગારો છે. તેમાં નવકારશીના બે, પુરિમઢના બે અને પારિઢાવણિયાગારેણં એ પાંચનું વર્ણન થઈ ગયું છે. બાકીના ત્રણનો અર્થ આ પ્રમાણે છે.

(૧) **लेवालेवेणं**—આમાં લેપ અને અલેપ એ બે શબ્દો છે. ભોજનનું પાત્ર આયંબિલમાં ન કલ્પે તેવી વિગઈથી કે દાળ વગેરે વસ્તુથી ખરડાયેલું હોય તે લેપ. તે પાત્રને હાથ વગેરેથી લુછી નાખવું તે અલેપ. વિગઈ આદિથી ખરડાયેલા ભોજનપાત્રને હાથ વગેરેથી લુછી નાખ્યા પછી તેમાં આયંબિલનો આહાર વાપરવામાં આવે તો લુછવા છતાં કદાચ તેમાં વિગઈ આદિનો અંશ રહી જવાથી વાપરવામાં આવી જાય તો પણ

આયંબિલનો ભંગ ન થાય.

(૨) **गिहत्थसंसट्टेणं**—આમાં ગૃહસ્થ અને સંસૃષ્ટ એ બે શબ્દો છે. સંસૃષ્ટ એટલે ખરડાયેલું. આહાર આપનાર ગૃહસ્થ વિગઈ વગેરે અકલ્પનીય વસ્તુથી ખરડાયેલ કડછી વગેરેથી પીરસે કે સાધુને વહોરાવે તો તે અકલ્પ્ય અંશથી મિશ્ર આહાર ખાવા છતાં નિયમભંગ ન થાય.[1]

(૩) **उक्खित्तविवेगेणं**—આમાં ઉત્ક્ષિપ્ત અને વિવેક એ બે શબ્દો છે. ઉત્ક્ષિપ્ત એટલે મૂકેલું. વિવેક એટલે જુદું કરવું. સુકા રોટલા, ભાત વગેરે કોરી વસ્તુ ઉપર સંપૂર્ણ લઈ શકાય તેવી આયંબિલમાં અકલ્પ્ય પિંડવિગઈ (ઘટ્ટગોળ, સુખડી) વગેરે વસ્તુ પડી હોય તો એને જુદી કર્યા પછી-ઉપાડી લીધા પછી તે સુકા રોટલા, ભાત વગેરે વાપરવામાં વાંધો નહિ. અર્થાત્ તેમ કરવાથી કદાચ અકલ્પ્ય વસ્તુનો અંશ વાપરવામાં આવી જાય તો નિયમભંગ ન થાય. [પણ જો નરમ ગોળ વગેરે દ્રવ(=ઢીલી) વસ્તુ પડી હોય તો ન કલ્પે. કારણ કે દ્રવ હોવાથી જેના ઉપર મૂકેલી હોય તેમાં ચોંટી જાય. આથી ઉપાડી લેવા છતાં અધિક રહી જાય.]

(૬) **અભક્તાર્થ**—આમાં અ, ભક્ત અને અર્થ એ ત્રણ શબ્દો છે. અ એટલે નિષેધ, ભક્ત એટલે ભોજન, અર્થ એટલે પ્રયોજન. જેમાં ભોજનનું પ્રયોજન નથી (=ખાવાનું જ નથી) તે પ્રત્યાખ્યાન અભક્તાર્થ, અર્થાત્ ઉપવાસ.

[ઉપવાસના પાઠમાં સૂર્યોદયથી પ્રત્યાખ્યાન કરું છું એવો નિયમ હોવાથી એકવાર થોડું પણ ભોજન કર્યા પછી "હવેથી બાકીના દિવસનો ઉપવાસ" એમ ઉપવાસ ન થાય.]

[**પ્રશ્ન**—સૂર્યોદયથી ઉપવાસ શરૂ થાય છે. એટલે સૂર્યોદય પછી એકવાર થોડું પણ ખાધા પછી ઉપવાસ ન થાય એ બરોબર છે. પણ સૂર્યોદય પહેલાં ભોજન કરીને સૂર્યોદયથી ઉપવાસ કરવામાં શો વાંધો ?

**ઉત્તર**—તેમાં ઉપવાસનો રાગાદિ પાપોને ઘટાડવાનો જે હેતુ છે તે સિદ્ધ થતો ન હોવાથી તથા આચરણા ન હોવાથી ન થાય.]

ઉપવાસમાં નવકારશીના બે, પુરિમઢના છેલ્લા બે અને પારિટ્ઠાવણિયાગારેણં એ

---

૧. પ્રત્યાખ્યાન ભાષ્યમાં गृहस्थसंसृष्टનો ગૃહસ્થે પોતાના માટે ભોજનમાં આયંબિલમાં ન કલ્પે તેવી વિગઈ આદિથી કંઈક મિશ્ર કરેલ એમ અર્થ કર્યો છે. જેમ કે રોટલી વગેરે સુંવાળી બને એ માટે લુવામાં તેલ આદિની હથેળી ઘસીને બનાવેલી રોટલી. આ અર્થ પ્રમાણે સાધુઓને આયંબિલમાં મોણવાળા લોટની રોટલી ખપી શકે. આ આગાર સાધુઓને માટે જ હોવાથી ગૃહસ્થને તેવી રોટલી આયંબિલમાં ન ખપે.

गृहस्थस्य भक्तदायकस्य सम्बन्धिकृतं विकृतिमिश्रं डुच्चकरम्भादि गृहस्थसंसृष्टं, तच्च निर्विकृते प्रत्याख्याने कल्पते । किञ्चिन्मात्राज्यतैलस्निग्धहस्ततलकृतं मण्डकादि त्वाचाम्लप्रत्याख्यानेऽपि कल्पते इत्यर्थः । (પ્રત્યાખ્યાનભાષ્ય-અવચૂરિ ગાથા-૨૭)

પાંચ આગારો છે. આ પાંચેનું વર્ણન થઈ ગયું છે. [પારિટ્ઠાવણિયાગારેણં આગારમાં આટલું વિશેષ છે કે–તિવિહાર ઉપવાસ કર્યો હોય તો પાણી પીવાની છૂટ હોવાથી વધેલું ભોજન વાપરી શકાય. જો ચોવિહાર ઉપવાસ કર્યો હોય તો ભોજન-પાણી બંને વધ્યાં હોય તો જ વાપરી શકાય. કારણ કે જે પરઠવવું પડે તે જ વાપરવાની છૂટ છે. પાણી ન વધ્યું હોય તો [૧]પરઠવું પડે તેમ ન હોવાથી ચોવિહાર ઉપવાસમાં પાણી ન વાપરી શકાય.

**પ્રશ્ન**–ચોવિહાર ઉપવાસમાં એકલો આહાર વધ્યો હોય તો એકલો આહાર વાપરે, પાણી ન વાપરે. આથી ભોજન-પાણી બંને વધ્યા હોય તો જ વાપરી શકાય એ નિયમ ન રહે.

**ઉત્તર**–પાણી વિના એકલો આહાર વાપરવાથી અજીર્ણ આદિ દોષોનો સંભવ હોવાથી એકલો આહાર વાપરવાનો નિષેધ છે.]

(૮) **પાણીના આગારો**–પોરિસી, પુરિમઢ્ઢ, એકાસણ અને ઉપવાસનું પચ્ચક્ખાણ તિવિહાર કરે ત્યારે પાણીસંબંધી છ આગારોને કરે છે. આથી અહીં અચિત્ત પાણીના આગારો કહે છે–

અચિત્ત પાણીના लेवेण, अलेवेण, अच्छेण, बहुलेण, ससित्थेण, असित्थेण એ છ આગારો છે.

(૧) [૨]**लेवेण**–આમાં લેપ શબ્દ છે. લેપ એટલે લેપવાળું-ચીકાશવાળું. જે પાણીથી ભાજન ચીકણું થાય તે લેપ પાણી કહેવાય. જેમકે–(રાંધેલા ચોખાનું ઓસામણ,) ખજૂર વગેરેનું પાણી.

(૨) **अलेवेण**–આમાં અલેપ શબ્દ છે. અલેપ એટલે લેપથી-ચીકાશથી રહિત. જે પાણીથી ભાજન ચીકણું ન થાય તે અલેપ પાણી કહેવાય.

(૩) **अच्छेण**–આમાં અચ્છ શબ્દ છે. અચ્છ એટલે સ્વચ્છ-શુદ્ધ. ત્રણ ઉકાળાથી અચિત્ત બનેલું પાણી વગેરે અચ્છ છે.[૩]

(૪) **बहुलेण**–આમાં બહુલ શબ્દ છે. બહુલ એટલે ડહોળું. રાંધ્યા વિનાના ચોખા, તલ વગેરેના ધોવણનું પાણી બહુલ છે.

(૫) **ससित्थेण**–આમાં સસિક્થ શબ્દ છે. સસિક્થ એટલે અનાજના કણિયાવાળું.

---

૧.પૂર્વે સાધુઓ રાત્રે પાણી રાખતા ન હતા. એથી ક્યારેક પાણી વધી જવાથી પરઠવવાનો પ્રસંગ પણ આવે.

૨.અહીં પંચાશક વગેરેમાં लेवाडेण એવો પાઠ છે. પણ વર્તમાનમાં लेवेण પાઠ પ્રસિદ્ધ હોવાથી અહીં लेवेण લખ્યું છે. બંનેનો અર્થ એક જ છે. लेवाडेण નું સંસ્કૃતમાં लेपकृत થાય છે. તેનો ટીકામાં લેપ-ચીકણું કરનાર એવો અર્થ કર્યો છે. એ પ્રમાણે अलेवेण ના સ્થાને अलेवाडेण સંબંધી પણ સમજી લેવું.

૩.પ્રત્યાખ્યાનભાષ્યના જ્ઞાનવિમલસૂરિકૃત બાલાવબોધમાં ફળાદિકના ધોવણને પણ અચ્છ પાણી કહ્યું છે.

રાંધેલા ચોખાનું ઓસામણ વગેરેમાં કે રાંધ્યા વિનાના ચોખાનું ધોવણ વગેરેમાં અનાજનો કોઈ દાણો રહી ગયો હોય તો તે પાણી સસિક્થ છે.

(૬) **असित्थेण**–આમાં અસિક્થ શબ્દ છે. અસિક્થ એટલે અનાજના કણિયા વિનાનું. જેમાં અનાજનો દાણો ન હોય તેવું રાંધેલા ચોખાનું ઓસામણ વગેરે કે રાંધ્યા વિનાના ચોખાનું ધોવણ વગેરે અસિક્થ છે.

ससित्थेण અને असित्थेण એ બે આગારોનો ભાવાર્થ એ છે કે–લેવેણ વગેરે આગારોમાં જે પાણીની છૂટ છે તેમાં અનાજના કણિયા ન હોય તો વધારે સારું, પણ કદાચ કોઈ કણિયા આવી જાય તો છૂટ છે.[1]

(૯) **ચરિમ**–ચરિમ એટલે અંતિમ. અહીં ચરિમ શબ્દથી દિવસ અને વર્તમાન જીવન એ બંનેનો છેલ્લો ભાગ વિવક્ષિત છે. આથી ચરિમ પ્રત્યાખ્યાનના દિવસચરિમ અને ભવચરિમ એમ બે ભેદ છે. દિવસના છેલ્લા ભાગ સુધી, [અર્થાત્ સૂર્યાસ્ત સુધી કે બીજા દિવસના સૂર્યોદય સુધી] કરાતું પ્રત્યાખ્યાન દિવસચરિમ પ્રત્યાખ્યાન છે. તથા જીવનના છેલ્લા ભાગ સુધી, અર્થાત્ જીવનપર્યંત કરાતું પ્રત્યાખ્યાન ભવચરિમ છે. [દિવસચરિમ પ્રત્યાખ્યાનથી સૂર્યાસ્ત સુધી કે બીજા દિવસના સૂર્યોદય સુધી બે, ત્રણ કે ચાર પ્રકારના આહારનો ત્યાગ થાય છે. ભવચરિમ પ્રત્યાખ્યાનથી જીવનપર્યંત ત્રણ કે ચાર પ્રકારના આહારનો ત્યાગ થાય છે.]

દિવસચરિમ અને ભવચરિમમાં अन्नत्थणाभोगेणं, सहसागारेणं, महत्तरागारेणं અને सव्वसमाहिवत्तियागारेणं એ ચાર આગારો છે. આ આગારોનું પૂર્વે વર્ણન થઈ ગયું છે.

**પ્રશ્ન**–તિવિહાર એકાસણું વગેરે કર્યા પછી દિવસચરિમ તિવિહારનું અને ચોવિહાર એકાસણું વગેરે કર્યા પછી દિવસચરિમ ચોવિહારનું પ્રત્યાખ્યાન [2]નિરર્થક છે. કારણ કે દિવસચરિમ પ્રત્યાખ્યાનમાં જેનો ત્યાગ કરવાનો છે તેનો ત્યાગ એકાસણા વગેરેમાં થઈ ગયો છે.

**ઉત્તર**–વાત સાચી છે. છતાં એકાસણું આદિ કર્યા પછી દિવસચરિમ તિવિહાર આદિ પ્રત્યાખ્યાનની જરૂર છે. કારણ કે એકાસણા વગેરેમાં આઠ આગારો છે. દિવસચરિમમાં ચાર આગારો છે. પ્રત્યાખ્યાનમાં જેટલા આગારો ઓછા તેટલો લાભ વધારે. આથી જ(=પ્રત્યાખ્યાનમાં જેટલા આગારો ઓછા તેટલો લાભ વધારે એ નિયમથી)

---

૧. પાણીના પ્રત્યાખ્યાનમાં આ છ પ્રકારના પાણી સિવાયના પાણીનો ત્યાગ થાય છે. આ આગારો મુખ્યતયા મુનિ માટે છે. ગૃહસ્થે મુખ્યતયા અચ્છ(=ત્રણ ઉકાળાથી શુદ્ધ બનેલા) પાણીનો ઉપયોગ કરવો જોઈએ તથા વર્તમાન કાળમાં અચિત્ત પાણી તરીકે અચ્છ(=ત્રણ ઉકાળાથી શુદ્ધ બનેલું) પાણી વાપરવાનો વ્યવહાર છે. એટલે સાધુઓએ પણ અચ્છ સિવાયના પાણીનો વિશિષ્ટ કારણે જ ઉપયોગ કરવો ઠીક છે.

૨. એકાસણું વગેરે તિવિહાર કર્યા પછી પાણીનો પણ ત્યાગ કરવો હોય તો દિવસચરિમ સાર્થક છે. કારણ કે ત્રણ આહારનો ત્યાગ હતો તેના બદલે હવે ચાર આહારનો ત્યાગ થાય છે.

એકાસણું વગેરે પ્રત્યાખ્યાન સાધુઓને દિવસ પૂરતું (સૂર્યાસ્ત સુધી) જ હોય છે. સૂર્યાસ્ત પછી સાધુઓને રાત્રિભોજનવિરમણ રૂપ છઠ્ઠા વ્રતથી ચાર આહારનો ત્યાગ થાય છે. કારણ કે એકાસણા વગેરેના પ્રત્યાખ્યાનમાં આગારો છે. જ્યારે રાત્રિભોજન- વિરમણવ્રતથી રાત્રિભોજનનો 'ત્રિવિધ ત્રિવિધે જીવનપર્યંત' એમ વિશેષરૂપે નિયમ કર્યો છે, અર્થાત્ તેમાં એકાસણા વગેરેમાં જે આગારો છે તે આગારો નથી. જો સાધુઓને એકાસણું વગેરે પ્રત્યાખ્યાન બીજા દિવસના સૂર્યોદય સુધી, અર્થાત્ એક અહોરાત્ર સુધી સ્વીકારવામાં આવે તો વધારે આગારોની છૂટ રહે, અને તે યોગ્ય નથી.[1]

હવે ગૃહસ્થો માટે આ વિષયને વિચારીએ. ગૃહસ્થો ત્રણ જાતના હોય છે. ૧. રાત્રિભોજનના નિયમથી રહિત. ૨. પાણીની છૂટ, દુકાળમાં છૂટ, માંદગીમાં છૂટ....આમ અનેક પ્રકારના આગાર સહિત રાત્રિભોજનના નિયમવાળા, ૩. દુકાળ આદિની છૂટ રહિત ચોવિહાર રાત્રિભોજનના નિયમવાળા. આમાં ત્રીજા પ્રકારના ગૃહસ્થોને એકાસણું વગેરે પ્રત્યાખ્યાન દિવસ પૂરતું (સૂર્યાસ્ત સુધી) જ હોય છે. આવા શ્રાવકોને એકાસણું વગેરે કર્યા પછી દિવસચરિમ પ્રત્યાખ્યાન કરવામાં સાધુને જે લાભ થાય તે લાભ થાય. પહેલા અને બીજા પ્રકારના ગૃહસ્થોને એકાસણું વગેરે પ્રત્યાખ્યાન બીજા દિવસના સૂર્યોદય સુધી (અહોરાત્ર) હોય છે. આથી તેમને એકાસણું વગેરે કર્યા પછી દિવસચરિમ પ્રત્યાખ્યાનમાં દિવસે અને રાત્રે એ બન્ને રીતે આગારોનો સંક્ષેપ થાય છે. દિવસે એકાસણું વગેરેના આગારોની અપેક્ષાએ આગારોનો સંક્ષેપ થાય છે. રાત્રે રાત્રિભોજનમાં રાખેલી ઘણી છૂટોની અપેક્ષાએ આગારોનો સંક્ષેપ થાય છે.

[[2]**પ્રશ્ન**—એકાસણું વગેરે કર્યા પછી દિવસચરિમ સાર્થક છે એ સમજાયું. હવે સાંજના લેવાતા દિવસચરિમ પ્રત્યાખ્યાન અંગે પ્રશ્ન રહે છે. નવકારશી આદિ છૂટા પ્રત્યાખ્યાનવાળા સાધુ તથા છૂટ રહિત ચોવિહાર રાત્રિભોજનના નિયમવાળા ગૃહસ્થો કે જેમને નવકારશી આદિ છૂટું પ્રત્યાખ્યાન છે, તેમને સાંજના દિવસચરિમ નિરર્થક છે. કારણ કે સાધુઓને યાવજ્જીવ રાત્રિભોજનનો ત્યાગ હોય છે, અને ગૃહસ્થે પણ દુકાળ આદિ છૂટથી રહિત ચોવિહાર રાત્રિભોજનનો નિયમ કર્યો છે. જેનો નિયમ ન હોય તેનો નિયમ કરવાનો હોય.

**ઉત્તર**—વાત વ્યાજબી છે. પણ તેમને સાંજના દિવસચરિમનું પ્રત્યાખ્યાન પૂર્વે કરેલા

---

૧. અહીં પંચાશકની ટીકામાં अत एवैकाशनादिकं....प्रत्याख्यातत्वात् એ પાઠ અને તેની આગળ પાછળના પાઠથી નીકળતો ભાવાર્થ લખ્યો છે. તેમાં अत एव શબ્દનો તાત્પર્યાર્થ એકાસણા વગેરેમાં અધિક આગારો છે એમ છે. જ્યારે રાત્રિભોજન આગાર રહિત છે. विशेषत: त्रिविधं त्रिविधेन એ શબ્દોથી રાત્રિભોજન આગાર રહિત છે એમ કહેવાનો આશય છે.

૨. અહીં [ ] આવા કાઉંસમાં આપેલું લખાણ ટીકામાં નથી, સ્વતંત્રપણે મારી સમજથી લખ્યું છે. આમાં મારી ગેરસમજ જણાય તો વાચકો મને જણાવે એવી મારી આશા અસ્થાને ન જ ગણાય. આ. રાજશેખરસૂરિ.

રાત્રિભોજનના નિયમના અનુવાદ(=પુનઃ ઉચ્ચાર) રૂપ છે. રાત્રિભોજનના નિયમના અનુવાદથી(=પુનઃ ઉચ્ચારણથી) પોતાને રાત્રિભોજનનો ત્યાગ છે એમ સ્મૃતિ થાય છે. નિયમના પાલન માટે નિયમની સ્મૃતિ આવશ્યક[1] છે. રાત્રિભોજનના ત્યાગનું સ્મરણ થતું હોવાથી સાધુઓને અને ગૃહસ્થોને સાંજનું દિવસચરિમ પ્રત્યાખ્યાન લેવાથી લાભ જ છે. (જેમને રાત્રિભોજનનો નિયમ નથી, કે ઘણા આગાર સહિત નિયમ છે તેમને તો આનાથી લાભ છે જ એટલે તેમના માટે કોઈ પ્રશ્ન જ ઊભો થતો નથી.)

**પ્રશ્ન**–તિવિહાર એકાસણાનું પ્રત્યાખ્યાન કર્યું હોય તેને એકાસણું કર્યા પછી આખો દિવસ બિલકુલ પાણી વાપરવું નથી એવી ભાવના થાય તો ઊઠતી વખતે દિવસચરિમ ચોવિહારનું પ્રત્યાખ્યાન લે કે પાણહારનું ?

**ઉત્તર**–દિવસચરિમ ચોવિહારનું પ્રત્યાખ્યાન લેવું ઠીક લાગે છે.

એ જ રીતે બિયાસણના પ્રત્યાખ્યાનવાળાઓને બીજું બિયાસણું કર્યા પછી પાણી બિલકુલ ન પીવું હોય તો ઊઠતાં ચોવિહારનું પ્રત્યાખ્યાન લેવું ઠીક છે. અર્થાત્ એકાસણું વગેરે કર્યા પછી જો પહેલાં તિવિહારનું પ્રત્યાખ્યાન લીધું હોય તો જ્યારથી પાણી ન વાપરવું હોય ત્યારથી પાણહારનું પ્રત્યાખ્યાન કરવું, અને જો પહેલાં તિવિહારનું પ્રત્યાખ્યાન ન કર્યું હોય તો જ્યારથી પાણી ન વાપરવું હોય ત્યારથી ચોવિહારનું પ્રત્યાખ્યાન લેવું ઠીક છે. છતાં આ વિષે ગીતાર્થો કહે તેમ કરવું.

ભવચરિમમાં એટલું વિશેષ છે કે–પ્રત્યાખ્યાન કરનારને મને સમાધિમાં જરાય વાંધો નહિ આવે એમ દૃઢ વિશ્વાસ હોય વગેરે કારણોથી મહત્તરાગારેણં અને સવ્વસમાહિવત્તિયાગારેણં એ બે આગારોની જરૂર ન હોય તો અન્નત્થણાભોગેણં અને સહસાગારેણં એ બે આગારો હોય છે. આ બે આગારો તો જરૂરી છે. કારણ કે અનુપયોગથી કે સહસા આંગળી વગેરે મુખમાં નખાઈ જવાનો સંભવ છે.] (૯)

**पंच चउरो अभिग्गहि, णिव्विइए अट्ठ णव य आगारा ।**
**अप्पाउरणे पंच उ, हवंति सेसेसु चत्तारि ॥१०॥**

**ગાથાર્થ**–અભિગ્રહમાં પાંચ કે ચાર, નિવીમાં આઠ કે નવ, અભિગ્રહના પચ્ચક્ખાણમાં વસ્ત્રત્યાગના અભિગ્રહમાં પાંચ અને અન્ય અભિગ્રહમાં ચાર આગારો છે.

**ટીકાર્થ**–(૧૦) **અભિગ્રહ**–અમુક વસ્તુનો ત્યાગ વગેરે અભિગ્રહમાં ચરિમમાં કહેલા ચાર આગાર છે. આમાં આટલું વિશેષ છે કે–સાધુને વસ્ત્રના (વસ્ત્રના ત્યાગરૂપ)

૧. આથી જ સાધુઓને દીક્ષા લેતી વખતે અને ગૃહસ્થોને સામાયિક લેતી વખતે 'કરેમિભંતે' સૂત્રથી સાવદ્ય યોગોનો ત્યાગ થઈ જવા છતાં સાધુઓ અને ગૃહસ્થો પ્રતિક્રમણમાં અનેકવાર 'કરેમિભંતે' સૂત્ર બોલે છે.

અભિગ્રહમાં चोलपट्टागारेणं સહિત પાંચ આગારો હોય છે. આમાં ચોલપટ્ટ અને આગાર એ બે શબ્દો છે. ચોલપટ્ટો પહેરવાની છૂટ તે ચોલપટ્ટાગાર. જે સાધુને તદ્દન વસ્ત્રરહિત રહેવાનો[1] નિયમ છે તે સાધુને અચાનક કોઈ ગૃહસ્થનું આગમન થાય ત્યારે મર્યાદા માટે ચોલપટ્ટો પહેરવાની છૂટ હોય છે. (૧૦)

**णवणीओगाहिमए, अद्दवदहिपिसियघयगुले चेव ।**
**णव आगारा तेसिं, सेसदवाणं च अट्ठेव ॥११॥**

**નિવિના પચ્ચક્ખાણમાં આઠ અને નવ આગારો છે એમ જે કહ્યું, તેનો વિભાગ બતાવવા માટે કહે છે—**

**ગાથાર્થ**—નિવિના પચ્ચક્ખાણમાં માખણ, અવગાહિમ, ઘટ્ટ દહીં, માંસ, ઘી અને ગોળ (એ છ પિંડ) વિગઈમાં નવ અને બાકીની દ્રવ વિગઈઓમાં આઠ આગારો છે.

**ટીકાર્થ—અવગાહિમ**—અવગાહથી=સ્નેહવાળા પદાર્થોમાં ડુબાવવાથી જે બને તે અવગાહિમ. (અવગાહિમ શબ્દનો આ શબ્દાર્થ છે. ભાવાર્થ તો) અવગાહિમ એટલે પક્વાન્ન.

(વિગઈના દ્રવ(=ઢીલી) અને પિંડ(=ઘટ્ટ) એમ બે ભેદ છે.) તેમાં માખણ, પક્વાન્ન, માંસ, ઘટ્ટદહીં, ઘટ્ટઘી, ઘટ્ટગોળ એ છ પિંડ વિગઈના ત્યાગમાં આયંબિલના આઠ આગારો ઉપરાંત पडुच्चमक्खिएणं એ નવ આગારો છે. દૂધ વગેરે દ્રવવિગઈના ત્યાગમાં उक्खित्तविवेगेणं વિના પિંડ વિગઈમાં આવતા આઠ આગારો છે.

**પ્રશ્ન**—દ્રવવિગઈના ત્યાગમાં ઉક્ખિતવિવેગેણં આગાર કેમ નથી ?

**ઉત્તર**—દ્રવવિગઈ ઉપાડી લેવા છતાં જેના ઉપર પડી હોય તેની સાથે ઘણી મિશ્ર થઈ જવાથી તે વસ્તુ ખાતા તેનો સ્વાદ આવે છે. જ્યારે પિંડવિગઈ સંપૂર્ણ ઉપાડી શકાય છે. કદાચ રહી જાય તો પણ અંશમાત્ર જ રહે. તેથી તેનો સ્વાદ ન આવે. આથી ઉક્ખિત્તવિવેગેણં આગાર પિંડવિગઈમાં છે અને દ્રવવિગઈમાં નથી.

**પ્રશ્ન**—જેને બધી વિગઈઓનો ત્યાગ છે તેને નિવિનું પ્રત્યાખ્યાન હોય છે. પણ જેને અમુક વિગઈની છૂટ રાખી બાકીની વિગઈઓનો ત્યાગ કર્યો હોય તેને કયું પ્રત્યાખ્યાન હોય ?

**ઉત્તર**—(विकृत्यन्तरप्रत्याख्यानमपि निर्विकृतिकमुच्यते=)તેને પણ નિવિનું પ્રત્યાખ્યાન હોય.

જે સાધુ કે શ્રાવક દારૂ, દૂધ, તેલ વગેરે દ્રવવિગઈનો ત્યાગ કરે તેને 'ઉક્ખિત્તવિવેગેણં' આગાર બિનજરૂરી છે. ઘટ્ટદહીં આદિ પિંડવિગઈનો ત્યાગ કરનારને જરૂરી છે. કારણ કે તે જેના ઉપર લાગી હોય તેના ઉપરથી જુદી કરી શકાય છે. જરૂરી-

૧. પૂર્વે મુનિઓ हेमंतेसु अवाउडा એ (દશવૈકાલિકના) વચનાનુસાર ઠંડીમાં શીતપરીષહ સહન કરવા વગેરેના ઉદ્દેશથી સર્વ વસ્ત્રના ત્યાગનો અભિગ્રહ કરતા હતા.

બિનજરૂરીની દૃષ્ટિએ આ વિચારણા છે. બાકી દૂધ આદિનો ત્યાગ કરનારને પણ પચ્ચક્ખાણના સૂત્રમાં 'ઉક્ખિત્તવિવેગેણં' એ પાઠ બોલવો જોઈએ, ભગવતી સૂત્રના જોગ કરનારને ગિહત્થસંસટ્ઠેણં વગેરે આગારોની જરૂર ન હોવા છતાં તેનો પાઠ બોલવામાં આવે છે તેમ.

કેટલાક કહે છે કે—દ્રવવિગઈમાં આઠ આગારો હોય છે એ શાસ્ત્રવચનના આધારે દ્રવવિગઈના ત્યાગમાં ઉક્ખિત્તવિવેગેણં પાઠ ન બોલવો જોઈએ. [અહીં પ્રસ્તુત ગ્રંથની ટીકામાં બધી વિગઈઓનો અને અમુક વિગઈઓનો ત્યાગ એ બંને નિવિ કહેવાય છે એમ કહ્યું છે. અને નિવિના પ્રત્યાખ્યાનના સૂત્રમાં निव्विगइयं पच्चक्खाइ એવો પાઠ છે. જ્યારે યોગશાસ્ત્રમાં બંને પ્રકારના ત્યાગને નિવિ કહેલ છે, પણ પ્રત્યાખ્યાનના સૂત્રમાં विगइओ पच्चक्खाइ...એવો પાઠ છે. શ્રી માણેકશેખરસૂરિ કૃત આવશ્યક દીપિકામાં સર્વ વિગઈના ત્યાગના પ્રત્યાખ્યાન માટે निव्विगइयं पच्चक्खाइ એવો પાઠ છે અને અમુક જ વિગઈના ત્યાગમાં विगइओ पच्चक्खाइ એવો પાઠ છે.]

નિવિના પચ્ચક્ખાણમાં गिहत्थसंसट्ठेणं આગારનું વિશેષ વ્યાખ્યાન આ પ્રમાણે છે— ગૃહસ્થે પોતાના માટે દૂધ સાથે ભાત ભેળવ્યો હોય, તે દૂધ ભાતની ઉપર ચાર આંગળ જેટલું તરતું હોય તો દૂધ વિગઈ ન ગણાય. (અર્થાત્ નિવિયાતું ગણાય.) પણ તેનાથી વધારે તરતું હોય તો દૂધ વિગઈ ગણાય. આ રીતે બીજી વિગઈઓ માટે પણ સમજવું. આ વિશે કહ્યું છે કે—

**खीरदहीवियडाणं, चत्तारि उ अंगुलाइ संसट्ठं ।**
**फाणियतेल्लघयाणं, अंगुलमेगं तु संसट्ठं ॥२२२॥**

**महुपोग्गलरसयाणं, अद्धंगुलयं तु होइ संसट्ठं ।**
**गुलपोग्गलनवणीयं, अद्दामलयं तु संसट्ठं ॥२२३॥** (પ્ર. સા.)

**"ભાત આદિ વસ્તુ સાથે ભેળવેલ દૂધ, દહીં, કે મધ તે વસ્તુ ઉપર ચાર આંગળ સુધી તરે તો તે વિગઈ ન કહેવાય. ચાર આંગળથી વધારે તરે તો તે વિગઈ કહેવાય. (ફાણિત એટલે પ્રવાહી ગોળ.) ભાત આદિ વસ્તુ સાથે ભેળવેલ પ્રવાહી ગોળ, તેલ કે ઘી તેના ઉપર એક આંગળ સુધી તરે તો વિગઈ ન કહેવાય, પણ તેનાથી વધારે તરે તો વિગઈ કહેવાય. (૨૨૨)**

**ભાત આદિ વસ્તુ સાથે ભેળવેલ મધ કે માંસરસ તેના ઉપર અડધી આંગળી સુધી તરે તો વિગઈ ન કહેવાય અને તેનાથી વધારે તરે તો વિગઈ કહેવાય. ગોળ, માંસ કે માખણના પીલુવૃક્ષના મોર[1] જેવડા નાના ટુકડાઓથી મિશ્રિત કરેલી વસ્તુ વિગઈ ન કહેવાય. આટલા નાના ઘણા ટુકડાઓથી મિશ્રિત કરી હોય તો ય તે વસ્તુ વિગઈ ન**

---

૧. आर्द्रामलकं तु पीलुमयूर इति संप्रदायः

ગણાય. પણ તેનાથી મોટા એક જ ટુકડાથી મિશ્રિત કરી હોય તો વિગઈ ગણાય." (૨૨૩)

નિવિના પચ્ચક્ખાણના નવ આગારોમાંથી **पडुच्चमक्खिएणं** વિના આઠ આગારોનું વર્ણન થઈ ગયું છે.

**पडुच्चमक्खिएणं આગારનો અર્થ આ પ્રમાણે છે**—पडुच्चमक्खिएणं શબ્દમાં પ્રતીત્ય અને પ્રક્ષિત એમ બે શબ્દો છે. પ્રતીત્ય એટલે અપેક્ષાએ. પ્રક્ષિત એટલે ચોપડેલું. તદ્દન રૂક્ષની(=લૂખાની) અપેક્ષાએ જે નહિવત્ ચોપડેલું હોય તે પ્રતીત્યપ્રક્ષિત. કંઈક સુકોમળતા ઉત્પન્ન કરવા માટે તદ્દન રૂક્ષ(=લુખા) ખાખરા વગેરેને નહિવત્ ચોપડવામાં આવે તે પ્રતીત્યપ્રક્ષિત.

**અહીં આ વિધિ છે**—જો તેલ વગેરેને આંગળીથી લઈને ખાખરો વગેરે દ્રવ્ય ચોપડેલું હોય તો નિવિના પચ્ચક્ખાણવાળાને કલ્પે છે, ધારાથી ચોપડેલું ન કલ્પે.

જો કે અહીં સૂત્રમાં 'નિવિમાં આઠ કે નવ આગારો છે' એમ નિવિના જ પચ્ચક્ખાણનું વિધાન હોવા છતાં વિગઈના પરિમાણનું પ્રત્યાખ્યાન પણ દુષ્ટ નથી. કારણ કે અપ્રમાદની વૃદ્ધિનું કારણ છે.

તથા આથી જ (=અપ્રમાદની વૃદ્ધિ થતી હોવાથી જ) સૂત્રમાં चउव्विहंपि आहारं એમ (ચોવિહારનો જ) પાઠ હોવા છતાં દુવિહાર કે તિવિહાર પોરિસીનું પચ્ચક્ખાણ દુષ્ટ નથી.

એ પ્રમાણે સૂત્રમાં એકાસણાનું, પોરિસીનું અને પુરિમઢનું નિર્દેશ હોવા છતાં બિયાસણાનું, સાઢપોરિસીનું કે અવઢનું પ્રત્યાખ્યાન દુષ્ટ નથી. એમ કેટલાકો કહે છે. કેમકે બિયાસણ આદિમાં પણ અપ્રમાદની વૃદ્ધિ સંભવે છે.

જેમ નિવિના આગારો વિગઈના પરિમાણમાં છે, ચોવિહાર પોરિસીના આગારો દુવિહાર-તિવિહાર પોરિસીમાં છે, તેમ એકાસણા આદિમાં જે આગારો છે તે જ આગારો બિયાસણા આદિમાં યોગ્ય છે, અર્થાત્ એકાસણાના આગારો બિયાસણામાં, પોરિસીના આગારો સાઢપોરિસીમાં અને પુરિમઢના આગારો અવઢમાં સમજવા. કારણ કે અશન વગેરે શબ્દો (બંનેમાં) સમાન છે.

**પૂર્વપક્ષ**—બિયાસણું વગેરે અભિગ્રહ પચ્ચક્ખાણ છે. તેથી તેમાં ચાર જ આગારો હોવા જોઈએ.

**ઉત્તરપક્ષ**—એકાસણ આદિની સાથે બિયાસણા આદિ પણ તુલ્ય યોગક્ષેમવાળા હોવાથી એકાસણા આદિમાં જે આગારો છે તે જ આગારો બિયાસણા આદિમાં છે.

અહીં કેટલાક આચાર્યોનું મંતવ્ય છે કે બિયાસણા વગેરેને પ્રત્યાખ્યાન માનવામાં પ્રત્યાખ્યાનોની મૂળ(દશ)સંખ્યા તૂટી જાય છે. આથી એકાસણાદિ દશ જ પ્રત્યાખ્યાનો છે.

હવે જે એકાસણું કરવા અસમર્થ છે અને બે વખતથી વધારે વાર ભોજન કરવું નથી, અથવા સાઢપોરિસી સુધી ખાવાની ઈચ્છા નથી, તે પોરિસી આદિ પચ્ચક્ખાણ પૂર્ણ થયા પછી ગંઠિસહિયં (આદિ) પ્રત્યાખ્યાન કરે તે યોગ્ય છે. [ગંઠિસહિયં આદિ પ્રત્યાખ્યાનથી પણ મહાન લાભ થાય છે.] (૧૧)

**वयभंगो गुरुदोसो, थेवस्सवि पालणा गुणकरी उ ।**
**गुरुलाघवं च णेयं, धम्मम्मि अओ उ आगारा ॥१२॥**

**હવે આગારો કહેવાનું કારણ જણાવે છે–**

**ગાથાર્થ–**વ્રતભંગમાં મોટા દોષો છે. નાના પણ નિયમનું પાલન લાભ કરનારું છે. ધર્મમાં ગૌરવ-લાઘવ(=લાભ-હાનિ) જાણવું જોઈએ. આથી ધર્મમાં આગારો છે.

**ટીકાર્થ–**નિયમભંગથી અશુભ કર્મબંધ વગેરે મોટા દોષો લાગે છે. કારણ કે તેમાં ભગવાનની આજ્ઞાની વિરાધના છે. નાના પણ નિયમનું આગારો રાખીને કરેલું પાલન કર્મનિર્જરા રૂપ લાભ જ કરનાર થાય છે. કારણ કે તેમાં વિશુદ્ધ શુભ અધ્યવસાય હોય છે. ચારિત્રધર્મમાં લાભ-હાનિનું જ્ઞાન હોવું જોઈએ. તે આ પ્રમાણે–કોઈને ઉપવાસનું પ્રત્યાખ્યાન કર્યા પછી અસમાધિ થઈ. તેને ઔષધાદિ આપીને સમાધિ આપવામાં નિર્જરારૂપ ઘણો લાભ થાય, અન્યથા અલ્પ લાભ થાય. આ પ્રમાણે વિચારવું. કારણ કે એકાંત આગ્રહ ઘણું નુકસાન કરનાર હોવાથી શુભ નથી. આથી પચ્ચક્ખાણમાં આગારો રાખવામાં આવે છે.

અહીં આ કહેવાનું થાય છે–જેણે આહારનું પચ્ચક્ખાણ કર્યું છે તેણે પણ લાભ-હાનિની વિચારણા કરીને સમાધિ માટે આહાર અવશ્ય ગ્રહણ કરવો એ ઉચિત છે. આથી આગારો રાખ્યા હોવાથી નાનું પણ વ્રત સારી રીતે પાળેલું થાય છે. જો આગારો ન રાખ્યા હોય તો મોટું પણ વ્રત ભાંગે છે. પાલન લાભ કરે છે અને ભંગ નુકસાન કરે છે. આથી પચ્ચક્ખાણમાં આગારો રાખવા જોઈએ. (૧૨)

**सामइएवि हु सावज्जचागरूवे उ गुणकरं एयं ।**
**अपमायवुड्ढिजणगत्तणेण आणाउ विण्णेयं ॥१३॥**

## ૩. સામાયિક દ્વાર

**પ્રત્યાખ્યાનના આગારોનો વિધિ કહ્યો. હવે સામાયિકનો વિધિ કહેવામાં આવે છે.**

**પ્રશ્ન–સાધુઓએ સકળ સાવદ્યયોગોની વિરતિરૂપ સામાયિકનો સ્વીકાર કર્યો છે. સામાયિકમાં બધા ગુણો આવી જાય છે. આથી જ કોઈક કહે છે કે–"જો આત્મામાં રાગ-દ્વેષ ભરેલા હોય તો તપથી શો લાભ થાય ?" અને જો રાગ-દ્વેષ ન હોય તો તપથી શું ?**

**અર્થાત્ તપ કરવાની જરૂર નથી. આવી આશંકા કરીને ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ**—સર્વ પાપવ્યાપારોના ત્યાગરૂપ સર્વવિરતિ સામાયિકમાં પણ (=સાધુઓને) પણ આહારનું પ્રત્યાખ્યાન ભગવાનની આજ્ઞા હોવાથી તથા અપ્રમાદની વૃદ્ધિનું કારણ હોવાથી લાભકારી જ છે.

**ટીકાર્થ**—સામાયિકમાં પણ એ સ્થળે રહેલા પણ શબ્દનો અર્થ આ પ્રમાણે છે—કેવળ દેશવિરતિ, સમ્યક્ત્વ અને શ્રુતસામાયિકમાં જ નહિ કિંતુ સર્વવિરતિ સામાયિકમાં પણ પ્રત્યાખ્યાન લાભકારી છે. ભગવાને સાધુઓને પણ તપ કરવાનું કહ્યું છે. કેમકે ભગવાને ઉપવાસ વગેરે કરવાની આજ્ઞા કરી છે. કહ્યું છે કે—तवहेउ चउत्थाइ जाव य छम्मासिओ तवो हेइ (પિંડનિર્યુક્તિ ગાથા-૬૬૮) **"તપ કરવા માટે સાધુઓએ આહારનો ત્યાગ કરવો જોઈએ. વર્ધમાન સ્વામીના તીર્થમાં ઉપવાસથી છ માસ સુધી તપ થાય છે."**

હવે એ પ્રશ્ન થાય કે ભગવાને સાધુઓને પણ તપ કરવાનું શા માટે કહ્યું ? આનું સમાધાન એ છે કે સામાયિકમાં રહેલા સાધુઓને પ્રત્યાખ્યાનથી વિષય-કષાયાદિરૂપ પ્રમાદ ઘટે છે અને અપ્રમાદ વધે છે, એવો અનુભવ થાય છે, આથી સામાયિકમાં પણ પ્રત્યાખ્યાન યુક્ત છે. (૧૩)

**एत्तो य अप्पमाओ, जायइ एत्थमिह अणुहवो पायं ।**
**विरतीसरणपहाणे, सुद्धपवित्तीसमिद्धफलो ॥१४॥**

**પ્રત્યાખ્યાન અપ્રમાદવૃદ્ધિ કરે છે એ અસિદ્ધ નથી એમ કહે છે—**

**ગાથાર્થ**—પ્રત્યાખ્યાનથી સામાયિકમાં પ્રાયઃ અપ્રમાદની વૃદ્ધિ થાય છે. તેમાં અનુભવ પ્રમાણ છે. અપ્રમાદ વિરતિના સ્મરણની પ્રધાનતાવાળો અને શુદ્ધપ્રવૃત્તિની સંપૂર્ણતારૂપ ફળવાળો છે.

**ટીકાર્થ**—વીતરાગ ભગવંતોને અપ્રમાદ થઈ ગયો છે અને ઉપયોગથી રહિત સાધુઓને પ્રત્યાખ્યાન હોવા છતાં વિશિષ્ટ અપ્રમાદનો અનુભવ ન પણ થાય. આ સૂચના કરવા માટે પ્રાયઃ શબ્દનો ઉલ્લેખ કર્યો છે.

**પ્રશ્ન**—પ્રત્યાખ્યાનથી થતા અપ્રમાદથી શો લાભ થાય છે ?

**ઉત્તર**—એનાથી બે લાભ થાય છે. એક આંતર લાભ અને બીજો બાહ્ય લાભ.

(૧) અપ્રમાદ પ્રત્યાખ્યાન કરવા યોગ્ય વસ્તુની નિવૃત્તિનું સ્મરણ કરાવે છે. પ્રત્યાખ્યાનથી થયેલ અપ્રમાદ વિરતિનું સ્મરણ કરાવે જ છે. આ આંતર લાભ છે. [કોઈપણ નિયમના શુદ્ધ પાલન માટે તેનું સ્મરણ [૧]આવશ્યક છે. આથી જ શ્રાવકના સામાયિક-પૌષધ

---

૧. જ્ઞાનસાર અ. ૯. ગા. ૫, શ્રાવકધર્મવિધિપ્રકરણ.ગા. ૮, પંચાશક ૧ ગા. ૩૬, ધર્મબિંદુ અ. ૩. સૂ. ૨૮.

વ્રતમાં વિસ્મૃતિ(=સામાયિક-પૌષધનું વિસ્મરણ થવું એ) અતિચાર છે.]

(૨) અપ્રમાદથી સંપૂર્ણપણે શુદ્ધપ્રવૃત્તિ(નિષ્પાપ પ્રવૃત્તિ) થાય છે. પ્રત્યાખ્યાનથી થયેલ અપ્રમાદવાળાઓનો સત્ પ્રવૃત્તિનો પ્રકર્ષ દેખાય છે. આ બાહ્યફળ છે. [યદ્યપિ સામાયિકમાં રહેલા સાધુએ અશુદ્ધપ્રવૃત્તિનો(પાપ વ્યાપારોનો) ત્યાગ કરી દીધો છે. છતાં પ્રમાદ, રોગ, સત્ત્વની ખામી આદિ કારણોથી દોષિત આહારનું સેવન આદિ અશુદ્ધપ્રવૃત્તિ-(પાપવ્યાપાર) થઈ જવાનો સંભવ છે. પ્રત્યાખ્યાનથી પ્રમાદ ભાગી જાય છે. પ્રત્યાખ્યાનના પ્રભાવથી રોગો નાશ પામે છે. પ્રત્યાખ્યાનનું સેવન કરતાં કરતાં સત્ત્વ વધે છે. પ્રમાદ આદિ કારણો ન રહે એટલે અશુદ્ધપ્રવૃત્તિ પણ ન થાય. જેમ જેમ પ્રત્યાખ્યાન વધે તેમ તેમ શુદ્ધ-પ્રવૃત્તિ વધે છે. પરિણામે સાધુ સંપૂર્ણ શુદ્ધપ્રવૃત્તિવાળો બની જાય છે.] (૧૪)

**ण य सामाइयमेयं, बाहइ भेयगहणेवि सव्वत्थ ।**
**समभावपवित्तिणिवित्ति भावओ ठाणगमणं व ॥१५॥**

**તિવિહાર આદિ ભેદથી ગ્રહણ કરાતું આહારપ્રત્યાખ્યાન સામાયિકનો ભંગ કરે છે. કારણ કે જેનો ત્યાગ નથી કર્યો તેમાં રાગ છે, અને જેનો ત્યાગ કર્યો છે તેમાં દ્વેષ છે. (નહીં તો અમુકનો જ ત્યાગ અને અમુકનો ત્યાગ નહિ એમ ભેદ શા માટે ? જેના ઉપર રાગ છે તેનો રાગના કારણે ત્યાગ નથી કર્યો, અને જેના ઉપર દ્વેષ છે તેનો દ્વેષના કારણે ત્યાગ કર્યો છે.) રાગ-દ્વેષથી સામાયિકનો ભંગ થાય છે. સામાયિક સર્વસ્થળે રાગરહિત સ્વભાવવાળું છે. આવી આશંકા કરીને કહે છે–**

**ગાથાર્થ**–પ્રત્યાખ્યાન ભેદથી ગ્રહણ કરવામાં પણ આહારાદિ સર્વમાં સામાયિકને બાધા પહોંચાડતું નથી. કારણ કે સ્થાનગમનની જેમ સમભાવથી પ્રવૃત્તિ-નિવૃત્તિ થાય છે.

**ટીકાર્થ**–પ્રત્યાખ્યાન તિવિહાર આદિ ભેદથી લેવામાં આવે તો પણ આહારાદિમાં સામાયિકને(=સમભાવને) બાધા પહોંચાડતું નથી જ, અર્થાત્ તેવા પ્રત્યાખ્યાનથી સામાયિકનો= સમભાવનો ભંગ થતો નથી. કારણ કે તિવિહાર આદિ પ્રત્યાખ્યાન કરનાર ત્યાગ નહિ કરેલા આહારમાં પ્રવૃત્તિ અને ત્યાગ કરેલા આહારથી નિવૃત્તિ સમભાવ પૂર્વક કરે છે. અર્થાત્ જેનો ત્યાગ નથી કર્યો તેમાં રાગ છે માટે ત્યાગ નથી કર્યો એવું નથી, કિંતુ શાસ્ત્રમાં કહેલા આહાર લેવાના ક્ષુધાવેદના અને વેયાવચ્ચ આદિ કારણોથી ત્યાગ નથી કર્યો. તથા જેનો ત્યાગ કર્યો છે તેના ઉપર દ્વેષ છે માટે ત્યાગ કર્યો છે એવું નથી, પણ શાસ્ત્રમાં જે રોગ અને ઉપસર્ગ આદિ કારણોથી આહાર લેવાનો નિષેધ કર્યો છે તે કારણોથી ત્યાગ કર્યો છે. આથી તિવિહાર આદિ પ્રત્યાખ્યાન કરનારને જેનો ત્યાગ નથી કર્યો તેમાં પ્રવૃત્તિ અને જેનો ત્યાગ કર્યો છે તેનાથી નિવૃત્તિ એ બંને વિષે સમભાવ હોય છે. જેમ સાધુને અમુક સ્થાનને છોડીને બીજા સ્થાને જવામાં છોડેલા સ્થાન પ્રત્યે દ્વેષ નથી અને

સ્વીકારેલા સ્થાન પ્રત્યે રાગ નથી, કિંતુ બંને પ્રત્યે સમભાવ છે, તેમ અહીં ત્યાગ કરેલા અને ત્યાગ નહિ કરેલા એ બંને આહાર પ્રત્યે સમભાવ છે.

**અહીં અનુમાન પ્રયોગ આ પ્રમાણે છે**—જે અનુષ્ઠાન સમભાવપૂર્વક થાય તે અનુષ્ઠાન સામાયિકને બાધા ન પહોંચાડે. સ્થાનગમનની જેમ. ભેદથી થતું પ્રત્યાખ્યાન સમભાવપૂર્વક થાય છે. (૧૫)

**सामइए आगारा, महल्लतरगेवि णेह पण्णत्ता ।**
**भणिया अप्पतरेवि हु, णवकाराइम्मि तुच्छमिणं ॥१६॥**
**समभावे च्चिय तं जं जायइ सव्वत्थ आवकहियं च ।**
**ता तत्थ ण आगारा पण्णत्ता किमिह तुच्छंति ? ॥१७॥**

**હવે આહાર પ્રત્યાખ્યાનની જેમ સામાયિકમાં આગારો કેમ નથી કહ્યા એમ અન્યમતની આશંકાને કરતા ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ—પૂર્વપક્ષ**—અહીં મોટા પણ સામાયિકમાં આગારો કહ્યા નથી, અને નવકારશી આદિ નાના પણ પ્રત્યાખ્યાનમાં આગારો કહ્યા એ અસાર છે.

**ઉત્તરપક્ષ**—બધી વસ્તુઓમાં સમભાવ હોય ત્યારે જ સામાયિક હોય છે, અને જીવનપર્યંત હોય છે. તેથી જિનોએ સામાયિકમાં આગારો કહ્યા નથી. આથી આમાં જરા પણ અસાર નથી. (૧૬-૧૭)

**ટીકાર્થ—પૂર્વપક્ષ**—સર્વસાવદ્યયોગના ત્યાગરૂપ સામાયિકનું પ્રત્યાખ્યાન જીવનપર્યંત ત્રિવિધ ત્રિવિધે હોવાથી તપના પ્રત્યાખ્યાનથી મોટું હોવા છતાં તેમાં આગારો નથી કહ્યા, અને નવકારશી આદિનું પ્રત્યાખ્યાન નાનું હોવા છતાં તેમાં આગારો કહ્યા છે એ અસાર છે. કેમકે આગારોનું કથન યુક્તિથી રહિત છે. મહાન સામાયિકમાં જ આગારો કહેવા જોઈએ. આહાર પ્રત્યાખ્યાન અતિશય અલ્પ(નાનું) હોવાથી તેમાં આગારો કહેવા એ અયોગ્ય છે. (૧૬)

**ઉત્તરપક્ષ**—આ યુક્તિયુક્ત છે. તે આ પ્રમાણે—સામાયિક શત્રુ-મિત્ર વગેરે બધી વસ્તુઓ વિષે સમભાવ આવે ત્યારે જ હોય છે, અને (સમભાવ) જીવનપર્યંત હોય છે. આ બે કારણોથી તેમાં આગારો નથી કહ્યા.

**ભાવાર્થ**—સર્વસાવદ્યયોગના ત્યાગરૂપ સામાયિકમાં શત્રુ-મિત્ર આદિ બધા પદાર્થો ઉપર જીવનપર્યંત સમભાવ હોવાથી દરેક પ્રવૃત્તિ સમભાવપૂર્વક થાય છે. આથી કોઈ વખત માંદગી આદિ સંયોગોમાં પ્રશસ્ત આલંબનવાળો સાધુ લાભ-હાનિનો વિચાર કરીને કોઈક દોષનું સેવન કરે તો સમભાવ પૂર્વક કરે છે. એટલે સામાયિક ભંગનો પ્રસંગ જ ન આવતો હોવાથી મહત્તર આદિ આગારોની જરૂર જ નથી. જ્યાં ભંગનો પ્રસંગ હોય ત્યાં જ

આગારો જોઈએ. બીજી વાત. સર્વસાવદ્યયોગના ત્યાગરૂપ સામાયિક બધા પદાર્થો ઉપર જીવનપર્યંત સમભાવના પરિણામ થાય ત્યારે જ હોઈ શકે. હવે જો સર્વસાવદ્યયોગના પ્રત્યાખ્યાન વખતે વૈરિપ્રતિકાર આદિ પ્રસંગ સિવાય સાવદ્યયોગોનો ત્યાગ કરું છું, તથા છ માસ સુધી સાવદ્યયોગોનો ત્યાગ કરું છું...એમ આગારો રાખે તો વૈરી આદિ ઉપર તેને સમભાવ નથી, તથા છ મહિના પછી પણ સમભાવ નથી. આથી સાવદ્યયોગની વિરતિ કરતી વખતે આગારો રાખવામાં બધા પ્રત્યે અને જીવનપર્યંત સમભાવના પરિણામ થયા નથી એ સિદ્ધ થાય છે. બધા પ્રત્યે અને જીવનપર્યંત સમભાવના પરિણામ વિના સામાયિક હોઈ શકે નહિ. આથી સામાયિકમાં આગારો નથી. (૧૭)

**तं खलु णिरभिस्संगं, समयाए सव्वभावविसयं तु ।**
**कालावहिम्मिवि परं, भंगभया णावहित्तेण ॥१८॥**

**સામાયિક સર્વપદાર્થોમાં રાગથી રહિત અને જીવનપર્યંત હોય છે એ જ વિષયને સ્પષ્ટ કરતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–સામાયિક આશંસાથી રહિત છે અને સમતાના કારણે સર્વભાવોના વિષયવાળું છે. કાળની અવધિ પણ મૃત્યુ પછી ભંગ થવાના ભયથી છે, મર્યાદાના હેતુથી નથી.

**ટીકાર્થ**–સામાયિક આશંસાથી રહિત છે, અને ઇષ્ટ-અનિષ્ટ વસ્તુઓમાં સમતાના કારણે સર્વવસ્તુ સંબંધી છે.

**પ્રશ્ન**–સર્વ સાવદ્યયોગોનો ત્યાગ સર્વકાળ સુધી થતો નથી. કારણ કે તેમાં जावज्जीवाए–જીવનપર્યંત એમ કાળની મર્યાદા છે. આથી તેમાં વર્તમાન જીવન પૂર્ણ થયા પછી હું પાપ કરીશ એવી આશંસા-અપેક્ષા રહેલી છે. જો જીવન પૂર્ણ થયા પછી પણ પાપ કરવાની આશંસા ન હોય તો આવી મર્યાદા શા માટે રાખે ? આથી સામાયિક આશંસાથી રહિત છે એમ કેમ કહેવાય ?

**ઉત્તર**–સામાયિકમાં જીવનપર્યંત એવી જે મર્યાદા રાખવામાં આવે છે તે પછી હું પાપ કરીશ એવી પાપ કરવાની આશંસાથી નહિ, કિંતુ પ્રતિજ્ઞાભંગના ભયથી રાખવામાં આવે છે. કારણ કે જીવન પૂર્ણ થયા પછી (મોક્ષમાં ન જાય તો) અવશ્ય પાપ થવાનું છે. આથી સામાયિકમાં કાળની મર્યાદા હોવા છતાં સામાયિક નિરભિષ્વંગ=આશંસાથી રહિત છે.

**પ્રશ્ન**–સત્તરમી ગાથાને આ (૧૮મી) ગાથા સાથે શો સંબંધ છે ?

**ઉત્તર**–સત્તરમી ગાથામાં કહેલા વિષયનું જ આ ગાથામાં સમર્થન કર્યું છે. સત્તરમી ગાથામાં કહેલ **"બધા પ્રત્યે સમભાવ થાય તો જ સામાયિક થાય."** અને **"તે જીવનપર્યંત હોય."** એ બે વિષયોનું આ ગાથામાં અનુક્રમે પૂર્વાર્ધથી અને ઉત્તરાર્ધથી સમર્થન કર્યું છે. (૧૮)

**मरणजयज्झवसियसुहडभावतुल्लमिह हीणणाएण ।**
**अववायाण ण विसओ, भावेयव्वं पयत्तेण ॥१९॥**

**હવે સામાયિકમાં આગારોની આવશ્યકતા નથી એમ દૃષ્ટાંતથી બતાવતા ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ**—આ લોકમાં તુચ્છ દૃષ્ટાંતથી સામાયિક યુદ્ધમાં સુભટના મરણ-જય અધ્યવસાય તુલ્ય છે. આથી સામાયિક આગારોનો વિષય નથી. આ વિષય આદરથી વિચારવો.

**ટીકાર્થ**—સામાયિક સુભટભાવ તુલ્ય છે. અર્થાત્ સામાયિકનો સ્વીકાર કરનારમાં યુદ્ધ વખતે સુભટના હૃદયમાં જેવો ભાવ હોય છે તેવો ભાવ હોય છે. યુદ્ધ માટે તૈયાર થયેલા સુભટના હૃદયમાં "મરવું યા જય મેળવવો" એ બે નિર્ણય હોય છે. આવા નિર્ણયવાળા સુભટને યુદ્ધમાં શત્રુનો હલ્લો આવશે તો પાછા હઠી જઈશું, સંતાઈ જઈશું વગેરે છટકબારીના વિચારો આવતા જ નથી. તેમ સાધુને પણ સામાયિકમાં "મરવું યા કર્મરૂપ શત્રુ ઉપર વિજય મેળવવો" એવો નિર્ણય હોય છે, અર્થાત્ મરણના ભોગે પણ સામાયિકનું પાલન કરવું એવો દૃઢ નિર્ણય હોય છે. સુભટભાવરૂપ દૃષ્ટાંતથી સામાયિક આગારોનો વિષય નથી, અર્થાત્ સામાયિકમાં આગારો નથી. વિદ્વાનોએ આ વિષયને બરોબર વિચારવો.

કાર્યવિશેષમાં કારણવિશેષથી પ્રવર્તતો જીવ શંકાવાળો થતો નથી. સુભટભાવનું દૃષ્ટાંત તુચ્છ છે.

**અહીં ભાવાર્થ આ છે**—આ કાર્ય છે અને એનું આ કારણ છે એમ નિશ્ચય કરીને કારણમાં પ્રવર્તતા જીવને આ કારણથી મારા આ કાર્યની સિદ્ધિ થશે કે નહિ ? એવી શંકા રહેતી નથી.

એવી રીતે પ્રસ્તુતમાં મોક્ષરૂપ કાર્યનું સામાયિક જ કારણ છે એમ નિશ્ચય કરીને સામાયિકમાં પ્રવર્તતા જીવને સામાયિકથી મને મોક્ષ મળશે કે નહિ ? એવી શંકા હોતી નથી. એથી સાધુને સામાયિકમાં "મરવું યા કર્મરૂપ શત્રુ ઉપર વિજય મેળવવો" એવો નિર્ણય હોય છે. એથી સામાયિકમાં આગારો નથી.

**પ્રશ્ન**—સુભટભાવનું દૃષ્ટાંત તુચ્છ કેમ છે ?

**ઉત્તર**—કારણ કે સુભટભાવથી થતો જય માત્ર એક ભવ પૂરતો જ હોય છે, બાહ્યશત્રુ ઉપર વિજય મેળવવા છતાં તેનું હૃદય રાગાદિ આંતરશત્રુઓથી પરાભૂત હોય છે, સુભટ લડાઈ દ્વારા પરના અપકારમાં તત્પર રહે છે. જ્યારે સામાયિકવાળા જીવની પ્રવૃત્તિ આ ત્રણેથી વિપરીત હોય છે. અર્થાત્ તેનો જય એક ભવ પૂરતો નથી હોતો, તેનું હૃદય રાગાદિ આંતર શત્રુઓથી પરાભૂત નથી હોતું, તે પરોપકાર કરવામાં તત્પર રહે છે. આથી સુભટભાવનું દૃષ્ટાંત તુચ્છ છે.

**પ્રશ્ન**—અહીં આવું તુચ્છ દૃષ્ટાંત કેમ લીધું ?

**ઉત્તર**–સુભટના અને સાધુના અધ્યવસાયની સમાનતા બતાવવા માટે જ લીધું છે. અર્થાત્ સુભટને યુદ્ધમાં જેવો ભાવ હોય છે તેવો ભાવ સાધુને સામાયિકમાં હોય છે એ બતાવવા પૂરતું જ એ દૃષ્ટાંત લીધું છે. (૧૯)

**एत्तो च्चिय पडिसेहो, दढं अजोग्गाण वण्णिओ समए ।**
**एयस्स पाइणोऽवि हु, बीयंति विही य अइसइणा ॥२०॥**

**અયોગ્યને સામાયિક આપવાનો નિષેધ–**

**ગાથાર્થ**–આથી જ અયોગ્યને સામાયિક આપવાનો અત્યંત નિષેધ કહ્યો છે. (अइसयिणा=)શ્રીભગવાન મહાવીર કેવળીએ (पाइणोऽपि=)સામાયિકથી અવશ્ય પડનારને પણ (एयस्स विधि=)સામાયિક આપવાની પ્રવૃત્તિ કરી તે (बीजं=)મુક્તિપ્રાપ્તિનું અવંધ્યકારણ થશે એ હેતુથી કરી છે.

**ટીકાર્થ**–સામાયિક સુભટભાવ તુલ્ય હોવાથી શાસ્ત્રોમાં અયોગ્યને=સત્ત્વરહિતને સામાયિક આપવાની ના કહી છે.[૧]

**પ્રશ્ન**–સત્ત્વરહિતને સામાયિક આપવાનો નિષેધ છે તો શ્રી મહાવીર ભગવાને ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં જે સિંહને મારી નાખ્યો હતો તે સિંહનો જીવ ખેડૂત દીક્ષા છોડી દેવાનો છે એમ જાણતા હોવા છતાં ગૌતમસ્વામીને મોકલીને તે ખેડૂતને દીક્ષા કેમ અપાવી ?

**ઉત્તર**–ભગવાન જેમ દીક્ષા છોડી દેવાનો છે એમ જાણતા હતા, તેમ થોડો સમય પણ દીક્ષાનો સ્વીકાર એના માટે મુક્તિનું બીજ[૨] બની જશે, અર્થાત્ થોડો સમય પણ દીક્ષા પાળવાથી ભવિષ્યમાં ચોક્કસ બહુ જલદી તેનો ઉદ્ધાર થશે, એમ પણ જાણતા હતા. વિશિષ્ટ ઉપકાર થશે એમ જાણીને શ્રી મહાવીર ભગવાને ખેડૂતને દીક્ષા અપાવી હોવાથી તેમાં ભંગનો દોષ નથી, બલ્કે અધિક લાભ છે. જેનું મરણ નજીક છે એવા સન્નિપાત રોગવાળાને મગજ સુધારવા સ્મૃતિકર તેવા ઔષધ આપવામાં અધિક લાભ છે તેમ. આવો રોગી મરવાનો છે એ વાત નક્કી છે. આથી ઔષધની મહેનત વગેરે આખરે નિરર્થક છે. છતાં જેટલો સમય જીવે તેટલો સમય મગજ થોડું પણ સારું રહે તો લાભ થાય. અહીં નુકસાનથી લાભ અધિક છે. એ પ્રમાણે ખેડૂત દીક્ષા ભાંગવાનો છે એ નિશ્ચિત હતું. પણ થોડો સમય પાલન કરવાથી નુકસાન કરતાં લાભ ઘણો થશે એમ જાણીને ભગવાન શ્રી મહાવીર સ્વામીએ ખેડૂતને દીક્ષા અપાવી હોવાથી તેમાં દોષ નથી. (૨૦)

---

૧. આથી જ લલિતવિસ્તરા, શ્રાવકધર્મવિધિ પ્રકરણ વગેરે ગ્રંથોમાં ધર્મની યોગ્યતા માટે જરૂરી ગુણોમાં સામર્થ્યનો પણ સમાવેશ કર્યો છે.

૨. સમ્યક્ત્વ મુક્તિનું (અવંધ્ય)બીજ=કારણ છે. ખેડૂતને થોડો સમય દીક્ષા પાલન દરમિયાન સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ ગઈ.

**तस्स उ पवेसणिग्गमवारणजोगेसु जह उ अववाया ।**
**मूलाबाहाए तहा, णवकाराइम्मि आगारा ॥२१॥**

**જો સામાયિક સુભટભાવ તુલ્ય હોવાથી તેમાં આગારો નથી તો સામાયિકવાળાને નવકારશી આદિ પ્રત્યાખ્યાનમાં પણ આગારો યુક્ત નથી. કારણ કે આગારો સુભટભાવ તુલ્ય ભાવોના બાધક છે. આવી આશંકા કરીને ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–જેમ (मूलाबाहाए=) મૂળ પ્રતિજ્ઞાને બાધા ન થવાથી (तस्य=) સુભટને પ્રવેશ-નિર્ગમ-વારણરૂપ વ્યાપારોમાં આગારો હોય છે તેમ નવકારશી આદિમાં મૂળ સામાયિકને બાધા ન થતી હોવાથી આગારો હોય છે.

**ટીકાર્થ**–મરવું અથવા વિજય મેળવવો એવા ભાવવાળો પણ સુભટ વિજયની ઈચ્છાથી યુદ્ધમાં પ્રવેશ કરે છે, ક્યારેક તક જોઈને યુદ્ધમાંથી નીકળી પણ જાય છે-પાછો હઠી જાય છે, ક્યારેક પોતે લડવાનું બંધ કરે છે, ક્યારેક લડતા શત્રુને રોકે છે...આમ અનેક અપવાદોનું (છટકબારીઓનું) સેવન કરે છે, પણ તે અપવાદો તેની **"મરવું યા વિજય મેળવવો"** એવી મૂળ પ્રતિજ્ઞાને હાનિ પહોંચાડતા નથી. બસ, તેવી રીતે નવકારશી આદિ પ્રત્યાખ્યાનોના આગારો સુભટભાવ તુલ્ય સામાયિકને હાનિ પહોંચાડતા નથી. (૨૧)

**ण य तस्स तेसुवि तहा, णिरभिस्संगो उ होइ परिणामो ।**
**पडियारलिंगसिद्धो, उ णियमओ अण्णहारूवो ॥२२॥**

**મૂળની હાનિના અભાવને જ સ્પષ્ટ કરતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–(तेसु वि=)અપવાદોમાં પણ (तस्स=)તેનો (तहा णिरभिस्संगो परिणामो=) તેવા પ્રકારનો નિરાશંસ પરિણામ (णियमओ=)નિયમા (अण्णहारूवो=)અન્યથારૂપ (ण य होइ=)થતો જ નથી, અર્થાત્ બદલાઈ જતો નથી-આશંસાવાળો બની જતો નથી. કારણ કે-(पडियारलिंगसिद्धो=)અન્યથારૂપ બનેલો(=આશંસાવાળો બનેલો) પરિણામ પ્રતીકારરૂપ ચિહ્નથી જણાય છે. (પ્રતીકારરૂપ ચિહ્ન તેનામાં દેખાતો નથી.[1])

**ટીકાર્થ**–આ અર્થ સાધુ અને સુભટ બંનેમાં ઘટાવવાનો છે. અપવાદ પદથી સાધુના પક્ષમાં નવકારશી વગેરેના આગારો અને સુભટના પક્ષમાં યુદ્ધમાં પ્રવેશ-નિર્ગમ વગેરે અપવાદો સમજવા. तहा પદ નિરભિષ્વંગ પરિણામનું વિશેષણ છે. तहा એટલે તથા-તેવા પ્રકારનો. સાધુના પક્ષમાં તેવા પ્રકારનો એટલે સમભાવરૂપ, અને સુભટના પક્ષમાં તેવા પ્રકારનો એટલે જીવનનિરપેક્ષતારૂપ. સાધુના પક્ષમાં પ્રતીકાર એટલે પ્રાયશ્ચિત્ત સ્વીકાર અને સુભટના પક્ષમાં પ્રતીકાર એટલે શરણની શોધ વગેરે.

---

૧. "પ્રતીકારરૂપ ચિહ્ન તેનામાં દેખાતો નથી." એ અર્થ મૂળમાં નથી. ટીકામાં (ભાવાર્થમાં) જણાવ્યો છે. કારણ કે એટલો અર્થ ન હોય તો વાક્યની સંકલના ન થવાથી અર્થ ઘટના બરોબર ન થાય.

**ભાવાર્થ**–સાધુનો સમભાવરૂપ જે નિરાશંસ પરિણામ અને સુભટનો (મરવું યા વિજય મેળવવો એ રીતે) જીવન-નિરપેક્ષતારૂપ જે નિરાશંસ પરિણામ તે, અપવાદો હોવા છતાં, અન્યથારૂપ=આશંસાવાળો બની જતો નથી. કારણ કે જો નિરાશંસ પરિણામ આશંસાવાળો બની જતો હોય તો તેની શુદ્ધિ માટે સાધુ પ્રાયશ્ચિત્તના સ્વીકારરૂપ પ્રતીકાર કરે અને સુભટ શરણની શોધ વગેરે રૂપ પ્રતીકાર કરે, પણ તે બંનેમાં તેમ દેખાતું નથી. અર્થાત્ પ્રત્યાખ્યાનમાં આગારો રાખવાના કારણે સાધુને પ્રાયશ્ચિત્ત આવતું નથી. જો આગારોથી આશંસાભાવ થઈ જતો હોત તો શાસ્ત્રમાં તે માટે(=આગારો રાખવાથી થયેલી આશંસા બદલ) પ્રાયશ્ચિત્ત કરવાનું કહ્યું હોત. તથા સુભટ યુદ્ધમાં પ્રવેશ-નિર્ગમ વગેરે કરે છે, પણ શત્રુ વગેરેનું શરણું સ્વીકારતો નથી. જો સુભટમાં અપવાદોથી આશંસા (જીવવાની આશા) થતી હોય તો તે શત્રુ વગેરેનું શરણું લેવાની શોધ કરે. પણ તેમ છે નહિ. આથી પ્રત્યાખ્યાનમાં આગારો રાખવા છતાં સાધુના સમભાવરૂપ મૂળ ભાવને હાનિ પહોંચતી નથી એ સિદ્ધ થાય છે. (૨૨)

**ण य पढमभाववाघाय मो उ एवंपि अवि य तस्सिद्धी ।**
**एवं चिय होइ दढं, इहरा वामोहपायं तु ॥२३॥**

**આગારોનો આશ્રય લેવા છતાં મૂળભાવને બાધા પહોંચતી નથી એ વિષયને જ વિશેષથી બતાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–(एवं पि–) અપવાદોનો આશ્રય લેવા છતાં (पढमभाववाघाय–) પ્રથમ ભાવને=મૂળ ભાવને (સાધુના પક્ષમાં સમભાવને અને સુભટના પક્ષે વિજયના પરિણામને) હાનિ (ण य–) થતી જ નથી. (अवि य–) બલ્કે (एवं चिय–) અપવાદોનો આશ્રય લેવાથી જ (दढं तस्सिद्धि होइ–) તેની-મૂળ ભાવની અતિશય સિદ્ધિ થાય છે. (इहरा–) અપવાદનો આશ્રય ન લેવામાં (वामोहपायं तु–) સાધુનું સામાયિક અને સુભટની વિજયેચ્છા મૂઢતા તુલ્ય જ છે. કારણ કે ઉપાયથી જ તેની સિદ્ધિ થઈ શકે. (આગાર સહિત પ્રત્યાખ્યાનનો સ્વીકાર સમભાવનો ઉપાય છે. યુદ્ધમાં પ્રવેશ-નિર્ગમ વગેરે અપવાદોનો સ્વીકાર શત્રુવિજયનો ઉપાય છે. (૨૩)

**उभयाभावेऽवि कुतोऽवि अग्गओ हंदि एरिसो चेव ।**
**तक्काले तब्भावो, चित्तखओवसमओ णेओ ॥२४॥**

**જો કે સામાયિક સુભટના અધ્યવસાય તુલ્ય છે. તો પણ કોઈ જીવના સામાયિકનો કાળાંતરે ભંગ સંભવે છે. આથી સામાયિક પણ આગારોથી સહિત કરવું યોગ્ય છે. અહીં ઉત્તર કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–(अग्गओ=) કાળાંતરે (સાધુના પક્ષમાં સામાયિક લીધા પછી તેનું પાલન કરતી વખતે, સુભટના પક્ષમાં યુદ્ધ કરતી વખતે) (कुतोवि=) કોઈપણ કારણથી

(સાધુના પક્ષમાં પરીષહ વગેરે અને સુભટના પક્ષમાં શત્રુભય વગેરે કારણથી) (उभयाभावेऽवि=) બંનેનો અભાવ થાય તો પણ=સુભટના પક્ષમાં મરણ અને શત્રુજય સાધુના પક્ષમાં મરણ અને ભાવશત્રુજય. એ બંને ન થાય તો પણ, અર્થાત્ મરવું યા શત્રુજય કરવો એવા પરિણામનો ભંગ થાય તો પણ, (तक्काले=) તેનો સ્વીકાર કરવાના સમયે (સાધુના પક્ષમાં સામાયિકનો સ્વીકાર કરતી વખતે અને સુભટના પક્ષમાં યુદ્ધમાં પ્રવેશ કરતી વખતે) (तब्भावो=) તેનો ભાવ (સાધુના પક્ષમાં સામાયિક સ્વીકારરૂપ પરિણામ અને સુભટના પક્ષમાં શત્રુજયનો અધ્યવસાય) (एरिसो चेव=) આવો જ હોય છે, અર્થાત્ મરવું યા વિજય પ્રાપ્ત કરવો એવો જ હોય છે, કોઈ અપવાદ સ્વીકારવાનો ભાવ હોતો નથી.

**પ્રશ્ન**—જેના પરિણામનો ભંગ અવશ્ય ન થવાનો હોય તેનામાં સ્વીકાર કરતી વખતે આવો ભાવ હોય એ સમજાય છે. પણ જેના પરિણામનો ભંગ અવશ્ય થવાનો છે તેનામાં પણ આવો ભાવ હોય તે સમજાતું નથી ?

**ઉત્તર**—(चित्तखओवसमओ णेयो=) વિચિત્ર ક્ષયોપશમથી આ સમજાય છે. અર્થાત્ ક્ષયોપશમ અનેક રીતે થતો હોવાથી આમાં તેવા પ્રકારનો કર્મક્ષયોપશમ જ કારણ છે. સાધુને સામાયિક સ્વીકારતી વખતે અને સુભટને યુદ્ધમાં પ્રવેશ કરતી વખતે કર્મનો ક્ષયોપશમ જ તેવો થાય છે કે જેથી ભવિષ્યમાં જેના પરિણામનો ભંગ થવાનો છે તેને પણ કોઈ પણ જાતના અપવાદની અપેક્ષા વિના મરવું યા વિજય પ્રાપ્ત કરવો એવો અધ્યવસાય થાય છે. જેના પરિણામનો ભંગ થવાનો છે તેને પણ જો તે વખતે (સાધુના પક્ષમાં સામાયિક સ્વીકારતી વખતે અને સુભટના પક્ષમાં યુદ્ધમાં પ્રવેશતી વખતે) આવો ભાવ થાય છે તો જેના પરિણામનો ભંગ થવાનો નથી તેને તો આવો ભાવ અવશ્ય થાય. આથી એ સિદ્ધ થયું કે ભવિષ્યમાં પરિણામનો ભંગ થવાનો હોય કે ન થવાનો હોય, પણ સામાયિક સ્વીકારતી વખતે નિરપવાદ જ સામાયિકના પરિણામ હોય છે. આથી સામાયિકમાં આગારો નથી કહ્યા.

સામાયિકમાં આગારો કેમ નથી એ વિષયની ચર્ચા અહીં પૂર્ણ થાય છે. (૨૪)

**आहारजाइओ एस एत्थ एक्कोऽवि होति चउभेओ ।**
**असणाइजाइभेया, णाणाइपसिद्धिओ णेओ ॥२५॥**

## ૪. ભેદદ્વાર

**આ પ્રમાણે (ચોથી ગાથામાં જણાવ્યા મુજબ) સામાયિકમાં વિધિથી યુક્ત કાળપ્રત્યાખ્યાન કહ્યું. હવે ભેદમાં વિધિથી યુક્ત કાળપ્રત્યાખ્યાનને કહેવા માટે કહે છે—**

**ગાથાર્થ**—આહારજાતિની અપેક્ષાએ (જેનું ભક્ષણ કરાય તે આહાર એ દૃષ્ટિએ) આહાર એક જ હોવા છતાં (પ્રત્યાખ્યાનની અપેક્ષાએ) અશનાદિ જાતિના ભેદથી

(=અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ એમ) ચાર પ્રકારનો છે. પ્રત્યાખ્યાનના અવસરે ચાર પ્રકારનો આહાર જાણવો જોઈએ.

**ટીકાર્થ–પ્રશ્ન**–અશનાદિ ચાર પ્રકારનો આહાર જાણવાની શી જરૂર છે ?

**ઉત્તર**–(णाणाइपसिद्धिओ=) જ્ઞાનાદિની સિદ્ધિ માટે ચાર ભેદો જાણવાની જરૂર છે. અર્થાત્ આહારના ભેદોનું જ્ઞાન થવાથી દુવિહાર વગેરે જે પ્રત્યાખ્યાન કરવાનું છે તેનું બરોબર જ્ઞાન થાય અને તે પ્રમાણે શ્રદ્ધા, પાલન વગેરે થાય. (જેનું જ્ઞાન જ ન હોય તેની શ્રદ્ધા વગેરે શી રીતે થાય ? આથી દુવિહાર વગેરે પ્રત્યાખ્યાનનું જ્ઞાન વગેરે થાય એ માટે આહારના ચાર ભેદો જાણવા જોઈએ.) જાતિઓ સામાન્ય અને વિશેષ એમ બે પ્રકારે છે. (જેમકે અશન એ સામાન્ય જાતિ છે. ઘઉં, ચોખા વગેરે વિશેષ જાતિ છે.) (૨૫)

**णाणं सद्दहणं गहण पालणा विरतिवुड्ढि च एवंति ।**
**होइ इहरा उ मोहा विवज्जओ भणियभावाणं ॥२६॥**

**જ્ઞાનાદિને જ બતાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–(एवं=)ચાર પ્રકારના આહારની પ્રરૂપણા થયે છતે જ્ઞાન, શ્રદ્ધા, ગ્રહણ, પાલન અને વિરતિવૃદ્ધિ થાય. (इहरा=)ચાર પ્રકારના આહારની પ્રરૂપણાના અભાવમાં (मोहात्=) જેનું પચ્ચક્ખાણ કરવાનું છે તેના વિભાગનું જ્ઞાન ન થવાથી (भणियभावाणं=)અનંતરોક્ત જ્ઞાનાદિનું (विवज्जओ=)વિપરીતપણું થાય.

**ટીકાર્થ**–પ્રથમ આહારના ચાર ભેદોનો બોધ થવો જોઈએ, પછી તેની શ્રદ્ધા થાય છે, પછી દુવિહાર આદિ ભેદવાળા પ્રત્યાખ્યાનનો સ્વીકાર થાય છે, પછી તેનું બરોબર પાલન થાય છે. પ્રત્યાખ્યાનનું બરોબર પાલન થતાં આહાર સંબંધી વિરતિની વૃદ્ધિ થાય છે, અર્થાત્ યથાશક્તિ અશનાદિ આહારના ત્યાગમાં ક્રમશઃ વૃદ્ધિ થાય છે. આ બધું આહારના ભેદોનું જ્ઞાન હોય તો થાય. આથી અહીં આહારના ભેદોનું વર્ણન કરવું જરૂરી છે. (इहरा=) જો અહીં આહારના ભેદોનું વર્ણન ન હોય તો (मोहात्=) જેનું પચ્ચક્ખાણ કરવાનું છે તેના વિભાગનું જ્ઞાન ન થવાથી જ્ઞાન-શ્રદ્ધા-પાલન-વિરતિવૃદ્ધિ એ ચાર ન થાય. આથી પ્રત્યાખ્યાન સંબંધી જ્ઞાન વગેરે થાય એટલા માટે આહારના ચાર ભેદોનું વર્ણન હિતકર છે. (૨૬)

**असणं ओयणसत्तुगमुग्गजगाराइ खज्जगविही य ।**
**खीराइ सूरणाई, मंडगपभिई य विण्णेयं ॥२७॥**

**હવે અશનાદિના ભેદોનું નિરૂપણ કરવા માટે કહે છે–**

**ગાથાર્થ**–ઓદન, સાથવો, મગ, જગારી વગેરે, ખાદ્યકવિધિ, દૂધ આદિ, સૂરણ આદિ, મંડક આદિ અશન જાણવું.

**ટીકાર્થ–ઓદન**–ચોખા, (ઉપલક્ષણથી ચોખા વગેરે સર્વ અનાજ સમજવું.)

**સાથવો**–શેકેલા જવ વગેરેનો લોટ.

મગ–(મગશબ્દના ઉપલક્ષણથી સર્વ પ્રકારનું કઠોળ સમજવું.)

જગારી–(જગારી=રાબડી વગેરે) जगारी શબ્દ શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. ओदन વગેરે શબ્દો લોકમાં રૂઢ થયેલા છે. જગારી આદિ એ સ્થળે આદિ શબ્દથી ખીર, કરંબો વગેરે (પ્રવાહી) સમજવું.

**ખાદ્યકવિધિ**–સુખડી, મોદક વગેરે (પક્વાન્ન).

**દૂધ આદિ**–દૂધ, દહીં, ઘી, છાશ, દાળ વગેરે.

**સૂરણ આદિ**–સૂરણ એટલે સૂરણ કંદ, આદિ શબ્દથી તેવા પ્રકારના બીજા કંદો સમજવા.

**મંડક આદિ**–ખાખરો, માલપૂવો, પૂરી વગેરે. (૨૭)

**पाणं सोवीरजवोदगाइ चित्तं सुराइगं चेव ।**
**आउक्काओ सव्वो, कक्कडगजलाइयं च तहा ॥२८॥**

**હવે પાન આહારને કહે છે–**

**ગાથાર્થ**–(सोवीर=)કાંજી, (जवोदगाइ=)જવ, તલ, ચોખા વગેરેના ધોવણનું પાણી, વિવિધ પ્રકારનું સુરા આદિ સર્વપ્રકારનું પાણી, તથા ચીભડા આદિનું પાણી પાન છે.

**ટીકાર્થ–સુરા આદિ**–સુરા=લોટ આદિથી થયેલ દારૂવિશેષ, આદિ શબ્દથી [1]સરકો, [2]મૈરેયક વગેરેનું ગ્રહણ કરવું.

**સર્વપ્રકારનું પાણી**–શસ્ત્રથી નહિ હણાયેલું વાવ, કૂવો, તળાવ, નદી, આકાશ આદિનું પાણી.

**ચીભડા આદિનું પાણી**–ચીભડા નામના ફળવિશેષના રસથી મિશ્ર પાણી વગેરે. આદિ શબ્દથી ખજૂર, દ્રાક્ષ, દાડમ, આમલી વગેરેના પાણીનું ગ્રહણ કરવું. (૨૮)

**भत्तोसं दंताई, खज्जूरं नालिकेरदक्खादी ।**
**कक्कडिगंबगफणसाइ बहुविहं खाइमं णेयं ॥२९॥**

**હવે ખાદિમ આહારને કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–(भत्तोसं=)સેકેલા ચણા, ઘઉં વગેરે અનાજ, (दंताई=)ગોળથી સંસ્કારેલ દંતપવન વગેરે. આ વસ્તુ દેશવિશેષમાં પ્રસિદ્ધ છે. ખજૂર, નાળિયેર, દ્રાક્ષ, દાડમ

---

૧. સરકો = સાકર, મધ, શેરડી, દ્રાક્ષ તથા તાડીમાંથી બનાવવામાં આવતું ખાટું પ્રવાહી.
૨. એક જાતનો દારૂ.

વગેરે, કાકડી, કેરી, પનસ વગેરે અનેક પ્રકારનું ખાદિમ જાણવું. પનસાદિ એ સ્થળે રહેલા आदि શબ્દથી બીજોરું વગેરે ફળના પ્રકારોનું ગ્રહણ કરવું. (૨૯)

**दंतवणं तंबोलं, चित्तं तुलसीकुहेडगाई य ।**
**महुपिप्पलिसुंठाई, अणेगहा साइमं होइ ॥३०॥**

**હવે સ્વાદિમ આહારને કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–જેઠીમધ વગેરેનું દાતણ, નાગરવેલનાં પાન, સોપારી, ખેરસાર, એલચી, લવંગ, [1]કક્કોલ, કપૂર આદિ અનેક (સુગંધી) દ્રવ્યોના સમુદાયરૂપ અનેક પ્રકારનું તાંબૂલ, તુલસી, અજમા, જીરું, હળદર વગેરે, મધ, પીપર, સૂંઠ, મરી, હરડે વગેરે અનેક પ્રકારનું સ્વાદિમ [2]છે. સ્વાદથી કે સ્વાદ માટે થયેલ સ્વાદિમ. (૩૦)

**लेसुद्देसेणेए, भेया एएसिँ दंसिया एवं ।**
**एयाणुसारओ च्चिय, सेसा सयमेव विण्णेया ॥३१॥**

**જે અશનાદિ ભેદો કહ્યા, તેમાંથી બાકી રહેલા અશનાદિ ભેદોને ભલામણથી બતાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–આ રીતે અશનાદિ ચાર આહારના આ ભેદો સંક્ષેપથી જણાવ્યા છે. બાકીના ભેદો બતાવ્યા પ્રમાણે જાતે જ જાણી લેવા. અર્થાત્ અહીં જણાવેલ સિવાયની વસ્તુઓમાંથી કઈ વસ્તુનો અશનાદિ ચારમાં કયા પ્રકારમાં સમાવેશ થાય છે એ અહીં બતાવ્યા પ્રમાણે સ્વબુદ્ધિથી જ સમજી લેવું. (૩૧)

**तिविहाइभेयओ खलु, एत्थ इमं वण्णियं जिणिंदेहिं ।**
**एत्तो च्चिय भेएसुवि, सुहुमंति बुहाणमविरुद्धं ॥३२॥**

**હવે આહારભેદોની પ્રરૂપણા થયે છતે જે થાય છે તેને બતાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–જિનેશ્વરોએ પ્રવચનમાં આહારનું પ્રત્યાખ્યાન તિવિહાર આદિ ભેદવાળું કહ્યું છે. આથી જ અશનાદિ ચાર ભેદોમાં પણ પ્રત્યાખ્યાન વિરોધવાળું નથી. આ વિષય સૂક્ષ્મ હોવાથી વિદ્વાનોને (अविरुद्धं=)વિરોધવાળું નથી, અર્થાત્ આમાં વિદ્વાનોને વિરોધ દેખાતો નથી.

**ટીકાર્થ**–જિનેશ્વરોએ આહારનું પ્રત્યાખ્યાન તિવિહાર આદિ ભેદવાળું કહ્યું છે, અર્થાત્ જિનેશ્વરોએ આહારનું પ્રત્યાખ્યાન ચોવિહાર જ થાય એમ નહિ, કિંતુ તિવિહાર પણ

---

૧. કક્કોલ કોઈ સુગંધી વસ્તુવિશેષ છે.

૨. પ્રવચન સારોદ્ધાર ગાથા-૨૦૭ થી ૨૧૦.

થઈ શકે એમ કહ્યું છે. કારણ કે પાણીના છ આગારો બતાવ્યા છે. જો ચોવિહાર જ હોય તો પાણીના આગારોની જરૂર ન હોય. (एत्तो च्चिय=)જિનેશ્વરોએ તિવિહાર કે ચોવિહાર પ્રત્યાખ્યાનની અનુજ્ઞા આપી હોવાથી (भेएसु वि=)અશનાદિચારમાં રહેલા ઓદન વગેરે ભેદોમાં પણ પ્રત્યાખ્યાન વિરોધવાળું નથી, અર્થાત્ મુનિઓ આજે આટલાં દ્રવ્યો અને આટલા જ પરિમાણવાળાં દ્રવ્યો લઈશ એમ અભિગ્રહ કરે છે તેમાં વિવેકીઓને વિરોધ જણાતો નથી. (પંચવસ્તુક-ગાથા-૨૯૮માં) કહ્યું છે કે—

**"હું આજે લેપવાળો (રાબડી વગેરે) જ આહાર લઈશ, અથવા લેપ વિનાનો (શેકેલા ચણા વગેરે) જ આહાર લઈશ, અથવા ખાખરા વગેરે અમુક જ દ્રવ્ય લઈશ, અથવા કડછી વગેરેથી વહોરાવશે તો જ આહાર લઈશ—આવા પ્રકારનો અભિગ્રહ દ્રવ્ય અભિગ્રહ છે."**

ઓદન વગેરે ભેદોમાં પણ એ સ્થળે પણ શબ્દનો અર્થ આ પ્રમાણે છે—કેવળ તિવિહાર આદિ ભેદથી પ્રત્યાખ્યાન અવિરુદ્ધ છે એમ નહિ, કિંતુ અશનાદિ ચારમાં રહેલા ઓદન વગેરે ભેદોથી પણ પ્રત્યાખ્યાન અવિરુદ્ધ છે.

**તાત્પર્ય**—વિવેકીઓને જેમ જિનેશ્વર ભગવાનની અનુજ્ઞા હોવાથી તિવિહાર પ્રત્યાખ્યાનમાં વિરોધ જણાતો નથી, તેમ મુનિઓ અમુક જ અશનાદિ આહાર લઈશ એમ દ્રવ્ય અભિગ્રહ કરે છે તેમાં પણ વિરોધ જણાતો નથી.

**પ્રશ્ન**—આમાં વિવેકીઓને વિરોધ કેમ જણાતો નથી ?

**ઉત્તર**—આ વિષય (सुहुमंति=) સૂક્ષ્મ હોવાથી વિવેકીઓને (લાભાલાભનો વિચાર કરવાની શક્તિવાળાઓને) જ વિશેષથી અપ્રમાદની વૃદ્ધિનું કારણ હોવાથી અવિરોધી જણાય છે. (અવિવેકીઓને આ વિષય સમજમાં ન આવવાથી તિવિહાર આદિ પ્રત્યાખ્યાનમાં વિરોધ દેખાય.) (૩૨)

**अण्णे भणंति जतिणो, तिविहाहारस्स ण खलु जुत्तमिणं ।**
**सव्वविरइउ एवं, भेयग्गहणे कहं सा उ ? ॥३३॥**

**આ વિષયમાં વિવાદને બતાવતા ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ-ટીકાર્થ**—દિગંબરો કહે છે કે—સાધુને તિવિહારનું પ્રત્યાખ્યાન યોગ્ય નથી. કારણ કે (सव्व=) સાધુઓને સર્વવિરતિ(=સર્વવસ્તુની નિવૃત્તિ) છે. જો (एवं=) આ પ્રમાણે (भेयग्गहणे=) તિવિહારરૂપ વિશેષ પ્રત્યાખ્યાન સ્વીકારવામાં આવે તો (कहं सा ? =) તે સર્વવિરતિ કેમ રહે ? સર્વ આહારનું પ્રત્યાખ્યાન થાય તો સર્વવિરતિ થાય. તિવિહારના પ્રત્યાખ્યાનમાં બધા આહારનો ત્યાગ ન હોવાથી સર્વવિરતિ નથી. (૩૩)

**अपमायवुड्डिजणगं एयं एत्थति दंसियं पुव्वं ।**
**तब्भोगमित्तकरणे सेसच्चागा तओ अहिगो ॥३४॥**

**અહીં ઉત્તર કહે છે–**

**ગાથાર્થ**–(एवं=) તિવિહારનું પ્રત્યાખ્યાન (एत्थं=) સર્વવિરતિમાં પણ (अपमाय-वुड्डिजणगं=) અપ્રમાદની વૃદ્ધિને કરનારું છે. એમ પૂર્વે કહ્યું છે. એથી તિવિહારના પ્રત્યાખ્યાનમાં માત્ર પાણીનો જ ઉપયોગ કરવામાં શેષ ત્રણ આહારનો ત્યાગ થવાથી (तओ=) અપ્રમાદ (अहिओ=) અધિક થાય છે.

**ટીકાર્થ**–આહારનું પ્રત્યાખ્યાન સર્વવિરતિમાં પણ અપ્રમાદની વૃદ્ધિ કરનારું છે એમ પૂર્વે આ પંચાશકની ૧૩મી ગાથામાં કહ્યું છે તેથી તિવિહારના પ્રત્યાખ્યાનમાં (तब्भोगमित्त-करणे=) માત્ર પાણીનો જ ઉપયોગ થતો હોવાથી શેષ ત્રણ આહારનો ત્યાગ થવાથી અપ્રમાદ અધિક થાય છે. અર્થાત્ તિવિહારના પ્રત્યાખ્યાનમાં પાણીની જ છૂટ રાખીને બાકીના ત્રણ આહારનો ત્યાગ થતો હોવાથી સર્વવિરતિ સામાયિકથી થયેલા અપ્રમાદથી અધિક અપ્રમાદ થાય છે, એટલે કે સર્વવિરતિ રૂપ સામાયિકથી જે અપ્રમાદ થયો છે તેમાં ત્રણ આહારના ત્યાગથી વધારો થાય છે. આમ, સર્વવિરતિમાં બાધ ન થતો હોવાથી અને અપ્રમાદમાં વધારો થતો હોવાથી સાધુને પણ તિવિહારનું પ્રત્યાખ્યાન સંગત છે. (૩૪)

**एवं कहंचि कज्जे, दुविहस्सवि तंण होति चिंतमिणं ।**
**सच्चं जइणो णवरं, पाएण ण अण्णपरिभोगो ॥३५॥**

**તિવિહારના સ્વીકારમાં અન્યવચનની આશંકા કરીને તેને દૂર કરતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–(एवं=)અપ્રમાદની વૃદ્ધિનું કારણ હોવાથી તિવિહારના સ્વીકારમાં (कहंचि=)વાયુની તકલીફ આદિના કારણે (कज्जे=)માંદગી આદિકાર્યમાં દુવિહારનું પ્રત્યાખ્યાન શું ન થાય ? આ વિચારવું. તમારી વાત સત્ય છે. પણ સાધુને પ્રાયઃ (ण अण्णपरिभोगो=)અશન-પાન સિવાય અન્ય આહારનો ભોગ ન હોય.

**ટીકાર્થ–પૂર્વપક્ષ**–(एवं=)અપ્રમાદવૃદ્ધિનું કારણ હોવાથી તિવિહાર પ્રત્યાખ્યાનનો સ્વીકાર કરવામાં આવે તો, માંદગી આદિ કોઈ કાર્યમાં દુવિહારનું પણ પ્રત્યાખ્યાન શું ન થાય ? અર્થાત્ થાય. આથી તિવિહાર પ્રત્યાખ્યાન થઈ શકે એવો તમારો મત વિચારણીય છે.

**તાત્પર્ય**–તિવિહારના પ્રત્યાખ્યાનનો સ્વીકાર કરવામાં દુવિહાર પ્રત્યાખ્યાનનો પણ સ્વીકાર કરવાની આપત્તિ આવશે. આથી તિવિહાર પ્રત્યાખ્યાન થઈ શકે એવો તમારો મત તમારે વિચારવાની જરૂર છે.

**ઉત્તરપક્ષ**–તમારી વાત સાચી છે. અર્થાત્ તેવા વિશિષ્ટ પ્રસંગે દુવિહાર પ્રત્યાખ્યાન

પણ માન્ય છે. પણ સાધુને પ્રાયઃ વિશિષ્ટ માંદગી આદિ સિવાય ખાદિમ અને સ્વાદિમ આહારનું ભોજન હોતું નથી. કારણ કે શાસ્ત્રમાં બતાવેલાં વેદના [1]છ કારણોથી આહાર કરવાનો છે, ખાદિમ-સ્વાદિમ એ છ કારણોમાં બિલકુલ ઉપયોગી નથી. અર્થાત્ સાધુઓને સામાન્યથી ખાદિમ અને સ્વાદિમ આહારનો ઉપયોગ હોતો નથી અને તમે કહ્યું તેવા પ્રસંગે સ્વાદિમ આહારની છૂટ હોવાથી દુવિહારનું પ્રત્યાખ્યાન કરવામાં વાંધો નથી. ગાથામાં યતિશબ્દનો ઉલ્લેખ હોવાથી આ (=ગાઢ કારણે દુવિહાર થઈ શકે એ) નિયમ સાધુને ઉદ્દેશીને છે. શ્રાવક તો (ગાઢ કારણ વિના પણ) દુવિહાર પણ પ્રત્યાખ્યાન કરી શકે. (૩૫)

**विहिणा पडिपुण्णम्मी, भोगो विगए य थेवकाले उ ।**
**सुहधाउजोगभावे, चित्तेणमणाकुलेण तहा ॥३६॥**

## ૫. ભોગદ્વાર

**ભેદદ્વારનું વ્યાખ્યાન કર્યું. હવે ભોગદ્વારનું વ્યાખ્યાન કરવા માટે કહે છે–**

**ગાથાર્થ**–૧. સતત ઉપયોગ પૂર્વક પાલન રૂપ વિધિથી, ૨. પ્રત્યાખ્યાન પૂરું થયા પછી, ૩. પ્રત્યાખ્યાન પૂર્ણ થયા પછી પણ થોડો સમય વ્યતીત થયા બાદ, ૪. વાત-પિત્ત-કફ એ ત્રણ ધાતુઓ સમ બને અને ૫. કાયાદિ યોગો સ્વસ્થ બને ત્યારે, ૬. ચિત્તની વ્યાકુળતા રહિત ભોજન કરવું.

**ટીકાર્થ**–પ્રત્યાખ્યાનનો સ્વીકાર કર્યા પછી સતત ઉપયોગપૂર્વક પાલન કરવા રૂપ વિધિથી, પોરિસી આદિ પ્રત્યાખ્યાન પૂર્ણ થયા પછી, પ્રત્યાખ્યાનપૂર્ણ થયા પછી પણ થોડો સમય વ્યતીત થયા બાદ, વાત-પિત્ત-કફ એ ત્રણ ધાતુઓ સમ બને અને કાયાદિયોગો સ્વસ્થ બને ત્યારે, ચિત્તની વ્યાકુળતા રહિત ભોજન કરવું.

**"સતત ઉપયોગ પૂર્વક પાલનરૂપ વિધિથી પોરિસી આદિ પ્રત્યાખ્યાન પૂર્ણ થયા પછી"** એમ કહીને પાલિતશુદ્ધિ કહી છે. પાલિતશુદ્ધિના ઉપલક્ષણથી સ્પર્શિતશુદ્ધિ પણ કહેલી જાણવી. આ બે શુદ્ધિનું લક્ષણ આ પ્રમાણે છે–**''પ્રત્યાખ્યાન લેવાના સમયે પચ્ચક્ખાણસૂત્રનો પાઠ બોલવો વગેરે વિધિથી પ્રત્યાખ્યાન લેવું''** તે **(પ્રત્યાખ્યાનને આત્માની સાથે સ્પર્શાવવાથી સ્પર્શિત છે એમ જિનેશ્વરોએ કહ્યું છે. પ્રત્યાખ્યાન લીધા પછી વારંવાર સમ્યક્ ઉપયોગપૂર્વક પૂર્ણ કરવું, અર્થાત્ વારંવાર તેનું સ્મરણ કરીને (ભૂલ્યા**

---

૧. वेअणवेयावच्चे इरिअट्ठाए अ संजमट्ठाए ।
तह पाणवत्तिआए, छट्ठं पुण धम्मचिंताए ॥ (ओघनि-५८०)
**ભાવાર્થ**–ક્ષુધાની વેદના સહન ન થવાથી, વેયાવચ્ચ માટે, ઈરિયાસમિતિના પાલન માટે, પ્રમાર્જના-પડિલેહણ આદિ સંયમ માટે, પ્રાણ ટકાવવા માટે, અને છઠ્ઠું ધર્મધ્યાનના ચિંતન માટે, આ છ કારણે મુનિને આહાર-પાણી લેવાનાં છે.

**વિના) પૂર્ણ કરવું તે (બરોબર પાળવાથી) પાલિત છે.** (પંચવસ્તુક ગા. ૫૪૮) **'પ્રત્યાખ્યાન પૂર્ણ થયા પછી પણ થોડો સમય વ્યતીત થયા બાદ'** એમ કહીને તીરિતશુદ્ધિ કહી છે. તેનું લક્ષણ આ છે–**''પચ્ચક્ખાણ પૂર્ણ થયા પછી પણ થોડો સમય વીત્યા પછી ભોજન કરવું તે તીરિત શુદ્ધિ છે.''**

ગોચરી માટે પરિભ્રમણ આદિ પરિશ્રમથી શરીરની ધાતુઓ વિષમ બની જાય છે અને શરીર અસ્વસ્થ બની જાય છે. આથી (પ્રત્યાખ્યાન પાર્યા પછી સ્વાધ્યાય કરવા વડે) થોડો સમય પસાર કરવાથી થાક ઉતરી જવાથી ધાતુઓ સમ બની જાય છે અને શરીર વગેરે યોગો પણ સ્વસ્થ બની જાય છે. ભોજન શાંતચિત્તે કરવું જોઈએ. વ્યાકુળચિત્તે ભોજન કરવાથી દોષનો સંભવ છે. કહ્યું છે કે–

**"ઈર્ષ્યા, ભય, ક્રોધ, (આહારમાં) લુબ્ધતા, તૃષા, દીનતા અને પ્રદ્વેષથી યુક્ત બનીને ભોજન કરવાથી ભોજનનું બરોબર પાચન થતું નથી."** (૩૬)

**काऊण कुसलजोगं, उचियं तक्कालगोयरं णियमा ।**
**गुरुपडिवत्तिप्पमुहं, मंगलपाढाइयं चेव ॥३७॥**
**सरिऊण विसेसेणं, पच्चक्खायं इमं मए पच्छा ।**
**तह संदिसाविऊणं विहिणा भुंजंति धम्मरया ॥३८॥ युग्मं ।**

**ભોજનની વિધિને જ વિશેષથી કહે છે–**

**ગાથાર્થ**–ધર્મરત જીવો ભોજનના સમયે સ્વભૂમિકા પ્રમાણે કરવા યોગ્ય ગુરુપૂજા આદિ અને મંગલપાઠ આદિ કરીને, ભોજનકાળની પૂર્વકાળે મેં આ (=નવકારશી વગેરે જે કર્યું હોય તે) પ્રત્યાખ્યાન કર્યું છે એમ વિશેષથી પ્રત્યાખ્યાનને યાદ કરીને, તથા રજા મેળવીને વિધિથી ભોજન કરે.

**ટીકાર્થ–ધર્મરત** એટલે ચારિત્રધર્મમાં આસક્ત ચિત્તવાળા.

**ગુરુપૂજા આદિ**–ગુરુપૂજા એટલે માતા, પિતા, ધર્માચાર્ય અને દેવરૂપ ગુરુઓની ઉચિતપૂજા. આદિશબ્દથી પરિવારમાં જે બિમાર હોય તેની સેવા વગેરે સમજવું.

**મંગલપાઠ આદિ**–મંગલપાઠ એટલે પંચનમસ્કારનો(=નવકારનો) પાઠ. આદિ શબ્દથી ધમ્મો મંગલમુક્કિટ્ઠં વગેરે પ્રશસ્ત શ્રુતનું ગ્રહણ કરવું.

**રજા મેળવીને**–આચાર્ય(વગેરે વડિલ)ની રજા મેળવીને.

**વિધિથી**–જેનું સ્વરૂપ (હમણાં જ) કહ્યું છે તે વિધિથી. અથવા કેવા સ્થાને બેસીને ભોજન કરવું વગેરે શાસ્ત્રોક્ત વિધિથી.

**"ભોજનસમયે મા-બાપ, ધર્માચાર્ય, અને દેવની ઉચિત પૂજા કરીને"** એમ કહેવા

દ્વારા પ્રત્યાખ્યાનની શોભિતશુદ્ધિ કહી છે. કહ્યું છે કે **"ગુરુને આપીને વધેલા આહારનું ભોજન કરવું તે (પ્રત્યાખ્યાનને શોભાવવાથી) શોભિત શુદ્ધિ છે."**

**"મેં પૂર્વે આ પ્રત્યાખ્યાન કર્યું છે એમ વિશેષરૂપે પ્રત્યાખ્યાનનું સ્મરણ કરીને"** એમ કહેવા દ્વારા કીર્તિતશુદ્ધિ કહી છે. કહ્યું છે કે–**"કરેલું પ્રત્યાખ્યાન ભોજન સમયે યાદ કરીને ભોજન કરવું તે કીર્તિત શુદ્ધિ[1] છે."**

**શાસ્ત્રોક્ત વિધિથી ભોજન કરે–શાસ્ત્રોક્ત ભોજનવિધિ આ પ્રમાણે છે–**

(૧) ગૃહસ્થો ન આવે અને સાધુઓને આવવા-જવાનો માર્ગ ન હોય તેવા સ્થાને, (૨) ગુરુને પુંઠ વગેરે ન થાય તે દિશામાં, (૩) સૂર્યના પ્રકાશમાં, (૪) પહોળા પાત્રમાં, (૫) સુખપૂર્વક મુખમાં જાય તેવા કોળિયા કરીને, (૬) ગુરુની નજર પડે તે રીતે, (૭) જ્ઞાનાદિની વૃદ્ધિ માટે સાધુ આહાર કરે. સાધુઓએ ભોજન કરતાં આ સાત આલોકનું (પાળવાના મુદ્દાઓનું) પાલન કરવું જોઈએ. (૩૭-૩૮)

**सयपालणा य एत्थं, गहियम्मिवि ता इमम्मि अन्नेसिं ।**
**दाणे उवएसम्मि य, ण होंति दोसा जहऽण्णत्थ ॥३९॥**

## ૬. સ્વયંપાલનાદ્વાર

**ભોગદ્વાર કહ્યું. હવે સ્વયંપાલનાદ્વારને કહે છે–**

**ગાથાર્થ**–(एत्थं=)આહારપ્રત્યાખ્યાનમાં સ્વયં પાલન કરવાનું છે તેથી આહાર-પ્રત્યાખ્યાન ગ્રહણ કર્યે છતે આહાર બીજાઓને આપવામાં અને આહારનો ઉપદેશ આપવામાં (जहऽण्णत्थ=)પ્રાણાતિપાત આદિની જેમ દોષો લાગતા નથી.

**ટીકાર્થ**–આહાર પ્રત્યાખ્યાનમાં સ્વયં પાલન કરવાનું છે, પ્રત્યાખ્યાન કરનારે પોતે જ પાલન કરવાનું છે, બીજાઓને આહાર આપવા આદિનો નિષેધ નથી. આથી આહારનું પ્રત્યાખ્યાન લેવા છતાં બીજાઓને આહાર આપવામાં કે તમે ભોજન કરો, અમુક અમુક ઘરેથી આહાર મળશે, અમુક ઘરેથી આહાર લઈ આવો વગેરે રીતે આહારના ઉપદેશમાં દોષો લાગતા નથી, અર્થાત્ પ્રત્યાખ્યાનનો ભંગ થતો નથી. (जहऽण्णत्थ=)અન્યત્ર= પ્રાણાતિપાતવિરતિ આદિમાં જેમ દોષો લાગે છે તેમ અહીં દોષો લાગતા નથી.

તાત્પર્ય–પ્રાણાતિપાતવિરતિ આદિ વ્રતોનો સ્વીકાર ત્રિવિધ ત્રિવિધે હોવાથી પ્રાણાતિપાત આદિ પાપ જેમ પોતે ન કરે, તેમ બીજા પાસે ન કરાવે, અને અનુમોદના પણ

---

૧. ટીકામાં પાંચ શુદ્ધિનો ઉલ્લેખ છે. પણ છઠ્ઠી આરાધિત શુદ્ધિ વિષે કશો ઉલ્લેખ નથી. પાંચ શુદ્ધિનું પાલન એ જ આરાધિત શુદ્ધિ હોવાથી પાંચ શુદ્ધિના સૂચનથી આરાધિત શુદ્ધિનું સૂચન ગર્ભિત રીતે થઈ જાય છે એમ સમજી શકાય છે.

ન કરે, આથી પ્રાણાતિપાતવિરતિ આદિનો સ્વીકાર કરનાર બીજાને પ્રાણાતિપાત આદિ પાપ કરવાનું કહે કે અનુમોદના કરે તો વ્રતભંગ થાય. પણ આહારના પ્રત્યાખ્યાનમાં મારે અમુક આહાર નહિ કરવો એવો નિયમ હોવાથી(=કરાવવાનો અને અનુમોદનાનો ત્યાગ ન હોવાથી) આહારનું પ્રત્યાખ્યાન કરનારો બીજાને આહાર આપે કે ઉપર કહ્યું તેમ આહારનો ઉપદેશ આપે તો પ્રત્યાખ્યાનનો ભંગ ન થાય.

આ વિશે આવશ્યકનિર્યુક્તિમાં પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષ આ પ્રમાણે છે—

**પૂર્વપક્ષ—"જેમ પ્રાણાતિપાતનું પ્રત્યાખ્યાન કરનાર જીવ પ્રત્યાખ્યાનભંગના ભયથી બીજા પાસે પ્રાણાતિપાત કરાવતો નથી તેમ આહારનું પ્રત્યાખ્યાન કરનાર બીજાને અશનાદિ આપવા દ્વારા આહાર કરાવે તો અવશ્ય પ્રત્યાખ્યાનના ભંગરૂપ દોષ લાગે."** (૧૫૭૫) **"આથી ઉપવાસી સાધુએ આચાર્ય આદિને અશનાદિ આહાર ન આપવો જોઈએ. વિરતિના પાલનથી વેયાવચ્ચ અધિક નથી."** (૧૫૭૬)

**ઉત્તરપક્ષ—"સાધુ આહારનો ત્યાગ ત્રિવિધ ત્રિવિધે કરતો નથી. આથી અન્યને અશનાદિ આપવા દ્વારા આહાર કરાવવામાં આશંસા રહિત સાધુને પ્રત્યાખ્યાનભંગરૂપ દોષ લાગતો નથી."** (૧૫૭૭) (૩૯)

**कयपच्चक्खाणोऽवि य, आयरियगिलाणबालवुड्ढाणं ।**
**देज्जाऽसणाइ संते, लाभे कयवीरियायारो ॥४०॥**

બીજાઓને આહારસંબંધી દાન-ઉપદેશમાં દોષ નથી એમ કહ્યું. હવે દાનની વિધિને બતાવતા ગ્રંથકાર કહે છે—

**ગાથાર્થ**—આથી આહારનું પ્રત્યાખ્યાન કરનાર પણ જો આચાર્ય, ગ્લાન, બાળ અને વૃદ્ધને પ્રાયોગ્ય આહાર પોતાને મળે તેમ હોય તો ભિક્ષા માટે ફરે અને એ રીતે વીર્યાચારનું પાલન કરીને આચાર્યાદિને અશનાદિ આહાર લાવીને આપે.

**ટીકાર્થ**—આથી આહારનું પ્રત્યાખ્યાન કરનાર પણ જો આચાર્ય, ગ્લાન, બાળ અને વૃદ્ધોને પ્રાયોગ્ય આહાર પોતાને મળે તેમ હોય તો ભિક્ષા માટે ફરે અને એ રીતે વીર્યાચારનું પાલન કરીને આચાર્ય, ગ્લાન, બાળ અને વૃદ્ધોને અશનાદિ આહાર લાવી આપે.

**પ્રશ્ન**—અહીં બતાવેલ આચાર્યાદિ ચારને જ આહાર લાવી આપવાનો છે કે બીજા સાધુઓને પણ આહાર લાવી આપવાનો છે ?

**ઉત્તર**—મહેમાન(=નવા આવેલ સાધુ), અધિક આહારવાળા અને લબ્ધિરહિત આદિ બીજા સાધુઓને પણ આહાર લાવી આપવાનો છે. આચાર્યાદિના ઉપલક્ષણથી મહેમાન વગેરે પણ સમજી લેવા. આચાર્ય ગુણાધિક હોવાથી અને ગ્લાન વગેરે આહાર લાવવા અસમર્થ હોવાથી તે ચારને આહાર આદિ લાવી આપવાથી અધિક નિર્જરા થાય માટે

ગાથામાં તે ચારનો સાક્ષાત્ ઉલ્લેખ કર્યો છે.[૧] (૪૦)

**संविग्गअन्नसंभोइयाण देसेज्ज सड्ढगकुलाणि ।**
**अतरंतो वा संभोइयाण जह वा समाहीए ॥४१॥**

**ગાથાર્થ**—સંવિગ્ન અન્યસાંભોગિકોને દાનરુચિવાળાં ઘરો બતાવે. અથવા પોતે અસમર્થ હોય તો સાંભોગિકોને પણ દાનરુચિવાળાં ઘરો બતાવે. અથવા જેમ સમાધિ રહે તેમ કરે.

**ટીકાર્થ**—તથા નવા આવેલા સંવિગ્ન ભિન્નસાંભોગિકોને(=ભિન્ન સામાચારીવાળા સાધુઓને) દાનરુચિવાળાં ઘરો બતાવે. સાંભોગિક(=સમાન સામાચારીવાળા) સાધુઓને એક સામાચારીવાળા હોવાના કારણે આહાર લાવીને આપવો જોઈએ. આમ છતાં માંદગી આદિના કારણે પોતે આહાર ન લાવી શકે તો સાંભોગિક(=સમાન સામાચારીવાળા) સાધુઓને પણ દાનરુચિવાળાં ઘરો બતાવે. અથવા પોતાને અને બીજા સાધુઓને જેમ સમાધિ રહે તેમ કરવું. અર્થાત્ આહારપાણી લાવી આપવામાં સ્વ-પરને સમાધિ રહેતી હોય તો તેમ કરવું અને જો ગોચરીનાં ઘરો બતાવવામાં સ્વ-પરને સમાધિ રહેતી હોય તો તેમ કરવું. સ્વ-પરની સમાધિને લક્ષ્યમાં રાખીને દાન અને ઉપદેશ એ બેમાંથી જે ઠીક લાગે તે [૨]કરવું. અસમાધિ થાય તે રીતે દાન અને ઉપદેશમાં સફળતા ન થાય.

**પ્રશ્ન**—સમાન સામાચારીવાળા સાધુઓને આહાર લાવી આપવો અને ભિન્ન સામાચારીવાળા સાધુઓને આહાર ન લાવી આપવો, કિંતુ ઘરો બતાવી દેવાં એવા ભેદભાવથી રાગ-દ્વેષ (મારું-તારું) સૂચિત થાય છે. સ્વજન પરિવાર છોડ્યો, સંપત્તિ છોડી, સંસારસુખો છોડ્યાં....આ બધું છોડી દીધા પછી પણ રાગ-દ્વેષથી આવો ભેદભાવ શા માટે હોવો જોઈએ ?

**ઉત્તર**—આ ભેદ રાગ-દ્વેષના કારણે નથી, કિંતુ સાધુઓના હિત માટે છે. દરેક સાધુની પરિણતિ સમાન હોતી નથી. આથી જો ભિન્ન સામાચારીવાળા સાધુઓ સાથે પણ આહાર લાવી આપવા આદિનો વ્યવહાર કરવામાં આવે તો કેટલાક નૂતન વગેરે સાધુઓને ભિન્ન સામાચારી જોઈને મતિમોહ થવાનો સંભવ રહે છે. તેમને આ લોકો આમ કરે છે અને આપણે આમ કરીએ છીએ એમાં સાચું શું ? ઇત્યાદિ મતિમોહ થાય [મતિમોહથી શ્રદ્ધાવિનાશ વગેરે દોષો ઉત્પન્ન થાય] એ સંભવિત છે. આથી મતિમોહ ન થાય એ માટે આ ભેદ છે.[૩] (૪૧)

---

૧. આવશ્યકનિર્યુક્તિ ગાથા-૧૫૭૯.

૨. अतरंतस्स अण्णसंभोइयस्स वि दातव्वं । (આવશ્યક ભાષ્ય ગાથા ૨૪૪ની હારિભદ્રીય ટીકા.)

૩. આવશ્યકભાષ્ય ગાથા ૨૪૭.

**एवमिह सावगाणवि, दाणुवएसाइ उचियमो णेयं ।**
**सेसम्मिवि एस विही, तुच्छस्स दिसादवेक्खाए ॥४२॥**

**આ પ્રમાણે પ્રત્યાખ્યાન પ્રસંગથી સાધુઓને આહારદાન-આહાર ઉપદેશ સંબંધી વિધિ કહ્યો. હવે શ્રાવકોને તેની ભલામણ કરતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–સ્વયંપાલનાદ્વારમાં શ્રાવકોને આશ્રયીને પણ આ પ્રમાણે દાન-ઉપદેશાદિ સંગત જાણવું. વસ્ત્રાદિમાં પણ આ જ વિધિ છે. (तुच्छस्स=) ગરીબને આશ્રયીને દિશાની અપેક્ષાએ સંગત જાણવું.

**ટીકાર્થ**–અહીં શ્રાવકોને પણ આ રીતે(=શક્તિ હોય તો સુસાધુઓને આહારનું દાન કરે, શક્તિ ન હોય તો દાનરુચિવાળાં ઘરો બતાવે વગેરે રીતે દાન અને ઉપદેશ વગેરે કરવું સંગત છે. વસ્ત્રાદિ વિષે પણ આ જ વિધિ છે. અર્થાત્ આહારની જેમ વસ્ત્રાદિ પણ શક્તિ હોય તો આપે, શક્તિ ન હોય તો તેવાં ઘરો બતાવે. સાધુ માટે જેમ એક સામાચારીવાળાને આહાર લાવી આપે અને ભિન્ન સામાચારીવાળાને ઘરો બતાવે એવો ભેદ છે, તેમ શ્રાવક માટે નથી. અર્થાત્ શ્રાવક એક સામાચારીવાળા અને ભિન્ન સામાચારીવાળા એવા ભેદભાવ વિના બધા સુસાધુઓને શક્તિ હોય તો આહારાદિ આપે, શક્તિ ન હોય તો તેવાં ઘરો બતાવવા વગેરે ઉચિત કરે.

**પ્રશ્ન**–જે શ્રાવક ગરીબ હોવાથી બધા સાધુઓને વસ્ત્રાદિ ન આપી શકે, પણ થોડા સાધુઓને આપી શકે તેમ હોય તે શ્રાવક કોને આપે ?

**ઉત્તર**–(तुच्छस्स दिसादवेवखाए=) તેવો ગરીબ શ્રાવક દિશાની અપેક્ષાએ દિશાના [૧]સંબંધથી દાન આપે. [૨]ગૃહસ્થ "અમુકનો શિષ્ય છે" એમ જેના શિષ્ય તરીકે ઓળખાય તે દિક્-દિશા કહેવાય. અર્થાત્ ગૃહસ્થ જે આચાર્ય વગેરેથી પ્રતિબોધ(-ધર્મ) પામ્યો હોય તે આચાર્ય વગેરે તેની દિક્-દિશા કહેવાય અને ધર્મ પામનાર ગૃહસ્થનો તે આચાર્યની સાથે દિશાનો સંબંધ કહેવાય. આથી દિશાની અપેક્ષાએ=દિશાના સંબંધથી દાન આપે એનો અર્થ એ થયો કે ધર્મ પમાડવા આદિ દ્વારા ઉપકારી ગુરુને દાન આપે. ગાથામાં દિશા આદિની અપેક્ષાએ એમ આદિ શબ્દ છે. આદિ શબ્દથી તે ઉપકારી ગુરુનો પરિવાર સમજવો. અર્થાત્ બધા સાધુને આપી શકે તેમ ન હોય, પણ થોડા સાધુને આપી શકે તેમ હોય તેવો ગરીબ શ્રાવક ધર્મ પમાડનાર ગુરુનો ઉપકાર દુષ્પ્રતિકાર હોવાથી વિશેષરૂપે પૂજનીય હોવાના કારણે ઉપકારી ગુરુને કે તેના પરિવારને વસ્ત્રાદિ આપે.

---

૧. આને શાસ્ત્રની પરિભાષા પ્રમાણે દિગ્બંધ કહેવામાં આવે છે.
૨. સાધુને પણ દિશાનો સંબંધ (દિગ્બંધ) હોય છે. પણ અહીં ગૃહસ્થનો સંબંધ ચાલતો હોવાથી ગૃહસ્થનો ઉલ્લેખ કર્યો છે.

**આથી જ કહેવાય છે કે–"જો વૈભવ હોય તો શ્રાવકે કોઈ જાતના ભેદભાવ વિના ગુણવંત સાધુઓને વસ્ત્રાદિ આપવું જોઈએ. ગરીબશ્રાવકે દિશાના સંબંધથી આપવું જોઈએ. તેમાં પણ જેમની પાસે ન હોય તેમને પહેલાં આપવું જોઈએ."**

આગમમાં આ દિશાનો સંબંધ (દિગ્બંધ) જે દીક્ષાની ભાવનાવાળો હોય કે જેણે દીક્ષા છોડી દીધી હોય તેવા ગૃહસ્થ માટે કહ્યો છે, તે સિવાયના (ગરીબ કે શ્રીમંત) ગૃહસ્થો માટે નથી કહ્યો. નિશીથ અને વ્યવહાર સૂત્રમાં દિશાની વ્યવસ્થા આ પ્રમાણે કહી છે–જે દીક્ષા લેવાની ભાવનાવાળો હોય, સામાયિક વગેરે સૂત્રો ભણતો હોય, તે ત્રણ વર્ષ સુધી પ્રતિબોધક આચાર્યનો જ થાય. કહ્યું છે કે–"**જે દીક્ષા લેવાની ભાવનાવાળો હોવાથી સામાયિક આદિનું અધ્યયન કરે છે તે ત્રણ વર્ષ સુધી જે આચાર્યથી પ્રતિબોધ પામ્યો છે તેનો શિષ્ય કહેવાય, ત્રણ વર્ષ પછી નિયમ નથી.** તે દીક્ષાની ભાવના થયા પછી ત્રણ વર્ષ સુધીમાં દીક્ષા લે તો પ્રતિબોધક આચાર્યનો જ શિષ્ય બની શકે, ત્રણ વર્ષ પછી ગમે તેનો શિષ્ય બની શકે છે."

જે નિહ્નવ વગેરે થઈને ફરી દીક્ષા લે તેની પોતાની ઇચ્છા પ્રમાણે દિશા થાય, અર્થાત્ જેની પાસે દીક્ષા લેવાની ભાવના થાય તેની પાસે દીક્ષા લઈ શકે. દીક્ષા છોડી દીધી હોય, પણ સમ્યક્ત્વનો ત્યાગ ન કર્યો હોય તો તે ત્રણ વર્ષ સુધી પૂર્વાચાર્યનો જ થાય. કહ્યું છે કે–**જે નિહ્નવ બનવાથી કે જૈનેતરધર્મમાં દીક્ષા લેવાથી દીક્ષા છોડીને શ્રદ્ધારહિત બની ગયો હોય તે તે જ દિવસે ઉપશાંત થયો હોય(=દીક્ષા લેવાની ભાવનાવાળો થયો હોય) તો જેની પાસે દીક્ષા લેવાને ઇચ્છે તેનો તે થાય. પણ જે સમ્યક્ત્વથી યુક્ત હોય તે ત્રણ વર્ષ સુધી પૂર્વાચાર્યનો જ થાય."**

દીક્ષા છોડી દેનાર સારૂપી અને ગૃહસ્થ એમ બે પ્રકારના હોય. તેમાં સારૂપી રજોહરણ સિવાય સાધુવેષને ધારણ કરનારો હોય. તે યાવજ્જીવ પૂર્વાચાર્યનો થાય. તથા સારૂપી જેમને દીક્ષા આપે તે બધા પૂર્વાચાર્યના (પહેલાં સારૂપી જેનો શિષ્ય હતો તેના) શિષ્ય ગણાય. સારૂપીએ જેમને દીક્ષા ન આપી હોય, માત્ર પ્રતિબોધ પમાડ્યો હોય (દીક્ષાની ભાવનાવાળા કર્યા હોય) તેમને તેમની જેને ગુરુ કરવાની ઇચ્છા હોય તે સાધુને તે (=સારૂપી) સોંપે, અને જેને સોંપે તેના તે શિષ્ય ગણાય. આ જે વિધિ કહ્યો તે તેના પુત્રો સિવાય બીજાઓ માટે છે. તેના પુત્રો તો પૂર્વાચાર્યના જ થાય. કહ્યું છે કે–"**સારૂપિક યાવજ્જીવ મૂલાચાર્યનો થાય. તેણે પુત્ર વગેરે જેને દીક્ષિત બનાવ્યા હોય, તે પણ મૂલાચાર્યના જ થાય. સારૂપિકે જેમને દીક્ષિત બનાવ્યા નથી તેમને સારૂપિક પોતાની ઇચ્છાથી જેને આપે તેના તે થાય."**

ગૃહસ્થ મુંડિત[૧] અને સશિખ એમ બે પ્રકારના છે. તે બંને પ્રકારના ગૃહસ્થ

---

૧. સંપૂર્ણ મુંડન કરાવે તે મુંડિત, અને ચોટલી રાખે તે સશિખ.

પૂર્વાચાર્યના થાય=પૂર્વાચાર્યના જ શિષ્ય ગણાય. તથા દીક્ષા છોડ્યા પછી ત્રણ વર્ષ સુધી જેમને પ્રતિબોધ પમાડીને દીક્ષા આપી હોય, તે પણ પૂર્વાચાર્યના જ ગણાય. કહ્યું છે કે—**"જે ગૃહસ્થ મુંડિત કે સશિખ હોય તે ત્રણ વર્ષ સુધીમાં જેમને દીક્ષા આપે તે બધા અને પોતે પૂર્વાચાર્યના જ શિષ્ય ગણાય."** (વ્યવહારસૂત્ર ઉ. ૪ ગા. ૧૪૧) (૪૨)

**संतेअरलद्धिजुएअराइभावेसु होइ तुल्लेसु ।**
**दाणं दिसाइभेए, तीएऽदिंतस्स आणादी ॥४३॥**

**ગરીબને દિશાની અપેક્ષાએ દાન કરવાનું કહ્યું. હવે દાનના જ વિભાગ કરવા માટે કહે છે—**

**ગાથાર્થ—**બધા સાધુઓ પાસે વસ્ત્રાદિ હોય, અથવા બધા સાધુઓ પાસે વસ્ત્રાદિ ન હોય, બધા સાધુઓ વસ્ત્રાદિ મેળવવાની લબ્ધિવાળા હોય કે બધા સાધુઓ વસ્ત્રાદિ મેળવવાની લબ્ધિથી રહિત હોય, ઇત્યાદિ રીતે બધા સાધુઓ સમાન હોય ત્યારે ગરીબ શ્રાવક દિશાનો સંબંધ આદિ ભેદથી આપે. જો દિશાનો સંબંધ આદિ ભેદથી ન આપે તો જિનાજ્ઞાભંગ આદિ દોષો લાગે.

**ટીકાર્થ—**શ્રાવકે ભેદભાવ વિના બધા સાધુઓને દાન કરવું જોઈએ. પણ જે શ્રાવક બધા સાધુઓને દાન આપવા અસમર્થ હોય, તેણે જે સાધુની પાસે વસ્ત્રાદિ ન હોય તેને આપવું જોઈએ. જો બધા સાધુઓ પાસે વસ્ત્રાદિ ન હોય તો જે લબ્ધિહીન (વસ્ત્રાદિ મેળવવાની શક્તિ વિનાના હોય) તેમને આપવું જોઈએ.

હવે જો બધા પાસે વસ્ત્રાદિ હોય અને તે બધા જ લબ્ધિવાળા હોય કે બધા જ લબ્ધિ વિનાના હોય, અથવા બધા સાધુ પાસે વસ્ત્રાદિ ન હોય અને તે બધા જ લબ્ધિવાળા હોય કે લબ્ધિ વિનાના હોય અથવા પક્ષથી(=પોતાના સુખી કુટુંબીજનો આદિથી) સહિત હોવાથી બધાય સાધુઓ વસ્ત્રાદિના લાભની સંભાવનાવાળા હોય, અથવા બધાય સાધુઓ પક્ષથી રહિત હોવાથી વસ્ત્રાદિના લાભની સંભાવનાથી રહિત હોય, આ રીતે બધા સાધુ સરખા હોય તો કોને આપવું ? આના ઉત્તરમાં અહીં જણાવ્યું કે વસ્ત્રાદિની વિદ્યમાનતા-(=જરૂરિયાતનો અભાવ) અને લબ્ધિ વગેરેથી સાધુઓ સમાન હોય ત્યારે અમુક જ સાધુઓને આપવાની શક્તિવાળા ગરીબ શ્રાવકે દિશા આદિના ભેદથી=દિશાનો સંબંધ આદિ ભેદથી આપવું. અર્થાત્ સમાન સાધુઓમાં જે પોતાના ઉપકારી હોય તેમને કે તેમના પરિવારને આપવું. જો આવો શ્રાવક આવી સ્થિતિમાં દિશાના સંબંધનું ઉલ્લંઘન કરીને આપે તો તેને જિનેશ્વરની આજ્ઞાનો ભંગ, અનવસ્થા અને મિથ્યાત્વ વગેરે દોષો લાગે. (૪૩)

**भोत्तूणमुचियजोगं, अणवरयं जो करेइ अवहित्तो ।**
**णियभूमिगाएँ सरिसं, एत्थं अणुबंधभावविही ॥४४॥**

## ૭. અનુબંધદ્વાર

**પ્રાસંગિક કથનપૂર્વક સ્વયંપાલનાદ્વાર કહ્યું. હવે અનુબંધભાવની વિધિનું પ્રતિપાદન કરવા માટે કહે છે–**

**ગાથાર્થ**–(एत्थ=)આહારપ્રત્યાખ્યાનમાં જે સાધુ ભોજન કરીને પોતાની ભૂમિકાને અનુરૂપ ઉચિત યોગને સતત કરે છે, તે સાધુના આહાર-પ્રત્યાખ્યાનના પરિણામનો વિચ્છેદ થતો નથી=અનુબંધ ચાલે છે.

**ટીકાર્થ**–જે સાધુ ભોજન કરીને માનસિક (કંટાળો) અને કાયિક (સુસ્તી આદિ) પીડાથી રહિતપણે, અર્થાત્ કંટાળ્યા વિના અને સુસ્તી આદિનો ત્યાગ કરીને[૧] સ્વભૂમિકાને અનુરૂપ (આચાર્ય, ઉપાધ્યાય આદિ જે પદે હોય તે પદને યોગ્ય વાચના આપવી વગેરે) ઉચિત વ્યાપાર કરે છે તેને આહારના પ્રત્યાખ્યાનમાં અનુબંધભાવ થાય છે, અર્થાત્ પ્રત્યાખ્યાનના પરિણામનો વિચ્છેદ થતો નથી. ક્ષુધાના કારણે સ્વાધ્યાયાદિ સંયમયોગો બંધ ન થાય એ માટે આહાર લેવાનો છે. જો અન્ન વિના સંયમયોગો થઈ શકતા હોય તો અન્નનું પ્રત્યાખ્યાન કરવું એ જ યોગ્ય છે. એટલે ભોજન કર્યા પછી સ્વાધ્યાયાદિ કરવામાં આવે તો જ ભોજનનો હેતુ સિદ્ધ થતો હોવાથી પ્રત્યાખ્યાનના પરિણામનો અનુબંધ થાય, અન્યથા નહિ. (૪૪)

**गुरुआएसेणं वा, जोगंतरगंपि तदहिगं तमिह ।**
**गुरुआणाभंगम्मी, सव्वेऽणत्था जओ भणितं ॥४५॥**

**અહીં જ વિશેષ કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–જે ગુરુના(=વડિલના) આદેશથી સ્વભૂમિકાને અનુરૂપ વ્યાપારથી અન્ય વ્યાપાર કરે છે તેને પણ પ્રત્યાખ્યાનનો અનુબંધભાવ થાય છે. કારણ કે (तदहिगं=) અહીં સ્વભૂમિકાને અનુરૂપ વ્યાપારથી ગુરુએ કહેલ વ્યાપાર પ્રધાન છે, અર્થાત્ ગુર્વાજ્ઞા પ્રધાન છે. ગુર્વાજ્ઞાના ભંગમાં બધા અનર્થો થાય છે. આથી જ શાસ્ત્રમાં (નીચે મુજબ) કહ્યું છે. (૪૫)

**छट्ठट्ठमदसमदुवालसेहिं मासद्धमासखमणेहिं ।**
**अकरिंतो गुरुवयणं, अणंतसंसारिओ होति ॥४६॥**

**ગાથાર્થ**–છટ્ઠ, અટ્ઠમ, ચાર ઉપવાસ, પાંચ ઉપવાસ, પંદર ઉપવાસ, માસખમણ કરે, પણ ગુરુની આજ્ઞા ન માને તો અનંતસંસારી થાય છે.

**ટીકાર્થ–પ્રશ્ન**–ગુરુની આજ્ઞા ન માનવાથી અનંતસંસારી શી રીતે થાય ?

---

૧. માનસિક અને કાયિક પીડાથી રહિત જે સાધુ ભોજન કરીને સ્વભૂમિકાને અનુરૂપ...એમ પણ અર્થ થઈ શકે. આમ અર્થ કરવામાં માનસિક અને કાયિક પીડાથી સહિત સાધુ ભોજન કરીને સ્વભૂમિકાને અનુરૂપ વ્યાપાર ન કરે તો પણ તેના પ્રત્યાખ્યાન પરિણામનો અનુબંધ થાય છે એવો ભાવ નીકળે છે.

ઉત્તર–ગુરુ સંવિગ્ન અને ગીતાર્થ હોય છે. તે જિનેશ્વરની આજ્ઞા મુજબ જ આજ્ઞા કરે. આથી ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન એટલે જિનેશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન. જિનેશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન મિથ્યાત્વના ઉદયથી થનાર કદાગ્રહ રૂપ છે. મિથ્યાત્વના ઉદયથી થતો કદાગ્રહ અનંતસંસારનું કારણ છે. ઉત્કૃષ્ટતપ અને ઉત્કૃષ્ટચારિત્રનું પાલન કરનાર પણ મિથ્યાત્વના ઉદયથી થતા કદાગ્રહના કારણે અનંતસંસારી થાય છે. (૪૬)

**बज्झाभावेऽवि इमं, पच्चक्खंतस्स गुणकरं चेव ।**
**आसवनिरोहभावा, आणाआराहणाओ य ॥४७॥**

**અહીં કોઈ કહે કે વિદ્યમાન વસ્તુનું જ પ્રત્યાખ્યાન ઘટે. કેમકે વસ્તુ હોય તો નિયમથી તેની નિવૃત્તિનું ફળ મળે. આથી અહીં અવિદ્યમાન વસ્તુના પણ નિયમથી લાભ થાય એમ કહે છે–**

**ગાથાર્થ**–જે વસ્તુ પોતાની પાસે ન હોય (અને ભવિષ્યમાં મળવાની સંભાવના પણ ન હોય) તે વસ્તુનું પણ પ્રત્યાખ્યાન પ્રત્યાખ્યાન લેનારને લાભ જ કરે છે. કારણ કે તેનાથી આસ્રવનો નિરોધ થાય છે=વિરતિ થાય છે, અને સર્વજ્ઞની આજ્ઞાનું પાલન થાય છે.

**ટીકાર્થ**–[અમુક પાપ ન કરવા છતાં નિયમ ન કર્યો હોય તો પાપ લાગે છે. કારણ કે પાપની અપેક્ષા રહેલી છે. પાપનો નિયમ ન કરનારને બાહ્યથી પાપ ન કરવા છતાં અપેક્ષા હોવાથી પાપ લાગે છે. તેવી રીતે વસ્તુ ન હોય-તેનો ઉપયોગ ન કરે અને ભવિષ્યમાં તે વસ્તુ મળવાની સંભાવના ન હોય તો પણ જો તેના ત્યાગનો નિયમ ન લેવામાં આવે તો ત્યાગનો લાભ મળતો નથી.] દુકાળ, જંગલ આદિ સ્થાનમાં બાહ્ય પ્રત્યાખ્યેય (=પચ્ચક્ખાણ કરવા યોગ્ય) દ્રવ્ય બિલકુલ ન હોય તો પણ તેનું પ્રત્યાખ્યાન પ્રત્યાખ્યાન કરનારને કર્મનિર્જરારૂપ લાભ કરવાના સ્વભાવવાળું જ છે. કારણકે આસ્રવનો નિરોધ(=વિરતિ) અને સર્વજ્ઞની આજ્ઞાનું પાલન થાય છે. સર્વજ્ઞો બાહ્ય વસ્તુ ન હોય તો પણ અવિરતિનામનું આંતર પ્રત્યાખ્યેય હોવાથી અવિદ્યમાન વસ્તુનું પણ પ્રત્યાખ્યાન સફળ છે એમ જુએ છે. આથી સર્વજ્ઞો અવિદ્યમાન વસ્તુનું પણ પ્રત્યાખ્યાન કરવાનો ઉપદેશ આપે છે. શ્રી આર્ય સુહસ્તિસૂરિ મહારાજે રંકને આપેલી દીક્ષા આ વિષયનું સમર્થન કરે છે. (૪૭)

**न य एत्थं एगंतो, सगडाहरणादि एत्थ दिट्ठंतो ।**
**संतंपि णासइ लहुं, होइ असंतंपि एमेव ॥४८॥**

**હવે આના જ (અવિદ્યમાન પણ વસ્તુના નિયમના) સમર્થન માટે કહે છે–**

**ગાથાર્થ**–અવિદ્યમાન વસ્તુ ભવિષ્યમાં ન જ મળે એવો એકાંત નથી. કારણ કે (તેવા કર્મોદય આદિથી) વિદ્યમાન પણ વસ્તુ અચાનક નાશ પામી જાય, અને અવિદ્યમાન પણ વસ્તુ તુરત અચાનક મળી જાય એવું બને છે. ક્યારેક જેની સંભાવના પણ ન હોય તેવી વસ્તુની પ્રાપ્તિ થઈ જાય. આ વિષે ગાડા વગેરેનું દૃષ્ટાંત છે.

**ટીકાર્થ**—शकटाहरणादि એ સ્થળે રહેલા આદિ શબ્દથી કુંભવગેરેનાં દૃષ્ટાંતો જાણવા. ગાડાનું દૃષ્ટાંત આ પ્રમાણે છે—એક મુનિ મહાત્મા પાસે અનેક ભવ્ય જીવોએ વિવિધ પ્રકારના નિયમો લીધા. તેમાં કેટલાકે જે વસ્તુ વર્તમાનમાં પોતાની પાસે નથી અને ભવિષ્યમાં મળવાની પણ સંભાવના નથી તેવી વસ્તુના ત્યાગનો પણ નિયમ કર્યો હતો. એક બ્રાહ્મણે આ જાણ્યું. તેણે વિચાર્યું કે—આવા (જે વસ્તુ ન હોય અને ભવિષ્યમાં મળવાની સંભાવના પણ ન હોય તેવી વસ્તુના ત્યાગના) નિયમો નિષ્ફળ છે. જો આવા નિયમથી પણ લાભ થતો હોય તો હું પણ આવો નિયમ લઉં. એમ મશ્કરીથી મુનિરાજ પાસે "મારે ગાડું ન ખાવું" એવો નિયમ લીધો. હવે તે એક દિવસ જંગલમાંથી આવી રહ્યો હતો. તેને ભૂખ સખત લાગી હતી. તેના શરીરે ધૂળ લાગી હતી. આ વખતે એક રાજપુત્રી તેને સામે મળી. રાજપુત્રીને કોઈ કારણસર ગાડાના આકારનું પક્વાન્ન પૂર્વે નહિ જોયેલા બ્રાહ્મણને જમાડવાની બાધા હતી. આથી તે તેવું પક્વાન્ન બનાવીને તેવા બ્રાહ્મણની શોધ કરી રહી હતી. આ બ્રાહ્મણ મળી જવાથી તેને ખાવા માટે તે પક્વાન્ન ભોજનપાત્રીમાં મૂકીને આપ્યું. બ્રાહ્મણને ભૂખ ઘણી લાગી હતી. પણ તેણે જોયું તો તે પક્વાન્ન ગાડાના આકારે હોવાથી ગાડું હતું. આથી તેણે વિચાર્યું કે અસંભવિત પણ ક્યારેક સંભવિત બને છે, આથી સર્વ નિયમો વિષય સહિત જ હોય છે, એવું મુનિરાજનું કહેવું સાચું છે. આથી જે વસ્તુની સંભાવના ન હોય તેવી વસ્તુના પણ નિયમથી લાભ જ થાય છે. મારે ગાડું ન ખાવું એવો નિયમ છે અને આ પક્વાન્ન ગાડાના આકારે હોવાથી ગાડું કહેવાય. આથી મારાથી આ પક્વાન્ન ન ખવાય. આમ વિચારી તેણે તેનો ત્યાગ કર્યો. હવે તેને સાધુ ઉપર બહુમાનભાવ થયો. રાજપુત્રીને સમ્યગ્ બોધ થાય એ માટે તેણે પોતાની સઘળી વિગત સંક્ષેપથી કહી. આ પ્રમાણે સંક્ષેપથી દૃષ્ટાંત છે. (૪૮)

**ओहेणाविसयंपि हु, ण होइ एयं कहिंचि णियमेण ।**
**मिच्छासंसज्जियकम्मओ तहा सव्वभोगाओ ॥४९॥**

**ફરી પણ પ્રત્યાખ્યાન નિર્વિષય છે=અવિદ્યમાન વસ્તુનું છે એવા મતનું ખંડન કરવા માટે કહે છે—**

**ગાથાર્થ**—(एयं=)પ્રત્યાખ્યાન (ओहेण=)સામાન્યથી (अविषयंपि=)વિષયરહિત =અવિદ્યમાન વસ્તુ સંબંધી હોવા છતાં વિષયરહિત નથી=અવિદ્યમાન વસ્તુનું નથી, કિંતુ વિદ્યમાન વસ્તુનું છે. કારણ કે (कहिंचि=)કોઈક કાળે કે કોઈક દેશમાં (मिच्छासंसज्जिय-कम्मओ) અવિરતિના કારણે સંપૂર્ણપણે(=સર્વઆત્મપ્રદેશોમાં) એકઠા કરેલા (અથવા જીવવડે આત્મપ્રદેશોમાં સંબંધવાળા કરાયેલા) ચારિત્રમોહ વગેરે જે કર્મ તે કર્મથી(=તે કર્મના ઉદયથી) (तहा=)કોઈક વિશિષ્ટ પ્રકારથી (णियमा=)અવશ્ય સર્વવસ્તુઓનો ભોગ થાય છે.

**ટીકાર્થ**—સામાન્યપણે (અમુક વસ્તુ ખાવાના ત્યાગ સંબંધી) પ્રત્યાખ્યાન અવશ્ય નિર્વિષય થતું નથી—અવિદ્યમાન વસ્તુનું થતું નથી, કિંતુ વિદ્યમાન વસ્તુનું થાય છે. કારણ કે તે તે દેશમાં કે તે તે કાળે સર્વવસ્તુનો ભોગ થાય છે=ભોગની સંભાવના રહે છે. અર્થાત્ સર્વવસ્તુઓના ભોગની સંભાવના હોવાથી પ્રત્યાખ્યાન નિર્વિષય (અવિદ્યમાન વસ્તુનું) નથી, કિંતુ સવિષય(=વિદ્યમાન વસ્તુનું) છે.

(तहा=)જેમ ગાડાના દૃષ્ટાંતમાં પક્વાન્ન ગાડું ન હોવા છતાં ગાડાના આકારે હોવાથી ગાડું હતું, તેમ તે તે આકારવાળી વસ્તુ પણ તે તે કહેવાય. આથી તે તે વસ્તુનો ભોગ સંભવિત બને, એટલે કે અમુક વસ્તુ કદી જ ખાવામાં નહિ જ આવે એમ નિર્ણય પૂર્વક કહી શકાય નહિ. આથી સર્વવસ્તુનો ભોગ સંભવિત છે.

**પ્રશ્ન**—આ રીતે સર્વવસ્તુનો ભોગ થાય છે તેનું કારણ શું ?

**ઉત્તર**—ચારિત્રમોહ વગેરે કર્મનો ઉદય કારણ છે. ચારિત્રમોહ આદિના કારણે જીવો ભોગના પરિણામવાળા છે. આથી તેમને ઉપર કહ્યું તેમ સર્વ વસ્તુઓનો ભોગ છે. એટલે પ્રત્યાખ્યાન નિર્વિષય નથી. (૪૯)

**विरईए संवेगा, तक्खयओ भोगविगमभावेण ।**
**सफलं सव्वत्थ इमं, भवविरहं इच्छमाणस्स ॥५०॥**

**આ પ્રમાણે પણ પ્રત્યાખ્યાન નિષ્ફળ જ છે. કારણ કે ચારિત્રમોહ આદિ કર્મના ઉદયથી સર્વવસ્તુઓનો ભોગ થવાથી પ્રત્યાખ્યાનનો અવશ્ય ભંગ થાય આવી આશંકા કરીને કહે છે—**

**ગાથાર્થ**—ભવવિયોગની ઇચ્છાવાળા જીવનું (सव्वत्थ=)વિદ્યમાન કે અવિદ્યમાન સર્વવસ્તુ સંબંધી (इमं=)પ્રત્યાખ્યાન (सफलं=)સફળ છે. કારણ કે (संवेगा=)મોક્ષાભિલાષ અને (विरईए=)વિરતિથી (तक्खयओ=)ચારિત્રમોહાદિ કર્મનો ક્ષય (ક્ષયોપશમાદિ) થવાથી (भोगविगमभावेण=)જેનું પ્રત્યાખ્યાન કર્યું છે તેનો (મનથી પણ) ભોગ થતો નથી.

**ટીકાર્થ-ભાવાર્થ**—જેને ભવવિયોગની ઇચ્છા(સંસાર ઉપર વૈરાગ્ય) થાય છે તેને મોક્ષની ઇચ્છા થાય છે. મોક્ષની ઇચ્છા વિરતિનું કારણ છે. અહીં વિરતિ એટલે જેનું પ્રત્યાખ્યાન કરવાનું છે તેનાથી નિવૃત્તિના પરિણામ. મોક્ષની ઇચ્છાથી વિરતિનો ભાવ થાય છે. મોક્ષની ઇચ્છાથી અને વિરતિના ભાવથી ચારિત્રમોહાદિ કર્મના ક્ષયોપશમાદિ થાય છે. ચારિત્રમોહાદિ કર્મના ક્ષયોપશમાદિ થવાથી જેનું પ્રત્યાખ્યાન કર્યું છે તેનો ભોગ (માનસિક પણ) થતો નથી. એટલે ભવવિયોગની ઇચ્છાથી મોક્ષની ઇચ્છાવાળો બનેલો જીવ વિદ્યમાન કે અવિદ્યમાન જે વસ્તુનું પ્રત્યાખ્યાન કરે છે તે વસ્તુથી નિવૃત્તિના પરિણામ તેનામાં હોય છે. વસ્તુ ન હોય તો પણ તે સંબંધી નિવૃત્તિના (ત્યાગના) પરિણામ થયા હોય તો લાભ

થાય. આથી આવો જીવ જે વસ્તુ ન હોય તેનું પણ પ્રત્યાખ્યાન કરે તો તેનાથી તેને લાભ જ થાય.

ભવવિયોગની ઇચ્છાથી રહિત(-સંસાર સુખની ઇચ્છાવાળો) જીવ પ્રત્યાખ્યાન સ્વીકારતો નથી, અને સ્વીકારે તો પણ તેનામાં ભૌતિક સંસારસુખની આશંસા હોવાના કારણે (જેનું પ્રત્યાખ્યાન કરે છે તેનાથી નિવૃત્તિના પરિણામ ન હોવાના કારણે) તે પ્રત્યાખ્યાન સાંસારિક ફળને આપનારું હોવાથી પરમાર્થથી નિષ્ફળ જ છે. (આવા જીવનું વિદ્યમાન વસ્તુનું પણ પ્રત્યાખ્યાન નિષ્ફળ જ છે. જ્યારે સંસારવિયોગની ઇચ્છા આદિ ગુણોવાળા જીવનું અવિદ્યમાન વસ્તુનું પણ પ્રત્યાખ્યાન સફળ છે. (૫૦)

●●●

॥ अथ षष्ठपञ्चाशकवृत्तिः ॥६॥

# ૬. સ્તવવિધિ પંચાશક

**नमिऊण जिणं वीरं, तिलोगपुज्जं समासओ वोच्छं ।**
**थयविहिमागमसुद्धं, सपरेसिमणुग्गहट्ठाए ॥१॥**

**ચોથા પંચાશકમાં પૂજાની વિધિ કહી. પૂજા દ્રવ્યસ્તવ છે. પાંચમા પંચાશકમાં પ્રત્યાખ્યાનની વિધિ કહી. પ્રત્યાખ્યાન ભાવસ્તવ છે. હવે આ છઠ્ઠા પંચાશકમાં દ્રવ્ય અને ભાવ એ બન્ને સ્તવનું સ્વરૂપ બતાવવાની ઇચ્છાવાળા ગ્રંથકાર મંગલાદિને જણાવવા માટે કહે છે–**

**ગાથાર્થ**–ત્રિભુવનપૂજ્ય શ્રી વીરજિનને નમસ્કાર કરીને સ્વપરના અનુગ્રહ માટે સ્તવપરિજ્ઞા આદિ આગમથી શુદ્ધ સ્તવવિધિ સંક્ષેપથી કહીશ.

**ટીકાર્થ–ત્રિભુવનપૂજ્ય**=સુર-નર આદિ રૂપ ત્રણ ભુવનને પૂજ્ય. ''ત્રિભુવન પૂજ્ય'' એમ કહીને દોષથી સર્વથી મુક્તિનું કે ગુણોની પ્રાપ્તિનું બાહ્ય ફળ જણાવ્યું.

**જિન** એટલે રાગાદિને જીતનારા. આનાથી પ્રણામ કરવા યોગ્ય પુરુષ સર્વદોષોથી મુક્ત છે એમ જણાવ્યું. એમ કહેવાથી સર્વગુણયુક્ત છે એમ પણ કહ્યું. કારણ કે પ્રાયઃ ગુણો દોષનિવૃત્તિરૂપ છે.

**સ્વપરના અનુગ્રહ માટે**–શાસ્ત્રના અર્થોનો (સંસ્કૃતમાં) અનુવાદ કરવાથી નિર્મળબોધ અને પરોપકાર દ્વારા પૂર્વબદ્ધ કર્મક્ષય એ સ્વ-અનુગ્રહ છે. બીજાઓને નિર્મળબોધ થાય અને તેવા બોધપૂર્વક ક્રિયાથી પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ એ પર-અનુગ્રહ છે.

**'આગમથી શુદ્ધ'** એમ કહીને આમાં સ્વકલ્પનાથી નથી કહ્યું, એમ કહ્યું.

**સ્તવ** એટલે પૂજા.

**સંક્ષેપથી કહીશ**–પૂર્વસૂરિઓની જેમ વિસ્તારથી નહિ કહીશ. (૧)

**दव्वे भावे य थओ, दव्वे भावथयरागओ सम्मं ।**
**जिणभवणादिविहाणं, भावथओ चरणपडिवत्ती ॥२॥**

**ભેદથી સ્તવની જ પ્રરૂપણા કરતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–સ્તવ એટલે સ્તુતિ કરવા લાયકનું પૂજન કરવું. દ્રવ્ય અને ભાવ એ બે પ્રકારે સ્તવ છે. ભાવસ્તવનું જે કારણ હોય તે દ્રવ્યસ્તવ છે. ભાવથી સ્તવ તે ભાવસ્તવ. અથવા ભાવસ્તવ પારમાર્થિક પરિણામવિશેષરૂપ છે. ભાવસ્તવ(સર્વવિરતિ) પ્રત્યે ચારિત્ર જ મોક્ષનો હેતુ હોવાથી ભાવસ્તવ છે. ભાવસ્તવની પ્રાપ્તિનો ઉપાય દ્રવ્યસ્તવ છે. એથી દ્રવ્યસ્તવ કરવા યોગ્ય છે. આવા પ્રકારના બહુમાન પૂર્વક આગમને અનુસરીને વિધિપૂર્વક

જિનભવન-જિનપ્રતિમા આદિ કરવું-કરાવવું એ દ્રવ્યસ્તવ છે. સર્વવિરતિનો સ્વીકાર ભાવસ્તવ[1] છે. (૨)

**जिणभवणबिंबठावणजत्तापूजाइ सुत्तओ विहिणा ।**
**दव्वत्थउत्ति नेयं, भावत्थयकारणत्तेण ॥३॥**

**હવે દ્રવ્યસ્તવના સ્વરૂપને વિસ્તારતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–શાસ્ત્રોક્ત વિધિ મુજબ કરવામાં આવતાં જિનભવન, જિનબિંબ, જિનબિંબની પ્રતિષ્ઠા, અષ્ટાહ્નિકા મહોત્સવરૂપ યાત્રા, પુષ્પાદિપૂજા, જિનગુણગાન વગેરે અનુષ્ઠાનો સર્વવિરતિ રૂપ ભાવસ્તવનું કારણ હોવાથી દ્રવ્યસ્તવ જાણવાં. અહીં દ્રવ્ય શબ્દનો કારણ અર્થ છે.

[**પ્રશ્ન**–જિનગુણગાન ભાવસ્તવ નથી ?

**ઉત્તર**–છે અને નથી. પુષ્પાદિ દ્રવ્યોથી થતી દ્રવ્યપૂજાની અપેક્ષાએ ભાવસ્તવ છે. કારણ કે એમાં કોઈ દ્રવ્યની જરૂર પડતી નથી. પણ સર્વવિરતિ રૂપ ભાવસ્તવની અપેક્ષાએ જિનગુણગાન દ્રવ્યસ્તવ છે. કારણ કે તે સર્વવિરતિનું કારણ છે.] (૩)

**[2]विहियाणुट्ठाणमिणंति एवमेयं सया करेंताणं ।**
**होइ चरणस्स हेऊ, णो इहलोगदवेक्खाए ॥४॥**

**આ જિનભવનાદિ કેવી રીતે ભાવસ્તવનું કારણ બને તે કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–આપ્તપ્રણીત આગમમાં જિનભવનાદિ અનુષ્ઠાન કરવાનું કહ્યું છે એવા[3] ભાવથી અથવા ભાવસ્તવના અનુરાગથી સદા જિનભવન આદિ અનુષ્ઠાન કરનારાઓને તે અનુષ્ઠાન સર્વવિરતિનું કારણ બને છે. જિનભવન આદિ અનુષ્ઠાન આ લોકમાં કીર્તિ આદિ કે પરલોકમાં દેવપણું કે રાજ્યાદિ ભૌતિક સુખ મેળવવાના આશયથી કરવામાં આવે તો નિદાનથી દૂષિત બની જવાથી ભાવસ્તવનું કારણ ન બને. (૪)

**एवं चिय भावथए, आणाआराहणाउ रागोऽवि ।**
**जं पुण इयविवरीयं, तं दव्वथओवि णो होइ ॥५॥**

**દ્રવ્યસ્તવ જેમ ભાવસ્તવનું(=સર્વવિરતિનું) કારણ છે તેમ ભાવસ્તવના રાગનું પણ કારણ છે.**

---

૧. પંચવસ્તુક ગાથા-૧૧૧૧.

૨. ચોથી ગાથાથી ૨૩ મી ગાથા સુધીની ગાથાઓમાંથી ચાર પાંચ ગાથાઓ છોડીને બાકીની ગાથાઓ પંચવસ્તુક ગ્રંથમાં ૧૧૪૩ થી ૧૧૫૬ સુધીની ગાથાઓમાં છે.

૩. હારિભદ્રીય અષ્ટક ૮-૮.

**તેમાં દ્રવ્યસ્તવ કેવા ભાવથી કરવાથી ભાવસ્તવનું કારણ બને છે તે ચોથી ગાથામાં જણાવ્યું. હવે પાંચમી ગાથામાં દ્રવ્યસ્તવ કેવા ભાવથી કરવાથી ભાવસ્તવના રાગનું કારણ બને તે જણાવે છે–**

**ગાથાર્થ**–એ જ રીતે આજ્ઞાની આરાધનાથી ભાવસ્તવનો રાગ પણ થાય છે. જે અનુષ્ઠાન આનાથી વિપરીત છે તે દ્રવ્ય અનુષ્ઠાન પણ થતું નથી.

**ટીકાર્થ**–આપ્તપ્રણીત આગમમાં જિનભવનાદિ અનુષ્ઠાન કરવાનું કહ્યું છે એવા ભાવથી જ જિનભવનાદિ અનુષ્ઠાન કરવાથી ભાવસ્તવમાં રાગ (બહુમાન) પણ થાય છે. કારણ કે તેવા ભાવથી અનુષ્ઠાન કરવાથી **"ધર્મમાં આ લોક કે પરલોકના ભૌતિક સુખની આશંસા ન રાખવી."** એવા આપ્તના ઉપદેશનું પાલન થાય છે. જિનો નિદાનના અભાવમાં જ સંમતિ આપે છે. આથી ઉક્ત ભાવથી વિપરીત ભાવથી એટલે કે આ લોક કે પરલોકના ભૌતિકસુખની આશંસાથી કરવામાં આવતાં જિનભવનાદિ અનુષ્ઠાનો દ્રવ્યસ્તવ પણ બનતાં નથી, અર્થાત્ તે અનુષ્ઠાનોથી ભાવસ્તવનો રાગ કે ભાવસ્તવની પ્રાપ્તિ ન થાય. કારણ કે તેમાં આપ્તના ઉપદેશનું ઉલ્લંઘન છે.

**રાગ પણ થાય છે**–દ્રવ્યસ્તવ કેવળ ચારિત્રનું જ કારણ નથી, કિંતુ ચારિત્રના રાગનું પણ કારણ છે એમ પણ શબ્દનો અર્થ છે. (૫)

**भावे अइप्पसंगो, आणाविवरीयमेव जं किंचि ।**
**इह चित्ताणुट्ठाणं, तं दव्वथओ भवे सव्वं ॥६॥**

**ઉક્ત વિધિથી વિપરીત કરવામાં પણ જિનભવનનિર્માણ આદિ અનુષ્ઠાન દ્રવ્યસ્તવ થશે એવી આશંકા કરીને કહે છે–**

**ગાથાર્થ**–(इह=)ભાવસ્તવની વિચારણામાં (भावे=)આપ્તોપદેશથી વિપરીતપણે થતાં અનુષ્ઠાનો દ્રવ્યસ્તવ હોય તો અતિપ્રસંગ આવે. (કેમકે) આપ્તોપદેશથી વિપરીત જે કોઈ વિવિધ અનુષ્ઠાન થાય તે સર્વ અનુષ્ઠાન દ્રવ્યસ્તવ બને.

**ટીકાર્થ**–(भावे=)આપ્તોપદેશથી વિપરીતપણે થતાં અનુષ્ઠાનો દ્રવ્યસ્તવ હોય તો અતિપ્રસંગ આવે. અતિપ્રસંગ એટલે [૧]અતિવ્યાપ્તિરૂપ અનિષ્ટની આપત્તિ. તે આ પ્રમાણે– આપ્તોપદેશથી વિપરીતપણે થતાં અનુષ્ઠાનો દ્રવ્યસ્તવ હોય તો આપ્તની આજ્ઞાથી વિપરીત જે કોઈ હિંસાદિ પાપવાળી પણ જુદી જુદી ક્રિયા થાય તે બધી દ્રવ્યસ્તવ બને, અર્થાત્ તેને પણ દ્રવ્યસ્તવ માનવાની આપત્તિ આવે. (૬)

**जं वीयरागगामी, अह तं णणु गरहितंपि हु स एवं ।**
**सिय उचियमेव जं तं आणाआराहणा एवं ॥७॥**

---

૧. અલક્ષ્યમાં પણ લક્ષણ જાય તે અતિવ્યાપ્તિ કહેવાય. હિંસાદિ પાપવાળાં અનુષ્ઠાનો દ્રવ્યસ્તવ નથી. છતાં તેમને પણ દ્રવ્યસ્તવ કહેવા પડે એ અતિવ્યાપ્તિ છે.

**પ્રસ્તુત વિષયમાં પરમતની આશંકા કરીને તેનું નિરાકરણ કરતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–(जं वीयरायगामी तं=)જે અનુષ્ઠાન જિનસંબંધી હોય તે અનુષ્ઠાન દ્રવ્યસ્તવ છે. (एवं=)તમોએ સ્વીકારેલા ન્યાયથી (गरहितंपि हु स=)નિંદ્યક્રિયા પણ દ્રવ્યસ્તવ થાય. (सिय उचियमेव जं तं=)જિનસંબંધી જે અનુષ્ઠાન ઉચિત હોય તે જ દ્રવ્યસ્તવ છે. (आणा आराहणा एवं=)આ રીતે આપ્તના ઉપદેશનું પાલન જ છે.

**ટીકાર્થ–પૂર્વપક્ષ**–જે અનુષ્ઠાન જિન સંબંધી હોય તે આજ્ઞાથી વિપરીત હોય તો પણ દ્રવ્યસ્તવ છે. આથી અતિપ્રસંગ નહિ આવે, અર્થાત્ હિંસાદિ પાપની ક્રિયા દ્રવ્યસ્તવ નહિ બને. કારણ કે તે જિનસંબંધી નથી.

**ઉત્તરપક્ષ**–એમ માનવામાં જિનને ગાળ આપવી વગેરે નિંદ્ય ક્રિયા પણ દ્રવ્યસ્તવ બનશે. કારણ કે તે જિનસંબંધી છે.

**પૂર્વપક્ષ**–આજ્ઞાવિપરીત જિનસંબંધી જે અનુષ્ઠાન ઉચિત હોય તે જ દ્રવ્યસ્તવ છે, અર્થાત્ આજ્ઞાવિપરીત જિનસંબંધી ઉચિત જ અનુષ્ઠાન દ્રવ્યસ્તવ છે. આથી જિનને ગાળ આપવી વગેરે નિંદ્યક્રિયા દ્રવ્યસ્તવ નહિ બને. કારણ કે તે ઉચિત નથી.

**ઉત્તરપક્ષ**–આમ માનવાથી આજ્ઞાની આરાધના જ છે-આપ્તના ઉપદેશનું પાલન જ છે. કારણ કે ઉચિત આપ્તની આજ્ઞાના પાલનરૂપ છે. આપ્તની આજ્ઞાથી વિરુદ્ધ ઉચિત હોઈ શકે નહિ. જે અનુષ્ઠાન આપ્તની આજ્ઞાથી વિરુદ્ધ હોય તે ઉચિત હોઈ શકે નહિ, અને જે ઉચિત હોય તે આપ્તની આજ્ઞાથી વિરુદ્ધ હોઈ શકે નહિ. (૭)

**उचियं खलु कायव्वं, सव्वत्थ सया नरेण बुद्धिमता ।**
**इइ फलसिद्धी णियमा, एस च्चिय होइ आणत्ति ॥८॥**

**ઉચિત અનુષ્ઠાન આજ્ઞાના પાલન સ્વરૂપ જ છે એમ બતાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–બુદ્ધિમાન મનુષ્યે સર્વપ્રવૃત્તિમાં સદા ઉચિત જ કરવું જોઈએ, (इइ=)ઉચિત કરવાથી અવશ્ય ફળ(સાધ્ય)ની સિદ્ધિ થાય છે. ઉચિત કરવું એ જ આપ્તની આજ્ઞા છે.

**ટીકાર્થ**–બુદ્ધિમાન મનુષ્યે સર્વ પ્રવૃત્તિમાં સદા ઉચિત જ કરવું જોઈએ. ઉચિત કરવાથી અવશ્ય ફળની=સાધ્યની સિદ્ધિ થાય છે. ઉચિત કરવું એ જ આપ્તની આજ્ઞા છે. આથી ઉચિત કરવું એ આપ્તની આજ્ઞાની આરાધના-પાલન છે. અહીં મુખ્યપણે મોક્ષ સાધ્ય છે. અને મોક્ષના કારણ તરીકે ધર્મ સાધ્ય છે. અર્થ અને કામ મુખ્ય સાધ્ય નથી, આનુષંગિક સાધ્ય છે. ધર્મોપદેશમાં મનુષ્યોની મુખ્યતા હોવાથી મૂળ ગાથામાં મનુષ્ય શબ્દનો ઉલ્લેખ કર્યો છે. મનુષ્યના ઉપલક્ષણથી બધા પ્રાણીઓ સમજવા. બુદ્ધિરહિત જીવ ઔચિત્યનું પાલન ન કરી શકે માટે અહીં 'બુદ્ધિમાન' એમ કહ્યું છે. (૮)

**जं पुण एयविउत्तं, एगंतेणेव भावसुण्णंति ।**
**तं विसयम्मिवि ण तओ, भावथयाहेउतो णेयं ॥९॥**

**ઉચિત કરવું એ દ્રવ્યસ્તવ છે એમ કહ્યું, હવે એનાથી જ વિપરીતને કહે છે–**

**ગાથાર્થ**–જે અનુષ્ઠાન ઔચિત્યથી રહિત છે, તથા સર્વથા જ બહુમાનથી રહિત છે, તે અનુષ્ઠાન વીતરાગ સંબંધી હોય તો પણ દ્રવ્યસ્તવ નથી એમ જાણવું. કારણ કે ભાવસ્તવનું કારણ બનતું નથી.

**ટીકાર્થ**–જે અનુષ્ઠાન ઔચિત્યથી રહિત છે, અને સર્વથા જ બહુમાનથી રહિત છે તે અનુષ્ઠાન જિનસંબંધી હોય તો પણ ભાવસ્તવનું કારણ ન બનવાથી દ્રવ્યસ્તવ બનતું નથી. જે સર્વથા બહુમાનથી રહિત ન હોય=થોડા પણ બહુમાનવાળું હોય તે અનુષ્ઠાન કથંચિત્ ઔચિત્યથી રહિત હોય તો પણ દ્રવ્યસ્તવ બને છે. આથી અહીં સર્વથા બહુમાન રહિત એમ કહ્યું છે. તે અનુષ્ઠાન જિનસંબંધી હોય તો પણ દ્રવ્યસ્તવ ન બને તો જે અનુષ્ઠાન જિનસંબંધી ન હોય તે દ્રવ્યસ્તવ ન બને તેમાં શું કહેવું ? (૯)

**समयम्मि दव्वसद्दो, पायं जं जोग्गयाए रूढोत्ति ।**
**णिरुवचरितो उ बहुहा, पओगभेदोवलंभाओ ॥१०॥**

**જે અનુષ્ઠાન ભાવસ્તવનું કારણ ન બને તે અનુષ્ઠાન કયા કારણથી દ્રવ્યસ્તવ ન થાય એવી આશંકામાં કહે છે–**

**ગાથાર્થ**–જે અનુષ્ઠાન ભાવસ્તવનું કારણ ન બને તે અનુષ્ઠાન દ્રવ્યસ્તવ ન કહેવાય. કારણ કે શાસ્ત્રમાં દ્રવ્યશબ્દ પ્રાયઃ કોઈ જાતના ઉપચાર વિના જ યોગ્યતા અર્થમાં પ્રસિદ્ધ છે. અર્થાત્ જેમાં ભાવરૂપે બનવાની યોગ્યતા હોય તેને દ્રવ્યશબ્દથી સંબોધવામાં આવે છે.

**ટીકાર્થ–પ્રશ્ન**–દ્રવ્યશબ્દ યોગ્યતા અર્થમાં પ્રસિદ્ધ છે એમ શી રીતે જાણ્યું ?

**ઉત્તર**–શાસ્ત્રમાં ઉપચાર વિના જ=પરમાર્થથી અનેક પ્રકારે તેવા જુદા જુદા પ્રયોગો જોવા મળતા હોવાથી તેમ જાણ્યું છે. કોઈ કોઈ સ્થળે અપ્રધાન(=અયોગ્યતા) અર્થમાં પણ દ્રવ્યશબ્દનો પ્રયોગ જોવા મળે છે. આથી જ અહીં પ્રાયઃ કહ્યું છે. (૧૦)

**मिउपिंडो दव्वघडो, सुसावगो तह य दव्वसाहुत्ति ।**
**साहू य दव्वदेवो, एमाइ सुए जओ भणितं ॥११॥**

**(શાસ્ત્રમાં દેખાતા યોગ્યતાવાચી) દ્રવ્યશબ્દના વિવિધ પ્રયોગોને બતાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–માટીનો પિંડ દ્રવ્યઘટ છે. સુશ્રાવક દ્રવ્યસાધુ છે. સાધુ દ્રવ્યદેવ છે. ઈત્યાદિ અનેક પ્રયોગો શાસ્ત્રમાં છે.

**ટીકાર્થ**—માટીનો પિંડ દ્રવ્યઘટ છે એટલે માટીનો પિંડ દ્રવ્યથી = યોગ્યતાથી ઘટ છે. માટીનો પિંડ સ્વરૂપે તો માટીનો પિંડ જ છે, પણ તેનામાં ઘટ રૂપે બનવાની યોગ્યતા હોવાથી તેને દ્રવ્યઘટ કહી શકાય. સુશ્રાવક દ્રવ્યથી-યોગ્યતાથી સાધુ છે. અર્થાત્ સુશ્રાવક સાધુ બનવાની યોગ્યતાવાળો હોવાથી દ્રવ્યસાધુ છે. સાધુ દ્રવ્યથી-યોગ્યતાથી દ્રવ્યદેવ છે. અર્થાત્ સાધુ દેવ બનવાની યોગ્યતાવાળો હોવાથી દ્રવ્યદેવ છે. આ પ્રમ ણે પ્રયોગો શાસ્ત્રમાં મળતા હોવાથી દ્રવ્યશબ્દ યોગ્યતા અર્થમાં રૂઢ છે. (૧૧)

**ता भावत्थयहेऊ, जो सो दवत्थओ इहं इट्ठो ।**
**जो उ न एवंभूओ, स अप्पहाणो परं होति ॥१२॥**

**(અપ્રધાન દ્રવ્યસ્તવ–)**

**ગાથાર્થ**—(ता=)દ્રવ્યશબ્દ યોગ્યતા અર્થમાં પ્રસિદ્ધ હોવાથી (इहं=)અહીં દ્રવ્યસ્તવ અધિકારમાં જે દ્રવ્યસ્તવ ભાવસ્તવનું (ચારિત્રસ્વીકારનું) સાક્ષાત્ કે પરંપરાએ કારણ બને તે દ્રવ્યસ્તવ તરીકે અભિમત છે, અને જે દ્રવ્યસ્તવ ભાવસ્તવનું કારણ ન બને તે (परं=)કેવળ અપ્રધાન દ્રવ્યસ્તવ છે.

**ટીકા—ભાવાર્થ**—દ્રવ્યશબ્દના પ્રધાનતા=યોગ્યતા અને અપ્રધાનતા=અયોગ્યતા એમ બે અર્થ છે. જિનમંદિરવિધાનાદિ જે દ્રવ્યસ્તવ ભાવસ્તવની યોગ્યતા હોવાથી ભાવસ્તવનું કારણ બને તે પ્રધાન દ્રવ્યસ્તવ અને જે દ્રવ્યસ્તવ ભાવસ્તવની યોગ્યતા ન હોવાથી ભાવસ્તવનું કારણ ન બને તે અપ્રધાન દ્રવ્યસ્તવ છે.

દ્રવ્યસ્તવના અધિકારમાં દ્રવ્યસ્તવ પૂર્વે પ્રસ્તુત પંચાશકની ત્રીજીગાથામાં જણાવેલા સ્વરૂપવાળું જાણવું. બીજા સ્થળે તો સ્તવશબ્દના અર્થને જાણનારો અને તેના અર્થમાં ઉપયોગથી રહિત પુરુષ વગેરે પણ દ્રવ્યસ્તવ છે. (૧૨)

**अप्पाहण्णेऽवि इहं, कत्थइ दिट्ठो उ दव्वसद्दोत्ति ।**
**अंगारमद्दगो जह, दव्वायरिओ सयाऽभव्वो ॥१३॥**

**દ્રવ્યશબ્દના અપ્રધાનતા અર્થને જ બતાવતા ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ**—(इह=)શાસ્ત્રમાં કોઈ કોઈ સ્થળે અપ્રધાનતા(=અયોગ્યતા) અર્થમાં પણ દ્રવ્યશબ્દનો પ્રયોગ જોવામાં આવ્યો છે. જેમકે સદા અભવ્ય એવો અંગારમર્દક દ્રવ્યાચાર્ય છે.

**ટીકાર્થ**—અહીં દ્રવ્યાચાર્ય એટલે આચાર્યપદની યોગ્યતાથી રહિત હોવાથી અપ્રધાન આચાર્ય.

**પ્રશ્ન**—અંગારમર્દક આચાર્ય આચાર્યપદને અયોગ્ય કેમ છે ?

**ઉત્તર**—તે અભવ્ય હોવાથી આચાર્યપદને અયોગ્ય છે.

**અંગારમર્દકાચાર્યનો વૃત્તાંત–**

શ્રી વિજયસેન નામના સદાચાર સંપન્ન આચાર્ય મહારાજ માસકલ્પ પ્રમાણે વિહાર કરતાં કરતાં ગર્જનક નામના નગરમાં પધાર્યા. ત્યાં તેમના ઉત્તમ સાધુઓએ ગાયો છોડવાના સમયે (અર્થાત્ પ્રભાતે) "સૂર અને ભદ્ર હાથીના બચ્ચાંઓથી યુક્ત ભુંડ આપણા સ્થાને આવ્યો." એવું સ્વપ્ન જોયું. તેમણે આશ્ચર્યકારી તે સ્વપ્ન આચાર્ય મહારાજને જણાવ્યું અને તેનો ભાવાર્થ પૂછ્યો. આચાર્ય મહારાજે કહ્યું કે–સુસાધુઓના પરિવારવાળા આચાર્ય આજે આવશે અને તમારા પરોણા થશે. પણ તે અભવ્ય છે એ ચોક્કસ છે. સાધુઓ સમક્ષ આચાર્ય મહારાજ આ પ્રમાણે વાત કરી રહ્યા હતા તેટલામાં અતિશય સૌમ્યગ્રહોના સમૂહથી યુક્ત શનિગ્રહની જેમ તથા મનોહર કલ્પવૃક્ષોના સમૂહથી યુક્ત એરંડવૃક્ષની જેમ સુસાધુઓથી યુક્ત રુદ્રદેવ નામના આચાર્ય ત્યાં આવ્યા. પરિવાર યુક્ત તેનો સાધુઓએ શાસ્ત્રોક્ત વિધિ મુજબ જલદી ઊભા થવું વગેરે યથાયોગ્ય અતિથિસત્કાર કર્યો. પછી સાંજે ભુંડ જેવા તે આચાર્યની પરીક્ષા કરવા માટે સાધુઓએ પોતાના આચાર્યની આજ્ઞાથી પેશાબ કરવા માટે જવાના માર્ગમાં કોલસી પાથરી, પછી રાત્રે શું થાય છે તે છૂપા રહીને જોવા લાગ્યા. છૂપા રહીને તેમણે જોયું કે–નવા આવેલા સાધુઓ પેશાબ કરવા જતાં પગથી દબાયેલી કોલસીના ક્રશ ક્રશ શબ્દો સંભળાતાં કદાચ પગ નીચે જીવો ચગદાઈ ગયા હશે એવી શંકાથી મિચ્છા મિ દુક્કડં એમ બોલવા લાગ્યા અને આવો અવાજ શા કારણે થયો છે તે દિવસે જોઈ લઈશું એ દૃષ્ટિથી જ્યાં ક્રશ ક્રશ અવાજ થયો ત્યાં નિશાની કરી લીધી. હવે આચાર્ય રુદ્રદેવ પેશાબ કરવાની ભૂમિ તરફ ચાલ્યા ત્યારે પણ પૂર્વ મુજબ અવાજ સંભળાયો. પણ જીવોની શ્રદ્ધા નહિ હોવાથી મૂઢ તે "પ્રમાણથી સિદ્ધ ન થતા હોવા છતાં જિનોએ આમને પણ (પૃથ્વીકાયને પણ) જીવ કહેલા છે." એમ બોલ્યા. ત્યાં રહેલા સાધુઓએ છૂપી રીતે જોયેલી આ હકીકત શ્રી વિજયસેનસૂરિ આચાર્ય મહારાજને કહી. આચાર્ય મહારાજે કહ્યું: તમે સ્વપ્નમાં જે ભુંડ જોયો હતો તે આ આચાર્ય છે અને ભદ્રકહાથીઓ જોયા હતા તે આ સાધુઓ છે. આમાં તમારે કોઈ જાતની શંકા કરવી નહીં. પછી તેમણે સવારે રુદ્રદેવ આચાર્યના શિષ્યોને રાત્રે બનેલી હકીકત કહીને આવી ચેષ્ટાથી આ અભવ્ય છે અને તમારે ઘોર સંસાર રૂપ વૃક્ષનું કારણ એવા તેનો ત્યાગ કરવો જોઈએ એમ યુક્તિથી ચેતવી દીધા. આથી તે સાધુઓએ પણ તેવા ઉપાયથી ધીમે ધીમે તેનો ત્યાગ કરી દીધો. સાધુઓ નિષ્કલંક ચારિત્ર પાળીને દેવલોકમાં ઉત્પન્ન થયા. તે બધાય ત્યાંથી ચ્યવીને આ જ ભરતમાં વસંતપુરનગરમાં જિતશત્રુ રાજાના પુત્રપણે ઉત્પન્ન થયા. સમય જતાં તે બધા યુવાન બન્યા. તે બધા સુંદર રૂપવાળા અને કળાઓમાં કુશળ હોવાથી સર્વત્ર તેમની કીર્તિ ફેલાણી હતી. આથી હસ્તિનાગ નગરના કનકધ્વજ નામના રાજાએ પોતાની કન્યાના વરના નિર્ણય માટે તેના સ્વયંવરમંડપમાં આવવા તે રાજપુત્રોને જલદી આમંત્રણ આપ્યું. ત્યાં આવેલા તેમણે એક ઊંટને જોયો. તે ઊંટની પીઠ ઉપર ઘણો ભાર હતો. ગળામાં મોટું કુતુપ (ઘી

આદિ રાખવાનું સાધન) બાંધ્યું હતું. તે કરુણ અવાજ કરી રહ્યો હતો. તેના શરીરે ખસ થઈ હતી. શરીરનાં બધાં અંગો જીર્ણ થઈ ગયાં હતાં. તેને દુઃખમાંથી છોડાવનાર કોઈ ન હતું. આથી તે અતિશય દુઃખી હતો. આવા ઊંટને દયાથી જોતાં બધા રાજકુમારોને શુભભાવના કારણે જાતિસ્મરણ જ્ઞાન થયું. આથી તેમણે દેવભવમાં થયેલ (અવધિ) જ્ઞાનથી (અમારા ગુરુ ઊંટ થયા છે એમ) જાણ્યું હોવાથી આ ઊંટ અમારો ગુરુ છે એમ સ્પષ્ટ તેને ઓળખી લીધો. આથી દયાળુ તેમણે "સંસારના દુષ્ટવર્તનને ધિક્કાર થાઓ ! કે જેથી તેવું જ્ઞાન પામીને પણ આ ખરાબ ભાવના કારણે આવી અવસ્થાને પામ્યો અને સંસારમાં પરિભ્રમણ કરશે." આમ વિચારીને તેના માલિકો પાસેથી તેને છોડાવ્યો. ત્યાર પછી તેમણે આવું સંસારનિર્વેદનું કારણ પામીને તે જ વખતે વિષયસુખોનો ત્યાગ કરીને પ્રવ્રજ્યા લીધી. ત્યારબાદ સદ્ગતિની પરંપરા પામી ટૂંકા કાળમાં એ બધા મોક્ષ પામશે. ઊંટનો જીવ અભવ્ય હોવાથી સંસાર-અટવીમાં પરિભ્રમણ કરશે. (૧૩)

**अप्पाहण्णा एवं, इमस्स दव्वत्थवत्तमविरुद्धं ।**
**आणाबज्झत्तणओ, न होइ मोक्खंगया णवरं ॥१४॥**

**જે દ્રવ્યસ્તવ ભાવસ્તવનું કારણ ન બને તે કેવળ અપ્રધાનદ્રવ્યસ્તવ છે એવા પૂર્વોક્ત અર્થનો ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–(अप्पाहण्णा=)અશુભ હોવાથી અને (एवं=)અપ્રધાનતા(=અયોગ્યતા) અર્થમાં દ્રવ્યશબ્દનો પ્રયોગ જોવામાં આવતો હોવાથી (इमस्स=)ભાવસ્તવનું કારણ ન બનનાર સ્તવનું દ્રવ્યસ્તવપણું સંગત જ છે. કેવળ આ દ્રવ્યસ્તવ આજ્ઞાબાહ્ય હોવાથી મોક્ષનું કારણ ન થાય.

**ટીકાર્થ**–(अप्पाहण्णा=)ભાવસ્તવનું કારણ ન બનવાના કારણે અશુભ હોવાથી, અને (एवं=)અપ્રધાનતા(=અયોગ્યતા) અર્થમાં પણ દ્રવ્યશબ્દનો પ્રયોગ જોવામાં આવતો હોવાથી (इमस्स=)ભાવસ્તવનું કારણ ન બનનાર દ્રવ્યસ્તવનું ભાવસ્તવની યોગ્યતાથી રહિત હોવાથી દ્રવ્યસ્તવપણું યોગ્ય જ છે, અર્થાત્ તેને દ્રવ્યસ્તવ તરીકે માનવો તે યોગ્ય જ છે.

**પ્રશ્ન**–આ રીતે ભાવસ્તવનું કારણ બનનાર અનુષ્ઠાનો પણ દ્રવ્યસ્તવ છે અને ભાવસ્તવનું કારણ ન બનનાર અનુષ્ઠાનો પણ દ્રવ્યસ્તવ છે, તો એ બેમાં ભેદ શો ?

**ઉત્તર**–ભાવસ્તવનું કારણ બનનાર[૧] દ્રવ્યસ્તવ મોક્ષનું કારણ બને છે. જ્યારે ભાવસ્તવનું કારણ ન બનનાર દ્રવ્યસ્તવ આપ્તની આજ્ઞાથી બાહ્ય હોવાથી મોક્ષનું કારણ બનતો નથી, અર્થાત્ તેનાથી મોક્ષની પ્રાપ્તિ થતી નથી. (૧૪)

---

૧. આ બંને અનુક્રમે પ્રધાનદ્રવ્યસ્તવ અને અપ્રધાનદ્રવ્યસ્તવ શબ્દથી ઓળખાય છે. એટલે એ બેમાં આ રીતે શબ્દભેદ પણ છે.

**भोगादिफलविसेसो, उ अत्थि एत्तोवि विसयभेदेण ।**
**तुच्छो उ तगो जम्हा, हवति पगारंतरेणावि ॥१५॥**

**જેમ અપ્રધાનદ્રવ્યસ્તવથી મોક્ષ થતો નથી, તેમ બીજું પણ ફળ મળતું નથી એવી આશંકા કરીને કહે છે–**

**ગાથાર્થ**–(एत्तोवि=)અપ્રધાનદ્રવ્યસ્તવથી પણ (विषयभेदेण=)વિષયભેદથી (भोगादिफलविसेसो=)ભોગાદિરૂપ ફળવિશેષ મળે છે. પણ (तगो=)તે ફળવિશેષ તુચ્છ છે. (जम्हा=)કારણ કે તે ફળ બીજી રીતે પણ મળે છે.

**ટીકાર્થ**–મનોહર વિષયો સ્વર્ગ, વિશ્વસનીય સુકુળ, શુભશરીર વગેરે ફળ તો અપ્રધાનદ્રવ્યસ્તવથી પણ મળે છે.

**પ્રશ્ન**–અપ્રધાનદ્રવ્યસ્તવ આપ્તાજ્ઞાથી બાહ્ય હોવા છતાં તેનાથી મનોહર વિષયાદિ ફળ કેમ મળે છે ?

**ઉત્તર**–(विसयभेदेण=)વિષયવિશેષથી તે ફળ મળે છે. દ્રવ્યસ્તવનો વિષય સર્વઅતિશયરૂપ માણેકરત્નોના સમુદ્રસમાન એવા વીતરાગ ભગવાન છે. આથી દ્રવ્યસ્તવનો વિષય પ્રધાન છે. વીતરાગ ભગવાન સંબંધી કોઈપણ અનુષ્ઠાન આજ્ઞાબાહ્ય હોય તો પણ સાવ નિષ્ફળ તો ન જ બને. કારણ કે પાત્રની પ્રધાનતા છે. અપ્રધાન દ્રવ્યસ્તવ વીતરાગ ભગવાન સંબંધી હોવાથી આજ્ઞાબાહ્ય હોવા છતાં તેનાથી મનોહર વિષયો વગેરે ફળ મળે છે. પણ તે ફળ તુચ્છ-અલ્પ છે. વિવેકીઓને આ ભોગાદિફળવિશેષ ફળરૂપે જણાતો નથી. કારણ કે તે ફળ તો પ્રકારાંતરથી=દ્રવ્યસ્તવ સિવાય બાલતપ વગેરેથી પણ મળે છે. જે બીજાં કારણોથી મળતું હોય તે જ જો વીતરાગ સંબંધી અનુષ્ઠાનથી મળતું હોય તો એમાં વીતરાગસંબંધી અનુષ્ઠાનની વિશેષતા શી ? વીતરાગસંબંધી અનુષ્ઠાનની વિશેષતા તો જ કહેવાય કે જો જે બીજાથી ન મળે તે મળતું હોય. એટલે અપ્રધાનદ્રવ્યસ્તવથી મનોહર વિષયો વગેરે ફળ મળે છે એમાં કોઈ વિશેષતા નથી. જેમાંથી દારિદ્ર્યને દૂર કરનાર મણિ મળતા હોય તેવા સમુદ્રમાંથી જીર્ણ કાચનો ટુકડો મળે તો શું એ ફળ કહેવાય ? [જે પેઢીથી દરરોજ હજારોની આવક થઈ શકે તેમ હોય તે પેઢીથી માત્ર આજીવિકા ચાલે તેટલું જ રળે તો તેને શું કમાણી કહેવાય ? ન કહેવાય. તેમ મોક્ષ આપનાર વીતરાગ ભગવાન સંબંધી અનુષ્ઠાનથી માત્ર ભોગફળ જ મળે તો શું તેને ફળ કહેવાય ? અવિવેકીઓને ભલે તે ફળ તરીકે દેખાય, પણ વિવેકીઓને તો તે ફળ તરીકે ન દેખાય.] તુ શબ્દ પુનઃ અર્થમાં છે. તેની ભાવના આ પ્રમાણે છે–અપ્રધાન-દ્રવ્યસ્તવથી મોક્ષ ન થાય, પણ ભોગાદિરૂપ ફળવિશેષ થાય છે. (૧૫)

**उचियाणुट्ठाणाओ, विचित्तजइजोगतुल्ल मो एस ।**
**जं ता कह दव्वथओ ? तद्दारेणऽप्पभावाओ ॥१६॥**

**દ્રવ્યસ્તવ ભાવસ્તવ છે એવી આશંકા કરીને તેનું નિરાકરણ કરતા ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ**—(जं=)જે કારણથી (एस=)જિનભવન વગેરે અનુષ્ઠાન ઉચિત અનુષ્ઠાન હોવાથી સાધુના વિવિધ યોગોના જેવા છે. (तं=) તે કારણથી જિનભવનાદિ અનુષ્ઠાન દ્રવ્યસ્તવ કેવી રીતે થાય ? જિનભવનાદિ અનુષ્ઠાનોથી શુભાધ્યવસાય અલ્પ થતો હોવાથી તે દ્રવ્યસ્તવ છે.

**ટીકાર્થ—પ્રશ્ન**—(ભાવસ્તવનું કારણ ન બનનાર જિનભવનાદિ અનુષ્ઠાનો દ્રવ્યસ્તવ છે એ વાત મગજમાં ઠસી ગઈ. હવે) ભાવસ્તવનું કારણ બનનાર જિનભવનાદિ અનુષ્ઠાનો દ્રવ્યસ્તવ કેમ ? ભાવસ્તવ કેમ નહિ ? એ પ્રશ્ન થાય છે. કારણ કે સાધુઓના ગ્લાનસેવા, સ્વાધ્યાય વગેરે યોગો ભાવસ્તવ છે, અને (ભાવસ્તવના કારણ રૂપ) જિનભવનાદિ અનુષ્ઠાનો પણ આપ્તકથિત હોવાના કારણે વિહિતક્રિયારૂપ હોવાથી સાધુના યોગો જેવા જ છે. અર્થાત્ જેમ સાધુના યોગો આપ્ત કથિત હોવાના કારણે વિહિત ક્રિયારૂપ હોવાથી શુભ છે, તેમ જિનભવનાદિ અનુષ્ઠાનો પણ આપ્ત કથિત હોવાના કારણે વિહિતક્રિયારૂપ હોવાથી શુભ છે. સાધુના યોગોની જેમ જિનભવનાદિ અનુષ્ઠાનો શુભ હોવાથી દ્રવ્યસ્તવ કેવી રીતે ? અર્થાત્ ભાવસ્તવ જ છે.

**ઉત્તર**—સાધુના યોગોથી થતા શુભાધ્યવસાયની અપેક્ષાએ જિનભવનાદિ અનુષ્ઠાનોથી શુભાધ્યવસાય અલ્પ થતો હોવાથી તે[1] દ્રવ્યસ્તવ છે. (૧૬)

**जिणभवणादिविहाणद्दारेणं एस होति सुहजोगो ।**
**उचियाणुट्ठाणंपि य, तुच्छो जइजोगतो णवरं ॥१७॥**

**આ જ ગાથાના અર્થને વિચારતા ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ**—(एस=)દ્રવ્યસ્તવ અને (उचियाणुट्ठाणंपि=)વિહિત અનુષ્ઠાન પણ જિનભવનનિર્માણ આદિદ્વારા જ શુભવ્યાપાર છે. તો પણ સાધુના વ્યાપારોની અપેક્ષાએ તુચ્છ છે.

**ટીકાર્થ**—યદ્યપિ દ્રવ્યસ્તવ અને વિહિત અનુષ્ઠાન પણ જિનભવનનિર્માણ આદિ દ્વારા જ સાધુના યોગોની જેમ શુભ વ્યાપાર છે, તો પણ સાધુના યોગોની અપેક્ષાએ તુચ્છ-અસાર છે.

**પ્રશ્ન**—સાધુના યોગોની અપેક્ષાએ દ્રવ્યસ્તવ તુચ્છ છે એનું શું કારણ ?

**ઉત્તર**—સાધુના યોગોથી થતા શુભાધ્યવસાયની અપેક્ષાએ દ્રવ્યસ્તવથી શુભાધ્યવસાય અલ્પ થતો હોવાથી દ્રવ્યસ્તવ અસાર છે.

**પ્રશ્ન**—સાધુના યોગોની અપેક્ષાએ દ્રવ્યસ્તવમાં શુભાધ્યવસાય અલ્પ થવાનું શું કારણ ?

---

૧. औचित्यप्रवृत्तिरूपत्वेऽप्यल्पभावत्वाद् द्रव्यस्तवः (લલિતવિસ્તરા અરિહંત ચેઇયાણં સૂત્રની વૃત્તિ.)

ઉત્તર–સાધુના યોગો સ્વરૂપથી જ શુભ છે, જ્યારે દ્રવ્યસ્તવ જિનભવનનિર્માણાદિ દ્વારા જ શુભ છે, સ્વરૂપથી નહિ. કારણ કે તેમાં કિંચિત્ પાપ થાય છે. (૧૭)

**सव्वत्थ निरभिसंगत्तणेण जइजोगमो महं होइ ।**
**एसो उ अभिस्संगा, कत्थइ तुच्छेऽवि तुच्छो उ ॥१८॥**

**ભાવસ્તવની અપેક્ષાએ દ્રવ્યસ્તવની અસારતાને જ બતાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–સાધુઓ સર્વવસ્તુઓમાં આસક્તિરહિત હોવાથી યતિયોગ મહાન છે. દ્રવ્યસ્તવ તો દ્રવ્યસ્તવ કરનારાઓને (कत्थइ तुच्छेऽवि=)ક્યાંક તુચ્છ વસ્તુઓમાં પણ આસક્તિ હોવાથી તુચ્છ છે.

**ટીકાર્થ**–સાધુ દ્રવ્ય-ક્ષેત્ર આદિ બધામાં સંગરહિત હોવાથી તેના યોગો દ્રવ્યસ્તવની અપેક્ષાએ મહાન-ઉત્તમ છે. દ્રવ્યસ્તવ કરનારાઓ અસાર પણ શરીર, સ્ત્રી, સંતાન, ઘર, મિત્ર આદિ ઉપર આસક્તિવાળા હોવાથી દ્રવ્યસ્તવ સાધુના યોગોની અપેક્ષાએ અસાર છે.

**પ્રશ્ન**–શરીર, સ્ત્રી, સંતાન, ઘર, મિત્ર વગેરે અસાર કેમ છે ?

**ઉત્તર**–શરીર વગેરેથી પરલોકનો કોઈ લાભ થતો નથી. [બલ્કે તેની ખાતર પાપ કરવાથી પરલોકનું નુકસાન થાય છે.] માટે તે અસાર છે. તુચ્છ વસ્તુનો સંગ કરવો એ ઉચિત નથી. (૧૮)

**जम्हा उ अभिस्संगो, जीवं दूसेइ णियमतो चेव ।**
**तद्दूसियस्स जोगो, विसघारियजोगतुल्लोत्ति ॥१९॥**

**આસક્તિના કારણે દ્રવ્યસ્તવ અસાર કેમ છે એવી આશંકાનો ઉત્તર કહે છે–**

**ગાથાર્થ**–કારણ કે આસક્તિ અવશ્ય જીવને દૂષિત કરે છે. આસક્તિથી દૂષિત બનેલા જીવનો વ્યાપાર ઝેરથી વ્યાપ્ત બનેલા પુરુષના વ્યાપાર તુલ્ય હોય છે.

**ટીકાર્થ**–આસક્તિના કારણે દ્રવ્યસ્તવ અસાર છે. કારણ કે આસક્તિ સ્ફટિક જેવા નિર્મળ પણ જીવને અવશ્ય મલિન બનાવે છે. સંગરૂપ મળથી મલિન બનેલા જીવનો વ્યાપાર ઝેરથી વ્યાપ્ત બનેલા પુરુષના વ્યાપાર સમાન હોય છે. અર્થાત્ જેમ ઝેરથી વ્યાપ્ત બનેલા પુરુષમાં ચેતના(-શુદ્ધિ) અસ્પષ્ટ હોવાથી વ્યાપાર અલ્પ હોય છે, તેમ આસક્તિરૂપ કલંકથી કલુષિત બનેલા જીવનો શુભવ્યાપાર અલ્પ શુભ હોય છે. (૧૯)

**जइणो अदूसियस्सा, हेयाओ सव्वहा णियत्तस्स ।**
**सुद्धो उ उवादेए, अकलंको सव्वहा सो उ ॥२०॥**

**આ જ વિષયમાં વ્યતિરેકને(=સર્વથા શુદ્ધ વ્યાપાર સાધુનો જ હોય એમ) કહે છે–**

**ગાથાર્થ**—આસક્તિથી અકલુષિત અને હેયથી સર્વથા નિવૃત્ત સાધુનો વ્યાપાર આસક્તિથી અદૂષિત જ છે. તથા યતિયોગ જ ઉપાદેયમાં સર્વપ્રકારે દોષરૂપ કલંકથી રહિત છે.

**ટીકાર્થ**—આસક્તિથી અકલુષિત, એથી જ હેય એવા હિંસાદિથી સર્વથા (=ત્રિવિધ-ત્રિવિધથી) નિવૃત્ત એવા સાધુનો વ્યાપાર આસક્તિથી અદૂષિત જ છે. તથા યતિયોગ જ ઉપાદેય મહાવ્રતાદિમાં આજ્ઞાપૂર્વક પ્રવૃત્તિ હોવાથી સર્વ પ્રકારે દોષરૂપ કલંકથી રહિત છે. આથી દ્રવ્યસ્તવ વિવિધ યતિવ્યાપારની તુલ્ય ન હોવાથી ભાવસ્તવ જ નથી, એ નિશ્ચિત થયું. (૨૦)

**असुहतरंडुत्तरणप्पाओ दव्वत्थओऽसमत्तो य ।**
**णदिमादिसु इयरो पुण, समत्तबाहुत्तरणकप्पो ॥२१॥**

**હવે દૃષ્ટાંતથી ભાવસ્તવ અને દ્રવ્યસ્તવમાં રહેલી વિશેષતાને કહે છે—**

**ગાથાર્થ**—દ્રવ્યસ્તવ અશુભ કાષ્ઠ આદિથી નદી આદિને તરવા સમાન છે, અને અપૂર્ણ છે. ભાવસ્તવ બાહુથી નદી આદિને તરવા સમાન છે, અને સંપૂર્ણ છે.

**ટીકાર્થ**—દ્રવ્યસ્તવ કંઈક સાવદ્ય હોવાથી કાંટાવાળા કાષ્ઠ વગેરેથી નદી, હૃદ આદિને તરવા સમાન છે. તથા તેનાથી જ[1] સિદ્ધિ ન થતી હોવાથી (=ભાવસ્તવ દ્વારા મોક્ષનું કારણ હોવાથી) અપૂર્ણ છે. ભાવસ્તવ આત્મપરિણામરૂપ હોવાથી અને બાહ્ય દ્રવ્યોની અપેક્ષાથી રહિત હોવાથી બાહુથી નદી આદિને તરવા સમાન છે, અને દ્રવ્યસ્તવની અપેક્ષા વિના સંસારસાગરને પાર પમાડવામાં તત્પર હોવાથી સંપૂર્ણ છે. (૨૧)

**कडुगोसधादिजोगा, मंथररोगसमसण्णिहो वावि ।**
**पढमो विणोसहेणं, तक्खयतुल्लो य बीतिओ उ ॥२२॥**

**અહીં જ બીજા દૃષ્ટાંતને કહે છે—**

**ગાથાર્થ**—અથવા દ્રવ્યસ્તવ તીખા ઔષધના યોગથી દીર્ઘકાળે થનારા રોગોપશમ તુલ્ય છે, ભાવસ્તવ ઔષધ વિના રોગક્ષય તુલ્ય છે.

**ટીકાર્થ**—અથવા દ્રવ્યસ્તવ સુંઠ આદિ તીખા ઔષધના યોગથી અને ક્ષાર-[2]શરાવેધ આદિથી લાંબા કાળે થનારા રોગોપશમ તુલ્ય છે. ભાવસ્તવ ઔષધ વિના જ રોગક્ષય તુલ્ય જ છે.

**અહીં આ અભિપ્રાય છે**—ભાવસ્તવ આત્મપરિણામ રૂપ જ છે. દ્રવ્યસ્તવની જેમ બાહ્યદ્રવ્યની અપેક્ષાવાળો નથી. તથા ભાવસ્તવથી જ આત્યન્તિક(=ફરી ન બંધાય એ રીતે)

---

૧. એકલા દ્રવ્યસ્તવથી જ મોક્ષ થતો નથી, અર્થાત્ દ્રવ્યસ્તવથી સીધો મોક્ષ થતો નથી, કિંતુ ભાવસ્તવ દ્વારા પરંપરાએ મોક્ષ થાય છે.

૨. શરા એટલે ચામડી ઉપર થઈ આવતી નાની નાની ફોલ્લી.

કર્મક્ષય થાય છે. એ હેતુથી ભાવસ્તવ ઔષધ વિના રોગક્ષય તુલ્ય છે એમ કહ્યું છે.

અહીં દ્રવ્યસ્તવમાં રોગનો માત્ર ઉપશમ થાય છે, ક્ષય થતો નથી. તથા દીર્ઘકાળે થાય છે, અલ્પકાળમાં થતો નથી. ભાવસ્તવમાં રોગનો ક્ષય થાય છે, અને અલ્પકાળમાં થાય છે.

ગાથામાં રહેલા **पढम** શબ્દનો દ્રવ્યસ્તવ એવો અર્થ છે. સૂત્રક્રમના પ્રામાણ્યથી- (=સૂત્રમાં પહેલાં દ્રવ્યસ્તવનું અને પછી ભાવસ્તવનું વર્ણન કર્યું છે એ ક્રમના પ્રામાણ્યથી) અને પ્રાયઃ પહેલાં દ્રવ્યસ્તવની પ્રાપ્તિ થતી હોવાથી દ્રવ્યસ્તવ પ્રથમ છે.

અહીં દ્રવ્યસ્તવ ઔષધતુલ્ય છે, કર્મશમ રોગશમ તુલ્ય છે. છતાં દ્રવ્યસ્તવને રોગશમ તુલ્ય કહ્યો તે કાર્યમાં કારણના ઉપચારથી સમજવું. એ પ્રમાણે ભાવસ્તવ ઔષધાભાવ તુલ્ય છે, કર્મક્ષય રોગક્ષય તુલ્ય છે. છતાં અહીં ભાવસ્તવને કર્મક્ષય તુલ્ય કહ્યો તે કાર્યમાં કારણના ઉપચારથી સમજવું. (૨૨)

**पढमाउ कुसलबंधो, तस्स विवागेण सुगइमादीया ।**
**तत्तो परंपराए, बीतिओऽविहु होइ कालेणं ॥२३॥**

**હવે હેતુ-ફળભાવથી દ્રવ્યસ્તવ-ભાવસ્તવના જ ભેદને(=તફાવતને) કહે છે–**

**ગાથાર્થ**–દ્રવ્યસ્તવથી પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થાય છે. તેના વિપાકથી સુગતિ આદિ થાય છે. પછી કેટલાક કાળે ભાવસ્તવ પણ થાય છે.

**ટીકાર્થ**–દ્રવ્યસ્તવથી પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થાય છે. તેના વિપાકથી સુદેવભવ-સુમનુષ્યભવરૂપ સુગતિ આદિ પ્રાપ્ત થાય છે. અહીં આદિશબ્દથી શુભસત્ત્વ, સંઘયણ, ઔદાર્ય, શુભસંપત્તિ વગેરેનું ગ્રહણ કરવું. પછી સુગતિ આદિની જ અવિચ્છિન્ન પરંપરાથી કેટલોક કાળ પસાર થયે છતે ભાવસ્તવ પણ પ્રાપ્ત થાય છે.

કાળ તથાભવ્યત્વના પરિપાકનો હેતુ હોવાથી "કેટલોક કાળ પસાર થયા પછી" એમ કહ્યું છે.

(અહીં દ્રવ્યસ્તવ હેતુ છે અને ભાવસ્તવ દ્રવ્યસ્તવનું ફળ છે એમ ભેદ જણાવ્યો છે.) (૨૩)

**चरणपडिवत्तिरूवो, थोयव्वोचियपवित्तिओ गुरुओ ।**
**संपुण्णाणाकरणं, कयकिच्चे हंदि उचियं तु ॥२४॥**

**કેટલોક કાળ પસાર થયા પછી ભાવસ્તવ પણ થાય છે એમ કહ્યું. હવે ભાવસ્તવના જ સ્વરૂપનું પ્રતિપાદન કરવા માટે કહે છે–**

**ગાથાર્થ**–ભાવસ્તવ ચારિત્રના સ્વીકારરૂપ છે. એ ભાવસ્તવ પૂજનીય વીતરાગ ભગવાન સંબંધી ઉચિત પ્રવૃત્તિરૂપ હોવાથી મહાન છે. પૂજનીય વીતરાગ ભગવાનની

આજ્ઞાનું સંપૂર્ણ પાલન જ કૃતકૃત્ય વીતરાગ સંબંધી ઉચિત પ્રવૃત્તિરૂપ છે.

**ટીકાર્થ**—ભાવસ્તવ ચારિત્રના સ્વીકારરૂપ છે. એ ભાવસ્તવ પૂજનીય વીતરાગ ભગવાન સંબંધી ઉચિત પ્રવૃત્તિરૂપ હોવાથી મહાન છે.

**પ્રશ્ન**—દ્રવ્યસ્તવ પણ ઉચિત પ્રવૃત્તિરૂપ હોવાથી મહાન કેમ નહિ ?

**ઉત્તર**—(મુખ્યતયા) વીતરાગ ભગવાનની આજ્ઞાનું સંપૂર્ણ પાલન જ કૃત્યકૃત્ય વીતરાગ સંબંધી ઉચિત પ્રવૃત્તિરૂપ છે. દ્રવ્યસ્તવનું કારણ એવા પુષ્પ વગેરે તો ભગવાન કૃતકૃત્ય હોવાથી ભગવાનને ઉપયોગી નથી. (૨૪)

**णेयं च भावसाहुं, विहाय अण्णो चएति काउं जे ।**
**सम्मं तग्गुणणाणाभावा तह कम्मदोसा य ॥२५॥**

**સંપૂર્ણ આજ્ઞાપાલન સાધુને જ હોય બીજાને નહિ એમ બતાવતા ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ**—આજ્ઞાપાલનના ગુણોનું(=લાભનું) સમ્યક્જ્ઞાન ન હોવાથી અને કર્મદોષના કારણે સંપૂર્ણ આજ્ઞાનું પાલન કરવા માટે ભાવસાધુ સિવાય બીજો કોઈ સમર્થ નથી.

**ટીકાર્થ**—સંપૂર્ણ આજ્ઞાનું પાલન કરવા માટે ભાવસાધુ સિવાય બીજો કોઈ સમર્થ નથી. કારણ કે બીજાઓને સંપૂર્ણ આજ્ઞાપાલનથી થતા લાભનું યથાર્થ જ્ઞાન નથી. જેમાં ભગવાનની આજ્ઞા વિસ્તારથી સમજાવવામાં આવી છે તે શાસ્ત્રના અભ્યાસ માટે ભાવસાધુ જ વિશેષ અધિકારી હોવાથી ભાવસાધુ જેવી રીતે સંપૂર્ણ આજ્ઞાપાલનના ગુણો જાણી શકે તેવી રીતે સમ્યગ્દષ્ટિ શ્રાવક વગેરે ન જાણી શકે. તથા બીજી વાત એ છે કે કદાચ સંપૂર્ણ આજ્ઞાપાલનના લાભનું કોઈક રીતે જ્ઞાન થાય તો પણ ચારિત્રમોહનીય કર્મોદય રૂપ દોષથી ભાવયતિ સિવાય બીજો કોઈ તેને અમલમાં ન મૂકી શકે. આથી સંપૂર્ણ આજ્ઞાપાલનરૂપ ભાવસ્તવ મહાન છે. (૨૫)

**इत्तो च्चिय फुल्लामिसथूईपडिवत्तिपूयमज्झंमि ।**
**चरिमा गरुई इट्ठा, अण्णेहिवि णिच्चभावाओ ॥२६॥**

**અન્ય આચાર્યોને પણ ભાવસ્તવની મહત્તા ઈષ્ટ છે એમ જણાવતા ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ**—આથી જ અન્ય આચાર્યો પણ પુષ્પ, આહાર, સ્તુતિ અને પ્રતિપત્તિ એ ચાર પૂજાઓમાં છેલ્લી પૂજા નિત્ય હોવાથી છેલ્લી પૂજાને મહાન માને છે.

**ટીકાર્થ**—સંપૂર્ણ આજ્ઞાપાલન ભાવસાધુથી જ થઈ શકે તેમ હોવાથી અન્ય આચાર્યો પણ પુષ્પ, આહાર, સ્તુતિ અને પ્રતિપત્તિ(=ચારિત્ર સ્વીકાર) એ ચાર પૂજાઓમાં છેલ્લી પૂજાને મહાન[1] માને છે. કારણ કે તે નિત્ય-યાવજ્જીવ હોય છે. જ્યારે પુષ્પાદિ પૂજા

---

૧. લલિત વિસ્તરા 'नमोऽत्थु णं अरिहंताणं'ની વ્યાખ્યા.

ક્યારેક હોય છે.

અહીં પુષ્પપૂજાના ઉપલક્ષણથી વસ્ત્ર, રત્ન વગેરે પૂજા પણ સમજી લેવી. આહાર-પૂજાના ઉપલક્ષણથી ફળ વગેરે સર્વનૈવેદ્યનું ગ્રહણ જાણવું. સ્તુતિ એટલે ગુણોત્કીર્તન. પ્રતિપત્તિ એટલે ચારિત્રનો સ્વીકાર. (૨૬)

**दव्वत्थयभावत्थयरूवं एयमिह होति दट्ठव्वं ।**
**अण्णोऽण्णसमणुविद्धं, णिच्छयतो भणियविसयं तु ॥२७॥**

**બંને સ્તવ ભિન્ન હોવા છતાં પરસ્પર સંકળાયેલા છે એમ બતાવતા ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ**—અહીં દ્રવ્યસ્તવ-ભાવસ્તવનું સ્વરૂપ આ(=પૂર્વે બતાવ્યું તે) જાણવું. બંનેનું સ્વરૂપ પરમાર્થથી પરસ્પર સંકળાયેલું છે. બંનેનો વિષય પૂર્વે કહ્યો છે.

**ટીકાર્થ**—અહીં સ્તવના અધિકારમાં જિનભવનનિર્માણાદિ દ્રવ્યસ્તવ અને ચારિત્ર-સ્વીકારરૂપ ભાવસ્તવ (ભિન્ન હોવા છતાં) પરમાર્થથી પરસ્પર સંકળાયેલા(=સાપેક્ષ) છે. દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનો વિષય પહેલાં કહેવાઈ ગયો છે. તે આ પ્રમાણે—દ્રવ્યસ્તવનો વિષય(=અધિકારી) ગૃહસ્થ છે અને ભાવસ્તવનો વિષય(=અધિકારી) સાધુ છે.

[ગૃહસ્થને મુખ્યરૂપે દ્રવ્યસ્તવ અને સાધુને મુખ્યરૂપે ભાવસ્તવ છે. ગૌણ રૂપે તો ગૃહસ્થને પણ ભાવસ્તવ છે અને સાધુને પણ દ્રવ્યસ્તવ છે. ગૃહસ્થને પણ ચારિત્રની ભાવના, અનુમોદના આદિથી અને સામાયિક આદિથી ગૌણરૂપે ભાવસ્તવ છે. સાધુને પણ દ્રવ્યસ્તવની અનુમોદના-પ્રશંસાદિથી દ્રવ્યસ્તવ છે. આથી જ અહીં બંને સ્તવ પરસ્પર સંકળાયેલા(=સાપેક્ષ) છે એમ કહ્યું છે.] (૨૭)

**जइणोऽवि हु दव्वत्थयभेदो अणुमोयणेण अत्थित्ति ।**
**एयं च एत्थ णेयं, इय सुद्धं तंतजुत्तीए ॥२८॥**

**ભાવસ્તવ દ્રવ્યસ્તવની સાથે સંકળાયેલું છે એમ બતાવતા ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ**—સાધુને પણ અનુમોદન વડે દ્રવ્યસ્તવ છે. દ્રવ્યસ્તવ સંબંધી આ અનુમોદન હવે પછીની ગાથામાં કહેવાશે તે પ્રમાણે શાસ્ત્રયુક્તિથી શુદ્ધ જાણવું.

**ટીકાર્થ**—સાધુને પણ જિનપૂજનાદિના દર્શનથી થયેલ હર્ષ-પ્રશંસા આદિ રૂપ અનુમોદનથી [૧]દ્રવ્યસ્તવ છે.

**પ્રશ્ન**—સર્વ સાવદ્યનો ત્યાગ કરનાર સાધુની કંઈક સાવદ્ય દ્રવ્યસ્તવની અનુમોદના પ્રમાણ રહિત હોવાથી દોષિત છે.

---

૧. લલિતવિસ્તરા વગેરેમાં ઉપદેશ દ્વારા કરાવવાથી પણ સાધુને દ્રવ્યસ્તવ છે એમ કહ્યું છે.

**ઉત્તર**—સાધુની દ્રવ્યસ્તવની અનુમોદના નીચે કહેવાશે તે શાસ્ત્રગર્ભિતયુક્તિથી શુદ્ધ છે. (૨૮)

**तंतम्मि वंदणाए, पूयणसक्कारहेउ उस्सग्गो ।**
**जतिणोऽवि हु णिद्दिट्ठो, ते पुण दव्वत्थयसरूवे ॥२९॥**

**શાસ્ત્રગર્ભિતયુક્તિથી સાધુને દ્રવ્યસ્તવસંબંધી અનુમોદન છે એ વિષયને જ બતાવતા ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ**—ચૈત્યવંદન નામના શાસ્ત્રમાં સાધુને પણ પૂજન-સત્કાર માટે કાયોત્સર્ગ કહ્યો છે. તે પૂજન-સત્કાર દ્રવ્યસ્તવરૂપ છે.

**ટીકાર્થ**—ચૈત્યવંદન[1] નામના શાસ્ત્રમાં 'અરિહંત ચેઈઆણં' સૂત્રમાં સાધુને પણ પૂજન-સત્કાર નિમિત્તે કાઉસ્સગ્ગ કહ્યો છે. પૂજન અને સત્કાર દ્રવ્યસ્તવ છે. અર્થાત્ શાસ્ત્રમાં સાધુને દ્રવ્યસ્તવ રૂપ પૂજન-સત્કાર નિમિત્તે કાઉસ્સગ્ગ કરવાનું કહ્યું હોવાથી સાધુની દ્રવ્યસ્તવની અનુમોદના શાસ્ત્રસંમત છે. (૨૯)

**मल्लाइएहिं पूजा, सक्कारो पवरवत्थमादीहिं ।**
**अण्णे विवज्जओ इह, दुहावि दव्वत्थओ एत्थ ॥३०॥**

**હવે પૂજન-સત્કાર દ્રવ્યસ્તવ છે એમ જણાવવા માટે કહે છે—**

**ગાથાર્થ-ટીકાર્થ**—પુષ્પમાળા આદિથી થતી પૂજા પૂજન છે અને શ્રેષ્ઠ વસ્ત્ર આદિથી થતી પૂજા સત્કાર છે. કેટલાક આચાર્યો આનાથી વિપરીત કહે છે, અર્થાત્ શ્રેષ્ઠ વસ્ત્ર આદિથી થતી પૂજા પૂજન છે અને પુષ્પમાલા આદિથી થતી પૂજા સત્કાર છે એમ કહે છે. બંને અર્થ પ્રમાણે પૂજન-સત્કાર દ્રવ્યસ્તવ છે.

પુષ્પમાળા આદિથી એ સ્થળે રહેલ આદિશબ્દથી નહિ ગુંથેલાં પુષ્પોનું ગ્રહણ કરવું. શ્રેષ્ઠ વસ્ત્ર આદિથી એ સ્થળે રહેલ આદિશબ્દ સુવર્ણ આદિનું ગ્રહણ કરવા માટે છે. (૩૦)

**ओसरणे बलिमादी, ण चेह जं भगवयावि पडिसिद्धं ।**
**ता एसमणुण्णाओ, उचियाणं गम्मती तेण ॥३१॥**

**આ પ્રમાણે શાસ્ત્રને આશ્રયીને સાધુનું દ્રવ્યસ્તવ સંબંધી અનુમોદન બતાવ્યું. હવે યુક્તિથી તેને જ બતાવતા ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ**—(तेण भगवयावि=)તે ભગવાને પણ સમવસરણમાં બલિ આદિનો નિષેધ કર્યો નથી. (ता=)તેથી (गम्मती=)જણાય છે કે (उचियाणं=)દ્રવ્યસ્તવને યોગ્ય જીવોનો આ

---

૧.જેના ઉપર આચાર્ય શ્રીહરિભદ્રસૂરિની લલિતવિસ્તરા નામની ટીકા છે તે ચૈત્યવંદન શાસ્ત્ર છે.

દ્રવ્યસ્તવ ભગવાનને અનુમત છે.

**ટીકાર્થ**–બલિ આદિથી થતી પૂજા દ્રવ્યસ્તવ છે. દ્રવ્યસ્તવને યોગ્ય રાજા વગેરે ગૃહસ્થોને ભગવાને તેનો નિષેધ કર્યો નથી. ભગવાન નિરતિચાર ચારિત્રવાળા હોવાથી ભગવાને તેનો નિષેધ કરવો જોઈએ, પણ કર્યો નથી. આથી રાજાદિનો આ દ્રવ્યસ્તવ ભગવાનને અનુમત-સંમત છે એમ જણાય છે. કારણ કે अनिषिद्धमनुमतम्=જેનો નિષેધ ન કર્યો હોય તે અનુમત-સંમત છે એવો નિયમ છે.

સમવસરણમાં રાજા વગેરે બલિ આદિથી ભગવાનની પૂજા કરે છે. આ વિષે કહ્યું છે કે–

**"રાજા, રાજા ન હોય તો પ્રધાન, પ્રધાન ન હોય તો નગરનો વિશિષ્ટ લોકસમુદાય, અથવા ગામડા વગેરેમાં ગામ આદિનો લોકસમુદાય બલિ કરે."**

બલિ કરવાનો વિધિ આ પ્રમાણે છે–

દુર્બળ સ્ત્રી એક આઢક પ્રમાણ ઉત્તમ ડાંગરને ખાંડે. પછી બળવાન સ્ત્રી તેને છડી નાખે. (૧) પછી તે ચોખાને વીણવા માટે શેઠ વગેરેના ઘરે મોકલે. વીણીને અખંડ અને ડાઘ વિનાના ચોખા કોઈ સાધનમાં (સમવસરણ પાસે) લઈ આવે. દેવો પણ ત્યાં જ તે બલિમાં સુગંધી ચૂર્ણ વગેરે નાખે. (૨)[1] (૩૧)

**ण य भगवं अणुजाणति, जोगं मुक्खविगुणं कदाचिदपि ।**
**ण य तयणुगुणोवि तओ, ण बहुमतो होति अण्णेसिं ॥३२॥**

**દ્રવ્યસ્તવ ભગવાનને અનુમત ભલે હોય, પણ ભગવાનથી બીજાઓની(=સાધુઓની) દ્રવ્યસ્તવની અનુમતિ યુક્ત નથી. કેમકે તે મુક્તિનું કારણ નથી આવી આશંકા કરીને કહે છે–**

**ગાથાર્થ**–ભગવાન મોક્ષને પ્રતિકૂળ ક્રિયાની ક્યારે પણ અનુજ્ઞા ન આપે, અને મોક્ષને અનુકૂળ પણ ક્રિયામાં (अन्नेसिं=)સાધુઓની અનુમતિ ન હોય એવું બને નહિ.

**ટીકાર્થ**–ભગવાન સદા અને સર્વત્ર પારમાર્થિક પરોપકાર કરવાના સ્વભાવવાળા હોવાથી મોક્ષને પ્રતિકૂળ ક્રિયાની અનુમતિ ક્યારે પણ ન જ આપે, અને મોક્ષને અનુકૂળ પણ ક્રિયામાં સાધુઓની અનુમતિ ન હોય એવું બને નહિ. (૩૨)

**जो चेव भावलेसो, सो चेव य भगवतो बहुमतो उ ।**
**ण तओ विणेयरेणंति अत्थओ सोवि एमेव ॥३३॥**

**ભગવાન ચારિત્રી હોવાથી ભગવાનને પણ દ્રવ્યસ્તવની અનુમતિ યુક્ત નથી એવી આશંકા કરીને કહે છે–**

---

૧.આવશ્યકનિર્યુક્તિ ગા. ૫૮૪-૫૮૫, બૃહત્કલ્પ ગા. ૧૨૧૧-૧૨૧૨.

**ગાથાર્થ**–જે ભાવલેશ છે તે જ ભગવાનને અનુમત છે. તે ભાવલેશ દ્રવ્યસ્તવ વિના ન થાય. આથી સામર્થ્યથી (एमेव=)ભાવલેશની જેમ દ્રવ્યસ્તવ પણ અનુમત છે.

**ટીકાર્થ**–દ્રવ્યસ્તવથી ભગવદ્બહુમાન રૂપ જે થોડો ભાવ થાય તે જ મુખ્યતયા ભગવાનને અનુમત-સંમત છે, અને તે ભાવલેશ દ્રવ્યસ્તવ વિના બીજા યોગથી થતો ન હોવાથી અર્થાપત્તિથી ગૌણ રૂપે દ્રવ્યસ્તવ પણ ભાવલેશની જેમ અનુમત જ છે. (૩૩)

**कज्जं इच्छंतेणं, अणंतरं कारणंपि इट्ठं तु ।**
**जह आहारजतित्तिं, इच्छंतेणेह आहारो ॥३४॥**

**ગાથાર્થ**–કાર્યને ઇચ્છનારા વડે અનંતર કારણ પણ ઇચ્છાયેલું છે. જેમકે લોકમાં આહારથી થનારી તૃપ્તિને ઇચ્છનારા વડે આહાર ઇચ્છાયેલો જ છે.

**ટીકાર્થ**–કાર્યની ઇચ્છાવાળાને અનંતર (જેનાથી સીધું કાર્ય થાય તે) કારણની ઇચ્છા થાય જ છે. જેમ કે, ભૂખ શમાવવાની ઇચ્છાવાળાને આહારની ઇચ્છા થાય જ છે. **અર્થાત્** કાર્યની ઇચ્છામાં-અનુમતિમાં તેના અનંતર કારણની પણ ઇચ્છા-અનુમતિ રહેલી જ હોય છે. કારણ કે કારણ વિના કાર્ય ન થાય. આથી દ્રવ્યસ્તવ ભાવલેશનું અનંતર કારણ હોવાથી ભાવલેશની અનુમતિમાં દ્રવ્યસ્તવની પણ અનુમતિ રહેલી જ છે, એટલે ભગવાનને ભાવલેશ અનુમત હોવાથી દ્રવ્યસ્તવ પણ અનુમત જ છે એ સિદ્ધ થાય છે. (૩૪)

**जिणभवणकारणाइवि, भरहादीणं ण वारितं तेण ।**
**जह तेसिं चिय कामा, सल्लविसादीहिं णाएहिं ॥३५॥**

**બલિઆદિમાં જિનની અનુમતિ હો, પણ જિનભવન આદિમાં જિનની અનુમતિ નહિ હોય એવી આશંકા કરીને કહે છે–**

**ગાથાર્થ**–ભગવાને ભરત આદિને જે રીતે શલ્ય, વિષ આદિ દૃષ્ટાંતોથી વિષયોનો નિષેધ કર્યો તે રીતે જિનભવનનિર્માણ આદિનો નિષેધ કર્યો નથી.

**ટીકાર્થ**–શ્રી આદિનાથ ભગવાને ભરત આદિને જેમ શલ્ય, વિષ ઇત્યાદિ દૃષ્ટાંતોથી વિષયભોગનો નિષેધ કર્યો, તેમ જિનભવનનિર્માણ આદિનો અને સમવસરણમાં બલિ વગેરેનો નિષેધ કર્યો નથી, જો આદિનાથ ભગવાનને જિનભવનનિર્માણ આદિ અનુમત ન હોત તો તેનો વિષયભોગની જેમ નિષેધ કર્યો હોત.

શલ્ય વગેરે દૃષ્ટાંતો (ઉત્તરાધ્યયન અધ્યયન ૯ ગાથા-૫૩) આ પ્રમાણે છે–

**"વિષયો શલ્ય સમાન છે, વિષયો ઝેર સમાન છે, વિષયો આશીવિષ સર્પ સમાન છે, વિષયોની ઇચ્છા પૂરી ન થવાથી વિષયો ભોગવ્યા વિના પણ વિષયોની ઇચ્છા માત્રથી જીવો દુર્ગતિમાં જાય છે."** (૩૫)

**ता तंपि अणुमयं चिय, अप्पडिसेहाउ तंत्तजुत्तीए ।**
**इय सेसाणवि एत्थं, अणुमोयणमादि अविरुद्धं ॥३६॥**

**ગાથાર્થ**–(ता अप्पडिसेहाउ=)જિનભવનનિર્માણ આદિનો પ્રતિષેધ ન કર્યો હોવાથી શાસ્ત્રયુક્તિથી જિનભવનાદિ પણ ભગવાનને અનુમત જ છે. આ પ્રમાણે દ્રવ્યસ્તવમાં બીજાઓને પણ અનુમોદનાદિ વિરુદ્ધ નથી.

**ટીકાર્થ**–ભગવાને જિનભવનનિર્માણ આદિનો અને સમવસરણમાં બલિ વગેરેનો નિષેધ ન કર્યો હોવાથી ભગવાનને તે અનુમત જ છે એમ 'જો અનુમત ન હોત તો વિષયભોગની જેમ તેનો નિષેધ કરત એવી શાસ્ત્રયુક્તિથી' સિદ્ધ થાય છે. એ પ્રમાણે સાધુઓને પણ જિનબિંબનાં દર્શનથી થતા પ્રમોદથી અને જિનબિંબાદિ કરાવનારની પ્રશંસાથી દ્રવ્યસ્તવ સંબંધી અનુમોદના સંગત છે. તથા જિનબિંબાદિ કરાવનારની પ્રશંસા દ્વારા અને જિનબિંબાદિ કરાવવાથી થતા લાભનું વર્ણન કરીને બિંબાદિ કરાવવાનો ઉત્સાહ કરાવવા દ્વારા સાધુઓને દ્રવ્યસ્તવનું કરાવવું પણ સંગત છે. કારણ કે દ્રવ્યસ્તવમાં મુખ્યપણે મોક્ષનું સાધન બને તેવો જ ભાવલેશ(=થોડો શુભભાવ) ઉપાદેય છે. (અર્થાત્ જિનભવનાદિ ગૌણપણે ઉપાદેય છે, મુખ્યપણે તો તેનાથી થતો શુભભાવલેશ ઉપાદેય છે.) આ વિષય પહેલાં ૩૩મી વગેરે ગાથાઓમાં જણાવી દીધો છે. (૩૬)

**जं च चउद्धा भणिओ, विणओ उवयारिओ उ जो तत्थ ।**
**सो तित्थगरे णियमा, ण होइ दव्वत्थयादण्णो ॥३७॥**

**આ પ્રમાણે સાધુઓને પણ અનુમોદના દ્વારા દ્રવ્યસ્તવવિશેષ હોય છે એમ (૨૮મી ગાથામાં) જે કહ્યું હતું તેનું સમર્થન કર્યું. હવે તેનું જ બીજી રીતે સમર્થન કરતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–શાસ્ત્રમાં જે ચાર પ્રકારનો વિનય કહ્યો છે, તે ચાર પ્રકારમાં જે ઔપચારિક વિનય છે તે તીર્થંકરને વિષે દ્રવ્યસ્તવથી અન્ય નથી જ.

**ટીકાર્થ**–વિનયસમાધિ અધ્યયન વગેરેમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર અને ઉપચાર એમ ચાર[1] પ્રકારનો વિનય કહ્યો છે. તેમાં જે ઉપચાર વિનય છે તે તીર્થંકર વિષે દ્રવ્યસ્તવથી અન્ય નથી, અર્થાત્ દ્રવ્યસ્તવસ્વરૂપ છે. ઉપચાર વિનયનું સ્વરૂપ (પ્રવચન સારોદ્ધાર ગાથા-૫૫૦-૫૫૧માં) આ પ્રમાણે છે–

**"તીર્થંકર, સિદ્ધ, કુલ, ગણ, સંઘ, ક્રિયા, ધર્મ, જ્ઞાન, જ્ઞાની, આચાર્ય, સ્થવિર, ઉપાધ્યાય, ગણી એ ૧૩ પદોની આશાતનાત્યાગ, ભક્તિ(બાહ્ય ભક્તિ), બહુમાન**

૧. દશવૈકાલિક વિનયસમાધિ અધ્યયનમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને ઉપચાર એમ પાંચ પ્રકારનો વિનય કહ્યો છે.

**(આંતરિક માન) અને પ્રશંસા એ ચાર પ્રકારે વિનય[1] કરવો એ વિનયના ૧૩x૪=૫૨ ભેદ છે. કુલ એટલે અનેક ગણોનો(=ગચ્છોનો) સમુદાય. ગણ એટલે એક આચાર્યનો ગચ્છ (સમુદાય). સ્થવિર એટલે સીદાતા સાધુઓને સ્થિર કરનાર. ગણી એટલે સાધુસમુદાયનો અધિપતિ=આગેવાન. બાકીના પદોનો અર્થ સુગમ છે."** (૩૭)

**एयस्स उ संपाडणहेउं तह चेव वंदणाए उ ।**
**पूजणमादुच्चारणमुववण्णं होइ जइणोऽवि ॥३८॥**

**ઉપચાર વિનય દ્રવ્યસ્તવથી અન્ય નથી. તેથી શું થયું તે કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–કાયોત્સર્ગથી દ્રવ્યસ્તવરૂપ ઔપચારિક વિનય કરવા માટે જ "અરિહંત ચેઈઆણં" એ વંદનાસૂત્રમાં पूअणवत्तियाए, सक्कारवत्तियाए ઈત્યાદિ પદોથી પૂજા આદિનો ઉલ્લેખ છે. આથી સાધુને પણ (અનુમોદના આદિથી) દ્રવ્યસ્તવ સંગત છે. (૩૮)

**इहरा अणत्थगं तं, ण य तयणुच्चारणेण सा भणिता ।**
**ता अहिसंधारणओ, संपाडणमिट्ठमेयस्स ॥३९॥**

**ઉક્તથી વિપરીતમાં બાધકદોષને બતાવતા ગ્રંથકાર પ્રસ્તુત વિષયનો ઉપસંહાર કરવા માટે કહે છે–**

**ગાથાર્થ**–"पूअणवत्तियाए" વગેરે પદોથી પૂજન આદિનું ઉચ્ચારણ જો દ્રવ્યસ્તવ માટે ન હોય તો પૂજન આદિ ઈષ્ટ ન હોવાથી તે ઉચ્ચારણ નિરર્થક બને.

**ટીકાર્થ**–સાધુઓ નિરર્થક વાક્ય ન ઉચ્ચારે. કેમકે તત્ત્વની ક્ષતિ થવાનો પ્રસંગ આવે.

**પ્રશ્ન**–"पूअणवत्तियाए" ઈત્યાદિ પદોનું ઉચ્ચારણ સાધુઓ ન કરે તો ઉચ્ચારણ નિરર્થક બનવાનો પ્રશ્ન ન રહે.

**ઉત્તર**–આગમમાં "पूअणवत्तियाए" વગેરે પદોના ઉચ્ચારણ વિના વંદના કહી નથી, અર્થાત્ તે પદોના ઉચ્ચારણ વિના વંદના થઈ શકે નહિ. સાધુઓ (अहिसंधारणओ=) પૂજાદિ કરવાના આશયથી કાયોત્સર્ગ કરે છે. આથી સાધુઓ કાયોત્સર્ગ કરવા દ્વારા દ્રવ્યસ્તવ કરે એ શાસ્ત્રસંમત છે. (૩૯)

**सक्खा उ कसिणसंयमदव्वाभावेहिं णो अयं इट्ठो ।**
**गम्मइ तंतठितीए, भावपहाणा हि मुणउत्ति ॥४०॥**

---

૧. સમકિતના સડસઠ બોલમાં વિનયનું સ્વરૂપ આ પ્રમાણે છે–અરિહંત, સિદ્ધ, ચૈત્ય (મંદિર-મૂર્તિ), શ્રુત, ધર્મ (યતિધર્મ), સાધુ, આચાર્ય, ઉપાધ્યાય, પ્રવચન(=સંઘ) અને દર્શન(=સમ્યક્ત્વ) એ દશનો ભક્તિ, પૂજા, પ્રશંસા, નિંદાત્યાગ, આશાતનાત્યાગ. એમ પાંચ પ્રકારનો વિનય કરવો તે દર્શન વિનય છે. (પ્ર. સા. ૯૩૦-૯૩૧) સમકિતના સડસઠ બોલની સજઝાયમાં પૂજાનો ભક્તિમાં સમાવેશ કરી ચાર પ્રકારે અરિહંતાદિ દશનો વિનય જણાવ્યો છે.

**જો સાધુ પૂજાદિ કરવાના આશયથી કાયોત્સર્ગ કરવા દ્વારા દ્રવ્યસ્તવ કરે છે તો સાધુ સાક્ષાત્ દ્રવ્યસ્તવ કેમ ન કરે એ પ્રશ્નનું સમાધાન–**

**ગાથાર્થ**–સંપૂર્ણ સંયમ હોવાથી અને ધનનો અભાવ હોવાથી સાધુઓ સાક્ષાત્ દ્રવ્યસ્તવ કરે એ શાસ્ત્રસંમત નથી એમ શાસ્ત્રનીતિથી જણાય છે. મુનિઓ ભાવપ્રધાન હોય છે.

**ટીકાર્થ**–સર્વથા પ્રાણાતિપાતવિરમણ રૂપ સંપૂર્ણ સંયમવાળા હોવાથી અને નિષ્પરિગ્રહી હોવાના કારણે ધન ન હોવાથી સાધુઓ સાક્ષાત્ દ્રવ્યસ્તવ કરે એ શાસ્ત્રસંમત નથી એમ શાસ્ત્રનીતિથી જણાય છે. શાસ્ત્રમાં યતિ માટે સ્નાનાદિનો અને પરિગ્રહનો નિષેધ છે. તેથી સાધુઓ સ્વયં દ્રવ્યસ્તવ ન કરે એ યોગ્ય છે. મુનિઓ ભાવપ્રધાન હોય છે, અર્થાત્ મુનિઓમાં ભાવની પ્રધાનતા હોય છે. આથી મુનિઓને ભાવથી જ પૂજા યુક્ત છે. અને કાયોત્સર્ગ કરવા દ્વારા પૂજાદિ કરવાની ભાવના ભાવ જ છે. (૪૦)

**एएहिंतो अण्णे, जे धम्महिगारिणो उ तेसिं तु ।**
**सक्खं चिय विण्णेओ, भावंगतया जतो भणितं ॥४१॥**

**તો પછી કોણ સાક્ષાત્ દ્રવ્યસ્તવ કરે એ સંમત છે એ વિષે કહે છે–**

**ગાથાર્થ**–સાધુઓથી બીજા જે ધાર્મિકો છે તેમને ભાવસ્તવનું કારણ હોવાથી દ્રવ્યસ્તવ સાક્ષાત્ જ જાણવો. કારણ કે (નીચે પ્રમાણે) કહ્યું છે.

**ટીકાર્થ**–મુનિઓથી બીજા જીવો, કે જે ધાર્મિક-ધર્મવૃત્તિવાળા છે, તેમને જ ભાવપૂજાનું કે શુભભાવનું કારણ હોવાથી સાક્ષાત્ પણ દ્રવ્યસ્તવ કરવાનું વિધાન છે. કારણ કે આવશ્યકનિર્યુક્તિમાં[1] કહ્યું છે કે–(૪૧)

**अकसिणपवत्तयाणं, विरयाविरयाण एस खलु जुत्तो ।**
**संसारपयणुकरणे, दव्वत्थएँ कूवदिट्ठंतो ॥४२॥**

**જે કહ્યું છે તેને જ જણાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–અપૂર્ણસંયમવાળા દેશવિરતિ શ્રાવકોને સંસાર ઘટાડનાર દ્રવ્યસ્તવ કરવા યોગ્ય જ છે. આ વિષે કૂપનું દૃષ્ટાંત છે.

**ટીકાર્થ–પ્રશ્ન**–દ્રવ્યસ્તવ કંઈક સાવદ્ય હોવાથી દોષિત છે. દોષિત હોવાના કારણે આશ્રય કરવા યોગ્ય ન હોવાથી સંસાર ઘટાડનાર કેવી રીતે થાય ?

**ઉત્તર**–દ્રવ્યસ્તવ આશ્રય કરવા યોગ્ય છે એમ આશ્રય કરવા યોગ્ય તરીકે ઈષ્ટ દ્રવ્યસ્તવમાં કૂપખનનનું દૃષ્ટાંત છે. તેનો અનુમાન પ્રયોગ આ પ્રમાણે છે–સ્વરૂપથી દોષિત

---

૧. આવશ્યકસૂત્ર સામાયિક અધ્યયન ભાષ્યગાથા ૧૯૬.

પણ જે મહાન અન્યગુણોનું કારણ હોય તે આશ્રય કરવા યોગ્ય છે. જેમકે કૂપખનન. દ્રવ્યસ્તવ તેવું છે, અર્થાત્ દ્રવ્યસ્તવ સ્વરૂપથી દોષિત હોવા છતાં સર્વવિરતિ આદિ મહાનગુણોનું કારણ છે. માટે આશ્રય કરવા યોગ્ય છે. દૃષ્ટાંતભાવના તો પૂર્વની જેમ છે. (ત્રીજા પંચાશકની ૧૦મી ગાથામાં કૂપદૃષ્ટાંતની ભાવના જણાવી છે.) (૪૨)

**सो खलु पुप्फाईओ, तत्थुत्तो न जिणभवणमाईवि ।**
**आईसद्दा वुत्तो, तयभावे कस्स पुप्फाई ? ॥४३॥**

**अकसिणपवत्तयाण (આવશ્યકસૂત્ર સામાયિક અધ્યયન ભાષ્ય ગાથા-૧૯૬) એ ગાથામાં પુષ્પ આદિને જ દ્રવ્યસ્તવ કહ્યો છે. આ પ્રકરણમાં જિનભવનાદિને દ્રવ્યસ્તવ કહ્યો છે. તેથી એ ગાથાનો આ પ્રકરણની સાથે સંવાદ કેવી રીતે થાય ? એવી આશંકા કરીને તે આશંકાને દૂર કરતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–આવશ્યકસૂત્રમાં પુષ્પ આદિને દ્રવ્યસ્તવ કહ્યો છે, જિનભવન વગેરેને નહિ. આવશ્યકસૂત્રમાં 'આદિ' શબ્દથી જિનભવન આદિને પણ દ્રવ્યસ્તવ કહ્યો છે. જિનભવનાદિના અભાવમાં પુષ્પાદિપૂજા કોની કરે ?

**ટીકાર્થ–પૂર્વપક્ષ**–[1]આવશ્યક સૂત્રમાં "दव्वत्थओ पुप्फाई" પુષ્પ, ધૂપ વગેરે દ્રવ્યસ્તવ છે એમ પુષ્પાદિને દ્રવ્યસ્તવ કહેલ છે, જિનભવન વગેરેને નહિ.

**ઉત્તરપક્ષ**–ત્યાં "पुप्फाई" પદમાં રહેલા આદિ શબ્દથી જિનભવન વગેરેનું પણ સૂચન છે. જો ત્યાં આદિ શબ્દથી જિનભવન વગેરેનું સૂચન ન હોય તો તે દ્રવ્યસ્તવ ન હોવાથી તેના અધિકારીઓ જિનભવનાદિ ન કરે. હવે જો જિનભવન, જિનમૂર્તિ વગેરે ન હોય તો પુષ્પાદિથી પૂજા કોની કરે ? અર્થાત્ પુષ્પાદિ પૂજાનું વિધાન નિરર્થક બને. આથી ત્યાં આદિ શબ્દથી જિનભવન વગેરેનું પણ સૂચન કર્યું છે. (૪૩)

**णणु तत्थेव य मुणिणो पुप्फाइनिवारणं फुडं अत्थि ।**
**अत्थि तयं सयकरणं पडुच्च नऽणुमोयणाईवि ॥४४॥**

**જિનભવનાદિ દ્રવ્યસ્તવ થાઓ, પણ આગમમાં સાધુને દ્રવ્યસ્તવનો નિષેધ કર્યો છે. તેથી ભાવસ્તવ દ્રવ્યસ્તવની સાથે કેવી રીતે સંકળાયેલો છે ? એવી આશંકા કરીને આશંકાને દૂર કરતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ–પૂર્વપક્ષ**–આવશ્યકમાં મુનિઓને પુષ્પાદિપૂજાનો સ્પષ્ટ નિષેધ કર્યો છે.

**ઉત્તરપક્ષ**–ત્યાં સ્વયં કરવાનો નિષેધ છે, નહિ કે અનુમોદનાદિનો પણ.

**ટીકાર્થ–પૂર્વપક્ષ**–આવશ્યકમાં મુનિઓને પુષ્પાદિપૂજાનો સ્પષ્ટ નિષેધ કર્યો છે. ત્યાં

૧.આવશ્યકસૂત્ર સામાયિક અધ્યયન ભાષ્યગાથા ૧૯૩-૧૯૫.

(આવશ્યક ભાષ્ય ગાથા-૧૯૫માં) કહ્યું છે કે–

**“છ જીવનિકાયના સંઘટ્ટનાદિના ત્યાગરૂપ સંયમમાં છ જીવનિકાયના જીવોનું હિત છે. દ્રવ્યસ્તવમાં પુષ્પાદિને ચુંટવા આદિથી સંયમનું પૂર્ણ પાલન થતું નથી. આથી સંપૂર્ણ સંયમને પ્રધાન સમજનારા સાધુઓને પુષ્પાદિક દ્રવ્યસ્તવ ઈષ્ટ નથી.”**

આ પ્રમાણે આવશ્યકમાં સાધુઓને દ્રવ્યસ્તવનો નિષેધ હોવાથી તેમને દ્રવ્યસ્તવ ન હોય.

**ઉત્તરપક્ષ**–ત્યાં સ્વયં કરવાનો નિષેધ છે, નહિ કે અનુમોદનાદિનો પણ. જો કે અહીં (પંચાશકના કર્તા) આચાર્ય મહારાજે સામાન્યથી સાધુઓ દ્રવ્યસ્તવ કરાવી શકે છે એમ કહ્યું છે, અર્થાત્ કેવી રીતે કરાવી શકે એનો ખુલાસો કર્યા વિના જ સામાન્યથી કરાવી શકે એમ જ કહ્યું છે, તો પણ વૃદ્ધો(-અનુભવીઓ) દ્રવ્યસ્તવના ફળના ઉપદેશ આદિથી કરાવવાનું કહે છે, તમે જિનમંદિર બનાવો, એ માટે જમીન ખોદો, માટી ઉપાડો, પાણી લાવો એમ સાક્ષાત્ આદેશથી નહિ. કારણ કે તેવા આદેશમાં અને સ્વયં કરવામાં બહુ ફેર પડતો નથી.[1] (૪૪)

**सुव्वइ य वइररिसिणा, कारवणंपि हु अणुट्ठियमिमस्स ।**
**वायगगंथेसु तहा, एयगया देसणा चेव ।।४५।।**

**દ્રવ્યસ્તવનું અનુમોદન કરવું એ સાધુને યોગ્ય છે. કારણ કે દ્રવ્યસ્તવનું નિરૂપણ કરનારાઓએ તેનું સમર્થન કર્યું છે. પણ કરાવવાનું અયોગ્ય છે. કારણ કે તેને જણાવનારા કોઈ નથી. આવી આશંકા કરીને કહે છે–**

**ગાથાર્થ**–વજ્રસ્વામીએ દ્રવ્યસ્તવ કરાવ્યો પણ હતો એમ સંભળાય છે. તથા વાચક (શ્રી ઉમાસ્વાતિ મહારાજ)ના ગ્રંથોમાં દ્રવ્યસ્તવ કરાવવાની પ્રરૂપણા છે.

**ટીકાર્થ**–શ્રી વજ્રસ્વામીએ પુષ્પાદિથી દ્રવ્યસ્તવ કરાવ્યો હતો એમ આવશ્યક નિર્યુક્તિમાં (ગાથા-૭૭૨માં) પાઠ છે. તે આ પ્રમાણે–

**“મહાન પ્રભાવવાળા શ્રી આર્યવજ્રસ્વામી આકાશમાં ઉડીને માહેશ્વરી નગરીમાં આવેલા હુતાશન ગૃહમાંથી(=વ્યંતરદેવના મંદિર પાસે આવેલા ઉદ્યાનમાંથી) પુષ્પો પુરિકા નગરીમાં લઈ આવ્યા.”**

તથા પૂર્વધર, મહાતાર્કિક અને પંચશતપ્રકરણના કર્તા શ્રી ઉમાસ્વાતિ મહારાજના

---

૧. ૪૪મી ગાથામાં સાધુઓ દ્રવ્યસ્તવ કરાવી શકે છે એવો સ્પષ્ટ ઉલ્લેખ નથી. એવો સ્પષ્ટ ઉલ્લેખ ૪૫મી ગાથામાં છે. આથી તેનું સ્પષ્ટીકરણ ૪૫મી ગાથાની ટીકામાં જ થાય એ વધારે સંગત બને. છતાં ટીકાકાર ભગવંતે ૪૪મી ગાથાની ટીકામાં તેનું સંક્ષિપ્ત સ્પષ્ટીકરણ કર્યું છે, અને ૪૫મી ગાથાની ટીકામાં તેનું વિસ્તૃત સ્પષ્ટીકરણ કર્યું છે.

ગ્રંથોમાં દ્રવ્યસ્તવનો ઉપદેશ છે. તે આ પ્રમાણે–

**"જે ભક્તિથી જિનેશ્વર ભગવાન માટે માત્ર ઘાસની ઝુંપડી બનાવે, તથા ભક્તિથી જિનેશ્વર ભગવાનને એક જ પુષ્પ ચઢાવે તેના પુણ્યનું માપ ક્યાંથી કરી શકાય ? અર્થાત્ ન કરી શકાય." (૧) "જે જિનમંદિર, જિનબિંબ, જિનપૂજા અને (લખાવવા આદિથી) જિનાગમ કરે છે તેને મનુષ્ય, દેવ અને મોક્ષનાં સુખોરૂપ ફળો હથેળીમાં છે." (૨)**

આ ઉપદેશથી શ્રોતાને દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ કરાવવા દ્વારા શ્રી ઉમાસ્વાતિ મહારાજે પણ દ્રવ્યસ્તવ પણ કરાવ્યો છે. આથી આવશ્યકનિર્યુક્તિમાં સાધુઓને પુષ્પાદિથી પૂજાનો નિષેધ સ્વયં કરવાની અપેક્ષાએ છે, અનુમોદનાદિની અપેક્ષાએ નહીં.

જો કે અહીં આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજે શ્રી આર્યવજસ્વામીના દૃષ્ટાંતથી સાધુઓ દ્રવ્યસ્તવ કરાવી શકે એમ સામાન્યથી કહ્યું છે, તો પણ તે અપવાદથી સમજવું. કારણ કે આવશ્યક ગ્રંથમાં વંદન આવશ્યકની નિર્યુક્તિમાં (સાક્ષાત્) દ્રવ્યસ્તવ કરનારા અને કરાવનારા સાધુઓના શુભ પરિણામ ભગ્ન થઈ ગયા હોવાથી તે સાધુઓ (સાક્ષાત્) દ્રવ્યસ્તવ કરાવે છે એમ જણાવ્યું છે. તે (આવશ્યકનિર્યુક્તિ ગાથા-૧૧૭૫) આ પ્રમાણે–

**"નિત્યવાસ, ચૈત્યભક્તિ, સાધ્વીએ લાવેલા આહાર-પાણીનું ગ્રહણ, અને વિગઈઓમાં આસક્તિ કરનારા સાધુઓને બીજા ઉદ્યતવિહારી સાધુઓ "તમારે આમ નહિ કરવું જોઈએ" એમ પ્રેરણા કરે છે ત્યારે તેઓ અમે જે કરીએ છીએ તે નિર્દોષ છે- બરોબર છે એમ કહે છે."** (૧૧૭૫)

સાધુઓએ દ્રવ્યસ્તવથી ચૈત્યભક્તિ નહિ કરવી જોઈએ એમ કહેવામાં આવે છે ત્યારે દ્રવ્યસ્તવથી ચૈત્યભક્તિ કરનારા સાધુઓ (આવશ્યકનિર્યુક્તિ ગાથા-૧૧૭૧-૧૧૮૦) કહે છે કે–

**"ચૈત્ય, કુલ, ગણ અને સંઘની સંભાળ રાખનાર કોઈ ન હોવાથી ચૈત્ય વગેરેનો વિચ્છેદ ન થાય એ માટે અમે અસંયમ સેવીને ચૈત્યાદિની સંભાળ રાખીએ છીએ. આમ કહીને અથવા બીજું કોઈ બહાનું કાઢીને કે આર્યવજસ્વામીનું દૃષ્ટાંત લઈને શિથિલ બનેલા સાધુઓ અસંયમનું સેવન કરે છે."** (૧૧૭૯)

તેઓ કહે છે કે–**"પૂર્વોનો સાર જાણનારા શ્રી આર્યવજસ્વામીએ પણ પુરી નગરીમાં વિમાન દ્વારા પુષ્પો લાવીને ચૈત્યપૂજા કરી હતી. માટે દ્રવ્યસ્તવપૂજા પણ સાધુઓ માટે મોક્ષનું કારણ છે."** (૧૧૮૦)

તેમના આવા બચાવના ઉત્તરમાં ત્યાં (આવશ્યકનિર્યુક્તિ ગાથા-૧૧૮૧માં) જ જણાવ્યું છે કે–

**"આર્યવજસ્વામીનું આલંબન લેનારા મંદબુદ્ધિવાળા તે સાધુઓ આર્યવજસ્વામીએ**

**દેવોની સહાયથી પુષ્પપૂજા કરાવીને બૌદ્ધ આદિ દર્શનની અવહીલના, જૈનશાસનની પ્રભાવના અને શ્રાવકોનું વાત્સલ્ય કર્યું એ જોતા નથી. તથા એ પણ જોતા નથી કે આર્યવજસ્વામીએ જે મહિમા કર્યો તે પૂર્વે ચુંટેલાં પુષ્પોથી કર્યો છે, નહિ કે જાતે ચૂંટીને.''** (૧૧૮૧)

સાધુઓ ઉપદેશ આદિથી દ્રવ્યસ્તવ કરાવી શકે. પણ સાક્ષાત્ જાતે દ્રવ્યસ્તવ કરી શકે નહિ, તથા તમે આમ કરો એમ આજ્ઞા આપીને પણ દ્રવ્યસ્તવ કરાવી શકે નહિ. હા, અપવાદથી તો દ્રવ્યસ્તવ જાતે કરવાની અને તમે આમ કરો એમ આજ્ઞા આપીને કરાવવાની છૂટ છે. કારણ કે બૃહત્કલ્પમાં (ગાથા-૧૮૧૦માં) કહ્યું છે કે–

**''મંદિરમાં કરોળિયાના જાળા વગેરે હોય તો સાધુઓ મંદિરની સંભાળ રાખનાર બેદરકાર પૂજારી વગેરેને કહે કે–તમે મંદિરને સ્વચ્છ કરો. જો તે પૂજારી વગેરે મંદિરના નિર્વાહ આદિ માટે રાખેલા ઘર, વાડી આદિની આવક લેતા હોય તો તેમને ઘણો ઠપકો આપે કે–એક તો તમે મંદિરની આવક ખાઓ છો અને પાછી મંદિરની સ્વચ્છતા રાખવી વગેરે સંભાળ પણ રાખતા નથી. આ પ્રમાણે ઠપકો આપવા છતાં કરોળિયાના જાળા વગેરેને દૂર ન કરે તો બીજાઓ ન જુએ તેમ જાતે જ તેને દૂર કરે.''** (૧૮૧૦)

તથા બીજે (પંચવસ્તુક ગાથા-૧૦૨-૧૦૩માં) પણ કહ્યું છે કે–

**''આજુ-બાજુ સારા લોકો હોય તેવા મોટા સ્થાનમાં પૂર્વે કરેલ મંદિર પડવા જેવું થઈ ગયું હોય, શ્રાવક વગેરે કોઈ ન હોય, અને કોઈને પૂજા આદિથી લાભ થવાની સંભાવના હોય તો તીર્થનો વિનાશ ન થાય એટલા માટે સાધુને જે કંઈ કરવું યોગ્ય જણાય તે આગમોક્ત વિધિથી કરવાની છૂટ છે.''** (૧૦૨)

**''આવું કંઈ કારણ ન હોય તો તપ અને સંયમમાં ઉદ્યમ કરતા સાધુએ ચૈત્ય, કુલ, ગણ, સંઘ, આચાર્ય, પ્રવચન અને શ્રુત એ બધા વિષે જે કરવા જેવું છે તે કરી લીધું છે. અર્થાત્ સાધુઓ માટે તપ અને સંયમ મુખ્ય છે.''** (૧૦૩)

તથા શ્રી ઉમાસ્વાતિ મહારાજે દ્રવ્યસ્તવ સંબંધી ફળ વગેરે જણાવવા માટે જ દ્રવ્યસ્તવની દેશના આપી છે, નહિ કે સાક્ષાત્ બીજાને કરાવવા. દ્રવ્યસ્તવના ફળનું વર્ણન કરવાથી ફળની ઇચ્છાવાળા જીવો સ્વયં પૂજામાં પ્રવૃત્તિ કરે છે. જો તે દેશના સાક્ષાત્ બીજાને પૂજામાં પ્રવૃત્તિ કરાવવા માટે હોય તો સાધુએ પૂજામાં સાક્ષાત્ જાતે પ્રવૃત્તિ કરવી એ પણ વિધેય બની જાય. અને એમ બને તો આર્યવજસ્વામીના આચરણનું આલંબન પુષ્ટ ગણાય. પણ તે આલંબનને શાસ્ત્રમાં પુષ્ટ કહ્યું નથી. જે સાધુધર્મ માટે અસમર્થ છે તેને જ દ્રવ્યસ્તવ આદિ શ્રાવકધર્મનો ઉપદેશ આપવો જોઈએ. જો સાધુધર્મ માટે સમર્થને શ્રાવક-ધર્મનો ઉપદેશ આપે તો આરંભમાં પ્રવર્તાવવાનો દોષ લાગે છે. કહ્યું છે કે–

**''સાધુધર્મ માટે અસમર્થ જીવને શ્રાવકધર્મથી અધિક દોષની નિવૃત્તિ થતી હોવાથી**

છ કાયના જીવોની રક્ષા માટે સાધુ શ્રાવકધર્મનો પણ ઉપદેશ આપે એ યોગ્ય છે.''

શ્રી આર્યવજ્રસ્વામીના દ્રવ્યસ્તવનો પ્રસંગ આ પ્રમાણે છે—એક વખત ભગવાન શ્રી વજ્રસ્વામી પુરિકા નામની નગરીમાં વિચરી રહ્યા હતા. તે વખતે ત્યાં શ્રાવકો અને બૌદ્ધધર્મીઓ પરસ્પર સ્પર્ધાથી પોતપોતાના દેવની પુષ્પપૂજા કરતા હતા. પણ બધા સ્થળે બૌદ્ધ ધર્મીઓ પાછળ પડી જતા હતા. રાજા (બૌદ્ધ સાધુઓનો ભક્ત હોવાથી) તેમને અનુકૂળ હતો. આથી તેમણે રાજાને પ્રાર્થના કરી. રાજાએ શ્રાવકોને પુષ્પો આપવાનો નિષેધ કરી દીધો. પર્યુષણના દિવસે પુષ્પપૂજા ન થવાથી શ્રાવકો દુઃખી બની ગયા. આથી આબાલવૃદ્ધ બધા શ્રાવકો આર્યવજ્રસ્વામી પાસે આવ્યા અને કહ્યું: આપના જેવા તીર્થના નાથ વિદ્યમાન હોવા છતાં શાસનની અપભ્રાજના થાય છે. આ અપભ્રાજનાથી શું થાય છે તે આપ જાણો છો. આથી આર્યવજ્રસ્વામી આકાશમાં ઉડીને માહેશ્વરીનગરી ગયા. ત્યાં હુતાશન નામનું વ્યંતરમંદિર હતું. એ મંદિરના બગીચામાં દરરોજ એક [1]કુંભ જેટલાં પુષ્પો ઉત્પન્ન થતાં હતાં. ત્યાં આર્યવજ્રસ્વામીના પિતાનો મિત્રદેવ તે બગીચાની સાર-સંભાળ વગેરે વ્યવસ્થા કરતો હતો, અર્થાત્ બગીચાનો માળી હતો. આર્યવજ્રસ્વામીને આવેલા જોઈને તેણે સંભ્રમ સહિત પૂછ્યું: આપને અહીં આવવાનું શું પ્રયોજન છે ? આથી આર્યવજ્રસ્વામીએ કહ્યું: મારે પુષ્પોની જરૂર છે. માળીએ કહ્યું: 'આપે મારા ઉપર ઉપકાર કર્યો. આ પુષ્પો સ્વીકારો.' વજ્રસ્વામીએ કહ્યું: 'હું બીજે જઈને આવું છું. ત્યાં સુધીમાં તું આ પુષ્પો એકઠાં કરી રાખ.' પછી આર્યવજ્રસ્વામી ત્યાંથી ઉડીને (લઘુ) હિમવાન નામના મોટા પર્વત ઉપર શ્રીદેવી પાસે ગયા. તે વખતે શ્રીદેવીએ જિનમૂર્તિની પૂજા કરવા માટે એક મોટું કમળ તોડ્યું હતું. આથી શ્રીદેવીએ આર્યવજ્રસ્વામીને વંદન કરીને એ પુષ્પ સ્વીકારવાની વિનંતિ કરી. આર્યવજ્રસ્વામી એ પુષ્પ લઈને હુતાશન નામના વ્યંતરમંદિરમાં આવ્યા. ત્યાં તેમણે વિમાનની રચના કરી. વિમાનમાં કુંભપ્રમાણ પુષ્પો મૂકીને જૃંભકદેવતાઓના સમુદાયથી પરિવરેલા અને દિવ્ય ગાંધર્વગીતોના ધ્વનિથી આકાશને પૂરી દેતા આર્યવજ્રસ્વામી માહેશ્વરી નગરીથી પુરિકા નગરીમાં આવ્યા. જૃંભકનિકાયના દેવોથી ભરેલા આકાશને જોઈને બૌદ્ધભક્તો દેવો અમારું સાન્નિધ્ય કરે છે એમ વિચારવા લાગ્યા અને પોતાના ઘરોમાંથી પૂજાની સામગ્રી લઈને તેની સામે ગયા. પણ દેવસમુદાયથી પરિવરેલા શ્રી આર્યવજ્રસ્વામી જિનમંદિરમાં ગયા. ત્યાં દેવોએ મહાન મહિમા કર્યો. આથી લોકોને જિનશાસન પ્રત્યે બહુ જ બહુમાન થયું. રાજા પણ આકર્ષાઈને શ્રાવક બન્યો. (૪૫)

**दव्वत्थओवि एवं, आणापरतंतभावलेसेण ।**
**समणुगउच्चिय णेओऽहिगारिणो सुपरिसुद्धोत्ति ॥४६॥**

---

૧.૬૦, ૮૦, ૧૦૦ આઢકનો અનુક્રમે જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ કુંભ થાય છે. (ઉપદેશપદ)

**આ પ્રમાણે ભાવસ્તવ દ્રવ્યસ્તવની સાથે સંકળાયેલો છે એમ જણાવ્યું. હવે દ્રવ્યસ્તવ ભાવસ્તવની સાથે સંકળાયેલો છે એમ પ્રતિપાદન કરતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–(एवं=)જેમ ભાવસ્તવ દ્રવ્યસ્તવ સાથે સંકળાયેલો છે તેમ, અધિકારીનો સુપરિશુદ્ધ દ્રવ્યસ્તવ પણ આજ્ઞાપારતંત્ર્યયુક્ત ભાવલેશથી ભાવસ્તવની સાથે સંકળાયેલો જ જાણવો.

**ટીકાર્થ**–(एवं=)જેમ ભાવસ્તવ દ્રવ્યસ્તવ સાથે સંકળાયેલો છે તેમ, અધિકારીનો= દ્રવ્યસ્તવયોગ્ય ગૃહસ્થનો સુપરિશુદ્ધ દ્રવ્યસ્તવ પણ ભાવસ્તવ સાથે સંકળાયેલો જ જાણવો.

**પ્રશ્ન**–કયા કારણથી સંકળાયેલો છે ?

**ઉત્તર**–આજ્ઞાપારતંત્ર્યયુક્ત દ્રવ્યસ્તવથી થયેલ ભગવદ્બહુમાન રૂપ ભાવલેશથી. અર્થાત્ દ્રવ્યસ્તવથી થતો ભાવલેશ (અલ્પ શુભભાવ) ભાવસ્તવલેશ(અલ્પ ભાવસ્તવ) રૂપ છે. આથી દ્રવ્યસ્તવ ભાવલેશ વડે (અલ્પ ભાવ વડે) ભાવસ્તવ સાથે સંકળાયેલો છે. ભાવલેશ(=અલ્પ શુભભાવ) આજ્ઞાપારતંત્ર્યયુક્ત હોવો જોઈએ. આજ્ઞાપારતંત્ર્ય રહિત ભાવલેશ પરમાર્થથી ભાવ જ નથી. કારણ કે આજ્ઞાપારતંત્ર્યથી રહિત ભાવલેશ ''ભગવાનના ચારિત્રાદિ ગુણો ઉપર બહુમાન વગેરે'' જે ફળ સાધવું જોઈએ તે ફળ સાધતું નથી.

**પ્રશ્ન**–દ્રવ્યસ્તવથી થતો આજ્ઞાપારતંત્ર્યયુક્ત ભગવદ્બહુમાન રૂપ ભાવલેશ ભાવસ્તવલેશ કેમ છે ?

**ઉત્તર**–જિનેશ્વર ભગવાન ઉપર બહુમાન એટલે તેમનામાં રહેલા ચારિત્ર વગેરે ગુણો ઉપર બહુમાન. ચારિત્ર વગેરે ગુણો ઉપર બહુમાન એ ચારિત્રની અનુમોદનારૂપ છે. ચારિત્ર ભાવસ્તવ છે. આથી આજ્ઞાપારતંત્ર્યયુક્ત ભગવદ્બહુમાન ભાવસ્તવ છે. શ્રાવકોને આ રીતે દ્રવ્યસ્તવથી અનુમોદના આદિ દ્વારા ભાવસ્તવ હોય છે. તે સાધુની અપેક્ષાએ અલ્પ હોવાથી ભાવસ્તવલેશ(=અલ્પ ભાવસ્તવ) છે.

આ રીતે દ્રવ્યસ્તવ ભાવલેશથી ભાવસ્તવ સાથે સંકળાયેલો છે. (૪૬)

**लोगे सलाहणिज्जो, विसेसजोगाउ उण्णइणिमित्तं ।**
**जो सासणस्स जायइ, सो णेओ सुपरिसुद्धोत्ति ॥४७॥**

**૪૬મી ગાથામાં સુપરિશુદ્ધ દ્રવ્યસ્તવ એમ કહ્યું હોવાથી અહીં સુપરિશુદ્ધ દ્રવ્યસ્તવનું જ લક્ષણ જણાવે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–(विसेसजोगाउ=)જૈનેતર ધર્મમાં ન હોય તેવી ઉદારતા અને ઔચિત્ય રૂપ વિશેષતાના કારણે ઈર્ષ્યારહિત અને બુદ્ધિશાળી લોકોમાં પ્રશંસનીય બને અને એથી જ જિનશાસનની પ્રભાવનાનું કારણ બને તે દ્રવ્યસ્તવ સુપરિશુદ્ધ જાણવો. (૪૭)

**तत्थ पुण वंदणाइंमि उचियसंवेगजोगओ णियमा ।**
**अत्थि खलु भावलेसो, अणुहवसिद्धो विहिपराणं ॥४८॥**

**દ્રવ્યસ્તવ ભાવલેશથી ભાવસ્તવની સાથે સંકળાયેલો છે એમ પહેલાં કહ્યું છે. તેમાં દ્રવ્યસ્તવમાં થતો ભાવલેશ અસિદ્ધ નથી એમ બતાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–(तत्थ=)દ્રવ્યસ્તવમાં (वन्दनादौ=)ચૈત્યવંદનાદિમાં ઉચિત સંવેગના સંબંધથી અવશ્ય ભાવલેશ થાય છે. તે ભાવલેશ વિધિમાં તત્પર જીવોને સ્વાનુભવથી સિદ્ધ છે.

**ટીકાર્થ**–(तत्थ=)દ્રવ્યસ્તવમાં (वन्दनादौ=)ચૈત્યવંદન, સ્તુતિ, પ્રણિધાન, ચંદનાદિથી પૂજા વગેરેમાં ઉચિત સંવેગના સંબંધથી=ચૈત્યવંદનાદિથી ઉત્પન્ન કરાયેલ શક્ય ભાવવિશેષના સંબંધથી ભાવલેશ(અલ્પ શુભભાવ) અવશ્ય હોય છે.

**પ્રશ્ન**–ચંદનાદિથી પૂજા દ્રવ્યસ્તવ છે, પણ "संतगुणक्कित्तणा[1] भावे" (વિદ્યમાન-ગુણોનું પરમભક્તિથી કીર્તન કરવું એ ભાવસ્તવ છે.) એ વચનથી ચૈત્યવંદન વગેરે ભાવસ્તવ છે. તો અહીં ચૈત્યવંદનાદિને દ્રવ્યસ્તવ કેમ કહ્યાં ?

**ઉત્તર**–ચંદનાદિથી પૂજા રૂપ દ્રવ્યસ્તવ પછી કરવાનાં હોવાથી અહીં અપેક્ષાએ ચૈત્યવંદનાદિને દ્રવ્યસ્તવ કહ્યાં છે.

**પ્રશ્ન**–અહીં ગાથામાં 'वंदणाइम्मि' એમ ચૈત્યવંદનનો સાક્ષાત્ ઉલ્લેખ કર્યો અને ચંદનાદિપૂજાનો આદિ શબ્દથી નિર્દેશ કર્યો તેનું શું કારણ ?

**ઉત્તર**–ભાવલેશનો (અલ્પ શુભભાવનો) ચૈત્યવંદનાદિમાં બહુ વ્યક્ત અનુભવ થાય છે. જ્યારે ચંદનાદિપૂજામાં શુભભાવલેશ હોવા છતાં તેનો એટલો વ્યક્ત અનુભવ થતો નથી. આ ભેદ દર્શાવવા અહીં ચૈત્યવંદનનો સાક્ષાત્ ઉલ્લેખ કરીને ચંદનાદિપૂજાનો આદિ શબ્દથી નિર્દેશ કર્યો છે.

**પ્રશ્ન**–ચૈત્યવંદનમાં તથા ચંદનાદિની પૂજામાં ભાવલેશ (અલ્પ શુભભાવ) થાય છે તેમાં પ્રમાણ શું ?

**ઉત્તર**–આગમોક્ત વિધિપૂર્વક ચૈત્યવંદનાદિ કરવામાં ઉદ્યત થયેલાઓને તેનાથી થતો ભાવલેશ અનુભવસિદ્ધ છે. (૪૮)

**दव्वत्थयारिहत्तं, सम्मं णाऊण भयवओ तंमि ।**
**तह उ पयट्टंताणं, तब्भावाणुमइओ चेव( सो य ) ॥४९॥**

**દ્રવ્યસ્તવથી ભાવલેશ થવામાં હેતુ–**

**ગાથાર્થ–ટીકાર્થ**–ભગવાન મહાગુણવાન હોવાથી દ્રવ્યસ્તવને યોગ્ય છે એમ યથાર્થ

---

૧.આવશ્યક સામાયિક અધ્યયન ભાષ્યગાથા-૧૯૩.

જાણીને જે જીવો દ્રવ્યસ્તવમાં વિધિપૂર્વક જ પ્રવૃત્તિ કરે છે તેમને ભાવલેશ અનુભવસિદ્ધ છે. અનુભવસિદ્ધ તે ભાવલેશ જિનેશ્વરના ગુણોની અનુમોદનાથી થાય છે. આનાથી દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ પરસ્પર સંકળાયેલા છે એમ જણાવ્યું છે. અહીં યથાર્થ જાણીને એમ કહેવા વડે ''જ્ઞાનપૂર્વક જ કરેલી ક્રિયા સમ્યગ્ છે'' એમ કહ્યું. (૪૯)

**अलमेत्थ पसंगेणं, उचियत्तं अप्पणो मुणेऊणं ।**
**दोवि इमे कायव्वा, भवविरहत्थं बुहजणेणं ॥५०॥**

**આ પ્રમાણે દ્રવ્યસ્તવ-ભાવસ્તવ પરસ્પર સંકળાયેલા છે એનું સમર્થન કર્યું. હવે ઉપસંહાર કરતા ગ્રંથકાર દ્રવ્ય-ભાવસ્તવ સંબંધી જ ઉપદેશને કહે છે—**

**ગાથાર્થ**—અહીં પ્રસંગથી સર્યું. બુદ્ધિમાન લોકે સંસારનો અંત લાવવા માટે પોતાની યોગ્યતા જાણીને દ્રવ્ય-ભાવ એ બંને સ્તવ કરવા જોઈએ.

**ટીકાર્થ**—હવે અહીં વધારે કહેવાની જરૂર નથી. સંસારનો અંત લાવવા માટે સાધુ અને શ્રાવકે પોતાની યોગ્યતા જાણીને યોગ્યતા મુજબ દ્રવ્ય-ભાવ બંને સ્તવ કરવા જોઈએ.

**પ્રશ્ન**—મૂળ ગાથામાં बुहजण એવો શબ્દ છે. એનો બુદ્ધિમાન લોક એવો અર્થ થાય. તો અહીં बुहजण શબ્દનો સાધુ-શ્રાવક અર્થ કેમ કર્યો ?

**ઉત્તર**—સમ્યગ્દર્શનથી પવિત્ર બનેલો બોધ જ વાસ્તવિક બોધ છે. સાધુ-શ્રાવકનો બોધ સમ્યગ્દર્શનથી પવિત્ર બનેલો હોવાથી પરમાર્થથી સાધુ-શ્રાવક જ બોધવાળા-બુદ્ધિમાન છે. આથી અહીં बुहजण શબ્દનો સાધુ-શ્રાવક અર્થ કર્યો છે. (૫૦)

●●●

## ॥ अथ सप्तमपञ्चाशकवृत्तिः ॥७॥

## ૭. જિનભવનવિધિ પંચાશક

**नमिऊण वद्धमाणं, वोच्छं जिणभवणकारणविहाणं ।**
**संखेवओ महत्थं, गुरूवएसाणुसारेणं ॥१॥**

**છઠ્ઠા પંચાશકમાં સ્તવવિધિ કહ્યો. દ્રવ્યસ્તવ જિનભવનનિર્માણ આદિ રૂપ છે. આથી સાતમા પંચાશકમાં જિનભવન કરાવવાના વિધિને બતાવવાની ઈચ્છાવાળા ગ્રંથકાર મંગલ વગેરે જણાવે છે–**

**ગાથાર્થ**–શ્રીવર્ધમાનસ્વામીને નમીને ગુરુના ઉપદેશ અનુસાર સંક્ષેપથી ઘણા અર્થવાળા જિનભવન કરાવવાના વિધિને કહીશ.

**ટીકાર્થ**–શ્રીવર્ધમાનસ્વામીને નમસ્કાર કરીને ગુરુના ઉપદેશ અનુસાર જિનભવન કરાવવાનો વિધિ કહીશ.[1] આ વિધિ સંક્ષેપથી(=થોડા શબ્દોમાં) કહીશ, નહિ કે પૂર્વસૂરિઓની જેમ વિસ્તારથી. આ વિધિ સંક્ષિપ્ત હોવાના કારણે સૂત્ર અલ્પ હોવાથી અલ્પ અર્થવાળો કહીશ એમ નહિ, કિંતુ ઘણા અર્થવાળો કહીશ.

પોતાની કલ્પનાથી કહેવામાં આવે તો આમાં અસત્ય પણ હોય એવી આશંકાથી તે વિધિ અનાદેય બનવાનો પ્રસંગ આવે. એથી "ગુરુના ઉપદેશ અનુસાર કહીશ" એમ કહ્યું. (૧)

**अहिगारिणा इमं खलु कारेयव्वं विवज्जए दोसो ।**
**आणाभंगाउ च्चिय धम्मो आणाएँ पडिबद्धो ॥२॥**

**જિનભવન કરાવવાનો વિધિ કહીશ એમ કહ્યું. તેમાં પહેલાં જે જીવે જિનભવન કરાવવું જોઈએ તે જીવનું નિરૂપણ કરતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–જિનમંદિર કરાવવાની યોગ્યતાવાળા જીવે જ જિનભવન કરાવવું જોઈએ. (विवज्जए दोसो=)જો જિનભવન કરાવવાની યોગ્યતા રહિત જીવ જિનભવન કરાવે તો અશુભ કર્મબંધરૂપ દોષ લાગે છે.

**ટીકાર્થ–પ્રશ્ન**–સંસાર રૂપ નદી તરવા માટે નાવસમાન દ્રવ્યસ્તવ કરવામાં પણ દોષ કેમ લાગે ?

**ઉત્તર**–આજ્ઞાના ઉલ્લંઘનથી દ્રવ્યસ્તવ કરવામાં પણ દોષ લાગે. અયોગ્ય જીવ દ્રવ્યસ્તવ કરે તો તેમાં આજ્ઞાનું-આપ્તવચનનું ઉલ્લંઘન છે. આજ્ઞાના પાલનમાં જ ધર્મ છે. દ્રવ્યસ્તવમાં આજ્ઞા આ પ્રમાણે છે–

---

૧. છઠ્ઠા ષોડશકમાં પણ આ વિધિ બતાવવામાં આવ્યો છે.

**"અપૂર્ણ સંયમવાળા દેશવિરતિ શ્રાવકોને દ્રવ્યસ્તવ સંગત જ છે. સંસાર ઘટાડનાર દ્રવ્યસ્તવમાં કૂપખનનનું દૃષ્ટાંત છે.[1]"**

**પ્રશ્ન**–આજ્ઞાના ભંગમાં દોષ કેમ છે ?

**ઉત્તર**–દ્રવ્યસ્તવ આદિ ધર્મ આજ્ઞામાં=આપ્તવચનમાં નિયત થયેલો છે. આથી તેના ભંગમાં ધર્મનો અભાવરૂપ દોષ છે. (૨)

**आराहणाइ तीए, पुण्णं पावं विराहणाए उ ।**
**एयं धम्मरहस्सं, विण्णेयं बुद्धिमंतेहिं ॥३॥**

**ધર્મ આજ્ઞાપ્રતિબદ્ધ જ છે એમ બતાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–આજ્ઞાની આરાધનામાં પુણ્ય છે અને વિરાધનામાં પાપ છે. બુદ્ધિશાળીઓએ આ ધર્મનું રહસ્ય જાણવું.

**ટીકાર્થ**–આપ્તની આજ્ઞાના પાલનથી પુણ્ય=શુભકર્મનો બંધ થાય છે, અને પુણ્ય ધર્મ જ છે. કારણ કે પુણ્યનું કારણ ધર્મ છે, અર્થાત્ ધર્મથી પુણ્ય થાય છે. તથા આપ્તની આજ્ઞાના ઉલ્લંઘનથી પાપ=અશુભકર્મનો બંધ થાય છે. આ પ્રમાણે આપ્તની આજ્ઞામાં ધર્મ અને આજ્ઞાભંગમાં અધર્મ એ ધર્મનું રહસ્ય છે એમ બુદ્ધિશાળી પુરુષોએ જાણવું. કારણ કે પરલોક સંબંધી વિધિમાં પ્રત્યક્ષ વગેરે પ્રમાણ નથી, તથા આપ્ત (રાગ-દ્વેષ રહિત અને સર્વજ્ઞ) સિવાય કોઈનું વચન માની શકાય નહિ, કારણ કે તે અસત્ય પણ હોય. આથી પરલોક સંબંધી વિધિમાં આપ્તવચનથી જ પ્રવૃત્તિ અને નિવૃત્તિ થાય છે. (ષોડશક ૨-૩માં) કહ્યું છે કે–

**"(આગમની આરાધનાથી જ ધર્મ થાય છે,) કારણ કે લોકોને સ્વાધ્યાય, ધ્યાન આદિ ધર્મકાર્યમાં પ્રવર્તાવનાર અને હિંસાદિ પાપકાર્યોથી અટકાવનાર આગમ છે. આથી ધર્મ આગમમાં જ છે અને સર્વજ્ઞે કહેલાં આગમો જ મુખ્ય છે."** (૩)

**अहिगारी उ गिहत्थो, सुहसयणो वित्तसंजुओ कुलजो ।**
**अक्खुद्दो धिइबलिओ, मइमं तह धम्मरागी अ ॥४॥**

**गुरुपूयाकरणरई, सुस्सूसाइगुणसंगओ चेव ।**
**णायाऽहिगयविहाणस्स धणियमाणप्पहाणो य ॥५॥ युग्मम् ॥**

**આ પ્રમાણે જિનભવન કરાવવાના વિધાનમાં જિનભવન કરાવવાના અધિકારીનો (अहिगारी उ गिहत्थो એમ) પ્રારંભ કરીને તેને જ જણાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–શુભસ્વજન, ધનવાન, કુલીન, અક્ષુદ્ર, ધૈર્યબળવાન, બુદ્ધિશાળી,

---

૧. ટીકાકાર ભગવંતે અહીં આ શ્લોકનો ઉલ્લેખ કરીને એ જણાવ્યું કે-સાધુ જિનભવન કરાવવાને યોગ્ય નથી, કિંતુ ગૃહસ્થ છે. ગૃહસ્થમાં કેવી યોગ્યતા જોઈએ તે ચોથી-પાંચમી ગાથાથી જણાવશે.

ધર્મરાગી, ગુરુપૂજાકરણરતિ, શુશ્રૂષાદિગુણયુક્ત, વિધિજ્ઞાતા અને અતિજિનાજ્ઞાપ્રધાન ગૃહસ્થ જિનમંદિર બંધાવવાને યોગ્ય છે.

**ટીકાર્થ**–(૧) **શુભસ્વજન**–શુભસ્વજન એટલે સારા સ્વજન-પરિવારવાળો. ખરાબ સ્વજન-પરિવાર લોકવિરુદ્ધ અને ધર્મવિરુદ્ધ કાર્યો કરે. આથી જિનમંદિર બંધાવવામાં શુભ-ભાવની વૃદ્ધિ ન થાય અને શાસનપ્રભાવના પણ ન થાય. વિવેકી જીવ પોતાની શુભ-ભાવની વૃદ્ધિ અને શાસનની પ્રભાવના એ બે માટે મંદિર કરાવે છે. સ્વજન-પરિવાર ખરાબ હોય તો જિનમંદિર કરાવવામાં આ બે લાભ ન થાય. માટે સ્વજન-પરિવાર સારો હોવો જોઈએ.

(૨) **ધનવાન**–મંદિર બંધાવનાર ધનવાન ન હોય તો શરૂ કરેલું મંદિરનિર્માણનું કાર્ય પૂરું કરી શકે નહિ. આથી તેને ખેદ થાય. બીજાની પાસેથી ધન માગીને કાર્ય પૂરું કરે તો લોકમાં હાંસીપાત્ર બને, અજ્ઞાન લોક 'જિનમંદિર બંધાવવાના બહાને પૈસા લઈને પોતાના કુટુંબનું પોષણ કરે છે' એવી અનેક કુશંકાઓ કરે.

(૩) **કુલીન**–મંદિર બંધાવનાર ઉત્તમ કુળમાં જન્મેલો હોવો જોઈએ. તેવા વિશિષ્ટ ઉત્તમ કુળમાં ઉત્પન્ન ન થયો હોય તો પણ નિંદ્યકુળમાં ઉત્પન્ન થયેલો ન હોવો જોઈએ. કારણ કે નિંદ્યકુળમાં ઉત્પન્ન થયેલ જીવે બંધાવેલું મંદિર લોકમાં આદેય બનતું નથી.

(૪) **અક્ષુદ્ર**–અક્ષુદ્ર એટલે કૃપણતારહિત. કૃપણ જીવ ઉચિત દ્રવ્યવ્યય ન કરી શકવાથી મંદિર બંધાવે નહિ, અને બંધાવે તો પણ શાસનપ્રભાવના ન કરી શકે. અથવા અક્ષુદ્ર એટલે ક્રૂરતા રહિત. ક્રૂર જીવ બીજાને સંતાપ પેદા કરનારો હોવાથી લોકો તેના પ્રત્યે દ્વેષવાળા બની જાય. આથી તેના બંધાવેલા મંદિર ઉપર પણ દ્વેષ કરે.

(૫) **ધૈર્યબળવાન**–ધૈર્યબળવાન એટલે ધીરજ રૂપ બળથી યુક્ત, અર્થાત્ ચિત્તની સમાધિ રૂપ બળથી યુક્ત. આવો જીવ ધાર્યા કરતાં અધિક ધનવ્યય થઈ જાય તો પણ પશ્ચાત્તાપ ન કરે. આનાથી વિપરીત જીવ ધાર્યા કરતાં અધિક ધનવ્યય થઈ જાય તો પશ્ચાત્તાપ કરે. આથી તે પુણ્યનું ભાજન ન થાય.

(૬) **બુદ્ધિશાળી**–બુદ્ધિ રહિત જીવ જે ઉપાય ન હોય તેમાં પ્રવૃત્તિ કરનારો હોવાથી આ લોક અને પરલોકનું ફળ મેળવી શકતો નથી. આથી અહીં "બુદ્ધિશાળી" એમ કહ્યું છે.

(૭) **ધર્મરાગી**–ધર્મરાગી એટલે શ્રુત અને ચારિત્રરૂપ ધર્મમાં અનુરાગવાળો. ધર્મરાગ રહિત જીવ મંદિર બંધાવવાની યોગ્યતાના સૂચક બીજા અનેક ગુણોથી યુક્ત હોય તો પણ જિનમંદિર બંધાવે નહિ, કદાચ બંધાવે તો પણ ઇષ્ટ(શુભભાવવૃદ્ધિ, શાસન-પ્રભાવનાદિ) ફળ મેળવી શકે નહિ. (૪)

(૮) **ગુરુજનપૂજાકરણરતિ**–એટલે માતા-પિતા વગેરે લૌકિક ગુરુ અને ધર્માચાર્ય

વગેરે લોકોત્તર ગુરુની ઉચિત વિનયાદિ રૂપ પૂજા કરવાના દિલવાળો. આવો જીવ લોકોના પ્રેમનું સંપાદન કરી શકે છે. આથી આરંભેલું કાર્ય લોકોના સહકારથી પૂરું કરી શકે છે.

(૯) **શુશ્રૂષાદિગુણયુક્ત**—બુદ્ધિના શુશ્રૂષા વગેરે આઠ ગુણો છે. તે આ પ્રમાણે—

**"શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ, ધારણ, ઊહ, અપોહ, અર્થવિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન-એ આઠ બુદ્ધિના ગુણો છે.** (૧) **શુશ્રૂષા**—તત્ત્વ સાંભળવાની ઇચ્છા. (૨) **શ્રવણ**—ઉપયોગ પૂર્વક તત્ત્વ સાંભળવું. (૩) **ગ્રહણ**—સાંભળેલા સામાન્ય અર્થનું ગ્રહણ કરવું, અર્થાત્ સાંભળેલા તત્ત્વનો સામાન્ય અર્થ સમજવો. (૪) **ધારણ**—ગ્રહણ કરેલ (સમજેલ) શાસ્ત્રના અર્થને યાદ રાખવો. (૫) **ઊહ**—જાણીને યાદ રાખેલ અર્થ ક્યાં ક્યાં કેવી કેવી રીતે ઘટી શકે છે તેની વિચારણા. (૬) **અપોહ**—જાણીને યાદ રાખેલ અર્થ ક્યાં ક્યાં કેવી કેવી રીતે નથી ઘટતો તેની વિચારણા. દા. ત., પ્રમાદથી પ્રાણનો નાશ હિંસા છે. અહીં કેવળ પ્રાણનાશને હિંસા નથી કહી, પણ પ્રમાદથી થતા પ્રાણનાશને હિંસા કહી છે. આમાં પ્રમાદની પ્રધાનતા છે. આથી જ્યાં પ્રમાદ હોય ત્યાં પ્રાણનાશ ન થાય તો પણ (ભાવ)હિંસા છે. કારણ કે હિંસાનું કારણ વિદ્યમાન હોવાથી હિંસાનો અર્થ ઘટે છે. આવા પ્રકારની વિચારણા ઊહ છે. જ્યાં પ્રમાદ નથી ત્યાં બાહ્યથી પ્રાણનો નાશ થાય તો પણ વાસ્તવિક હિંસા નથી. કારણ કે હિંસાનું મુખ્ય કારણ પ્રમાદ ન હોવાથી હિંસાનો મુખ્ય અર્થ ઘટી શકતો નથી. આવા પ્રકારની વિચારણા અપોહ છે. (૭) **અર્થવિજ્ઞાન**—ઊહ-અપોહથી થયેલું તથા ભ્રમ, સંશય અને વિપર્યાસ વગેરેથી રહિત યથાર્થ જ્ઞાન. (૮) **તત્ત્વજ્ઞાન**—ઊહ, અપોહ અને અર્થવિજ્ઞાનથી "આ એમ જ છે." એવો નિર્ણય.

બુદ્ધિના આઠ ગુણોથી યુક્ત જીવની બુદ્ધિ શાસ્ત્રભાવિત હોવાથી તે સાચા ઉપાયને જાણનાર હોય છે. આથી તે ઇષ્ટકાર્યની સિદ્ધિ કરી શકે છે.

(૯) **વિધિજ્ઞાતા**—જિનમંદિર બંધાવનાર જિનમંદિર બંધાવવાની વિધિનો જાણકાર હોવો જોઈએ. વિધિનો જાણકાર જીવ જિનમંદિરનિર્માણ દ્વારા વિવક્ષિત (શુભભાવની વૃદ્ધિ અને શાસનપ્રભાવનારૂપ) કાર્ય સાધી શકે છે. વિધિથી અજાણ જીવ જિનમંદિરનિર્માણ દ્વારા વિવક્ષિત કાર્ય સાધી શકતો નથી.

(૧૦) **અતિજિનાજ્ઞાપ્રધાન**—જિનમંદિર બંધાવનાર જિનાજ્ઞાને-જિનાગમને પ્રધાન માનનારો હોવો જોઈએ. જિનાગમને અધીન જીવે બંધાવેલું મંદિર લોકોત્તર ક્રિયાવાળું હોવાથી મોક્ષનું કારણ બને છે. (લોકોત્તરક્રિયાવાળું એટલે જેમાં લોકોત્તર (=જિનાજ્ઞાપૂર્વકની) ધર્મક્રિયાઓ થતી હોય તેવું.) (૫)

**एसो गुणद्धिजोगा, अणेगसत्ताण तीइ विणिओगा ।**
**गुणरयणवियरणेणं, तं कारिंतो हियं कुणइ ॥६॥**

**હવે શા માટે જિનમંદિર બંધાવનારમાં આ પ્રમાણે ગુણસમૂહ જોવામાં આવે છે એમ કહે છે—**

**ગાથાર્થ-ટીકાર્થ**–જિનભવન કરાવવાની આવી યોગ્યતાવાળો જીવ જિનમંદિર બંધાવે તો ઉક્તગુણો રૂપ ઋદ્ધિથી યુક્ત હોવાથી પોતાના તે તે કાર્યમાં ઉક્તગુણો રૂપ ઋદ્ધિનો ઉપયોગ કરવા દ્વારા સમ્યગ્દર્શનનું બીજ, સમ્યગ્દર્શન વગેરે ગુણોરૂપ રત્નો આપવા દ્વારા અનેક જીવોનું હિત કરવા સાથે સ્વનું પણ હિત કરે છે. આથી સ્વ-પરના હિતનું કારણ હોવાથી જિનમંદિર બંધાવનારમાં ગુણસમૂહ જોવામાં આવે છે. (૬)

**तं तह पवत्तमाणं, दट्ठुं केइ गुणरागिणो मग्गं ।**
**अण्णे उ तस्स बीयं, सुहभावाओ पवज्जंति ॥७॥**

**ગુણોરૂપ રત્નો આપવા દ્વારા એમ કહ્યું. જિનમંદિર બંધાવનાર જે રીતે ગુણોરૂપ રત્નોનું પ્રદાન કરે છે તે પ્રમાણે બતાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–જિનભવન કરાવવાની યોગ્યતાવાળા જીવને જિનમંદિરનિર્માણમાં ઉક્તગુણોને અનુરૂપ પ્રવૃત્તિ કરતો જોઈને કોઈ ગુણરાગી જીવો સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગને પામે છે. બીજા કેટલાક ગુણાનુરાગરૂપ શુભ પરિણામથી સમ્યગ્દર્શનાદિ માર્ગના બીજને પામે છે.

**ટીકાર્થ**–ગુણરાગ વિનાના જીવો સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગને ન પામી શકે માટે અહીં 'ગુણરાગી' એમ કહ્યું છે.

બીજ–પ્રવચનપ્રશંસા વગેરે સમ્યગ્દર્શનાદિરૂપ મોક્ષમાર્ગનું બીજ છે. (૭)

**जोच्चिय सुहभावो खलु, सव्वन्नुमयम्मि होइ परिसुद्धो ।**
**सोच्चिय जायइ बीयं, बोहीए तेणणाएण ॥८॥**

**શુભભાવથી બીજને પામે છે એમ જે કહ્યું તેના સમર્થન માટે કહે છે–**

**ગાથાર્થ**–જિનશાસન સંબંધી પ્રશંસાદિરૂપ જે પરિશુદ્ધ શુભભાવ થાય છે તે પરિશુદ્ધ શુભભાવ જ સમ્યગ્દર્શનનું બીજ બને છે. આ વિષયમાં ચોરનું દૃષ્ટાંત છે.

**ટીકાર્થ**–જિનશાસન સંબંધી પ્રશંસાદિરૂપ જે જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ એમ સામાન્યથી શુભભાવ થાય છે તે શુભભાવ જ સમ્યગ્દર્શનનું બીજ=કારણ બને છે. તે શુભભાવ પરિશુદ્ધ હોવો જોઈએ, અર્થાત્ ગતાનુગતિકતા આદિ દોષોથી યુક્ત ન હોવો જોઈએ, કિંતુ ગુણાનુરાગથી યુક્ત હોવો જોઈએ. આ વિષયમાં બે ચોરનું દૃષ્ટાંત છે. તે આ પ્રમાણે–

### ચોરનું દૃષ્ટાંત

બે જુવાન હતા. બંને વચ્ચે ગાઢ મિત્રાચારી હતી. બંને સાહસિક અને સ્વબળનો ગર્વ કરનારા હતા. બંને ભોગની તીવ્ર ઈચ્છાવાળા હતા. પણ ધનના અભાવે તેમની તે ઈચ્છા પૂરી થતી ન હતી. આથી તેમણે ચોરી કરીને ધનોપાર્જન કરવાનો નિર્ણય કર્યો. એક

વખત ચોરી કરતા બંનેને કોટવાળે પકડી લીધા. ફાંસીની સજા થતાં કોટવાળ તેમને ફાંસીના સ્થાને લઈ જતો હતો ત્યારે રસ્તામાં તે બંનેએ મોટા માણસોને પણ માનનીય (માન આપવા લાયક) મુનિઓને જોયા. મુનિઓની સુંદર ક્રિયાઓ જોઈને એકે વિચાર્યું—અહો ! શુદ્ધ ક્રિયાવાળા અને સ્વગુણોથી જગતને પૂજ્ય બનેલા આ મુનિઓ સર્વાધિક ધન્ય છે. જ્યારે અમે તો અધન્યોથી પણ અધન્ય છીએ, કારણ કે ધનના લોભથી વિરુદ્ધ કાર્ય કરનારા થયા. આથી લોકો હવે અમને મારી નાખશે. લોકોથી તિરસ્કાર પામેલા અમે મરીને કઈ ગતિમાં જઈશું ? ખરેખર ! અયોગ્ય સ્વભાવથી અમારા આ લોક અને પરલોક એ બંને લોક બગડ્યા. સાધુઓનું નિષ્પાપ જીવન બહુ જ સુંદર છે. અમારું જીવન એનાથી વિપરીત છે. આથી આવા જીવનથી અમારું કલ્યાણ ક્યાંથી થાય ? એક ચોરે આ પ્રમાણે વિચાર્યું. જ્યારે બીજો ચોર મુનિઓ પ્રત્યે ઉદાસીન રહ્યો. અર્થાત્ તેણે મુનિઓની પ્રશંસા અને સ્વનિંદા ન કરી. ગુણાનુરાગથી મુનિની પ્રશંસા કરનાર ચોર બોધિબીજ પામ્યો.

[જેમ જમીનમાં ધાન્યનું બીજ વાવ્યા પછી વર્ષાદ આદિથી કાલાંતરે તેમાંથી ધાન્ય પાકે છે, તેમ આત્મામાં બોધિબીજનું વપન થતાં કાલાંતરે તેનાથી સમ્યગ્દર્શનાદિ ગુણો પ્રગટ થાય છે]. ઉદાસીન રહેનાર જીવ બોધિબીજ ન પામ્યો. અલ્પ કષાયવાળા અને દાનરુચિવાળા હોવાથી બંનેએ મનુષ્યભવ યોગ્ય શુભકર્મનો બંધ કર્યો. મરીને બંને કોશાંબીનગરીમાં વણિક જાતિમાં ઉત્પન્ન થયા. ઉંમર લાયક થતાં બંને વેપાર કરવા લાગ્યા. બંનેના આચારો સારા હતા. પૂર્વભવના સંસ્કારોથી બંને વચ્ચે ગાઢ મૈત્રી થઈ. એમની ગાઢ મૈત્રી જોઈને લોકો આશ્ચર્ય પામવા લાગ્યા. એમની મૈત્રી એટલી બધી ગાઢ હતી કે જે એકને ગમે તે બીજાને પણ ગમે. આથી તે બંને લોકમાં 'એકચિત્તા' તરીકે ખ્યાતિ પામ્યા. સ્વકુલને ઉચિત કાર્યો કરતાં કરતાં તેમના દિવસો પસાર થઈ રહ્યા હતા. એકવખત જગતને આનંદ પમાડનાર, વાણી રૂપી જળથી લોકોના સંતાપને શમાવવા માટે મેઘ સમાન, ઈક્ષ્વાકુકુલનંદન, જિનેશ્વર શ્રી મહાવીર ભગવાન ત્યાં પધાર્યા. દેવોએ મનોહર દેશનાભૂમિ બનાવી. ત્યાં ભગવાને મનુષ્યો અને દેવોની પર્ષદા સમક્ષ ધર્મદેશના શરૂ કરી. આ સાંભળીને રાજા વગેરે નગરના લોકો ભગવાનના ચરણકમળને નમવા દોડી આવ્યા. નગરના લોકોને ભગવાન પાસે જતા જોઈને પેલા બે શ્રેષ્ઠિપુત્રોને થયું કે ચાલો જોઈએ તો ખરા કે ભગવાન કેવા છે ? કેવો ઉપદેશ આપે છે ? આવા કૂતુહલથી તે બંને પણ નગરના લોકોની સાથે ભગવાન પાસે આવ્યા. કરુણાપરાયણ ભગવાને જીવોનું સંપૂર્ણ કલ્યાણ કરનાર શાશ્વત મોક્ષમાર્ગનો ઉપદેશ આપ્યો. તે બેમાંથી એકને જિનના ઉપદેશ ઉપર શ્રદ્ધા થઈ. તે સાંભળતાં સાંભળતાં ઉપદેશને સ્વમનમાં ભાવિત કરવા લાગ્યો. ઉપદેશ સાંભળતાં સાંભળતાં તેની આંખો વિકસ્વર બની જતી હતી, મસ્તક ડોલતું હતું. સાથે સાથે કાન પણ ચલાયમાન થતા હતા, રોમરાજી વિકસ્વર બની જતી હતી. આ રીતે જાણે અમૃત ન હોય તેમ ખૂબ રસપૂર્વક જિનવાણીનું પાન કરતો હતો. જ્યારે બીજાને જિનવાણી રેતીના કોળિયા

ચાવવા સમાન નિરસ લાગતી હતી. બંનેને પરસ્પર એક બીજાના ભાવની ખબર પડી ગઈ. દેશનાભૂમિમાંથી ઊઠ્યા પછી બંને પોતાના ઘરે ગયા. ત્યાં એકે કહ્યું:—ખરેખર તું જિનવાણીથી ભાવિત બન્યો છે, પણ હું નથી બન્યો. આટલા વખત સુધી આપણે લોકમાં 'એકચિત્તા' તરીકે ખ્યાતિ પામેલા છીએ. હમણાં આ વિષયમાં આપણું ચિત્ત જુદું પડી ગયું છે. આનું શું કારણ ? બીજાએ કહ્યું:—તારી વાત સત્ય છે. મને પણ આ જ વિચાર આવે છે. આ વિષયમાં આપણે કેવલીને પૂછવું જોઈએ. આપણા આ વિષયનો નિર્ણય કેવળી જ કરી શકશે. આથી આપણે તેમની પાસે જઈશું એવો નિર્ણય કરીને બીજા દિવસે બંને ભગવાન પાસે ગયા. આરાધ્ય ભગવાનને વિનયપૂર્વક પોતાનો સંશય કહ્યો. ભગવાને કહ્યું:— પૂર્વભવમાં એકે સાધુની પ્રશંસા કરી અને બીજાએ ન કરી. આથી એકને (સાધુની પ્રશંસા કરનારને) બીજનું સત્યબોધરૂપ ફળ મળ્યું. બીજાને બીજરહિત હોવાથી ફળ ન મળ્યું. આ પ્રમાણે જિનેશ્વરે કહેલી પૂર્વભવની વિગત સાંભળીને એકને ક્ષણવારમાં જાતિસ્મરણ જ્ઞાન થયું. આથી ભગવાનના વચન પ્રમાણે વિશ્વાસ થવાથી તે સંવેગથી ભાવિત બન્યો અને કલ્યાણકર જિનશાસનનો ભાવથી સ્વીકાર કર્યો, અર્થાત્ સમ્યગ્દર્શન પામ્યો. સમ્યગ્દર્શનના પ્રભાવથી શુભકર્મનો અનુબંધ થવાથી કાળે કરીને તે મોક્ષમાં જશે. જ્યારે બીજો સંસારમાં રખડશે. આ દૃષ્ટાંતથી એ સિદ્ધ કર્યું કે જિનશાસન સંબંધી થોડો પણ શુભભાવ મોક્ષસુખરૂપ સંપત્તિનું બીજ(=કારણ) બને છે. (૮)

**[१]जिणभवणकारणविही सुद्धा भूमी १ दलं च कट्ठाइं २ ।**
**भियगाणइसंधाणं ३ सासयवुड्ढी ४ य जयणा ५ य ॥९॥**

**આ પ્રમાણે પ્રસંગથી જિનમંદિર કરાવવાના અધિકારીને કહ્યો. હવે જિનમંદિરનિર્માણની વિધિને બતાવતા ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ**—ભૂમિશુદ્ધિ, દળશુદ્ધિ, ભૃતક અનતિસંધાન, સ્વાશયવૃદ્ધિ અને યતના આ જિનમંદિર કરાવવાનો વિધિ છે.

**ટીકાર્થ**—(૧) **ભૂમિશુદ્ધિ**—જ્યાં જિનમંદિર કરાવવાનું હોય તે ભૂમિ નિર્દોષ હોવી જોઈએ. (૨) **દળશુદ્ધિ**—જેનાથી જિનમંદિર બને છે તે કાષ્ઠ-પથ્થર વગેરે નિર્દોષ જોઈએ. (૩) **ભૃતકાનતિસંધાન**—કામ કરનારા માણસોને છેતરવા ન જોઈએ. (૪) **[૨]સ્વાશયશુદ્ધિ**—શુભ અધ્યવસાયની વૃદ્ધિ થવી જોઈએ. (૫) **યતના**—જિનમંદિર બંધાવવામાં દોષ સેવવો જ પડે ત્યારે મોટો દોષ ન લાગે અને નાના દોષથી કાર્ય થઈ જાય તેમ યથાશક્તિ કરવું એ યતના છે. (અથવા

૧. ૯મી ગાથાથી ૨૮મી ગાથા સુધીની ગાથાઓમાંથી અમુક ગાથાઓ છોડીને બધી ગાથાઓ પંચવસ્તુક ગ્રંથમાં ૧૧૧૨થી ૧૧૨૮ ગાથા સુધીમાં આવેલી છે.

૨. અહીં स्वाशय શબ્દનો सु+आशय એવો વિગ્રહ કરવામાં આવે તો ''શુભ અધ્યવસાયની'' એવો અર્થ થાય. स्व+आशय એવો વિગ્રહ કરવામાં આવે તો ''પોતાના અધ્યવસાયની'' એવો અર્થ થાય.

જેમ બને તેમ ઓછા દોષો લાગે તેની કાળજી રાખવી એ યતના છે.) અહીં ભૂમિ વગેરે જિનભવનવિધિનાં અંગો છે. (પણ જિનભવનવિધિ નથી.) અંગ અને અંગીના (=ભૂમિ વગેરે અને જિનભવનવિધિના) અભેદ ઉપચારથી ભૂમિ વગેરે જિનભવનવિધિ છે. એમ સમાનાધિકરણથી કહ્યું છે. (ભૂમિ વગેરે અને જિનભવનવિધિ એ બંનેનું અધિકરણ સમાન (એક) છે. જ્યાં ભૂમિ આદિ છે ત્યાં જ જિનભવનવિધિ છે. માટે બંનેનું અધિકરણ સમાન છે.)

આ જિનભવન કરાવવાની વિધિ છે. આ દ્વાર ગાથા છે. અહીં જણાવેલા ભૂમિશુદ્ધિ વગેરે પાંચે ય દ્વારોનું દશમી ગાથાથી ક્રમશઃ વર્ણન કરવામાં આવશે. (૯)

**दव्वे भावे य तहा, सुद्धा भूमी पएसऽकीला य ।**
**दव्वेऽपत्तिगरहिया, अण्णेसिं होइ भावे उ ॥१०॥**

### ૧. ભૂમિશુદ્ધિ દ્વાર

**ભૂમિ શુદ્ધ હોવી જોઈએ એમ કહ્યું. આથી શુદ્ધ ભૂમિને જણાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–દ્રવ્યથી શુદ્ધ અને ભાવથી શુદ્ધ એમ બે પ્રકારે શુદ્ધભૂમિ છે. સદાચારી લોકોને વસવા લાયક પ્રદેશમાં (સ્થાનમાં) ખીલો, હાડકાં વગેરે અશુભ પદાર્થોથી રહિત ભૂમિ દ્રવ્યથી શુદ્ધ છે. જ્યાં જિનમંદિર બંધાવવાથી અન્યલોકોને અપ્રીતિ ન થાય તે ભૂમિ ભાવથી શુદ્ધ છે. (૧૦)

**अपदेसंमि ण वुड्ढी, कारवणे जिणघरस्स ण य पूया ।**
**साहूणमणणुवाओ, किरियाणासो उ अववाए ॥११॥**
**सासणगरिहा लोए, अहिगरणं कुच्छियाण संपाए ।**
**आणादीया दोसा, संसारणिबंधणा घोरा ॥१२॥**

**હવે બીજી(=ભાવથી શુદ્ધ) ભૂમિને કહે છે–**

**ગાથાર્થ**–અયોગ્ય સ્થાનમાં જિનમંદિર કરાવવામાં જિનમંદિરની [૧]વૃદ્ધિ અને [૨]પૂજા ન થાય. [૩]સાધુઓનું આગમન ન થાય. [૪]સાધુઓના આચારોનો નાશ થાય. [૫]લોકમાં શાસનની નિંદા થાય. [૬]અધિકરણ થાય. [૭]સંસારનું કારણ એવા આજ્ઞાભંગ વગેરે ભયંકર દોષો થાય.

**ટીકાર્થ**–જે પ્રદેશ અપલક્ષણોથી યુક્ત હોવાથી કે અસદાચારી લોકોથી ભરેલો હોવાથી અયોગ્ય છે તે પ્રદેશમાં જિનમંદિર બંધાવવાથી (૧) ભૂમિના અપલક્ષણના પ્રભાવથી કે અસદાચારી લોકોના સામર્થ્યથી **જિનમંદિરની**(=જિનમંદિરના પ્રભાવની) **વૃદ્ધિ થતી નથી.** (૨) જિનબિંબોની **પૂજા ન થાય.**

**પ્રશ્ન**–મૂળગાથામાં જિનભવનની પૂજા ન થાય એમ કહ્યું છે. જિનભવનની પૂજા ન

હોય, કિંતુ જિનબિંબની પૂજા હોય.

**ઉત્તર**—અહીં જિનભવનની પૂજા ન થાય એનો અર્થ જિનબિંબની પૂજા ન થાય એવો છે. અહીં જિનબિંબપૂજા પણ જિનભવનપૂજા છે એવી વિવક્ષા કરી છે. જિનબિંબો જિનભવનના આશ્રયે રહેલા હોવાથી ઉપચારથી જિનબિંબપૂજા જિનભવનપૂજા છે.

(૩) વેશ્યા-નટ વગેરેના નિરીક્ષણથી ધર્મભ્રંશ થવાના ભયથી દર્શનાદિ માટે **સાધુઓનું આગમન ન થાય,** (૪) જો કદાચ સાધુઓ જિનદર્શનાદિ માટે આવે તો વેશ્યા-નટ વગેરેની ચેષ્ટાનું દર્શન, વાણીનું શ્રવણ વગેરેથી **સાધુઓના આચારોનો નાશ થાય,** (૫) 'જૈનો પ્રાયઃ એવા જ છે કે જેથી વેશ્યા, મદ્યદુકાન, જુગારી, ખલ, માચ્છીમાર વગેરેના પ્રદેશમાં જિનમંદિર કરાવે છે.' આ પ્રમાણે **લોકમાં શાસનની નિંદા થાય,** (૬) દારૂ પીનારા વગેરે હલકા માણસો જિનમંદિરમાં આવે, (ભગવાનની આશાતનાદિ કરે,) રોકવાથી અધિકરણ=**ઝગડો કરે,** (૭) તથા આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધના રૂપ **ભયંકર દોષો લાગે.** આ દોષો સંસારનું કારણ છે. સંસારમાં રખડાવે છે. (૧૧-૧૨)

**कीलादिसल्लजोगा, होंति अणिव्वाणमादिया दोसा ।**
**एएसि वज्जणट्ठा, जइज्ज इह सुत्तविहिणा उ ॥१३॥**

**ભૂમિ ખીલા આદિ શલ્યથી રહિત હોવી જોઈએ એમ કહ્યું. તેમાં ખીલા આદિ શલ્યથી સહિત ભૂમિમાં થતા દોષને કહે છે—**

**ગાથાર્થ—ટીકાર્થ**—જિનમંદિરની ભૂમિમાં ખીલો, કોલસા, હાડકાં વગેરે અશુભ વસ્તુરૂપ શલ્ય રહેવાથી અશાંતિ, ધનહાનિ, કાર્યમાં અસફળતા વગેરે દોષો થાય છે. માટે તે દોષો દૂર કરવા સૂત્રવિધિથી=જેનું લક્ષણ પૂર્વે પ્રથમગાથાની ટીકામાં કહ્યું છે તે આગમનીતિથી જ ભૂમિશુદ્ધિ કરવા પ્રયત્ન કરવો જોઈએ. (૧૩)

**धम्मत्थमुज्जएणं, सव्वस्सापत्तियं ण कायव्वं ।**
**इय संजमोऽवि सेओ, एत्थ य भयवं उदाहरणं ॥१४॥**

**દ્રવ્યથી ભૂમિશુદ્ધિ કહી, હવે ભાવથી ભૂમિશુદ્ધિ અંગે અન્ય લોકોને અપ્રીતિ ન થાય તેવી ભૂમિ ભાવથી શુદ્ધ છે એમ જે કહ્યું, તેમાં કારણ કહે છે—**

**ગાથાર્થ**—ધર્મ માટે પ્રયત્ન કરનારા જીવે કોઈને પણ અપ્રીતિ ન કરવી જોઈએ. સંયમ પણ (इय=)અપ્રીતિના ત્યાગથી પ્રશંસનીય બને છે. આ વિષયમાં ભગવાનનું ઉદાહરણ છે—

**ટીકાર્થ**—જિનભવનનિર્માણ દ્વારા કર્મક્ષય રૂપ ધર્મ માટે પ્રયત્ન કરનારા જીવે કોઈને પણ અપ્રીતિ ન કરવી જોઈએ. હલકા માણસોને પણ અપ્રીતિ થાય તેવું ન કરવું જોઈએ. કારણ કે કોઈને પણ અપ્રીતિ થાય તેવું કરવું એ ધર્મવિરુદ્ધ છે. લોકોને અપ્રીતિ થાય તો તે

જિનમંદિરનો વિનાશ આદિની પ્રવૃત્તિ કરીને પોતાનો સંસાર વધારનારા બને. આથી અપ્રીતિ ન થાય તેવી ભૂમિ ભાવથી શુદ્ધભૂમિ છે એવો તાત્પર્યાર્થ છે. જિનમંદિર બંધાવવામાં કોઈને પણ અપ્રીતિ ન કરવી એટલું જ નહિ, કિંતુ ચારિત્રમાં પણ કોઈને અપ્રીતિ ન કરવી જોઈએ. ચારિત્ર પણ અન્યને અપ્રીતિ ન કરવાથી પ્રશંસનીય=ઉત્તમ બને છે. આ વિષયમાં શ્રી મહાવીર ભગવાન દૃષ્ટાંતરૂપ છે. અહીં ઉદાહરણ સંબંધી અનુમાનપ્રયોગ આ પ્રમાણે છે–જે જીવો સંયમના અર્થી છે તે જીવો બીજાને અપ્રીતિ કરતા નથી. કારણ કે તેમનામાં સંયમનું અર્થિપણું છે. જેમકે ભગવાન મહાવીર. (૧૪)

**सो तावसासमाओ, तेसिं अप्पत्तियं मुणेऊणं ।**
**परमं अबोहिबीयं, ततो गतो हंतऽकालेवि ॥१५॥**

**ચારિત્ર પણ અપ્રીતિ ન કરવાથી જ ઉત્તમ બને છે એ વિષયને જ જણાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–શ્રી મહાવીર ભગવાન તાપસોને મારાથી સમ્યગ્દર્શનના અભાવનું પ્રબળ કારણ એવી અપ્રીતિ થાય છે, એમ જાણીને તાપસાશ્રમમાંથી અકાળે પણ જતા રહ્યા, અર્થાત્ ચોમાસામાં પણ વિહાર કર્યો.

**ટીકાર્થ**–સાધુઓથી ચોમાસામાં વિહાર ન થાય. કહ્યું છે કે–

**"સાધુ કે સાધ્વીને ચોમાસામાં એક ગામથી બીજે ગામ વિહાર કરવો ન કલ્પે."**

**"રસ્તા વગેરેમાં પાણી અને લીલું ઘાસ ઘણું હોવાથી આત્મવિરાધના થતી હોવાથી સાધુઓ ચોમાસામાં વિહાર કરતા નથી."**

અહીં મૂળગાથામાં अपि શબ્દ સાધુઓ ચોમાસા સિવાય શેષકાળમાં જ વિહાર કરે છે એ અર્થનો સૂચક છે.

ભાવાર્થ કથાનકથી જાણવો. તે કથાનક આ પ્રમાણે છે–

## શ્રી મહાવીર ભગવાનનું દૃષ્ટાંત

શ્રી મહાવીર ભગવાને આંતરશત્રુઓને દૂર કરીને અને વિશાળ રાજ્યનો ત્યાગ કરીને પ્રવ્રજ્યાનો સ્વીકાર કર્યો. પછી સંગરહિત અતિશયપ્રબળસત્ત્વવંત અને જીવોનું રક્ષણ કરવામાં તત્પર શ્રી મહાવીર ભગવાન ગામ-નગર આદિથી ભરેલી પૃથ્વી ઉપર વિહાર કરતા કરતા 'મથૂરાક' નામના ગામમાં પધાર્યા. ત્યાં 'દૂયમાન' સંજ્ઞાથી ઓળખાતા તાપસ ગૃહસ્થોનો[1] આશ્રમ હતો. તાપસોનો કુલપતિ ભગવાનના પિતાનો મિત્ર હતો. તે શ્રી મહાવીર ભગવાનને જોઈને સંભ્રમપૂર્વક ઉઠ્યો અને સ્નેહથી ભેટી પડ્યો. તેથી શ્રી મહાવીર

---

૧. અમુક પ્રકારના તાપસો પત્ની, પુત્ર વગેરે પરિવારવાળા ગૃહસ્થ જેવા હોય છે. આથી અહીં ટીકામાં 'पाखंडीगृहीणां' એવો પ્રયોગ છે.

ભગવાને પણ પૂર્વના અભ્યાસના કારણે કુલપતિને ભેટવા સહસા હાથ લાંબા કર્યા. પછી કુલપતિએ ભગવાનને કહ્યુંઃ કુમાર ! આ આશ્રમમાં તમારે રહેવા લાયક ઘરો છે, માટે તમે અહીં રહો. ભગવાન ત્યાં એક રાત રહીને બીજા સ્થળે ચાલ્યા ગયા. બીજા સ્થળે જતા ભગવાનને કુલપતિએ પ્રેમથી કહ્યુંઃ હે મુનિ ! તમને ઠીક લાગે તો તાપસો ઉપર ઉપકાર કરવા માટે તમે પાછા આવીને ચોમાસું અહીં કરજો. ભગવાન આઠ મહિના જુદા જુદા સ્થળે વિચરીને ચોમાસું આવતાં તે ગામમાં પધાર્યા.

આશ્રમના એક મઠમાં ચોમાસું રહ્યા. ચોમાસાના પ્રારંભમાં નવું ઘાસ નહિ મળવાના કારણે ગાયો મઠોનું જૂનું ઘાસ ખાઈ જતી હતી. તાપસો હાથમાં લાકડી લઈને ગાયોને હાંકી કાઢતા હતા. પણ ભગવાન નિઃસંગ હોવાથી ગાયોની ઉપેક્ષા કરતા હતા. આથી તે તાપસોએ કુલપતિને ફરિયાદ કરી કે, આપને પ્રિય આ મુનિ ગાયોથી આપણા મઠનું રક્ષણ કરતા નથી. તેથી કુલપતિએ ભગવાન પાસે જઈને કહ્યુંઃ કુમાર ! આ રીતે મઠની ઉપેક્ષા કરવી તમારા માટે યોગ્ય નથી. કારણ કે પક્ષી પણ શક્તિ મુજબ પોતાના માળાનું રક્ષણ કરે છે. આથી મઠનો વિનાશ કરતી ગાયોને તમારે હાંકી કાઢવી જોઈએ. આ પ્રમાણે કુલપતિએ ભગવાનને શિખામણ આપી. તેથી મારા નિમિત્તે તેમને અપ્રીતિ થાય છે, એમ જાણીને ભગવાન ત્યાંથી નીકળી ગયા અને અસ્થિક ગામમાં પધાર્યા. આ વખતે ચોમાસાના (અષાઢ સુદ ૧૫થી) ૧૫ દિવસ પસાર થયા હતા. જેમ ભગવાને બીજાને અપ્રીતિ ન થાય તે માટે પ્રયત્ન કર્યો હતો તેમ દરેક ધર્મીએ બીજાને અપ્રીતિ ન થાય તેવો પ્રયત્ન કરવો જોઈએ. (૧૫)

**इय सव्वेणवि सम्मं, सक्कं अप्पत्तियं सइ जणस्स ।**
**णियमा परिहरियव्वं, इयरंमि सतत्तचिंता उ ॥१६॥**

**આ જ દૃષ્ટાંતને સ્વીકારીને ઉપદેશ આપતા ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ**—આ પ્રમાણે બધાએ પણ (सम्मं=)શુદ્ધભાવથી સદા લોકની શક્ય અપ્રીતિનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ. અશક્યમાં પોતાના સ્વભાવની જ વિચારણા કરવી જોઈએ.

**ટીકાર્થ**—શ્રી મહાવીર ભગવાનની જેમ જિનભવનાદિ કરવાની ઇચ્છાવાળાએ અને સંયમનો સ્વીકાર કરવાની ઇચ્છાવાળાએ પણ શુદ્ધભાવથી સદા લોકની શક્ય (=જેનો ત્યાગ થઈ શકે તેવી) અપ્રીતિનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ.

**પ્રશ્ન**—આપણે અપ્રીતિ થાય તેવું ન કરીએ તો પણ લોક અજ્ઞાનતા આદિના કારણે અપ્રીતિ કરે તો શું કરવું ?

**ઉત્તર**—લોકની અજ્ઞાનતા આદિના કારણે અપ્રીતિનો ત્યાગ કરી શકાય તેમ ન હોય

ત્યારે પોતાના જ સ્વભાવની (પોતાના જ દોષની) વિચારણા કરવી. તે આ પ્રમાણે–

**"આ મારો જ દોષ છે. કેમ કે મેં ગતભવમાં પુણ્યનું ઉપાર્જન કર્યું નથી, જેથી લોકો મારા વિષે અપ્રીતિવાળા થાય છે. અન્યથા આ લોકો સ્વાર્થ પ્રત્યે વિમુખ બનીને (અર્થાત્ દ્વેષ કરવાથી કર્મબંધ કરવા દ્વારા પોતાના હિત પ્રત્યે વિમુખ બનીને) નિર્દોષ એવા મારા ઉપર દ્વેષ કેમ કરે ?"** (૧૬)

**कट्ठादीवि दलं इह, सुद्धं जं देवतादुववणाओ ।**
**णो अविहिणोवणीयं, सयं च कारावियं जण्णो ।।१७।।**

## ૨. દળવિશુદ્ધિદ્વાર

**ભૂમિશુદ્ધિદ્વારનું વ્યાખ્યાન કર્યું. હવે દળશુદ્ધિદ્વાર વિષે કહે છે–**

**ગાથાર્થ**–અહીં કાષ્ઠ આદિ દળ પણ તે શુદ્ધ છે કે જે વ્યંતરાધિષ્ઠિત જંગલ વગેરેમાંથી લાવેલું ન હોય, જે અવિધિથી લાવેલું ન હોય, અને જે જાતે તૈયાર કરાવેલું ન હોય.

**ટીકાર્થ**–જિનમંદિર બંધાવવામાં કાષ્ઠ, પથ્થર વગેરે દળ(=મંદિર બંધાવવામાં ઉપયોગી વસ્તુઓ) પણ શુદ્ધ જોઈએ. વ્યંતરાધિષ્ઠિત જંગલ, ઘર વગેરેમાંથી લાવેલું કાષ્ઠાદિ દળ અશુદ્ધ છે. કારણ કે વ્યંતરાધિષ્ઠિત કાષ્ઠાદિ લાવવાથી વ્યંતર ગુસ્સે થઈને જિનમંદિરને અને તેના કરાવનાર વગેરેને હાનિ પહોંચાડે એ સંભવિત છે. તથા મનુષ્ય કે પશુઓને શારીરિક કે માનસિક સંતાપ પમાડવા દ્વારા અવિધિથી લાવેલું દળ અશુદ્ધ છે. વૃક્ષો કપાવવા, ઇંટો પકાવરાવવી વગેરે રીતે જાતે તૈયાર કરાવેલું દળ પણ અશુદ્ધ છે. (ષોડશક ૬ ગાથા-૭માં) કહ્યું છે કે–

**"જેનાથી મંદિરનું નિર્માણ થાય તે ઈંટ વગેરે દળ છે. દળ પણ શુદ્ધ જોઈએ. દળ બનાવનારાઓ પાસેથી ઉચિત મૂલ્ય આપીને ખરીદેલું અને વિધિપૂર્વક(=મનુષ્ય-પશુઓને દુઃખ આપ્યા વિના) લાવેલું દળ શુદ્ધ છે."** (૧૭)

**तस्सवि य इमो णेओ, सुद्धासुद्धपरिजाणणोवाओ ।**
**तक्कहगहणादिम्मी, सउणेयरसण्णिवातो जो ।।१८।।**

**હવે દળની જ શુદ્ધિ-અશુદ્ધિને જાણવાના ઉપાયને બતાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–દળ અને ભૂમિની શુદ્ધિ-અશુદ્ધિને જાણવાનો ઉપાય આ છે–દળ અને ભૂમિ ખરીદવાની વિચારણા ચાલતી હોય, તેની ખરીદી થતી હોય કે લાવવામાં આવતું હોય વગેરે સમયે શુકન અને અપશુકન જે થાય તે શુદ્ધિ-અશુદ્ધિને જાણવાનો ઉપાય છે, અર્થાત્ કાર્યસાધક શુકન થાય તો દળ અને ભૂમિ શુદ્ધ છે, કાર્યના અસાધક છીંક વગેરે અપશુકન થાય તો અશુદ્ધ છે. (૧૮)

**णंदादि सुहो सद्दो, भरिओ कलसो य सुंदरा पुरिसा ।**
**सुहजोगाइ य सउणो, कंदियसद्दादि इतरो उ ॥१९॥**

**શુકન-અપશુકનના સ્વરૂપ સંબંધી ઉપદેશને કહે છે–**

**ગાથાર્થ**–નંદી આદિ શુભ શબ્દો, જલપૂર્ણ કળશ, સુંદર પુરુષો, શુભયોગ વગેરે શુકન છે. આક્રંદનશબ્દ વગેરે અપશુકન છે.

**ટીકાર્થ**–બાર પ્રકારના વાજિંત્રનો ધ્વનિ રૂપ નંદી, ઘંટનો નાદ વગેરે શુભ ધ્વનિ, શાસ્ત્રમાં પ્રસિદ્ધ સિદ્ધ વગેરે શુભ શબ્દો, જલપૂર્ણ કળશ, સુંદર આકૃતિ અને વસ્ત્રો વગેરેથી સુંદર મનુષ્યો, મન વગેરે યોગોની શુભ પ્રવૃત્તિ (અથવા શુભ ચંદ્ર-નક્ષત્ર વગેરેનો યોગ) શુકન છે-ઈષ્ટ કાર્યની સિદ્ધિ થશે એમ જણાવનારા નિમિત્તો છે. આક્રંદનનો અવાજ અને નિષેધ કરનારું વચન વગેરે અપશુકન છે. ભંભા, મૃદંગ, મર્દલ, કદંબ, ઝલ્લરી, હુડુક્ક, કાંસીયા, વીણા, વાંસળી, પડહ, શંખ અને પ્રણવ એ બાર પ્રકારના વાજિંત્રોના અવાજને નંદી કહેવામાં આવે છે.

'નંદી આદિ' એ સ્થળે આદિશબ્દથી ઘંટનો શબ્દ વગેરેનું ગ્રહણ કરવું.

શુભ એટલે પ્રશસ્ત. અથવા શુભ શબ્દથી સ્વતંત્ર જ શાસ્ત્રપ્રસિદ્ધ સિદ્ધ અને ઈંદ્ર ઈત્યાદિ શબ્દો સમજવા. તે આ પ્રમાણે–સિદ્ધ, ઈંદ્ર, ચંદ્ર, દેવેંદ્ર, નરેંદ્ર, ગોપેંદ્ર, પર્વત, સમુદ્ર, ગજ, વૃષભ, સિંહ અને મેઘ–આ શબ્દો શાસ્ત્રમાં શુભ તરીકે પ્રસિદ્ધ છે. (૧૯)

**सुद्धस्सवि गहियस्सा, पसत्थदियहम्मि सुहमुहुत्तेणं ।**
**संकामणम्मिवि पुणो, विण्णेया सउणमादीया ॥२०॥**

**દળસંબંધી જ બાકી રહેલા વિધિને કહે છે–**

**ગાથાર્થ**–પ્રશસ્ત દિવસે શુભમુહૂર્તમાં લીધેલા શુદ્ધ પણ દળને ખરીદેલા સ્થાનથી બીજા સ્થાને લઈ જવામાં પણ ફરી પણ શુકન વગેરે જોવું જોઈએ.

**ટીકાર્થ**–નંદા આદિ શુભતિથિમાં અને ભદ્રા આદિ શુભકાળમાં લીધેલું અને શુકન થવાથી શુદ્ધ છે એવી ખાતરીવાળું શુદ્ધ પણ દળ જ્યાં ખરીદ્યું હોય ત્યાંથી બીજા સ્થળે લઈ જતી વખતે પણ ફરી શુકન, શુભદિવસ વગેરે જોવું જોઈએ.

શુદ્ધ પણ એ સ્થળે પણ શબ્દ અશુદ્ધને તો ગ્રહણ જ કરવાનું નથી એમ જણાવે છે. (૨૦)

**कारवणेवि य तस्सिह, भितगाणऽतिसंधणं ण कायव्वं ।**
**अवियाहिगप्पदाणं, दिट्ठादिट्ठप्फलं एयं ॥२१॥**

## ૩. ભૃતકાનતિસંધાન દ્વાર

**દળદ્વારનું વર્ણન પૂર્ણ થયું. હવે ભૃતક અનતિસંધાનનું પ્રતિપાદન કરતા ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ**—(इह=)દ્રવ્યસ્તવના અધિકારમાં (तस्स=)જિનભવનને કરાવવામાં પણ કામ કરનારાઓને છેતરવા ન જોઈએ, બલ્કે અધિક આપવું જોઈએ. અધિકપ્રદાન દૃષ્ટ-અદૃષ્ટ ફળવાળું છે.

**ટીકાર્થ**—દળ ખરીદવામાં અને લાવવા વગેરેમાં તથા જિનમંદિર બંધાવવામાં પણ કામ કરનાર સલાટ વગેરેને ઓછા પૈસા આપીને ઠગવા ન જોઈએ, બલ્કે ઠરાવેલા પગાર કે ભાડા વગેરેથી અધિક પૈસા આપવા જોઈએ. કારણ કે અધિકપ્રદાન દૃષ્ટ-અદૃષ્ટ ફળવાળું છે. અર્થાત્ અધિક પૈસા આપવાથી આ લોક અને પરલોક સંબંધી સુંદર ફળ મળે છે. (૨૧)

**ते तुच्छगा वराया, अहिगेण दढं उविंति परितोसं ।**
**तुट्ठा य तत्थ कम्मं, तत्तो अहिगं पकुव्वंति ॥२२॥**

**કામ કરનારાઓને અધિક પૈસા આપવાથી આ લોક સંબંધી ફળને જણાવવા માટે કહે છે—**

**ગાથાર્થ-ટીકાર્થ**—નોકરો અગંભીર અને બિચારા હોય છે. આથી નક્કી કરેલા ધનથી અધિક ધન આપવાથી અત્યંત આનંદ પામે છે. અધિક ધન મળવાથી ખુશ થયેલા નોકરો જિનભવનનું કામ પહેલાં કરતાં અધિક કરે છે. (૨૨)

**धम्मपसंसाएँ तहा, केई णिबधंति बोहिबीयाइं ।**
**अण्णे उ लहुयकम्मा, एत्तो च्चिय संपबुज्झंति ॥२३॥**

**કામ કરનારાઓને અધિક દાન આ લોક સંબંધી ફળ સિદ્ધ કરે છે એ જણાવીને હવે પરલોક સંબંધી ફળ સિદ્ધ કરે છે એ જણાવવા માટે કહે છે—**

**ગાથાર્થ-ટીકાર્થ**—અધિક ધન આપવાથી થયેલ સંતોષથી જિનશાસનની પ્રશંસા થાય છે. જૈનશાસનની પ્રશંસા કરીને કેટલાક નોકરો, અથવા નોકરોને અધિક દાન આપ્યું છે એ જોઈને (કે સાંભળીને) જિનશાસન પ્રત્યે આકર્ષાયેલા જીવો, બોધિબીજને (સમ્યગ્દર્શનનાં કારણોને) પામે છે, બીજા કેટલાક લઘુકર્મી નોકરો કે અધિક દાન જોવા આદિથી જિનશાસન પ્રત્યે આકર્ષાયેલા જીવો પ્રતિબોધ(=સમ્યગ્દર્શન) પામે છે. (૨૩)

**लोगे य साहुवाओ, अतुच्छभावेण सोहणो धम्मो ।**
**पुरिसुत्तमप्पणीतो, पभावणा चेव तित्थस्स ॥२४॥**

**ગાથાર્થ-ટીકાર્થ**—તથા જિનભવન કરાવનારની ઉદારતાથી શિષ્ટલોકમાં જૈનો ઉદાર હોવાથી જૈનધર્મ શ્રેષ્ઠ છે, ઉત્તમ પુરુષે કહેલો છે ઇત્યાદિ પ્રશંસા થાય છે, અને એ રીતે જૈનશાસનની પ્રભાવના થાય છે. (૨૪)

**सासयवुड्ढीवि इहं, भुवणगुरुजिणिंदगुणपरिण्णाए ।**
**तब्बिंबठावणत्थं, सुद्धपवित्तीएँ णियमेण ॥२५॥**

### ૪. સ્વાશયવૃદ્ધિ દ્વાર

**ભૃતક અનતિસંધાન દ્વાર કહ્યું. હવે સ્વાશયવૃદ્ધિ દ્વારને કહે છે–**

**ગાથાર્થ**–જિનમંદિર કરાવવામાં ભુવનગુરુ જિનેંદ્રના ગુણોના જ્ઞાનથી જિનબિંબની પ્રતિષ્ઠા નિમિત્તે થતી શુદ્ધપ્રવૃત્તિથી સ્વાશયની વૃદ્ધિ પણ અવશ્ય થાય છે.

**ટીકાર્થ**–સ્વાશયવૃદ્ધિ એટલે શુભપરિણામની વૃદ્ધિ. જિનભવનનિર્માણમાં ત્રણે લોકમાં બહુ માનનીય શ્રી જિનેશ્વર ભગવાનના સર્વજ્ઞતા, સંસાર રૂપ જંગલમાંથી જીવોનો ઉદ્ધાર કરવાનું સામર્થ્ય વગેરે ગુણોના યથાર્થજ્ઞાનથી જિનબિંબની પ્રતિષ્ઠા નિમિત્તે શુદ્ધપ્રવૃત્તિ થાય છે. એ શુદ્ધ પ્રવૃત્તિથી=નિરવદ્યક્રિયાથી પોતાના શુભ પરિણામની વૃદ્ધિ પણ અવશ્ય થાય છે. અહીં પણ શબ્દનો અર્થ આ પ્રમાણે છે–કેવળ નોકરોને છેતરવાનું થતું નથી એમ નહિ કિંતુ પોતાના શુભભાવની વૃદ્ધિ પણ થાય છે.

[અહીં શુભભાવની વૃદ્ધિમાં જિનબિંબની પ્રતિષ્ઠાનિમિત્તે થતી શુદ્ધપ્રવૃત્તિ કારણ છે. શુદ્ધપ્રવૃત્તિમાં કારણ જિનના ગુણોનું યથાર્થજ્ઞાન છે.] (૨૫)

**पेच्छिस्सं इत्थमहं, वंदणगणिमित्तमागए साहू ।**
**कयपुण्णे भगवंते, गुणरयणणिही महासत्ते ॥२६॥**

**(સ્વાશયવૃદ્ધિનું સ્વરૂપ)–**

**ગાથાર્થ–ટીકાર્થ**–જિનમંદિરમાં ચૈત્યવંદન માટે આવેલા કૃતપુણ્ય, જ્ઞાનાદિ ગુણો રૂપ રત્નોના નિધાન, મહાસત્ત્વવંત સાધુભગવંતોનાં દર્શન હું કરીશ. (૨૬)

**पडिबुज्झिस्संति इहं, दट्ठूण जिणिंदबिंबमकलंकं ।**
**अण्णेवि भव्वसत्ता, काहिंति ततोपरं धम्मं ॥२७॥**

**ગાથાર્થ–ટીકાર્થ**–જિનમંદિરમાં શસ્ત્ર, સ્ત્રી આદિ કલંકથી રહિત જિનબિંબનાં દર્શન કરીને બીજા પણ ભવ્ય જીવો પ્રતિબોધ(=સમ્યગ્દર્શન) પામશે અને પછી કુશલ અનુષ્ઠાન રૂપ ધર્મ કરશે. (૨૭)

**ता एयं मे वित्तं, जमेत्थमुवओगमेति अणवरयं ।**
**इय चिंताऽपरिवडिया, सासयवुड्ढी उ मोक्खफला ॥२८॥**

**ગાથાર્થ–ટીકાર્થ**–જિનમંદિર તૈયાર થતાં જિનબિંબસ્થાપના, સાધુદર્શન અને ભવ્યજીવપ્રતિબોધ થશે. તેથી જે ધન જિનમંદિરમાં વપરાય છે એ જ ધન મારું છે, તે

સિવાયનું ધન પરમાર્થથી પારકું છે. આવી (૨૬ થી ૨૮ એ ત્રણ ગાથામાં કહેલી) સતત અવિચ્છિન્ન શુભ વિચારણા એ શુભ પરિણામની વૃદ્ધિ છે, અને તેનાથી અવશ્ય મોક્ષરૂપ ફળ મળે છે. (૨૮)

**जयणा य पयत्तेणं, कायव्वा एत्थ सव्वजोगेसु ।**
**जयणा उ धम्मसारो, जं भणियो वीयरागेहिं ॥२९॥**

### ૫. યતના દ્વાર

**સ્વાશયવૃદ્ધિદ્વાર કહ્યું. હવે યતનાદ્વારને કહે છે–**

**ગાથાર્થ**–જિનમંદિરનિર્માણમાં સર્વકાર્યોમાં આદરથી યતના કરવી જોઈએ. કારણ કે વીતરાગ ભગવંતોએ જયણાને જ ધર્મનો સાર કહ્યો છે.

**ટીકાર્થ**–જિનભવનનિર્માણમાં કાષ્ઠાદિ દળ લાવવું, ભૂમિ ખોદવી, ભીંત ચણવી વગેરે સર્વકાર્યોમાં અતિ આદરપૂર્વક જીવરક્ષાના ઉપાય રૂપ પાણી ગાળવું વગેરે યતના કરવી જોઈએ. કારણ કે વીતરાગ ભગવંતોએ યથાશક્તિ જીવરક્ષારૂપ યતનાને જ ધર્મનો સાર કહ્યો છે. (૨૯)

**जयणा उ धम्मजणणी, जयणा धम्मस्स पालणी चेव ।**
**तव्वुड्ढिकरी जयणा, एगंतसुहावहा जयणा ॥३०॥**

**ગાથાર્થ**–યતના જ ધર્મની માતા છે. યતના જ ધર્મનું પાલન કરનારી છે. યતના ધર્મની વૃદ્ધિ કરે છે. યતના એકાંતે સુખ લાવનારી છે.

**ટીકાર્થ**–યતના જ ધર્મની માતા છે. જેમ માતા પુત્રને જન્મ આપે છે તેમ યતના ધર્મરૂપ પુત્રને જન્મ આપે છે, અર્થાત્ યતનાથી ધર્મ થાય છે. યતના જ ધર્મનું પાલન કરનારી છે. માતા જેમ પુત્રને જન્મ આપ્યા પછી તેનું આપત્તિઓથી રક્ષણ કરે છે, તેમ યતના ધર્મનું ઉપદ્રવોથી રક્ષણ કરે છે, અર્થાત્ યતનાથી ધર્મ ટકે છે. યતના ધર્મની વૃદ્ધિ કરે છે. માતા જેમ પુત્રને પોષીને મોટો કરે છે તેમ યતના ધર્મને વધારે છે, અર્થાત્ યતનાથી ધર્મ વધે છે. વધારે શું કહેવું ? યતના બધી જ રીતે સુખ પ્રાપ્ત કરાવનારી છે. (અથવા યતના મોક્ષસુખને પ્રાપ્ત કરાવનારી છે.)

**પ્રશ્ન**–મૂળશ્લોકમાં યતના શબ્દના અનેકવાર ઉલ્લેખથી પુનરુક્તિનો દોષ ન લાગે ?

**ઉત્તર**–ના, કારણ કે યતનાના આદરથી યતનાશબ્દનો વારંવાર ઉલ્લેખ કર્યો છે. આદર માટે વારંવાર ઉલ્લેખ કરવામાં દોષ નથી, કહ્યું છે કે–

**"હર્ષ, ભય વગેરેથી વ્યાક્ષિપ્ત મનવાળો, સ્તુતિ કરતો અને નિંદા કરતો વક્તા એક જ પદ અનેકવાર કહે તો તેમાં પુનરુક્તિ દોષ નથી."** (૩૦)

**जयणाइ वट्टमाणो, जीवो सम्मत्तणाणचरणाणं ।**
**सद्धाबोहासेवणभावेणाराहगो भणितो ॥३१॥**

**ગાથાર્થ**–જિનેશ્વરોએ યતનામાં વર્તમાન જીવને શ્રદ્ધા-બોધ-આસેવનના સદ્ભાવથી અનુક્રમે સમ્યક્ત્વ-જ્ઞાન-ચારિત્રનો આરાધક કહ્યો છે.

**ટીકાર્થ**–જિનેશ્વરોએ યતના પૂર્વક પ્રવૃત્તિ કરનાર જીવને શ્રદ્ધા, બોધ અને આસેવન એ ત્રણના સદ્ભાવથી(=વિદ્યમાનતાથી) અનુક્રમે સમ્યક્ત્વ, જ્ઞાન અને ચારિત્રનો આરાધક કહ્યો છે, અર્થાત્ યતનાની શ્રદ્ધા(-રુચિ) હોવાથી સમ્યક્ત્વનો, યતનાનો બોધ હોવાથી જ્ઞાનનો, યતનાનું પાલન હોવાથી ચારિત્રનો આરાધક કહ્યો છે.[1] (૩૧)

**एसा य होइ णियमा, तदहिगदोसविणिवारणी जेण ।**
**तेण णिवित्तिपहाणा, विण्णेया बुद्धिमंतेहिं ॥३२॥**

**યતના કથંચિત્ આરંભ સ્વરૂપ છે. તેથી યતનામાં વર્તતો જીવ ચારિત્રનો આરાધક કેવી રીતે થાય ? કારણ કે ચારિત્ર નિવૃત્તિરૂપ છે. આવી આશંકા કરીને કહે છે–**

**ગાથાર્થ**–યતના યતનામાં રહેલ આરંભ દોષથી અધિક દોષોને અવશ્ય રોકનારી હોવાથી બુદ્ધિશાળીઓએ યતનાને નિવૃત્તિની પ્રધાનતાવાળી જાણવી.

**ટીકાર્થ**–યતનામાં રહેલ આરંભ દોષથી અન્ય આરંભરૂપ જે દોષ, તે દોષને યતના અવશ્ય રોકે છે. તેથી યતનાને પંડિતોએ નિવૃત્તિની પ્રધાનતાવાળી એટલે કે અન્ય (ખેતી વગેરે મોટા) આરંભોથી નિવૃત્તિ કરાવવાના કારણે સારભૂત જાણવી. (૩૨)

**सा इह परिणयजलदलविसुद्धिरूवा उ होइ णायव्वा ।**
**अण्णारंभणिवित्तीएँ अप्पणाऽहिट्ठुणं चेव ॥३३॥**

**યતનાને જ સ્વરૂપથી બતાવતા, અર્થાત્ કેવી રીતે યતના કરવી તેને બતાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–(इह=)જિનભવનનિર્માણમાં યતના પ્રાસુક(=અચિત્ત) પાણી અને દળની વિશુદ્ધિ રૂપ જાણવી. તથા અન્ય આરંભથી નિવૃત્ત થઈને જાતે જ મંદિરનિર્માણકાર્યમાં ઉપસ્થિત રહેવું(=દેખરેખ રાખવી) એ યતના છે.

**ટીકાર્થ**–જિનમંદિરનિર્માણમાં પ્રાસુક પાણી અને દળની વિશુદ્ધિ યતના છે, અર્થાત્ પાણી અને કાષ્ઠ-પથ્થર વગેરે દળ ત્રસ જીવોથી રહિત હોય તેવું વાપરવું વગેરે યતના છે. તથા ખેતી વગેરે અન્ય આરંભોનો ત્યાગ કરીને જાતે જ જિનભવનના કાર્યમાં દેખરેખ રાખવી એ પણ યતના છે. મંદિરના કાર્યોમાં જાતે હાજર હોય તો યથાયોગ્ય જીવરક્ષા થાય

---

૧. ઉપદેશપદ ગાથા-૪૬૯-૪૭૦.

તેવી રીતે નોકરો પાસે કામ કરાવી શકે. જો જાતે હાજર ન હોય તો નોકરો ગમે તેમ કામ કરે એથી જીવરક્ષા ન થઈ શકે. આથી જાતે દેખરેખ રાખવી એ યતના છે. (૩૩)

**एवं च होइ एसा, पवित्तिरूवावि भावतो णवरं ।**
**अकुसलणिवित्तिरूवा, अप्पबहुविसेसभावेणं ॥३४॥**

**યતના નિવૃત્તિની પ્રધાનતાવાળી છે એમ જે કહ્યું તેનું જ સમર્થન કરતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–આ રીતે યતના પ્રવૃત્તિસ્વરૂપ હોવા છતાં પરમાર્થથી અલ્પ-બહુત્વરૂપ ભેદના સદ્ભાવથી અશુભ આરંભથી નિવૃત્તિસ્વરૂપ છે.

**ટીકાર્થ**–આ રીતે (૩૩મી ગાથામાં કહ્યું તે રીતે) જિનભવન સંબંધી યતના પ્રવૃત્તિ રૂપ હોવા છતાં અલ્પ-અધિક આરંભનો વિચાર કરતાં પરમાર્થથી અકુશળથી(-આરંભથી) નિવૃત્તિરૂપ છે.

**ભાવાર્થ**–જિનભવનસંબંધી યતનામાં કિંચિત્ આરંભ થાય છે, પણ સાથે સાથે ખેતી વગેરે મોટા આરંભ બંધ થાય છે. એટલે આરંભ અલ્પ થાય છે અને આરંભથી નિવૃત્તિ અધિક થાય છે, આરંભ કરતાં આરંભથી નિવૃત્તિ અધિક હોવાથી પ્રસ્તુત યતના પ્રવૃત્તિસ્વરૂપ હોવા છતાં પરમાર્થથી નિવૃત્તિસ્વરૂપ છે. (૩૪)

**एत्तो च्चिय णिद्दोसं, सिप्पादिविहाणमो जिणिंदस्स ।**
**लेसेण सदोसंपि हु, बहुदोसनिवारणत्तेण ॥३५॥**

**શ્રી આદિનાથ ભગવાને સઘળા લોકવ્યવહારને જે પ્રવર્તાવ્યો તે જીવહિંસારૂપ હોવાથી અયુક્ત છે એવા પૂર્વપક્ષનું જિનભવનસંબંધી યતનાદ્વારના પ્રસંગથી ખંડન કરતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–આથી જ શ્રીનાભિનંદનની (આદિનાથભગવાનની) શિલ્પાદિને બતાવવાની પ્રવૃત્તિ કંઈક દોષિત હોવા છતાં બહુદોષોને રોકનારી હોવાથી નિર્દોષ છે.

**ટીકાર્થ**–આથી જ=જિનમંદિરસંબંધી યતના અલ્પ-બહુત્વના ભેદથી અશુભ આરંભથી નિવૃત્તિરૂપ હોવાથી શ્રીનાભિનંદને(આદિનાથભગવાને) શિલ્પકળા અને રાજનીતિ વગેરેનું જે શિક્ષણ આપ્યું તે કંઈક દોષિત(=સાવદ્ય) હોવા છતાં નિર્દોષ(=નિરવદ્ય) છે. કારણ કે તેનાથી ઘણા દોષો દૂર થાય છે.

**પ્રશ્ન**–શિલ્પકળા આદિના શિક્ષણથી ઘણા દોષો કેવી રીતે દૂર થાય છે ?

**ઉત્તર**–જો ભગવાન શિલ્પકળા, રાજનીતિ આદિનું શિક્ષણ ન આપે તો લોકો ધન આદિ માટે એક-બીજાને મારી નાખે, એક-બીજાનું ધન લઈ લે, પરસ્ત્રીગમન આદિ દોષોનું સેવન કરે. [આવા અનેક મોટા મોટા ગુનાઓ સતત થાય, લોકમાં ભારે અંધાધૂંધી ચાલે. આથી લોક શાંતિમય જીવન ન જીવી શકે. પરિણામે આ લોક બગડવા સાથે પરલોક પણ

બગડે.] શિલ્પકળા, રાજનીતિ વગેરેના શિક્ષણથી તે ગુનાઓ રોકી શકાય છે.[૧] (૩૫)

**वरबोहिलाभओ सो, सव्वुत्तमपुण्णसंजुओ भयवं ।**
**एगंतपरहियरतो, विसुद्धजोगो महासत्तो ॥३६॥**
**जं बहुगुणं पयाणं, तं णाऊणं तहेव दंसेइ ।**
**ते रक्खंतस्स ततो, जहोचितं कह भवे दोसो ? ॥३७॥ युग्मम् ॥**

**ભગવાનની શિલ્પકળાદિ શિક્ષણની પ્રવૃત્તિ નિર્દોષ છે એનું જ સમર્થન કરતા ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ**—વરબોધિલાભવાળા, સર્વોત્તમપુણ્યસંયુક્ત, એકાંતે(=સર્વથા) પરહિતરત, વિશુદ્ધ મન-વચન-કાયાવાળા, ઉત્તમસત્ત્વવંત શ્રીઆદિનાથ ભગવાન લોકોને જેનાથી વધારે લાભ થાય તે જ્ઞાનથી જાણીને જેમ લોકોને ઉપકાર થાય તેમ (કંઈક દોષિત પણ) બતાવે. ઔચિત્યથી(=સ્વકર્તવ્યપાલન કરવા) શિલ્પાદિનું શિક્ષણ આપીને પ્રજાનું ઘણા અનર્થોથી રક્ષણ કરનારા ભગવાનને દોષ કેવી રીતે લાગે ? અર્થાત્ ન લાગે.

**ટીકાર્થ—વરબોધિલાભ**—વર એટલે શ્રેષ્ઠ, લાભ એટલે પ્રાપ્તિ. બોધિ એટલે સમ્યગ્દર્શન. ભગવાનનું સમ્યગ્દર્શન અપ્રતિપાતી(=નહિ જનારું) હોવાથી ભગવાન વરબોધિલાભવાળા છે.[૨] (૩૬)

**પ્રશ્ન**—અહીં 'ઔચિત્યથી' એમ કહ્યું છે તો ઔચિત્યથી એટલે શું ?

**ઉત્તર**—ભગવાન અવશ્ય વેદ્ય એવા શુભવેદનીય અને ચારિત્રમોહનીય આદિ કર્મના ઉદયથી સંસારમાં રહેલા છે અને ત્રણ જ્ઞાનથી યુક્ત હોવાથી શિલ્પાદિના શિક્ષણથી જ લોકોનું અધિક દોષોથી રક્ષણ થઈ શકે તેમ છે એમ જાણે છે. આવી સ્થિતિમાં ભગવાન લોકોને શિલ્પાદિનું શિક્ષણ આપે એ જ ઉચિત ગણાય, ન આપે તો અનુચિત ગણાય. આવી સ્થિતિમાં લોકોને શિલ્પાદિનું શિક્ષણ આપીને અધિક દોષોથી બચાવવા એ ભગવાનનું કર્તવ્ય થઈ પડે છે. હા, સર્વવિરતિનો સ્વીકાર કર્યા પછી આવું શિક્ષણ આપવું ઉચિત ન ગણાય. સર્વવિરતિનો સ્વીકાર કર્યા પછી તો સંયમની જ સાધના કરવાની હોય છે, સંયમની સાધનાથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતાં તીર્થની સ્થાપના વગેરે પ્રવૃત્તિ કરવાની હોય છે. એટલે સંસારમાં રહેલા શ્રી આદિનાથ ભગવાન શિલ્પાદિનું શિક્ષણ આપે એ ઉચિત(-યોગ્ય) હોવાથી અહીં ઔચિત્યથી એમ કહ્યું છે.[૩] (૩૭)

---

૧. હારિભદ્રીય અષ્ટક ૨૮મું સંપૂર્ણ.

૨. ભગવાન જે ભવમાં મોક્ષમાં જાય તેનાથી આગળના ત્રીજાભવનું સમ્યગ્દર્શન અપ્રતિપાતી(=નહિ જનારું) સમજવું.

૩. અહીં અધિક સ્પષ્ટતા થાય એ હેતુથી હારિભદ્રીય અષ્ટકના આધારે વિશેષ લખ્યું છે.

**तत्थ पहाणो अंसो, बहुदोसनिवारणाउ जगगुरुणो ।**
**नागादिरक्खणे जह, कड्ढणदोसेवि सुहजोगो ॥३८॥**

**શિલ્પાદિના શિક્ષણમાં પણ આરંભદોષ જોવાયેલો જ છે. તેથી તેમાં દોષ કેમ નથી ? એવી આશંકા કરીને ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–જગદ્‌ગુરુ ભગવાનના શિલ્પાદિશિક્ષણમાં યોગ શુભ જ છે. કેમકે તેનાથી પરસ્પર વધ આદિરૂપ ઘણા દોષો દૂર થાય છે. આ જ અર્થનું દૃષ્ટાંતથી સમર્થન કરે છે–બાળકનું સાપ આદિથી રક્ષણ કરવામાં શરીરઘર્ષણ વગેરે દોષ હોવા છતાં માતાનો યોગ શુભ જ છે. (૩૮)

**खड्डातडम्मि विसमे, इट्ठसुयं पेच्छिऊण कीलंतं ।**
**तप्पच्चवायभीया, तदाणणट्ठा गया जणणी ॥३९॥**
**दिट्ठो य तीएँ णागो, तं पति एंतो दुतो उ खड्डाए ।**
**तो कड्ढितो तगो तह, पीडाइवि सुद्धभावाए ॥४०॥ युग्मम् ॥**

**સાપ આદિથી રક્ષણ કરવામાં દૃષ્ટાંતને જ કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–ખાડાના ઊંચા-નીચા કિનારે પ્રિયપુત્રને રમતો જોઈને અરે ! બાળક ખાડામાં પડી જશે એવા બાળકના અનર્થથી(=અનર્થની શંકાથી) ભય પામેલી માતા તેને લેવા માટે ગઈ. (૩૯)

તેવામાં તેણીએ સર્પને ખાડામાંથી બાળક સામે ઝડપથી આવી રહેલો જોયો. આ જોઈને માતાએ ઉપકાર કરવાના(=બચાવવાના) શુભભાવથી બાળકને ખેંચી લીધો. બાળકને ખેંચવામાં શરીરે પીડા થવા છતાં ખેંચી લીધો. (૪૦)

**एयं च एत्थ जुत्तं, इहराऽहिगदोसभावतोऽणत्थो ।**
**तप्परिहारेऽणत्थो, अत्थो च्चिय तत्तओ णेओ ॥४१॥**

**દૃષ્ટાંતનો અર્થ જ નિર્દોષ છે એમ બતાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–અહીં બાળકને ખેંચવામાં પીડા થવા છતાં માતાએ બાળકને ખેંચી લીધો તે યોગ્ય છે. જો બાળકને પીડા થશે એમ વિચારીને ન ખેંચે તો સર્પ આવીને દંશ મારે અને બાળક મરી જાય. એટલે ખેંચવાથી થતી પીડાથી સર્પદંશથી અધિક પીડા થાય અને બાળકને મૃત્યુરૂપ અનર્થ થાય. બાળકના મૃત્યુરૂપ અનર્થને દૂર કરવામાં ખેંચવાથી થતી પીડા રૂપ અનર્થ(=નુકસાન) પરમાર્થથી અર્થ(=લાભ) જ છે. આ ગાથાનો અર્થ ભગવાનની શિક્ષણ પ્રવૃત્તિમાં પણ ઘટાવી શકાય. તે આ પ્રમાણે–અહીં ભગવાને શિલ્પાદિનું શિક્ષણ આપ્યું તે કંઈક

સાવદ્ય હોવા છતાં યોગ્ય છે. જો કંઈક સાવદ્ય હોવાથી શિલ્પાદિનું શિક્ષણ ન આપે તો ઘોર હિંસા આદિથી ભારે અનર્થ થાય. ઘોર હિંસાદિથી થતા ભારે અનર્થને દૂર કરવામાં થતો કંઈક પાપરૂપ અનર્થ(=નુકસાન) પરમાર્થથી અર્થ(=લાભ) જ જાણવો. (૪૧)

**एव निवित्तिपहाणा, विण्णेया भावओ अहिंसेयं ।**
**जयणावओ उ विहिणा, पूजादिगयावि एमेव ॥४२॥**

**હવે યતનાદ્વારનો ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–આ પ્રમાણે વિધિપૂર્વક યતનાવાળાની જિનમંદિરનિર્માણની નિવૃત્તિની પ્રધાનતાવાળી પ્રવૃત્તિ પરમાર્થથી અહિંસારૂપ જાણવી.

**ટીકાર્થ**–આ પ્રમાણે (હમણાં જ કહેલા દૃષ્ટાંત પ્રમાણે) ભૂમિશુદ્ધિ આદિ વિધિપૂર્વક યતના રાખનારની જ જિનમંદિરનિર્માણની પ્રવૃત્તિ અધિક જીવહિંસાથી નિવૃત્તિ કરાવનારી હોવાથી પરમાર્થથી અહિંસારૂપ છે. તથા જિનપૂજા, જિનમહોત્સવ આદિની પ્રવૃત્તિ પણ અધિક જીવહિંસાથી નિવૃત્તિ કરાવનારી હોવાથી પરમાર્થથી અહિંસારૂપ છે.

અથવા આ ગાથામાં પૂર્વાર્ધથી ભગવાનની શિક્ષણપ્રવૃત્તિને અહિંસા કહી છે અને ઉત્તરાર્ધથી જિનભવનની પ્રવૃત્તિને અહિંસા કહી છે. તે આ પ્રમાણે–આ પ્રમાણે ભગવાનની શિલ્પાદિશિક્ષણ સંબંધી પ્રવૃત્તિ અધિક દોષોથી નિવૃત્તિ કરાવનારી હોવાથી પરમાર્થથી અહિંસારૂપ છે. તથા ભૂમિશુદ્ધિ આદિ વિધિપૂર્વક યતના રાખનારની જ જિનપૂજા, જિનમંદિરનિર્માણ આદિ સંબંધી પ્રવૃત્તિ પણ અધિક જીવહિંસાથી નિવૃત્તિ કરાવનારી હોવાથી પરમાર્થથી અહિંસારૂપ છે. (૪૨)

**णिप्फाइऊण एवं, जिणभवणं सुंदरं तहिं बिंबं ।**
**विहिकारियमह विहिणा, पइट्ठवेज्जा लहुं चेव ॥४३॥**

**યતનાદ્વાર કહ્યું. યતનાદ્વાર કહ્યે છતે જિનમંદિર કરાવવાનો વિધિ કહ્યો. હવે જિનમંદિર બંધાયા પછીની વિધિ કહે છે–**

**ગાથાર્થ**–(एवं=)ઉક્ત વિધિથી સુંદર જિનમંદિર તૈયાર કરાવીને તેમાં વિધિથી કરાવેલા જિનબિંબની વિધિપૂર્વક જલદી પ્રતિષ્ઠા કરાવવી.

**ટીકાર્થ**–આ વિષે (ષોડશક-૮. ગાથા-૧માં) કહ્યું છે કે–

**"વિધિપૂર્વક તૈયાર થયેલા જિનબિંબની જલદી દશ દિવસની અંદર પ્રતિષ્ઠા કરવાનું કહ્યું છે. તે પ્રતિષ્ઠાના સંક્ષેપથી ત્રણ પ્રકાર છે."** (૪૩)

**एयस्स फलं भणियं, इय आणाकारिणो उ सड्ढस्स ।**
**चित्तं सुहाणुबंधं, णिव्वाणंतं जिणिंदेहिं ॥४४॥**

**જિનમંદિર કરાવવાની વિધિના ફળને બતાવવા માટે કહે છે–**

**ગાથાર્થ-ટીકાર્થ**–(इय=)પ્રસ્તુત પંચાશકમાં જણાવ્યા પ્રમાણે આપ્તની આજ્ઞાનું પાલન કરનાર જ શ્રાવકને જિનભવન કરાવવાની વિધિનું મુક્તિ ન મળે ત્યાં સુધી દેવમનુષ્યગતિમાં વિશિષ્ટ અભ્યુદય[1] અને કલ્યાણની સતત[2] પરંપરારૂપ ફળ મળે છે, અંતે મોક્ષ મળે છે, એમ જિનેશ્વરોએ કહ્યું છે. (૪૪)

**[3]जिणबिंबपइट्ठावणभावज्जियकम्मपरिणतिवसेणं ।**
**सुगतीइ पइट्ठावणमणहं सदि अप्पणो चेव ॥४५॥**

**૪૪મી ગાથામાં જિનભવન કરાવવાની વિધિનું ફળ સામાન્યથી જણાવ્યું. હવે ૨૫ થી ૨૮ એ ચાર ગાથાઓમાં જણાવેલા ભાવોમાંથી કયા ભાવથી કયું ફળ મળે છે એમ વિભાગથી વિધિનું ફળ કહે છે–**

**(જિનબિંબપ્રતિષ્ઠાની ભાવનાનું ફળ)–**

**ગાથાર્થ**–જિનબિંબની પ્રતિષ્ઠાના ભાવથી ઉપાર્જિત કર્મના વિપાકના પ્રભાવથી સદા પોતાનું જ સુગતિમાં નિરવદ્ય સ્થાપન થાય છે.

**ટીકાર્થ**–૨૫મી ગાથામાં જણાવેલ "જિનબિંબની પ્રતિષ્ઠાના ભાવથી" ઉપાર્જિત પુણ્યાનુબંધી પુણ્યના વિપાકના પ્રભાવથી પોતાનું જ સદા દેવલોક આદિ સુગતિમાં નિરવદ્ય સ્થાપન થાય છે, અર્થાત્ જિનબિંબની પ્રતિષ્ઠાની ભાવના ભાવનાર જીવ એ ભાવનાથી બંધાયેલા પુણ્યાનુબંધી પુણ્યકર્મના ઉદયથી મોક્ષમાં ન જાય ત્યાં સુધી દેવલોક કે મનુષ્યલોકમાં ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન**–નિરવદ્ય સ્થાપન થાય છે એમાં નિરવદ્ય એટલે શું ?

**ઉત્તર**–દેવલોક કે મનુષ્યલોકમાં જન્મેલો એ જીવ સર્વથા દોષોથી રહિત નથી. તેનામાં રાગાદિ દોષો રહેલા છે. પણ એ રાગાદિ દોષો એવા નબળા હોય છે કે જેથી તેનો અનુબંધ ચાલતો નથી, અર્થાત્ તેનાથી ભવિષ્યમાં દોષો વધે એવો કર્મબંધ થતો નથી. દા.ત. ક્રોધ આવી ગયો. પણ તે ક્રોધથી તેવાં કર્મો નહિ બંધાય કે જેથી ભવિષ્યમાં તેનો ક્રોધ વધે. એ પ્રમાણે રાગાદિ દોષો વિષે પણ સમજવું. આનું કારણ એ છે કે એનામાં એ દોષો પ્રત્યે હેયબુદ્ધિ-તિરસ્કારબુદ્ધિ રહેલી છે. આથી એ દોષોના સેવન વખતે તેમાં રસ હોતો નથી. આવા જીવના વર્તમાનકાલીન દોષોથી ભવિષ્યમાં દોષોની વૃદ્ધિ ન થતી હોવાથી એ જીવની દેવલોકાદિમાં ઉત્પત્તિ નિરવદ્ય કહેવાય. (૪૫)

**तत्थवि य साहुदंसणभावज्जियकम्मतो उ गुणरागो ।**
**काले य साहुदंसणमहक्कमेणं गुणकरं तु ॥४६॥**

---

૧. આનાથી ભૌતિક ફળ બતાવ્યું.
૨. આનાથી આધ્યાત્મિક ફળ બતાવ્યું.
૩. ૪૫થી ૪૭ એ ત્રણ ગાથાઓ પંચવસ્તુક ગ્રંથમાં અનુક્રમે ૧૧૫૭થી ૧૧૫૯ છે.

**(સાધુદર્શનની ભાવનાનું ફળ–)**

**ગાથાર્થ**–સુગતિસ્થાપનામાં પણ સાધુદર્શનની ભાવનાથી ઉપાર્જિત કર્મથી ગુણરાગ હોય છે. તેથી અવસરે સાધુદર્શન થાય છે. સાધુદર્શન અવશ્ય ક્રમશઃ ગુણો કરવાના સ્વભાવવાળું છે.

**ટીકાર્થ**–૨૬મી ગાથામાં જણાવેલ "સાધુદર્શનના ભાવથી" ઉપાર્જિત કરેલા કર્મથી (तत्थ वि य=) સુગતિમાં પણ સ્વાભાવિક ગુણાનુરાગ હોય છે. તેથી અવસરે સાધુનાં દર્શન થાય છે. સાધુનું દર્શન અવશ્ય ક્રમશઃ ગુણો કરવાના સ્વભાવવાળું છે, અર્થાત્ સાધુનાં દર્શનથી તેના આત્મામાં અવશ્ય ક્રમશઃ નવા નવા ગુણો પ્રગટે છે. સુગતિમાં પણ એ સ્થળે રહેલા પણ શબ્દનો અર્થ આ પ્રમાણે છે–સુગતિની પ્રાપ્તિના પૂર્વકાળે તો ગુણરાગ હતો જ, કિંતુ સુગતિમાં પણ સ્વાભાવિક ગુણરાગ હોય છે. (૪૬)

**पडिबुज्झिस्संतऽन्ने, भावज्जियकम्मओ य पडिवत्ती ।**
**भावचरणस्स जायति, एगंतसुहावहा णियमा ॥४७॥**

**(અન્ય જીવોના પ્રતિબોધની ભાવનાનું ફળ–)**

**ગાથાર્થ–ટીકાર્થ**–૨૭મી ગાથામાં જણાવેલ "બીજા જીવો પણ પ્રતિબોધ પામશે એ ભાવથી" ઉપાર્જિત કર્મથી મોક્ષસુખ આપનાર ભાવચારિત્રનો સ્વીકાર અવશ્ય થાય છે. (૪૭).

**अपरिवडियसुहचिंताभावज्जियकम्मपरिणतीए उ ।**
**गच्छति इमीइ अंतं, ततो य आराहणं लहइ ॥४८॥**

**(સ્થિર શુભચિંતાનું ફળ–)**

**ગાથાર્થ**–સ્થિર શુભચિંતારૂપ ભાવથી ઉપાર્જિત કર્મના વિપાકથી ચારિત્રસ્વીકારના પારને પામે છે, તેથી આરાધનાને પામે છે.

**ટીકાર્થ**–૨૮મી ગાથામાં જણાવેલ "જે ધન જિનમંદિરમાં વપરાય છે તે જ મારું છે" એવી સ્થિર શુભચિંતારૂપ ભાવથી ઉપાર્જિત કરેલા શુભકર્મના વિપાકથી સ્વીકૃત ચારિત્રના પારને પામે છે, અર્થાત્ ચારિત્રને જીવનપર્યંત બરોબર પાળે છે, અને તેથી (જીવનપર્યંત બરોબર ચારિત્ર પાળવાથી) વિશુદ્ધ ચારિત્રનો આરાધક બને છે. કારણ કે જેના ચારિત્રનું પતન થયું નથી તેને જ ચારિત્રની આરાધના થાય છે. (૪૮)

**णिच्छयणया जमेसा, चरणपडिवत्तिसमयतो पभिई ।**
**आमरणंतमजस्सं संजमपरिपालणं विहिणा ॥४९॥**

**આ જ વિષયને બતાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–કારણ કે નિશ્ચયનયથી ચારિત્રસ્વીકારના સમયથી પ્રારંભીને મૃત્યુ સુધી સતત આગમોક્ત વિધિથી સંયમપાલન થાય તો (एसा=)પૂર્વોક્ત વિશુદ્ધ ચારિત્રારાધના

થાય છે.

**ટીકાર્થ–પ્રશ્ન**–જીવનપર્યંત બરોબર ચારિત્ર પાળવાથી જ ચારિત્રની આરાધના થાય એમ કહ્યું, તો શું ચારિત્રનું પતન થઈ ગયા પછી ફરી છેલ્લે છેલ્લે મરણ સમયે પણ ચારિત્રનું પાલન થાય તો ચારિત્રની આરાધના ન કહેવાય ?

**ઉત્તર**–વ્યવહારનયથી ચારિત્રનું પતન થવા છતાં મરણ સમયે પણ ચારિત્રનું પાલન થાય તો ચારિત્રની આરાધના છે. જ્યારે નિશ્ચયનયથી ચારિત્ર સ્વીકારના સમયથી માંડી મરણ સમય સુધી સતત આગમોક્ત વિધિથી ચારિત્રનું પાલન કરવાથી ચારિત્રની આરાધના થાય છે. આથી જીવનપર્યંત ચારિત્રનું બરોબર પાલન કરનાર વિશુદ્ધ ચારિત્રનો આરાધક છે એમ (૪૮મી ગાથામાં) જે કહ્યું છે તે બરોબર છે. (૪૯)

**आराहगो य जीवो, सत्तट्ठभवेहिँ पावती णियमा ।**
**जम्मादिदोसविरहा, सासयसोक्खं तु णिव्वाणं ॥५०॥**

**જો આરાધના પામે છે તો એ આરાધનાનું શું ફળ મળે તે કહે છે–**

**ગાથાર્થ**–આરાધક જીવ સાત આઠ ભવોથી નિયમા જન્માદિ દોષોના વિયોગથી નિત્ય સુખવાળા મોક્ષને પામે છે.

**ટીકાર્થ**–જ્ઞાનાદિની આરાધનાવાળો જીવ સાત-આઠ ભવોથી અવશ્ય જન્મ-મરણાદિ દોષોનો વિયોગ થવાથી નિત્યસુખવાળા મોક્ષને પામે છે.

અહીં સાત આઠ ભવો જઘન્ય આરાધનાની અપેક્ષાએ છે. ઉત્કૃષ્ટ આરાધનાથી તો કોઈ જીવ તે જ ભવમાં મોક્ષમાં જાય છે.

**પ્રશ્ન**–સાત આઠ ભવોની ગણતરી કેવી રીતે કરવી ? મનુષ્યભવમાંથી દેવલોકમાં, દેવલોકમાંથી મનુષ્ય ભવમાં એમ મનુષ્ય-દેવલોકના સાત આઠ ભવો ગણવા કે આરાધનાના, એટલે કે જે ભવોમાં (જ્ઞાનાદિની) આરાધના થઈ હોય તે ગણવા ?

**ઉત્તર**–જે ભવોમાં (જ્ઞાનાદિની) આરાધના થઈ હોય તેવા ભવો ગણવા. કારણ કે મનુષ્ય-દેવલોકના ભવો ગણવામાં સાત જ ભવ થાય. સાતમો ભવ મનુષ્યનો છે. ચારિત્રનો આરાધક મનુષ્યલોકમાં ઉત્પન્ન ન થાય, વૈમાનિક દેવલોકમાં જ ઉત્પન્ન થાય. એટલે આઠમા ભવમાં મોક્ષમાં ન જઈ શકે. આથી સાત જ ભવ થાય, આઠ ભવ ન થાય. (જો આઠમા ભવે દેવલોકમાં જઈને પછી મનુષ્યભવમાં મોક્ષ પામે તો નવ ભવ થાય.) આથી આરાધનાના સાત આઠ ભવો ગણવા. કોઈ જીવ સાત ભવોમાં આરાધના કરીને મોક્ષે જાય, તો કોઈ જીવ[૧] આઠ ભવોમાં આરાધના કરીને મોક્ષમાં જાય. (૫૦)

---

૧. अट्ठभवा उ चरित्ते=ચારિત્ર સ્વીકારના આઠભવો છે, અર્થાત્ આઠ ભવોમાં ચારિત્રનો સ્વીકાર કર્યા પછી અવશ્ય મોક્ષની પ્રાપ્તિ થાય. (આવશ્યકનિર્યુક્તિ ગાથા-૮૫૬)

## ॥ अथाष्टमपञ्चाशकवृत्तिः ॥८॥

## ८. જિનબિંબપ્રતિષ્ઠાવિધિ પંચાશક

**नमिऊण देवदेवं, वीरं सम्मं समासओ वोच्छं ।**
**जिणबिंबपइट्ठाए, विहिमागमलोयणीतीए ॥१॥**

**સાતમા પંચાશકમાં જિનભવન બંધાવવાનો વિધિ કહ્યો. જિનભવન જિનબિંબથી અધિષ્ઠિત જ હોય છે. આથી આઠમા પંચાશકમાં જિનબિંબની પ્રતિષ્ઠાની વિધિનું પ્રતિપાદન કરવાની ઈચ્છાવાળા ગ્રંથકાર મંગલ વગેરે જણાવવા માટે કહે છે–**

**ગાથાર્થ**–દેવોના પણ દેવ શ્રી મહાવીર ભગવાનને ભાવશુદ્ધિ પૂર્વક પ્રણામ કરીને આગમ અને લોક એ બંનેની નીતિ અનુસાર(=આગમ અને લોકશાસ્ત્રમાં બતાવ્યા પ્રમાણે) જિનબિંબની પ્રતિષ્ઠાની વિધિ સંક્ષેપથી કહીશ.

**ટીકાર્થ**–અહીં લોક શબ્દનો ઉલ્લેખ કરીને એ જણાવ્યું છે કે કોઈ વખત જિનમતથી અવિરુદ્ધ લોકનીતિનું પણ અનુસરણ કરવું જોઈએ. આથી જ લોકનીતિમાં પણ કહેલા પ્રાસાદ આદિના લક્ષણનો આધાર લેવામાં આવે છે. (૧)

**जिणबिंबस्स पइट्ठा, पायं कारावियस्स जं तेण ।**
**तक्कारवणंमि विहिं, पढमं चिय वण्णिमो ताव ॥२॥**

**નહિ કરાવેલા જિનબિંબની પ્રતિષ્ઠા થતી નથી. આથી જિનબિંબને કરાવવાની વિધિને કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકાર જિનબિંબને કરાવવાની વિધિનો પ્રારંભ કરવા માટે કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–પ્રાયઃ બીજા પાસે કરાવેલા જિનબિંબની પ્રતિષ્ઠા થાય છે. સ્વયં કરી હોય, અથવા વેચાતી લીધી હોય, એથી કરાવેલી ન હોય એવી પણ પ્રતિમાની પ્રતિષ્ઠા થાય છે એવું જણાવવા માટે અહીં 'પ્રાયઃ' શબ્દનો ઉલ્લેખ કર્યો છે. આથી પ્રતિષ્ઠાવિધિની પહેલાં જિનબિંબ કરાવવાની વિધિને કહીએ છીએ. (૨)

**सोऊं णाऊण गुणे, जीणाण जायाए सुद्धबुद्धीए ।**
**किच्चमिणं मणुयाणं, जम्मफलं एत्तियं एत्थ ॥३॥**

**હવે જિનબિંબને કરાવવાની વિધિને જ કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકાર જિનબિંબને કરાવવાની પ્રવૃત્તિ કરાવનાર શુદ્ધબુદ્ધિનું સ્વરૂપ ચાર ગાથાઓથી કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–ગુરુથી કહેવાતા જિનેશ્વરના વીતરાગતા, તીર્થપ્રવર્તન વગેરે ગુણોને સાંભળીને અને જાણીને નિર્મળ બોધ થતાં જીવની બુદ્ધિ નીચે મુજબ થાય છે.

જિનબિંબ કરાવવું એ મનુષ્યોનું કર્તવ્ય છે, અને આટલું જ મનુષ્યજન્મનું ફળ છે. (૩)

**गुणपगरिसो जिणा खलु, तेसिं बिंबस्स दंसणंपि सुहं ।**
**कारावणेण तस्स उ, अणुग्गहो अत्तणो परमो ॥४॥**

**ગાથાર્થ–ટીકાર્થ**–જિનેશ્વરો જ (સર્વ જીવોથી) અધિક ગુણવાળા છે. આથી જ તેમની પ્રતિમાને વંદનાદિ કરવું એ તો દૂર રહો, કિંતુ તેમની પ્રતિમાનું દર્શન પણ સુખનું કારણ હોવાથી સુખરૂપ છે. આથી તેમનું બિંબ કરાવવાથી પોતાને ઉત્કૃષ્ટ લાભ થાય છે. (૪)

**मोक्खपहसामियाणं, मोक्खत्थं उज्जएण कुसलेणं ।**
**तग्गुणबहुमाणादिसु, जइयव्वं सव्वजत्तेणं ॥५॥**

**ગાથાર્થ–ટીકાર્થ**–આથી મોક્ષ માટે ઉદ્યત બનેલા બુદ્ધિશાળી જીવે મોક્ષમાર્ગને બતાવવાથી મોક્ષમાર્ગના સ્વામી બનેલા જિનેશ્વરના તીર્થપ્રવર્તન આદિ અસાધારણ ગુણો ઉપર બહુમાન ધારણ કરવું જોઈએ અને બહુ જ આદરથી તેમની પૂજા આદિ ભક્તિ કરવી જોઈએ. (૫)

**तग्गुणबहुमाणाओ, तह सुहभावेण बज्झती णियमा ।**
**कम्मं सुहाणुबंधं, तस्सुदया सव्वसिद्धित्ति ॥६॥**

**ગાથાર્થ–ટીકાર્થ**–જિનેશ્વરના ગુણો પ્રત્યે બહુમાન રાખવાથી બહુમાનના કારણે આત્મામાં થયેલા શુભ પરિણામથી અવશ્ય પુણ્યાનુબંધી પુણ્યકર્મનો બંધ થાય છે. એ કર્મના ઉદયથી સર્વ ઇષ્ટ કાર્યોની સિદ્ધિ થાય છે. જિનપ્રત્યે આવી બુદ્ધિ શુદ્ધબુદ્ધિ છે.

इति શબ્દ શુદ્ધબુદ્ધિના સ્વરૂપના કથનની સમાપ્તિનું સૂચન કરવા માટે છે. (૬)

**इय सुद्धबुद्धिजोगा, काले संपूइऊण कत्तारं ।**
**विभवोचियमप्पेज्जा, मोल्लं अणहस्स सुहभावो ॥७॥**

**હવે જિનબિંબને કરાવવાના વિધિને કહે છે–**

**ગાથાર્થ**–આ પ્રમાણે શુદ્ધબુદ્ધિનો યોગ થવાથી પ્રશસ્ત અધ્યવસાયવાળો બનેલો જિનબિંબ કરાવનારો જીવ નિર્દોષ શિલ્પીને અવસરે સન્માન કરીને સ્વસંપત્તિ પ્રમાણે મૂલ્ય આપે.

**ટીકાર્થ**–આ પ્રમાણે ૩ થી ૬ એ ચાર ગાથામાં કહ્યા તેવા શુદ્ધબુદ્ધિનો યોગ થવાથી જિનબિંબ કરાવનાર જીવ ઉદારતાથી પ્રશસ્ત અધ્યવસાયવાળો બનીને નિર્દોષ શિલ્પીને સન્માન કરવાના યોગ્ય સમયે (ભોજન, પાન, ફળ, ફૂલહાર આદિથી) સન્માન કરવા પૂર્વક સ્વસંપત્તિ અનુસાર મૂલ્ય આપે.

[અર્થાત્ શિલ્પી સાથે બિંબ ઘડવાના આટલા રૂપિયા આપીશ એમ નક્કી કર્યા વિના જ અવસરે પોતાની સ્થિતિ પ્રમાણે એને સન્માનપૂર્વક સારા પૈસા આપે.]

અનુચિત રીતે દ્રવ્યનો વિનાશ ન કરનાર શિલ્પી નિર્દોષ છે. (૭)

**तारिसयस्साभावे, तस्सेव हितत्थमुज्जुओ णवरं ।**
**णियमेज्ज बिंबमोल्लं, जं उचियं कालमासज्ज ॥८॥**

**નિર્દોષ શિલ્પી ન હોય તો જે કરવું જોઈએ તે કહે છે–**

**ગાથાર્થ**–નિર્દોષ શિલ્પી ન મળે તો દોષિતશિલ્પીના જ હિત માટે તત્પર બનેલો જિનબિંબ કરાવનાર શ્રાવક તે કાળને આશ્રયીને જિનબિંબનું જે મૂલ્ય ઉચિત હોય તે નક્કી કરે.

**ટીકાર્થ**–નિર્દોષ શિલ્પી ન મળવાથી દોષિત શિલ્પી પાસે બિંબો ઘડાવવા પડે તો તે શિલ્પી બિંબ માટે કલ્પેલા દ્રવ્યના ભક્ષણથી સંસારરૂપ ખાડામાં પડી ન જાય એ હેતુથી તેના જ હિત માટે તે કાળ પ્રમાણે પ્રતિમા ઘડવાનું જે યોગ્ય મૂલ્ય થતું હોય તે નક્કી કરે. જેમકે– આટલા પૈસાથી આટલાં બિંબો તમારે બનાવવાં અને ટુકડે ટુકડે પૈસા આપીશ. કાળ પ્રમાણે પ્રતિમા ઘડવાનું જે યોગ્ય મૂલ્ય થતું હોય તે નક્કી કરે એમ કહેવાનું કારણ એ છે કે કોઈક કાળમાં નાના પણ બિંબને ઘડવાનું મૂલ્ય ઘણું થાય અને કોઈક કાળમાં અલ્પ થાય.

[**ભાવાર્થ**–દોષિત શિલ્પી બિંબ ઘડવાથી મળેલા પૈસાનો પરસ્ત્રી, દારૂ, જુગાર આદિ વ્યસનમાં ઉપયોગ કરે. આથી જો તેને મૂલ્ય ઠરાવ્યા વિના એની મહેનત પ્રમાણે થયેલા પૈસાથી વધારે પૈસા આપવામાં આવે તો તે પૈસાનો ઉપયોગ વ્યસનમાં કરે. પૈસા આપનારે આ પૈસા જિનબિંબ ઘડવા માટેના છે એમ કલ્પીને આપ્યા હોવાથી તે પૈસા દેવદ્રવ્ય કહેવાય. દેવદ્રવ્યનો વ્યસનમાં ઉપયોગ કરનારને દેવદ્રવ્યના ભક્ષણનો દોષ લાગે છે. તેનાં કટુફળો આવે છે. આથી શિલ્પીના હિત માટે તેને મહેનતથી વધારે પૈસા ન આપવા. નક્કી કરેલા પૈસા પણ જેમ જેમ કામ થતું જાય તેમ તેમ ટુકડે ટુકડે આપવા. કારણ કે એકી સાથે પૈસા આપવામાં આવે તો તેનો ઉપયોગ વ્યસનમાં કરે. ટુકડે ટુકડે આપવામાં તેટલા પૈસા પોતાની જીવનજરૂરિયાતમાં વપરાઈ જવાથી વ્યસનમાં ઉપયોગ ન કરી શકે. તથા વ્યસનવાળા કારીગરોને પહેલેથી પૈસા આપી દેવાથી પછી કામ ન કરે અથવા અમુક સમયમાં જેટલું થવું જોઈએ તેટલું કામ ન કરે, એટલે કામ કર્યા વિના પૈસા લેવાથી દેવદ્રવ્યના ભક્ષણનો દોષ લાગે છે.] (૮)

**देवस्सपरीभोगो, अणेगजम्मेसु दारुणविवागो ।**
**तंमि स होइ णिउत्तो, पावो जो कारुओ इहरा ॥९॥**

**સદોષ શિલ્પીને નિર્દોષ શિલ્પી પ્રમાણે મૂલ્ય આપે તો કયો દોષ થાય તે કહે છે–**

**ગાથાર્થ**–દેવદ્રવ્યનું ભક્ષણ અનેક જન્મોમાં ભયંકરવિપાકવાળું થાય છે. (इहरा=)

બિંબ ઘડવાનું મૂલ્ય નક્કી ન કરવામાં આવે તો દોષિત શિલ્પી દેવદ્રવ્યના ભક્ષણમાં જોડાયેલો થાય છે=શિલ્પીને દેવદ્રવ્યનું ભક્ષણ કરાવવાનું થાય છે.

**ટીકાર્થ**–જિનબિંબને ઘડવા માટે કલ્પેલું દ્રવ્ય દેવદ્રવ્ય કહેવાય. દેવદ્રવ્યનું ભક્ષણ અનેક(=અનંત) જન્મોમાં નરકાદિના દુઃખનું કારણ હોવાથી ભયંકર ફળવાળું થાય છે. જો કે દેવદ્રવ્યના ભક્ષણથી બંધાયેલું કર્મ ભયંકર ફળવાળું થાય છે, તો પણ અહીં ઉપચારથી દેવદ્રવ્યના ભક્ષણથી બંધાયેલ કર્મને દેવદ્રવ્યનું ભક્ષણ કહ્યું છે.

દોષિત શિલ્પી સાથે જિનબિંબ ઘડવાનું મૂલ્ય નક્કી કરવામાં ન આવે તો શિલ્પીને દેવદ્રવ્યનું ભક્ષણ કરાવવાનું થાય છે. બીજાને ભયંકર અશુભ ફળવાળા કાર્યમાં જોડવો એ પરોપકાર કરવાના સ્વભાવવાળા સજ્જન પુરુષોને ઉચિત નથી. (૯)

**जं जायइ परिणामे, असुहं सव्वस्स तं न कायव्वं ।**
**सम्मं णिरूविऊणं, गाढगिलाणस्स वाऽपत्थं ॥१०॥**

**દેવદ્રવ્યના ભક્ષણથી શિલ્પીને ભયંકર ફળ આવશે, એમાં અમારે શું ? એવો વિચાર કરનારને ઉપદેશ આપવા માટે કહે છે–**

**ગાથાર્થ**–બરોબર વિચારીને જે કાર્ય અતિશય ગ્લાનને અપથ્ય આપવાની જેમ પરિણામે પોતાને કે પરને અશુભફળ આપનારું થાય તે કાર્ય ન કરવું જોઈએ.

**ટીકાર્થ**–(આ કાર્યથી ભવિષ્યમાં લાભ થશે કે નુકસાન થશે એમ) બરોબર વિચાર કરીને જે કાર્ય અતિશય ગ્લાનને અપથ્ય આપવાની જેમ પરિણામે પોતાને કે પરને અશુભ ફળ આપનારું થાય તે કાર્ય નહિ કરવું જોઈએ. સારા માણસોનું હૃદય પરોપકાર કરવામાં તત્પર હોય છે. કહ્યું છે કે–

**"જેઓએ સ્વયં કૃતકૃત્ય હોવા છતાં પર માટે મહેનત કરી છે તે સદ્ગુણોથી યુક્ત અને સાત્ત્વિક સંતો સદા જય પામો."**

જો બરોબર વિચારવામાં ન આવે તો પરિણામને બરોબર ન જાણી શકાય. માટે અહીં બરોબર વિચારીને એમ કહ્યું. અતિશયગ્લાનને અપથ્ય આપવાથી અતિશય ગ્લાન વિનાશ કરાયેલો(=મારી નખાયેલો) થાય છે. (૧૦)

**आणागारी आराहणेण तीए ण दोसवं होति ।**
**वत्थुविवज्जासम्मिवि, छउमत्थो सुद्धपरिणामो ॥११॥**

**નિર્દોષ શિલ્પીને નક્કી કર્યા વિના અને દોષિત શિલ્પીને નક્કી કરીને મૂલ્ય આપવા છતાં દેવદ્રવ્યની હાનિ થાય(=શિલ્પી દેવદ્રવ્યનું ભક્ષણ કરે) તો શું કરવું ? એવી આશંકા કરીને કહે છે–**

[આજ્ઞા પ્રમાણે કરવા છતાં છદ્મસ્થતાના કારણે વિપરીત થઈ જાય તો પણ આજ્ઞા

પ્રમાણે કરનાર આજ્ઞાની આરાધના કરી હોવાથી દોષિત બનતો નથી. કારણ કે છદ્મસ્થ તે શુદ્ધ પરિણામવાળો છે.

આ ગાથાનો દરેક વિષયમાં ઘટી શકે એવો સર્વ-સામાન્ય આ અર્થ કર્યો. પ્રસ્તુત વિષયમાં તેનો અર્થ આ પ્રમાણે છે–]

**ગાથાર્થ–ટીકાર્થ**–(आणागारी=) યથોક્ત વિધિ મુજબ જિનબિંબનું મૂલ્ય આપવા છતાં (छउमत्थो=)છદ્મસ્થતાના કારણે (वत्थुविवज्जासम्मिवि=)વિપરીત થઈ જાય=દેવદ્રવ્યના રક્ષણને બદલે ભક્ષણ થઈ જાય, અર્થાત્ શિલ્પી દેવદ્રવ્યનું ભક્ષણ કરે, તો પણ યથોક્ત વિધિ મુજબ જિનબિંબનું મૂલ્ય આપીને આજ્ઞાની આરાધના કરી હોવાથી બીજાને દેવદ્રવ્યનું ભક્ષણ કરાવવાનો દોષ લાગતો નથી. કારણ કે છદ્મસ્થ તે શુદ્ધ પરિણામવાળો છે.

અહીં છદ્મસ્થ એમ કહીને વિપરીત થવાનું કારણ કહ્યું છે. કારણ કે છદ્મસ્થને જ મોહનો(=ભૂલનો) સંભવ છે. (૧૧)

**आणापवित्तिओ च्चिय, सुद्धो एसो ण अण्णहा णियमा ।**
**तित्थगरे बहुमाणा, तदभावाओ य णायव्वो ॥१२॥**

**વિપરીત થવા છતાં આજ્ઞાનું પાલન કરનારના પરિણામ શુદ્ધ કેમ હોય છે તે કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–આજ્ઞા મુજબ પ્રવૃત્તિ કરવાથી જ (एसो=)પરિણામ શુદ્ધ થાય છે. (ण अण्णहा नियमा=)આજ્ઞાથી નિરપેક્ષ પ્રવૃત્તિ કરવાથી પરિણામ શુદ્ધ થતો જ નથી. કારણ કે (तित्थगरे बहुमाणा=)આજ્ઞા મુજબ પ્રવૃત્તિ કરનારને તીર્થંકર પ્રત્યે બહુમાન-પક્ષપાત છે. તીર્થંકર પ્રત્યે બહુમાન-પક્ષપાત હોવાના કારણે આજ્ઞા મુજબ પ્રવૃત્તિ કરનારનો પરિણામ શુદ્ધ હોય છે. (तदभावाओ=)આજ્ઞાથી નિરપેક્ષ પ્રવૃત્તિ કરનારને તીર્થંકર પ્રત્યે બહુમાન-પક્ષપાત નથી. તીર્થંકર પ્રત્યે બહુમાન ન હોવાથી આજ્ઞાથી નિરપેક્ષ પ્રવૃત્તિ કરનારનો પરિણામ શુદ્ધ નથી. [આનો તાત્પર્યાર્થ એ થયો કે આજ્ઞા મુજબ પ્રવૃત્તિથી તીર્થંકરબહુમાન અને તીર્થંકરબહુમાનથી શુદ્ધ પરિણામ.[1]] (૧૨)

**समतिपवित्ती सव्वा, आणाबज्झत्ति भवफला चेव ।**
**तित्थगरुद्देसेणवि, ण तत्तओ सा तदुद्देसा ॥१३॥**

**હવે શા માટે આ પ્રમાણે આજ્ઞાની પ્રધાનતાની ઉદ્દ્ઘોષણા કરવામાં આવે છે તે કહે છે–**

**ગાથાર્થ**–સ્વમતિ મુજબ કરાતી સઘળી પ્રવૃત્તિ આજ્ઞાબાહ્ય હોવાથી સંસાર ફળવાળી જ છે. તીર્થંકરના ઉદ્દેશથી પણ સ્વમતિ મુજબ કરાતી પ્રવૃત્તિ પરમાર્થથી તીર્થંકરના ઉદ્દેશવાળી નથી.

---

૧. ઉપદેશપદ ગાથા-૨૪૪, ષોડશક ૨-૧૪.

**ટીકાર્થ**–સાધુધર્મ સંબંધી કે શ્રાવકધર્મ સંબંધી જે કોઈ પ્રવૃત્તિ સ્વમતિ પ્રમાણે થાય તે સઘળી પ્રવૃત્તિ આજ્ઞારહિત હોવાથી સંસારનું જ કારણ બને છે. કારણ કે સંસારનો પાર પામવાનાં સાધનોમાં આજ્ઞા જ પ્રમાણ છે. અર્થાત્ સંસારનો પાર પામવાનાં સાધનો પણ આજ્ઞા મુજબ પ્રવૃત્તિ કરવામાં આવે તો જ સંસારનો પાર પમાડનારાં બને છે.

**પ્રશ્ન**–જિનના ઉદ્દેશથી રહિત પ્રવૃત્તિ સ્વમતિ મુજબ કરે તો સંસારનું કારણ બને એ બરોબર છે, પણ જિનને ઉદ્દેશીને=જિને[1] આ કરવાનું કહ્યું છે તેમ જિનનું આલંબન લઈને જે પ્રવૃત્તિ કરવામાં આવે તે સંસારનું કારણ શી રીતે બને ? કારણ કે તેમાં જિન ઉપર પક્ષપાત છે. જિન ઉપર પક્ષપાત મહાફળવાળું છે.

**ઉત્તર**–જિનને ઉદ્દેશીને થતી પ્રવૃત્તિ પણ જો સ્વમતિ મુજબ હોય તો સંસારફળવાળી જ છે. કારણ કે પરમાર્થથી તે પ્રવૃત્તિ જિનના ઉદ્દેશવાળી નથી. જ્યાં સ્વમતિ હોય ત્યાં જિનનો ઉદ્દેશ-જિનનું આલંબન હોય જ નહીં. જે આજ્ઞા મુજબ પ્રવૃત્તિ કરે છે તે જ જિનને ઉદ્દેશીને પ્રવૃત્તિ કરે છે અને તેને જ જિન પ્રત્યે પક્ષપાત છે. જે સ્વમતિ મુજબ પ્રવૃત્તિ કરે છે તે પરમાર્થથી જિનને ઉદ્દેશીને પ્રવૃત્તિ કરતો નથી અને એથી તેને જિન પ્રત્યે પક્ષપાત પણ નથી.[2] (૧૩)

**मूढा अणादिमोहा, तहा तहा एत्थ संपयट्टंता ।**
**तं चेव य मण्णंता, अवमण्णंता ण याणंति ॥१४॥**

**ઘણા લોકોને આજ્ઞાનું ઉલ્લંઘન કરીને જિનને ઉદ્દેશીને જિનભવન, જિનબિંબ, જિનપૂજા આદિમાં પ્રવર્તેલા જોઈને તેમને ઠપકો આપતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–અનાદિથી વળગેલા મોહના લીધે મૂર્ખાઓ જિનને ઉદ્દેશીને જિનબિંબપૂજા આદિ કાર્યો કરે છે, પણ તે તે રીતે આજ્ઞાનું ઉલ્લંઘન કરીને કરે છે. એ મૂર્ખાઓ એટલું પણ જાણતા નથી કે, અમે એક તરફ જિનપૂજા આદિ કાર્યો કરીને તીર્થંકર જ અમારા આરાધ્ય દેવ છે એમ માનીએ છીએ, અને બીજી તરફ આજ્ઞાનું ઉલ્લંઘન કરીને તેમની અવજ્ઞા કરીએ છીએ. કારણ કે એ બિચારા અનાદિથી વળગેલા મોહથી મૂઢ (=સારાસારનો વિચાર કરવાની શક્તિથી રહિત) છે. (૧૪)

---

૧. અથવા જિનને આશ્રયીને થતી જિનભવનનિર્માણ, જિનબિંબપ્રતિષ્ઠા, જિનબિંબપૂજા વગેરે પ્રવૃત્તિ જિનને ઉદ્દેશીને છે, અર્થાત્ જિનભક્તિ સંબંધી પ્રવૃત્તિ જિનના ઉદ્દેશવાળી છે.

૨. "જિને આ કરવાનું કહ્યું છે" એવી બુદ્ધિથી થતી પ્રવૃત્તિ જિનને ઉદ્દેશીને(-જિનના ઉદ્દેશવાળી) છે. પણ "જિને એ કેવી રીતે કરવાનું કહ્યું છે." એ મહત્ત્વનું છે. જિને "જે કરવાનું કહ્યું છે" અને "જે પ્રમાણે કરવાનું કહ્યું છે" એ બેમાં "જે પ્રમાણે કરવાનું કહ્યું છે" તે મહત્ત્વનું છે. જિને જે કરવાનું કહ્યું છે તે કરે, પણ જે પ્રમાણે કરવાનું કહ્યું છે તે પ્રમાણે ન કરે તો લાભ ન થાય, બલ્કે નુકસાન થાય એ પણ સંભવિત છે. એટલે જિને જે કરવાનું કહ્યું છે તે જિને જે પ્રમાણે કરવાનું કહ્યું છે તે પ્રમાણે ન કરતાં સ્વમતિ મુજબ કરવામાં આવે તો તેમાં વાસ્તવિક જિનનો ઉદ્દેશ નથી, અર્થાત્ દેખાવથી-બાહ્યથી જિનનો ઉદ્દેશ છે, પણ પરમાર્થથી જિનનો ઉદ્દેશ નથી. જ્યાં પરમાર્થથી જિનનો ઉદ્દેશ ન હોય ત્યાં જિન પ્રત્યે પક્ષપાત પણ ન હોય.

**मोक्खत्थिणा तओ इह, आणाए चेव सव्वजत्तेणं ।**
**सव्वत्थवि जइयव्वं, संमंति कयं पसंगेण ॥१५॥**

**પ્રસ્તુત જ વિષયનો ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–(तओ=)સ્વમતિ મુજબની પ્રવૃત્તિ સંસારનું કારણ બનતી હોવાથી મોક્ષાર્થીએ પરલોકનાં સર્વકાર્યોમાં (सम्मं=)ભાવની શુદ્ધિપૂર્વક (सव्वजत्तेण=)સંપૂર્ણ આદરથી આજ્ઞા મુજબ જ પ્રવૃત્તિ કરવી જોઈએ. પ્રસંગથી સર્યું.

**ટીકાર્થ**–સ્વમતિ મુજબની પ્રવૃત્તિ સંસારનું કારણ બનતી હોવાથી મોક્ષની ઈચ્છાવાળા જીવે પરલોકનાં સર્વ કાર્યોમાં ભાવની શુદ્ધિપૂર્વક સંપૂર્ણ આદરથી આજ્ઞા મુજબ જ પ્રવૃત્તિ કરવી જોઈએ. અહીં જિનબિંબ ઘડાવવાનો વિષય હોવા છતાં વચ્ચે પ્રસંગવશાત્ આજ્ઞાપ્રધાનતાની વાત કરી. હવે આ વિષે અહીં વધારે કહેવાની જરૂર નથી. (૧૫)

**णिप्फण्णस्स य सम्मं, तस्स पइट्ठावणे विही एस ।**
**सुहजोएण पवेसो, आयतणे ठाणठवणा य ॥१६॥**

**જિનબિંબને કરાવવાનો વિધિ કહ્યો. હવે જિનબિંબની પ્રતિષ્ઠાવિધિને જણાવવા માટે કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–વિધિ મુજબ ઘડાઈને તૈયાર થઈ ગયેલા જિનબિંબની પ્રતિષ્ઠા કરવાનો વિધિ આ પ્રમાણે છે–સારા મુહૂર્તે જિનમંદિરમાં જિનબિંબનો પ્રવેશ કરાવવો, અને તે બિંબને ઉચિત સ્થાને પધરાવવું. (૧૬)

**तेणेव खेत्तसुद्धी, हत्थसयादिविसया णिओगेण ।**
**कायव्वो सक्कारो, य गंधपुप्फादिएहिँ तहिं ॥१७॥**

**(ભૂમિશુદ્ધિ તથા સત્કારનું પ્રતિપાદન કરે છે–)**

**ગાથાર્થ** (तहिं=)પ્રતિષ્ઠા વખતે (तेणेव=)શુભ મન-વચન-કાયાથી સો હાથ આદિ જેટલી ક્ષેત્રશુદ્ધિ અવશ્ય કરવી, તથા સુગંધી પુષ્પાદિથી સત્કાર કરવો.

**ટીકાર્થ**–પ્રતિષ્ઠા વખતે શુભ મન-વચન-કાયાથી જિનમંદિરની ચારે બાજુ સો હાથ પ્રમાણ કે તેથી થોડી વધારે ઓછી ભૂમિની શુદ્ધિ અવશ્ય કરવી, અર્થાત્ તેટલી ભૂમિમાં હાડકું, માંસ વગેરે અશુચિ પદાર્થ છે કે નહિ તે જોવું. જો અશુચિ પદાર્થ હોય તો ત્યાંથી લઈને દૂર મૂકી દેવો. તથા જિનમંદિરમાં અથવા પ્રતિષ્ઠાપ્રસંગે સુગંધી પુષ્પ, ધૂપ વગેરેથી સત્કાર કરવો. (૧૭)

**दिसिदेवयाण पूया, सव्वेसिं तह य लोगपालाणं ।**
**ओसरणकमेणऽण्णे, सव्वेसिं चेव देवाणं ॥१८॥**

**(પ્રતિષ્ઠામાં દિક્પાલ આદિ દેવોના પૂજનનું વિધાન–)**

**ગાથાર્થ**–સઘળા દિક્પાલ અને સઘળા લોકપાલ દેવોની પૂજા કરવી. સઘળા દેવોની સમવસરણના ક્રમથી પૂજા કરવી એમ બીજાઓ કહે છે.

**ટીકાર્થ**–સર્વ દિક્પાલ દેવોનું પૂજન કરવું. બધા લોકપાલ દેવોનું પૂર્વ આદિ દિશામાં જે ક્રમથી તેઓ રહેલા છે તે ક્રમથી જ પૂજન કરવું. સૌધર્મેન્દ્રની આજ્ઞામાં રહેનાર સોમ, યમ, વરુણ અને કુબેર એ ચાર લોકપાલ દેવો છે. તેઓ અનુક્રમે પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં રહેલા છે અને તેમના હાથમાં અનુક્રમે તલવાર, દંડ, પાશ (એક જાતનું શસ્ત્ર) અને ગદા હોય છે. બધા જ દેવોનું બીજા પંચાશકમાં સમવસરણની રચનામાં જણાવેલા ક્રમથી પૂજન કરવું એમ બીજા આચાર્યો કહે છે. (૧૮)

**जमहिगयबिंबसामी, सव्वेसिं चेव अब्भुदयहेऊ ।**
**ता तस्स पइट्ठाए, तेसिं पूयादि अविरुद्धं ॥१९॥**

**અસંયમી દેવોનું પૂજન આદિ શા માટે કરવામાં આવે છે તે કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–પ્રસ્તુત બિંબના સ્વામી તીર્થંકર પરમાત્મા ઇંદ્ર વગેરે બધા જ દેવોના અભ્યુદયનું કારણ છે. આથી તીર્થંકરની પ્રતિષ્ઠામાં દેવોનું પૂજન, સત્કાર વગેરે વિરુદ્ધ નથી-યોગ્ય છે. (૧૯)

**साहम्मिया य एए, महड्ढिया सम्मदिट्ठिणो जेण ।**
**एत्तो च्चिय उचियं खलु, एतेसिं एत्थ पूजादी ॥२०॥**

**ગાથાર્થ–ટીકાર્થ**–દિક્પાલ વગેરે દેવો જિનના ભક્ત હોવાથી સાધર્મિક છે, મહાન ઋદ્ધિસંપન્ન છે, સમ્યગ્દર્શનને ધારણ કરનાર છે, આ ત્રણ કારણોથી જ પ્રતિષ્ઠામાં તેમનું પૂજન, સત્કાર વગેરે યોગ્ય જ છે. (૨૦)

**तत्तो सुहजोएणं, सत्थाणे मंगलेहिँ ठवणा उ ।**
**अहिवासणमुचिएणं, गंधोदगमादिणा एत्थ ॥२१॥**

**(અધિવાસનનું પ્રતિપાદન કરે છે–)**

**ગાથાર્થ–ટીકાર્થ**–પ્રતિષ્ઠામાં દિક્પાલ આદિ દેવોનું પૂજન કર્યા પછી અધિવાસન કરવાના સ્થાને ચંદનાદિ (આઠ) વસ્તુઓનું વિલેપન કરીને તે સ્થાન ઉપર જિનબિંબની સ્થાપના મંગલ ગીતો ગાવા પૂર્વક કરવી. પછી સુગંધી દ્રવ્યોના મિશ્રણવાળું સુંદર જળ, કષાયચૂર્ણ, (આઠ જાતની) માટી વગેરે યોગ્ય દ્રવ્યથી અધિવાસન કરવું. અધિવાસન સારા મુહૂર્તે, એટલે કે શ્રેષ્ઠ ચંદ્ર-નક્ષત્ર-લગ્ન આદિનો યોગ થાય ત્યારે કરવું. અધિવાસન એટલે તેવા પ્રકારની શુદ્ધિ કરવા વડે બિંબમાં પ્રતિષ્ઠાની યોગ્યતા કરવી, અર્થાત્ બિંબ પ્રતિષ્ઠાને

યોગ્ય બનાવવું. [અધિવાસનની વિધિ પ્રતિષ્ઠાકલ્પમાં કહી છે.] (૨૧)

**चत्तारि पुण्णकलसा, पहाणमुद्दाविचित्तकुसुमजुया ।**
**सुहपुण्णचत्तचउतंतुगोच्छया होंति पासेसु ॥२२॥**

**(બિંબ પાસે કળશોની સ્થાપના–)**

**ગાથાર્થ–ટીકાર્થ**–(पासेसु=)જે બિંબની પ્રતિષ્ઠા કરવાની છે તે બિંબની પાસે ચારે દિશામાં અખંડ, પાણીથી પૂર્ણ ભરેલા, (पहाणमुद्दा०=)ચાંદી-સુવર્ણ-રત્નના સિક્કાઓથી અને વિવિધ પુષ્પોથી યુક્ત અને (सुहपुण्ण०=)ચરખાથી કાંતેલા કાચા સૂતરની કોકડીથી ભરેલા ચરખાના ચાર તાંતણાથી બાંધેલા કાંઠાવાળા ચાર શુભ કળશો મૂકવા. (૨૨)

**मंगलदीवा य तहा, घयगुलपुण्णा सुभिक्खुभक्खा य ।**
**जववारयवण्णयसत्थिगादि सव्वं महारंमं ॥२३॥**

**(બિંબ સમક્ષ મંગળદીવા વગેરેની સ્થાપના–)**

**ગાથાર્થ–ટીકાર્થ**–બિંબ સમક્ષ ઘી-ગોળથી પૂર્ણ મંગળદીવા કરવા, સુંદર શેરડીના સાંઠાના ટુકડા મૂકવા, મીઠાઈ વગેરે ખાવા લાયક વસ્તુ મૂકવી, શરાવમાં રોપેલા જવના અંકુરા-જવારિયા, ચંદનનો સ્વસ્તિક, નંદાવર્ત વગેરે અતિશય સુંદર બધું કરવું. (૨૩)

**मंगलपडिसरणाइं, चित्ताइं रिद्धिविद्धिजुत्ताइं ।**
**पढमदियहंमि चंदणविलेवणं चेव गंधड्ढं ॥२४॥**

**ગાથાર્થ–ટીકાર્થ**–પહેલા દિવસે=અધિવાસન કરવાના દિવસે ઋદ્ધિ-વૃદ્ધિ (ડાભ-ધરો)એ બે ઔષધિ સહિત વિચિત્ર મંગલ કંકણો(=મંગલ દોરા) પ્રતિમાજીના હાથે બાંધવા તથા પ્રતિમાજીને કપૂર, કસ્તૂરી વગેરે સુગંધી પદાર્થોના મિશ્રણવાળા ચંદનનું વિલેપન કરવું. (૨૪)

**चउणारीओमिणणं, णिमया अहिगासु णत्थि उ विरोहो ।**
**णेवत्थं च इमासिं, जं पवरं तं इहं सेयं ॥२५॥**

**(પોંખણાનું વિધાન–)**

**ગાથાર્થ–ટીકાર્થ**–પવિત્ર ચાર સ્ત્રીઓએ પોંખણું કરવું. ચારથી વધારે સ્ત્રીઓ પોંખણું કરે તો શાસ્ત્રવિરોધ નથી, પણ પોંખણામાં મંગલનું કારણ એવી ચાર સ્ત્રીઓ તો અવશ્ય જોઈએ. પોંખણામાં પોંખણું કરનારી સ્ત્રીઓનાં સારાં વસ્ત્રો કલ્યાણ માટે થાય છે. માટે પોંખણું કરનારી સ્ત્રીઓએ સારાં વસ્ત્રો પહેરવાં જોઈએ. (૨૫)

**जं एयवइयरेणं, सरीरसक्कारसंगयं चारु ।**
**कीरइ तयं असेसं, पुण्णणिमित्तं मुणेयव्वं ॥२६॥**

**સારાં વસ્ત્રો રાગનું કારણ હોવાથી કલ્યાણ માટે કેમ થાય ?એ પ્રશ્નનું સમાધાન કરે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–ધાર્મિક લોકો જિનબિંબની પ્રતિષ્ઠાનિમિત્તે શરીરભૂષા માટે સુંદર વસ્ત્રોનું પરિધાન વગેરે જે કંઈ સુંદર કરે તે બધું શુભકર્મનું કારણ જાણવું. કારણ કે સુંદર કરવાનો પરિણામ ઉત્તમ પુરુષો પ્રત્યે બહુમાનરૂપ છે, અર્થાત્ ઉત્તમ પુરુષોનું બહુમાન કરવા માટે સુંદર કરે છે.[૧] (૨૬)

**तित्थगरे बहुमाणा, आणाआराहणा कुसलजोगा ।**
**अणुबंधसुद्धिभावा, रागादीणं अभावा य ॥२७॥**

**સુંદર વસ્ત્રો વગેરે પુણ્યબંધનું કારણ શા કારણે છે તે કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–પ્રતિષ્ઠા આદિમાં સુંદર વસ્ત્રો વગેરેથી શરીરભૂષા કરવામાં (૧) તીર્થંકર પ્રત્યે બહુમાન=પક્ષપાત થાય છે, (૨) ભગવાનના ઉપદેશનું પાલન થાય છે, (૩) શાસ્ત્રોક્ત હોવાથી શુભ પ્રવૃત્તિ થાય છે, (૪) સતત કર્મક્ષયોપશમ થવાથી આત્મા નિર્મળ થાય છે, (૫) આજ્ઞાનું પાલન કરવા શરીરભૂષા કરી હોવાથી રાગ-દ્વેષ વગેરે દોષો થતા નથી. આથી તે પુણ્યબંધનું કારણ બને છે. (૨૭)

**दिक्खियजिणोमिणणओ, दाणाओ सत्तितो तहेयम्मि ।**
**वेहव्वं दारिद्दं, च होइ ण कयाति नारीणं ॥२८॥**

**આ લોકમાં જ મળતા પોંખણાના ફળને કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–અધિવાસિત બનેલા જિનબિંબનું પોંખણું કરવાથી અને પોંખણું કરવા નિમિત્તે શક્તિ મુજબ દાન દેવાથી પોંખણું કરનારી સ્ત્રીઓને ક્યારે પણ વૈધવ્ય અને દારિદ્ર્ય થતું નથી. પોંખણું લોકમાં પ્રસિદ્ધ છે. (૨૮)

**उक्कोसिया य पूजा, पहाणदव्वेहिं एत्थ कायव्वा ।**
**ओसहिफलवत्थसुवण्णमुत्तरयणाइएहिं च ॥२९॥**
**चित्तबलिचित्तगंधेहिं चित्तकुसुमेहिं चित्तवासेहिं ।**
**चित्तेहिं विऊहेहिं, भावेहिं य विहवसारेण ॥३०॥**

**અધિવાસનની બીજી વિધિને કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–અધિવાસન વખતે ચંદન, અગરુ, કપૂર, પુષ્પ વગેરે ઉત્તમ

---

૧. ઉત્તમ પુરુષોનું બહુમાન પવિત્ર અને સુંદર સાધનોથી કરવું જોઈએ. ધાર્મિક લોકો સુંદર વસ્ત્ર વગેરે દેહભૂષા કરીને જિનનું બહુમાન કરે છે. એટલે એમનો પરિણામ તીર્થંકરનું બહુમાન કરવાનો છે, મોજ માણવાનો કે દેખાવ કરવાનો નથી. કર્મબંધ પરિણામના આધારે થાય છે. આથી પોંખણું કરનાર સ્ત્રીઓએ પહેરેલાં સુંદર વસ્ત્રો તેમના કલ્યાણ માટે જ થાય છે.

દ્રવ્યોથી, ચોખા વગેરે ઔષધિથી, નાળિયેર, દાડમ વગેરે ફળોથી, વસ્ત્ર, સુવર્ણ, મોતી, રત્નો વગેરેથી, વિવિધ પ્રકારના બલિ, કોષ્ઠ, પુટપાક=અત્તર વગેરે સુગંધિ દ્રવ્યોથી, વિવિધ પુષ્પોથી, બીજી વસ્તુઓને પણ સુગંધિત બનાવે તેવાં વિવિધ સુગંધી દ્રવ્યોનાં ચૂર્ણોથી અને ભક્તિ ભાવવાળી ઉત્તમ વિવિધ રચનાઓથી વૈભવનો ઠાઠ કરવા પૂર્વક જિનબિંબની ઉત્કૃષ્ટ પૂજા કરવી જોઈએ. (૨૯-૩૦)

**एयमिह मूलमंगलमेत्तो च्चिय उत्तरावि सक्कारा ।**
**ता एयम्मि पयत्तो, कायव्वो बुद्धिमंतेहिं ॥३१॥**

**હવે પૂજામાં આવો અતિશય આદર કરવાનું કારણ કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–પ્રતિષ્ઠા વખતે જિનબિંબની ઉત્કૃષ્ટ પૂજા મૂળ મંગલ છે. આ મૂળ મંગલથી જ પ્રતિષ્ઠા થયા પછી પ્રતિષ્ઠિત બિંબનો સત્કાર ઉત્તરોત્તર વધતો જાય છે. કારણ કે મૂળ મંગલ ઉત્તરોત્તર સત્કારવૃદ્ધિનું કારણ છે. આથી બુદ્ધિમાન પુરુષોએ આ મૂળ મંગલમાં ઉદ્યમ કરવો જોઈએ. (૩૧)

**चितिवंदण थुतिवुड्ढी, उस्सग्गो साहु सासणसुराए ।**
**थयसरण पूय काले, ठवणा मंगलगपुव्वा उ ॥३२॥**

**પૂજા વગેરે કર્યા પછી જે કરવું જોઈએ તેને કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–(૧) ઉત્કૃષ્ટ પૂજા કર્યા પછી ચૈત્યવંદન કરવું. (૨) પછી વર્ધમાન સ્તુતિ બોલવી, જે સ્તુતિમાં ઉત્તરોત્તર રાગ વધતો જાય-ઊંચો ઊંચો જાય, અથવા પછી પછીના શ્લોકમાં અક્ષરો વધતા હોય-અધિક અધિક હોય તે વર્ધમાન સ્તુતિ કહેવાય. (૩) પછી શાસનદેવીની આરાધના માટે એકાગ્રચિત્તે કાઉસ્સગ્ગ કરવો. (૪) પછી સ્તવસ્મરણ કરવું. સ્તવસ્મરણ કરવું એટલે કાઉસ્સગ્ગમાં લોગસ્સનું ચિંતન કરવું. અથવા સ્તવ અને સ્મરણ એ બે પદો અલગ કરીને સ્તવ કરવો અને સ્મરણ કરવું એવો અર્થ થાય. (૪) સ્તવ કરવો એટલે કાઉસ્સગ્ગ પાર્યા પછી લોગસ્સનો પાઠ બોલવો. (૫) સ્મરણ કરવું એટલે ઈષ્ટ ગુરુ વગેરેનું સ્મરણ કરવું. (૬) પછી જિનબિંબની કે પ્રતિષ્ઠાકારકની પૂજા કરવી. (૭) પછી મુહૂર્તનો સમય થતાં લગ્નના ઈષ્ટ અંશમાં નવકાર બોલવા પૂર્વક કે બીજું કંઈ માંગલિક બોલવા પૂર્વક જિનબિંબની પ્રતિષ્ઠા કરવી. (૩૨)

**पूया वंदणमुस्सग्ग पारणा भावथेज्जकरणं च ।**
**सिद्धाचलदीवसमुद्दमंगलाणं च पाढो उ ॥३३॥**

**(પ્રતિષ્ઠા પછી કરવાનો વિધિ–)**

**ગાથાર્થ–ટીકાર્થ**–(૮) પછી પ્રતિષ્ઠિત બિંબની પુષ્પાદિથી પૂજા કરવી. (૯) પછી

ચૈત્યવંદન કરવું. (૧૦) પછી ઉપસર્ગની શાંતિ નિમિત્તે કાઉસ્સગ્ગ કરવો, પ્રતિષ્ઠાદેવતાનો કાઉસ્સગ્ગ કરવો એમ બીજાઓ કહે છે. કાઉસ્સગ્ગ પાર્યા પછી (૧૧) ભાવસ્થૈર્ય કરવું. ભાવસ્થૈર્ય એટલે ચિત્તની સ્થિરતા. (અર્થાત્ એકાગ્રચિત્તે જિનની જન્માવસ્થા આદિનું ચિંતન કરવું.) અથવા ભાવસ્થૈર્ય એટલે આશીર્વાદનાં વચનો બોલીને કરેલી પ્રતિષ્ઠાની સ્થિરતાની ભાવના ભાવવી. આશીર્વાદ માટે સિદ્ધ, પર્વત, દ્વીપ, સમુદ્ર વગેરેની ઉપમાવાળી મંગલ ગાથાઓ બોલવી. આ મંગલ ગાથાઓ હવે પછી કહેવાશે. (૩૩)

**जह सिद्धाण पतिट्ठा, तिलोगचूडामणिम्मि सिद्धिपदे ।**
**आचंदसूरियं तह, होउ इमा सुप्पतिट्ठत्ति ॥३४॥**

**સિદ્ધ આદિની ઉપમાવાળી મંગલગાથાઓને કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–જેમ કે–ત્રિભુવન ચૂડામણિ સમાન સિદ્ધિપદમાં સિદ્ધ ભગવંતો ચંદ્ર અને સૂર્યની વિદ્યમાનતા સુધી શાશ્વત છે, તેમ આ પ્રતિષ્ઠા પણ યાવત્ ચંદ્ર-દિવાકર શાશ્વતી બનો. (૩૪)

**एवं अचलादीसुवि, मेरुप्पमुहेसु होति वत्तव्वं ।**
**एते मंगलसद्दा, तम्मि सुहनिबंधणा दिट्ठा ॥३५॥**

**આ રીતે જેમ સિદ્ધોની ઉપમાથી આશીર્વાદની મંગલ ગાથા કહી તેમ મેરુ પર્વત, જંબૂદ્વીપ, લવણસમુદ્ર વગેરે (શાશ્વત)ની ઉપમાથી પણ આશીર્વાદની મંગલ ગાથાઓ બોલવી. જેમકે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–"જેમ જંબૂદ્વીપના મધ્યભાગમાં મેરુપર્વતની યાવત્ ચંદ્ર-દિવાકર સ્થિરતા છે તેમ આ પ્રતિષ્ઠા પણ યાવત્ ચંદ્ર-દિવાકર સ્થિર બનો." (૧) "જેમ બીજા દ્વીપોના મધ્યભાગમાં જંબૂદ્વીપ યાવત્ ચંદ્ર-દિવાકર શાશ્વત છે તેમ આ પ્રતિષ્ઠા પણ યાવત્ ચંદ્ર-દિવાકર શાશ્વતી બનો." (૨) "જેમ બધા સમુદ્રોના મધ્યભાગમાં લવણ સમુદ્ર યાવત્ ચંદ્ર-દિવાકર શાશ્વત છે તેમ આ પ્રતિષ્ઠા પણ યાવત્ ચંદ્ર-દિવાકર શાશ્વતી બનો." (૩)

આ પ્રમાણે બીજી પણ (આશીર્વાદની) મંગલ ગાથાઓ કહેવામાં વિરોધ નથી. પ્રતિષ્ઠા સમયે બોલાતાં આવાં મંગલવચનો કલ્યાણકારી બને છે, એમ શાસ્ત્રજ્ઞાતાઓએ જોયું છે. (૩૫)

**सोउं मंगलसद्दं, सउणंमि जहा उ इट्ठसिद्धित्ति ।**
**एत्थंपि तहा संमं, विण्णेया बुद्धिमंतेहिं ॥३६॥**

**આ માંગલિક ગાથાઓ શુભનું કારણ જ છે એ વિષયનું સમર્થન કરતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–જેમકે શુકનશાસ્ત્ર પ્રમાણે 'મંગલ' એવો શબ્દ કે વિજય, સિદ્ધિ વગેરે માંગલિક શબ્દો સાંભળવાથી ઈષ્ટસિદ્ધિ થાય છે, તેમ પ્રતિષ્ઠામાં પણ મંગલવચનોથી

સમ્યગ્ ઈષ્ટસિદ્ધિ થાય છે એમ બુદ્ધિશાળીઓએ જાણવું. (૩૬)

**अण्णे उ पुण्णकलसादिठावणे उदहिमंगलादीणि ।**
**जंपंतऽण्णे सव्वत्थ भावतो जिणवरा चेव ॥३७॥**

**માંગલિક બોલવામાં અન્ય આચાર્યોના મતને કહે છે—**

**ગાથાર્થ**—બીજાઓ પૂર્ણકળશ વગેરે મૂકતી વખતે સમુદ્ર, મંગલ વગેરે શબ્દો બોલે છે. બીજાઓ કહે છે કે—સર્વ કાર્યોમાં પરમાર્થથી જિનેશ્વરો જ મંગલરૂપ છે.

**ટીકાર્થ**—કેટલાક આચાર્યો પૂર્ણકળશ, મંગલદીપક વગેરે મૂકતી વખતે સમુદ્ર, અગ્નિ વગેરે મંગલ શબ્દો બોલે છે. કેટલાક આચાર્ય કહે છે કે, પરમાર્થથી જિનેશ્વરો જ મંગલરૂપ છે, બીજું કંઈ મંગલ નથી. આથી બધા પ્રસંગે જિનેશ્વરોનાં જ નામો બોલવાં જોઈએ. (૩૭)

**सत्तीएँ संघपूजा, विसेसपूजाउ बहुगुणा एसा ।**
**जं एस सुए भणिओ, तित्थयराणंतरो संघो ॥३८॥**

**હવે પ્રતિષ્ઠા પછીના કર્તવ્યને કહે છે—**

**ગાથાર્થ**—યથાશક્તિ સંઘપૂજા કરવી જોઈએ. (આચાર્યાદિ) વિશેષની પૂજાથી સંઘપૂજા અધિક ફળવાળી છે. કારણ કે શાસ્ત્રમાં તીર્થંકર પછી સંઘને પૂજ્ય કહ્યો છે.

**ટીકાર્થ**—(પ્રતિષ્ઠા થયા પછી) યથાશક્તિ શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘનું પૂજન કરવું જોઈએ. કારણ કે સંઘના એક ભાગ રૂપ ધર્માચાર્ય આદિની પૂજાથી સંઘપૂજા અધિક ફળવાળી છે.

**પ્રશ્ન**—ધર્માચાર્યની પૂજાથી પણ સંઘપૂજા વધી જવાનું શું કારણ ?

**ઉત્તર**—કારણ કે શાસ્ત્રમાં કહ્યું છે કે (૧) તીર્થંકર પછી પૂજ્ય તરીકે સંઘનું સ્થાન છે. અર્થાત્ પહેલા નંબરે તીર્થંકર અને બીજા નંબરે સંઘ પૂજ્ય છે. ત્યારબાદ ધર્માચાર્ય આદિ પૂજ્ય છે. (૨) અથવા તીર્થંકરને પણ પૂજ્ય હોવાથી સંઘ તીર્થંકર તૂલ્ય છે. (૩) અથવા [તીર્થંકરનો જીવ પ્રવચનમાં કહેલા અનુષ્ઠાનોના સેવનથી, સંઘની આરાધનાથી અને સંઘસહાયથી તીર્થંકર બને છે, સંઘ વિના કોઈ જીવ તીર્થંકર બની શકે નહિ. આથી] તીર્થંકરનું તીર્થંકરપણું સંઘપૂર્વક છે, અર્થાત્ તીર્થંકરપણામાં સંઘ કારણ બને છે. આથી ધર્માચાર્યની પૂજાથી પણ સંઘપૂજા વધી જાય. (૩૮)

**गुणसमुदाओ संघो, पवयण तित्थंति होंति एगट्ठा ।**
**तित्थगरोऽवि य एयं, णमए गुरुभावतो चेव ॥३९॥**

**આ જ અર્થનું સમર્થન કરતા ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ**–ગુણનો સમૂહ સંઘ છે. પ્રવચન અને તીર્થ એ બે શબ્દો એક અર્થવાળા છે. તીર્થંકર પણ સંઘને ગુરુભાવથી નમસ્કાર કરે છે.

**ટીકાર્થ**–અનેક જીવોમાં રહેલા જ્ઞાનાદિગુણોનો સમૂહ સંઘ કહેવાય છે. પ્રવચન અને તીર્થ એ બે શબ્દોનો સંઘ અર્થ છે. યદ્યપિ પ્રકૃષ્ટ કે પ્રશસ્ત વચન તે પ્રવચન એવી વ્યુત્પત્તિથી પ્રવચન શબ્દનો દ્વાદશાંગી અર્થ થાય, અને જીવો જેનાથી ભવરૂપ સમુદ્રને તરે તે તીર્થ એવી વ્યુત્પત્તિથી તીર્થ શબ્દનો પણ દ્વાદશાંગી જ અર્થ થાય, છતાં દ્વાદશાંગીનો આધાર સંઘ છે, સંઘ વિના દ્વાદશાંગી રહી શકે નહિ, આથી સંઘ આધાર અને દ્વાદશાંગી આધેય છે, આધાર અને આધેયના અભેદની વિવક્ષાથી પ્રવચન અને તીર્થને સંઘ કહેવાય છે.

તેથી સંઘ પુરુષ વગેરે બાહ્ય આકાર રૂપ નથી, કિંતુ ગુણ-સમુદાય રૂપ છે. આથી તીર્થંકર પણ દેશના પહેલાં સંઘ ગુણસ્વરૂપ હોવાથી ગુરુભાવથી=સંઘ મહાન છે એવા ભાવથી અથવા સંઘ ગૌરવને યોગ્ય હોવાથી (गुरुत्वाद्=)મહાન છે એવા ભાવથી "નમો તિત્થસ્સ=તીર્થને નમસ્કાર હો" એમ કહીને સંઘને અવશ્ય નમસ્કાર કરે છે. (૩૯)

**तप्पुव्विया अरहया, पूजितपूया य विणयकम्मं च ।**
**कयकिच्चोवि जह कहं, कहेति णमते तहा तित्थं ॥४०॥**

**હવે સંઘ તીર્થંકરને પ્રણામ કરવા યોગ્ય છે એ વિષયને આગમની ગાથાથી (આવશ્યક નિર્યુક્તિ ગાથા-૫૬૭) જણાવે છે–**

**ગાથાર્થ**–(૧) તીર્થંકરપણું સંઘનિમિત્તક છે, પૂજિતપૂજા પ્રવર્તો, વિનયકાર્ય થાઓ આ ત્રણ કારણોથી કૃતકૃત્ય પણ તીર્થંકર જેવી રીતે ધર્મદેશના આપે છે તેવી રીતે સંઘને નમે છે.

**ટીકાર્થ**–(૧) પ્રવચનવાત્સલ્ય આદિથી તીર્થંકરનામકર્મનો બંધ થતો હોવાથી તીર્થંકરપણામાં સંઘ નિમિત્ત છે. (૨) લોક મોટા માણસોથી પૂજાયેલાની પૂજા કરનારો છે. આથી તીર્થંકર સંઘની પૂજા કરે એટલે તીર્થંકરે પણ સંઘની પૂજા કરી છે એમ વિચારીને લોક પણ તેની પૂજા કરે. (૩) સંઘને નમસ્કાર કરવાથી વિનય થાય છે. સંઘ તીર્થંકરપણામાં નિમિત્ત હોવાથી તીર્થંકરનો ઉપકારી છે. વિનય કરવાથી કૃતજ્ઞતાધર્મનું પાલન થાય છે, અને ધર્મનું મૂળ વિનય છે એમ સૂચન થાય છે. આ ત્રણ કારણોથી તીર્થંકર સંઘને નમસ્કાર કરે છે.

**(ગાથાનો ઉત્તરાર્ધ–)** **પ્રશ્ન**–તીર્થંકર કૃતકૃત્ય હોવા છતાં તીર્થનમસ્કાર આદિ પ્રવૃત્તિ કેમ કરે છે ?

**ઉત્તર**–તીર્થંકર કૃતકૃત્ય હોવા છતાં તીર્થંકરનામકર્મના ઉદયથી જેમ ધર્મદેશના આપે છે, તેમ (ઉક્ત ત્રણ કારણોથી) સંઘને નમસ્કાર પણ કરે છે. કારણ કે સંઘને નમસ્કાર કરવો

એ તીર્થંકરનામકર્મના ઉદયથી ઉચિત પ્રવૃત્તિ છે. (૪૦)

**एयम्मि पूजियम्मी, णत्थि तयं जं ण पूजियं होइ ।**
**भुअणेवि पूयणिज्जं, ण गुणट्ठाणं ततो अण्णं ॥४१॥**

**(સંઘપૂજાથી સર્વ પૂજ્યોની પૂજા થઈ જાય છે–)**

**ગાથાર્થ–ટીકાર્થ**–સંઘની પૂજા થઈ એટલે જગતમાં એવું કોઈ પૂજ્ય નથી કે જેની પૂજા ન થઈ હોય. અર્થાત્ સંઘની પૂજા કરવાથી જગતમાં જે કોઈ પૂજ્ય છે તેની પૂજા થઈ જાય છે. કારણ કે સમસ્ત લોકમાં સંઘ સિવાય બીજો કોઈ (गुणट्ठाण=)ગુણી પૂજ્ય નથી. (૪૧)

**तप्पूयापरिणामो, हंदि महाविसयमो मुणेयव्वो ।**
**तद्देसपूयणम्मिवि, देवयपूयादिणाएण ॥४२॥**

**હવે સંઘની એકભાગની જ પૂજા કરવાનું શક્ય છે. સકળ સંઘની પૂજા કરવાનું શક્ય નથી. કારણ કે સકળસંઘ સમયક્ષેત્રમાં(પંદરકર્મભૂમિમાં) રહેલો છે. આવી આશંકા કરીને કહે છે–**

**ગાથાર્થ**–સંઘપૂજાનો પરિણામ મહાવિષયવાળો જાણવો, સંઘના એકભાગની પૂજા કરવા છતાં દેવપૂજા આદિના દૃષ્ટાંતથી (સઘળો) સંઘ પૂજાયેલો થાય છે.

**ટીકાર્થ**–સંઘના એક દેશની પૂજા કરવા છતાં "હું સંઘની પૂજા કરું છું" એવો પૂજાનો પરિણામ સંપૂર્ણ સંઘ સંબંધી છે, અર્થાત્ ભાવ સંપૂર્ણ સંઘની પૂજા કરવાનો છે. આથી સંઘના એક દેશની પૂજાથી સકલ સંઘની પૂજા થાય છે. દેવના કે રાજાના મસ્તક, પગ વગેરે કોઈ એક અંગની પૂજા કરવા છતાં દેવની કે રાજાની પૂજા કરવાના પરિણામ હોવાથી દેવની કે રાજાની પૂજા થાય છે.[૧] (૪૨)

**आसन्नसिद्धियाणं, लिंगमिणं जिणवरेहिं पण्णत्तं ।**
**संघंमि चेव पूया, सामण्णेणं गुणणिहिम्मि ॥४३॥**

**एसा उ महादाणं, एस च्चिय होति भावजण्णोत्ति ।**
**एसा गिहत्थसारो, एस च्चिय संपयामूलं ॥४४॥**

**ત્રણ ગાથાઓથી સંઘપૂજાની જ પ્રશંસા કરતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–(सामण्णेणं=)ભેદભાવ વિના જ ગુણોના ભંડાર એવા સંઘની પૂજા આસન્નસિદ્ધિક જીવોનું લક્ષણ છે એમ જિનેશ્વરોએ કહ્યું છે.

---

૧. આથી જ દેવના કે રાજાના એક અંગની પૂજા કરી એમ નથી કહેવાતું, કિંતુ દેવની કે રાજાની પૂજા કરી એમ કહેવાય છે. તે પ્રમાણે શક્તિ મુજબ કોઈ એક ગામના ચતુર્વિધ સંઘની, સાધુ-સાધ્વીની કે છેવટે શ્રાવક વગેરે એકાદ વ્યક્તિની પણ પૂજા કરવાથી સકળ સંઘની પૂજા થાય છે.

**ટીકાર્થ**–પરિચિત, સ્વજન આદિ કોઈ જાતના ભેદભાવ વિના જ ગુણોના ભંડાર રૂપ સંઘની પૂજા આસન્નસિદ્ધિક જીવનું લક્ષણ છે એમ જિનેશ્વરોએ કહ્યું છે. આસન્નસિદ્ધિક એટલે નજીકના કાળમાં મોક્ષે જનાર. સંઘપૂજાથી સંઘપૂજા કરનાર જીવ નજીકના કાળમાં મોક્ષે જનાર છે એવો નિર્ણય થાય છે. [અહીં પરિચિત-સ્વજનાદિ એવા કોઈ જાતના ભેદભાવ વિના સંઘપૂજા કરવી જોઈએ એ બહુ જ મહત્ત્વની બાબત છે.] પરિચિત અને સ્વજન આદિ ભેદભાવથી પૂજા કરવાથી પરિચિત-સ્વજનાદિકની પ્રધાનતા રહે છે, ગુણોની નહિ. ભેદભાવ વિના પૂજા કરવાથી પરિચિત-સ્વજનાદિની પ્રધાનતા રહેતી નથી, કિંતુ ગુણોની પ્રધાનતા રહે છે. (૪૩)

**(સંઘપૂજાની મહત્તા–)**

**ગાથાર્થ–ટીકાર્થ**–સંઘપૂજા જ મહાદાન છે. સંઘપૂજા જ વાસ્તવિક યજ્ઞ છે. સંઘપૂજા ગૃહસ્થધર્મનો સાર છે. કારણ કે ઇચ્છેલા કાર્યને સિદ્ધ કરે છે. સંઘપૂજા જ સંપત્તિનું મૂળ છે. (૪૪)

**एतीएँ फलं णेयं, परमं निव्वाणमेव णियमेण ।**
**सुरणरसुहाइं अणुसंगियाइं इह किसिपलालं व ॥४५॥**

**(સંઘપૂજાનું ફળ–)**

**ગાથાર્થ–ટીકાર્થ**–સંઘપૂજાનું મુખ્ય ફળ અવશ્ય મોક્ષ જ છે, આનુષંગિક ફળ મનુષ્યલોક અને દેવલોકનાં સુખો છે, અર્થાત્ જેમ ખેતીનું મુખ્ય ફળ ધાન્ય છે, પણ ધાન્ય મળવાની સાથે ઘાસ પણ મળી જાય છે, તેમ સંઘપૂજાથી મુખ્ય ફળ મોક્ષ ન મળે ત્યાં સુધી દેવલોક અને મનુષ્યલોકનાં સુખો મળે છે. (૪૫)

**कयमेत्थ पसंगेणं, उत्तरकालोचियं इहऽण्णंपि ।**
**अणुरूवं कायव्वं, तित्थुण्णतिकारगं णियमा ॥४६॥**

**સંઘપૂજા પ્રકરણનો ઉપસંહાર કરે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–પ્રતિષ્ઠાના અધિકારમાં પ્રસંગ પામીને કરેલું સંઘપૂજાનું વર્ણન અહીં પૂર્ણ થાય છે. પ્રતિષ્ઠાના ઉત્સવમાં પ્રતિષ્ઠા થયા પછી કરવા લાયક બીજાં પણ અમારિઘોષણા વગેરે તીર્થની ઉન્નતિ કરનારાં યોગ્ય કાર્યો અવશ્ય કરવાં જોઈએ. (૪૬)

**उचिओ जणोवयारो विसेसओ णवरि सयणवग्गम्मि ।**
**साहम्मियवग्गम्मि य एयं खलु परमवच्छल्लं ॥४७॥**

**(સ્વજન અને સાધર્મિકની વિશેષ રૂપે લોકપૂજા–)**

**ગાથાર્થ–ટીકાર્થ**–પ્રતિષ્ઠા પછી સ્વજનવર્ગની વિશેષરૂપે ઉચિત લોકપૂજા કરવી જોઈએ,

કારણ કે વ્યાવહારિક સંબંધથી સ્વજનવર્ગ નજીકનો[1] ગણાય, તથા સ્વજન સિવાય બીજા સાધર્મિકોની[2] પણ વિશેષરૂપે ઉચિત લોકપૂજા કરવી જોઈએ. [અહીં લોકપૂજા એટલે લોકોમાં જે રીતે પ્રચલિત હોય તે રીતે આદર કરવો.] પ્રતિષ્ઠાનિમિત્તે કરેલા આ લોકપૂજનથી જ સ્વજનોનું અને સાધર્મિકોનું ઉત્તમવાત્સલ્ય અને ઉત્તમગૌરવ થાય છે. (૪૭)

**अट्ठाहिया य महिमा, सम्मं अणुबंधसाहिगा केई ।**
**अण्णे उ तिण्णि दियहे, णिओगओ चेव कायव्वा ॥४८॥**

**(અષ્ટાહ્નિકા મહોત્સવનું વિધાન–)**

**ગાથાર્થ–ટીકાર્થ**–પ્રતિષ્ઠા પ્રસંગે (પ્રતિષ્ઠા થયા પછી)[3] શુદ્ધ ભાવથી આઠ દિવસ સુધી મહોત્સવ કરવો જોઈએ. પ્રતિષ્ઠા પ્રસંગે આઠ દિવસનો મહોત્સવ કરવાથી પ્રતિષ્ઠિત બિંબની પૂજાનો વિચ્છેદ થતો નથી, અર્થાત્ સદા પૂજા થાય છે. આમ કેટલાક આચાર્યો કહે છે. જ્યારે કેટલાક આચાર્યો ત્રણ દિવસ સુધી મહોત્સવ અવશ્ય કરવો જોઈએ એમ કહે છે. (૪૮)

**तत्तो विसेसपूयापुव्वं विहिणा पडिस्सरोमुयणं ।**
**भूयबलिदीणदाणं, एत्थंपि ससत्तिओ किंपि ॥४९॥**

**(કંકણમોચન–)**

**ગાથાર્થ**–ત્યારબાદ વિશેષપૂજા કરવાપૂર્વક વિધિથી કંકણમોચન કરવું જોઈએ. આ પ્રસંગે પણ પોતાની શક્તિ પ્રમાણે કંઈક ભૂતબલિ અને ગરીબોને અનુકંપાદાન કરવું જોઈએ.

**ટીકાર્થ**–મહોત્સવ પૂર્ણ થયા પછી પૂર્વ દિવસોમાં કરેલી પૂજાથી વિશેષપ્રકારની પૂજા કરવા પૂર્વક શાસ્ત્રોક્ત વિધિથી કે સંપ્રદાયથી આવેલી વિધિથી કંકણમોચન કરવું=પ્રતિમાજીને બાંધેલાં કંકણો(=મંગલસૂત્રો) છોડવાં. આ પ્રસંગે પણ આર્થિક સ્થિતિ અને ભાવના મુજબ પ્રેતોને પર્ણ, પુષ્પ, ફળ, અક્ષત અને સુગંધી જળથી મિશ્રિત રાંધેલું

---

૧. અહીં ધાર્મિક પ્રસંગમાં વ્યાવહારિક સંબંધથી સ્વજનની લોકપૂજાના વિધાનમાં ઘણું રહસ્ય ભરેલું છે. આમ કરવાથી ઔચિત્ય જળવાય છે. ઔચિત્ય વિનાના ધર્મના પ્રસંગોની ટીકા થાય. તથા આમ કરવાથી સ્વજનોમાં કોઈ પ્રત્યે મનભેદ વગેરે થયું હોય તો દૂર થાય, સ્વજનો પ્રેમભાવવાળા બને, પ્રેમભાવવાળા સ્વજનો અધિક પ્રેમભાવવાળા બને. પરિણામે સ્વજનો ધર્મમાં સહાયક બને. અન્યથા અજ્ઞાન સ્વજનો ધર્મમાં વિઘ્ન કરનારા અને ધર્મની નિંદા કરનારા બને એ સંભવિત છે.

૨. સંઘપૂજામાં ચતુર્વિધ સંઘની પૂજા છે. જ્યારે અહીં સાધર્મિકની લોકપૂજામાં શ્રાવક-શ્રાવિકાની પૂજા છે.

૩. પ્રતિષ્ઠા થયા પછી અષ્ટાહ્નિકા મહોત્સવ કરવાનો છે. કારણ કે ૪૬મી ગાથામાં ઉત્તરકાલોચિત બીજું પણ કરવું એમ કહીને સ્વજનની અને સાધર્મિકની લોકપૂજાનો તથા અષ્ટાહ્નિકા મહોત્સવનો ઉલ્લેખ કર્યો છે. તથા નવમા પંચાશકની ૪૨મી ગાથાની ટીકામાં प्रतिष्ठानन्तरमष्टाह्निकाया इहैव विधेयतयोपदिष्टत्वाद्। એમ કહ્યું છે.

અન્ન નાખવા રૂપ કંઈક ભૂતબલિ અને ગરીબોને અનુકંપાદાન કરવું જોઈએ.

**આ પ્રસંગે પણ**–કેવળ પ્રતિષ્ઠા પછી જ નહિ, કિંતુ કંકણમોચનના પ્રસંગે પણ ભૂતબલિ અને ગરીબોને અનુકંપાદાન કરવું જોઈએ.

**કંઈક**–પ્રતિષ્ઠાના અવસરની અપેક્ષાએ થોડું. (૪૯)

**तत्तो पडिदिणपूयाविहाणओ तह तहेह कायव्वं ।**
**विहिताणुट्ठाणं खलु, भवविरहफलं जहा होति ॥५०॥**

**હવે પ્રકરણના વિષયનો ઉપસંહાર કરવા માટે કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–(इह=)જિનબિંબ પ્રતિષ્ઠિત થયે છતે (तत्तो=)કંકણમોચન કર્યા પછી પ્રતિદિન પૂજા કરવી, અને શાસ્ત્રમાં કહેલાં પૂજા, (ચૈત્ય)વંદન, યાત્રા, સ્નાત્ર વગેરે અનુષ્ઠાનો જે જે રીતે કરવાથી સંસારનો વિયોગ સાધનારાં જ થાય તે તે રીતે કરવાં. [અર્થાત્ પૂજા વગેરે અનુષ્ઠાનો જે રીતે કરવાથી પોતાનો ઉલ્લાસ વધે અને પરિણામે સંસારનો નાશ થાય તે રીતે કરવાં. દરેક જીવના સંયોગ, શક્તિ, રુચિ, ભાવના વગેરે સમાન ન હોય. એટલે દરેકે પોતાના સંયોગ, શક્તિ, રુચિ, ભાવના આદિનો વિચાર કરીને પૂજા વગેરે જે રીતે કરવાથી ઉલ્લાસ વધે અને પરિણામે સંસારમાં પરિભ્રમણ ન થાય, કિંતુ સંસારનો નાશ થાય તે રીતે કરવાં.] (૫૦)

●●●

## ॥ अथ नवमपञ्चाशकवृत्तिः ॥९॥

## ૯. યાત્રાવિધિ પંચાશક

**नमिऊण वद्धमाणं, सम्मं संखेवओ पवक्खामि ।**
**जिणजत्ताएँ विहाणं, सिद्धिफलं सुत्तणीईए ॥१॥**

**છટ્ઠા સ્તવવિધિ પંચાશકમાં (ત્રીજી ગાથામાં) જિનભવન, જિનબિંબપ્રતિષ્ઠા, યાત્રા, પૂજા વગેરે દ્રવ્યસ્તવ છે એમ કહ્યું છે. આથી સાતમા પંચાશકમાં જિનભવનવિધિ અને આઠમા પંચાશકમાં જિનબિંબપ્રતિષ્ઠાવિધિ કહ્યો. હવે ક્રમ પ્રમાણે યાત્રા કહેવી જોઈએ. આથી હવે નવમા પંચાશકમાં યાત્રાવિધિને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકાર મંગલ વગેરે જણાવે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–શ્રીવર્ધમાનસ્વામીને ભાવથી નમસ્કાર કરીને જિનયાત્રાનો- (=અરિહંતના મહોત્સવનો) વિધિ સંક્ષેપથી આગમાનુસાર કહીશ. જિનયાત્રાવિધિનું ફળ મોક્ષ છે. (૧)

**दंसणमिह मोक्खंगं, परमं एयस्स अट्ठहाऽऽयारो ।**
**णिस्संकादी भणितो, पभावणंतो जिणिंदेहिं ॥२॥**

**જિનયાત્રાની વિધિને કહીશ એમ કહ્યું. હવે જિનયાત્રાવિધિનો પ્રારંભ કરવા માટે જ કહે છે–**

**ગાથાર્થ**–પ્રવચનમાં સમ્યગ્દર્શન મોક્ષનું પ્રધાન કારણ છે. જિનેશ્વરોએ સમ્યગ્દર્શનના નિઃશંકિતથી આરંભી પ્રભાવના સુધી આઠ આચારો કહ્યા છે.

**ટીકાર્થ**–જૈનશાસનમાં સમ્યગ્દર્શન મોક્ષનું પ્રધાન કારણ છે.

**પ્રશ્ન**–શાસ્ત્રમાં सारो चरणस्स [1]निव्वाणं=ચારિત્રનો સાર મોક્ષ છે એમ કહીને ચારિત્રને મોક્ષનું પ્રધાન કારણ કહ્યું છે, જ્યારે અહીં સમ્યગ્દર્શનને મોક્ષનું પ્રધાન કારણ કહ્યું છે, આનું શું કારણ ?

**ઉત્તર**–આદિ કારણની અપેક્ષાએ સમ્યગ્દર્શન મોક્ષનું પ્રધાન કારણ છે. કારણ કે સમ્યગ્દર્શન વિના ભાવચારિત્રની પ્રાપ્તિ થતી નથી. અનંતર કારણની અપેક્ષાએ મોક્ષનું પ્રધાન કારણ ચારિત્ર જ છે. કારણ કે સમ્યગ્દર્શન પ્રાપ્ત થવા છતાં (ભાવ)ચારિત્ર વિના મુક્તિ થતી નથી. (ભાવ)ચારિત્ર આવ્યા પછી બીજા કોઈ કારણની જરૂર પડતી નથી. પછી અવશ્ય મુક્તિ થાય છે.

જિનેશ્વરોએ સમ્યગ્દર્શનના નિઃશંકિતથી આરંભી પ્રભાવના સુધી આઠ આચારો કહ્યા છે. જો કે આ આચારો સમ્યગ્દર્શનવાળા જીવના છે, પણ (ગુણો ગુણી વિના રહી

---

૧. વિશેષાવશ્યક ગાથા-૧૧૨૬, આવશ્યકનિર્યુક્તિ ગાથા-૯૩.

શકતા ન હોવાથી) ગુણ અને ગુણી ભિન્ન નથી-એક જ છે, આ દૃષ્ટિએ ગુણીના આચારો ગુણના પણ કહેવાય, આથી અહીં સમ્યગ્દર્શનના આઠ આચારો છે એમ કહ્યું છે. આ આચારો આ પ્રમાણે છે—

**"નિઃશંકિત, નિષ્કાંક્ષિત, નિર્વિચિકિત્સ, અમૂઢદૃષ્ટિ, ઉપબૃંહણા, સ્થિરીકરણ, વાત્સલ્ય અને પ્રભાવના એ આઠ સમ્યગ્દર્શનના આચારો છે."** (પ્રવ. સા. ગા. ૨૬૮૦).

[૧](૧) **નિઃશંકિત**—શંકાનો અભાવ તે નિઃશંકિત. ભગવાને કહેલા ધર્માસ્તિકાય વગેરે અત્યંત ગહન પદાર્થો મંદબુદ્ધિના કારણે બરોબર સમજમાં ન આવતાં આ આ પ્રમાણે હશે કે નહિ ? એવી શંકા કરવી એ અતિચારદોષ છે. શંકાનો અભાવ એ આચાર છે. શંકાના દેશ અને સર્વ એમ બે ભેદ છે. આત્મા આદિ કોઈ એક પદાર્થમાં આ પદાર્થ આ પ્રમાણે હશે કે નહિ ? એવી શંકા તે દેશ શંકા. જેમકે—(૧) આત્મા અસંખ્ય પ્રદેશવાળો હશે કે પ્રદેશરહિત હશે ? (૨) જીવરૂપે બધા જીવો સમાન હોવા છતાં કોઈ ભવ્ય અને કોઈ અભવ્ય એમ ભેદ કેમ ? આત્મા વગેરે સર્વપદાર્થોમાં આ પદાર્થો આ પ્રમાણે (કહ્યા છે એ પ્રમાણે) હશે કે નહિ ? એવી શંકા તે સર્વ શંકા. મારી મંદબુદ્ધિના કારણે આ પદાર્થો મને બરોબર સમજાતા નથી, પણ જિનેશ્વર રાગાદિ દોષોથી રહિત અને સર્વજ્ઞ હોવાથી અસત્ય કહે નહિ....આવી વિચારણા આદિથી બંને પ્રકારની શંકાનો અભાવ એ નિઃશંકિત આચાર છે.

(૨) **નિષ્કાંક્ષિત**—કાંક્ષાનો અભાવ તે નિષ્કાંક્ષિત. કાંક્ષા એટલે ઇચ્છા. બૌદ્ધ આદિ મિથ્યાદર્શનોની ઇચ્છા ન કરવી તે નિષ્કાંક્ષિત આચાર છે. કાંક્ષાના દેશ અને સર્વ એમ બે ભેદ છે. બૌદ્ધ આદિ કોઈ એક દર્શનની ઇચ્છા તે દેશકાંક્ષા. જેમ કે—બૌદ્ધદર્શનમાં ચિત્ત ઉપર વિજય મેળવવાનું કહ્યું છે, અને એ જ મુક્તિનું મુખ્ય કારણ છે. માટે આ દર્શન પણ બરોબર છે. સર્વ દર્શનોની ઇચ્છા તે સર્વકાંક્ષા. જેમ કે—બધાં દર્શનો અહિંસાનું પ્રતિપાદન કરે છે, અને ભૌતિક પદાર્થો ઉપર રાગ કરવાનું કહેતાં નથી. માટે બધાં દર્શનો સારાં છે. જૈનદર્શન સિવાય બધાં દર્શનો સર્વજ્ઞપ્રણીત ન હોવાથી તેમાં અનેક પ્રકારની ખામીઓ છે...આવા વિચાર આદિથી બંને પ્રકારની કાંક્ષાનો અભાવ એ નિષ્કાંક્ષિત આચાર છે.

અથવા કાંક્ષા એટલે ધર્મથી આ લોક અને પરલોકનાં સુખોની ઇચ્છા કરવી. ભગવાને ધર્મથી આ લોક અને પરલોકનાં સુખોની ઇચ્છા કરવાની ના કહી છે માટે તેવી ઇચ્છા અતિચાર છે અને ઇચ્છાનો અભાવ નિષ્કાંક્ષિત આચાર છે.

(૩) **નિર્વિચિકિત્સ**—વિચિકિત્સાનો અભાવ તે નિર્વિચિકિત્સ. વિચિકિત્સા એટલે ધર્મના ફળની શંકા. આ લોકમાં ખેતી વગેરે ક્રિયા સફળ અને નિષ્ફળ એમ બંને પ્રકારે દેખાય છે, તેથી મને આ ધર્મક્રિયાથી ફળ મળશે કે નહિ ? આવી શંકા તે વિચિકિત્સા અતિચાર છે. સર્વજ્ઞે કહેલાં અનુષ્ઠાનોથી ફળ મળ્યા વિના રહે નહિ...આવી વિચારણા

---

૨.આઠ આચારોનું વિસ્તૃત વર્ણન આવશ્યકસૂત્ર આદિ ગ્રંથોના આધારે લખ્યું છે.

આદિથી ફળના સંદેહનો અભાવ એ નિર્વિચિકિત્સ આચાર છે.

અથવા નિર્વિચિકિત્સના બદલે નિર્વિજુગુપ્સ એવો શબ્દ છે. જુગુપ્સાનો અભાવ તે નિર્વિજુગુપ્સ. મલથી મલિન શરીરવાળા સાધુ-સાધ્વીની આ લોકો દુર્ગંધી શરીરવાળા છે, પ્રાસુક(=અચિત્ત) પાણીથી સ્નાન કરી લે તો શું વાંધો આવે ? વગેરે રીતે જુગુપ્સા-નિંદા કરવી એ અતિચાર છે. પરમાર્થથી દેહ મૂળથી જ અશુચિ છે ઇત્યાદિ વિચારણાથી જુગુપ્સાનો અભાવ તે નિર્વિજુગુપ્સ આચાર છે.

(૪) **અમૂઢદૃષ્ટિ**–અમૂઢ એટલે નિશ્ચલ. દૃષ્ટિ એટલે સમ્યગ્દર્શન. અન્યદર્શનના તપ, વિદ્યા, અતિશય વગેરે ઋદ્ધિ-ચમત્કારો જોવા છતાં સમ્યગ્દર્શનથી ચલિત ન બને- અન્ય દર્શન પ્રત્યે આકર્ષણ ન થાય તે અમૂઢદૃષ્ટિ આચાર છે.

(૫) **ઉપબૃંહણા**–ઉપબૃંહણા એટલે પ્રશંસા. તે તે આરાધકમાં રહેલા તપ, વેયાવચ્ચ, સ્વાધ્યાય વગેરે ગુણોની પ્રશંસા કરીને તેના ઉત્સાહને વધારવા દ્વારા તેના ગુણોની વૃદ્ધિ કરવી.

(૬) **સ્થિરીકરણ**–ધર્મમાં ઢીલા પડી ગયેલા આરાધકોને વસ્ત્રાદિની સહાય, ઉપદેશ આદિ દ્વારા ધર્મમાં સ્થિર કરવા.

(૭) **વાત્સલ્ય**–સાધર્મિકનું ભોજન, વસ્ત્ર આદિથી સન્માન કરવું.

(૮) **પ્રભાવના**–વિશિષ્ટ ધર્મકથા, પ્રતિવાદીજય, દુષ્કર તપ, ઉત્કૃષ્ટ ચારિત્ર-પાલન વગેરેથી જૈનશાસનની પ્રભાવના કરવી(=બીજા જીવો જૈનધર્મ પ્રત્યે આકર્ષાઈને જૈનધર્મ પામે) એ પ્રભાવના આચાર છે. (૨)

**पवरा पभावणा इह, असेसभावंमि तीएँ सब्भावा ।**
**जिणजत्ता य तयंगं, जं पवरं ता पयासोऽयं ॥३॥**

**સમ્યગ્દર્શનના આઠ આચારો છે તેથી શું ? આવો પ્રશ્ન થાય આથી કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–સમ્યગ્દર્શનના આઠ આચારોમાં પ્રભાવના પ્રધાન આચાર છે. કારણ કે નિઃશંકિત વગેરે સઘળા દર્શનાચારો હોય તો પ્રભાવના હોય, અર્થાત્ જે નિઃશંકિત વગેરે આચારોથી યુક્ત હોય તે જ શાસનપ્રભાવક થાય. જિનમહોત્સવ રૂપ જિનયાત્રા જિનશાસનની પ્રભાવનાનું પ્રધાન કારણ છે. માટે જ અહીં જિનયાત્રાવિધિના વર્ણનનો આ પ્રયાસ કરવામાં આવ્યો છે. (૩)

**जत्ता महूसवो खलु, उद्दिस्स जिणे स कीरई जो उ ।**
**सो जिणजत्ता भण्णइ, तीएँ विहाणं तु दाणाइ ॥४॥**

**હવે જિનયાત્રા શબ્દનો શો અર્થ છે ? એવી જિજ્ઞાસા થતાં જિનયાત્રાશબ્દના અર્થને કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–મહોત્સવ જ યાત્રા છે, નહિ કે અન્યદેશમાં જવું. જિનને

આશ્રયીને જે મહોત્સવ કરાય તે જ જિનયાત્રા કહેવાય છે. અર્થાત્ જિનનો મહોત્સવ તે જ જિનયાત્રા છે. તેનો (પાંચમી ગાથાથી કહેવામાં આવશે તે) દાન, તપ વગેરે વિધિ છે. (૪)

**दाणं १ तवोवहाणं २, सरीरसक्कारमो ३ जहासत्ति ।**
**उचितं च गीतवाइय ४, थुतिथोत्ता ५ पेच्छणादी ६ य ॥५॥**

**જિનયાત્રાના વિધિને જ કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–જિનમહોત્સવમાં યથાશક્તિ ૧. દાન, ૨. તપ, ૩. દેહભૂષા, ૪. ઉચિત ગીત-વાદ્ય, ૫. સ્તુતિ-સ્તોત્ર, ૬. પ્રેક્ષણક, સ્તવન, કથા, રથપરિભ્રમણ વગેરે કરવું એ જિનયાત્રાનો વિધિ છે [આ દ્વાર ગાથા છે. આમાં દાનથી પ્રેક્ષણક સુધી દ્વારોનો નિર્દેશ કર્યો છે. હવે ક્રમશઃ એ દ્વારોનું વિવરણ કરશે.] (૫)

**दाणं अणुकंपाए, दीणाणाहाण सत्तिओ णेयं ।**
**तित्थंकरणातेणं, साहूण य पत्तबुद्धीए ॥६॥**

**હવે દાનદ્વારનું વિવરણ કરવા માટે કહે છે–**

**ગાથાર્થ**–જિનયાત્રામાં તીર્થંકરના દૃષ્ટાંતથી દીન એવા અનાથજનોને દયાથી યથાશક્તિ અન્નાદિનું દાન કરવું જોઈએ, અને સાધુઓને (જ્ઞાનાદિ ગુણોરૂપ રત્નોના ભાજન છે એવી) સુપાત્રબુદ્ધિથી દાન કરવું જોઈએ.

**ટીકાર્થ**–દીન એટલે ધનનો ક્ષય થવાથી દીનતાને પામેલા. અનાથ એટલે (ભરણપોષણ કરે તેવા)નાથથી રહિત.

યથાશક્તિ એટલે ચિત્ત અને ધનના સામર્થ્ય પ્રમાણે.

**પ્રશ્ન**–દીન-અનાથજનો અસંયમી હોવાથી તેમને દાન આપવાથી (અસંયમરૂપ) દોષનું પોષણ થાય છે. આથી દીન-અનાથજનોને દાન આપવું અસંગત છે.

**ઉત્તર**–અસંગત નથી. કારણ કે પ્રભાવનાનું અંગ હોવાથી તીર્થંકરોએ પણ અનુકંપાદાન આપ્યું છે.

અથવા પ્રભાવનાનું કારણ વગેરે વિશેષતા વિના તીર્થંકરના દૃષ્ટાંતથી દીન-અનાથજનોને દાન આપવું અસંગત નથી.

અથવા તીર્થંકરપ્રમાણથી(=તીર્થંકરોએ આચરેલું છે એ પ્રમાણથી) દીન-અનાથજનોને દાન આપવું અસંગત નથી.

અહીં અનુમાનપ્રયોગ આ પ્રમાણે છે–દીનાદિદાન ન કરવા યોગ્ય નથી. કેમકે જિનોએ આચરેલું છે. મહાવ્રતોના પાલનની જેમ. (૬)

**एकासणाइ णियमा, तवोवहाणंपि एत्थ कायव्वं ।**
**तत्तो भावविसुद्धी, णियमा विहिसेवणा चेव ॥७॥**

દાનદ્વાર કહ્યું. હવે તપદ્વારને કહે છે–

**ગાથાર્થ–ટીકાર્થ**–જિનમહોત્સવમાં એકાસણું, ઉપવાસ વગેરે તપ પણ અવશ્ય કરવો જોઈએ. કારણ કે તેનાથી અવશ્ય ભાવની વિશુદ્ધિ થાય છે, ધર્મના અર્થીઓને ભાવવિશુદ્ધિ જ ઉપાદેય છે. તથા જિનયાત્રામાં તપ કરવાથી વિધિનું પાલન થાય છે. (૭)

**वत्थविलेवणमल्लादिएहिं विविहो सरीरसक्कारो ।**
**कायव्वो जहसत्तिं पवरो देविंदणाएणं ॥८॥**

તપદ્વારને કહ્યું. હવે દેહવિભૂષાદ્વારને કહે છે–

**ગાથાર્થ–ટીકાર્થ**–જિનયાત્રામાં જેમ દેવેંદ્રો સર્વ વિભૂતિથી અને સર્વ પ્રયત્નથી દેહભૂષા કરે છે તેમ બીજાઓએ પણ શક્તિ મુજબ વસ્ત્ર, વિલેપન, પુષ્પ, અલંકાર વગેરેથી વિવિધ રીતે સર્વોત્તમ શરીરવિભૂષા કરવી જોઈએ. (૮)

**उचियमिह गीयवाइयमुचियाण वयाइएहिं जं रम्मं ।**
**जिणगुणविसयं सद्धम्मबुद्धिजणगं अणुवहासं ॥९॥**

દેહવિભૂષાદ્વાર કહ્યું. હવે ઉચિત ગીત-વાદ્યદ્વારને કહે છે–

**ગાથાર્થ–ટીકાર્થ**–સ્વભૂમિકાની અપેક્ષાએ યોગ્ય જીવોના વય આદિ ભાવોથી જે રમણીય હોય, અર્થાત્ ગીત-વાદ્ય કરનારા અને કરાવનારા જીવો કાળકૃત અવસ્થારૂપ વય વગેરેથી યુક્ત હોય અથવા વય, વિશિષ્ટ રૂપ, સૌભાગ્ય, ઔદાર્ય, ઐશ્વર્ય આદિથી યુક્ત હોય, એટલે કે ગીત-વાદ્ય કરનારા યુવાની, સુંદર રૂપ આદિથી યુક્ત હોવાથી અને કરાવનારા ઔદાર્ય આદિથી યુક્ત હોવાથી જે ગીત-વાદ્ય રમણીય હોય, જેમાં રાજા વગેરેના ગુણોનું વર્ણન ન હોય, કિંતુ જિનના વીતરાગતા વગેરે ગુણોનું વર્ણન હોય, જે સુધર્મ (જૈનધર્મ) પ્રત્યે આકર્ષણ કરનાર હોય, જે ઉપહાસને પાત્ર ન હોય, તે ગીત-વાદ્ય યોગ્ય ગણાય. આવું ગીત-વાદ્ય જિનયાત્રામાં કરવું જોઈએ. ગીત-વાદ્ય એટલે ગીતો ગાવાં અને વાજિંત્રો વગાડવાં. (૯)

**थुइथोत्ता पुण उचिया, गंभीरपयत्थविरइया जे उ ।**
**संवेगवुड्ढिजणगा, समा य पाएण सव्वेसिं ॥१०॥**

સ્તુતિ-સ્તોત્ર દ્વારને કહે છે–

**ગાથાર્થ–ટીકાર્થ**–સૂક્ષ્મબુદ્ધિથી જાણી શકાય તેવા ગંભીર અર્થોથી રચેલા,

સંવેગવર્ધક અને પ્રાયઃ બોલનારા બધા સમજી શકે તેવા યોગ્ય સ્તુતિ-સ્તોત્રો જિનયાત્રામાં કરવાં જોઈએ. બોલનાર બધા ન સમજી શકે તેવા સ્તુતિ-સ્તોત્ર આદિ બોલવામાં કોલાહલ જ થાય, અને તેને સાંભળનારાઓના ભાવની વૃદ્ધિ ન થાય. (૧૦)

**पेच्छणगावि णडादी, धम्मियणाडयजुआ इहं उचिया ।**
**पत्थावो पुण णेओ, इमेसिमारंभमादीओ ॥११॥**

**સ્તુતિ-સ્તોત્રદ્વાર કહ્યું. હવે પ્રેક્ષણકદ્વારને કહે છે–**

**ગાથાર્થ-ટીકાર્થ**–(इह=)જિનયાત્રામાં (णडादी पेच्छणगावि=)નટપ્રેક્ષણક વગેરે નાટકો પણ (उचिया=)સંગત છે. પણ તે નાટકો (धम्मियणाडयजुआ=)જિન-જન્મોત્સવ[1], ભરતદીક્ષા આદિના વૃત્તાંતવાળા ધાર્મિક નાટકોથી યુક્ત હોવા જોઈએ, અર્થાત્ ધર્મના સંબંધવાળા નાટકો હોવા જોઈએ. કારણ કે તેવા નાટકો ભવ્ય શ્રોતાઓમાં સંવેગ ઉત્પન્ન કરે છે. (इमेसिं=)આ નાટકોનો (पत्थावो=)અવસર (आरंभादीओ=)મહોત્સવનો પ્રારંભ વગેરે છે. અર્થાત્ નાટકો જિન મહોત્સવના પ્રારંભમાં, મધ્યમાં અને અંતે પણ કરી શકાય.

'णडादी' એ સ્થળે રહેલા आदि શબ્દથી નટપ્રેક્ષણક સિવાયના બીજા નાટકો ગ્રહણ કરવા.

**સ્પષ્ટીકરણ**–અહીં જિનયાત્રા જેવા ધાર્મિક પ્રસંગોમાં નાટકો ઉચિત ગણાય ? એવા પ્રશ્નના ઉત્તરમાં કહ્યું કે, જિનયાત્રામાં નટપ્રેક્ષણક વગેરે નાટકો પણ ઉચિત છે. પછી નાટકો તો રાગ ઉત્પન્ન કરવા આદિથી કર્મબંધ કરે એવા પૂર્વપક્ષના સમાધાન માટે કહ્યું કે તે નાટકો ધર્મના સંબંધવાળા હોવા જોઈએ. કારણ કે ધર્મના સંબંધવાળા નાટકો ભવ્યશ્રોતાઓમાં સંવેગ ઉત્પન્ન કરે છે. જિનયાત્રામાં નાટકો ક્યારે કરવા ? એવા પ્રશ્નના જવાબમાં કહ્યું કે નાટકો જિનમહોત્સવના પ્રારંભમાં, મધ્યમાં કે અંતે પણ કરી શકાય. (૧૧)

**आरंभे च्चिय दाणं, दीणादीण मणतुट्ठिजणणत्थं ।**
**रण्णाऽमाघायकारणमणहं गुरुणा ससत्तीए ॥१२॥**

**નાટકો મહોત્સવના પ્રારંભમાં મધ્યમાં કે અંતે પણ કરી શકાય એમ નાટકોનો અવસર કહ્યો. હવે દાનનો અવસર કયો છે એવી આ શંકા થયે છતે ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–દીન વગેરેના મનને પ્રસન્ન બનાવવા માટે મહોત્સવના પ્રારંભમાં જ અનુકંપાદાન કરવું જોઈએ. તથા સિદ્ધાંતના જાણકાર ગુરુએ (મહોત્સવના પ્રારંભથી જ) સ્વશક્તિથી રાજાને ઉપદેશ આપીને હિંસાથી આજીવિકા ચલાવનારા માચ્છીમાર આદિની

૧. अभ्युदय શબ્દનો પ્રાકૃતકોષમાં ઉદય અર્થ કર્યો છે. એથી जिनजन्माभ्युदय શબ્દનો 'જિનજન્મનો ઉદય' એવો થાય. પણ જિનજન્મના ઉદયમાં દેવો જન્મમહોત્સવ કરે છે. આથી અહીં जिनजन्माभ्युदय શબ્દનો જિનજન્મમહોત્સવ એવો અર્થ સંગત જણાય છે.

ભોજન-આજીવિકાની (યોગ્ય)વ્યવસ્થા કરીને તેમનાથી થતી હિંસા બંધ કરાવવી જોઈએ. જો આજીવિકાની વ્યવસ્થા ન કરવામાં આવે તો તેમની આજીવિકાનો વિચ્છેદ થાય. તથા (अद्रव्यापहारश्च=)રાજાનાં દાણ-કર વગેરે માફ કરાવવાં જોઈએ. (૧૨)

**विसयपवेसे रण्णो, उ दंसणं उग्गहादिकहणा य ।**
**अणुजाणावण विहिणा, तेणाणुण्णाएँ संवासो ॥१३॥**

**પ્રસ્તુત વિધિનું સમર્થન કરવા માટે આગમમાં કહેલી વિધિને કહે છે—**

**ગાથાર્થ**—દેશમાં પ્રવેશ કરીને રાજાનું દર્શન કરવું=રાજાને મળવું, અવગ્રહાદિનું કથન કરવું, તેના દેશમાં રહેવાની અનુજ્ઞા વિધિથી માગવી, રાજા અનુજ્ઞા આપે એટલે તેના દેશમાં રહેવું.

**ટીકાર્થ**—સાધુઓએ રાજાના દેશમાં પ્રવેશ કરીને રાજાને, રાજા ન હોય તો રાજમાન્ય યુવરાજ કે અન્ય કોઈ મોટા અધિકારી વગેરેને મળવું. રાજાનું મિલન થતાં રાજા તમે કેમ આવ્યા છો ? એમ આગમનનું કારણ પૂછે એટલે અવગ્રહની વાત કરવી. તે આ પ્રમાણે—

**"દેવેંદ્ર, ચક્રવર્તી, રાજા, મકાનમાલિક અને સાધર્મિક એ પાંચ પ્રકારનો અવગ્રહ છે. અર્થાત્ સાધુઓથી ઈંદ્ર આદિ પાંચની રજા લીધા વિના નિવાસ કરી શકાય નહિ."** (પ્રવચન સારોદ્ધાર ગાથા-૬૮૧)

(૧) **દેવેંદ્ર-અવગ્રહ**—અવગ્રહ એટલે માલિકીની ભૂમિ. દેવેંદ્ર અવગ્રહ એટલે દેવેંદ્રની માલિકીની ભૂમિ. આ પૃથ્વીના (મુખ્ય) અધિપતિ-માલિક દેવેંદ્ર છે. માટે સાધુઓએ તેની અનુજ્ઞા લઈને આ પૃથ્વી ઉપર નિવાસ કરવો જોઈએ.

(૨) **ચક્રવર્તિ-અવગ્રહ**—જે ક્ષેત્રમાં જે વખતે જે ચક્રવર્તી હોય તે ક્ષેત્રમાં તે ચક્રવર્તીની માલિકી કહેવાય. આથી સાધુઓએ ચક્રવર્તીની અનુજ્ઞા લઈને તેના ક્ષેત્રમાં નિવાસ કરવો જોઈએ.

(૩) **રાજ-અવગ્રહ**—જે દેશમાં જે રાજા હોય તે દેશમાં તે રાજાની માલિકી ગણાય. આથી સાધુઓએ જે દેશમાં નિવાસ કરવો હોય તે દેશના રાજાની અનુજ્ઞા લઈને તે દેશમાં નિવાસ કરવો જોઈએ.

(૪) **મકાનમાલિક-અવગ્રહ**—જે મકાન વગેરેનો જે માલિક હોય તેની રજા લઈને તે મકાન વગેરેમાં સાધુઓએ નિવાસ કરવો જોઈએ.

(૫) **સાધર્મિક-અવગ્રહ**—સાધર્મિક એટલે સમાનધર્મવાળા. સાધુઓના સમાન-ધર્મવાળા સાધુઓ છે. આથી અહીં સાધર્મિક એટલે સાધુ. સાધુઓએ જે મકાનમાં નિવાસ કરવો હોય તે મકાનમાં જો સાધુઓ હોય તો તેમની રજા લઈને નિવાસ કરવો જોઈએ.

આ પાંચ પ્રકારના અવગ્રહની યાચના કર્યા વિના સાધુ નિવાસ કરે તો અદત્તાદાનનો (નહિ આપેલું લેવારૂપ ચોરીનો) દોષ લાગે.

આથી સાધુઓએ રાજાના દેશમાં પ્રવેશ કરીને રાજા વગેરેને મળીને આ રીતે અવગ્રહની વાત કરવી જોઈએ. તથા તપસ્વીઓનું-સાધુઓનું રક્ષણ રાજા કરે છે વગેરે પણ કહેવું જોઈએ. કહ્યું છે કે–

**"ક્ષમાશીલ, ઈંદ્રિયોને કાબૂમાં રાખનારા અને જીવહિંસા નહિ કરનારા સાધુઓનું જો રાજા રક્ષણ ન કરે તો ક્ષુદ્રજનોથી ભરેલા જગતમાં તે સાધુઓ ધર્મ કેવી રીતે કરી શકે?"**

રાજા વગેરેને આ પ્રમાણે કહ્યા પછી આગમોક્ત વિધિથી તેના દેશમાં રહેવાની અનુજ્ઞા માગવી. રાજા અનુજ્ઞા આપે એટલે તેના દેશમાં નિવાસ કરવો. (૧૩)

**एसा पवयणणीती, एव वसंताण णिज्जरा विउला ।**
**इहलोयम्मिवि दोसा, ण होंति णियमा गुणा होंति ॥१४॥**

**શા માટે આ પ્રમાણે (રાજાના અવગ્રહની યાચના) કરવામાં આવે છે એવા પ્રશ્નનો ઉત્તર કહે છે–**

**ગાથાર્થ**–આ આગમવિધિ છે. (एवं=)આવી વિધિથી રહેનારા સાધુઓને ઘણી નિર્જરા થાય છે. તથા અવશ્ય આ લોકમાં પણ દોષો થતા નથી અને ગુણો(=લાભ) થાય છે.

**ટીકાર્થ**–આ પ્રમાણે રાજા પાસે તેના અવગ્રહની યાચના કરવી એ આગમવિધિ છે. આ વિધિથી રાજાના દેશમાં રહેનારા સાધુઓને નીચે મુજબ લાભો થાય છે. (૧) ત્રીજા મહાવ્રતનું નિરતિચાર પાલન થવાથી અને જિનાજ્ઞાની આરાધના થવાથી ઘણી નિર્જરા થાય છે. (૨) આ લોકમાં પણ શત્રુનો ઉપદ્રવ વગેરે અનર્થો થતા નથી. (૩) રાજાએ સ્વીકાર કર્યો હોવાથી (આ સાધુઓ રાજાને પણ માન્ય છે એવી લોકમાં પ્રસિદ્ધિ થવાથી) લોકમાં પણ સાધુઓ માન્ય બને વગેરે અનેક લાભો અવશ્ય થાય છે. આથી જ કહ્યું છે કે–

**"રાજકુળમાં જવું અને રાજપૂજિત લોકોને મળવું. આનાથી કદાચ વિશેષ લાભ ન થાય તો પણ અનર્થો દૂર થાય છે."** (૧૪)

**दिट्ठो पवयणगुरुणा, राया अणुसासिओ य विहिणा उ ।**
**तं नत्थि जण्ण वियरइ, कित्तियमिह आमघाउत्ति ? ॥१५॥**

**(રાજાને મળવા આદિથી થતા) લાભોને જ કહે છે–**

**ગાથાર્થ**–મુખ્ય આચાર્યથી દર્શન કરાયેલો(=મળાયેલો) અને વિધિથી ઉપદેશ અપાયેલો રાજા તેવી કોઈ વસ્તુ નથી કે જે ન આપે, તો પછી જિનયાત્રાના પ્રસંગે

જીવહિંસાનું નિવારણ કયું મોટું કામ છે ?

**ટીકાર્થ**–મુખ્ય આચાર્ય રાજાને મળીને વિધિથી ઉપદેશ આપે. ઉપદેશથી પ્રસન્ન બનેલો રાજા તેવી કોઈ વસ્તુ નથી કે જે ન આપે, અર્થાત્ બધું જ આપે. તો પછી જિનયાત્રા પ્રસંગે જીવહિંસાનું નિવારણ કયું મોટું કામ છે ? અર્થાત્ જીવહિંસાનું નિવારણ બહુ જ નાનું કામ હોવાથી અવશ્ય કરે.

**પ્રશ્ન**–રાજાને વિધિપૂર્વક ઉપદેશ આપે એમ કહ્યું છે, તો શાસ્ત્રમાં ઉપદેશનો વિધિ શો છે ?

**ઉત્તર**–જે જીવોને ઉપદેશ આપવાનો છે તે જીવની પ્રકૃતિ(=પરિણામ) વગેરે જાણીને તેની પ્રકૃતિ આદિને અનુરૂપ દેશના આપવી (ષોડશક-૧. ગાથા-૧૩માં) કહ્યું છે કે–

**"ગુરુએ બાળ[1] વગેરે જીવોના ભાવો(=આત્મપરિણામ) બરોબર જાણીને તેમના ભાવ અનુસાર સદ્ધર્મનો ઉપદેશ આપવો. અર્થાત્ જેને જે રીતે ઉપદેશ આપવાથી લાભ થાય તેને તે રીતે ઉપદેશ આપવો."** (૧૫)

**एत्थमणुसासणविही, भणिओ सामण्णगुणपसंसाए ।**
**गंभीराहरणेहिं, उत्तीहि य भावसाराहिं ॥१६॥**

**'ઉપદેશ અપાયેલો' એમ કહ્યું, આથી રાજાને ઉપદેશ આપવાની વિધિનો પ્રારંભ કરતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–રાજાને ઉપદેશ આપવાનો વિધિ આ છે–(૧) સામાન્ય (બધા ધર્મોમાં હોય તેવા) ગુણોની પ્રશંસા કરવી. (૨) ઉત્તમ દૃષ્ટાંતો કહેવાં. (૩) ભાવભરેલા શ્લોકોનું વર્ણન કરવું.

**ટીકાર્થ**–જૈનશાસનથી વિરુદ્ધ ન હોય એવા વિનય, દાક્ષિણ્યતા, સજ્જનતા વગેરે (માર્ગાનુસારી) ગુણોની પ્રશંસા કરવી, મહાપુરુષોનાં ઉત્તમ દૃષ્ટાંતો કહેવા, ભાવભરેલા શ્લોકોનું વર્ણન કરવું એ રાજાને ઉપદેશ આપવાનો વિધિ છે, અર્થાત્ રાજાને આવા પ્રકારનો ઉપદેશ આપવો. (૧૬)

**सामण्णे मणुयत्ते, धम्माउ णरीसरत्तणं णेयं ।**
**इय मुणिऊणं सुंदर !, जत्तो एयम्मि कायव्वो ॥१७॥**
**इड्डीण मूलमेसो, सव्वासिं जणमणोहराणंति ।**
**एसो य जाणवत्तं, णेओ संसारजलहिम्मि ॥१८॥**

---

૧.ઉપદેશ આપવાની દૃષ્ટિએ જીવોના બાળ, મધ્યમ અને પંડિત એમ ત્રણ પ્રકાર છે. બાળ એટલે વિશિષ્ટ વિવેક રહિત. મધ્યમ એટલે મધ્યમ વિવેકવાળા. પંડિત એટલે વિશિષ્ટ વિવેકસંપન્ન.

**ઉપદેશ આપવાના વિધિને જ (ચાર ગાથાઓથી) કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–હે મનુષ્યશિરોમણિ ! મનુષ્યરૂપે બધા મનુષ્યો સમાન હોવા છતાં કોઈ જીવ પુણ્યકર્મના ઉદયથી મનુષ્યોનો સ્વામી રાજા બને છે. આ જાણીને ધર્મમાં પ્રયત્ન કરવો જોઈએ. (૧૭)

**ગાથાર્થ–ટીકાર્થ**–લોકોના ચિત્તને હરનારી મનુષ્ય અને દેવલોક સંબંધી સઘળી સંપત્તિનું કારણ ધર્મ છે. આનાથી ધર્મનું સાંસારિક ફળ બતાવ્યું. સંપત્તિઓ લોકોના ચિત્તને હરનારી છે એમ લોકમાં પ્રસિદ્ધ છે એ જણાવવા માટે (ગાથાના પૂર્વાર્ધના અંતે) इति શબ્દ છે. હવે ધર્મના મોક્ષફળને કહે છે–ધર્મને જ સંસારરૂપ સાગરને તરવા માટે જહાજ સમાન જાણવો. (૧૮)

**जायइ य सुहो एसो उचियत्थापायणेण सव्वस्स ।**
**जत्ताएँ वीयरागाण विसयसारत्तओ पवरो ॥१९॥**

**કેવી રીતે કરવાથી ધર્મ થાય તે કહે છે–**

**ગાથાર્થ**–સર્વ કોઈનું ઉચિત કાર્ય કરવાથી શુભધર્મ થાય છે. વિષય ઉત્તમ હોવાથી વીતરાગનું ઉચિત કરવાથી ઉત્તમધર્મ થાય.

**ટીકાર્થ**–સર્વકોઈનું ઉચિત કાર્ય કરવાથી શુભ ધર્મ થાય છે. જે ધર્મ શુભનિમિત્ત-વાળો હોવાથી કુશળના(=પુણ્યના) અનુબંધવાળો હોય તે ધર્મ શુભ છે.

**અહીં જ વિશેષ કહે છે**–જિનયાત્રા કરવા વડે વીતરાગસંબંધી ઉચિત કાર્ય કરવાથી અધિક ઉત્તમ ધર્મ થાય છે, અર્થાત્ અન્યલોકનું ઉચિત કાર્ય કરવાથી થતા ધર્મની અપેક્ષાએ અધિક ઉત્તમ ધર્મ થાય છે.

કારણ કે વીતરાગ જ સમસ્ત જીવોથી અધિક ગુણોવાળા હોવાથી યાત્રાનો વિષય [૧](=વીતરાગ) પારમાર્થિક છે, અર્થાત્ યાત્રાનો વિષય વીતરાગ સર્વ જીવોથી અધિક ગુણવાળા હોવાથી સર્વોત્તમ છે.

[**ભાવાર્થ**–કોઈનું પણ ઉચિત કાર્ય કરવાથી લાભ થાય. પણ વીતરાગ સંબંધી ઉચિત કાર્ય કરવાથી અત્યંત ઘણો લાભ થાય. કારણ કે વીતરાગ વિશ્વના સમસ્ત જીવોથી અધિક ગુણવાળા હોવાથી સર્વોત્તમ છે. જિનયાત્રા વીતરાગ સંબંધી ઉચિત કાર્ય હોવાથી જિનયાત્રા કરવા વડે વીતરાગ સંબંધી ઉચિત કાર્ય થાય છે. માટે અહીં કહ્યું કે બીજા જીવોનું ઉચિત કાર્ય કરવાથી થતા શુભધર્મથી જિનયાત્રા કરવા વડે વીતરાગ સંબંધી ઉચિત કાર્ય કરવાથી અધિક ઉત્તમ ધર્મ થાય છે. આનાથી જિનયાત્રા ઉત્કૃષ્ટ ધર્મ હોવાથી કરવા લાયક

---

૧. જેની યાત્રા(=મહોત્સવ) કરવાની હોય તે યાત્રાનો વિષય કહેવાય. પ્રસ્તુતમાં વીતરાગની યાત્રા હોવાથી યાત્રાનો વિષય વીતરાગ છે.

છે એમ સૂચિત કર્યું છે. રાજા પાસે જિનયાત્રામાં હિંસા બંધ કરાવવી છે. પણ એ માટે જિનયાત્રા કરવા લાયક છે એ વાત રાજાના દિલમાં જચાવવી જોઈએ. જો રાજાને જિનયાત્રા જ કરવા લાયક ન ગણાતી હોય તો તેની પાસે આગળની (જીવહિંસા નિવારણની) વાત શી રીતે કરી શકાય ? આથી આ ગાથામાં જણાવેલા ઉપદેશનો ઇરાદો રાજાના દિલમાં જિનયાત્રા કરવા લાયક છે એમ ઠસાવવાનો છે. જિનયાત્રા કરવા લાયક છે એમ દિલમાં જચી ગયા પછી જીવહિંસા નિવારવાની વાત જલદી જચી જાય.] (૧૯)

**एतीएँ सव्वसत्ता, सुहिया खु अहेसि तंमि कालंमि ।**
**एण्हिंपि आमघाएण कुणसु तं चेव एतेसिं ॥२०॥**

**રાજાને આપવાના ઉપદેશનો પ્રસ્તુતવિધિમાં જે ભાવ છે તેને પ્રગટ કરતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–જિનના જન્મ આદિ પ્રસંગે બધા જીવો સુખી જ હતા-આનંદમાં જ હતા. તેથી હે મહારાજ ! હમણાં પણ જિનયાત્રામાં અમારિનું પ્રવર્તન કરાવીને બધા જીવોને અભયદાન આપવા દ્વારા સુખી કરો. (૨૦)

**तम्मि असंते राया, दट्ठव्वो सावगेहिवि कमेणं ।**
**कारेयव्वो य तहा, दाणेणवि आमघाउत्ति ॥२१॥**

**હવે ત્યાં આચાર્ય ન હોય તો શું કરવું તે જણાવે છે–**

**ગાથાર્થ**–આચાર્ય ન હોય તો શ્રાવકોએ પણ (कमेणं=)તે રાજકુળમાં પ્રસિદ્ધ રીત-રિવાજ મુજબ રાજાને મળવું અને તેની પાસે દાનથી પણ જીવહિંસા બંધ કરાવવી.

**ટીકાર્થ**–આચાર્ય ન હોય, અથવા આચાર્ય હોય પણ રાજાને મળવા આદિ માટે સમર્થ ન હોય, તો શ્રાવકોએ પણ રાજકુળમાં પ્રસિદ્ધ રીત-રિવાજ મુજબ રાજાને મળવું અને (સમજાવીને) તેની પાસે જીવહિંસા બંધ કરાવવી. જો (સમજાવવાથી) રાજા આ કાર્ય કરવા ન ઇચ્છે તો તેને ધન આપીને પણ આ કાર્ય કરાવવું. (૨૧)

**तेसिंपि घायगाणं, दायव्वं सामपुव्वगं दाणं ।**
**तत्तियदिणाण उचियं, कायव्वा देसणा य सुहा ॥२२॥**

**(હિંસા બંધ કરનાર હિંસકોને દાન આપવાનો વિધિ–)**

**ગાથાર્થ**–તે ઘાતકોને પણ શામપૂર્વક તેટલા દિવસોનું ઉચિત દાન કરવું, અને શુભ ઉપદેશ આપવો.

**ટીકાર્થ**–જીવહિંસાથી જીવનારા માચ્છીમાર આદિને પણ જેટલા દિવસ મહોત્સવ હોય તેટલા દિવસ પ્રેમ ઉત્પન્ન કરે તેવાં (મીઠાં) વચનો કહેવા પૂર્વક ઉચિત અન્નાદિનું દાન આપવું અને "જિનયાત્રામાં જીવહિંસા બંધ કરવાથી તમને પણ ધર્મ થશે" વગેરે શુભ

ઉપદેશ આપવો.

અહીં હિંસક જીવોને પણ દાન આપવાનું કહીને ધર્માર્થી જીવોએ ''પરના સંતાપનો ત્યાગ કરવો(=પરને સંતાપ થાય તેમ ન કરવું)'' એ કલ્યાણકારી છે એમ સૂચન કર્યું છે. (૨૨)

**तित्थस्स वण्णवाओ, एवं लोगम्मि बोहिलाभो य ।**
**केसिंचि होइ परमो, अण्णेसिं बीयलाभोत्ति ॥२३॥**

**હિંસકોને દાન આપવાથી થતા લાભને કહે છે–**

**ગાથાર્થ**–આ પ્રમાણે લોકમાં જૈનશાસનની પ્રશંસા થાય છે. તેથી કેટલાકોને સમ્યગ્દર્શનનો ઉત્તમ લાભ થાય છે, બીજાઓને સમ્યગ્દર્શનના બીજનો લાભ થાય છે.

**ટીકાર્થ**–હિંસકોને દાન આપવા પૂર્વક હિંસા બંધ કરાવવાથી લોકમાં જૈનશાસનની પ્રશંસા થાય છે, અને એથી કેટલાક લઘુકર્મી જીવોને સમ્યગ્દર્શનનો ઉત્તમ લાભ થાય છે, કેટલાક જીવોને સમ્યગ્દર્શનના બીજની=જિનશાસન ઉપર પક્ષપાત રૂપ શુભાધ્યવ-સાયની પ્રાપ્તિ થાય છે. સમ્યગ્દર્શનનો લાભ ઉત્તમ લાભ એટલા માટે છે કે તે જલદી મોક્ષને સાધી આપે છે. (૨૩)

**जा चिय गुणपडिवत्ती, सव्वण्णुमयम्मि होइ पडिसुद्धा ।**
**स च्चिय जायति बीयं, बोहीए तेणणाएणं ॥२४॥**

**જૈનશાસનની માત્ર પ્રંશસા બોધિનું બીજ કેવી રીતે થાય છે તે કહે છે–**

**ગાથાર્થ**–(सव्वण्णुमयम्मि=)જિનશાસનસંબંધી ગુણનો ભાવથી અલ્પ પણ સ્વીકાર થાય તો તે પણ ચોરના દૃષ્ટાંતથી સમ્યગ્દર્શનનું બીજ બને છે.

**ટીકાર્થ**–જિનશાસન સંબંધી(=જિનશાસનમાં રહેલા) ગુણનો ભાવપૂર્વક (જૈનો ઉદાર હોય છે. માટે જૈનધર્મ ઉત્તમ છે ઈત્યાદિ ભાવથી) અલ્પ પણ સ્વીકાર થાય તો તે પણ સમ્યગ્દર્શનનું બીજ-કારણ બને છે. આ વિષયમાં ચોરનું ઉદાહરણ છે. આ ઉદાહરણ પૂર્વે (સાતમા પંચાશકની આઠમી ગાથામાં) કહેવાઈ ગયું છે. (૨૪)

**इय सामत्थाभावे, दोहिवि वग्गेहिं पुव्वपुरिसाणं ।**
**इय सामत्थजुयाणं, बहुमाणो होति कायव्वो ॥२५॥**

**શ્રાવકો પણ રાજાને મળવા સમર્થ ન હોય તો શું કરવું તે જણાવે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–આચાર્ય અને શ્રાવક બંને રાજાને મળીને હિંસા બંધ કરાવવા સમર્થ ન હોય તો તે બંનેએ હિંસા બંધ કરાવવાના સામર્થ્યવાળા પૂર્વના મહાપુરુષો ઉપર (આંતરિક) બહુમાન કરવું. (૨૫)

**ते धण्णा सप्पुरिसा, जे एयं एवमेव णिस्सेसं ।**
**पुव्विं करिंसु किच्चं, जिणजत्ताए विहाणेणं ॥२६॥**

**બહુમાનના જ સ્વરૂપને કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–પૂર્વના તે મહાપુરુષો ધન્ય છે-પ્રશંસનીય છે, કે જેમણે જિનયાત્રામાં રાજા આદિને ઉપદેશ આપીને હિંસા બંધ કરનારાઓને દાન આપવા પૂર્વક હિંસા બંધ કરાવી હતી. (૨૬)

**अम्हे उ तह अधण्णा, धण्णा उण एत्तिएण जं तेसिं ।**
**बहु मण्णामो चरियं, सुहावहं धम्मपुरिसाणं ॥२७॥**

**ગાથાર્થ–ટીકાર્થ**–અમે તો જિનયાત્રાદિ કાર્યો શાસ્ત્રોક્ત વિધિ મુજબ કરવા અસમર્થ હોવાથી અધન્ય છીએ-પ્રશંસનીય નથી. હા, હજી અમારા માટે એટલું સારું છે કે, અમે ધર્મપ્રધાન તે મહાપુરુષોના સુખનું કારણ એવા આચરણનું બહુમાન(=પક્ષપાત) કરીએ છીએ, અને એથી એટલા પૂરતા અમે ધન્ય છીએ. (૨૭)

**इय बहुमाणा तेसिं, गुणाणमणुमोयणा णिओगेणं ।**
**तत्तो तत्तुल्लं चिय, होइ फलं आसयविसेसा ॥२८॥**

**પૂર્વમહાપુરુષો ઉપર બહુમાન કરવાના ફળને કહે છે–**

**ગાથાર્થ**–આ પ્રમાણે પૂર્વમહાપુરુષો ઉપર બહુમાન કરવાથી અવશ્ય તેમના ગુણોની અનુમોદના થાય છે. તેથી આશયવિશેષના કારણે પૂર્વમહાપુરુષોના આચરણ સમાન જ ફળ મળે છે.

**ટીકાર્થ**–ઉક્ત રીતે બહુમાન(-પક્ષપાત) કરવાથી તે મહાપુરુષોના ગુણોની અવશ્ય અનુમોદના થાય છે. ગુણોની અનુમોદનાથી પૂર્વમહાપુરુષોના આચરણ સમાન જ કર્મક્ષય વગેરે ફળ મળે છે, અર્થાત્ તે મહાપુરુષોએ આચરણ કરીને કર્મક્ષય વગેરે જેટલું ફળ મેળવ્યું હતું તેટલું જ ફળ તેમના ગુણોની અનુમોદનાથી મળે છે. (ઉપદેશમાલા ગાથા-૧૦૮માં) કહ્યું છે કે–

**"તપ, સંયમ વગેરે આત્મહિતનું સ્વયં આચરણ કરનાર જીવ સદ્ગતિ પામે છે, (શક્તિના અભાવે સ્વયં ન કરી શકે તો) અન્યના ધર્મની અનુમોદના કરનાર પણ સદ્ગતિ પામે છે. આ વિષયમાં તપ-સંયમનું આચરણ કરનાર બળદેવ મુનિ અને રથકારના દાનની અનુમોદના કરનારા હરણનું દૃષ્ટાંત છે. (મુનિ, રથકાર અને હરણ ત્રણે પાંચમા દેવલોકમાં ઉત્પન્ન થયા.)"**

**પ્રશ્ન**–પૂર્ણ આચરણ ન કરનારને પૂર્ણ આચરણ કરનાર જેટલું ફળ કેવી રીતે મળે ?

ઉત્તર–(आसयविसेसा=)આનું કારણ આત્માના તેવા અધ્યવસાયો છે. (આચરણ કરનારને આચરણથી જેવા અધ્યવસાયો થાય છે, તેવા જ અધ્યવસાયો શક્તિના અભાવે આચરણ નહિ કરનારને આચરણ કરનારની ઉત્કટભાવથી અનુમોદના કરવાથી થાય છે.) શુભાશુભ કર્મબંધ આદિનું મુખ્ય કારણ અધ્યવસાયો જ છે. (ઓઘનિર્યુક્તિ ગાથા- ૭૬૧માં) કહ્યું છે કે–

**"સંપૂર્ણ આગમોનો સાર જાણનારા અને નિશ્ચયનયનું આલંબન લેનારા સુવિહિતોનું "ચિત્તના શુદ્ધ અને અશુદ્ધ પરિણામ પ્રમાણ છે." એવું પરમતત્ત્વ છે. અર્થાત્ આગમના સારને જાણનાર સુવિહિતો નિશ્ચયની દૃષ્ટિએ ચિત્તના શુદ્ધ અને અશુદ્ધ પરિણામને પ્રમાણરૂપ માને છે, બાહ્ય ક્રિયાને નહિ."** (૨૮)

**कयमेत्थ पसंगेणं तवोवहाणादियाऽवि णियसमए ।**
**अणुरूवं कायव्वा, जिणाण कल्लाणदियहेसु ॥२९॥**

**જિનયાત્રાના પ્રારંભમાં જ દાન કરવું જોઈએ ઇત્યાદિ જે કહ્યું તેનો ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–દાનપૂર્વક જીવહિંસાનિવારણનો વિષય અહીં પૂર્ણ થાય છે. જિનેશ્વરોના પાંચ મહાકલ્યાણકોના દિવસોમાં [1]અવસરે ઔચિત્યપૂર્વક તપ, દેહભૂષા વગેરે પણ કરવું જોઈએ. [કેવળ દાન જ કરવું જોઈએ એમ નહિ, દાન તો કરવું જ જોઈએ, કિંતુ વધારામાં તપ વગેરે પણ કરવું જોઈએ, એમ 'પણ' શબ્દનો ભાવ છે.] (૨૯)

**पंच महाकल्लाणा, सव्वेसिं जिणाण होंति णियमेण ।**
**भुवणच्छेरयभूया, कल्लाणफला य जीवाणं ॥३०॥**
**गब्भे जम्मे य तहा, णिक्खमणे चेव णाणनिव्वाणे ।**
**भुवणगुरूण जिणाणं, कल्लाणा होंति णायव्वा ॥३१॥ युग्मम् ॥**

**કલ્યાણકોના સ્વરૂપને અને ફળને કહે છે–**

**ગાથાર્થ**–ભુવનમાં આશ્ચર્યભૂત અને જીવોના કલ્યાણફળવાળાં પાંચ મહાકલ્યાણકો સર્વજિનોનાં અવશ્ય થાય છે.

**ટીકાર્થ**–સર્વકાળમાં સઘળા મનુષ્યક્ષેત્રોમાં થનારા સર્વ જિનેશ્વરોના પાંચ જ મહાન

૧. અહીં रूढिगम्ये પદનો ભાવ જે કાળે જે કલ્યાણકની વિશિષ્ટ આરાધના થતી હોય તે અવસરે એવો જણાય છે. જેમ કે દિવાળીમાં શ્રી મહાવીરસ્વામીના નિર્વાણ કલ્યાણકની વિશિષ્ટ આરાધના થાય છે. મૌન એકાદશીમાં પણ વિશિષ્ટ આરાધના થાય છે. કલ્યાણકની ચાલુ આરાધનાનો અવસર તે તે કલ્યાણકના દિવસે નિયત હોવાથી એમાં રૂઢિનો પ્રશ્ન રહેતો નથી.

કલ્યાણકો(=સુખકારી પ્રસંગો) અવશ્ય થાય છે.

**પ્રશ્ન**–પાંચ જ કલ્યાણકો થાય, બધા જ જિનેશ્વરોના થાય, અને અવશ્ય થાય, ક્યારે ય તેમાં ફેરફાર ન થાય એનું શું કારણ ?

**ઉત્તર**–આનું કારણ વસ્તુનો તેવો સ્વભાવ છે, અર્થાત્ કુદરતી રીતે આમ બન્યા કરે છે.

આ મહાનકલ્યાણકોથી ત્રણે ભુવનમાં સર્વજીવોને આનંદ થતો હોવાથી આ મહાકાલ્યાણકો ત્રિભુવનમાં આશ્ચર્યભૂત છે. આ મહાકલ્યાણકોની આરાધનાથી જીવોને મોક્ષરૂપ ફળ મળે છે. (૩૦)

**ગાથાર્થ–ટીકાર્થ**–ભુવનગુરુ જિનેશ્વરોનું ગર્ભમાં આગમન(=પૂર્વભવમાંથી ચ્યવન), જન્મ, ચારિત્રનો સ્વીકાર, કેવળજ્ઞાનની પ્રાપ્તિ અને મોક્ષમાં ગમન એ પાંચ પ્રસંગે સર્વ જીવોને કલ્યાણ=સુખ થાય છે. [આથી આ પાંચ પ્રસંગોને કલ્યાણક કહેવામાં આવે છે.] (૩૧)

**तेसु य दिणेसु धन्ना, देविंदाई करिंति भत्तिणया ।**
**जिणजत्तादि विहाणा, कल्लाणं अप्पणो चेव ॥३२॥**

**(દેવો પણ કલ્યાણકોની આરાધના કરે છે–)**

**ગાથાર્થ-ટીકાર્થ**–જે દિવસોમાં ઉક્ત પાંચ પ્રસંગો બને છે તે દિવસોમાં બહુમાનથી નમ્ર બનેલા પુણ્યશાળી દેવેંદ્રો વગેરે પણ સ્વ-પરનું ભવિષ્યમાં કલ્યાણ કરનારા જિનયાત્રા, પૂજા, સ્નાત્ર વગેરે અનુષ્ઠાનો વિધિપૂર્વક કરે છે. (૩૨)

**इय ते दिणा पसत्था, ता सेसेहिंपि तेसु कायव्वं ।**
**जिणजत्तादि सहरिसं, ते य इमे वद्धमाणस्स ॥३३॥**

**મનુષ્યોએ પણ કલ્યાણકોની આરાધના કરવી જોઈએ–**

**ગાથાર્થ**–આ પ્રમાણે કલ્યાણકના દિવસો ઉત્તમ છે. તેથી બીજાઓએ પણ કલ્યાણકદિવસોમાં સહર્ષ જિનયાત્રાદિ કરવું જોઈએ. શ્રીવર્ધમાનસ્વામીના કલ્યાણદિવસો આ(=નીચેની ગાથામાં કહેવાશે તે) છે.

**ટીકાર્થ**–કલ્યાણકોથી સમસ્ત જીવોને આનંદ થતો હોવાથી અને તેની આરાધનાથી મોક્ષની પ્રાપ્તિ થતી હોવાથી કલ્યાણકના દિવસો ઉત્તમ છે. આથી એ દિવસોમાં દેવોની જેમ મનુષ્યોએ પણ સહર્ષ જિનયાત્રાદિ કરવું જોઈએ. કલ્યાણકના દિવસો કયા છે એવી જિજ્ઞાસા થતાં સર્વતીર્થંકરોના કલ્યાણક દિવસો કહી શકાય તેમ ન હોવાથી અને શ્રીમહાવીરસ્વામી વર્તમાનશાસનના અધિપતિ હોવાના કારણે આપણી બહુ નજીકનાં હોવાથી એક મહાવીરસ્વામીના જ કલ્યાણક દિવસો કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકાર કહે છે–

શ્રીમહાવીર સ્વામીના પાંચ કલ્યાણક દિવસો નીચે પ્રમાણે છે. (૩૩)

**आसाढसुद्धछट्ठी, चेत्ते तह सुद्धतेरसी चेव ।**
**मग्गसिरकिण्हदसमी, वइसाहे सुद्धदसमी य ॥३४॥**

**कत्तियकिण्हे चरिमा, गब्भाइदिणा जहक्कमं एते ।**
**हत्थुत्तरजोएणं चउरो, तह सातिणा चरमो ॥३५॥**

**શ્રીમહાવીરસ્વામીના પાંચ કલ્યાણક દિવસોને જ કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–અષાઢ સુદ છઠ્ઠ, ચૈત્ર સુદ તેરસ, માગશર વદ દશમ (ગુજરાતી મહિના પ્રમાણે કારતક વદ દશમ), વૈશાખ સુદ દશમ અને કારતક વદ અમાસ (ગુજરાતી મહિના પ્રમાણે આસો વદ અમાસ) એ પાંચ દિવસો શ્રી મહાવીર ભગવાનના અનુક્રમે ગર્ભ (ચ્યવન), જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષના છે. ગર્ભ (ચ્યવન), જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન એ ચારમાં ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર સાથે ચંદ્રનો યોગ હતો અને નિર્વાણમાં સ્વાતિનક્ષત્ર સાથે ચંદ્રનો યોગ હતો. (૩૪-૩૫)

**अहिगयतित्थविहाया, भगवंति णिदंसिया इमे तस्स ।**
**सेसाणवि एवं चिव, णियणियतित्थेसु विण्णेया ॥३६॥**

**મહાવીરસ્વામીના જ કલ્યાણકો કહેવામાં હેતુ કહે છે–**

**ગાથાર્થ**–વર્તમાનતીર્થના કરનારા શ્રીમહાવીર ભગવાન છે એથી તેના આ પાંચ કલ્યાણકો જણાવ્યા. અન્યતીર્થંકરોના પણ કલ્યાણક દિવસો તે જ પ્રમાણે પોતપોતાના તીર્થમાં જાણવા.

**ટીકાર્થ**–વર્તમાન શાસનના સ્થાપક શ્રીમહાવીરસ્વામી હોવાથી તેઓશ્રીના કલ્યાણક દિવસો કહ્યા. જેવી રીતે વર્તમાન શાસનમાં મુખ્યપણે શ્રી મહાવીરસ્વામીના કલ્યાણક દિવસો આરાધના કરવાના કહ્યા છે, તેવી રીતે વર્તમાન અવસર્પિણીમાં ભરતક્ષેત્રની અપેક્ષાએ બાકીના ઋષભદેવ વગેરે ત્રેવીસ તીર્થંકરોના પણ કલ્યાણક દિવસો મુખ્યપણે પોતપોતાના શાસનમાં આરાધના કરવા યોગ્ય જાણવા. અર્થાત્ જે વખતે જે તીર્થંકરનું શાસન હોય તે વખતે મુખ્યપણે તે તીર્થંકરોના કલ્યાણક દિવસોની આરાધના થાય છે.

જંબૂદ્વીપના ભરતક્ષેત્રના ઋષભદેવ વગેરે ચોવીસ જિનોના જે કલ્યાણક દિવસો છે તે જ કલ્યાણક દિવસો બાકીના ચાર ભરતક્ષેત્રના અને પાંચ ઐરવત ક્ષેત્રના ચોવીસ જિનના છે. [જેમકે અહીં શ્રી મહાવીરસ્વામીના જે પાંચ કલ્યાણક દિવસો છે તે જ પાંચ કલ્યાણક દિવસો બીજા ચાર ભરતમાં અને પાંચ ઐરવત ક્ષેત્રમાં ચોવીસમા તીર્થંકરના છે.] તથા અવસર્પિણીમાં ચોવીસ જિનેશ્વરોના જે કલ્યાણક દિવસો છે તે જ કલ્યાણક દિવસો વિપરીત રીતે ઉત્સર્પિણીમાં ચોવીસ જિનના છે. ]જેમ કે–શ્રીમહાવીરસ્વામીના

જે પાંચ કલ્યાણક દિવસો છે તે જ પાંચ કલ્યાણક દિવસો ઉત્સર્પિણીમાં પહેલા પદ્મનાભ તીર્થંકરના છે.] (૩૬)

**तित्थगरे बहुमाणो, अब्भासो तह य जीयकप्पस्स ।**
**देविंदादिअणुगिती, गंभीरपरूवणा लोए ॥३७॥**
**वण्णो य पवयणस्सा, इयजत्ताए जिणाण णियमेणं ।**
**मग्गाणुसारिभावो, जायइ एत्तो च्चिय विसुद्धो ॥३८॥**

**હવે કલ્યાણકોમાં શા માટે આ પ્રમાણે જિનમહોત્સવ કરાય છે એ પ્રશ્નના ઉત્તરને કહે છે—**

**ગાથાર્થ**—(इय जत्ताए-)હમણાં કહેલાં જિનમોહત્સવથી ૧. તીર્થંકરો ઉપર બહુમાન, ૨. પૂર્વપુરુષોએ આચરેલા આચારનો અભ્યાસ, ૩. દેવેંદ્રો આદિનું અનુકરણ, ૪. ગંભીરપ્રરૂપણા, ૫. લોકમાં પ્રવચનની પ્રસિદ્ધિ થાય છે. ૬. આથી જ અવશ્ય વિશુદ્ધ માર્ગાનુસારીભાવ થાય છે.

**ટીકાર્થ**—(કલ્યાણક દિવસોમાં જિનયાત્રા(=જિન મહોત્સવ) કરવાથી થતા લાભો આ પ્રમાણે છે—)

(૧) તે આ દિવસ છે કે જે દિવસે ભગવાનનો જન્મ થયો હતો, ઇત્યાદિ ભાવનાથી તીર્થંકર ઉપર બહુમાન(-પક્ષપાત) થાય છે. (૨) પૂર્વ પુરુષોએ આચરેલ આચારનો અભ્યાસ થાય છે. (૩) દેવેંદ્ર, દેવ, દાનવ વગેરેનું અનુકરણ થાય છે. (૪) આ જિનમહોત્સવની ક્રિયા જેવી તેવી નથી, નિરર્થક નથી, કિંતુ ગંભીર છે-સહેતુક છે એવી પ્રસિદ્ધિ થાય છે. (૫) લોકોમાં જિનશાસનની પ્રસિદ્ધિ અવશ્ય થાય છે. (૬) જિનયાત્રાથી ઉક્ત તીર્થંકરબહુમાન વગેરે (પાંચ) લાભ થાય છે માટે જ જિનયાત્રાથી પૂર્વે નહિ થયેલો વિશુદ્ધ [1]માર્ગાનુસારીભાવ થાય છે. [જિનયાત્રાથી તીર્થંકરબહુમાન વગેરે પાંચ લાભ અને એ પાંચ લાભથી વિશુદ્ધ માર્ગાનુસારીભાવ રૂપ લાભ થાય છે. આમ વિશુદ્ધ માર્ગાનુસારીભાવમાં જિનયાત્રા તીર્થંકરબહુમાન આદિ દ્વારા પરંપરાએ કારણ બને છે.] માર્ગાનુસારીભાવ એટલે મોક્ષમાર્ગને અનુકૂળ અધ્યવસાય અથવા માર્ગાનુસારીભાવ એટલે આગમાનુસારીભાવ. (૩૭-૩૮)

**तत्तो सयलसमीहियसिद्धी णियमेण अविकलं जं सो ।**
**कारणमिमीएँ भणिओ, जिणेहिं जियरागदोसेहिं ॥३९॥**

**જો માર્ગાનુસારીભાવ થાય છે તો તેનાથી શો લાભ થાય ? એ પ્રશ્નના ઉત્તરને કહે છે—**

---

૧.અથવા વિદ્યમાન જ (પૂર્વે થયેલો) માર્ગાનુસારીભાવ વિશુદ્ધ થાય છે.

**ગાથાર્થ–ટીકાર્થ**–વિશુદ્ધ માર્ગાનુસારીભાવથી સકળ વાંછિત અર્થોની સિદ્ધિ અવશ્ય થાય છે. કારણ કે જેમણે રાગ-દ્વેષને જીતી લીધા છે એવા અરિહંતોએ વિશુદ્ધ માર્ગાનુસારીભાવને સકળવાંછિત અર્થોની સિદ્ધિનું અવંધ્ય કારણ કહ્યો છે.

**ભાવાર્થ**–માર્ગાનુસારીભાવ સકળ વાંછિત અર્થોની સિદ્ધિનું અવંધ્ય કારણ છે એમ ગમે તેણે નથી કહ્યું, કિંતુ જિનોએ કહ્યું છે. જિનોના કથનમાં કદી ફેરફાર ન હોય. કારણ કે જિનો અસત્ય બોલવાના કારણો એવા રાગ-દ્વેષ-મોહથી રહિત છે. આથી માર્ગાનુસારી ભાવથી સકળ વાંછિત અર્થોની સિદ્ધિ અવશ્ય થાય છે. (૩૯)

**मग्गाणुसारिणो खलु, तत्ताभिणिवेसओ सुभा चेव ।**
**होइ समत्ता चेट्ठा, असुभावि य णिरणुबंधत्ति ॥४०॥**

**પ્રશ્ન–માર્ગાનુસારીભાવને સઘળા વાંછિત અર્થોની સિદ્ધિનું કારણ કેમ કહ્યો છે ?**

**ઉત્તર–કારણ કે માર્ગાનુસારીભાવ શુભક્રિયાનું નિમિત્ત છે. અર્થાત્ માર્ગાનુસારીભાવથી શુભક્રિયા થાય છે. આ જ વિષયને બતાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–માર્ગાનુસારીભાવવાળા જીવને તત્ત્વનો(-વાસ્તવિકતાનો) અત્યંત આગ્રહ હોવાથી તેની સઘળી ક્રિયા (પ્રાયઃ) શુભ જ થાય છે, અને જે અશુભ પણ ક્રિયા થાય છે તે નિરનુબંધ હોય છે.

**ભાવાર્થ**–નિરનુબંધ એટલે ફરી ફરી ન થનાર. માર્ગાનુસારી જીવની અશુભ ક્રિયાથી તેવાં કર્મો ન બંધાય કે જે કર્મો ઉદયમાં આવે ત્યારે ફરી તેને અશુભ ક્રિયા કરાવે. જે અશુભ ક્રિયાથી ફરી અશુભ ક્રિયા થાય તેવાં કર્મો બંધાય તે અશુભ ક્રિયા સાનુબંધ કહેવાય. જે અશુભ ક્રિયાથી ફરી અશુભ ક્રિયા થાય તેવાં કર્મો ન બંધાય તે અશુભ ક્રિયા નિરનુબંધ કહેવાય. અનુબંધ એટલે પરંપરા. એક અશુભ ક્રિયા થાય, તેનાથી બંધાયેલાં કર્મોથી ભવિષ્યમાં ફરી અશુભ ક્રિયા થાય, તેનાથી બંધાયેલાં કર્મોથી ભવિષ્યમાં ફરી (ત્રીજીવાર) અશુભ ક્રિયા થાય, આમ પરંપરાને અનુબંધ કહેવાય. જે અશુભ ક્રિયા અનુબંધવાળી હોય તે સાનુબંધ અને અનુબંધ વિનાની હોય તે નિરનુબંધ કહેવાય. માર્ગાનુસારી જીવની અશુભ ક્રિયા નિરનુબંધ હોય છે.

માર્ગાનુસારીભાવવાળા જીવની સઘળી ક્રિયા (પ્રાયઃ) શુભ થતી હોવાથી અને અશુભ ક્રિયા નિરનુબંધ થતી હોવાથી માર્ગાનુસારીભાવ સકળ વાંછિત અર્થોની સિદ્ધિનું કારણ છે. (૪૦)

**सो कम्मपारतंता, वट्टइ तीए ण भावओ जम्हा ।**
**इय जत्ता इय बीयं, एवंभूयस्स भावस्स ॥४१॥**

**માર્ગાનુસારી જીવની અશુભક્રિયા નિરનુબંધ શાથી થાય છે તે કહે છે—**

**ગાથાર્થ—ટીકાર્થ—**માર્ગાનુસારી જીવ તત્ત્વના આગ્રહવાળો હોવાના કારણે અશુભ ક્રિયામાં કર્મની પરતંત્રતાથી જ=ચારિત્રમોહનીયકર્મની પરવશતાથી જ પ્રવર્તે છે, ભાવથી નહિ. આથી તેની અશુભ ક્રિયા નિરનુબંધ છે. કલ્યાણકમહોત્સવના ફળનો ઉપસંહાર કરવા માટે (ઉત્તરાર્ધમાં) કહે છે—હમણાં જ કહેલ કલ્યાણક સંબંધી જિનમહોત્સવ (इति=)ઉક્ત રીતે શુભક્રિયાનું કારણ હોવાથી (एवंभूतस्य=)સઘળા વાંછિત અર્થોનું કારણ એવા માર્ગાનુસારી પરિણામનું બીજ=કારણ છે.

**તાત્પર્યાર્થ—**જિનમહોત્સવ શુભક્રિયાનું કારણ છે, અર્થાત્ જિનમહોત્સવ શુભક્રિયારૂપ હોવાથી શુભક્રિયાનું કારણ છે. શુભક્રિયાથી માર્ગાનુસારીભાવ પ્રગટે છે. આથી શુભક્રિયા માર્ગાનુસારીભાવનું બીજ-કારણ છે.

(૧) જિનમહોત્સવથી શુભક્રિયા (જુઓ ૩૭મી ગાથા)

(૨) શુભક્રિયાથી માર્ગાનુસારીભાવ. (જુઓ ૩૮મી ગાથા)

(૩) માર્ગાનુસારીભાવથી સઘળા વાંછિત અર્થોની પ્રાપ્તિ.(જુઓ ૩૯મી ગાથા) (૪૧)

**ता रहणिक्खमणादिवि, एते उ दिणे पडुच्च कायव्वं ।**
**जं एसो च्चिय विसओ, पहाण मो तीएँ किरियाए ॥४२॥**

**ઉત્સવમાં કરાતાં અન્ય પણ વિશેષકાર્યો કલ્યાણક દિવસોમાં જ કરવાં જોઈએ એમ જણાવતાં ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ—**(ता=)તેથી રથનિષ્ક્રમણ વગેરે પણ (एते उ दिने पडुच्च=)કલ્યાણક દિવસોમાં કરવું જોઈએ. કારણ કે રથનિષ્ક્રમણ આદિ કરવા માટે કલ્યાણકદિવસો જ ઉત્તમ છે.

**ટીકાર્થ—**કલ્યાણક દિવસોમાં જિનમહોત્સવ કરવાથી તીર્થંકર બહુમાન વગેરે અનેક લાભો થતા હોવાથી કલ્યાણક દિવસોમાં (જેમ મહોત્સવ કરવો જોઈએ તેમ) જિનબિંબયુક્ત રથ, શિબિકા, ચિત્રપટ (ચિત્રોવાળા પટો) વગેરે પણ શહેરમાં ફેરવવાં જોઈએ. આ બધું (તપ આદિ પૂર્વક મહોત્સવ કરવો, રથ કાઢવો વગેરે) કલ્યાણક દિવસોમાં જ કરવું જોઈએ. કારણ કે આ બધું કરવા માટે કલ્યાણક દિવસો જ ઉત્તમ છે.

**પ્રશ્ન—**આ બધું કલ્યાણક દિવસોમાં જ કરવું. કારણ કે આ બધું કરવા માટે કલ્યાણક દિવસો જ ઉત્તમ છે એમ કહ્યું. પણ આનો અર્થ તો એ થયો કે બાકીના દિવસોમાં આ બધું નહિ કરવું. આ અર્થથી તો શાસ્ત્ર સાથે વિરોધ આવે છે. કારણ કે શાસ્ત્રમાં કલ્યાણક દિવસો સિવાય બીજા દિવસોમાં પણ આ બધું કરવાનું કહ્યું છે. (ઉપદેશમાલા

ગાથા-૨૪૧) શાસ્ત્રમાં કહ્યું છે કે–

**"સંવત્સરી, ત્રણ ચોમાસી, (છ) અઠ્ઠાઈઓ, તથા અષ્ટમી આદિ પર્વતિથિઓમાં સર્વ પ્રયત્નથી જિનપૂજા, તપ અને જ્ઞાનાદિગુણોમાં વિશેષ આદરવાળા બનવું જોઈએ."**

**ઉત્તર**–આ બધું કલ્યાણક દિવસોમાં જ કરવું, કારણ કે આ બધું કરવા માટે કલ્યાણક દિવસો જ ઉત્તમ છે એવું જે અહીં કહ્યું છે તે શાસ્ત્રમાં નહિ કહેલા દિવસોનો નિષેધ કરવા કહ્યું છે. [1]કારણ કે શાસ્ત્રમાં કહેલા દિવસો તો શાસ્ત્રપ્રમાણથી જ ઉત્તમ છે. તથા આ પંચાશકમાં જ (આઠમા પંચાશકની ૪૮મી ગાથામાં) પ્રતિષ્ઠા પછી અષ્ટાહ્નિકા મહોત્સવ કરવાનું કહ્યું છે. આથી અહીં શાસ્ત્રમાં કહેલા દિવસોનો નિષેધ નથી. (૪૨)

**विसयप्पगरिसभावे, किरियामेत्तंपि बहुफलं होइ ।**
**सक्किरियावि हु ण तहा, इयरम्मि अवीयरागिव्व ॥४३॥**

**પ્રશ્ન–કલ્યાણકના દિવસોમાં જ મહોત્સવની પ્રધાનતા કેમ છે ?**

**ઉત્તર–કલ્યાણકના દિવસોમાં મહોત્સવનું ફળ ઘણું મળે છે, એમ અમે કહીને છીએ. આ જ વિષયને ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–(विसयप्पगरिसभावे-)વિષય ઉત્કૃષ્ટ હોય તો (किरियामेत्तंपि-)સામાન્ય ક્રિયા પણ ઘણા ફળવાળી થાય. (इयरंमि-)વિષય ઉત્તમ ન હોય તો વિશિષ્ટક્રિયા પણ અવીતરાગીની જેમ ઘણા ફળવાળી ન થાય.

**ટીકાર્થ**–ક્રિયાનો વિષય (જેને ઉદ્દેશીને ક્રિયા કરવાની છે તે) ઉત્કૃષ્ટ-ઉત્તમ હોય તો સામાન્ય ક્રિયા પણ ઘણા ઈષ્ટફળવાળી થાય, અને ક્રિયાનો વિષય ઉત્તમ ન હોય તો વિશિષ્ટ ક્રિયા પણ બહુ ફળવાળી ન થાય. જેમ કે વીતરાગ ભગવાન ઉત્કૃષ્ટ ગુણવાળા હોવાથી તેમની પૂજાદિ સામાન્ય ક્રિયા કરવાથી પણ ઘણો લાભ થાય, જ્યારે જે વીતરાગ નથી તે પુરુષ ઉત્કૃષ્ટ ગુણવાળો ન હોવાના કારણે તેનું પૂજનાદિ વિશિષ્ટ કરવા છતાં બહુ લાભ ન થાય. તેમ પ્રસ્તુતમાં કલ્યાણક દિવસો સિવાય બીજા [2]દિવસોમાં વિશિષ્ટ ક્રિયા પણ બહુ ફળવાળી થતી નથી. (આનાથી કાળની પ્રધાનતા બતાવી.) (૪૩)

---

૧. પ.પૂ. શ્રીહરિભદ્રસૂરિ મહારાજના સમયે કેટલાકો શાસ્ત્રોક્ત દિવસો સિવાય(=લૌકિકપર્વમાં) જિનેશ્વરનો રથ કાઢવો વગેરે ક્રિયા કરતા હશે. તેનો નિષેધ કરવા આ ગાથામાં તુ च्चिय એમ જકારનો પ્રયોગ કર્યો હશે? અથવા કલ્યાણ દિવસોની મહત્તા બતાવવા તેમ કર્યું હશે ? અથવા આ પંચાશકની ૪૭-૪૮ એ બે ગાથાઓમાં સ્પષ્ટ રીતે લોકરૂઢિથી કરાતા મહોત્સવનો જે નિષેધ કર્યો છે તેનો જ નિષેધ અહીં પણ આ રીતે કર્યો હશે ?

૨. અહીં પણ પૂર્વે કહ્યું તેમ શાસ્ત્રોક્ત પર્યુષણપર્વ આદિ દિવસો સિવાય બીજા દિવસો સમજવા.

**लद्धूण दुल्लहं ता, मणुयत्तं तह य पवयणं जइणं ।**
**उत्तमणिदंसणेसुं, बहुमाणो होइ कायव्वो ॥४४॥**

**હવે કલ્યાણકમહોત્સવને જ આગળ(=મુખ્ય) કરતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–તેથી દુર્લભ માનવભવ અને જૈનશાસનને પામીને મુખ્ય સાત્ત્વિક જીવોનાં દૃષ્ટાંતોમાં પક્ષપાત કરવો જોઈએ.

**ટીકાર્થ**–કલ્યાણક દિવસોમાં જિનયાત્રા દેવેંદ્ર વગેરેએ કરી છે, અને બહુફળવાળી છે. માટે દુર્લભ મનુષ્યભવ અને જૈનશાસન પામીને સાત્ત્વિક જીવોનાં દૃષ્ટાંતોમાં પક્ષપાત કરવો જોઈએ, નહિ કે પામર જીવોનાં દૃષ્ટાંતોમાં. અર્થાત્ સાત્ત્વિક જીવોએ જે કર્યું હોય તે કરવા યોગ્ય છે એમ માનવું જોઈએ. જેમ કે–દેવેંદ્ર વગેરેએ કલ્યાણકયાત્રા કરી છે માટે કલ્યાણકયાત્રા કરવી જોઈએ, પણ પામર જીવોએ જે કર્યું હોય તે કરવા યોગ્ય નહિ માનવું જોઈએ. જેમ કે–મારા પિતાએ કે દાદા વગેરેએ અથવા બીજા કોઈએ આ કર્યું હતું માટે તે કરવા યોગ્ય છે એમ નહિ માનવું જોઈએ.

**પ્રશ્ન**–મનુષ્યભવને અને જૈનશાસનને પામીને એમ એ બેનો ઉલ્લેખ કેમ કર્યો ? નરભવને પામીને કે જૈનશાસનને પામીને એમ કોઈ એકનો ઉલ્લેખ કેમ ન કર્યો ?

**ઉત્તર**–મનુષ્યભવ અને જૈનશાસન એ બંનેથી યુક્ત જ જીવમાં વિશિષ્ટ ઉપદેશની યોગ્યતા અને વિશિષ્ટ ઉપદેશને સફળ બનાવવાનું સામર્થ્ય હોય છે. [મનુષ્યભવ મળ્યો હોય પણ જૈનશાસન ન મળ્યું હોય તો વિશિષ્ટ ઉપદેશની યોગ્યતા આવતી નથી. જૈનશાસન મળ્યું હોય પણ મનુષ્યભવ ન મળ્યો હોય તો વિશિષ્ટ ઉપદેશ યોગ્યતા હોય તો પણ એ ઉપદેશને સફળ બનાવવાનું સામર્થ્ય ન હોય. જેમ કે દેવો.] (૪૪)

**एसा उत्तमजत्ता, उत्तमसुयवण्णिया सदि बुहेहिं ।**
**सेसा य उत्तमा खलु, उत्तमरिद्धीऍ कायव्वा ॥४५॥**

**પ્રસ્તુત યાત્રા સંબંધી જ અન્ય ઉપદેશને કહે છે–**

**ગાથાર્થ**–કલ્યાણકસંબંધી આ મહોત્સવ ઉત્તમ છે, અને ઉત્તમશાસ્ત્રોમાં કહેલા બીજા મહોત્સવો પણ ઉત્તમ છે. આથી બુદ્ધિશાળી માણસોએ મહોત્સવ સદા ઉત્તમ ઋદ્ધિથી કરવો જોઈએ.

**ટીકાર્થ**–અહીં જેનું વર્ણન કર્યું છે તે કલ્યાણકસંબંધી મહોત્સવ ઉત્તમ છે, અને ઉત્તમશાસ્ત્રોમાં કહેલા બીજા મહોત્સવો પણ ઉત્તમ છે. (લોકરૂઢિથી કરવામાં આવતા મહોત્સવો ઉત્તમ નથી.) આથી ડાહ્યા માણસોએ મહોત્સવ સદા ઉત્તમ ઋદ્ધિથી કરવો જોઈએ, નહિ કે ગમે તેમ. (૪૫)

**इयराऽतब्बहुमाणोऽवण्णा य इमीएँ णिउणबुद्धीए ।**
**एयं विचिंतियव्वं, गुणदोसविहावणं परमं ॥४६॥**

**ઉક્તથી વિપરીતમાં જે આપત્તિ(=દોષ) થાય છે તેને કહે છે–**

**ગાથાર્થ**–(इयराऽतब्बहुमाणो=)અન્યથા ઉત્તમ શાસ્ત્રો ઉપર કે મહોત્સવો કરનારા ઉત્તમ પુરુષો ઉપર બહુમાનનો અભાવ થાય. તથા (अवण्णा इमीइ=)ઉત્તમ મહોત્સવો પ્રત્યે અવજ્ઞા થાય. (एयं णिउणबुद्धीए विचिंतियव्वं=)આ સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું. કારણ કે (गुणदोसविहावणं परमं=)ગુણ-દોષની વિચારણા મુખ્ય છે.

**ટીકાર્થ**–ઉત્તમ ઋદ્ધિથી મહોત્સવ ન કરવાથી કે મહોત્સવ જ ન કરવાથી મહોત્સવનું વિધાન કરનારા ઉત્તમ શાસ્ત્રો ઉપર કે મહોત્સવ કરનારા ઉત્તમ પુરુષો ઉપર બહુમાનનો અભાવ થાય છે.

**પ્રશ્ન**–બહુમાનનો અભાવ કેમ થાય છે ?

**ઉત્તર**–ઉત્તમ શાસ્ત્રમાં કહેલું નહિ કરવાથી. [આ એક સર્વસામાન્ય નિયમ છે કે, (છતી શક્તિએ) જેનું (યોગ્ય) કહેલું ન કરવામાં આવે તેના ઉપર બહુમાન ન હોય, અગર હોય તો પણ તેનું કહેલું ન કરવાથી જતો રહે. મહોત્સવ કરવાનું શાસ્ત્રમાં કહેલું છે અને તે પ્રમાણે (પૂર્વના) ઉત્તમ પુરુષોએ કર્યું છે. આથી શાસ્ત્રમાં કહેલું નહિ કરવાથી તે બંને ઉપર બહુમાનનો અભાવ થાય છે.]

તથા ઉત્તમ ઋદ્ધિથી મહોત્સવ ન કરવાથી ઉત્તમ મહોત્સવ પ્રત્યે અવજ્ઞા પણ થાય છે. (બહુમાનનો અભાવ અને અવજ્ઞા) આ બે અનર્થોનો સૂક્ષ્મબુદ્ધિથી વિચાર કરવો. કારણ કે સર્વ અનુષ્ઠાનોના ગુણ-દોષની(લાભ-નુકસાનની) વિચારણા મુખ્ય છે (અતિ આવશ્યક છે).

**પ્રશ્ન**–ગુણ-દોષની વિચારણા મુખ્ય કેમ છે ?

**ઉત્તર**–ગુણ-દોષના આધારે અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ-નિવૃત્તિ થાય છે. જેમાં ગુણ(-લાભ) હોય તેમાં પ્રવૃત્તિ થાય છે અને જેમાં દોષ(-નુકસાન હોય) તેનાથી નિવૃત્તિ થાય છે. એટલે જો ગુણ-દોષનો ખ્યાલ જ ન હોય તો પ્રવૃત્તિ-નિવૃત્તિ શી રીતે થઈ શકે ? માટે સર્વ અનુષ્ઠાનોમાં ગુણ-દોષની વિચારણા મુખ્ય છે. (૪૬)

**जेट्ठंमि विज्जमाणे, उचिए अणुजेट्ठपूयणमजुत्तं ।**
**लोगाहरणं च तहा, पयडे भगवंतवयणम्मि ॥४७॥**

**ઉત્તમશ્રુતમાં કહેલ મહોત્સવની અવજ્ઞા કરીને લોકરૂઢિથી મહોત્સવ કરવો એ યુક્ત નથી એમ જણાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–જેમ પૂજનીય વડિલ વિદ્યમાન હોય ત્યારે નાનાની પૂજા કરવી અયુક્ત છે, તેમ જિનાગમ વિદ્યમાન હોવા છતાં લૌકિક ઉદાહરણ લેવું એ અયુક્ત છે.

**ટીકાર્થ**—જેમ પિતા વગેરે પૂજનીય વડિલ વિદ્યમાન હોય ત્યારે (તેમની અવગણના કરીને) નાના પુત્ર વગેરેની પૂજા કરવી અયુક્ત છે, તેમ જગતના સર્વ જીવોથી જ્યેષ્ઠ(-મહાન) જિનાગમ વિદ્યમાન હોવા છતાં લૌકિક ઉદાહરણ લેવું એ અયુક્ત છે, અર્થાત્ લોકમાં પિતાદિને ઉદ્દેશીને અમુક માસ વગેરેમાં અમુક અમુક રીતે (પિંડપ્રદાન, શ્રાદ્ધ વગેરે રીતે) મહોત્સવ કરવામાં આવે છે, માટે અમારે પણ તે જ રીતે મહોત્સવ કરવો જોઈએ એમ માનીને લોકરૂઢિથી મહોત્સવ કરવો અયુક્ત છે. (૪૭)

**लोगो गुरुतरगो खलु, एवं सति भगवतोऽवि इट्ठोत्ति ।**
**मिच्छत्तमो य एयं, एसा आसायणा परमा ॥४८॥**

**લૌકિક ઉદાહરણ લેવું એ અયુક્ત જ છે એમ વિચારતા ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ**—જિનાગમ વિદ્યમાન હોવા છતાં લોકને પ્રમાણ કરવામાં ભગવાનથી પણ લોકને મહાન માન્યો. આ મિથ્યાત્વ છે, અને સર્વજ્ઞની મહાન આશાતના છે.

**ટીકાર્થ**—જિનાગમ વિદ્યમાન હોવા છતાં લોકને પ્રમાણ કરવામાં (લોકરૂઢિથી મહોત્સવ કરવામાં) સામાન્ય લોકોને જ મહાન માન્યો, જિનાગમને નહિ. ભગવાનથી પણ લોકને મોટો માનવો એ મિથ્યાત્વ છે. કેમ કે જે મોટો નથી તે મોટો જણાતો હોવાથી વિપરીત બોધ છે. (વિપરીત બોધ એ મિથ્યાત્વ છે.) તથા ભગવાનથી લોકને મોટો માનવો એ સર્વજ્ઞની મહાન આશાતના છે. આ આશાતના અનંત સંસાર વધારનારી છે. આથી સર્વજ્ઞવચનને જ પ્રધાન માનવું જોઈએ. લોક તો સર્વજ્ઞવચનથી વિરુદ્ધ જ કરવાવાળો છે. (૪૮)

**इय अण्णत्थऽवि सम्मं, णाउं गुरुलाघवं विसेसेणं ।**
**इट्ठे पयट्टियव्वं, एसा खलु भगवतो आणा ॥४९॥**

**હવે સર્વસાધારણ ઉપદેશને કહે છે—**

**ગાથાર્થ—ટીકાર્થ**—કલ્યાણક મહોત્સવની જેમ કલ્યાણક મહોત્સવ સિવાય બીજા દાનાદિ અનુષ્ઠાનોમાં પણ આ પ્રમાણે સારાસારને બરોબર જાણીને વેયાવચ્ચ વગેરે જે અનુષ્ઠાન વધારે ઈષ્ટ-પ્રિય હોય તેમાં પ્રયત્ન કરવો એવી જિનાજ્ઞા છે. (૪૯)

**जत्ताविहाणमेयं, णाऊणं गुरुमुहाउ धीरेहिं ।**
**एवं चिय कायव्वं, अविरहियं भत्तिमंतेहिं ॥५०॥**

**હવે ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ—ટીકાર્થ**—બહુમાનવાળા બુદ્ધિશાળી મનુષ્યોએ હમણાં જ કહેલી જિનમહોત્સવની વિધિને ગુરુમુખથી જાણીને તે જ પ્રમાણે સદા કરવું જોઈએ. (૫૦)

## ॥ अथ दशमपञ्चाशकम् ॥१०॥

## ૧૦. ઉપાસકપ્રતિમાવિધિ પંચાશક

**नमिऊण महावीरं, भव्वहियट्ठाएँ लेसओ किंपि ।**
**वोच्छं समणोवासगपडिमाणं सुत्तमग्गेणं ॥१॥**

જિનમહોત્સવનો વિધિ કહ્યો. તે કહ્યે છતે વિસ્તારથી દ્રવ્યસ્તવ કહ્યો. હવે શ્રાવકધર્મનો અધિકાર હોવાથી શ્રાવકોને યોગ્ય શ્રાવકની પ્રતિમારૂપ ભાવસ્તવવિશેષને કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકાર મંગલ આદિને કહે છે–

**ગાથાર્થ**–શ્રી મહાવીરસ્વામીને નમસ્કાર કરીને ભવ્યજીવોના ઉપકાર માટે શ્રાવકની અભિગ્રહવિશેષરૂપ પ્રતિમાઓ સંબંધી કંઈક દશાશ્રુતસ્કંધ આગમના અનુસારે સંક્ષેપથી કહીશ.

**ટીકાર્થ**–અહીં 'ભવ્યજીવોના ઉપકાર માટે' એમ કહીને પરોપકાર મુમુક્ષુઓને સ્વીકારવા લાયક(=કરવા યોગ્ય) છે એમ જણાવ્યું છે.

અહીં "આગમના અનુસારે કહીશ" એમ કહીને આ પ્રકરણમાં શ્રુતવિશેષનું આલંબન(=આધાર) હોવાથી આ પ્રકરણની પ્રામાણિકતા જણાવી. (૧)

**समणोवासगपडिमा, एक्कारस जिणवरेहिं पण्णत्ता ।**
**दंसणपडिमादीया, सुयकेवलिणा जतो भणियं ॥२॥**

હવે શ્રાવકની પ્રતિમાઓ કેટલી છે અને પહેલી પ્રતિમા કઈ છે એવા પ્રશ્નના ઉત્તરને કહે છે–

**ગાથાર્થ**–જિનેશ્વરોએ શ્રાવકની દર્શનપ્રતિમા વગેરે અગિયાર પ્રતિમાઓ કહી છે. કારણ કે શ્રુતકેવલી શ્રીભદ્રબાહુસ્વામીએ (નીચે મુજબ) પ્રતિમાઓ કહી છે.

**ટીકાર્થ**–શ્રાવકપ્રતિમાઓ એટલે શ્રાવકના વિશેષપ્રકારના અભિગ્રહો. (૨)

**दंसणवयसामाइयपोसहपडिमाअबंभसच्चित्ते ।**
**आरंभपेसउद्दिट्ठवज्जए समणभूए य ॥३॥**

શ્રુતકેવલીએ કહેલી પ્રતિમાઓનાં નામો કહે છે–

**ગાથાર્થ**–દર્શન, વ્રત, સામાયિક, પૌષધ, પ્રતિમા, અબ્રહ્મ, સચિત્તવર્જક, આરંભ-વર્જક, પ્રેષ્યવર્જક, ઉદ્દિષ્ટવર્જક, શ્રમણભૂત–એમ શ્રાવકની અગિયાર પ્રતિમાઓ છે.[1]

---

૧. દશાશ્રુતસ્કંધ અધ્યયન-૬. નિર્યુક્તિ ગાથા-૧૧.

**ટીકાર્થ–**

(૧) **દર્શન**–સમ્યગ્દર્શન.

(૨) **વ્રત**–અણુવ્રતો વગેરે વ્રતો.

(૩) **સામાયિક**–સાવદ્યનો ત્યાગ અને અસાવદ્યનું સેવન.

(૪) **પૌષધ**–પર્વદિવસોમાં આચરવા યોગ્ય ઉપવાસ વગેરે.

(૫) **પ્રતિમા**–કાયોત્સર્ગ.

(૬) **અબ્રહ્મ**–અબ્રહ્મચર્ય

(૭) **સચિત્ત**–સચિત્તદ્રવ્ય.

અહીં પહેલી પાંચ પ્રતિમા આચરવારૂપ છે. અબ્રહ્મ અને સચિત્ત એ બે ત્યાગ કરવારૂપ છે.

(૮) **આરંભવર્જક**–સ્વયં ખેતી વગેરેમાં આરંભ કરવાનો ત્યાગ કરનાર.

(૯) **પ્રેષ્યવર્જક**–બીજાઓને ખેતી વગેરેમાં પ્રવર્તાવવાનો ત્યાગ કરનાર.

(૧૦) **ઉદ્દિષ્ટવર્જક**–પ્રતિમાધારી શ્રાવક માટે સચિત્તને અચિત્ત કર્યું હોય કે પકાવ્યું હોય તેનો ત્યાગ કરનાર.

અહીં આરંભવર્જક વગેરે પ્રતિમાધારી છે, પ્રતિમા નથી. છતાં પ્રતિમા અને પ્રતિમા-ધારીનો અભેદ હોવાથી આ પ્રમાણે ઉલ્લેખ કર્યો છે.

(૧૧) **શ્રમણભૂત**–શ્રમણભૂત એટલે શ્રમણ જેવો. કારણ કે અહીં ભૂતશબ્દનો ઉપમાન અર્થ છે.

અહીં પણ પ્રતિમા-પ્રતિમાધારીના અભેદથી ઉલ્લેખ છે.

[[૧]એક મહિના સુધી ભય, લોભ, લજ્જા વગેરેથી અતિચાર લગાડ્યા વિના સમ્યગ્દર્શનનું પાલન તે પહેલી દર્શનપ્રતિમા. બે મહિના સુધી પહેલી પ્રતિમાના પાલન સાથે નિરતિચારપણે બાર વ્રતોનું પાલન તે બીજી વ્રતપ્રતિમા. ત્રણ મહિના સુધી પહેલી-બીજી પ્રતિમાના પાલન સાથે દરરોજ નિરતિચારપણે સામાયિક કરવું તે ત્રીજી સામાયિક પ્રતિમા. ચાર માસ સુધી પૂર્વની ત્રણ પ્રતિમાનાં પાલન સાથે દરેક ચતુષ્પર્વીમાં (=આઠમ, ચૌદશ, પૂર્ણિમા અને અમાવાસ્યા) નિરતિચારપણે આઠ પ્રહરનો પૌષધ કરવો તે ચોથી પૌષધપ્રતિમા. પાંચ મહિના સુધી પૂર્વની ચાર પ્રતિમાના પાલન સાથે ઉપસર્ગો આવે તો પણ ચલાયમાન

---

૧. અહીં દરેક પ્રતિમાનું સ્પષ્ટ વર્ણન કરશે. પણ ટુંકમાં જલદી ભાવ ખ્યાલમાં આવી જાય એ માટે પ્રવચન સારોદ્ધાર આદિ ગ્રંથોના આધારે અહીં [ ] આવા કાઉંસમાં સામાન્ય અર્થ જણાવ્યો છે. આ સામાન્ય અર્થ ખ્યાલમાં આવી ગયા પછી આગળનું વર્ણન જલદી ખ્યાલમાં આવી જશે.

થયા વિના સંપૂર્ણ રાત્રિ સુધી કાયોત્સર્ગમાં રહેવું તે પાંચમી કાયોત્સર્ગપ્રતિમા. છમાસ સુધી પૂર્વની પાંચ પ્રતિમાના પાલન સાથે નિર્મળ બ્રહ્મચર્યનું પાલન તે છઠ્ઠી અબ્રહ્મવર્જન પ્રતિમા. સાત મહિના સુધી પૂર્વની છ પ્રતિમાના પાલન સાથે સચિત્તઆહારનો ત્યાગ તે સાતમી સચિત્તવર્જનપ્રતિમા. આઠ મહિના સુધી પૂર્વની સાત પ્રતિમાના પાલન સાથે સ્વયં આરંભ ન કરવો તે આઠમી આરંભવર્જન પ્રતિમા. નવ મહિના સુધી પૂર્વની આઠ પ્રતિમાના પાલન સાથે નોકર વગેરે બીજા દ્વારા પણ આરંભ ન કરાવવો તે નવમી પ્રેષ્યવર્જનપ્રતિમા. દશ મહિના સુધી પૂર્વની નવ પ્રતિમાના પાલન સાથે પ્રતિમાધારીને ઉદ્દેશીને બનાવેલા આહાર-પાણીનો ત્યાગ તે દશમી ઉદ્દિષ્ટવર્જનપ્રતિમા. અગિયાર મહિના સુધી પૂર્વની દશ પ્રતિમાના પાલન સાથે, સ્વજનાદિ સંબંધનો ત્યાગ કરી, રજોહરણ વગેરે લઈને, કેશનો લોચ કરીને ગામ વગેરેમાં વિચરવું અને સાધુના જેવા આચારો પાળવા તે અગિયારમી શ્રમણભૂતપ્રતિમા.

પ્રથમની પાંચ પ્રતિમા સેવનરૂપ છે, પછીની પાંચ પ્રતિમા ત્યાગ રૂપ છે. (અગિયારમી પ્રતિમા સાધુપણાના પાલન જેવી છે.] (૩)

**दंसणपडिमा णेया, सम्मत्तजुयस्स जा इहं बोंदी ।**
**कुग्गहकलंकरहिया, मिच्छत्तखओवसमभावा ॥४॥**

**હવે દર્શનપ્રતિમાના સ્વરૂપનું નિરૂપણ કરવા માટે કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–અહીં સમ્યગ્દર્શન યુક્ત જીવનું શરીર[1] દર્શનપ્રતિમા છે. મિથ્યાત્વનો ક્ષયોપશમ હોવાથી દર્શનપ્રતિમા કદાગ્રહના કલંકથી રહિત હોય છે. (૪)

**मिच्छत्तं कुग्गहकारणंति खओवसममुवगए तम्मि ।**
**ण तओ कारणविगलत्तणेण सदि विसविगारो व्व ॥५॥**

**હમણાં જ કહેલી(=ચોથી) ગાથાના ઉત્તરાર્ધને વિચારવા માટે કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–મિથ્યાત્વ કદાગ્રહનું કારણ છે. આથી મિથ્યાત્વનો ક્ષયોપશમ થતાં કદાગ્રહનું કારણ(-મિથ્યાત્વ) ન રહેવાથી કદાગ્રહ રહેતો નથી. જેમ શરીરમાં વિષ ન હોય તો તેના વિકારો પણ ન હોય. કેમ કે વિષવિકારોનું કારણ વિષ છે. તેમ અહીં મિથ્યાત્વના ઉદય રૂપ કારણ ન હોવાથી કદાગ્રહરૂપ કાર્ય પણ નથી. (૫)

**होइ अणाभोगजुओ, ण विवज्जयवं तु एस धम्मम्मि ।**
**अत्थिक्कादिगुणजुतो, सुहाणुबंधी णिरतियारो ॥६॥**

---

૧. દર્શનપ્રતિમા સમ્યગ્દર્શનના વિશિષ્ટ પાલનરૂપ હોવા છતાં અહીં સમ્યગ્દષ્ટિના શરીરને દર્શનપ્રતિમા કેમ કહી તેનો ખુલાસો સાતમી ગાથામાં કરશે.

**હવે દર્શનપ્રતિમાને સ્વીકારનાર જીવ કેવો હોય છે ? એવી જિજ્ઞાસા થતાં કહે છે–**

**ગાથાર્થ**–દર્શનપ્રતિમાધારી જીવ ધર્મમાં અજ્ઞાનતાવાળો હોઈ શકે છે, પણ વિપરીતબોધવાળો ન હોય. તથા આસ્તિક્ય આદિગુણોથી યુક્ત, શુભાનુબંધવાળો અને અતિચારથી રહિત હોય છે.

**ટીકાર્થ**–દર્શનપ્રતિમાધારી જીવ જ્ઞાનાવરણીય કર્મોના ઉદયથી શ્રુત-ચારિત્ર રૂપ ધર્મમાં કંઈક અજ્ઞાનતાવાળો હોઈ શકે છે, પણ વિપરીત બોધવાળો ન હોય. કારણ કે તેને મિથ્યાત્વનો ઉદય ન હોવાથી કદાગ્રહથી રહિત હોય છે. [આનાથી એ સૂચન કર્યું કે સમ્યગ્દષ્ટિને પણ કોઈ પદાર્થમાં અજ્ઞાનતા આદિના કારણે ગેરસમજ થઈ જાય. પણ તેનામાં મિથ્યા આગ્રહ ન હોવાથી ગુરુ આદિ દ્વારા ભૂલ સમજાઈ જતાં ગેરસમજ દૂર થાય છે. જ્યારે મિથ્યા આગ્રહવાળો બીજાઓ સમજાવવા ગમે તેટલો પ્રયત્ન કરે છતાં પોતાની ભૂલનો સ્વીકાર ન જ કરે-મારી ગેરસમજ છે એમ માને જ નહિ.]

અહીં વિપરીતબોધવાળો ન હોય એમ કહીને દર્શનપ્રતિમાધારી જીવમાં કયો દોષ ન હોય તે જણાવ્યું. હવે તેનામાં કયા ગુણો હોય તે જણાવે છે–દર્શનપ્રતિમાધારી જીવ આસ્તિક્ય, અનુકંપા, નિર્વેદ, સંવેગ અને પ્રશમ એ પાંચ ગુણોથી યુક્ત હોય.

**પ્રશ્ન**–અન્યગ્રંથોમાં પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય એ ક્રમથી આ ગુણો જણાવ્યા છે. અહીં તેનાથી વિપરીત ક્રમથી કેમ કહ્યા ?

**ઉત્તર**–બીજા ગુણો આસ્તિક્યમાંથી ક્રમશઃ ઉત્પન્ન થતા હોવાથી આ પ્રમાણે [1]ઉલ્લેખ કર્યો છે. [પ્રથમ આસ્તિક્ય ગુણ ઉત્પન્ન થાય, પછી ક્રમશઃ અનુકંપા, નિર્વેદ, સંવેગ અને પ્રશમ ઉત્પન્ન થાય. પ્રધાનતાની અપેક્ષાએ આનાથી વિપરીત ક્રમ છે. આસ્તિક્યથી અનુકંપા પ્રધાન છે, અનુકંપાથી નિર્વેદ પ્રધાન છે, નિર્વેદથી સંવેગ પ્રધાન છે અને સંવેગથી પ્રશમ પ્રધાન છે.]

દશાશ્રુતસ્કંધ વગેરેમાં આસ્તિક્ય ગુણને આશ્રયીને દર્શનપ્રતિમા કહી છે. તે આ પ્રમાણે–पढमं उवासगपडिमं पडिवण्णे समणोवासए सव्वधम्मरुई आवि भवइ, आहियवाई आहियदिट्ठी आहियपण्णे...

**"પહેલી શ્રાવકપ્રતિમાને સ્વીકારનાર શ્રમણોપાસક આજ્ઞાગ્રાહ્ય અને હેતુગ્રાહ્ય એ બધા ધર્મોની રુચિવાળો હોય, આત્મા છે એમ બોલનારો (=માનનારો) હોય, આત્મા છે એવી દષ્ટિવાળો હોય, આત્મા છે એવી બુદ્ધિવાળો હોય,...."**

આથી અહીં આસ્તિક્ય આદિ ગુણોથી યુક્ત હોય છે એમ કહ્યું. દર્શનપ્રતિમાધારી જીવ શુભાનુબંધવાળો અને શંકાદિ અતિચારોથી રહિત હોય છે.

---

૧. વિંશતિવિંશિકા ૬-૧૮, તત્ત્વાર્થાધિગમસૂત્ર અધ્યયન-૧. સૂત્ર ૨. શ્રીહરિભદ્રસૂરિકૃત ભાષ્યટીકા.

**પ્રશ્ન**–શુભાનુબંધ એટલે શું ?

**ઉત્તર**–અહીં શુભ શબ્દથી પ્રશસ્તપરિણામ અને પ્રશસ્તપરિણામનું (કર્મક્ષય વગેરે) ફળ એ બંને વિવક્ષિત છે. અનુબંધ એટલે સતત થવું. પ્રશસ્તપરિણામ અને તેનું ફળ સતત થાય તે શુભાનુબંધ. દર્શનપ્રતિમાધારીને પ્રશસ્તપરિણામ અને તેનું ફળ (કર્મક્ષય વગેરે) સતત હોય છે.

આ પ્રમાણે આ ગ્રંથથી (પંચાશકના દર્શનપ્રતિમા સંબંધી શ્લોકોથી) જ્યાં સુધી નિરતિચારપણે સમ્યગ્દર્શન રહે ત્યાં સુધી માત્ર સમ્યગ્દર્શનના સ્વીકારરૂપ દર્શનપ્રતિમા છે એમ જણાય છે. જ્યારે ઉપાસકદશાંગ સૂત્રમાં જેમણે પહેલાં સમ્યગ્દર્શન અને (બાર) વ્રતોનો સ્વીકાર કર્યો છે તેવા આનંદ આદિ શ્રાવકો સંબંધી અગિયાર પ્રતિમાઓના સ્વીકારનું વર્ણન કર્યું છે, અને તેનો કાળ સાડા પાંચ વર્ષનો[1] છે. આથી અનુમાન થાય છે કે અહીં કહેલી માત્ર સમ્યગ્દર્શનના સ્વીકાર રૂપ દર્શનપ્રતિમાથી ઉપાસકદશાંગમાં કહેલી દર્શનપ્રતિમા જુદી છે-જુદા સ્વરૂપવાળી છે.

**પ્રશ્ન**–અહીં કહેલી દર્શનપ્રતિમાથી ઉપાસકદશાંગમાં કહેલી દર્શનપ્રતિમા ભિન્ન છે તેનો આધાર શો ?

**ઉત્તર**–ઉપાસકદશાંગમાં રાજાભિયોગ વગેરે આગારોનો ત્યાગ કરવાનું કહ્યું છે, જ્યારે અહીં તે કહ્યું નથી. ત્યાં બધા દર્શનાચારોનું નિરતિચારપણે પાલન કરવાનું કહ્યું છે, જ્યારે અહીં તે કહ્યું નથી. આથી અહીં કહેલી દર્શનપ્રતિમાથી ઉપાસકદશાંગમાં કહેલી દર્શનપ્રતિમા ભિન્ન છે એવી સંભાવના કરાય છે. તથા (ઉપાસકદશાંગમાં કહેલી) દર્શનપ્રતિમામાં કાળ એક મહિનો છે. કારણ કે પહેલી પ્રતિમામાં એક મહિનો કાળ અને પછીની દરેક પ્રતિમામાં ઉત્તરોત્તર એક એક મહિનાનો કાળ વધારતાં અગિયાર પ્રતિમાઓમાં સમુદિત કાળ સાડા પાંચ વર્ષ થાય[2] છે. (૬)

**बोंदी य एत्थ पडिमा, विसिट्ठगुणजीवलोगओ भणिया ।**
**ता एरिसगुणजोगा, सुहो उ सो खावणत्थं ति ॥७॥**

**હવે દશાશ્રુતસ્કંધ વગેરે ગ્રંથોમાં પ્રતિમાશબ્દનો અભિગ્રહ અર્થ કહ્યો છે. પણ અહીં શા માટે તે અર્થ છોડીને શરીર અર્થ કર્યો એવી આશંકા કરીને કહે છે–**

---

૧. ઉપાસકદશાંગમાં આ કાળ સાક્ષાત્ શબ્દોથી કહ્યો નથી. પણ આનંદ વગેરે શ્રાવકોનો બાર વ્રતોના પાલનનો કાળ અને સંપૂર્ણ શ્રાવકજીવનનો કાળ જણાવ્યો છે. તેના ઉપરથી અર્થાપત્તિથી પ્રતિમાનો કાળ સાડા પાંચ વર્ષનો સિદ્ધ થાય છે.

૨. આ કાળ પ્રસ્તુત પંચાશકમાં નથી કહ્યો, કિંતુ ઉપાસકદશાંગમાં કહ્યો છે તે ખ્યાલમાં રાખવું. અને તેથી દર્શનપ્રતિમાનો એક મહિનાનો કાળ પણ ઉપાશકદશાંગના આધારે છે, પ્રસ્તુત પંચાશકના આધારે નહિ. પ્રસ્તુત પંચાશકમાં પ્રથમની ચાર પ્રતિમાઓમાં કાળ કહ્યો નથી. પાંચમીથી દરેક પ્રતિમામાં કાળ કહ્યો છે.

ગાથાર્થ–(विसिट्ठगुणजीवलोगओ=)વિશિષ્ટગુણવાળા માર્ગાભિમુખ વગેરે જીવોથી (सो=)દર્શનપ્રતિમાધારી જીવ શુભ છે. [૧](ता=)કાયાથી (एरिसगुणजोगा=)આવા ગુણોનો સંબંધ થાય છે. (खावणत्थंति=) એવું જણાવવા માટે અહીં પ્રતિમાનો શરીર અર્થ કહ્યો છે.

ટીકાર્થ–પ્રશ્ન–દશાશ્રુતસ્કંધ આદિમાં પ્રતિમાશબ્દનો અભિગ્રહ અર્થ કર્યો છે, જ્યારે અહીં (બીજી ગાથામાં દર્શનપ્રતિમાની વ્યાખ્યામાં) પ્રતિમા શબ્દનો શરીર અર્થ કર્યો છે. આનું શું કારણ ?

ઉત્તર–ભવાભિનંદી જીવોની અપેક્ષાએ માર્ગાભિમુખ વગેરે જીવો વિશિષ્ટ ગુણવાળા છે. વિશિષ્ટ ગુણવાળા માર્ગાભિમુખ વગેરેથી દર્શનપ્રતિમાધારી "જિને જે કહ્યું છે તે જ સત્ય છે" એવી શ્રદ્ધાપૂર્વક ગુરુ-દેવની વેયાવચ્ચનો નિયમ વગેરે ગુણોના કારણે અધિક શુભ છે. આ ગુણો કાયિકરૂપ છે અને કાયાથી વ્યક્ત થાય છે. આથી એ ગુણોનું અને ગુણોની અભિવ્યક્તિનું કારણ શરીર હોવાથી અહીં (બીજી ગાથામાં દર્શનપ્રતિમાની વ્યાખ્યામાં) પ્રતિમા શબ્દનો શરીર અર્થ કર્યો છે. (૭)

**एवं वयमाईसुवि, दट्ठव्वमिणंति णवरमेत्थ वया ।**
**घेप्पंतऽणुव्वया खलु, थूलगपाणवहविरयादी ॥८॥**

**આ પ્રમાણે દર્શનપ્રતિમા શબ્દનો અર્થ કહીને બાકીની પ્રતિમાઓમાં પ્રતિમા શબ્દના અર્થની ભલામણ અને વ્રતના સ્વરૂપને કહે છે–**

ગાથાર્થ-ટીકાર્થ–દર્શનપ્રતિમામાં કહ્યું તેમ વ્રત વગેરે બીજી બધી પ્રતિમાઓમાં પણ પ્રતિમાશબ્દનો આ અર્થ સમજી લેવો, અર્થાત્ બધી પ્રતિમાઓમાં ગુણોનું અને ગુણોની અભિવ્યક્તિનું કારણ શરીર હોવાથી પ્રતિમા શબ્દનો શરીર અર્થ છે.

બીજી વ્રતપ્રતિમામાં સ્થૂલપ્રાણાતિપાતવિરમણ આદિ પાંચ અણુવ્રતો જ સ્વીકારવામાં આવે છે. (૮)

**सम्मत्तोवरि ते सेसकम्मुणो अवगए पुहुत्तम्मि ।**
**पलियाण होंति णियमा, सुहायपरिणामरूवा उ ॥९॥**

**હવે તે વ્રતો જ્યારે હોય છે અને જેવા સ્વરૂપવાળા હોય છે તે જણાવવા માટે કહે છે–**

ગાથાર્થ–સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી શેષકર્મમાંથી ૨ થી ૯ પલ્યોપમની સ્થિત ઘટે ત્યારે અવશ્ય અણુવ્રતોની પ્રાપ્તિ થાય છે. અણુવ્રતો ક્ષાયોપશમિક ભાવરૂપ હોવાથી

---

૧. तयेदृशगुणयोगादित्येतस्य થી दर्शनादिति સુધીની પંક્તિનો ભાવાર્થ આ પ્રમાણે છે–સંસ્કૃતમાં तया એ ત્રીજી વિભક્તિના સ્થાને પ્રાકૃતમાં तीइ વગેરે પ્રયોગ થાય. તેથી ગાથામાં तीइ एरिस० એવો પ્રયોગ કરવો જોઈએ. તેના બદલે ता एरिस० એમ ता એવો પ્રયોગ કેમ કર્યો ? એમ પ્રશ્નકારનો પ્રશ્ન છે. તેના જવાબમાં કહે છે કે ता एरिस० એવો પ્રયોગ વિરુદ્ધ નથી. કેમકે આવો પ્રયોગ અનેકવાર જોવામાં આવે છે.

આત્માના પ્રશસ્ત પરિણામરૂપ છે.

**ટીકાર્થ**—અહીં શેષ શબ્દ સમ્યક્ત્વની પ્રાપ્તિ વખતે જે કર્મક્ષય કર્યો તેની અપેક્ષાએ છે, અર્થાત્ સમ્યક્ત્વની પ્રાપ્તિ વખતે જેટલી કર્મસ્થિતિ છે તેમાંથી ૨ થી ૯ પલ્યોપમની સ્થિતિ ઘટે ત્યારે એવો અર્થ છે. પણ મોહનીય આદિ કર્મનો કોટાકોટિ સાગરોપમ પ્રમાણ જે સ્થિતિબંધ છે, તેમાંથી ૨ થી ૯ પલ્યોપમની સ્થિતિ ઘટે ત્યારે એવો અર્થ નથી. (૯)

**बंधादि असक्किरिया, संतेसु इमेसु पहवइ ण पायं ।**
**अणुकंपधम्मसवणादिया उ पहवति विसेसेण ॥१०॥**

**અણુવ્રતો શુભાત્મપરિણામસ્વરૂપ હોવાથી જે થાય છે તેને કહે છે—**

**ગાથાર્થ**—અણુવ્રતો હોય ત્યારે બંધ વગેરે અસત્ક્રિયા પ્રાયઃ ન થાય અને અનુકંપા, ધર્મશ્રવણ વગેરે વિશેષરૂપે થાય છે.

**ટીકાર્થ**—અણુવ્રતો હોય ત્યારે વ્રતના અતિચાર રૂપ બંધ, વધ, છવિચ્છેદ વગેરે અયોગ્ય ક્રિયા પ્રાયઃ ન થાય, પ્રમાદ આદિથી ક્યારેક બંધ વગેરે અયોગ્ય ક્રિયા થઈ પણ જાય. આથી અહીં પ્રાયઃ કહ્યું છે. તથા જીવદયા, ધર્મશાસ્ત્રશ્રવણ વગેરે ક્રિયા વિશેષરૂપે થાય છે.

આ પ્રમાણે વ્રતપ્રતિમા નિરતિચાર પાંચ અણુવ્રતના પાલનરૂપ છે. અર્થાપત્તિથી જણાતા[1] ઉપાસકદશાંગ સૂત્રના અભિપ્રાયથી વ્રતપ્રતિમા બે માસ પ્રમાણે છે. ઉપાસકદશાંગ સિવાય બીજા ગ્રંથોમાં આ પ્રતિમા માત્ર વ્રતરૂપ છે, અર્થાત્ તેનો કાળ નથી. જેટલો સમય નિરતિચારપણે અણુવ્રતોનું પાલન કરે તેટલો સમય વ્રતપ્રતિમા હોય છે. (૧૦)

**सावज्जजोगपरिवज्जणादिरूवं तु होइ विण्णेयं ।**
**सामाइयमित्तरियं, गिहिणो परमं गुणट्ठाणं ॥११॥**

**હવે સામાયિકપ્રતિમાને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકાર સામાયિક શબ્દનાં અર્થને કહે છે—**

**ગાથાર્થ**—સામાયિક સાવદ્યયોગના ત્યાગરૂપ અને નિરવદ્યયોગના સેવનરૂપ જાણવું. સામાયિક થોડા કાળ સુધી હોય છે. સામાયિક શ્રાવકનું પ્રધાન ગુણસ્થાન છે.

**ટીકાર્થ**—સામાયિક સાવદ્યયોગના ત્યાગ સ્વરૂપ અને નિરવદ્યયોગના સેવન રૂપ જાણવું. તે મુહૂર્ત (-બે ઘડી) વગેરે થોડા કાળ સુધી હોય છે. સામાયિક શ્રાવકનું પ્રધાન ગુણસ્થાન છે. અહીં ગુણસ્થાન એટલે દેશથી ચારિત્રવિશેષ કે ગુણોનો આશ્રય. [અહીં ગુણસ્થાન એટલે ચૌદ ગુણસ્થાન નહિ, કિંતુ દેશવિરતિની જુદી જુદી કક્ષાઓ. જેમકે—પહેલું અણુવ્રત એ

---

૧. ઉપાસકદશાંગમાં પણ દરેક પ્રતિમાનો કાળ સ્પષ્ટ શબ્દોથી કહ્યો નથી. પણ આનંદ વગેરે શ્રાવકોના વ્રતપાલન વગેરેનો જે કાળ બતાવ્યો છે તેના આધારે અર્થાપત્તિથી દરેક પ્રતિમાનો એક માસ વગેરે કાળ સિદ્ધ થાય છે. આથી અહીં "અર્થાપત્તિથી જણાતા" એમ કહ્યું છે.

દેશવિરતિની એક કક્ષા, બીજું અણુવ્રત પણ દેશવિરતિની જ એક પ્રકારની કક્ષા છે. આમ દેશવિરતિની અનેક કક્ષાઓ છે. એ બધી કક્ષાઓમાં સામાયિકરૂપ કક્ષા પ્રધાન છે.] (૧૧)

**सामाइयंमि उ कए, समणो इव सावओ जतो भणितो ।**
**बहुसो विहाणमस्स य, तम्हा एयं जहुत्तगुणं ॥१२॥**

**સામાયિક પ્રધાન ગુણસ્થાન છે એ વિષયનું સમર્થન કરતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–સામાયિક કર્યું હોય ત્યારે શ્રાવકને સાધુના જેવો કહ્યો છે. તથા ઘણીવાર સામાયિક કરવાનું કહ્યું છે. તેથી સામાયિક પૂર્વોક્ત ગુણવાળું છે.

**ટીકાર્થ**–સામાયિક કર્યું હોય ત્યારે શ્રાવકને સાધુની જેમ મોક્ષસુખના પરમસાધનરૂપ સમભાવનો અનુભવ કરતો હોવાથી સાધુની જેવો કહ્યો છે. તથા નિર્યુક્તિકાર ભગવંતે (આવશ્યકનિર્યુક્તિ ગાથા-૮૦૧માં) બહુવાર સામાયિક કરવાનું કહ્યું છે. તે આ પ્રમાણે–

**"સામાયિક કર્યું હોય ત્યારે શ્રાવક સાધુના જેવો થાય છે, માટે ઘણીવાર સામાયિક કરવું જોઈએ."**

આથી સામાયિક બીજા ગુણસ્થાનોની અપેક્ષાએ ઉત્તમ ગુણસ્થાન છે. (૧૨)

**मणदुप्पणिहाणादी ण होंति एयम्मि भावओ संते ।**
**सतिभावावट्ठियकारिया य सामण्णबीयंति ॥१३॥**

**સામાયિકમાં કયા દોષો ન હોય અને કયા ગુણો હોય તેને બતાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–ભાવથી સામાયિક હોય ત્યારે મનોદુષ્પ્રણિધાન, વચનદુષ્પ્રણિધાન અને કાયદુષ્પ્રણિધાન ન હોય તથા સ્મૃતિભાવ અને અવસ્થિતકારિતા હોય. કારણ કે સામાયિક સાધુપણાનું કારણ છે.

**ટીકાર્થ**–કાર્ય કારણને અનુરૂપ થાય છે, અર્થાત્ જેવું કારણ હોય તેવું કાર્ય થાય. એટલે કારણ(-સામાયિક) મનોદુષ્પ્રણિધાન આદિથી રહિત હોય તો જ કાર્ય(=સાધુપણું) મનોદુષ્પ્રણિધાન આદિથી રહિત થાય. આથી સામાયિકમાં મનોદુષ્પ્રણિધાન આદિ ન હોય. મનોદુષ્પ્રણિધાન આદિ પાંચનો અર્થ પહેલા પંચાશકની ૨૬મી ગાથામાં કહી દીધો છે.

જો કે આ(પંચાશકના ઉપાસકપ્રતિમા) પ્રકરણના અને દશાશ્રુતસ્કંધના અભિપ્રાયથી સામાયિકપ્રતિમાનો કાળ અનિયત છે. (અને ક્યારે સામાયિક કરવું તે પણ અનિયત છે.) પણ આવશ્યકચૂર્ણિ અને ઉપાસકદશાંગના અભિપ્રાયથી પ્રતિદિન સવાર-સાંજ સામાયિક કરવાનું હોય છે અને પ્રતિમાનો કાળ ઉત્કૃષ્ટથી ત્રણ મહિના છે. જઘન્યથી તો બધી પ્રતિમાઓનો કાળ એક દિવસ વગેરે છે. આ હકીકત અંતે (૩૮મી ગાથામાં) કહેવાશે. (૧૩)

**पोसेइ कुसलधम्मे, जं ताऽऽहारादिचागणुट्ठाणं ।**
**इह पोसहोत्ति भण्णति, विहिणा जिणभासिएणेव ॥१४॥**

**સામાયિકપ્રતિમા કહી. હવે પૌષધપ્રતિમાનો અવસર છે. તેમાં પૌષધપ્રતિમાના સ્વરૂપને કહે છે–**

**ગાથાર્થ**–જે કુશળધર્મનું પોષણ કરે તે પૌષધ, એવો પૌષધશબ્દનો અર્થ છે. તેથી જિનોક્તવિધિથી આહારાદિનો ત્યાગ કરવો તે પૌષધ છે.

**ટીકાર્થ**–સર્વજ્ઞોક્ત જ વિધિથી આહાર, દેહસત્કાર, અબ્રહ્મ અને (સાવદ્ય) વ્યાપાર એ ચારનો ત્યાગ કરવો એ પૌષધ છે.

**પ્રશ્ન**–આહારાદિના ત્યાગને પૌષધ કેમ કહેવામાં આવે છે ?

**ઉત્તર**–જે ધર્મનું પોષણ કરે તે પૌષધ એવો પૌષધ શબ્દનો અર્થ છે. આહારાદિ ચારનો ત્યાગ પ્રાણાતિપાતવિરમણ આદિ શુભ આચારરૂપ ધર્મનું પોષણ(=વૃદ્ધિ) કરે છે માટે તેને પૌષધ કહેવામાં આવે છે.

પૌષધવિધિ પ્રથમ પંચાશકની ૨૯મી ગાથામાં કહ્યો છે, આથી અહીં ફરી કહેતા નથી. (૧૪)

**आहारपोसहो खलु, सरीरसक्कारपोसहो चेव ।**
**बंभव्वावारेसु य, एयगया धम्मवुड्डित्ति ॥१५॥**

**પૌષધના સ્વરૂપનું નિરૂપણ કરીને હવે પૌષધના ભેદોનું નિરૂપણ કરતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–આહારાદિ ચારના ત્યાગની અપેક્ષાએ પૌષધના આહારપૌષધ, શરીરસત્કારપૌષધ, બ્રહ્મચર્યપૌષધ અને અવ્યાપારપૌષધ એમ ચાર પ્રકાર છે. આહારાદિના ત્યાગમાં ધર્મવૃદ્ધિ=ધર્મપુષ્ટિ રહેલી છે. અર્થાત્ આહારાદિના ત્યાગથી ધર્મની વૃદ્ધિ થાય છે. કારણ કે પોષને(=પુષ્ટિને) કરે તે પૌષધ એવી પૌષધ શબ્દની વ્યુત્પત્તિ કરી છે. (૧૫)

**अप्पडिदुप्पडिलेहियसेज्जासंथारयाइ वज्जेति ।**
**सम्मं च अणणुपालणमाहारादीसु एयम्मि ॥१६॥**

**શ્રાવક પૌષધમાં જેને છોડે છે તેને કહે છે–**

**ગાથાર્થ**–પૌષધપ્રતિમાધારી શ્રાવક પૌષધમાં અપ્રત્યુપેક્ષિત-દુષ્પ્રત્યુપેક્ષિતશય્યાસંસ્તારક, અપ્રમાર્જિત-દુષ્પ્રમાર્જિતશય્યાસંસ્તારક, અપ્રત્યુપેક્ષિત-દુષ્પ્રત્યુપેક્ષિત ઉચ્ચારપ્રશ્રવણભૂમિ, અપ્રમાર્જિત-દુષ્પ્રમાર્જિત ઉચ્ચારપ્રશ્રવણભૂમિ અને (ભોજનાદિની ઉતાવળ વગેરે કારણોથી) આહારપૌષધાદિ ચારનું સમ્યગ્અનનુપાલન એ પાંચનો ત્યાગ કરે છે.

**ટીકાર્થ**—[આ પાંચનો અર્થ પહેલા પંચાશકમાં પૌષધના અતિચારોમાં કહ્યો છે.] શય્યાસંસ્તારક એટલે સૂવા માટે કાંબળી આદિનો ટુકડો(=સંથારો). અથવા શય્યા અને સંસ્તારક એ બંનેનો અલગ અલગ અર્થ છે. શય્યા એટલે વસતિ કે સૂવા માટે પાથરવાનું શરીરપ્રમાણ ગરમ વસ્ત્ર(=સંથારો). તેનાથી નાનું ગરમ વસ્ત્ર તે સંસ્તારક(=આસન).

આ પૌષધપ્રતિમા અન્યગ્રંથોના અભિપ્રાયથી અષ્ટમી આદિ (ચાર) પર્વમાં સંપૂર્ણ (આઠ પહોર) પૌષધપાલન રૂપ છે, અને તેનો કાળ ઉત્કૃષ્ટથી ચાર માસ છે. [આ ગ્રંથ પ્રમાણે ક્યારે પૌષધ કરવો તે નિયત નથી અને પ્રતિમાનો કાળ પણ નિયત નથી.] (૧૬)

**सम्ममणुव्वयगुणवयसिक्खावयवं थिरो य णाणी य ।**
**अट्ठमिचउद्दसीसुं, पडिमं ठाएगराईयं ॥१७॥**

**હવે કાયોત્સર્ગપ્રતિમાના સ્વરૂપને કહે છે—**

**ગાથાર્થ**—પૂર્વની ચાર પ્રતિમાથી યુક્ત, સ્થિર અને જ્ઞાની શ્રાવક પૌષધદિવસોમાં (=આઠમ, ચૌદશ, અમાવાસ્યા અને પૂર્ણિમા એ પર્વદિવસોમાં) સંપૂર્ણ રાત્રિ કાયોત્સર્ગ કરે એ કાયોત્સર્ગપ્રતિમા છે.

**ટીકાર્થ**—સ્થિર એટલે અવિચળસત્ત્વવાળો. કાયોત્સર્ગ ચતુષ્પથ (શૂન્યઘર, શ્મશાન) વગેરે સ્થાનોમાં કરવાનો હોય છે. આથી ઉપસર્ગો આવવાનો સંભવ છે. ઉપસર્ગમાં અવિચળસત્ત્વવાળો જ ટકી શકે. ઉપસર્ગોમાં જે ચલાયમાન થઈ જાય તે કાયોત્સર્ગપ્રતિમાનો વિરાધક બને છે, આથી કાયોત્સર્ગપ્રતિમા કરનાર સ્થિર હોવો જોઈએ. જ્ઞાની એટલે પ્રતિમાના આચારો વગેરેના જ્ઞાનવાળો. અજ્ઞાની જીવ બધે જ અયોગ્ય હોવાથી આ પ્રતિમામાં તો સુતરાં અયોગ્ય છે. (૧૭)

**असिणाणवियडभोई, मउलियडो दिवसबंभयारी य ।**
**रत्तिं परिमाणकडो, पडिमावज्जेसु दियहेसु ॥१८॥**

**શેષ દિવસોમાં કાયોત્સર્ગપ્રતિમાધારી કેવો હોય છે તે બતાવવા માટે ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ**—કાયોત્સર્ગપ્રતિમાધારી જે દિવસે કાયોત્સર્ગપ્રતિમા કરે તે સિવાયના દિવસોમાં (૧) સ્નાન ન કરે, (૨) રાત્રે ચારે પ્રકારના આહારનો ત્યાગ કરે, (૩) ધોતિયાની કાછડી ન વાળે, (૪) દિવસે સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરે, (૫) રાત્રે પણ સ્ત્રીભોગનું પરિમાણ કરે.

**ટીકાર્થ**—આ ગાથાનો અહીં જે અર્થ કર્યો છે તે અર્થને કહેનારી ગાથા આ પ્રમાણે છે—

**असिणाण वियडभोई, पगासभोइत्ति होइ जं भणियं ।**
**दिवसउ न रत्ति भुंजे, मउलिकडो कच्छ नवि रोधे ॥१॥**

"સ્નાન ન કરે, વિકટમાં ભોજન કરે એટલે કે પ્રકાશમાં ભોજન કરે, અર્થાત્ દિવસે ભોજન કરે, રાત્રે ભોજન ન કરે, મૌલિકૃત હોય એટલે કે (ધોતિયાની) કાછડી ન વાળે." (૧૮)

**झायइ पडिमाएँ ठिओ, तिलोगपुज्जे जिणे जियकसाए ।**
**णियदोसपच्चणीयं, अण्णं वा पंच जा मासा ॥१९॥**

**કાયોત્સર્ગમાં રહેલો તે જે ચિંતવે છે તેને કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–કાયોત્સર્ગમાં રહેલો કાયોત્સર્ગપ્રતિમાધારી શ્રાવક કાયોત્સર્ગમાં જેમણે કષાયોને જીતી લીધા છે એવા ત્રિભુવનપૂજ્ય જિનનું ધ્યાન કરે, અથવા પોતાના રાગાદિદોષોથી વિરુદ્ધ એવું કામની (વિષયરાગની) નિંદા વગેરે બીજું કંઈ પણ ચિંતવે. આ પ્રતિમાનો ઉત્કૃષ્ટ કાળ પાંચ માસ છે. (૧૯)

**पुव्वोइयगुणजुत्तो, विसेसओ विजियमोहणिज्जो य ।**
**वज्जइ अबंभमेगंतओ उ राइंपि थिरचित्तो ॥२०॥**

**પાંચમી પ્રતિમા કહી. હવે છઠ્ઠી (અબ્રહ્મવર્જન) પ્રતિમાને કહે છે–**

**ગાથાર્થ**–પૂર્વોક્ત પ્રતિમાઓના ગુણોથી યુક્ત, અને વિશેષથી કામ ઉપર વિજય મેળવનાર શ્રાવક છઠ્ઠી પ્રતિમામાં સ્થિર ચિત્તવાળો બનીને રાત્રે પણ સર્વથા અબ્રહ્મનો ત્યાગ કરે.

**ટીકાર્થ**–પૂર્વોક્ત પાંચ પ્રતિમાઓના સમ્યગ્દર્શન, વ્રત, સામાયિક, પૌષધ અને કાયોત્સર્ગ એ પાંચ ગુણોથી યુક્ત અને પાંચમી પ્રતિમાની અપેક્ષાએ વિશેષથી કામ ઉપર વિજય મેળવનાર શ્રાવક છઠ્ઠી અબ્રહ્મવર્જન પ્રતિમામાં સ્થિરચિત્તવાળો બનીને રાત્રે પણ સર્વથા અબ્રહ્મનો ત્યાગ કરે. પાંચમી અને છઠ્ઠી પ્રતિમામાં આ જ ભેદ છે. અર્થાત્ પાંચમીમાં રાત્રે અબ્રહ્મનો સર્વથા ત્યાગ નથી, આ પ્રતિમામાં રાત્રે પણ અબ્રહ્મનો સર્વથા ત્યાગ છે.

જેમ છઠ્ઠી પ્રતિમામાં પૂર્વની પાંચ પ્રતિમાઓના ગુણોથી યુક્ત હોવો જોઈએ, તેમ વ્રત વગેરે બધી પ્રતિમાઓમાં પૂર્વની બધી પ્રતિમાઓના ગુણોથી યુક્ત હોવો જોઈએ. જેમ કે–બીજી વ્રતપ્રતિમામાં સમ્યગ્દર્શનથી યુક્ત હોવો જોઈએ. અર્થાત્ તે તે પ્રતિમાના પાલન વખતે તેનાથી પૂર્વની બધી પ્રતિમાઓનું પણ પાલન કરવું જોઈએ. કારણ કે દશાશ્રુતસ્કંધ સૂત્રમાં તેમ કહ્યું છે. (૨૦)

**सिंगारकहाविरओ इत्थीएँ समं रहम्मि णो ठाइ ।**
**चयइ य अतिप्पसंगं, तहा विहूसं च उक्कोसं ॥२१॥**

**હવે ચિત્તની સ્થિરતાના ઉપયોને કહે છે–**

**ગાથાર્થ**–છઠ્ઠી પ્રતિમામાં રહેલો શ્રાવક (૧) શૃંગારરસની કથા ન કરે. (૨) સ્ત્રીની

સાથે એકાંતમાં ન રહે. (૩) સ્ત્રીની સાથે અતિપરિચયનો ત્યાગ કરે. (૪) શરીરની વિશિષ્ટ વિભૂષા ન કરે.

**ટીકાર્થ**–છઠ્ઠી પ્રતિમામાં રહેલો શ્રાવક (૧) શૃંગારરસની કથા ન કરે. (૨) સ્ત્રીની સાથે એકાંત સ્થાનમાં ન રહે. કારણ કે એકાંત સ્થાન ચિત્તની અસ્થિરતાનું કારણ છે. આથી જ લૌકિકોએ પણ કહ્યું છે કે–

**"માતા, બહેન કે પુત્રીની સાથે પણ એકાંતમાં ન રહે, કારણ કે ઈંદ્રિયોનો સમૂહ બળવાન છે. સ્ત્રીની સાથે એકાંતવાસ કરવામાં પંડિત પણ મુંઝાઈ જાય છે."**

(૩) સ્ત્રીની સાથે એકાંતમાં તો બિલકુલ ન રહે, અને જાહેરમાં પણ સ્ત્રીની સાથે અતિપરિચયનો ત્યાગ કરે. કારણ કે-

**"જે સ્ત્રીરૂપી પારધીઓ દર્શનરૂપ તંતુથી લોકરૂપ હરણોને વશ કરે છે તે સંસર્ગરૂપી જાળથી શું નથી કરતા ? અર્થાત્ દર્શનમાત્રથી વશ કરવાની શક્તિ ધરાવનારી સ્ત્રી સંસર્ગથી તો અવશ્ય વશ કરીને વશ થનારને અનેક રીતે પાયમાલ કરે છે."**

(૪) શરીરની અલંકાર, વિલેપન આદિથી વિશિષ્ટ વિભૂષા ન કરે. અહીં વિશિષ્ટ શરીરવિભૂષા ન કરે એનો અર્થ એ થયો કે શરીરને ટકાવવા પૂરતી જરૂરી શરીરવિભૂષા કરે પણ. (૨૧)

**एवं जा छम्मासा, एसोऽहिगओ उ इहरहा दिट्ठं ।**
**जावज्जीवंपि इमं, वज्जइ एयम्मि लोगम्मि ॥२२॥**

**છઠ્ઠી પ્રતિમાના જ કાળમાનને કહે છે–**

**ગાથાર્થ**–(एसोऽहिगतो उ=) અબ્રહ્મવર્જનપ્રતિમાધારી શ્રાવક જ (एवं=)શૃંગારકથા આદિના ત્યાગપૂર્વક ઉત્કૃષ્ટથી છ મહિના સુધી અબ્રહ્મનો ત્યાગ કરે. (इहरहा=)તે સિવાયનો શ્રાવક જાવજ્જીવપણ અબ્રહ્મનો ત્યાગ કરે છે એમ (दिट्ठं एयम्मि लोगम्मि=)આ શ્રાવકલોકમાં જોવામાં આવ્યું છે.

**ટીકાર્થ**–અબ્રહ્મવર્જનપ્રતિમાધારી શ્રાવક જ શૃંગારકથા આદિના ત્યાગપૂર્વક ઉત્કૃષ્ટથી છ મહિના સુધી અબ્રહ્મનો ત્યાગ કરે છે. તે સિવાયનો(=છઠ્ઠી પ્રતિમાધારી સિવાયનો) શ્રાવક જાવજ્જીવ પણ અબ્રહ્મનો ત્યાગ કરે છે એમ શ્રાવકોમાં જોવામાં આવ્યું છે. અર્થાત્ જેને પ્રતિમા વહન કરવી નથી, પણ અબ્રહ્મનો ત્યાગ કરવો છે તે છ મહિના સુધી જ અબ્રહ્મનો ત્યાગ કરી શકે એમ નહિ, કિંતુ જાવજ્જીવ પણ અબ્રહ્મનો ત્યાગ કરી શકે. (૨૨)

**सच्चित्तं आहारं, वज्जइ असणादियं णिरवसेसं ।**
**असणे चाउलउंबिगचणगादी सव्वहा सम्मं ॥२३॥**

**જે કરનારને છટ્ઠી પ્રતિમા થાય છે તે કહ્યું. હવે જે કરનારને સાતમી પ્રતિમા થાય છે તે કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–સાતમી પ્રતિમામાં રહેલો શ્રાવક અશનાદિ ચારે પ્રકારના સચિત્ત ભોજનનો ત્યાગ કરે છે. અશનમાં ચોખા, ઘઉં, ચણા, તલ વગેરેનો વિશુદ્ધભાવથી સર્વથા (=અપક્વ, દુષ્પક્વ, તુચ્છૌષધિ વગેરે અતિચારો ન લાગે તે રીતે સંપૂર્ણપણે) ત્યાગ કરે છે. (૨૩)

**पाणे आउक्कायं, सचित्तरससंजुअं तहऽण्णंपि ।**
**पंचुंबरिकक्कडिगाइयं च तह खाइमे सव्वं ॥२४॥**

**ગાથાર્થ–ટીકાર્થ**–પાન આહારમાં સચિત્ત પાણીનો અને તત્કાળ પડેલા સચિત્ત લવણ આદિના રસથી મિશ્ર કાંજી આદિના પાણીનો પણ ત્યાગ કરે છે. અર્થાત્ સચિત્ત અને સચિત્તમિશ્ર એ બંને પ્રકારના પાણીનો ત્યાગ કરે છે. તથા ખાદિમમાં પાંચ પ્રકારના ઉદુંબર, કાકડી આદિ સર્વ પ્રકારના સચિત્તનો ત્યાગ કરે છે. ઉદુંબર, વડ, પ્લક્ષ, કાકોદુંબરી અને પીપળો એ પાંચ પ્રકારના ઉદુંબરનાં ફળો સ્વયં સચિત્ત છે અને તેમાં બીજા ઘણા ત્રસ જીવો હોય છે. (૨૪)

**दंतवणं तंबोलं, हरेडगादी य साइमे सेसं ।**
**सेसपयसमाउत्तो, जा मासा सत्त विहिपुव्वं ॥२५॥**

**ગાથાર્થ–ટીકાર્થ**–સ્વાદિમમાં દાતણ, તાંબૂલ, હરડે, વગેરે સર્વપ્રકારના સચિત્તનો ત્યાગ કરે છે. પૂર્વની છ પ્રતિમાઓથી યુક્ત શ્રાવક ઉત્કૃષ્ટથી સાત મહિના સુધી વિધિપૂર્વક સર્વપ્રકારના સચિત્તનો ત્યાગ કરે. (૨૫)

**वज्जइ सयमारंभं, सावज्जं कारवेइ पेसेहिं ।**
**पुव्वप्पओगओ च्चिय, वित्तिणिमित्तं सिढिलभावो ॥२६॥**

**સાતમી પ્રતિમા કહી. હવે જે રીતે વર્તતા શ્રાવકની આઠમી પ્રતિમા થાય તે પ્રમાણે બતાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–આઠમી પ્રતિમામાં રહેલો શ્રાવક સ્વયં ન કરવા રૂપે ખેતી આદિ આરંભનો ત્યાગ કરે છે, અર્થાત્ ખેતી આદિ જાતે ન કરે, પણ પોતાની આજ્ઞા માનનારા નોકરો વગેરે પાસે કરાવે. પ્રતિમાનો સ્વીકાર કર્યા પહેલાં આજીવિકા નિમિત્તે પોતાનો જે વ્યવસાય ચાલુ હોય તે સંબંધી જ નોકર આદિ પાસે આરંભ કરાવે, નવા વ્યવસાયમાં ન જોડે. નોકર આદિ પાસે આરંભ કરાવવામાં પણ આરંભસંબંધી તીવ્ર પરિણામવાળો ન હોય. (૨૬)

**निग्घिणतेगंतेणं, एवंवि हु होइ चेव परिचत्ता ।**
**एद्दहमेत्तोऽवि इमो, वज्जिज्जंतो हियकरो उ ॥२७॥**

**આરંભોમાં(=આરંભવાળા કાર્યોમાં) નોકરોની જરૂર પડે જ છે તો પછી સ્વયં ન કરે તેમાં શો લાભ થાય ? કારણ કે આરંભ સ્વયં કરે કે બીજા પાસે કરાવે એ બંને સ્થિતિમાં જીવઘાત તો રહેલો જ છે. આવી આશંકા કરીને કહે છે–**

**ગાથાર્થ**–સ્વયં આરંભ કરવામાં અને બીજા પાસે આરંભ કરાવવામાં એમ બે રીતે નિર્દયતા રહેલી છે. આથી સ્વયં આરંભ ન કરવા રૂપે પણ આરંભનો ત્યાગ કરવામાં (તેટલા અંશે) નિર્દયતાનો ત્યાગ થાય છે.

**ટીકાર્થ–પ્રશ્ન**–જાતે આરંભ કરે તે અલ્પ હોય. કારણ કે પોતે એકલો છે. બીજાઓ પાસે આરંભ કરાવે તે ઘણો હોય. કારણ કે આરંભ કરનારા ઘણા છે. આથી માત્ર સ્વયં ન કરવા રૂપે આરંભનો ત્યાગ કરવામાં ઘણા આરંભનો સ્વીકાર થયો અને અલ્પ આરંભનો ત્યાગ થયો. આ રીતે ઘણા આરંભનો સ્વીકાર કરીને અલ્પ આરંભનો ત્યાગ કરવાથી શો લાભ થાય ?

**ઉત્તર**–માત્ર સ્વયં આરંભ કરવામાં આરંભ અલ્પ હોવા છતાં તેનો ત્યાગ હિતકર જ છે. શું મહાવ્યાધિથી પરેશાન થઈ રહેલાને થોડો પણ વ્યાધિ ઘટે તો લાભ ન થાય ? થાય જ. તેમ અહીં અલ્પ પણ સ્વયં આરંભત્યાગ અવશ્ય હિતકર બને છે. (૨૭)

**भव्वस्साणावीरियसंफासणभावतो णिओगेणं ।**
**पुव्वोइयगुणजुत्तो, ता वज्जति अट्ठ जा मासा ॥२८॥**

**કોને શા માટે સ્વયં આરંભ કરવાનો ત્યાગ હોય છે એમ કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ–પ્રશ્ન**–સ્વયં આરંભ ન કરવો એ રીતે આરંભનો ત્યાગ કરવાનું શું કારણ ?

**ઉત્તર**–આનાં બે કારણ છે. એક તો આઠમી પ્રતિમામાં આરંભનો સ્વયં ત્યાગ કરવો જોઈએ એવી જિનાજ્ઞાનું પાલન થાય છે. બીજું એ કે સ્વયં આરંભનો ત્યાગ કરવામાં પણ આંતરિક સામર્થ્ય જોઈએ. આથી સ્વયં આરંભનો ત્યાગ કરવામાં આંતરિક સામર્થ્યનું પાલન થાય છે. આ બે કારણોથી યોગ્યજીવનો સ્વયં આરંભનો ત્યાગ અવશ્ય હિતકર છે.

તેથી પૂર્વની સાત પ્રતિમાઓથી યુક્ત શ્રાવક આઠમી પ્રતિમામાં ઉત્કૃષ્ટથી આઠ મહિના સુધી સ્વયં આરંભનો ત્યાગ કરે છે. (૨૮)

**पेसेहिवि आरंभं, सावज्जं कारवेइ णो गुरुयं ।**
**अत्थी संतुट्ठो वा, एसो पुण होति विण्णेओ ॥२९॥**

**આઠમી પ્રતિમાને કહી. હવે નવમી(પ્રેષ્યવર્જન)પ્રતિમાને કહે છે–**

**ગાથાર્થ**–નોકરો પાસે પણ મહાન આરંભ કરાવતો નથી. નોકરો પાસે પણ આરંભ ન કરાવનાર શ્રાવક ધનવાન કે અતિસંતોષી જાણવો.

**ટીકાર્થ**–નવમી પ્રતિમામાં રહેલો શ્રાવક નોકરો પાસે પણ ખેતી વગેરે મહાન આરંભ કરાવતો નથી. અહીં "મહાન આરંભ કરાવતો નથી" એમ કહ્યું હોવાથી આસન અપાવવું (મહેમાન આદિ માટે આસન પથરાવવું) વગેરે અતિશય નાનાં કાર્યો કરાવવાનો નિષેધ નથી.

**પ્રશ્ન**–કેવો જીવ બીજા પાસે પણ આરંભ ન કરાવવાનો નિયમ કરી શકે ?

**ઉત્તર**–ધનવાન કે અતિશયસંતોષી ગરીબ બીજા પાસે પણ આરંભ ન કરાવવાનો નિયમ કરી શકે છે.

તેથી ગમે તે પુરુષ બીજા પાસે પણ આરંભ ન કરાવવાનો નિયમ ન કરી શકે.

[અહીં ગાથાના સંતુષ્ટપદનો ટીકામાં અતિશય સંતોષી અર્થ કર્યો છે. જે અતિશય સંતોષી બન્યો નથી તેને વધારે ધન મેળવવાની ઇચ્છા હોય એ સહજ છે. આથી જે અતિશય સંતોષી નથી તે ધનવાન ન હોય તો તેને ધનવાન બનવાની ઇચ્છા થાય તે સહજ છે. આથી તેને વ્યાપાર વગેરે સદંતર બંધ કરવાની ભાવના ન થાય. એટલે જે અતિશય સંતોષી નથી તેવા ગરીબને વ્યાપાર વગેરે સદંતર બંધ કરવાની ભાવના ન થાય તે સહજ છે. એટલે જે ધનવાન હોય અને સંતોષી હોય તેમાં સદંતર વ્યાપાર બંધ કરવાની ભાવના થઈ શકે. આથી અહીં 'ધનવાન' એમ કહ્યું છે. જો કે ધન હોય, પણ જો સંતોષ ન હોય તો ધનવાનને પણ વ્યાપાર વગેરે સદંતર બંધ કરવાની ભાવના ન થાય. આથી પ્રસ્તુતમાં 'ધનવાન' કહ્યું હોવા છતાં 'સંતોષી ધનવાન' એમ સમજી લેવું જોઈએ. હવે બીજી વાત. ધનવાન ન હોય, ગરીબ હોય, પણ અતિસંતોષી ન હોય તો તેને પણ વ્યાપાર વગેરે સદંતર બંધ કરવાની ભાવના ન થાય. આથી અહીં (ટીકામાં) "અતિસંતોષી ગરીબ" એમ કહ્યું છે. આનો સાર એ આવ્યો કે ધનવાન હોય કે ધનવાન ન હોય પણ જે અતિસંતોષી હોય તે બીજા પાસે પણ આરંભ ન કરાવવાનો નિયમ કરી શકે છે.] (૨૯)

**निक्खित्तभरो पायं, पुत्तादिसु अहव सेसपरिवारे ।**
**थेवममत्तो य तहा, सव्वत्थवि परिणओ नवरं ॥३०॥**

**ગાથાર્થ–ટીકાર્થ**–આ પ્રતિમામાં રહેલો શ્રાવક કુટુંબકાર્ય આદિનો ભાર પ્રાયઃ યોગ્ય પુત્ર કે ભાઈ આદિ ઉપર મૂકી દે, અથવા પુત્રાદિ સિવાય નોકર વગેરે પરિજન ઉપર મૂકી દે. ધન-ધાન્યાદિ બધા જ પરિગ્રહ ઉપર અલ્પ મમત્વભાવવાળો હોય. આવો શ્રાવક અપરિણત બુદ્ધિવાળો પણ હોય, પણ આ (નવમી પ્રતિમામાં રહેલો) પરિણત બુદ્ધિવાળો હોય. (૩૦)

**लोगववहारविरओ, बहुसो संवेगभावियमई य ।**
**पुव्वोदियगुणजुत्तो, णव मासा जाव विहिणा उ ॥३१॥**

**ગાથાર્થ–ટીકાર્થ**–લોકવ્યવહારથી નિવૃત્ત હોય. સ્વબુદ્ધિને અનેકવાર મોક્ષાભિલાષાથી વાસિત કરે, અર્થાત્ વારંવાર[1] મોક્ષની ઇચ્છા કર્યા કરે. પૂર્વની બધી પ્રતિમાઓથી યુક્ત હોય. ઉત્કૃષ્ટથી નવ માસ સુધી આગમોક્ત વિધિથી આ પ્રતિમાનું પાલન કરે. (૩૧)

**उद्दिट्ठकडं भत्तंपि वज्जती किमुय सेसमारंभं ? ।**
**सो होइ उ खुरमुंडो, सिहलिं वा धारती कोई ॥३२॥**

**હવે દશમી (ઉદ્દિષ્ટવર્જન) પ્રતિમાને કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–દશમી પ્રતિમામાં રહેલ શ્રાવક પોતાના માટે બનાવેલ ભોજનનો પણ ત્યાગ કરે. મુશ્કેલીથી તજી શકાય એવા ભોજન સંબંધી આરંભનો ત્યાગ કરનાર બીજા આરંભનો ત્યાગ તો સુતરાં કરે. તે મસ્તકે અસ્ત્રાથી સંપૂર્ણ મુંડન કરાવે, અથવા કોઈક ચોટલી રાખે. (૩૨)

**जं णिहियमत्थजायं, पुट्ठो णियएहिं णवरं सो तत्थ ।**
**जइ जाणइ तो साहे, अह णवि तो बेइ णवि जाणे ॥३३॥**

**ગાથાર્થ–ટીકાર્થ**–પુત્ર વગેરે ભૂમિ વગેરેમાં રાખેલા ધનસંબંધી અમુક ધન ક્યાં મૂક્યું છે ? કોને આપ્યું છે ? વગેરે પૂછે તો પોતાને ખ્યાલ હોય તો કહે. કારણ કે જો ન કહે તો આજીવિકાનો અભાવ થાય. જો જાણતો ન હોય તો નથી જાણતો એમ કહે, અર્થાત્ પુત્ર વગેરે પૂર્વે રાખેલા કે કોઈને આપેલા ધન સંબંધી કંઈ પૂછે તો જવાબ આપી શકે, પણ ઘરનું બીજું કોઈ કામ ન કરી શકે. (૩૩)

**जतिपज्जुवासणपरो, सुहुमपयत्थेसु णिच्चतल्लिच्छो ।**
**पुव्वोदियगुणजुत्तो, दस मासा कालमाणेणं ॥३४॥**

**ગાથાર્થ–ટીકાર્થ**–સાધુસેવામાં તત્પર રહે. સૂક્ષ્મબુદ્ધિથી જાણી શકાય તેવા જીવાદિ પદાર્થોને જાણવામાં અતિશય ઉત્કંઠિત રહે. પૂર્વની નવ પ્રતિમાના પાલન સાથે દશ મહિના સુધી આ પ્રતિમાનું પાલન કરે.

**પ્રશ્ન**–કોઈ પ્રતમાં कालमानेन એવા પ્રયોગના સ્થાને कालमासेण એવો પ્રયોગ

---

૧. निर्वाणपदमप्येकं, भाव्यते यन्मुहुर्मुहुः । तदेव ज्ञानमुत्कृष्टं, निर्बन्धो नास्ति भूयसा ॥ જ્ઞાનસાર-૫/૨
મોક્ષના સાધનભૂત એકપણ પદની જે વારંવાર ભાવના (આગમ અને શ્રુતયુક્તિથી મનન) થાય તે જ જ્ઞાન ઉત્કૃષ્ટ છે. ઘણું ભણવાનો આગ્રહ નથી.

જોવામાં આવે છે. ત્યાં પ્રશ્ન થાય કે મૂળગાથામાં દશ માસ એમ સ્પષ્ટ કહી જ દીધું છે તો कालमासेणं એમ શા માટે કહ્યું ?

**ઉત્તર**—मास શબ્દનો કાળ, ધાન્ય, સુવર્ણ આદિમાં ઉપયોગ થાય છે. (જેમકે માસ =મહિનો, માસ=અડદ, એક માસ જેટલું સોનું) આથી કાળ સિવાય બીજા અર્થનો વ્યવચ્છેદ કરવા कालमासेन એમ કહ્યું છે. કાળવાચી માસ શબ્દથી દશમહિના સમજવા. (૩૪)

**खुरमुंडो लोएण व, रयहरणं उग्गहं व घेत्तूण ।**
**समणब्भूओ विहरइ, धम्मं काएण फासंतो ॥३५॥**

**દશમી પ્રતિમા કહી. હવે અગિયારમી (શ્રમણભૂત) પ્રતિમાને કહે છે—**

**ગાથાર્થ—ટીકાર્થ**—અગિયારમી પ્રતિમામાં અસ્ત્રાથી કે લોચથી મસ્તક મુંડાવી, રજોહરણ, પાત્ર વગેરે સાધુનાં સઘળાં ઉપકરણો લઈ, ઘરમાંથી નીકળીને, માત્ર મનથી નહિ, કિંતુ કાયાથી પણ સમિતિ-ગુપ્તિ આદિ ચારિત્રધર્મનું પાલન કરતો, એથી જ સાધુ જેવો બનેલો તે સાધુની જેમ ગામાદિમાં વિચરે. (૩૫)

**ममकारेऽवोच्छिण्णे, वच्चति सण्णायपल्लिं दट्ठुं जे ।**
**तत्थवि जहेव साहू, गेण्हति फासुं तु आहारं ॥३६॥**

**ગાથાર્થ—ટીકાર્થ**—મમત્વભાવનો સર્વથા અભાવ ન હોવાથી સ્વજનોના દર્શનની ઈચ્છા હોવાના કારણે સ્વજનનાં દર્શન માટે સ્વજનના ગામ વગેરેમાં જાય તો પણ (સ્વજનના ઘરોમાંથી) સાધુની જેમ પ્રાસુક અને એષણીય આહાર લે. પ્રેમનો સર્વથા નાશ ન થયો હોવાથી સ્વજનના ગામ વગેરેમાં જાય તો પણ તેને (જવા બદલ) દોષ લાગતો નથી. સ્વજનો સ્નેહના કારણે અનેષણીય અશનાદિ આહાર કરે, અને લેવાનો અતિ આગ્રહ પણ કરે, પ્રાયઃ સ્વજનોને અનુસરવું પડે, આથી દોષિત આહાર લેવાની સંભાવના છે. પણ શ્રમણભૂત પ્રતિમાધારી દોષિત આહાર ન લે. (૩૬)

**पुव्वाउत्तं कप्पति, पच्छाउत्तं तु ण खलु एयस्स ।**
**ओदणभिलिंगसूवादि सव्वमाहारजायं तु ॥३७॥**

**ગાથાર્થ—ટીકાર્થ**—સ્વજનોના ઘરે ગયા પહેલાં જેને રાંધવાની શરૂઆત કરી દીધી હોય તે ભાત, મસૂરની દાળ વગેરે સર્વ પ્રકારનો આહાર શ્રમણભૂત પ્રતિમાધારીને લેવો કલ્પે, પણ ગયા પછી જેને રાંધવાની શરૂઆત કરી હોય તે લેવો ન જ કલ્પે. કારણ કે ગૃહસ્થો તેના માટે ભાત વગેરે અધિક બનાવવાનો સંકલ્પ કરે એવી સંભાવના રહે છે.[૧] (૩૭)

---

૧. ભિક્ષા માટે ઘરમાં પ્રવેશ કરતાં "श्रमणोपासकाय प्रतिमाप्रतिपन्नाय भिक्षां दत्त=પ્રતિમાધારી શ્રાવકને ભિક્ષા આપો એમ કહે." તમે કોણ છો એમ કોઈ પૂછે તો હું પ્રતિમાધારી શ્રાવક છું એમ કહે.

**एवं उक्कोसेणं, एक्कारस मास जाव विहेरइ ।**
**एगाहादियरेणं, एवं सव्वत्थ पाएणं ॥३८॥**

**હવે અગિયારમી પ્રતિમાના કાળમાનને કહે છે–**

**ગાથાર્થ**–(एवं=)ઉક્ત રીતે શ્રમણાચારોનું પાલન કરતાં કરતાં ઉત્કૃષ્ટથી ૧૧ માસ સુધી વિચરે. (इयरेणं एगाहादि=)જઘન્યથી એક અહોરાત્ર વગેરે કાળ છે. (सव्वत्थ=) સર્વપ્રતિમાઓમાં જઘન્યકાળ (पाएण एवं=)પ્રાયઃ આ પ્રમાણે છે.

**ટીકાર્થ**–ઉક્ત રીતે સાધુના આચારોનું પાલન કરતાં કરતાં ઉત્કૃષ્ટથી અગિયાર માસ સુધી માસકલ્પાદિ વિહારથી વિચરે. જઘન્યથી આ પ્રતિમાનો કાળ એક અહોરાત્ર, બે અહોરાત્ર, ત્રણ અહોરાત્ર એમ જેટલો સમય વિચરે તેટલો છે. સર્વ પ્રતિમાઓનો જઘન્યકાળ પ્રાયઃ આ પ્રમાણે છે. 'પ્રાયઃ' કહીને અંતર્મુહૂર્ત વગેરે પણ જઘન્ય કાળ હોઈ શકે છે એમ જણાવ્યું છે. જઘન્ય કાળ મૃત્યુ થાય કે પ્રવ્રજિત બને તો હોય, અન્યથા નહિ.

અહીં છેલ્લી સાત પ્રતિમા આવશ્યકચૂર્ણિમાં બીજી રીતે જણાવી છે. તે આ પ્રમાણે– રાત્રિભોજનનો ત્યાગ તે પાંચમી પ્રતિમા. સચિત્ત આહારનો ત્યાગ તે છઠ્ઠી પ્રતિમા. દિવસે અબ્રહ્મનો સર્વથા ત્યાગ અને રાત્રે અબ્રહ્મનું પરિમાણ તે સાતમી પ્રતિમા. દિવસે અને રાતે પણ અબ્રહ્મનો સર્વથા ત્યાગ, તથા સ્નાન ન કરવું, મસ્તક અને દાઢી-મૂછના વાળ, શરીરના રોમ, નખ વગેરેના સંસ્કારનો ત્યાગ, અર્થાત્ તેને કપાવવાનો કે સમરાવવાનો ત્યાગ તે આઠમી પ્રતિમા. સ્વયં આરંભ ન કરવો તે નવમી પ્રતિમા. બીજાઓ પાસે પણ આરંભ ન કરાવવો તે દશમી પ્રતિમા. પોતાના માટે બનાવેલા ભોજનનો ત્યાગ અને શ્રમણભૂત પ્રતિમામાં કહ્યા મુજબ સાધુના આચારોનું પાલન તે અગિયારમી પ્રતિમા. (૩૮)

**भावेऊणऽत्ताणं, उवेइ पव्वज्जमेव सो पच्छा ।**
**अहवा गिहत्थभावं, उचियत्तं अप्पणो णाउं ॥३९॥**

**આ પ્રમાણે શ્રાવકની પ્રતિમાઓનો આચાર કહ્યો. હવે પ્રતિમાઓ પૂર્ણ થયા પછી તેને જે કરવું જોઈએ તેને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–પ્રતિમાના આચરણથી આત્માને ભાવિત બનાવ્યા પછી પોતાની યોગ્યતા જાણીને જો સાધુપણાની યોગ્યતા જણાય તો દીક્ષાનો જ સ્વીકાર કરે એ ઉત્સર્ગ છે. અને ગૃહસ્થપણાની યોગ્યતા જણાય તો ગૃહસ્થપણામાં જ રહે. (૩૯)

**गहणं पव्वज्जाए, जओ अजोगाण णियमतोऽणत्थो ।**
**तो तुल्लिऊणऽप्पाणं, धीरा एयं पवज्जंति ॥४०॥**

**શા માટે પ્રતિમાસેવનથી આત્માને ભાવિત બનાવીને જ દીક્ષા લે છે ? આવી આશંકા**

કરીને કહે છે–

ગાથાર્થ–ટીકાર્થ–અયોગ્ય જીવોનો દીક્ષાસ્વીકાર અવશ્ય અનર્થરૂપ હોવાથી બુદ્ધિમાન પુરુષો (तुलिऊणऽप्पाणं=) આત્માની યોગ્યતાનો નિર્ણય કરીને દીક્ષાનો સ્વીકાર કરે છે. (૪૦)

**तुलणा इमेण विहिणा, एत्तीए हन्दि नियमतो णेया ।**
**णो देसविरइकंडयपत्तीएँ विणा जमेसत्ति ॥४१॥**

**આત્માની યોગ્યતાનો નિર્ણય કરીને એમ કહ્યું. હવે આત્માની યોગ્યતાનો નિર્ણય કેવી રીતે થાય એવા પ્રશ્નના ઉત્તરને કહે છે–**

**ગાથાર્થ**–પ્રવ્રજ્યાની યોગ્યતાનો નિર્ણય પ્રતિમાના આચરણથી જ થાય છે. કારણ કે દેશવિરતિ સ્વીકારના પરિણામના અધ્યવસાયસ્થાનોની પ્રાપ્તિ વિના, અર્થાત્ ભાવથી દેશવિરતિના સ્વીકાર વિના, દીક્ષા થતી જ નથી.

**ટીકાર્થ–લાલબત્તી**–દેશવિરતિના સ્વીકાર વિના દીક્ષા થતી નથી એ નિયમ પ્રાયિક છે. કારણ કે સિદ્ધિમાં ગયેલા જીવોમાંથી અસંખ્યાતમા ભાગના જીવો દેશવિરતિના સ્વીકાર વિના જ સિદ્ધ બન્યા છે. કહ્યું છે કે–

भागेहिं असंखेज्जेहिं फासिया देसविरई उ ॥ (આવશ્યકનિર્યુક્તિ ગાથા-૮૬૦)

**"સર્વ સિદ્ધોના અસંખ્યાત ભાગોએ દેશવિરતિની સ્પર્શના કરી છે, અર્થાત્ અસંખ્યાતમા ભાગના સિદ્ધોએ દેશવિરતિની સ્પર્શના કરી નથી."** દીક્ષાની યોગ્યતાનો નિર્ણય પ્રતિમાના આચરણથી થાય છે એ નિયમ પણ પ્રાયિક છે. આનો ખુલાસો આગળ ગ્રંથકાર ભગવાન સ્વયં કરશે. (૪૧)

**तीए य अविगलाए, बज्झा चेट्ठा जहोदिया पायं ।**
**होति णवरं विसेसा, कत्थति लक्खिज्जए ण तहा ॥४२॥**

**આ પ્રમાણે યોગ્યતાના નિર્ણયપૂર્વક થયેલી દીક્ષામાં જે (લાભ) થાય છે તેને બતાવવા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–પરિપૂર્ણ દીક્ષામાં બાહ્યક્રિયા પ્રાયઃ આગમમાં કહ્યા મુજબ થાય. પણ (कत्थति=)કોઈક દેશ-કાળમાં કે કોઈક પુરુષમાં (विशेषा=)અપવાદ અવસ્થામાં (तहा=) સ્વસ્થ અવસ્થામાં થતી હતી તે રીતે (न लक्खिज्जए=)દેખાતી નથી.

**ટીકાર્થ**–યોગ્યતાના નિર્ણય પૂર્વક થયેલી દીક્ષા પરિપૂર્ણ દીક્ષા કહેવાય. પરિપૂર્ણ દીક્ષામાં પ્રતિલેખના આદિ સાધુ સામાચારીના પાલનરૂપ બાહ્ય ક્રિયા પ્રાયઃ આગમમાં કહ્યા મુજબ થાય.

**પ્રશ્ન**–પરિપૂર્ણ દીક્ષામાં પણ માંદગી આદિ પ્રસંગે આગમમાં કહ્યા મુજબ ક્રિયા કેમ દેખાતી નથી ?

**ઉત્તર**—પુષ્ટકારણથી અપવાદ સ્વીકારનાર પુરુષમાં આગમમાં કહ્યા મુજબ ક્રિયા સામાન્યથી થાય છે. પણ સ્થૂલદૃષ્ટિવાળા જીવોને અપવાદ અવસ્થામાં સામાન્યથી થતી આગમોક્ત ક્રિયા અપવાદ રહિત અવસ્થામાં જેવી સ્પષ્ટ દેખાય છે તેવી સ્પષ્ટ દેખાતી નથી. પણ ક્રિયા સામાન્યથી થતી તો હોય છે. આ વિષયમાં ગર્દભિલ્લ રાજાએ રાખેલી (પોતાની બહેન) સાધ્વીજીને છોડાવવા માટે ઉજ્જૈની નગરીમાં છન્નું સામંત રાજાઓનું સૈન્ય લાવનાર શ્રી કાલિકાચાર્યનું દૃષ્ટાંત છે. (આ વખતે તેમનામાં પડિલેહણાદિ બાહ્ય ક્રિયા સ્પષ્ટ દેખાતી ન હતી, પણ થતી તો હતી.)

આગમમાં કહ્યા મુજબ બાહ્ય ક્રિયા થાય છે એ નિયમનો ગુરુકર્મીજીવોની [1]આગમોક્તથી વિપરીત થતી ક્રિયા સાથે વિરોધ ન આવે એટલા માટે અહીં 'પ્રાય:' કહ્યું છે. (૪૨)

**भवणिव्वेयाउ जतो, मोक्खे रागाउ णाणपुव्वाओ ।**
**सुद्धासयस्स एसा, ओहेणवि वण्णिया समए ॥४३॥**

**શા માટે પરિપૂર્ણ દીક્ષામાં આગમ મુજબ ક્રિયા થાય એવા પ્રશ્નના ઉત્તરને કહે છે—**

**ગાથાર્થ**—કારણ કે શાસ્ત્રમાં સામાન્ય પણ આ દીક્ષા જ્ઞાનપૂર્વક સંસારનિર્વેદ અને મોક્ષરાગથી નિર્મળ અધ્યવસાયવાળા બનેલા જીવને કહી છે.

**ટીકાર્થ**—અપ્રમત્તભાવ આદિથી વિશિષ્ટ ચારિત્રની વાત તો દૂર રહી, કિંતુ સામાન્ય ચારિત્ર પણ સમ્યગ્જ્ઞાનપૂર્વક સંસારનિર્વેદ અને મોક્ષરાગ થવાથી નિર્મળ અધ્યવસાયવાળા બનેલા જીવને હોય છે એમ આગમમાં કહ્યું છે. [સમ્યગ્જ્ઞાનપૂર્વક સંસારનિર્વેદ અને મોક્ષરાગથી નિર્મળ અધ્યવસાયવાળો જીવ આગમોક્તથી વિપરીત પ્રવૃત્તિ કેમ કરે ? અર્થાત્ ન કરે] આથી પરિપૂર્ણ દીક્ષામાં બાહ્યક્રિયા આગમોક્તથી વિપરીત ન હોય, કિંતુ આગમમાં કહ્યા મુજબ હોય. (૪૩)

**तो समणो जइ सुमणो, भावेण य जइ ण होइ पावमणो ।**
**सयणे य जणे य समो, समो य माणावमाणेसु ॥४४॥**

**જે વચનથી શાસ્ત્રમાં બાહ્યક્રિયા આગમપ્રમાણે કહી છે તે વચનને બતાવતા ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ**—(तो=)તેથી તો (सुमणो=)સદ્‌ગુણોથી યુક્ત હોય અને (भावेण=) પરમાર્થથી પાપથી યુક્ત મનવાળો ન હોય તે શ્રમણ છે. તથા જે સ્વજન-પરજનમાં અને માન-અપમાનમાં સમભાવવાળો છે તે શ્રમણ છે.

---

૧. પરમાર્થથી અયોગ્ય હોવા છતાં બાહ્યથી યોગ્ય દેખાવાથી દીક્ષા આપી હોય, અથવા દીક્ષાસ્વીકાર વખતે યોગ્ય હોવા છતાં પાછળથી પરિણામમાં પરિવર્તન થયું હોય એવા જીવોની અપેક્ષાએ આ વાત હોય એમ સંભવે છે.

**ટીકાર્થ**–[શ્રમણ શબ્દનું પ્રાકૃત રૂપ સમણ થાય છે. આ ગાથાના પૂર્વાર્ધમાં એક અને ઉત્તરાર્ધમાં એક એમ સમણ શબ્દની બે વ્યુત્પત્તિ બતાવવામાં આવી છે. એ વ્યુત્પત્તિ દ્વારા ચારિત્ર નિર્મળ અધ્યવસાયવાળાને હોય એમ સૂચિત કર્યું છે] પ્રાકૃત સમણ શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે–સમણ શબ્દમાં રહેલા મણ પદનો મન અર્થ છે. જે મણથી(-મનથી) સહિત હોય તે સમણ. સંજ્ઞી પંચેંદ્રિય બધા જ જીવોને મન હોય છે. પણ તે બધા સમણ નથી. આથી અહીં સામાન્ય મન વિવક્ષિત નથી, કિંતુ સદ્ગુણસંપન્ન અને દોષરહિત મન વિવક્ષિત છે. એટલે જે સુમણ=સારા મનવાળો હોય, અર્થાત્ ધર્મધ્યાનાદિ સદ્ગુણોથી યુક્ત મનવાળો હોય, અને પ્રાણાતિપાતાદિ પાપથી યુક્ત મનવાળો ન હોય તે સમણ (મણ સહિત) છે.

**ઉત્તરાર્ધનો અર્થ**–જે સમભાવ પૂર્વક વર્તે તે સમણ. આથી જે સ્વજન-પરજનમાં અને માન-અપમાનમાં સમભાવવાળો હોય તે સમણ છે. ગાથાના ઉત્તરાર્ધની અપેક્ષાએ समण શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે–સમભાવવાળો થયો છતો જે પ્રવર્તે છે, અથવા જે સમ્યગ્ પ્રવૃત્તિ કરે છે તે સમણ. અહીં નિરુક્તવિધિથી (सम्+अण) સમણ શબ્દ બન્યો છે. આગમમાં સમણ શબ્દની આ પ્રમાણે વ્યુત્પત્તિ કરીને ચારિત્ર નિર્મળ અધ્યવસાયવાળાને હોય એમ કહ્યું છે.[1] (૪૪)

**ता कम्मखओवसमा, जो एयपगारमंतरेणावि ।**
**जायति जहोइयगुणो, तस्सवि एसा तहा णेया ॥४५॥**

**હવે કોઈકને પ્રતિમાના સેવન વિના પણ શાસ્ત્રોક્ત ગુણવાળી દીક્ષા હોય એમ બતાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–તેથી કર્મનો ક્ષયોપશમ થવાથી જે જીવ પ્રતિમાના પાલન વિના પણ પ્રવ્રજ્યાને યોગ્ય ગુણવાળો થાય તેની પણ દીક્ષા પ્રતિમાનું સેવન કરનારના જેવી જાણવી.

**ટીકાર્થ**–આગમમાં ભવનિર્વેદાદિથી નિર્મળ અધ્યવસાયવાળાને દીક્ષા કહી હોવાથી જે જીવ નાની ઉંમર આદિના કારણે પ્રતિમાના સેવન વિના પણ જ્ઞાનાવરણીયાદિ કર્મના ક્ષયોપશમથી પ્રવ્રજ્યાને યોગ્ય ગુણવાળો બને છે તેને પણ પ્રતિમાનું સેવન કરનારની જેમ યથોક્ત(=પ્રતિલેખનાદિ બાહ્ય ક્રિયા આગમ મુજબ થાય તેવી) દીક્ષા હોય છે. અર્થાત્ પ્રતિમાના પાલન વિના પણ દીક્ષાને લાયક બને તો દીક્ષા લઈ શકે છે. (૪૫)

**एत्तो च्चिय पुच्छादिसु, हंदि विसुद्धस्स सति पयत्तेणं ।**
**दायव्वा गीतेणं, भणियमिणं सव्वदंसीहिं ॥४६॥**

**પ્રતિમાના સ્વીકાર વિના પણ પ્રવ્રજ્યા થાય એ વિષયના જ સમર્થન માટે કહે છે–**

---

૧.આવશ્યકનિર્યુક્તિ ગાથા-૮૬૭, દશવૈકાલિકનિર્યુક્તિ ગાથા-૧૫૮, અનુયોગદ્વાર ગાથા-૧૩૩.

**ગાથાર્થ**—આથી જ ગીતાર્થે સદા પ્રયત્ન પૂર્વક પૃચ્છાદિમાં જે વિશુદ્ધ જણાય તેને દીક્ષા આપવી એમ કેવળીઓએ કહ્યું છે.

**ટીકાર્થ**—ગીતાર્થે (અપરિચિત) દીક્ષા લેવા આવેલાને તું કોણ છે ? ક્યાંથી આવ્યો છે ? શા માટે દીક્ષા લે છે ? ઇત્યાદિ પૃચ્છા કરવી. પૃચ્છામાં શુદ્ધ જણાય તો પ્રવ્રજ્યાનું સ્વરૂપ કહેવું. જેમકે—

**"જેમ જિનેશ્વરોની આજ્ઞાની આરાધના મોક્ષફળને આપનારી છે, તેમ જિનેશ્વરોની આજ્ઞાની વિરાધના સંસારના દુઃખરૂપ ફળને આપનારી છે."** (પંચવસ્તુક ગાથા-૧૧૯)

પ્રવ્રજ્યાનું સ્વરૂપ કહ્યા પછી તે યોગ્ય છે કે નહિ તેની વિશેષ ખાતરી કરવા છ મહિના વગેરે પોતાને જરૂરી જણાય તેટલા સમય સુધી પરીક્ષા કરવી. આ રીતે પૃચ્છા, કથન અને પરીક્ષાથી જે વિશુદ્ધ જણાય તેને દીક્ષા આપવી એમ જિનેશ્વરોની આજ્ઞા છે.

[જો પ્રતિમાનું આચરણ કરનાર જ વિશુદ્ધ હોય તો આ રીતે પૃચ્છાદિને અવકાશ જ રહેતો નથી. એથી જિનેશ્વરો પૃચ્છાદિ કરવાનું ન કહે, કિંતુ તેણે પ્રતિમાનું આચરણ કર્યું છે કે નહિ તે જ જોવાનું કહે. જિનેશ્વરોએ પૃચ્છાદિથી વિશુદ્ધ છે કે નહિ તે જોવાનું કહ્યું છે એ જ સૂચવે છે કે પ્રતિમાનું સેવન કર્યા વિના પણ કર્મના ક્ષયોપશમથી વિશુદ્ધ બનેલ જીવ દીક્ષાને યોગ્ય હોઈ શકે છે.] (૪૬)

**तह तम्मि तम्मि जोए, सुत्तुवओगपरिसुद्धभावेण ।**
**दरदिण्णाएवि जओ, पडिसेहो वण्णिओ एत्थ ॥४७॥**

**ફરી પણ સામાન્યથી(=પ્રતિમાપાલન વિના) પણ દીક્ષા લઈ શકાય એનું સમર્થન કરતા ગ્રંથકાર કહે છે—**

**ગાથાર્થ-ટીકાર્થ**—તથા આગમમાં ઉપયોગવાળા હોવાથી વિશુદ્ધ અધ્યવસાયવાળા ગુરુએ થોડી દીક્ષા આપી દીધી હોય તો પણ, અર્થાત્ દીક્ષા અપાઈ રહી હોય ત્યારે પણ, જો અયોગ્ય છે એમ ખબર પડે તો પ્રવ્રજ્યા આપવાની પ્રવ્રાજન, મુંડન વગેરે (બાકી રહેલ) તે તે ક્રિયાનો હવે કહેવાશે તે પ્રવ્રજ્યા નામના સૂત્રમાં નિષેધ કર્યો છે. પ્રવ્રજ્યા નામના સૂત્રમાં અયોગ્યને દીક્ષા આપવાનો નિષેધ કર્યો હોવાથી પ્રતિમાના પાલન વિના પણ દીક્ષા આપવાનું વિધાન છે એમ જણાય છે. (૪૭)

**पव्वाविओ सियत्ति य, मुंडावेउमिच्चाइ [१]जं भणियं ।**
**सव्वं च इमं सम्मं, तप्परिणामे हवति पायं ॥४८॥**

---

૧. नीया लोयमभूया य आणिया दोन्नि बिंदु-दुब्भावा ।
अत्थं गमंति तं चिय जो तेसिं पुव्वमेवासि ॥६९१॥ ચૈત્યવંદનમહાભાષ્ય.
આ નિયમથી અહીં છોદોભંગ ન થાય.

**હવે સૂત્રમાં દીક્ષામાં દરેક યોગને આશ્રયીને નિષેધ કહ્યો છે એમ કેવી રીતે જાણ્યું એ પ્રશ્નના ઉત્તરને કહે છે–**

**ટીકાર્થ**–કદાચ અનુપયોગ આદિથી દીક્ષા આપી દીધી હોય, પછી ખબર પડે કે આ દીક્ષાને અયોગ્ય છે તો તેનું મુંડન ન કરે ઇત્યાદિ કલ્પભાષ્ય શાસ્ત્રમાં કહ્યું છે. તેથી દરેક યોગને આશ્રયીને પ્રવ્રજ્યાનો નિષેધ કહ્યો છે એમ જણાય છે.

કલ્પભાષ્યમાં પ્રવ્રજ્યાસૂત્ર આ પ્રમાણે છે–

**"કદાચ અનુપયોગ આદિથી અયોગ્યને દીક્ષા આપી દીધી હોય, (તને દીક્ષા આપીશું એમ તેનો સ્વીકાર કરી લીધો હોય, અથવા રજોહરણાદિ સાધુવેષ આપી દીધો હોય,) પછી ખબર પડે કે આ અયોગ્ય છે તો (अष्टाग्रहणतो=)વાળની ચપટીઓ લઈને તેનું મુંડન (લોચ) ન કરે. છતાં આચાર્ય લોભ આદિથી મુંડન કરે તો પૂર્વપદના[1]=પ્રવ્રાજનાપદના (=તને દીક્ષા આપીશું એમ સ્વીકાર કરવો કે સાધુવેશ આપવો એ પ્રવ્રાજનાપદના) આજ્ઞાભંગ વગેરે જે દોષો છે તે દોષો લાગે છે. ॥૧॥**

**કદાચ અનુપયોગ આદિથી અયોગ્યનું મુંડન કરી દીધું હોય, પછી ખબર પડે કે આ અયોગ્ય છે તો, તેને પ્રતિલેખના આદિ સાધુના આચારો શિખવાડવા નહિ. છતાં જો લોભાદિથી આચાર્ય શિખવાડે તો પૂર્વોક્ત આજ્ઞાભંગ વગેરે દોષો લાગે છે. ॥૨॥**

**સાધુના આચારો શિખવાડી દીધા પછી અયોગ્યતાનો ખ્યાલ આવે તો વડી દીક્ષા ન આપે. આપે તો પૂર્વોક્ત દોષો લાગે. ॥૩॥**

**વડી દીક્ષા પછી અયોગ્યતાનો ખ્યાલ આવે તો તેની સાથે એક માંડલીમાં બેસીને ભોજન ન કરવું. કરે તો પૂર્વોક્ત દોષો લાગે. ॥૪॥**

**તેની સાથે એક માંડલીમાં ભોજન કર્યા પછી અયોગ્યતાની ખબર પડે તો તેને પોતાની પાસે ન રાખવો. રાખે તો પૂર્વોક્ત દોષો [2]લાગે." ॥૫॥**

કલ્પભાષ્યના પ્રવ્રજ્યાસૂત્રના આ પાઠથી અયોગ્ય છે એવી ખબર પડતાં દીક્ષામાં પ્રવ્રાજન, મુંડાપન આદિ દરેક યોગનો નિષેધ કર્યો છે એમ જાણી શકાય છે.

હવે પ્રસ્તુત અર્થનો ઉપસંહાર કરે છે–આ બધું (આગમમાં પૃચ્છાદિથી વિશુદ્ધને દીક્ષા આપવી, મુંડન કરવું, આચારો શિખવાડવા વગેરે જે કહ્યું છે તે બધું) પ્રાયઃ ચારિત્રનો યથાર્થ પરિણામ થયો હોય તો થાય છે. અર્થાત્ જેનામાં ચારિત્રનો યથાર્થ પરિણામ થયો હોય તેને દીક્ષાપ્રદાન આદિ થાય છે, જેનામાં ચારિત્રનો યથાર્થ પરિણામ ન થયો હોય તેને

૧. પ્રવ્રાજના, મુંડાપના, શિક્ષાપના, ઉપસ્થાપના, સંભોજન અને સંવાસન એ છ પદો છે. મુંડાપના પદથી પ્રવ્રાજનાપદ પહેલાં હોવાથી પૂર્વપદ છે.

૨. પંચકલ્પ ભાષ્ય ગાથા-૧૮૬ થી ૧૮૯, પંચવસ્તુક ગાથા-૫૭૪ થી ૫૮૦, નિશીથ ભાષ્ય ગાથા-૩૭૪૬, બૃહત્કલ્પ ભાષ્ય ગાથા-૫૧૯૦)

દીક્ષાપ્રદાન આદિ થતું નથી.

**પ્રશ્ન**–અંગારમર્દક વગેરેને ચારિત્રનો પરિણામ ન હોવા છતાં દીક્ષાપ્રદાન આદિ થયું હોવાથી આ બાબતમાં વિરોધ આવે છે.

**ઉત્તર**–માટે જ અહીં 'પ્રાયઃ' કહ્યું છે. અંગારમર્દક વગેરેનાં દૃષ્ટાંતોને છોડીને મોટા ભાગે તો જેને દીક્ષાનો પરિણામ યથાર્થ થયો હોય તેને દીક્ષાપ્રદાન વગેરે થાય છે.

**ભાવાર્થ**–શાસ્ત્રમાં આ રીતે અયોગ્યને દીક્ષા આપવાનો નિષેધ કર્યો હોવાથી પ્રાયઃ જેનામાં ચારિત્રનો યથાર્થ પરિણામ થયો હોય તેને દીક્ષા આપવામાં આવે છે. (ચારિત્રનો પરિણામ પ્રતિમાનું આચરણ નહિ કરનારામાં પણ કર્મક્ષયોપશમથી થઈ શકે છે.) આથી પ્રતિમા વિના પણ પ્રતિમાપાલન કરનારના જેવી (પ્રતિલેખનાદિ બાહ્ય ક્રિયા આગમમાં કહ્યા મુજબ થાય તેવી) દીક્ષા હોય છે. (૪૮)

**जुत्तो पुण एस कमो, ओहेणं संपयं विसेसेणं ।**
**जम्हा असुहो कालो, दुरणुचरो संजमो एत्थ ॥४९॥**

**જો પ્રતિમાસેવન વિના પણ દીક્ષા યથાર્થ થાય છે તો પ્રતિમાસેવનથી શું ? અર્થાત્ પ્રતિમાસેવનની શી જરૂરિયાત છે ? એવા પ્રશ્નના ઉત્તરને કહે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–જો કે (પૂર્વે કહ્યું તેમ) પ્રતિમાપાલન વિના પણ દીક્ષા હોય, છતાં સામાન્યથી પ્રથમ પ્રતિમાનો અભ્યાસ થાય, પછી દીક્ષા થાય એ ક્રમ યોગ્ય છે. તેમાં પણ વર્તમાનકાળમાં તો એ ક્રમ વધારે યોગ્ય છે. કારણ કે અત્યારે કાળ (પાંચમો આરો) ખરાબ હોવાથી સંયમપાલન દુષ્કર છે. આથી દીક્ષાની ભાવનાવાળાએ પ્રતિમાનો અભ્યાસ કરવો જોઈએ. (૪૯)

**तंतंतरेसुवि इमो, आसमभेओ पसिद्धओ चेव ।**
**ता इय इह जइयव्वं, भवविरहं इच्छमाणेहिं ॥५०॥**

**અન્યશાસ્ત્રોની પ્રસિદ્ધિ દ્વારા પ્રતિમાપૂર્વક દીક્ષાની યોગ્યતાનું સમર્થન કરે છે–**

**ગાથાર્થ–ટીકાર્થ**–જૈનેતર દર્શનોમાં પણ બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને યતિ ઈત્યાદિ આશ્રમના ભેદો-જુદી જુદી ભૂમિકાઓ પ્રસિદ્ધ જ છે. [અર્થાત્ પ્રથમ બ્રહ્મચર્ય આશ્રમનું પાલન, પછી ગૃહસ્થાશ્રમનું(-ગૃહસ્થધર્મનું) પાલન, પછી વાનપ્રસ્થ આશ્રમનું પાલન, પછી સંન્યાસ આશ્રમનું (સાધુપણાનું) પાલન એ ક્રમ પ્રસિદ્ધ છે.] આથી સંસારનો વિયોગ ઈચ્છનારાઓએ અને સર્વદર્શનોમાં શ્રેષ્ઠ એવા જિનાગમનું આલંબન લેનારાઓએ પૂર્વે કહ્યું તેમ પ્રતિમાપૂર્વક દીક્ષામાં પ્રયત્ન કરવો જોઈએ. (૫૦)

• • •

# ભાવાનુવાદકારની પ્રશસ્તિ

પૂજ્ય આચાર્યદેવ શ્રી હરિભદ્રસૂરિ મહારાજ વિરચિત અને પૂજ્ય આચાર્યદેવ શ્રી અભયદેવસૂરિ રચિત ટીકા સહિત પંચાશક પ્રકરણનો સિદ્ધાંત મહોદધિ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા**ના પટ્ટાલંકાર પરમગીતાર્થ પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ **વિજયહીરસૂરીશ્વરજી મહારાજા**ના પટ્ટાલંકાર વર્ધમાન તપોનિધિ પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ **વિજયલલિતશેખરસૂરીશ્વરજી મહારાજા**ના શિષ્ય પંચસૂત્ર, ધર્મબિંદુ, યોગબિંદુ, શ્રાદ્ધદિનકૃત્ય, વીતરાગ સ્તોત્ર, અષ્ટક પ્રકરણ, યોગદૃષ્ટિ સમુચ્ચય, પંચવસ્તુક, પ્રશમરતિ પ્રકરણ, ગુરુતત્ત્વ વિનિશ્ચય, શ્રાવકધર્મવિધિ પ્રકરણ, ઉપદેશમાલા (પુષ્પમાલા), ઉપદેશપદ, શ્રાવક પ્રજ્ઞપ્તિ, નવપદ પ્રકરણ, ચૈત્યવંદન મહાભાષ્ય, યતિલક્ષણ સમુચ્ચય, શીલોપદેશમાલા, સંબોધપ્રકરણ આદિ અનેક ગ્રંથોના ભાવાનુવાદકાર આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરાજશેખરસૂરીશ્વરજી મહારાજા**એ ફરીથી કરેલો પહેલા વિભાગનો ભાવાનુવાદ પૂર્ણ થયો.



## સિદ્ધાંતમર્મજ્ઞ પૂજ્યપાદ આચાર્યદેવ
## શ્રીમદ્ વિજય રાજશેખરસૂરીશ્વરજી મહારાજ
## આદિ દ્વારા લેખિત-સંપાદિત-અનુવાદિત પ્રાપ્ય પુસ્તકો

### સંપૂર્ણ ટીકાના ભાવાનુવાદવાળા પુસ્તકો

- પંચસૂત્ર
- ધર્મબિંદુ
- પ્રતિમાશતક
- આત્મપ્રબોધ
- પાંડવ ચરિત્ર
- શ્રાદ્ધદિનકૃત્ય
- આચારપ્રદીપ
- શ્રાવક પ્રજ્ઞપ્તિ
- અષ્ટક પ્રકરણ
- રૂપસેન ચરિત્ર
- વીતરાગ સ્તોત્ર
- વાસુપૂજ્ય ચરિત્ર
- પ્રશમરતિ પ્રકરણ
- શ્રાદ્ધવિધિ પ્રકરણ
- યોગદૃષ્ટિ સમુચ્ચય
- પંચવસ્તુક ભાગ-૧-૨
- ઉપદેશપદ ભાગ-૧-૨
- ભવભાવના ભાગ-૧-૨
- શ્રાવક ધર્મવિધિ પ્રકરણ
- ગુરુતત્ત્વવિનિશ્ચય ભાગ-૧-૨
- ઉપદેશમાલા (પુષ્પમાલા) ભાગ-૧-૨

### સૂત્રોના અનુવાદવાળા પુસ્તકો

- સંબોધ પ્રકરણ ભાગ-૧-૨-૩
- ચૈત્યવંદન મહાભાષ્ય
- યતિલક્ષણ સમુચ્ચય
- હીર પ્રશ્ન

### સંસ્કૃત પ્રાકૃત પ્રતો

- સંબોધપ્રકરણ છાયા સહિત
- આત્મપ્રબોધ
- શ્રાદ્ધદિનકૃત્ય

### ગુજરાતી વિવેચનવાળા પુસ્તકો

- શ્રાવકના બાર વ્રતો
- ૪૫ આગમઆરાધના વિધિ
- સ્વાધીન રક્ષા-પરાધીન ઉપેક્ષા
- ચિત્ત પ્રસન્નત્તાની જડીબુટ્ટીઓ
- આધ્યાત્મિક પ્રગતિના પાંચ પગથિયા
- ભાવના ભવ નાશિની (બાર ભાવના)
- કષાયોના કટુ વિપાકો ભાગ-૧-૨-૩
- તપ કરીએ ભવજલ તરીએ
  (બાર પ્રકારના તપ ઉપર વિસ્તારથી વિવેચન)

### અભ્યાસી વર્ગને ઉપયોગી પુસ્તકો

- તત્ત્વાર્થાધિગમસૂત્ર (વિવેચન)
  (મહેસાણા પાઠશાળા દ્વારા પ્રકાશિત)
- તત્ત્વાર્થાધિગમસૂત્ર (પોકેટ બુક)
- વીતરાગ સ્તોત્ર (અન્વય સહિત શબ્દાર્થ-ટીકાર્થ)
- વીતરાગ સ્તોત્ર (અન્વય સહિત શબ્દાર્થ-ભાવાર્થ)
- જ્ઞાનસાર (અન્વય સહિત શબ્દાર્થ-ભાવાર્થ)
- અષ્ટક પ્રકરણ (અન્વય સહિત શબ્દાર્થ-ભાવાર્થ)
- પ્રશમરતિ (અન્વય સહિત શબ્દાર્થ-ભાવાર્થ)
- સંસ્કૃત શબ્દ રૂપાવલી

### શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટના આગામી પ્રકાશનો

- પંચાશક પ્રકરણ ભાવાનુવાદ ભાગ-૧-૨
- પંચાશક પ્રકરણ સંસ્કૃત પ્રત
- સભાષ્ય-તત્ત્વાર્થાધિગમસૂત્ર
  પૂ. હરિભદ્રસૂરિ કૃત ટીકાનો ભાવાનુવાદ


**પ્રાપ્તિસ્થાન : શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ**

C/o. હિન્દુસ્તાન મીલ સ્ટોર્સ, ૪૮૧, ગની એપાર્ટમેન્ટ, રતન ટોકીઝ સામે, મુંબઈ-આગ્રા રોડ, ભિવંડી-૪૨૧૩૦૫.
ફોન : ૦૨૫૨૨-૨૩૨૨૬૬, ૨૩૩૮૧૪



JinShasan



BHARAT GRAPHICS - Ahmedabad-1. Ph

BHARAT G